...ર્ષ : (૫૦) + ૧૨ ● અંક : ૧ ● તા. ૧૬-૧-૨૦૦૧ ●
Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2000

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## આપણી આશ્રમ-પ્રવૃત્તિ

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા તરફથી એની ...નાને ૨૫ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે પાંચ દિવસનો રજત જયંતી ...ાપન સમારોહ કોબા (જિ. ગાંધીનગર) ખાતે તા. ૧૫મી ડિસેમ્બરથી ...૯મી ડિસેમ્બર ૨૦૦૦ સુધી ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે ભક્તિ, ...ાધ્યાય, ધ્યાન, યોગાસનો, લોકસંગીત, મહાનુભાવોનાં વક્તવ્યો ઇત્યાદિ ...વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અને શ્રોતાઓની, ...કોની હાજરી પણ સારી સંખ્યામાં રહી હતી. ભોજન-ઉતારાની ...ા અન્ય પ્રકારની વ્યવસ્થા પણ દૃષ્ટિપૂર્વક કરવામાં આવી હતી. ...ાશ્રમના પ્રણેતા પૂ. શ્રી આત્માનંદજીની સતત ઉપસ્થિતિ ઉત્સાહપ્રેરક ...હી હતી.

...ોબાના આ રાજચંદ્ર આશ્રમ માટે જગ્યા લેવાઈ અને ત્યાં ભૂમિપૂજન ...કતું ત્યારે સ્વ. શ્રી દુર્લભજી ખેતાણી અને સ્વ. શ્રી ચીમનલાલ ...ભાઈ સાથે મારે પણ ઉપસ્થિત રહેવાનું બન્યું હતું એનું સ્મરણ થયું. ...ે વિશાળ ખુલ્લી જગ્યામાં આશ્રમે આકાર લીધો અને ઉત્તરોત્તર વિકાસ ...તાં જઈ રજત જયંતીની ઉજવણી સુધી ગૌરવપૂર્વક પહોંચ્યો એમાં ...શ્રી આત્માનંદજીનું જ મુખ્ય યોગદાન રહ્યું છે. એમના તથા આશ્રમના ...સમારોહમાં મેનેજિંગ ટ્રસ્ટી અને મારા મિત્ર શ્રી જયંતભાઈ શાહના ...િમંત્રણથી ભાગ લેવાની મને તક મળી એ મારું સદ્ભાગ્ય છે.

દરેક આશ્રમની પોતાની એક આગવી મુદ્રા હોય છે. દરેકના વિકાસની ...નેરાળી રેખા હોય છે. કોઇપણ બે આશ્રમ બિલકુલ સરખેસરખા ન ...હોઈ શકે. આશ્રમના નકશા અને મકાન-મંદિરની આકૃતિઓ, રંગ ...ે કદાચ એક સરખા માપનાં કરવામાં આવ્યાં હોય તો પણ એમાં વસતા સાધકો અને એના સૂત્રધાર અનુસાર દરેક આશ્રમનું પોતાનું આગવું વ્યક્તિત્વ ઘડાય છે. ફક્ત પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ...ા આશ્રમોની છબી નજર સમક્ષ ખડી કરીએ તો પણ એમાં ઘણું ...ેધ્ય જોવા મળશે. વૈવિધ્ય એ જીવંતતાની નિશાની છે. કૃત્રિમ એકતા ...અનુકરણથી સંસ્થા થોડા વખતમાં જ નિષ્પ્રભ બની જાય છે. આમ દરેક સંસ્થાની ચડતીપડતીનો ક્રમ તો રહ્યા જ કરે છે.

...ારતમાં નદી કિનારે અને પર્વતોમાં અનેક આશ્રમો વખતોવખત ...રહ્યા છે. પર્વતોમાં ગુફાઓ કોતરીને પણ આશ્રમો કરવામાં આવ્યા ... પ્રકૃતિનું રમ્ય સ્થળ હોય તો ભારતીય માણસને ત્યાં દેવાલય ...નું, તીર્થભૂમિ બનાવવાનું, આશ્રમ સ્થાપવાનું સૂઝશે. એકલપેટા ન ... પોતાના આનંદમાં બીજાને સહભાગી બનાવવાનું ઉદાર બંધુકૃત્ય ...હેલુ છે. ગુરુકુળો, તપોવનો, મઠ, ગાદી, બ્રહ્મનિકેતનો, યોગાશ્રમો, ...ાઓ, વૃદ્ધાશ્રમો, પરમાર્થનિકેતનો, સાધનાશ્રમો ઇત્યાદિ પ્રકારની ... ભારતીય જીવનપરંપરામાં અત્યંત પ્રાચીન કાળથી જોવા મળે છે. જીવનનાં વર્ષોનું વિભાજન પણ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ-એ પ્રકારે કરવામાં આવ્યું છે. તેની અંદર ઔચિત્ય અને ગૌરવ રહેલાં છે. વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમમાં તો ઘર છોડીને અન્યત્ર રહેવાની ભલામણ છે. વિદ્યાર્થીઓ પણ ઘરે રહીને અભ્યાસ કરે એના કરતાં ગુરુકુળમાં રહીને અભ્યાસ કરે તો એની બુદ્ધિપ્રતિભાનો વિકાસ વધુ થાય છે. એનામાં ખડતલપણું, વડીલો પ્રત્યે વિનય, સહકાર, સ્વાશ્રય ઇત્યાદિ પ્રકારના ગુણો ખીલે છે અને એના વ્યક્તિત્વનો સર્વાંગીણ વિકાસ થાય છે. ઘરમાં એકલા રહેવું અને સમુદાયની વચ્ચે રહેવું એ બે વચ્ચે ઘણો તફાવત છે. સમુદાયમાં રહેવાથી માણસના અભિગમનો સારો વિકાસ થાય છે અને વ્યક્તિત્વમાં રહેલું ખરબચડાપણું નીકળી જાય છે.

આવા આશ્રમોનું ગૌરવ રાજાઓ પણ સમજતા અને જાળવતા. કણ્વ ઋષિના આશ્રમમાં દુષ્યંત રાજા જાય છે ત્યારે તેઓ રાજા તરીકે નથી જતા. રથમાંથી ઉતરી, શસ્ત્રો ઉતારીને તે જાય છે. વિનીત વેશથી આશ્રમમાં પ્રવેશી શકાય એમ તે કહે છે. રાજાએ પણ આશ્રમના બધાં નિયમો પાળવા જોઇએ એવો ઊંચો આદર્શ ભારતીય પરંપરામાં રહ્યો છે.

ભારતમાં બહુ પ્રાચીન કાળથી ચાલી આવતી આશ્રમની પ્રણાલિકા દ્વારા સમયે સમયે હજારો માણસોનાં જીવન સુખાન્ત બન્યાં છે. આપણાં ઘણાં ખરાં પ્રાચીન તીર્થોમાં આશ્રમો છે. વળી વખતોવખત અનેક મહાત્માઓની પ્રેરણા દ્વારા આશ્રમો સ્થપાયા છે અને સ્થપાતા રહ્યા છે. ભારતમાં એક કાળે વલ્લભીપુરમાં જૈન, બૌદ્ધ અને હિંદુ ધર્મના મળીને ત્રણસોથી વધુ આશ્રમો હતા. વલ્લભીપુર વિદ્યાનું મોટું કેન્દ્ર હતું. દેવર્દ્ધિગણની આગમવાચના અહીં થઈ હતી.

આશ્રમ અને હોટેલ-હોસ્ટેલ વચ્ચે ઘણો ફરક છે. હોટેલ-હોસ્ટેલમાં કેવળ ઉપભોક્તાવાદ હોય છે. તેમાં માત્ર ભૌતિક સગવડોમાં જ રાચવાનું હોય છે. આશ્રમોમાં સાદાઈ, સંયમ અને સંતોષને પ્રાધાન્ય અપાય છે. આશ્રમોમાં સમૂહજીવનની એક અનોખી પદ્ધતિ હોય છે. આશ્રમ એ વ્યાવસાયિક ધોરણે કમાણી કરવા માટેની કોઈ સંસ્થા નથી, પરંતુ અનેક દાતાઓના દાનના પ્રવાહથી ચાલતી-નભતી સંસ્થા છે.

વિવિધ પ્રકારના આશ્રમોમાં વૃદ્ધાશ્રમોની અને સાધનાશ્રમોની ઉપયોગિતા વધુ છે. વિદેશોમાં વૃદ્ધો માટે મનોરંજન કેન્દ્રો બનાવવામાં આવ્યાં છે કે જ્યાં માણસ સવારથી સાંજ સુધી પોતાની જાતને રોકાયેલી રાખી શકે અને દિવસ આનંદમાં પસાર થાય. પરંતુ એવાં કેન્દ્રોના રાજસી આનંદ કરતાં આધ્યાત્મિક આશ્રમોનો સાત્ત્વિક આનંદ વધુ ચડિયાતો છે. આવા આશ્રમોમાં જીવનનું પરમ, ઉચ્ચ લક્ષ્ય રહેલું છે.

જગ્યાની વિશાળતા, ખુલ્લું આકાશ અને હરિયાળાં વૃક્ષો એ કોઈપણ

આશ્રમની મહત્ત્વની આવશ્યકતા છે અને શોભા છે. આશ્રમોમાં સાત્ત્વિક આહાર, નિર્મળ હવાપાણી, નૈસર્ગિક પર્યાવરણ અને આશ્રમવાસીઓ વચ્ચે પ્રેમ અને મૈત્રીભર્યું પ્રસન્ન વાતાવરણ-આ બધાંને લીધે અંતેવાસીઓનું આરોગ્ય પણ સારું રહે છે. એમાં પણ યોગાસનો અને ધ્યાનની પ્રવૃત્તિ નિયમિત થતી હોય ત્યારે નિરામય દીર્ઘાયુષ્ય સાંપડે છે. મનની વ્યગ્રતા ઓછી રહે છે અથવા રહેતી નથી અને સમતા દ્વારા શાન્તિ સધાય છે. એટલે ઘર છોડીને આવ્યા હોવા છતાં જીવન ભર્યુંભર્યું લાગે છે. દિવસ ક્યાં પૂરો થઈ જાય છે એની ખબર પડતી નથી. કેટલાકને તો વાર અને તિથિ-તારીખની પણ ખબર રહેતી નથી.

આશ્રમમાં એના મૂળ સૂત્રધાર જો સાધક, પ્રતિભાવંત, તેજસ્વી હોય તો આશ્રમનું સંચાલન સુસંવાદી, સુવ્યવસ્થિત, પ્રેરક અને પ્રોત્સાહક બને છે. અનેક લોકો પોતાના જીવનનો સમગ્ર કે શેષ કાળ ત્યાં વ્યતીત કરવા ઈચ્છે છે. સારા આશ્રમો તરફ અનેક લોકો આકર્ષાય છે. ગાંધીજી અને વિનોબાજીએ આશ્રમજીવન પસંદ કર્યું હતું. સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, શ્રી રમણ મહર્ષિ, સ્વામી શિવાનંદ સરસ્વતી, શ્રી અરવિંદ, શ્રી રાધાસ્વામી, શ્રી અમર મુનિ, શ્રી સંતબાલજી, શ્રી કૃષ્ણમૂર્તિ, શ્રી ચિન્મયાનંદ, શ્રી મહેશ યોગી, શ્રી રજનીશ વગેરેના આશ્રમો મશહૂર છે. આ તો થોડાંક જ નામ છે, ભારતમાં વર્તમાન સમયમાં જૈન-જૈનેતર ધર્મના સેંકડો આશ્રમો છે. હરદ્વાર, ઋષિકેશ, ઉત્તરકાશી અને અલકનંદા ભગીરથના કિનારે કિનારે અને ગુજરાતમાં નર્મદા વગેરેના કિનારે કેટલાયે આશ્રમો છે. પાશ્ચાત્ય ઢબની આધુનિક સગવડોથી સજ્જ એવા કેટલાયે આશ્રમો પણ હવે સ્થપાયા છે. કેટલાક આશ્રમો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે અને કેટલાય આશ્રમોની દેશ-વિદેશમાં શાખાઓ પણ છે.

આશ્રમ એટલે નિવૃત્તિક્ષેત્ર અથવા નિવૃત્તકાળનું પ્રવૃત્તિક્ષેત્ર. કેટલાક માણસોને એકાંત ગમે છે, પણ એકલવાયું જીવન ગમતું નથી. આશ્રમમાં એકાન્ત મળે છે અને સમૂહજીવન પણ મળે છે. આધ્યાત્મિક સાધનાના ધ્યેયથી અને તેવી યોગ્યતા પ્રાપ્ત કરીને જો કોઈ માણસ કલાકો સુધી ઘરમાં બંધ બારણે એકાંતમાં બેસી જપ, ધ્યાન, સ્વાધ્યાય ઈત્યાદિ કરે તો એથી એને ઉત્તરોત્તર આત્મ-વિશુદ્ધિના આનંદનો અનુભવ થશે. એની પ્રસન્નતા વધશે. એને જીવનની કૃતાર્થતા લાગશે. એનું મન સતત એમાં જ લાગેલું રહેશે. પરંતુ કોઈ સામાન્ય વ્યક્તિને ફરજિયાત ઘરમાં રોજે રોજ કલાકો સુધી એકલા રહેવાનું બને તો એને ખાલીપણાનો અનુભવ થશે. ચિત્ત વિચારોના ચકડોળે ચડશે. ક્યારેક ભયની કે લાચારીની ગ્રંથિ સતાવશે. એમ કરતાં ચિત્તની સમતુલા ખોરવાશે. વિદેશોમાં મોટાં મોટાં સગવડપ્રધાન ઘરોમાં શ્રીમંત પણ સાવ એકલાં રહેતાં સ્ત્રી-પુરુષો ડિપ્રેશન અનુભવે છે. સૂનમૂન બની જાય છે. દવાની ગોળીઓ લેવી પડે છે અને પછી દવાની આડઅસરો થવા લાગે છે. એની સરખામણીમાં આવા આશ્રમો માણસના વાનપ્રસ્થજીવનને સાધના અને પ્રવૃત્તિઓના ઉલ્લાસ સાથે સભર બનાવી દે છે.

માણસ વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈને આશ્રમમાં આવે છે. અહીં એને હવે આજીવિકા માટે કોઈ પ્રવૃત્તિ કરવાની હોતી નથી. આમ છતાં રહેવા-ખાવા-પીવાના નિભાવનું ખર્ચ થાય છે. એની વ્યવસ્થા ઉભયપક્ષે વિચારાયેલી હોય છે. એટલે સાધક વ્યાવસાયિક નિવૃત્તિને કારણે અને નિભાવની વ્યવસ્થાને કારણે નિશ્ચિંત બને છે, શાંતિ અનુભવે છે અને સાધના માટે પૂરો સમય ફાળવી શકે છે. જો એ સાચા દિલથી આત્મસાધના કરે તો થોડાંક વર્ષમાં જ ઘણી પ્રગતિ કરી શકે છે.

આધ્યાત્મિક આશ્રમોની સામાજિક ઉપયોગિતા પણ ઘણી બધી છે. પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં કેટલાંયે ઘરોમાં વૃદ્ધો ઘરથી છૂટવા ઈચ્છતા હોય છે અને ઘરવાળા વૃદ્ધથી છૂટવા ઈચ્છે છે. બીજી બાજુ આર્થિક સ્થિતિ એવી નથી હોતી કે જુદું ઘર વસાવીને રહી શકાય. આવા સંજોગોમાં આશ્રમ તેમને માટે આશીર્વાદરૂપ બની રહે છે. કેટલીક વાર અલગ રહેવામાં સામાજિક પ્રતિષ્ઠાનો ભય હોય અને સાથે રહેવામાં સંઘર્ષનો ભય હોય ત્યારે આશ્રમમાં રહેવાથી બંને પક્ષને શાંતિ મળે છે. નબળી આર્થિક સ્થિતિવાળા વિધુર કે વિધવાનું જીવન આશ્રમમાં નભ જાય છે. આશ્રમ આશ્રય બની રહે છે.

વૃદ્ધાવસ્થામાં કેટલાંક માણસના સ્વભાવમાં પરિવર્તન આવે છે. અધીરાઈ, ચીડિયાપણું, આગ્રહીપણું, વહેમીપણું, એકની એક વાતનું પુનરુચ્ચારણ, ખાવા-પીવામાં ચીકાશ, માંદગી કે મૃત્યુનો ભય-આવાં બધાં લક્ષણોને કારણે વૃદ્ધો ઘરમાં અપ્રિય થઈ પડે છે. પરંતુ આશ્રમમાં પોતાનાં સમકક્ષ માણસો સાથે રહેવાને લીધે એમની કેટલીક વિચિત્રતાઓ કુદરતી રીતે શાન્ત પડી જાય છે.

કેટલાક માણસો આશ્રમમાં જ સ્થિરવાસ કરી લે છે. આશ્રમની દિવાલની બહાર તેઓ જીવનના અંત સુધી પગ મૂકતા નથી. આવા સંયમી સાધકોને સમાધિમરણ સાંપડે છે. એમનું જીવન કૃતાર્થ થઈ જાય છે. આધ્યાત્મિક આશ્રમોનો કેટલાયે જીવોના સમાધિમરણમાં સારો હિસ્સો રહેલો છે. સાધકને આવા આશ્રમમાં પોતાના જીવનની કૃતાર્થતા અનુભવવા મળે છે

આશ્રમનું આયોજન જો વ્યવસ્થિત અને દીર્ઘદૃષ્ટિવાળું હોય તો એનું આયુષ્ય લંબાય છે. આપણી નજર સમક્ષ કેટલાયે આશ્રમો બંધ પડી ગયા કે ઝાંખા થઈ ગયેલા જોવા મળશે. એનાં કારણોમાં મૂળ પ્રેરક પ્રણેતા મહાત્માની ચિરવિદાય તો ખરી જ પણ એના આયોજકોમાં દૃષ્ટિનો અભાવ પણ ખરો. કેટલાક આશ્રમો વધુ પડતા કડક નિયમોને કારણે ઉજ્જડ બની જાય છે. નિયમો સચવાય છે, પણ આશ્રમનો પ્રાણ ઊડી જાય છે. કેટલાક આશ્રમોને નિભાવ ખર્ચ વધી જતાં અને આવકનું પ્રમાણ ઘટતાં બંધ કરવાનો વખત આવે છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં જીવનનિર્વાહનું ધોરણ ઉત્તરોત્તર વધતું જવાનું, કારણ કે વિકાસ માટે સરકારને પ્રતિ વર્ષ નવા નવા કરવેરા નાખવા પડવાના. એ સંજોગોમાં આશ્રમનું કાયમી ભંડોળ સમય જતાં ઓછું પડવાનું. પંદર-પચીસ વર્ષે આશ્રમને નવી કાયમની આવક ઊભી થાય એવી વિચારણા કરીને તે માટે પ્રબંધ કરી લેવો જોઈએ.

જે લોકો ઘરસંસાર છોડી આશ્રમમાં જાય છે તેણે આશ્રમમાં જઈને બીજો સંસાર ઊભો ન કરવો જોઈએ. કેટલાંક માણસોની પ્રકૃતિ જ એવી હોય છે કે આશ્રમમાં પણ એમની ખણખોદની પ્રવૃત્તિ ચાલવા લાગે છે. બે ખોટા માણસ સમગ્ર આશ્રમના વાતાવરણને બગાડી શકે છે. કેટલાક આશ્રમો સત્તા માટેની પક્ષાપક્ષીના કે સાંપ્રદાયિક સંઘર્ષના રાજકારણથી ખદબદે છે ત્યારે સાધકજીવન ડહોળાય છે અને વગોવાયેલા આશ્રમનું માત્ર માળખું રહે છે.

બધા જ આશ્રમો આદર્શ પદ્ધતિથી દીર્ઘકાળ સુધી ચાલી ન શકે. એમાં પણ પ્રસંગોપાત ત્રુટિઓ ઉદ્‌ભવે છે. એ ત્રુટિઓના નિવારણના ઉપાયો વિચારી શકાય. પરંતુ આશ્રમજીવનની મહત્તાનું મૂલ્ય ઓછું ન આંકી શકાય.

જેઓએ થોડો વખત પણ સારા આશ્રમમાં રહેવાનો અનુભવ લીધો હશે તેમને ભારતીય આશ્રમ પરંપરાનું મૂલ્ય સમજાવવાની જરૂર નહિ રહે.

☐ **રમણલાલ ચી. શાહ**

# ઇચ્છા-શ્રમ-શ્રદ્ધા-બુદ્ધિ અને પુરુષાર્થ

**☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી**

હે જીવ ! તારો પુરુષાર્થ નિષ્ફળ જાય ત્યારે નિરાશ થઇને શોક કરીશ નહિ, પરંતુ પરમાત્મા કેવળી ભગવંતે એમના કેવળજ્ઞાનના ઉપયોગમાં ભાવિ જોયું હોય, જે જેમ નિર્માણ થવા સર્જિત હોય, તે તેમ, તે પ્રમાણે જ બને-ભવિતવ્યતા હોય તે પ્રમાણે જ ઘટે એમ વિચારજે. એટલું જ નહિ પણ સાથે સાથે એ પણ વિચારજે, કે જ્ઞેય અને જ્ઞાનનો કેવળજ્ઞાન સાથે આવો સંબંધ હોવા છતાં એ જ કેવળી ભગવંતે 'પોતે જેવું જાણે છે એવું જ ઘટે છે', એ સત્ય હોવા છતાં ય ઉપદેશ કેમ આપ્યો ? પરમાત્મા કેવળી ભગવંત કેવળજ્ઞાનમાં બધું જોતાં-જાણતાં હોવા છતાં ય ઉપદેશ આપે છે, કારણ કે સંસારી છદ્મસ્થ જીવની દશા સક્રિય છે.

જ્યાં સક્રિયતા હોય ત્યાં, કંઇક ને કંઇક થયા કરે, અથવા તો કર્તા કંઇક ને કંઇક કર્યા કરે. હે જીવ ! તું અનાદિકાળથી કર્તા છો અને તું ઇચ્છા, શ્રમ, શ્રદ્ધા અને બુદ્ધિ એ ચાર તત્ત્વોનો બનેલ છે. આ ચારે ય તત્ત્વ સક્રિય છે. કર્તાની સક્રિયતાનો નિયમ એવો છે, કે જો તે તેની સક્રિય અવસ્થાનો સદ્‌ઉપયોગ નહિ કરે તો, તેનો દુરુપયોગ થયા વિના રહે નહિ. અનાદિકાળથી આ ચાર તત્ત્વનો બહુલતાએ જીવે દુરુપયોગ જ કર્યો છે. છતાં કેવળી ભગવંતે એમના કેવળજ્ઞાનમાં તારો મોક્ષ જોયો છે અને તે મોક્ષની પ્રાપ્તિ, તને આ ચાર તત્ત્વોના સદુપયોગ વડે થશે અને તે ચાર તત્ત્વનો સદુપયોગ કરનાર કર્તાના પાત્રમાં પણ તને જોયેલ છે. તેથી કરીને જ પરમાત્મા કેવળી ભગવંતે આ ચાર તત્ત્વોનો સદુપયોગ કરવાનો ઉપદેશ આપ્યો. માટે ભગવાનના ઉપદેશ સાથે સંબંધ જારી રાખી ચારે તત્ત્વનો સદુપયોગ કર ! કેવળી ભગવંતે, જે પ્રમાણે જોયું એમ થાય છે અને તું પણ સક્રિય હોવાથી કાંઇક ને કાંઇક કરતો રહે છે, તેથી ભગવંતના ઉપદેશને વળગી રહી ઉદ્યમ કર ! પુરુષાર્થ કરતો જ રહે ! ભગવાન પાસે તારું બધું તૈયાર છે જે તને મળી રહેશે.

વર્તમાનકાળમાં તારી પાસે રહેલાં ઇચ્છા, શ્રમ, શ્રદ્ધા અને બુદ્ધિ એ ચાર તત્ત્વોથી તું તારું જીવન જીવે છે. એ તારા મૂળ સ્વરૂપ ભાવોની વિકૃતિ છે. તારું મૂળ સ્વરૂપ તો અક્રિય અને અદ્વૈત છે. તે મૂળ સ્વરૂપ, વિકારથી સક્રિય અને દ્વૈત બનેલ છે, જે તારા પોતાના સ્વરૂપથી વિરુદ્ધ દશા છે, જે તને દુ:ખરૂપ છે.

તારું મૂળ સ્વરૂપ બુદ્ધ છે. પ્રબુદ્ધતા-બુદ્ધતા છે. અર્થાત સર્વજ્ઞતા છે એ તારી પ્રબુદ્ધતાનો-સર્વજ્ઞતાનો વિકાર છે, તે બુદ્ધિ છે. સર્વજ્ઞતા, અલ્પજ્ઞતામાં પરિણમેલ છે. મૂળમાં, જે બુદ્ધ છે, તે બુદ્ધ બનેલ છે, કે બહુ બહુ તો બુદ્ધિશાળી થયેલ છે.

તારું મૂળ સ્વરૂપ અલૌકિક છે. તારું એ મૂળ અલૌકિક સ્વરૂપ, એવું અલૌકિક અને શ્રદ્ધેય અર્થાત્ વિશ્વસનીય છે કે સારું ય વિશ્વ તારામાં વિશ્વાસ રાખે-શ્રદ્ધા રાખે-તારા સ્વયંના શ્રદ્ધેય સ્વરૂપની હે જીવ ! તેં વિકૃતિ એ કરી કે તેં પર વિજાતીય એવાં પુદ્‌ગલ દ્રવ્યમાં ભોગવૃત્તિ અને સુખબુદ્ધિની શ્રદ્ધા કરી.

હે જીવ ! તું તારા સ્વરૂપથી પૂર્ણ છો ! સ્થિર છો ! અક્રિય છો ! તારે કાંઈ કરવાનું રહેતું નથી, તેથી તને પૂર્ણ વિશ્રામ છે. એ જ વિશ્રામની વિકૃતિ તને શ્રમક્રિયા અને પ્રવૃત્તિ રૂપ બની છે, જેમાં તને થાક પણ લાગે અને કંટાળો પણ આવે.

થાક અને કંટાળો એ દુ:ખ વેદન છે, જ્યારે તારું મૂળ સ્વરૂપ હે જીવ ! પૂર્ણાનંદ વેદન રૂપ છે, એટલે કે તું પૂર્ણકામ છો ! સંતૃપ્ત છો ! નિરીહ-ઇચ્છારહિત છો ! તારા એ મૂળ સ્વરૂપમાં તારે કોઈ ઇચ્છા કરવાની જરૂર નથી બલ્કે તે તારા મૂળ સ્વરૂપમાં ઇચ્છાને કોઈ અવકાશ નથી. માટે વર્તમાનકાળમાં તને ઉદ્‌ભવતી ઇચ્છા એ તારા પૂર્ણકામ રૂપ સુખવેદનની વિકૃતિ છે.

હે જીવ ! તારા મૂળ સ્વરૂપની, જે આ ચાર વિકૃતિ છે, કે જેનાથી વર્તમાનનો તારો જીવનવ્યવહાર ચાલી રહ્યો છે, એ ચાર વિકૃતિને પ્રકૃતિમાં લાવવા માટે જે કાંઈ કરવું પડે, તે ધર્મ અને મોક્ષ પુરુષાર્થ છે, તેનો જ ભગવાને તને ઉપદેશ આપ્યો છે.

સક્રિય તત્ત્વ અનેક ભેદે હોઈ શકે છે. માટે ક્રિયાનો કર્તા જો સદ્દુપયોગ કરવામાં સાવધાની નહિ રાખે તો દુરુપયોગ થયા વિના રહે નહિ. એનો દુરુપયોગ, તે જ દુ:ખ દરિયો. સ્વરૂપથી તો જીવ તું સુખસાગર છો ! નહિ કે દુ:ખદરિયો !

મૂળ સ્વરૂપની ચાર વિકૃતિઓનો થતો દુરુપયોગ પણ શ્રમક્રિયા અને ઉદ્યમરૂપ જ છે. પરંતુ તેના સદુપયોગને પુરુષાર્થ કહેવાય છે. પુરુષાર્થ એટલે પુરુષ-આત્માને અર્થે પુરુષાર્થ, એટલે અનંતશક્તિમાન, અનંતબળી, સર્વશક્તિમાન તું જેવો છો, તેવું તું તારા માટે કરે, તેનું નામ પુરુષાર્થ. આના સિવાય બાકી બધી કરણી, બીજી ક્રિયા એ શ્રમ. મજૂરી-વેઠ અને પરાધીનતા છે. એમાં તારી ઇચ્છા પ્રમાણે કાંઈ બને નહિ અને ઇચ્છાની અપૂર્તિ-નિષ્ફળતા એ મહાદુ:ખનું કારણ છે.

તો હે જીવ ! હવે આધ્યાત્મમાર્ગે-મોક્ષમાર્ગે પુરુષાર્થ આદરી તારી બુદ્ધિને સમ્યગ્ જ્ઞાનમાં પરિણમાવી, તારી શ્રદ્ધાને સમ્યગ્ દર્શનમાં પરિણમાવી, તારા શ્રમને સમ્યગ્ ચારિત્રમાં પરિણમાવી, વિરક્ત રહી, વૈરાગી બની, વીતરાગતાને પામી પૂર્ણ જ્ઞાન અર્થાત્ બુદ્ધતાને, પૂર્ણ દર્શન અર્થાત્ શ્રદ્ધેયતા-ઐશ્વર્યતાને, પૂર્ણ ચારિત્ર અર્થાત યથાખ્યાત ચારિત્ર-પરમ સ્થિરતા-વિશ્રામ-અક્રિયતાને પ્રાપ્ત કરી પૂર્ણ કામ-પૂર્ણસુખનો સ્વામી બને ! મજૂર મટી માલિક થા ! નોકર મટી શેઠ બન !

❖❖❖


## અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪, ફોન : ૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાનાં દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા — સંયોજક

નિરુબેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
માનદ્ મંત્રીઓ

# મોહનીયની માયાજાળ

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

અનાદિ અનંતકાળથી, અનંતાનંત પુદ્ગલ-પરાવર્તકાળથી પરિભ્રમણ કરી રહેલા જીવોનો બે કારણોથી બેડો પાર પડતો નથી. દ્રવ્યાદિ ક્રિયાઓ ભવ્ય તથા અભવ્ય જીવોએ ઘણી કરી જેથી તેઓ નવગ્રૈવેયક સુધી પહોંચી શક્યા; તેમજ ચૌદ પૂર્વોનું જ્ઞાન પણ સંપાદન કર્યું. છતાં પણ બે કારણોથી ભવોનો અંત ન લાવી શક્યા, તે બે કારણો છે: મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષય થઇ શક્યો નથી અને તેને લીધે આત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કરાવનાર સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ શક્યું નથી. સમ્યગ્દર્શન કહો કે યથાર્થદર્શન કહો, કે આત્મદર્શન કહો, કે તત્ત્વપ્રતીતિ કહો કે મોક્ષ માર્ગનું દર્શન કહો કે સમકિત કહો તે મોક્ષ માટેનું (પ્રધાન) કારણ છે. આના વગર સંસારભ્રમણ અવિરત ચાલુ જ રહેવાનું છે.

મોક્ષપ્રાપ્તિ માટે કર્મથી બદ્ધ આત્માને નિર્બદ્ધ કરવો જોઇએ, સ્વસ્વરૂપમાં કર્મબદ્ધ આત્માને સ્થિર કરવો જોઇએ, તેની વિકૃતિઓને નષ્ટ કરવી જોઇએ, આત્માનું સુવિશુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા માટે સમ્યગ્દર્શનને સ્થિર કરવું જોઇએ, નષ્ટ ન થાય તે માટેનો પ્રયત્ન થતો રહે, તેને નિર્મળ કર્યા કરવું જોઇએ. આચરેલા ધર્મને સાર્થક બનાવવો હોય તો સમ્યગ્દર્શનનું પ્રગટીકરણ અત્યંત આવશ્યક અને અનિવાર્ય છે.

મોહનીયકર્મને મિથ્યાત્વ વિશેષણ લગાડવાથી તે મિથ્યાત્વ મોહનીય બને છે. અઢાર પાપસ્થાનકોમાં તે ભલે છેલ્લું ગણાવ્યું હોય છતાં પણ તેના વગર બાકીનાં સત્તર પાપસ્થાનકો નિર્જીવ, નાકામયાબ, શક્તિ વિહીન થઈ જાય છે. તેથી જ તેને બધાં પાપોનો બાપ કહ્યો છે. આ મિથ્યાત્વના પાંચ પ્રકારો છે જેવા કે આભિગ્રાહિક, અનાભિગ્રાહિક, અભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક છે. આ પાંચમાંથી ગમે તે એક દ્વારા સમ્યકત્વનું વમન થઈ શકે છે.

સામાયિક કે પ્રતિક્રમણ કરતાં મુહપત્તિનું પડિલેહણ કરવાનું છે. ત્યાં આ પ્રમાણે બોલવામાં આવે છે: સમ્યકત્વ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું. આ ત્રણે પ્રકારના મોહનીયને પરિહરવાનાં છે. વળી રાઇપ્રતિક્રમણ કરતાં શ્રી સીમંધર સ્વામીના સ્તવનમાં બોલીએ છીએ કે 'મહા મોહરાય કર ફસિઓ છું સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો.' અહીં પણ મોહનીયના પરિહારની વાત કરી છે.

આજની પરિભાષામાં આ પ્રમાણે તે અંગે સમજણ આપવી હોય તો કહી શકાય કે વીતરાગ દેવની આઈ બેંકમાંથી સમ્યકત્વરૂપી આંખ બેસાડી તેમાં જ્ઞાનરૂપ લેન્સ બેસાડવાથી મિથ્યાત્વરૂપી અંધકાર નષ્ટ થતાં મોહનીય વિલીન થતાં મન-મંદિરમાં તત્ત્વશ્રદ્ધારૂપી પ્રકાશ પ્રકાશ પથરાઈ જાય છે.

શાસ્ત્રકાર ભગવંતોએ જેટલું વર્ણન આત્મસ્વરૂપનું કર્યું છે, તેટલું વર્ણન કર્મસ્વરૂપનું પણ કર્યું છે. જૈન આગમોમાં અનેક સ્થળે કર્મનું વર્ણન આવે છે. ચૌદ પૂર્વોમાં કર્મપ્રવાદ (કમ્મપ્પવાય) એક ખાસ પૂર્વ પણ હતું. આગ્રાયણીય (અગ્ગનીયપુવ્વ)માં કર્મસંબંધી ઘણું વિવેચન હતું. તેમાંથી સારરૂપે શ્રી શિવશર્મસૂરિએ પ્રાકૃત ગાથાબદ્ધ 'કર્મપ્રકૃત્તિ' નામનું મહત્ત્વનું પ્રકરણ રચ્યું. શ્રી મલયગિરિ મહારાજે તથા શ્રી યશોવિજય ઉપાધ્યાયે સંસ્કૃત ભાષામાં સુંદર ટીકાઓ તેના પર રચી. પ્રાચીન કાળમાં તદ્વિષયક છ ગ્રંથો હતા; જે છ કર્મગ્રંથો તરીકે ઓળખાતા હતા. શ્રી દેવેન્દ્રસૂરિએ તેના પરથી પાંચ નવીન કર્મગ્રંથની રચના કરી. શ્રી ચંદ્ર મહત્તરાચાર્યે સપ્તતિકા નામનો છઠ્ઠો નવીન કર્મગ્રંથ રચ્યો. પાંચ નવીન કર્મગ્રંથ ઉપર ગુજરાતીમાં શ્રી જિનવિજયજી મહારાજે તથા શ્રી યશ:સોમસૂરિએ રચેલાં ટબ્બા મોજુદ છે. શ્રી ચંદ્રર્ષિમહત્તરકૃત પંચસંગ્રહ નામનો ગ્રંથ ઉલ્લેખનીય છે. તદ્દુપરાંત શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજે આત્મતત્ત્વ વિચાર ભાગ ૧-૨ તથા વિજય ભુવનભાનુ ગણિવર રચિત ધ્યાન શતક ભાગ ૧-૨ અને તે ઉપરાંત કર્મવિષયક વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે.

આ અનાદિઅનંત સંસારમાં મુખ્યત: બે તત્ત્વો છે જેવાં કે જીવ (આત્મા) અને કર્મ. કર્મ જડ હોવા છતાં પણ તેનો સંબંધ આત્મા સાથે થઈ શકે છે. તીર્થંકરોના જીવને પણ નિગોદમાંથી પસાર થવું પડે છે અને તેમનાં કર્મો જેમ જેમ ક્ષીણ કે ક્ષય થતાં જાય તેમ તેમ તેઓ પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકેથી ઉપર ને ઉપર ચઢતાં ક્ષીણપ્રાય: કર્મની સ્થિતિ અયોગી ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત કરી સદાને માટે અવ્યાબાધ સુખાદિના સ્વામી બની નિરંજન, નિરાકારાદિ સ્થિતિને પામે છે તથા સર્વકર્મોથી મુક્ત થઈ સિદ્ધશિલાની ટોચે કાયમ માટે અચ્યુતદશામાં રહે છે.

જૈન દર્શનમાં આઠ કર્મો જ્ઞાનાવરણાદિ સ્વીકારવામાં આવ્યાં છે. તેમાંથી ચાર કર્મો ઘાતી છે અને ચાર અઘાતી છે. આત્માના મૂળ ગુણધર્માદિનો જે ઘાત કરે તે ઘાતી અને તેમ ન કરે તે અઘાતી તરીકે ઓળખાય છે. આ ચાર ઘાતી કર્મોમાં પ્રબળ કર્મ તે મોહનીય કર્મ છે. સમ્યકત્વનું પ્રતિપક્ષી, પ્રતિદ્વંદ્વી તે મિથ્યાત્વ છે. સમ્યકત્વની પ્રાપ્તિ થતાં જ મિથ્યાત્વ હઠે. તેથી સમ્યકત્વની પ્રાપ્તિ માટે મુમુક્ષુઓએ, પ્રયત્નશીલ રહેવાનું છે. લોગસ્સ સૂત્રમાં તેથી આરૂગ્ગ-બોહિલાભની માગણી કરાઈ છે. અહીં આરોગ્ય એટલે ભાવઆરોગ્ય અને બોહિલાભ એટલે સમ્યકત્વ.

યુદ્ધમાં બે પક્ષોની લડાઈમાં સરસેનાપતિને હરાવતાં તે પ્રતિપક્ષના રાજાને શરણે જાય છે તેવી રીતે સરસેનાપતિના સ્થાને મોહનીય કર્મના ઉપર વિજય મેળવતાં એટલે કે તેની પ્રબળતા નષ્ટ થતાં બાકીનાં બધાં કર્મો આપોઆપ શરણ સ્વીકારે છે; તેથી ૮ કર્મોમાં જટિલ એવા મોહનીય કર્મને વશ કરાતાં બધાં કર્મો વશ થઈ જાય છે.

આ આઠ કર્મો તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય છે.

જે કર્મને લીધે જીવ મોહગ્રસ્ત બની સંસારમાં અટવાઈ જાય તેને મોહનીય કર્મ કહેવાય છે. આ કર્મ મદિરાપાન જેવું છે. મદિરાપાન કરવાથી જેમ મનુષ્યમાં જ્ઞાન, ભાન, શાન ઠેકાણે રહેતા નથી; તેમ આ કર્મને લીધે મનુષ્યની વિવેકબુદ્ધિ તથા વર્તન ઠેકાણે રહેતાં નથી. આત્માને સંસારી બનાવવામાં, તેમાં જકડી રાખવામાં મોહનીયનો બહુ મોટો હિસ્સો છે. જ્યાં સુધી રાજા જેવું આ કર્મ જોરાવર હોય ત્યાં સુધી બધાં કર્મો જોરાવર રહે. તે ઢીલું પડતાં બધાં કર્મો ઢીલા પડે.

મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે. તેમની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે.

મોહનીય કર્મના બે વિભાગો છે : (૧) દર્શનમોહનીય અને (૨) ચારિત્રમોહનીય.

જરા જુદો મુદ્દો તપાસીએ. આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરે તે કર્મો ઘાતી અને સંસારમાં પકડી રાખનારા કર્મો તે અઘાતી અથવા ભવોપગ્રાહી. આવાં કર્મો નવાં નવાં બંધાય છે અને જુનાં જુનાં ભોગવતાં વિભાવદશા કે

સંસારદશા ઊભી થાય છે. ટૂંકમાં કર્મોના સંસર્ગે સંસાર અને કર્મોના વિયોગે મોક્ષ.

ઉપર આપણે જોયું કે મોહનીય કર્મના બે વિભાગો છે. દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. દર્શનમોહનીયમાં મિથ્યાત્વ મોહનીય કર્મ કે જે અતત્ત્વની રૂચિ અને તત્ત્વનો દ્વેષ કરાવે છે. તેનું શુભ અધ્યવસાય દ્વારા સંશોધન કરી તેના ત્રણ પુંજ કરવામાં આવે છે : (૧) પૂર્ણ શુદ્ધ પુંજ તે સમકિત મોહનીય, (૨) અર્ધશુદ્ધ પુંજ તે મિશ્ર મોહનીય અને (૩) અશુદ્ધ પુંજ તે મિથ્યાત્વ મોહનીય. ક્ષયોપશમની પ્રક્રિયામાં શુદ્ધ એવા સમકિત મોહનીયનો ઉદય થવાથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટે છે. મિથ્યાત્વકર્મનો સદંતર ઉપશમ કરાય, વિશિષ્ટ અધ્યવસાયના બળે અંતર્મુહૂર્ત કાળના એ કર્મને આગળ પાછળ ઉદયવશ કરી તેટલો કાળ મિથ્યાત્વનો સર્વથા ઉદય વિનાનો કરી દેવાય, ત્યારે ઉપશમ સમ્યક્ત્વ પમાય છે-મિથ્યાત્વકર્મના દળિયાનું સંશોધન કરી અશુદ્ધ અને અર્ધશુદ્ધ દળિયાને રોકી શુદ્ધ દળિયાનો ઉદય ભોગવાય ત્યારે ક્ષાયોપશમ સમ્યક્ત્વ પમાય છે. સમસ્ત શુદ્ધ-અર્ધશુદ્ધ-અશુદ્ધ મિથ્યાત્વકર્મ પુદ્ગલોનો, અનંતાનુબંધી કષાયોનો નાશપૂર્વક નાશ કરાય ત્યારે ક્ષાયિક સમકિત પમાય છે. આ ત્રણેમાં શ્રદ્ધા તો જિનવચન પર જ હોય છે; જિનોક્ત નવ તત્ત્વ, મોક્ષમાર્ગ, અરિહંત દેવ, નિર્ગ્રંથ મુનિ, ગુરુ તથા જિનોક્ત ધર્મ પર જ એકમાત્ર શ્રદ્ધા થાય છે.

ત્રણ પુંજની રસપ્રદ ચર્ચા માટે બે વિભિન્ન મતો છે: (૧) કાર્મગ્રંથિક, (૨) સૈદ્ધાન્તિક. ટૂંકમાં કહેવાનું તાત્પર્ય આમ છે કે કાર્મગ્રંથિક મત પ્રમાણે અનાદિ મિથ્યાત્વી જીવ અનિવૃત્તિકરણના કાળ દરમ્યાન આ રીતના ત્રણ પુંજ બનાવે છે; જ્યારે સૈદ્ધાન્તિક મત પ્રમાણે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવો ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પામનારા હોય છે તે જીવો અપૂર્વકરણ કાળમાં જ અપૂર્વકરણથી જેમ ગ્રંથિનો ભેદ કરે છે તેમ ત્રણ પુંજ પણ અપૂર્વકરણના કાળમાં જ કરે છે. જીવ પોતાના અપૂર્વકરણ દ્વારા સત્તામાં રહેલા મિથ્યાત્વમોહનીયના દળિયાના ત્રણ પુંજ બનાવી દે છે.

પ્રમાદ મોહનીયકર્મના ઉદયથી થાય છે. તે કર્મનું બળ એટલું હોય છે કે તે સામે ધીકતો પુરુષાર્થ કરવો પડે છે. કેટલાંક નિકાચિત કર્મો એવાં બળવાન હોય છે કે સારા નિમિત્તો મળવા છતાં પણ તેનો ઉદય ચાલુ રહે છે. જેમકે નંદિષેણ મુનિ મહા તપસ્યા, રસ-ત્યાગ, ઉચ્ચ ઉદાત્તચારિત્ર સાધનાદિ કરવા છતાં પણ મોહનો વિકાર તેમને પીડતો રહ્યો. આથી ઉલ્ટું ગુણસાગર લગ્નના મંડપમાં ચોરીમાં લગ્ન કરવા તૈયારી છતાં પણ કામના ઘરમાં રહીને કામવિજયી બની મોહને મારી હઠાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. તેવી જ રીતે રાજસિંહાસન પર બિરાજેલા પૃથ્વીચંદ્ર કેવળજ્ઞાનના અધિકારી બની ગયા.

ક્ષપકશ્રેણિ એટલે આત્મામાં સ્થાનાપન્ન મોહનીયના વિવિધ કર્મોનો ક્ષય થવાની યાત્રા. પિચકારીમાંથી જેવી રીતે પાણીની ધાર વહી જાય, તેવી રીતે શુકલધ્યાનયુક્ત સામર્થ્યયોગના બળે આત્મામાંથી ધારાબદ્ધ કર્મ વહી જાય. તે એવા વહી જાય કે ફરી નવાં કર્મ હવે કદી આત્મામાં બંધાશે નહીં. શ્રેણિનો બીજો અર્થ સોપાન પંક્તિ (નિસરણી). ક્ષપકશ્રેણિએ ચઢેલો આત્મા અધિકાધિક કર્મોનો ક્ષય કરતો જ જાય છે. આ શ્રેણિમાં ધર્મવ્યાપાર એ સામર્થ્યયોગ છે.

મિથ્યાત્વાદિ હેતુ દ્વારા જીવ વડે જે વસ્તુ કરાય તે કર્મ. કર્મબંધના પાંચ હેતુઓ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ છે. મોહનીય દ્વારા અશુભ કર્મો જ બંધાય. તેના બે પ્રકારો દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. મોહનીય કર્મની કુલ ૨૮ પ્રકૃતિઓ થાય. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન. ક્રોધ, માન, માયા અને લોભ. દરેકના આ ચાર પ્રકારો વડે ૪X૪=૧૬ થાય. આ ચાર કષાયોની વાત થઈ. કષાયોને સહાય્ય કરે, તેને ઉદ્દીપન કરે તે નોકષાય. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગુંછા (જુગુપ્સા), પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસક વેદ આ નવ તે નોકષાય. ઉપરના ૧૬+૯=૨૫ પ્રકૃતિ થઈ. તદુપરાંત મોહનીયકર્મની ત્રણ પ્રકૃતિ જેવી કે મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વ મોહનીય મળી કુલ ૨૮ પ્રકૃતિઓ થઈ. લગ્નની જે ચોરી રચાય છે તેમાં ૭X૪=૨૮ માટલીઓ ગોઠવાય છે. તે ચોરીમાં વર-કન્યા હસ્તમેળાપ માટે બેસે છે. વિધિ કરાવનાર ગોર તેમને ઉદ્દેશી સાવધાન, સાવધાન એમ ઘોષણા કરે છે, કારણ સંસાર ભયંકર પતનનું કારણ છે. તે તરફ આંખ આડા કાન કરી લગ્નોત્સુક યુગલ વિધિ પતાવી દે છે. લગ્ન એક પવિત્ર બંધન હોવા છતાં પણ મોક્ષ-પ્રતિદ્વંદ્વી પ્રતિપક્ષી છે. લગ્ન એક રીતે લક્કડના લાડુ છે, જે ખાય તે પણ પસ્તાય અને ન ખાય તે પણ પસ્તાય. આવું હોવા છતાં પણ સંસાર આજ દિન સુધી ચાલ્યો છે અને ચાલતો રહેશે.

શુભ અને અશુભ એમ બે પ્રકારના કર્મોને વહેંચી શકાય. તેવી જ રીતે તે કર્મો સાનુબંધ અને નિરનુબંધ એવી રીતે પણ વિભાજિત કરી શકાય. વળી ક્ષયોપશમ સાનુબંધ અને નિરનુબંધ એમ બે જાતના હોય છે. સાનુબંધવાળો જીવ કોઈ રીતે ક્ષયોપશમ કરી લે તો પણ તે લાંબો ચાલતો નથી. કર્મનો ઉદય ચિત્તને બગાડી નાંખતાં ક્ષયોપશમ તૂટી જાય છે, અટકી જાય છે, ધારા આગળ ન ચાલી તેથી તે નિરનુબંધ છે. કોઈ મુનિને કાઉસગ્ગમાં શુભ ચિંતનથી અવધિ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયો, અવધિજ્ઞાન પ્રગટ્યું, પ્રથમ દેવલોક સાક્ષાત્ જોયો. ત્યાં ઇન્દ્રઇન્દ્રાણીને મનાવતો જોઈ મુનિ હસ્યા અને તરત ક્ષયોપશમ ચાલ્યો ગયો. આ નિરનુબંધ ક્ષયોપશમ. અહીં મોહનીય કર્મના ઉદયે ચિત્ત કલુષિત થયું, ક્ષયોપશમ રદ થઈ ગયો, ગુણઘાત કર્યો, આગળ ગુણ અટક્યો, વધ્યો નહીં. સારાંશ એટલો છે કે કર્મબંધ સાનુબંધ નહિ થવા દેવો જોઇએ અને ક્ષયોપશમ સાનુબંધ કરવો જોઇએ. સમ્યક્ત્વ પામેલો જીવ અનાદિની રાગ-દ્વેષની કઠણ ગાંઠ તોડી ગ્રંથિભેદ કરે છે તેથી તે એવા અતિ સંકિલષ્ટ, અતિ સાનુબંધ કલેશવાળો બનતો નથી કે જેથી માર્ગ પ્રાપ્તિ અટકી જાય. ગ્રંથિભેદ કરનારનો ક્ષયોપશમ સાનુબંધ હોવાથી અનિવૃત્તિકરણની પ્રક્રિયા માંડે છે તેથી નિરનુબંધ ક્ષયોપશમ કરતાં જુદો પડે છે.

ગુણસ્થાનોનું વિભાગીકરણ મુખ્યતયા મોહનીયકર્મની વિરલતા, ઉપશમ, કે ક્ષયના આધારે કરવામાં આવ્યું છે. તેના બે પ્રકારોમાંથી દર્શનમોહનીયનું કાર્ય આત્માના સમ્યક્ત્વ ગુણને આવૃત્ત કરવાનું છે; જેથી આત્મામાં તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થવા પામતું નથી. જ્યાં સુધી દર્શનમોહનીયની વિરલતા કે ક્ષય ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનીયનું બળ ઘટતું નથી. માટે પ્રથમનાં ચાર ગુણઠાણાં દર્શનમોહનીયની વિરલતા, ઉપશમ કે ક્ષયની મુખ્યતાએ છે. ત્યારપછીના ગુણઠાણાં ચારિત્ર મોહનીયની વિરલતા કે ઉપશમ કે ક્ષયની મુખ્યતયા છે. જેમકે ૫ થી ૭મા ગુણઠાણા ચારિત્રમોહનીયના ક્ષયોપશમને આધારે છે. ૮મા, ૯મા અને ૧૦મા ગુણઠાણાં ચારિત્રમોહનીયના કેવળ ઉપશમ કે ક્ષયની મુખ્યતયા છે. ૧૧મું ગુણઠાણું ચારિત્રમોહનીયના માત્ર ઉપશમની અપેક્ષાએ છે; જ્યારે ૧૧ થી ઉપરના ગુણઠાણાંઓ મોહનીયાદિ ક્ષયને આધીન છે. આ કારણથી ગુણઠાણાનું વિભાગીકરણ મોહનીયકર્મના તરતમભાવને આધારે કરવામાં આવ્યું છે. આ અંગે અત્રે પ્રત્યેક ગુણઠાણાંમાં મિથ્યાત્વ કે મોહનીયની તરતમતા વગેરેની ચર્ચા લાંબી થઈ શકે.

તીર્થંકરો વીતદ્વેષ નહિ પણ વીતરાગ કહેવાય છે. દ્વેષ કરતાં રાગ વધુ

ભયંકર છે. નવસ્મરણમાં કેટલાંક મોહ સંદર્ભમાં જોઇએ. ચોથા સ્મરણ તિજયપહુત્તમાં તિત્થયરા ગયમોહા (૧૦), વિગયમોહં (૧૧) છે. અજિતશાંતિ સ્મરણમાં વિગયતમા, વિગયરયા (૧૩) રાગદોસભય મોહવજ્જિઅં (૨૫) જિઅમોહં (૨૭) ૯મા કલ્યાણમંદિરમાં મોહક્ષયાદનુભવન્નપિ (૪)માં મોહ વિષે નિર્દેશ કર્યો છે. તેમજ ૩૭માં નૂનં ન મોહતિમિરાવૃતલોચનેન પૂર્વં વિભો ! સકૃદપિ પ્રવિલોકિતોઽસિ !

મોહનીયકર્મની જાળને કેવી રીતે તોડવી ? કેવી રીતે નષ્ટ કરવી ? કેવી રીતે નેસ્તનાબુદ કરવી તે જરા તપાસીએ. આઠે કર્મોમાં મોહનીયનો સૌથી વધુ કાળ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમનો છે. તેનો અબાધાકાળ સાત હજાર વર્ષનો છે. તેમાં સુપુરુષાર્થને અવકાશ છે. મોહનીયને નષ્ટ કરવા સમ્યગ્દર્શન પામવું જોઇએ. તે માટે સૌ પ્રથમ શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ જોઇએ. તે માટે સંસાર ખરાબ છે, તેના પરથી આંખ ઊઠવી જોઇએ. તેના વગર શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ આવે નહિ. ગ્રંથિદેશે આવેલો જીવ શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ પામી શકે, પણ પામે જ એવો નિયમ નહિ. ગ્રંથિદેશે જીવ યથાપ્રવૃત્તિકરણ દ્વારા જ આવે. એવા અનાદિ યથાપ્રવૃત્તિકરણથી નદીઘોલપાષાણ ન્યાયે જીવ જ્યારે આયુષ્યકર્મ સિવાયના સાત કર્મોની સ્થિતિ અંત:કોટાકોટિ કરે, ત્યારે તે જીવ ગ્રંથિદેશે આવેલો ગણાય. ફરી ડૂબવું ન જોઇએ.

ચૌદ પૂર્વધર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી ફરમાવે છે કે:

સંસાર સાગરાઓ ઉબુડો મા પુણો નિબુહિજ્જા ।

ચરણકરણ વિપ્પહીણો બુડ્ડઈ સુબહુંપિ જાણંતો ।।

પરંતુ ગ્રંથિદેશે આવેલા જીવની આંખ સંસારના સુખ ઉપર ચોંટેલી ને ચોંટેલી હોય છે. અભવ્યો અને દુર્ભવ્યો પણ ગ્રંથિદેશે આવી શકે છે. તેથી સંસાર ઉપરથી દૃષ્ટિ બગાડવી જોઇએ. કેમ કે તે અભવ્યો અને દુર્ભવ્યો સાધુપણાની અને શ્રાવકની ક્રિયા કરતા હોય, આ લોક કે પરલોકના સુખ ખાતર ભવાભિનંદી તરીકે નવગ્રૈવેયક કે પૂર્વોનું જ્ઞાન પણ હોય પણ એક મિથ્યાત્વના અસ્તિત્વથી બધું નિરર્થક નીવડે છે. આ કે પરલોકના સુખની વાંછા છે. ક્રિયા કરે છે; પણ તે સંમૂર્છિમ રીતે પરિણતિ વગરની હોય છે, બધું બરબાદ થઈ જાય છે. તેથી ગ્રંથિદેશથી આગળ વધવા માટે આંખ ઊઠવી જોઇએ, તે વગર નિસ્તાર નથી, વધુ ને વધુ તે સુખમાં ખૂંપી જવું ન જોઇએ. સંસાર સુખની જે જરૂર પડે તે નબળાઈ છે એવું લાગે તો શુદ્ધયથાપ્રવૃત્તિકરણ આવે.

તે માટે ત્રણ વસ્તુ પ્રગટવી જોઇએ. (૧) તીવ્રભાવે પાપ ન કરે (૨) નિર્વેદ યાને સંવેગ અને (૩) ઔચિત્ય. વળી કહેવાયું છે કે-

જિણવયણે અણુરત્તા જિણવયણં જે કરેં તિ ભાવેણં ।

અમલા અસંક્લિષ્ટા તે હુંતિ પરિત્તસંસારી ।।

તેથી હવે શુદ્ધ યથાપ્રવૃત્તિકરણથી અપૂર્વકરણ ત્યારબાદ અનિવૃત્તિકરણ થતાં સમ્યકત્વ ગુણ પ્રગટે. એક વાર પણ જો સમ્યક્ત્વનો સ્પર્શ થઈ જાય તો અર્ધપુદ્ગલ પરાવર્તકાળથી ન્યૂન સમયમાં ભવનો અંત આવે અને મોક્ષ લક્ષ્મી વરમાળા પહેરાવે.

પરિત્તસંસારી થવા માટે જિનેશ્વરના વચનોમાં અતૂટ શ્રદ્ધા, ભાવપૂર્વક જિનેશ્વરના વચનોનું અનુસરણ તથા પાલન. અમલા એટલે : મલ એટલે મિથ્યાત્વાદિ દોષો, સંકલેશ એટલે રાગ અને દ્વેષને લીધે થતો જીવનો પરિણામ. આટલું થતાં જીવનો સંસારકાળ પરિભ્રમણ માટેનો મર્યાદિત તે પરિત્તસંસારી કે અલ્પસંસારી કહેવાય છે.

અનાથમુનિ અને તેના સંસર્ગ દ્વારા શ્રેણિક મહારાજાની આંખ સંસાર પરથી ઊઠી ગઈ અને પરિણામ સ્વરૂપ સમકિતી બની ગયા, સમકિતની પ્રાપ્તિ થઈ. આપણે ઉપર ત્રણ પુંજની વાત કરી. શાસ્ત્ર કહે છે કે અંતરકરણનું મુહૂર્ત પૂરું થતાંની સાથે જ ત્રણમાંથી કોઈ એક પુંજના દળિયા ઉદયમાં આવે છે. દર્શનમોહનીયની સાત પ્રકૃતિને ક્ષીણ કરી અટકી જનાર ખંડક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે છે અને તે અર્ધપુદ્ગલ પરાવર્તકાળમાં મોક્ષ પામે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિના ક્રમનો થોડો વિચાર કરીએ. આત્મા અનાદિકર્મસંતાન સંવેષ્ટિત છે. સમ્યકત્વ દુર્લભ છે. તેને સુલભ બનાવ્યા વગર ચાલે તેમ પણ નથી. ધર્મના ખરેખરા સ્વરૂપને સમજપૂર્વક પામ્યા વિના કોઇપણ જીવ મોક્ષને પામી શકતો નથી. મોહનીયકર્મની જાળને તોડવા સૌ પ્રથમ કાળની અપેક્ષા રહે છે. તે કાળ છે ચરમાવર્તકાળ કે જ્યાં જીવ એકવાર આવ્યા પછી અચરમાવર્તકાળમાં જવાનો નથી. બીજું તે અપુનર્બંધક દશા પામેલો છે એટલે કે હવે તે ક્યારે પણ સાત કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને પામવાનો નથી. હવે તેનો સ્વભાવ ભવ્યત્વનો છે. પછી ભવિતવ્યતા, પછી કાળની અને ત્યારબાદ કર્મ અને પુરુષાર્થની છે. અહીં ધ્યાનમાં રહે કે જો ભવ્યત્વ સ્વભાવ ન હોય તો ભવિતવ્યતા વશથી જીવ વ્યવહાર રાશિમાં આવે તો પણ તે કદી કાળની અનુકૂળતા પામે નહિ. ચરમાવર્તકાળમાં ઉત્કૃષ્ટ કર્મસ્થિતિનો હ્રાસ કરીને કલ્પવૃક્ષ જેવું શુદ્ધ ધર્મસ્વરૂપ તેના બીજની પ્રાપ્તિ થાય, કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય અભવ્યો તેમજ દુર્ભવ્યોને પણ પ્રાપ્ત થઈ શકે. ભવ્યોને પણ તે થાય છે. આ જીવ અચરમાવર્તકાળમાં જતો ન હોવા છતાં પણ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય થયા બાદ પણ તે ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ તો વારંવાર, અનંતિવાર થઈ શકે છે. તેથી જીવે અશુભ પરિણામ પ્રગટે નહિ, જો પ્રગટે તો તીવ્રતર બને નહિ તેની કાળજી રાખવી તેમજ શુભ અને શુદ્ધ પરિણામ બન્યા રહે વળી તે ખૂબ તીવ્ર બનતા રહે તેવો પ્રયત્ન કરતા રહેવું જોઇએ. મોહનીય કર્મ ૭૦ ક્રોડાક્રોડિ સાગરોપમનું અત્યંત બળવત્તર છે તેથી આમ કરતા રહેવું નિતાંત આવશ્યક તથા ફળદાયી છે. તેથી કર્મની સ્થિતિ ન્યૂનતરની જે વ્યાખ્યા છે તે થતાં કર્મલાઘવ સ્થિતિએ પહોંચી રાગ-દ્વેષની કઠણ તીવ્ર ગાંઠને તોડતા ગ્રંથિભેદ થઈ શકે છે જે અભવ્યો, દુર્ભવ્યો ક્યારે પણ કરી શકવાના નથી. ભલેને તેઓએ કર્મલઘુતા હાંસલ કરી હોય! અભવ્યો અને દુર્ભવ્યો ગ્રંથિદેશે આવી યથાપ્રવૃત્તિકરણમાં વર્તતા, અધિકાધિક કર્મનિર્જરા કરતા નવગ્રૈવેયક સુધી પહોંચે પણ શુદ્ધભાવની ખામીને લીધે મોક્ષ હસ્તગત નથી કરી શકતા. નવગ્રૈવેયકે રાગ-દ્વેષને લીધે ગાઢ પરિણામ વશ અશુભ કર્મો ઉપાર્જે છે. આમ અભવ્યાદિને ગ્રંથિદેશની પ્રાપ્તિ, દ્રવ્યશ્રુત તથા દ્રવ્યચારિત્રની પ્રાપ્તિ થવા છતાં પણ સંસારનાશ તેઓ માટે શક્ય નથી, કારણ કે અપૂર્વકરણ પામવાની લાયકાત તેઓમાં હોતી નથી. અભવ્યો સ્વભાવે ગ્રંથિદેશાદિ પામે પણ અપૂર્વકરણની લાયકાત હોતી નથી. દુર્ભવ્યોને કાળની અપરિપકવતા નડે છે. ભવ્યો તે ત્યારે જ પામે કે જ્યારે ભાવિતવ્યાદિની સાનુકૂળતા હોય. ગ્રંથિદેશે આવેલો જીવ આસંખ્યાતા કાળ સુધી ટકી શકે, ત્યાર પછી તે આગળ વધે અને ન વધે તો પાછો હઠી પણ જાય ! મોહનીય કર્મની કેવી વિડંબના ! તેથી મુનિપુંગવ ભદ્રબાહુસ્વામીએ ટકોર કરી છે કે કિનારે આવેલો પાછો સરી ન પડીશ! જો જીવ ગ્રંથિદેશે પાછો પડે તો તે વધુ કર્મસ્થિતિ ઉપાર્જે. જાતિભવ્યોને મોક્ષેચ્છા થઈ શકે પણ તે માટેની યોગ્ય સામગ્રી જ મળવાની નથી. તેથી પરિણામની શુદ્ધિ માટે સંસારની નિર્ગુણતાનું ભાન અને ધર્મશ્રવણેચ્છાદિની જરૂરિયાત છે.

(ક્રમશ:)

# આણાએ ધમ્મો (આજ્ઞા એજ ધર્મ)

□ રસિકલાલ ભોગીલાલ શાહ

પરમ તારક, અનંત ઉપકારી, અનંત કરુણાના સાગર, વીતરાગ, સર્વજ્ઞ જિનેશ્વર ભગવંત આજ્ઞા કવરાના અધિકારી છે. આજ્ઞા કરવી એટલે આદેશ આપવો, હુકમ કરવો, સૂચના કરવી, ફરમાન કરવું.

આજ્ઞા કરનાર એવી સર્વેચ્ચ. સર્વજ્ઞત્તાધીશ, મહાસત્તા હોવી જોઇએ કે એને માથે કોઈ આજ્ઞા કરનાર હોય નહિ. સાચો ધણી એ છે કે એને માથે કોઈ ધણી-ઉપરી હોય નહિ. અર્થાત્ એવો ધણી હોય કે એનો કોઈ ધણી હોય નહિ. એ જ ખરો ધણી કહેવાય. વળી એ એવી મહાસત્તા હોય કે એની આજ્ઞા કદી કોઇથી ઉથાપી શકાય નહિ. સર્વને એ આજ્ઞાનું પાલન કર્યે જ છૂટકો થાય. આજ્ઞા કરનારા તેને જ કહેવાય કે જેની આજ્ઞા કદી કોઇથી ઉથાપી શકાય નહિ. એની અવજ્ઞા--અવહેલના કરી શકાય નહિ. એ આજ્ઞાને નિષ્ફળ કરી શકાય નહિ. બલકે આજ્ઞાંકિત થઈ સહર્ષ સ્વીકાર કરે, આ જ આજ્ઞા કરનાર આજ્ઞાદાતાનો ખરો અર્થ છે.

વીતરાગ શ્રી જિનેશ્વર ભગવંત પ્રાયઃ કોઇને આજ્ઞા કરતા નથી. સિવાય કે તે વ્યક્તિનું તથાપ્રકારનું તથાભવ્યત્વ હોય. જિનેશ્વર ભગવંત વીતરાગ છે અને વીતરાગ હોવાથી ભગવંત કોઇને આદેશ કે આજ્ઞા આપતા નથી. પણ માત્ર ઉપદેશ આપે છે. બાકી તો જિનેશ્વર ભગવંત જેને આજ્ઞા કરે તે વ્યક્તિના તો ભાગ્ય જ ખૂલી જાય.જિનેશ્વર ભગવંત તો વીતરાગ સર્વદર્શી સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મ ભગવંત છે એટલે તેઓ ધનવંતરી વૈદ્ય જેવાં છે. એટલે એમની પાસે ચોક્કસ નિદાન છે, ચોક્કસ ચિકિત્સા છે અને ચોક્કસ ઔષધ છે, જેથી રોગીના રોગ સહજ જ દૂર થઈ જઇ શકે; પછી તે દેહરોગ હોય કે આત્મરોગ-ભવરોગ હોય. એમની આજ્ઞા પાળવી એટલે આત્મનિસ્તાર સાધવો. એ સંદર્ભમાં જ કાયોત્સર્ગ લોગસ્સ સૂત્રમાં 'આરૂગ્ગ બોહિલાભં સમાહિવર મુત્તમંદિંતુ'ની પંક્તિથી દ્રવ્ય અને ભાવ આરોગ્યની પ્રાપ્તિની પ્રાર્થના થઈ છે.

સામાન્ય રીતે આપણા વ્યવહારમાં આજ્ઞાને આપણે હુકમ Orderના અર્થમાં લઇએ છીએ, કે જે અર્થમાં માલિક એના સેવકને આજ્ઞા કરતાં હોય છે. એવાં અર્થમાં તીર્થંકર ભગવંતે આજ્ઞા કરેલ નથી. પરંતુ વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતે ઉપદેશના રૂપમાં આત્મોન્નતિનો મોક્ષમાર્ગ પ્રરૂપેલ છે જે માર્ગે ઉપદેસ અનુસાર ચાલવાથી આત્માનો અવશ્ય મોક્ષ થાય છે.

આજ્ઞા શબ્દની વ્યુત્પત્તિ કરીએ તો....आज्ञा=आ+ज्ञा=आ समन्तात् ज्ञायन्ते पदार्था: यथा स इति आज्ञा । વિષય જેના વડે પૂર્ણરૂપે જણાય છે તેને આજ્ઞા કહેવાય. તીર્થંકર પરમાત્મા વીતરાગ, સર્વદર્શી, સર્વજ્ઞ હોવાથી વિષય એમને સળંગ અને અખંડ દેખાય છે, જણાય છે. વિષયનું પરિપૂર્ણ દર્શન હોય છે.

હવે અહીં પ્રશ્ન એ થાય કે જિન-આજ્ઞા એટલે શું ? તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાન પામ્યા પછી તીર્થની એટલે કે મોક્ષમાર્ગની સ્થાપના કરે છે. ગણધર ભગવંતો તીર્થંકર ભગવાન પાસે દીક્ષિત થયા પછી પ્રભુને ત્રણ વાર પ્રદક્ષિણા દઈ વિનયપૂર્વક પૂછે છે 'भयवं किं तत्तं ?' ભગવંત તત્ત્વ શું છે ? ઉત્તરમાં ભગવંત ત્રિપદીનું પ્રદાન કરે છે કે...

उपन्नेई वा, विगमेई वा, धुवेई वा. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ (નિત્ય)ના નિયમથી આ જગત સ્વયં સંચાલિત છે. ત્રિપદી પામીને ગણધર ભગવંતો તેને દ્વાદશાંગીરૂપે સૂત્રબદ્ધ કરે છે. પ્રભુ વાસક્ષેપવૃષ્ટિ કરવા રૂપે ગણધર રચિત દ્વાદશાંગી ઉપર સંમતિની મહોર-છાપ મારે છે. પરિણામે તે ગણધર રચિત દ્વાદશાંગી પરમાત્માના ઉપદેશરૂપ શાસ્ત્રરૂપ જ છે, જેને સાધક સાધનામાર્ગે આત્મોત્કર્ષ સાધવા સિદ્ધિ પ્રાપ્તિ માટે થઇને પ્રભુ આજ્ઞા-જિનાજ્ઞા ગણી શિર્ષાવંધ કરે છે, જેવી રીતે ગુરુજનની, વડિલજનની ઇચ્છા, સૂચનને વિનીત શિષ્યો, આશ્રતો આજ્ઞારૂપ ગણીને ઇચ્છિત-સૂચિત કાર્ય કરતાં હોય છે.

પરમાત્માએ સંસારનું જે વાસ્તવિક સ્વરૂપ વર્ણવ્યું છે એવાં એ દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખ પરંપરાવાળા દુઃખમય સંસારના સર્વ દુઃખની સર્વથા સર્વકાળ માટે કેમ મુક્ત થવાય અને કઈ રીતે સર્વથા સંપૂર્ણ, સ્વાધીન, સર્વોચ્ચ, લેશ માત્ર પણ દુઃખની છાંટ વિનાનું શુદ્ધ નિતાંત શાશ્વત સુખ પ્રાપ્ત થાય અને પરમાનંદ, સચ્ચિદાનંદ, સ્વરૂપાનંદ, સહજાનંદની પ્રાપ્તિ થાય એવો ત્રિકાલાબાધિત અકાટ્ય સળંગ અખંડ જે માર્ગ બતાડ્યો છે એ મોક્ષમાર્ગ છે. પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ ભગવંત હોવાથી તેમની વાણી પ્રમાણભૂત સત્ય છે, જે પૂર્વાપર સુસંગત અને વદતોવ્યાઘાત રહિત છે. પરમાત્માએ બતાડેલો માર્ગ ભવ્ય જીવો માટે એકાન્તે હિતકારી આત્મકલ્યાણનો ધર્મમાર્ગ, મોક્ષમાર્ગ છે. જિનેશ્વર પરમાત્મ ભગવંતના ઉપદેશને, તેમના વચનને આજ્ઞા સ્વરૂપે લેખીને ભવ્ય જીવો મુક્તિમાર્ગની સાધના કરે છે. ભવ્યજીવો માટે તો પરમાત્મ ભગવંતનો ઉપદેશ અને એમના વચનોદ્‌ગાર જ આજ્ઞારૂપ છે, જેમ ગુરુજન, વડીલજન, ઉપકારીજન, માલિક, સેનાપતિના વચનને આજ્ઞારૂપ લેખી અમલ કરાતો હોય છે.

પરમાત્મા હેય, જ્ઞેય, ઉપાદેયનું જ્ઞાન આપે છે. શું છોડવા જેવું છે ? અને શું મેળવવા જેવું છે ? એનું વિવેકજ્ઞાન પરમાત્મા પાસેથી મળે છે.

सुणह सोअव्वाइं पसंसह पसंसणिज्जाइं ।

परिहर परिहरिअव्वाइं आयरह आयरिअव्वाइं ॥

(સાંભળવા યોગ્ય સાંભળવું, વખાણવા યોગ્ય વખાણવું, ત્યાગ કરવા યોગ્ય ત્યાગવું અને આચરવા યોગ્ય આચરવું.)

શ્રી જિનાજ્ઞા ચાર પ્રકારે છે.

(૧) સાંભળવા યોગ્ય સાંભળવું :

સાંભળવા યોગ્ય શ્રી જિનેશ્વરદેવનાં વચનો-જિનવાણી છે. વીતરાગના વચનોને સાંભળનાર જે જીવોની ભવસ્થિતિનો પરિપાક થયો હોય તો તે જીવો તદ્‌ભવ મોક્ષગામી બને છે, જ્યારે જેમનો સંસાર બાકી હોય એવાં સુબાહુકુમાર, શ્રીપાળ, મયણા આદિની જેમ દેવ મનુષ્ય ગતિનાં સુખો ભોગવી પ્રાયઃ પાંચથી એકવીસ ભવમાં મોક્ષ પામી સિદ્ધશિલા સ્થિત થાય છે.

(૨) વખાણવા યોગ્ય વખાણવું :

પરમ તારક શ્રી જિનેશ્વરદેવનાં વચનો વખાણવા યોગ્ય છે. એ વચનાનુસાર સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્રરૂપ રત્નત્રયી અને દેવ, ગુરૂ તથા ધર્મરૂપ તત્ત્વત્રયીની કરાતી આરાધના વખાણવા યોગ્ય છે. એમના પ્રતિ અંતઃસ્ફુરિત થયેલ ભક્તિ, આરાધક અને તેની આરાધનાની કરાયેલી અનુમેદના કર્મનિર્જરાનું કારણ બને છે.

(૩) ત્યાગ કરવા યોગ્ય ત્યાગવું:

શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા છે કે મિથ્યાત્વ આદિ અઢાર પાપસ્થાનકો અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે. એ જ પ્રમાણે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને એ ચાર કર્મબંધના મુખ્ય કારણો છે જેને આશ્રવ કહેવાય છે તેને પણ ક્રમશઃ ઘટાડતા જઈ તે આશ્રવોનો સર્વથા ત્યાગ કરવો જોઇએ, તેને નિર્મૂળ કરવા જોઇએ.

(૪) આચરવા યોગ્ય આચરવું :

શ્રી જિનેશ્વર દેવોએ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર એ રત્નત્રયીની આરાધના બતાવવા પૂર્વકનો પંચાચાર પાલનારૂપ ધર્મ સંતાડ્યો છે. એ પંચાચાર પાલનાથી અને રત્નત્રયીની આરાધનાથી આત્માના દુર્ગતિના ફેરા ટળે છે અને જો કોઈ પ્રકારની લૌકિક આશા-આકાંક્ષા વિના મોક્ષના લક્ષે આરાધના થાય તો એવી આરાધના અવશ્ય મોક્ષને આપનાર થાય છે.

આત્માને એના સ્વભાવથી ભ્રષ્ટ કરનાર જે જે તત્ત્વો, જે જે વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ છે તેનો ત્રિવિધે ત્યાગ કરવો કેમકે તે ત્યાજ્ય એટલે કે હેય છે.

કેટલાંક તત્ત્વો જેવાં કે ચૌદરાજલોકનું વર્ણન, પુદ્ગલ (અજીવ)નું સ્વરૂપ જાણવા જેવું છે એને જાણવું જોઇએ કેમકે તેની જાણ સાધનામાં સહાયક બને છે. સહાયક બને છે. એ જ પ્રમાણે જે જે તત્ત્વો, જે જે વૃત્તિ અને પ્રવૃત્તિ આત્માને સ્વભાવમાં સ્થિર કરનાર છે તેનો ત્રિવિધે અતિ બહુમાનપૂર્વક આદરસહ સ્વીકાર કરવો કેમકે તે ઉપાદેય છે. આજ એકાન્તે હિતકારી કલ્યાણકારી જિનાજ્ઞાનો નિષ્કર્ષ છે. જ્ઞાની કવિએ ગાયું છે કે...

જિનઆણા અમૃત સમી, કર્મઝેર ક્ષયકાર;
જિનઆણા નૌકા સમી, ઉતારે ભવપાર;
કર્મઝેર અનાદિનું, રખડાવે સંસાર;
જિન આજ્ઞા અમૃત મળે, ક્ષણમાં મુક્તિદ્વાર.

જિનાજ્ઞાને સર્વસ્વ, સર્વોપરિ અને એકાન્તે હિતકારી-કલ્યાણકારી કેમ કહી ?

જિનવચન-જિનવાણીને આપણે જિનાજ્ઞા કહીએ છીએ. એ જિનવાણી કોની છે ? તો કહે છે કે એ જિનવાણી અનંત ઉપકારી, અનંત કરુણાના સાગર, પરમ તારક તીર્થંકર જિનેશ્વર ભગવંતની છે કે જેઓ વીતરાગ છે, સર્વદર્શી છે અને સર્વજ્ઞ છે. વીતરાગ હોવાથી કોઈ હેતુ, પ્રયોજન, ઇરાદો, મતલબ કે સ્વાર્થ નથી, સર્વજ્ઞ, સર્વદર્શી હોવાથી જગત સમસ્ત સચરાચર સૃષ્ટિ એમને એમના જ્ઞાનમાં જેવી છે તેવી દેખાય છે અને જણાય છે. માટે જ એ જિનવાણી-જિનવચન. જિનાજ્ઞા પ્રમાણભૂત છે, ત્રિકાલાબાધિત સત્ય છે જે એકાન્તે હિતકારી અને કલ્યાણકારી જ હોય. કેમકે એ તીર્થંકર નામકર્મના મૂળમાં 'સવિ જીવ કરું શાસનરસી'ની સર્વજીવના કલ્યાણની, વિશ્વ સમસ્તના મંગળની ભાવના રહેલી છે. આવાં આ જિનેશ્વર ભગવંતનાં વચન એ જ આજ્ઞા છે કેમકે તે પરમાત્માનાં વચન છે-આપ્તપુરુષનાં વચન છે અને કહ્યું છે કે 'પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ.' જે પુરુષમાં વિશ્વાસ કર્યો એ પુરુષનાં વચનોમાં પરિપૂર્ણ વિશ્વાસ હોય છે અર્થાત્ એમનાં વચન આપણે માટે તો એમની આજ્ઞા જ બની રહે.

જિનવચન એ જિન-આજ્ઞા ! તો હવે એ જિનવચન-જિનાજ્ઞા શું છે તે સમજીએ. જિનેશ્વર ભગવંતે જે ત્રિકાલાબાધિત અકાટ્ય આત્મવિજ્ઞાન-સ્વરૂપવિજ્ઞાન-ત્રૈકાલિક તત્ત્વો સમજાવ્યાં છે એ નવ તત્ત્વ, ચૌદ ગુણસ્થાનક, અઢાર પાપસ્થાનક, ષડસ્થાનક, પંચાસ્તિકાય, દ્રવ્ય-ગુણ-પર્યાય. અર્થાત્ દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ, પંચમહાવ્રત પાલના, પંચાચાર પાલના, ષડ્જીવનિકાસ રક્ષા, ચાર પ્રકારનો ત્યાગધર્મ. બે પ્રકારનો દેશવિરતિ અને સર્વ વિરતિધર્મ, આઠ પ્રકારનાં કર્મ, બાર પ્રકારનો તપ એ સઘળાં જિનવચન-જિનાજ્ઞા છે. આ સઘળુંય આત્મવિજ્ઞાન છે જે આત્માના સાચા સ્વરૂપને સમજાવે છે, એનું લક્ષ કરાવે છે અને આત્માના વર્તમાન વિરૂપનું-વિભાવનું ભાન કરાવી વિભાવમાંથી સ્વભાવમાં જવાનો અને સ્વયંને-આત્માને પરમાત્મા બનાવવાનો સળંગ અખંડ મોક્ષમાર્ગ બતાડે છે.

આજ્ઞાનુસારી જીવન અર્થાત્ આજ્ઞા પ્રમાણેનું આચરણ એ જ સાચી જિનપૂજા છે, જિનભક્તિ છે. આ સંદર્ભમાં અન્ય દર્શનના જ્ઞાનીએ કહ્યું છે કે...જે ઇશ્વરને માને છે પણ ઇશ્વરના કાનૂનને માનતો નથી કે પાળતો નથી તે ખરેખર ઇશ્વરને માનતો જ નથી. જ્યારે જે ઇશ્વરને માનતો નથી પણ ઇશ્વરના કાનૂનને માને છે અને તે મુજબનું જીવન જીવે છે એ ખરેખર ઇશ્વરને માને છે. આજ્ઞા સાપેક્ષ જીવન એ જ સાચું પ્રભુમય આરાધક જીવન છે, જ્યારે આજ્ઞા નિરપેક્ષ જીવન, આજ્ઞા નિરપેક્ષ-આરાધના એ સાચી આરાધના જ નથી. એમાં તો સ્વમતિ અને સ્વચ્છંદ પોષાતાં તે આરાધનાનું સ્વરૂપ નહિ રહેતાં વિરાધનારૂપે પરિણમતું હોય છે. પરિણામે હેતુ સ્વરૂપ અને ફળથી તારક તત્ત્વ એવું તે આજ્ઞા નામનું હેતુ સ્વરૂપથી વિકૃત બની જઈ ભવભ્રમણને વધારવામાં કારણભૂત બને છે. જિનાજ્ઞા જ, સ્વયં પરમાત્મા ન થઇએ ત્યાં સુધી દુર્ગતિમાં પડતાં બચાવનાર છે અને સદ્ગતિની પરંપરા સર્જનાર છે. તેથી તે આલંબનરૂપ છે. માટે જિનાજ્ઞા જ દીવો છે, જિનાજ્ઞા જ પ્રાણ છે, જિનાજ્ઞા જ ત્રાણ છે. જિનાજ્ઞા જ એક શરણ છે, જિનાજ્ઞા જ ગતિ છે, જિનાજ્ઞા જ મતિ છે, જિનાજ્ઞા જ સ્થિતિ છે, એવાં એવાં સૂત્રોથી જિનાજ્ઞાના ગુણગાન ગાયાં છે અને 'આણાએ ધમ્મો-આજ્ઞા એજ ધર્મ' એવું સાધના સૂત્ર અથવા એવો સાધના મંત્ર સાધકને આપવામાં આવ્યો છે.

'ઉપમિતિ ભવપ્રપંચા કથા' નામના મહાન ગ્રંથમાં તેના આઠમા પ્રસ્તાવમાં તે ગ્રંથના રચયિતા શ્રી સિદ્ધર્ષિ ગણિ જિનાજ્ઞા વિષે વિધાન કરે છે કે...

'તે ભગવાનની આજ્ઞા સિદ્ધ છે, નિશ્ચલ છે અને સારી રીતે પ્રતિષ્ઠાને પામેલી છે. માટે તે આજ્ઞા જગતના સર્વ જીવોને હંમેશા આચારવાને યોગ્ય છે.' (૨૦૦)

'પરમાત્માના સેવકોએ પૂજન વડે, ધ્યાન વડે, સ્તવન વડે અને વ્રત, આચરણ વડે તેમની આ આજ્ઞાને જ બરોબર પાળવી જોઇએ' (૨૮૫)

'જે આચરણનો નિષેધ કરવામાં આવ્યો છે તે કરવાથી આજ્ઞાનો ભંગ થાય છે, જે આજ્ઞાની વિરાધના છે. એ મહારાજાએ કહેલ બાર અંગોની સઘળીએ વાતોનો સાર આ આજ્ઞામાં આવી જાય છે' (૨૮૬)

'ઉપર જણાવેલી આજ્ઞાને, તેનું સ્વરૂપ નહિ જાણનારા એવા પણ જીવો જેટલા અંશે અનુસરે છે તેટલા અંશે તે જીવો સુખ મેળવી શકે છે એવું એ આજ્ઞાનું મહાત્મ્ય છે.' (૨૮૭)

'જે જીવો તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, આજ્ઞાથી વિપરીત રીતે વર્તન કરે છે. તે જીવો આજ્ઞા તથા આજ્ઞા કરનારનું સ્વરૂપ જાણતા હોય તો પણ દુ:ખના ભાજન બને છે. (૨૮૮)

'મોહને વશ થઇને જે જીવ જેટલે અંશે એ આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તેટલે અંશે તે પ્રાણી દુ:ખી થાય છે. અને તેવી જ રીતે જેટલે અંશે એ આજ્ઞાનું પાલન કરે છે તેટલે અંશે સુખી થાય છે.' (૨૮૯)

એ જ પ્રમાણે 'શ્રી સંબોધ સિત્તરિ' નામના ગ્રંથમાં એના રચયિતા આચાર્ય ભગવંતશ્રી રત્નશેખરસૂરીશ્વરજી જિનાજ્ઞા વિષે વિધાન કરે છે કે:

'આણાયુક્ત એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા તે સંઘ છે. બાકીનો (આજ્ઞા બહારનો) સમુદાય અસ્થિનો સમૂહ છે.' (૩૭)

'ફોતરાંનું ખંડન, શબનો શણગાર અને શૂન્ય અરણ્યમાં રુદન જેમ નિષ્ફળ છે તેમ આજ્ઞા વિનાનું અનુષ્ઠાન નિષ્ફળ જાણ' (૩૯)

'આજ્ઞા મુજબ તપ, આજ્ઞા મુજબ સંયમ તથા આજ્ઞા મુજબ દાન શોભે છે. આજ્ઞા વિનાના ધર્મની શોભા ગુણના સમૂહ જેવી છે.' (૪૦)

'આજ્ઞાનું ખંડન કરનાર આત્મા શ્રી વીતરાગ દેવનું મહાન વિભૂતિઓ વડે ત્રિકાળ પૂજન કરે તો પણ તેની તે બધી ક્રિયા નિરર્થક છે.' (૪૧)

'લોકમાં રાજાની આજ્ઞાના ભંગથી એક જ વાર દંડ થાય છે. સર્વજ્ઞદેવની આજ્ઞાના ભંગથી અનંતવાર દંડ થાય છે.' (૪૨)

'જેમ અવિધિથી કરેલું ભોજન વિનાશ કરે છે અને વિધિથી કરેલું ભોજન જીવન આપે છે તેમ અવિધિથી કરેલ ધર્મ સંસાર અને વિધિથી કરેલ ધર્મ મોક્ષ આપે છે.' (૪૩)

મહામહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવર્યશ્રી શ્રી સીમંધરસ્વામી વિનંતિરૂપ ૩૫૦ ગાથાના સ્તવનની દશમી ગાથામાં કહે છે કે...

ભદ્રબાહુ ગુરુ વદળ વચન એ, આવશ્યકમાં લહિએ;

આણા શુદ્ધ મહાજન જાણી, તેહના સંગે રહિયે. (૧૦)

પૂ. ભદ્રબાહુ સ્વામી મહારાજાએ પોતાના મુખથી જ કહેલ વચન આવશ્યકસૂત્રમાં મળે છે. એમાં લખ્યું છે કે 'આજ્ઞાશુદ્ધ હોય તે જ મહાજન છે. એ જાણીને તેવાં મહાજનના જ પરિચયમાં, સંગમાં રહેવું. અહીં સ્પષ્ટ થાય છે કે ભગવાન જિનેશ્વરદેવની આજ્ઞાને આધીન એવો જે સંઘ છે તે જ મહાજન છે. આમ સાચી આરાધના આજ્ઞાપાલનમાં છે.

'શ્રી મન્નહ જિણાણં'ની સજ્ઝાય કે જે 'શ્રાવક નિત્ય કૃત્ય સ્વાધ્યાય' તરીકે પણ ઓળખાય છે એમાં જ્ઞાની ભગવંતે શ્રાવકના છત્રીસ નિત્ય કૃત્યોનો નિર્દેસ કરેલ છે એ સૂત્રમાં સૌ પ્રથમ તો 'મન્નહ જિણાણમાણં' કહેવા પૂર્વક શ્રી જિનેશ્વર ભગવંતની જિનાજ્ઞાને માનો એવું સંબોધન કર્યું છે. એ સજ્ઝાયમાંના શ્રાવકનાં છત્રીસ કર્તવ્યમાં પ્રધાનતા જિનાજ્ઞાની છે. જિનાજ્ઞા સાપેક્ષ જ છત્રીસ કર્તવ્યો કરવાનાં છે તેમ બીજાં પણ કરવા યોગ્ય કૃત્યો જિનાજ્ઞા સાપેક્ષ જ કરવાના છે. માટે જ કહ્યું છે કે:

જિણાણાએ કુણંતાણં, સવ્વં નિબ્બાહ કારણં ।

સુંદરંપિ સુબુદ્ધિએ સવ્વં કમ્મનિબંધણં ।।

દાન, શીલ, તપ, ભાવ, ચારિત્રપાલન, દેવ-ગુરૂ ભક્તિ, વિનય-બધાંય અનુષ્ઠાનો નિર્વાણ, મોક્ષનું કારણ બને છે. બાકી તો આપણી બુદ્ધિએ સારું લાગતું હોય તે પણ જો જિનાજ્ઞા નિરુ હોય તો તેને કર્મબંધનું, સંસારવૃદ્ધિનું કારણભૂત જાણવું.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજાશ્રી 'વીતરાગ સ્તોત્ર'માં પરમાત્મ ભગવંતની સ્તવના કરતાં જણાવે છે કે...

वीतराग सपर्याया स्तवाज्ञा पालनं परम् ।

आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥

(આ જગતમાં સ્તવના કરવા લાયક જો કોઈ હોય તો એક માત્ર વીતરાગ પરમાત્મા છે. એ વીતરાગ પરમાત્માની આજ્ઞાનું આરાધન મોક્ષને આપનાર થાય છે જ્યારે આજ્ઞાની વિરાધના સંસાર-ભવભ્રમણનું કારણ બને છે.)

દ્વાદશાંગીને ધરનાર દ્વાદશાંગીને સહારે તરે એવું પણ બને અને ડૂબે એવું પણ બને. પરમાત્માની પૂજા કરનાર પૂજા કરીને તરે પણ ખરો અને ડૂબે એવું ય બને. એ બેધારી તલવાર છે. પરંતુ આજ્ઞા-જિનાજ્ઞાનો આરાધક આત્મા તો અવશ્ય એકાન્તે તરે જ છે. મુક્તિને મેળવે જ છે. માટે જ શ્રાવકે કપાળે તિલક કરવાની જે પ્રણાલિકા છે તે પ્રતીકાત્મક છે કે...જિનેશ્વરભગવંતની આજ્ઞા મસ્તિષ્કમાં ધારણ કરું છું-શિર્ષાવંદ્ય કરું છું અર્થાત્ જિનાજ્ઞા એજ મારી મતિ હજો ને જિનાજ્ઞાનુસારી જ ગતિ હજો. જિનાજ્ઞા એ મારો આશ્રય હજો !

જિનેશ્વર ભગવંત એટલે અરિહંત પરમાત્મા. એ અરિહંત શબ્દના ત્રણ પર્યાયવાચી સ્વરૂપો છે જે વિષે ચિંતન, મનન, અનુપ્રેક્ષા કરતાં રહસ્યોદ્ઘાટનથાયછે કે...

અરિહંતની આજ્ઞા: અનાદિકાળથી અન્ય આત્માઓ પ્રતિ સેવેલા શત્રુભાવનો નાશ કરે છે.

અર્હતની આજ્ઞા: પૂજવા યોગ્ય પુરુષવિશેષમાં રહેલી પૂજ્યતા કે જે જીવને અનાદિથી અકલ, અગમ્ય, અદૃષ્ટ, અલક્ષ્ય (અલખ) રહેલી છે. એવી આર્હતતા, પૂજ્યતા, પૂજ્યના સ્વરૂપને અર્થાત્ સ્વ-સ્વરૂપને દર્શાવનાર છે-ઓળખાવનાર-સમજાવનાર છે.

અરુહંતની આજ્ઞા : જન્મ-મરણની પરંપરાનો અંત લાવનારી, ભવબીજને બાળી, નાંખનારી આરધના બતાડનારી છે.

आश्रवो भवहेतु स्यात् संवरो मोक्ष कारणम् .

इतीयमार्हतीमुष्टि-रन्यदस्या प्रपञ्चनम् ॥

(આશ્રવો ભવનો હેતુ છે અને સંવર મોક્ષનું કારણ છે. માટે આશ્રવો સર્વથા હેય છે અને સંવર સર્વથા ઉપાદેય છે. શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાનું સંક્ષેપમાં આ પરમ રહસ્ય છે. બાકી બીજો બધો આનો જ વિસ્તાર છે.)

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર આશ્રવ છે જેના પ્રતિપક્ષે સમ્યક્ત્વ, વિરતિ, નિષ્કષાયભાવ-અપ્રમત્તતા અને સમિતિ-ગુપ્તિરૂપ-યોગસ્થૈર્ય એ ચાર સંવર છે. મિથ્યાત્વે આત્માના સત્-સમ્યગ્ સ્વરૂપને આવરેલ છે, વિરતિએ આત્માના પૂર્ણ સ્વરૂપને આવરેલ છે, કષાયે આત્માના પ્રશાંત સ્વરૂપને આવરેલ છે અને યોગથી આત્માનું અરૂપીપણું આવરાયેલ છે, જે આવૃત સ્વરૂપને અનાવૃત કરવા માટે થઇને જિનેશ્વર ભગવંતની આજ્ઞા છે કે આશ્રવથી છૂટવું અને સંવરમાં રહેવું જેથી સ્વ સ્વરૂપને પમાય. આવી આ જિનાજ્ઞાનો વિરાધક શિક્ષાને પાત્ર બને છે, જ્યારે જિનાજ્ઞા આરાધક ગુણાવરોહણ કરી સ્વરૂપનો ભોક્તા થાય છે. પરમસુખનો સ્વામી બને છે, અને મુકામે પહોંચે નહિ અર્થાત્ મોક્ષ પામે નહિ ત્યાં સુધી જિનાજ્ઞાના શરણમાં નિર્ભય રહી આત્મોન્નતિનાં સોપાન સર કરતો રહે છે.

જિનાજ્ઞા સંદર્ભમાં જ જૈનદર્શનનું એક આગવું મંત્રાત્મક, સમક્તિમૂલક સૂત્ર છે કે...

तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं ।

તે જ નિ:શંક સાચું છે જે જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલ-પ્રકાશેલ છે-કરેલ છે. આ સૂત્રમાં ભાવિત થતી અવિહડ દૃઢ શ્રદ્ધા શ્રી જિનવાણીમાં થવી જોઇએ. એમાં શંકાને, તર્કને કોઈ સ્થાન અવકાશ જ નથી. હા ! એ વાણીને યથાર્થ સમજવાનો યથાશક્તિ સુયોગ્ય પ્રયત્ન કરવાનો જ છે અને એ વાણી જેમ જેમ સમજાતી જશે, જેમ જેમ વિષયમાં ઊંડા ને ઊંડા ઊતરતા જઇશું તેમ નાભિમાંથી જ, હૃદયમાંથી જ ઉદ્ગારો ઊઠશે કે 'આ જ સત્ય છે, આ જ તત્ત્વ છે જે જિનેશ્વરે કહ્યું છે અને ત્યારે

અંતરમાં નિ:શંકતાના આનંદના ફૂવારા છૂટશે. પછી આજ્ઞાપાલન સહજ જ થશે. કોઈ પ્રયત્ન કરવાની જરૂર રહેશે નહિ. વળી જે આજ્ઞાપાલન થશે તે યથાર્થ જ થશે. પણ જ્યાં સુધી જ્ઞાનપ્રકાશ નથી ત્યાં સુધી જેને જ્ઞાનપ્રકાશ થયો છે એવાં જ્ઞાનીના જ્ઞાનપ્રકાસમાં રહી એના દોરવાયા દોરવાવાનું છે કેમકે ટોર્ચ એમના હાથમાં છે અને અંધારામાંથી માર્ગ કાઢવાનો છે. માટે તો ગુરુને દીવો કહી સંબોધ્યા અને શાસ્ત્રને શાસ્ત્રચક્ષુ કહ્યાં છે કે જે ચક્ષુથી અધ્યાત્મમાર્ગે મોક્ષમાર્ગે રસ્તો દેખવાનો છે.

શ્રી જિનાજ્ઞાનું પરિપૂર્ણ પાલન તો સર્વવિરતિધર-સાધુજીવનમાં જ શક્ય બની શકે છે કે જે સંપૂર્ણ નિર્દોષ, સ્વાવલંબી, સ્વાધીન જીવનચર્યા છે. એથી ઊતરતી કક્ષામાં સર્વવિરતિના લક્ષે જીવાતું દેશવિરતિધર શ્રાવકનું જીવન છે, જેમાં જિનાજ્ઞાનું દેશથી એટલે કે આંશિક પાલન છે. દેશવિરતિના અનેક ભાંગા છે. એથીય પછીની નીચેની કક્ષામાં અવિરતિ સમકતીનું જીવન હોય છે કે જે જીવનમાં આજ્ઞાનુસારી જીવનચર્યા નથી હોતી, આજ્ઞાને અનુરૂપ આચરણ નથી હોતું પણ આજ્ઞા પાલન એ જ ધર્મ છે એવી દૃઢ માન્યતા-મંતવ્ય તો હોય જ છે. તેના જીવનમાં રુચિ અને આદર તો જિનાજ્ઞા-પાલન પ્રત્યે જ હોય છે કે જીવન કર્તવ્ય જિનાજ્ઞા-પાલન જ છે. જિનાજ્ઞા-પાલન નહિ થવાનો એને સંતાપ-વલોપાત હોય છે અને જીવનનો એક આજ્ઞાપાલન પ્રતિનો જ હોય છે તેમ જિનાજ્ઞા-પાલન કરનાર પ્રતિ બહુમાન-આદર હોય છે જે અંતે જિનાજ્ઞા-પાલન પૂર્વકના જીવન વ્યવહારમાં પરિણમતું હોય છે. ત્યારપછીની નિકૃષ્ટ કક્ષામાં આવે છે અપુનર્બંધક અવસ્થાએ પહોંચેલ જીવો જેઓ સમ્યગ્દૃષ્ટિ કે સમકતી વિરતિધર શ્રાવક કે સાધુ નથી હોતા તેમ તેમને આજ્ઞા શું છે તેનો સ્પષ્ટ બોધ ન હોવાથી જિનાજ્ઞા પ્રત્યે આદર નથી હોતો, એમ જિનાજ્ઞા પ્રતિ અનાદર પણ નથી હોતો. આવા અપુનર્બંધક અવસ્થાએ પહોંચેલ જીવો ધર્મોપદેશના અધિકારી હોય છે અને ધર્મપુરુષાર્થ તથા મોક્ષપુરુષાર્થને પાત્ર હોય છે. એથી ય હેઠે નિમ્નકક્ષાએ રહેલાં જીવોનું મિથ્યાત્વ ગાઢ હોવાના કારણે આજ્ઞાની સમજણ પણ નથી હોતી. એટલું જ નહિ પણ જિનાજ્ઞાને સમજવાની કોઈ તૈયારી કે દરકાર પણ નથી હોતી. આવાં જીવો સંસારરસિયા, ભવાભિનંદી, પુદ્ગલાભિનંદી હોય છે. એ જીવોની ઊવસ્થિતિ એવી નથી બની કે જેથી તેમનામાં ધર્મરુચિ જાગે, ધર્માભિમુખ થાય. જેને આત્મહિત સાધવું છે-આત્મકલ્યાણ કરવું છે તેમણે જિનાજ્ઞા પ્રતિ રુચિ, આદર, બહુમાન કેળવવાં જ જોઇએ અને તે પ્રમાણેની જીવનવ્યવસ્થા, જીવનવ્યવહાર ગોઠવવાનો યથાશક્ય સુયોગ્ય પ્રયત્ન સત્સંગ કરી કરવો જ જોઇએ જેથી માર્ગે ચઢાય, કારણ કે જિનાજ્ઞા આરાધન એ મોક્ષમાર્ગ છે જ્યારે વિરાધના એ ભવભ્રમણનું કારણ છે.

શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાજીની પૂજા-અર્ચના-ભક્તિ કરતાં હોઇએ પરંતુ જો તે પરમ તારક જિનેશ્વર પરમાત્માની આજ્ઞાની અવહેલના-અનાદર-અવગણના કરતો હોય તો તે પૂજા-અર્ચના-ભક્તિ કરતાં હોઇએ પરંતુ જો તે પરમ તારક જિનેશ્વર પરમાત્માની આજ્ઞાની અવહેલના-અનાદર-અવગણના કરતો હોય તો તે પૂજા-અર્ચના-ભક્તિ નથી પરંતુ એ કરાતી ભક્તિ સંસારથી વિભક્ત કરનાર નથી થતી પણ ભૌતિક કામનાપૂર્તિ માટે કરાતી વિષ કે ગરલ અનુષ્ઠાન પ્રકારની ક્રિયા હોય છે જે ભવભ્રમણ વધારનારી હોય છે. મોક્ષમાર્ગની અપેક્ષાએ વિચારીએ તો તેવી ભક્તિ એ વાસ્તવિક આરાધના નથી પણ વિરાધના છે. એક પણ જિનેશ્વર ભગવંતની જિનાજ્ઞાની વિરાદના એ અનંતા જિનેશ્વર ભગવંતોની આજ્ઞાની વિરાધના સમાન છે જે મહા દુર્ગતિનું કારણ છે-ભવભ્રમણના કારણરૂપ છે. એ શક્ય છે કે જિનાજ્ઞાનુસારની આરાધના યથાર્થ નહિ કરી શકાતી હોય પરંતુ જિનાજ્ઞાનો આદર તો પૂરેપૂરો, ભારોભાર હોવો જ જોઇએ અને આજ્ઞાપાલનમાં રહેતી અવિધિ, ત્રુટિ, ખામી-ઊણપનો ડંખ, એટલે કે દિલમાં દુ:ખ-શલ્ય તો હોવું જ જોઇએ. જિનાજ્ઞા પાલન એ જ જિનપૂજા છે. ખરેખર તો આપણે જ આપણા સ્વરૂપના કર્તા-ભલું કે ભૂંડું કરનારા છીએ. બાહ્યમાં તો કેવળ આલંબન, નિમિત્ત છે. સાચી કિંમત ઉપાદાનની ખિલવણી, કેળવણીની છે.

આજ્ઞાની સાચી સમજણ માટે તત્ત્વત્રયી જે દેવ, ગુરુ અને ધર્મ છે કે જેની પાસેથી જિનાજ્ઞાની સમજ લેવાની છે તેનું સાચું સ્વરૂપ શું છે ? કયા દેવ અને દયા ગુરૂ તથા કયો ધર્મ ારાધ્ય છે જેની પાસેથી જ સાચી યથાર્થ સમજ મળે ? તેમની પાત્રતા સમજવી જોઇશે.

જે અઢાર દોષથી રહિત, વીતરાગ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વયં મ્ક્ત છે અને જગતના જીવોને કર્મમુક્ત થવાનો માર્ગ બતાડનારા છે એ જ પરમારાધ્ય દેવ છે, જે વાસ્તવિક તો દેવાધિદેવ એવાં પરમાત્મા જ છે પરંતુ અન્ય દર્શનીય દેવ તત્ત્વની તુલનામાં તેઓની વિશિષ્ટતા અંગે એમને સુદેવ કહેલ છે.

જેઓ પરામાત્મા પ્રરૂપિત મોક્ષમાર્ગે મોક્ષપ્રાપ્તિના લક્ષ્યે સ્વયં ચાલનારા છે અને અન્યને એ મોક્ષમાર્ગે ચલાવનારા છે તેવાં પંચમહાવ્રતધારી, સમિતિ ગુપ્તિના ધારક, પંચાચાર, પાલક, ષડકાયરક્ષક, નિર્ગંથ, ત્યાગી સાધુમુનિ મહાત્માઓ પરમાત્માનો મોક્ષમાર્ગ, જિનાજ્ઞાને સમજાવનારા સાચા માર્ગદર્શક-રાહબર-ગુરુ છે. જેમને અન્ય ગુરુની અપેક્ષાએ સુવિધ સન્માર્ગને સમજાવતા હોવાથી સુગુરુ કહેલ છે. એઓ પરમાત્માના ચાહક છે અને પરમાત્મત્વના વાહક છે.

જે માર્ગ મુક્તિનો છે અને એ માર્ગે ચાલતા સર્વથા રાગદ્વેષની રહિત એવાં વીતરાગી, કર્મમુક્ત, સર્વદર્શી, સર્વજ્ઞ, પરમાત્મા સ્વયં બની સ્વરૂપાનંદ-સહજાનંદના સ્વામી બની શકાય છે તે માર્ગ મોક્ષમાર્ગ, ધર્મમાર્ગ છે અને તે જ સાચો ધર્મ છે જેને અન્ય ધર્મની અપેક્ષાએ સુધર્મ કહેલ છે. અન્યથા તો જે કોઈ અઢારદોષમાંથી એકાદ દોષથી પણ દૂષિત છે, રાગદ્વેષથી મુક્ત નથી, એ દેવ નથી, ત્યાગી, વૈરાગી, મોક્ષના લક્ષ્ય વિનાના, જે ગ્રંથિથી યુક્ત છે, પંચમાહવ્રતને, પંચાચારને પાળનારા નથી, સમિતિ ગુપ્તિના ધારક નથી, તેમ ષડકાયરક્ષા કરનારા નથી એ ગુરુ બનાવવાને યોગ્ય નથી. તેમ જે માર્ગે મુક્ત થવાતું નથી, જે માર્ગ જિનેશ્વરપ્રણિત નથી અને જે માર્ગે સર્વથા કર્મરહિત થવા હેય, જ્ઞેય, ઉપાદયનો વિવેક નથી એવો માર્ગ સાચો ધર્મમાર્ગ, મોક્ષમાર્ગ નથી.

બાકી તો ઉપદેશ રહસ્યની ગાથા ૨૦૧નો શ્લોક જિનાજ્ઞાની સાચી ઓળખ કરાવી આપનાર છે કે...

किं बहुणा इह जह जह रागदोषा लहु विलिज्जति ।
तह तह पय ट्टियव्व एसा आणा जिणिंदाणम् ॥

(મહામહોપાધ્યાયજી યશોવિજયજી)

વધુ તો શું કહેવું પણ એક જ કસોટી છે કે જે જે આજ્ઞાથી રાગદ્વેષઘટતાં જઈ રાગદ્વેષ રહિત વીતરાગ બનાવે તે તે આજ્ઞાને જિનાજ્ઞા માનવી.

જિનાજ્ઞાની આટલી મહત્તા જાણયા, સમજ્યા બાદ સાથ સાથે એ જાણી લેવું પણ જરૂરી છે કે જે જિનાજ્ઞા પાળવાની છે તે માત્ર ક્રિયાત્મક ન રહેતાં એમાં એ ક્રિયાને અનુરૂપભાવ પણ ભળવો જોઇશે. ક્રિયા જ્ઞાનપૂર્વકની જિનાજ્ઞા સંમત હોવી જોઇશે અને જ્ઞાન પણ જિનાજ્ઞા

સંમત ક્રિયાસહિતનું હોવું જોઇશે. 'ज्ञान क्रियाभ्याम् मोक्ष' કહેલ છે. ક્રિયા ભાવવિહીન, મોક્ષના લક્ષ્યપૂર્વકની નહિ હશે તો જિનાજ્ઞા પ્રમાણેની ક્રિયા હોવા છતાં એનાથી મોક્ષ નહિ મળશે પણ માત્ર પુણ્યકર્મ બંધાશે જે પુણ્ય કર્મ હોવાથી કર્મયુક્ત દશા જ રહેશે અને કર્મયુક્ત ન થવાશે. અભવિ આત્મા પણ ક્રિયા શાસ્ત્રસંમત જિનાજ્ઞાનુસાર કરતાં હોય છે પણ હૃદય-અંતર ભાવથી ભાવિત કરતાં નથી, મોક્ષના લક્ષ્યપૂર્વકની ક્રિયા કરતા નથી તો તેઓ વીતરાગ સર્વજ્ઞ થઈ મુક્ત થતા નથી, સિદ્ધ બનતા નથી અને ભવભ્રમણ ચાલુ રહે છે. એમાં દ્રવ્યક્રિયાના ફળરૂપ સદ્‌ગતિ દેવગતિનો માત્ર વિસામો મળે છે, પણ મુકામે સ્વધામે પહોંચાતા નથી. ક્રિયા ઓછી વત્તી, આઘી પાછી હશે પણ એમાં જો લક્ષ્ય અને ભાવ બરોબર અને પૂરેપૂરા હશે તો 'મા તુષ'નું એક પદ પણ બરોબર યાદ ન કરી શકનારા માષતુષ મુનિની જેમ ભાવ ભરપૂર લક્ષ્યપૂર્વકની ઉલટ રાખીને કરાતી નાની પણ ક્રિયાના પરિણામરૂપે મોક્ષફળ પ્રાપ્તિ થતી હોય છે. ભાવસહિતની અને ભાવરહિતની ક્રિયા વચ્ચે આભ અને ગાભ જેટલું, સૂર્ય અને આગિયા જેટલું અંતર છે. અભવિ અને દુર્ભવિને જિનાજ્ઞાનું જ્ઞાન અને સમજણ વિપુલ પ્રમાણમાં સાડાનવ પૂર્વથી કંઇક ન્યૂન જ્ઞાન સુધીનું હોવા છતાંય ભાવશૂન્યતા, મોક્ષલક્ષરહિતના કારણે એમની ક્રિયા મોક્ષફલદાયક બની શકતી નથી. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જે કાંઈ નાની મોટી, આછી પાતળી ક્રિયા કરો એ જિનાજ્ઞા પ્રમાણેની જ ક્રિયા, જિનવચનાનુસારના યશોયોગ્ય ભાવપૂર્વક, પૂર્ણ વીર્યોલ્લાસપૂર્વક, હૃદયથી રુચિસહિત પૂરેપૂરા પૂર્ણ આદરભાવ સહિત કરાશે તો એ ક્રિયાથી અને તે ક્રિયાને અનુરૂપે થતાં ભાવથી મળવું જોઇશે તે અવશ્ય મળશે જ.

પંચસૂત્ર ગ્રંથમાં જ્ઞાની ભગવંત ફરમાવે છે કે...

'जो मं मन्नइ सो गुरु मन्नइ'

પરમતારક જિનેશ્વર પરમાત્મ ભગવંતનાં વચનો સાર્વત્રિક છે. એની સાચી સમજણ, એનો મર્મ, એનો સાચો અર્થ, શબ્દાર્થની પેલે પારનો લક્ષ્યાર્થ, હાર્દ તો ગીતાર્થ જ્ઞાની ગુરુભગવંતના હૃદયમાં જ હોય છે. શ્રી જિનેશ્વર તીર્થંકર પરમાત્મ ભગવંત, કેવળજ્ઞાની વિદેહી ભગવંતોના વિરહકાળમા સૂત્રના અર્થ, લક્ષ્યાર્થ-હાર્દ ગીતાર્થ જ્ઞાની ગુરુ ભગવંતના ચરણો સેવીને જ પમાતો હોય છે. દેવને-જિનેશ્વરને અને જિનાજ્ઞાને ઓળખાવનારા ગુરુ જ હોય છે જે સદ્‌ગુરુ પ્રત્યક્ષ છે જ્યારે દેવ પરોક્ષ એ ગુરુ સ્વયં તરનારા છે અને આશ્રિતવર્ગને તારનારા છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંયોગોના જ્ઞાતા છે જેને સુસંગત જિનાજ્ઞા શાસ્ત્રનાં તત્ત્વો, રહસ્યો, મર્મો, લક્ષ્યોને ઉદ્‌ઘાટિત કરી જરૂરી સારણા, વારણા, ચોયણા, પડિચોયણા કરીને પણ ઉત્સર્ગ માર્ગ યોગ્ય લાગે તો તે માર્ગે અને અપવાદમાર્ગ યોગ્ય લાગે તો અપવાદમાર્ગે આશ્રિતોને મોક્ષમાર્ગે લઈ જાય છે અને મોક્ષે પહોંચાડે છે.

જિનાજ્ઞાની પાવનતા, ઉપાદેયતા, એકાન્તે હિતકારીતા ગુરુગમથી જ યથાર્થ સમજાય છે. ગીતાર્થગુરુની આજ્ઞા જિનાજ્ઞા સાપેક્ષ જ હોય માટે ગીતાર્થ સદ્‌ગુરુની આજ્ઞા જિનાજ્ઞા તુલ્ય ગણી 'તહત્તી' કરી આજ્ઞાનો અમલ કરનાર વિનીત અનુયાયીનું આત્મકલ્યાણ થયા વિના રહેતું નથી. લાભ એ થાય છે કે મનમાની કરવા ઉપર અર્થાત્ સ્વછંદતા ઉપર અંકુશ આવે છે અને ગુરુના જ્ઞાન, અનુભવ, લબ્ધિનો લાભ મળવાથી ફળપ્રાપ્તિ-વિકાસ સહજ બલ્કે અનાયાસે થાય છે.

છતાં 'આત્મ ઉત્થાનનો પાયો' એ નામના ગ્રંથમાં પૂજ્યપાદ પન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય જણાવે છે કે...

'आणाए धम्मो'નો સામાન્ય અર્થ ધર્મશાસ્ત્રથી બંધાયેલો અર્થાત્ શાસ્ત્રાજ્ઞાથી બંધાયેલો સાધક એવો થાય છે અને વિશેષ અર્થ ધર્મ અંતરાત્માની આજ્ઞાથી બંધાયેલો છે એવો થાય છે. આ વિધાન એ અપેક્ષાએ કરાયેલ છે કે શાસ્ત્ર તો માર્ગ બતાડવાનું, દિશા સૂચનનું કામ કરે છે. દિશાની પસંદગી તો સાધક આત્માએ પોતે જ પોતાની સ્વબુદ્ધિએ-વિવેકબુદ્ધિએ-શુદ્ધ સદ્‌બુદ્ધિએ કરવાની છે. જો એટલો વિકાસ સાધ્યો હોય અને સ્વબુદ્ધિ સદ્‌બુદ્ધિ થઈ જાય તો સ્વ સદ્‌બુદ્ધિએ થતો ધર્મ આત્મસ્વીકૃત બને છે અને આત્મસાત થાય છે, જે સમ્યક્ત્વના પરિણામ રૂપ થાય છે. એથી કરાતી સર્વ ધર્મક્રિયા તદ્‌હેતુ અનુષ્ઠાન, અમૃતાનુષ્ઠાન બને છે કારણ કે સમ્યક્ત્વ સહિતની ક્રિયા હોય છે. આરાધનામાં અંતરમાંથી ઊગતી આવી ધ્યેયશુદ્ધિ, આશયશુદ્ધિ, લક્ષશુદ્ધિ, વિચારશુદ્ધિને લાવવા માટેનો પ્રાથમિક કક્ષામાં રહેલ સાધકોને આગમિક ઉપાય તરીકે તો 'આજ્ઞાપ્રધાન' જીવન જ જણાવેલ છે. જિનાજ્ઞા નિષેધાત્મક Negative અને વિધેયાત્મક Positive એમ ઉભય પ્રકારે હોય છે. ત્યાગ અને વૈરાગ એ નિષેધાત્મક ધર્મ છે તો સ્વરૂપનું જ્ઞાન અને ધ્યાન એ વિધેયાત્મક ધર્મરૂપ જિનાજ્ઞા છે, જેનો મન, વચન, કાયાના ત્રણયોગ અને કરણ, કરાવણ, અનુમોદના એ ત્રણ કરણથી થતો અમલ એ જિનાજ્ઞાપાલન છે. આમ જિનાજ્ઞાપાલનરૂપ કરાતો ધર્મ એ તો સ્વભાવના લક્ષ્યે સદ્‌ભાવથી ભાવિત કરનારી અને સ્વરૂપના લક્ષ્યે જિનાશાસનથી શાસિત કરનારી સુંદર જીવનવ્યવસ્થા છે જેનો ક્રમ રાજ્યશાસન, ધર્મશાસન, જિનશાસન અને સ્વરૂપશાસન-આત્માનુશાસન છે. રાજ્યશાસન આલોકને વ્યવસ્થિત કરનાર છે. ધર્મશાસન આલોક પરલોક ઉભયને સુધારનાર છે, જિનશાસન આલોક, પરલોકને સુધારવા સહિત પરલોકમાં સદ્‌ગતિની પરંપરા સર્જી, મોક્ષમાર્ગે સ્વરૂપશાસન-આત્મ-અનુશાસન સુધી પહોંચાડનાર છે. જ્યારે સ્વરૂપશાસન સાધકને સ્વથી શાસિત કરનારું મુકામે-મોક્ષે પહોંચાડનાર સિદ્ધ પરમાત્મા બનાવનાર આત્માનુશાસન છે જેમાં સાધક સ્વયં સ્વ સ્વરૂપથી શાસિત થાય છે એટલે કે ક્ષપકશ્રેણીએ આરૂઢ થઈ સર્વ ઘાતિકર્મનો ક્ષય કરી પૂર્ણજ્ઞાનપ્રકાશ-કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે.

સહુ કોઈ ભક્તજન કહે છે કે ભગવાને જોયું હોય એમ થાય. પરંતુ સાચો ભક્ત-સાચો સાધક તો એમ વિચારશે કે ભગવાને જે જોયું હશે એ જોયું હશે, પણ હું તો મારા ભગવાને જે કહ્યું છે એ કરવા માંડું તો તરું અને સ્વયં ભગવાન બનું. આવો ભગવાને કહ્યા મુજબ ચાલવાનો, જિનાજ્ઞા પાલનનો ભાવ આવશે, ક્રિયા તે પ્રમાણે થશે તો મોક્ષ નિકટમાં થશે. બાકી ભવ્યજીવો કાળથી તો મોક્ષ તરફ જ આગળ અને આગળ ગતિ કરી રહ્યાં છે, પણ એ લક્ષમાં રાખવા જેવું છે કે કાળ અનંતો છે જેની ગણના આપણી પહોંચની બહાર છે. જ્યારે ગુણથી જો મોક્ષ પ્રતિ આગળ વધતાં હોઇશું તો સમજવું કે મોક્ષ નિકટ છે. અહીં ગુણ એટલે ભગવાને કહ્યાં મુજબના ભાવ. ક્રિયા-પુરુષાર્થ.

અંતે પંચસૂત્રના પ્રથમસૂત્રની પ્રાર્થના કરીએ કે...

पत्तेसु एएसु अहं सेवारिहे सिआ ।

आणरिहे सिआ, पडिवत्तिजुत्ते सिआ निरइआरपारगे सिआ ॥

હે જિનેશ્વર ભગવંત ! હે ગુરુભગવંત ! હું આપની સેવાને યોગ્ય બનું, હું આપની આજ્ઞાપાલન કરવામાં સમર્થ બનું, હું આપની આજ્ઞાને સ્વીકારનારો થાઉં, હું આપની આજ્ઞાને નિરતિચાર પાળનારો થાઉં !

જિનાજ્ઞાધર્મનું સાદર યથાર્થ પાલન કરવારૂપ આપણે સહુ ભવ્યજીવો આત્મધર્મ-સ્વરૂપધર્મને પ્રગટ કરી પરમસુખના સ્વામી એવાં પરમાત્મા બનીએ ! એવી અભ્યર્થના !

# આધ્યાત્મિક પુરુષાર્થનો આદર્શ

**□ પ્રો. ચી. ના. પટેલ**

ભારત સરકારના પ્રકાશન વિભાગ અંતર્ગત 'ધ કલેક્ટેડ વર્ક્સ ઑવ્ મહાત્મા ગાંધી' નામનો પ્રકલ્પ (project) ૧૯૫૬ના વર્ષમાં શરૂ કરવામાં આવ્યો હતો. એ પ્રકલ્પની યોજના પ્રમાણે ગાંધીજીનાં મૂળ ગુજરાતી લખાણો, એટલે કે પત્રો, 'નવજીવન' અને 'હરિજનબંધુ' સાપ્તાહિકોમાં પ્રગટ થયેલા તેમના લેખો, મહાદેવ દેસાઈની રોજનીશીઓમાં સચવાયેલા તેમના વાર્તાલાપો ઇત્યાદિ ગુજરાતી સામગ્રીનો અંગ્રેજીમાં અનુવાદ કરવાનો હતો. 'ધ કલેક્ટેડ વર્ક્સ'ના મુખ્ય સંપાદકશ્રીને એવા ગુજરાતીની જરૂર હતી જે દિલ્હીમાં રહીને ઉપરોક્ત ગુજરાતી સામગ્રીનો અંગ્રેજીમાં અનુવાદ કરે. આ પરિસ્થિતિમાં બે વડીલોએ મુખ્ય સંપાદકશ્રીને મારું નામ સૂચવ્યું. એ બેમાંથી એક સુરતની કૉલેજના આચાર્ય કાલિદાસ દેસાઈ અને બીજા પાંડુરંગ ગણેશ દેશપાંડે.

ગાંધીજીના અક્ષરદેહના સંપાદનમાં મેં ૧૯૬૧ના સપ્ટેમ્બરની ૨૬મીથી ૧૯૮૫ના માર્ચની ૩૧મી સુધી યથામતિ યથાશક્તિ ફાળો આપ્યો.

સાહિત્ય પ્રત્યેનો મારો અભિગમ પહેલેથી જ જીવનલક્ષી રહ્યો છે અને મેં લગભગ ૨૩ વર્ષ સુધી કરેલા ગાંધીસાહિત્યના સતત પરિશીલને મારા એ અભિગમને દૃઢ કર્યો છે. મારા આ અભિગમનાં ઉદાહરણ જેવા મારા બે લેખો-'સાહિત્ય અને જીવનમૂલ્યો' અને 'કળાની સાર્થકતા' ૧૯૭૫માં થયેલા મારા 'અભિક્રમ' નામક પુસ્તકમાં ગ્રંથસ્થ થયા છે.

ગાંધીજીના મતે 'આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે.' તો અંગ્રેજ મહાકવિ મિલ્ટનનો અભિપ્રાય જુઓ. એ મહાકવિના મતે A good book is the precious life-blood of a master spirit, emblamed and treasured up on purpose to a life beyond life.

તો વળી શ્રેષ્ઠ ગીતકવિ ગણાતા રંગદર્શી અંગ્રેજી કવિ શેલિનો અભિપ્રાય છે કે Poetry is the record of the best and happiest moments of the happiest and best minds અને શેલિના સમકાલીન કવિ કીટ્સના મતે-

The great end
Of poetry, that it should be a friend
To soothe the cares and lift the thoughts of man.

આ ત્રણે અવતરણો સાહિત્ય પ્રત્યેના મારા જીવનલક્ષી અભિગમનું સમર્થન કરે છે એ સ્પષ્ટ છે. મિલ્ટનના મતનો ભાવાર્થ એ છે કે સારું પુસ્તક કોઈ પ્રતિભાસંપન્ન વ્યક્તિના જીવનના ઉત્તમ અંશોનો ભવિષ્યની પેઢીઓના લાભાર્થે સુગંધી દ્રવ્ય વડે સાચવી રાખવામાં આવેલો નિચોડ છે. શેલિનો મતેય સ્પષ્ટ છે કે કવિતા એટલે શ્રેષ્ઠ મનની શ્રેષ્ઠ અને સૌથી સુખપૂર્ણ અનુભવક્ષણોની અભિવ્યક્તિ. તો કીટ્સનો અસંદિગ્ધ અભિપ્રાય છે કે કવિતાનો ઉદ્દેશ, કોઈ મિત્ર કરે તેમ આપણી ચિંતાઓનું શમન કરવાનો છે.

ગાંધીજીને અભિપ્રેત 'કવિ' શબ્દના અર્થમાં આપણા આદિકવિ વાલ્મીકિને કવિશિરોમણિ લેખી શકાય, એ કારણે કે તેમની જે કૃતિ વિશે બ્રહ્માએ ભવિષ્ય ભાખ્યું હતું કે 'જ્યાં સુધી આ પૃથ્વી ઉપર પર્વતો સ્થિર રહેશે અને સરિતાઓ સમુદ્ર પ્રતિ વહેતી રહેશે ત્યાં સુધી તમે રચેલી કથા લોકોમાં જીવતી રહેશે'. તે 'રામાયણ'માં કવિની કલમે આલેખાયેલાં રામ, સીતા, ભરત, લક્ષ્મણ અને હનુમાન જેવાં ભાવનાશીલ પાત્રો આપણી પ્રજાના અલ્પશિક્ષિત વર્ગની પણ કલ્પનામાં સદીઓથી રમી રહ્યાં છે અને તેમનાં ચિત્તમાં સુષુપ્ત રહેલા શુભ સંસ્કારોને પોષતાં આવ્યાં છે.

સાહિત્યકૃતિઓમાં મારો પક્ષપાત એવી કૃતિઓ પ્રત્યે છે જેમાં ભાવનાશીલ સ્ત્રીપુરુષોનાં પાત્રોનાં હૃદયંગમ ચિત્રો હોય અને જેમાં ઉમદા ભાવનાઓનાં નિદર્શનો હોય. આવી કૃતિઓમાં ચાર મને સવિશેષ પસંદ પડી છે: વાલ્મીકિની અમર કૃતિ, ગોવર્ધનરામની મહાનવલ 'સરસ્વતીચંદ્ર', ન્હાનાલાલની નાટ્યકૃતિ 'જયા-જયંત' અને રમણલાલ દેસાઇની નવલકથા 'દિવ્યચક્ષુ'. આ છેલ્લી કૃતિ મેં ૧૯૩૩ના વર્ષમાં વાંચેલી અને તેમાં નાયક અરુણની ગાંધીસંસ્કારની અહિંસાભાવનાએ મને આકર્ષેલો એવી મને કંઈક ઝાંખી સ્મૃતિ છે.

'રામાયણ', 'જયા-જયંત' અને 'સરસ્વતીચંદ્ર' એ ત્રણ કૃતિઓમાં તે તે કૃતિના સર્જકે સ્ત્રીપુરુષના માનસિક અદ્વૈતની જે ભાવના કલ્પી છે તે મને મનોરમ્ય લાગી છે. હનુમાને અશોકવાટિકામાં જોયું કે

अस्या देव्या मनस्तस्मिंतस्य चास्यां प्रतिष्ठितम्

અને એ દર્શને રામના એ પરમ ભક્ત ધન્ય થઈ ગયા. 'જયા-જયંત'માં ન્હાનાલાલે સ્ત્રીપુરુષના માનસિક અદ્વૈતના પર્યાય જેવી 'આત્મલગ્ન'ની ભાવનાનું સૂક્ષ્મ ગૌરવ કર્યું છે તો ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં લોકકલ્યાણ અર્થે કરાયેલા સ્વાર્થત્યાગનો મહિમા કર્યો છે. સરસ્વતીચંદ્ર સાથે સૌમનસ્ય ગુફામાં કરેલા સ્વપ્નવિહારમાં પોતે સરસ્વતીચંદ્ર સાથે અનુભવેલા માનસિક અદ્વૈતથી તૃપ્ત થઇને કુમુદ સરસ્વતીચંદ્રે કરવા ધારેલા દેશસેવાના યજ્ઞમાં સહકાર આપવા તત્પર થાય છે અને સરસ્વતીચંદ્રને ઉદ્દેશીને કહે છે:

'મ્હારું સર્વ આયુષ્ય આપની પ્રીતિથી તૃપ્ત થશે ને સ્થૂલ પ્રીતિના સ્થૂલ ભોગોની વાસનાને આપના આશ્રયથી હું દૂર રાખી શકીશ...સંસાર કહેશે તે સાંભળી રહીશ, પિતામાતાનાં દુ:ખ જોઈ રહીશ. મ્હારો ધર્મ તો આ દેખું છું તે જ પાળીશ. ઓ મ્હારા પ્રાણનાથ ! આપ હવે મ્હારા સર્વ વિચારનો ત્યાગ કરી કેવળ લોકકલ્યાણના જ વિચાર કરો. આપના હૃદયમાં જે દેશ અને લોક વસી રહ્યા છે તેમની સપત્ની નહીં થાઉં-પણ એ દેશ અને લોકોની સેવાને અર્થે આપ જે યજ્ઞ માંડશો તેમાં હું આપની સ્હધર્મચારિણી થઇશ.'

અહીં કુમુદના પાત્ર દ્વારા ગોવર્ધનરામે ઇશોપનિષદના પહેલા મંત્રમાં જેનો ઉલ્લેખ છે તે तेन त्यक्तेन भुञ्जीथा: ની ભાવનાનું એક એવું નિદર્શન પૂરું પાડ્યું, જેણે 'સરસ્વતીચંદ્ર'માં અનેક વાચકોની ત્યાગભાવનાને પોષી હશે.

કવિતાવિષયક જેનો મત મેં ટાંક્યો છે ને કવિ શેલિ પણ કોઈ સ્ત્રી સાથે માનસિક અદ્વૈત અનુભવવાની અભિલાષા રાખતો હતો. એક યુવતીને ઉદ્દેશીને લખેલા કાવ્યમાં તે કહે છે:

We shall become the same, we shall be
One spirit within two frames...
One passion in twin-hearts...
One hope within two wills, one will beneath
Two overshadowing minds, one immortality,
One heaven, one hell
And one annihilation.

વાસ્તવદર્શીઓને આવી અભિલાષા તરંગી જ લાગવાની. શેલિ પોતે પણ જોઈ શક્યો હતો કે પોતે ઇચ્છતો હતો એવું માનસિક અદ્વૈત શક્ય નથી. તે ૧૮૨૨ના જૂનની ૧૮મીએ એક મિત્રને લખે છે:

I think one is always in love with something or other, the error-and I confess it is not easy for spirits cased in flesh and blood to avoid it-consists in seeking in a mortal image the likeness of what is perhaps eternal.

એ ખરું છે કે આપણા આદર્શો અને વાસ્તવિકતાઓ વચ્ચે ન ઓળંગી શકાય એવી ઊંડી ખાઈ હોય છે, પણ ગાંધીજી કહેતા તેમ એ ઊંડી ખાઈ ઓળંગવાનો સતત પ્રયત્ન કરતા રહેવામાં જ સાચો પુરુષાર્થ રહેલો છે. આ સદીના એક ખ્યાતનામ અંગ્રેજ તત્ત્વચિંતકનોય અભિપ્રાય છે કે જે સંસ્કૃતિને આધ્યાત્મિક પુરુષાર્થનો કોઈ આદર્શ નથી હોતો તે સંસ્કૃતિનું અંતે અધ:પતન થાય છે.

આપણા સારસ્વતોએ, આપણા સંસ્કારવિધાયકોએ અને ગાંધીજી જેવા લોકનેતાઓએ આપણને એવા આધ્યાત્મિક પુરુષાર્થના આદર્શ પ્રત્યે વર્ષો સુધી અભિમુખ કરવાનો જે પ્રયત્ન કર્યો છે તે વ્યર્થ નહીં નીવડે એવી આપણે સર્વે શ્રદ્ધા રાખીએ.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ • પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
● વર્ષ : (૫૦) + ૧૨ ● અંક : ૨ ● તા. ૧૬-૨-૨૦૦૧ ●
Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2001
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ગુજરાતમાં ભૂકંપ

ભૂકંપ એટલે પૃથ્વીના ગોળાને થતી પેટની ગરબડ. એ જ્યારે વધુ તીવ્ર બને છે ત્યારે એનાં અંગાંગો ધ્રૂજવા લાગે છે, એ વાયુ છોડે છે અને ક્યારેક લાવારસનું વમન પણ કરે છે. વૈજ્ઞાનિકો રેડિયો કાર્બન ટેસ્ટ અને અન્ય ચકાસણી દ્વારા એવા અનુમાન પર આવે છે કે આપણી પૃથ્વીનો ગોળો ઓછામાં ઓછો આશરે પાંચ અબજ વર્ષ જૂનો હોવો જોઇએ. આટલા દીર્ઘ કાળમાં આ ગોળાએ કેટલા બધા ભૂકંપો અનુભવ્યા હશે ! માણસને એની સરેરાશ આયુમર્યાદામાં પાંચ-પંદર વખત તો ભૂકંપની વાત જોવા-સાંભળવા મળે જ છે. આ એક એવો પ્રકૃતિનો પ્રકોપ છે કે જેના ઉપર માનવી હજુ વિજય મેળવી શક્યો નથી. ધરતી જ્યારે રૂઠે છે ત્યારે કાળો કેર વર્તાવે છે.

એકવીસમી સદીની શરૂઆત અને ૨૬મી જાન્યુઆરીનો ઉત્સવભર્યો પ્રજાસત્તાક દિન ગુજરાત માટે દુર્દિન બની ગયો. ગુજરાતે આવો ભયંકર દિવસ છેલ્લા કેટલાક સૈકાઓમાં પણ નહિ જોયો હોય. છપ્પનિયા દુકાળ વખતે ભૂખે ટળવળતા માણસો મોટી સંખ્યામાં મૃત્યુ પામ્યાં હતાં અને તે પણ થોડા મહિનાઓમાં. પ્લેગ કે કોલેરાના ઉપદ્રવમાં કે વાવાઝોડામાં અનેક માણસો માર્યા ગયા છે, પરંતુ એ બધામાં માલમિલકતને નુકસાન થયું હોય તો પણ તે નહિ જેવું. આ ભૂકંપમાં તો થોડી મિનિટોમાં જ એક સાથે ઘણા મોટા પ્રદેશ-વિસ્તારમાં અસંખ્ય મકાનો ધરાશાયી થઈ ગયાં અને હજારો માણસો મૃત્યુના મુખમાં ધકેલાઈ ગયાં. પ્રકૃતિનું તાંડવ જ્યારે થાય છે ત્યારે મનુષ્ય કેટલો બધો લાચાર બની જાય છે એ નજરે જોવા મળ્યું છે.

ગુજરાતનો ધરતીકંપ બહુ મોટા ફલક ઉપર, રિચર સ્કેલ પર ૭.૯થી ૮.૧ જેટલી અતિશય તીવ્રતાવાળો હતો. સરકારી આંકડા પ્રમાણે ગુજરાતના વીસ જિલ્લાઓનાં સાડા આઠ હજારથી વધુ ગામોને એનો આંચકો લાગ્યો હતો. નાનાં મોટાં મળીને આશરે અઢી લાખ મકાનો જમીનદોસ્ત થઈ ગયાં છે અને બીજાં ચાર લાખ મકાનોને નુકસાન પહોંચ્યું છે. લગભગ પચાસ હજાર માણસો મૃત્યુ પામ્યા છે અને સિત્તેર હજાર માણસો ઘાયલ થયા છે. વળી પંદર હજાર જેટલાં પશુઓ પણ મૃત્યુ પામ્યાં છે. માલમિલકતને થયેલું નુકસાન આશરે એકવીસ હજાર કરોડ રૂપિયા જેટલું અંદાજવામાં આવે છે. આ આંકડાઓમાં હજુ પણ વૃદ્ધિ થવાનો સંભવ છે.

આ ધરતીકંપમાં સૌથી વધુ હોનારત કચ્છમાં થઈ છે. ભૂજ, અંજાર, રાપર, ભચાઉ વગેરે શહેરો ભરખાઈ ગયાં છે. માનવમૃત્યુની સંખ્યા પણ ત્યાં પંદર હજારનો આંકડો વટાવી ગઈ છે, એમાંયે ભૂજ તો ખંડિયેર જેવું બની ગયું છે. કેટલાંયે કુટુંબો નામશેષ થઈ ગયાં છે. છાપાંઓમાં પ્રગટ થતા ફોટા અને ટી.વી. પર જોવા મળતાં દૃશ્યો હૃદયદ્રાવક છે. દુનિયાભરમાંથી સહાયનો પ્રવાહ તરત જ વહેતો થઈ ગયો છે. તેમ છતાં બેઘર બનેલા લોકોના પુનર્વસનનું કાર્ય પૂરું થતાં ઠીક ઠીક સમય લાગશે.

વિશ્વમાં મોટા ધરતીકંપો વખતોવખત થતા રહે છે. જાપાન, ચીન, તાઇવાન, અફઘાનિસ્તાન, ઇરાન, ઇરાક, તુર્કસ્તાન, આર્મેનિયા, મેક્સિકો, ગ્વાટેમાલા, ચિલી, અલાસ્કા વગેરે દેશોમાં મોટા ભયાનક ધરતીકંપો થયા છે. સામાન્ય રીતે રિચર સ્કેલ પર ચાર-પાંચ પોઇન્ટ સુધીના આંચકા ભારે ગણાતા નથી. ૬ પોઇન્ટથી ઉપરના ધરતીકંપ મોટું નુકસાન કરે છે. સાત પોઇન્ટથી ઉપરના ધરતીકંપની સૌ કોઈને ખબર પડે છે. રસ્તે ચાલતો માણસ પણ સમતુલા જાળવી શકતો નથી. વાહનો પણ ડગુમગુ થઈ જાય છે. મકાનો તૂટી પડે છે. આઠ અને નવ પોઇન્ટના ધરતીકંપો સમુદ્રમાં મોટાં રાક્ષસી મોજાં ઉત્પન્ન કરે છે.

ધરતીકંપ એક એવી દુર્ઘટના છે કે જેમાં વૈજ્ઞાનિક પદ્ધતિની આગાહી થઈ શકતી નથી. અનુમાન કે વર્તારા થાય છે. ધરતીકંપ થવાનો હોય એના કેટલાક કલાક પહેલાં ઉંદરો, કૂતરાં, ઘોડા વગેરે પશુ-પક્ષીઓ બેબાકળા બની દોડાદોડ કરવા લાગે છે એવી માન્યતા છે, પણ તે પણ પૂરેપૂરી સાચી નથી. ધરતીકંપની કોઈ પૂર્વ એંધાણી ન હોવાથી માણસો અચાનક જ ઝડપાઈ જાય છે. ધરતીકંપનો આંચકો અનુભવાય કે તરત રસ્તા પર ખુલ્લામાં ચાલ્યા જવાની સલાહ અપાય છે અને તે સાચી છે, પણ ઊંચાં ઊંચાં મકાનોમાંથી નીચે ઊતરતાં જ જ્યાં વાર લાગે ત્યાં એ ઉપાય શી રીતે અજમાવાય ? અલબત્ત રાતે ધરતીકંપ થાય તો ઘરોમાં સૂતેલા માણસોનો ખુવારીનો આંકડો જબરદસ્ત રહે. ગુજરાતમાં દિવસે ધરતીકંપ થયો એટલે ઘરબહાર નીકળેલા, રસ્તા પર અવરજવર કરનારા ઘણા માણસો બચી ગયા.

ધરતીકંપની તીવ્રતાની સાથે એ પ્રદેશમાં વસતી કેટલી ગીચ છે, ઇમારતો કેટલી નબળી છે એના ઉપર ખુવારીનો આધાર રહે છે. અફાટ રણપ્રદેશમાં ભારે ધરતીકંપ થાય તો ભૌગોલિક ફેરફારો થાય, પણ ખુવારીની ત્યાં શક્યતા નથી. પરંતુ ગીચ વસતીવાળા પ્રદેશમાં ધરતીકંપ થાય તો જાનમાલને ભારે નુકસાન પહોંચે છે. ચીનમાં તાંગશાન શહેરમાં ૭.૮ની તીવ્રતાવાળો ધરતીકંપ થતાં આશરે અઢી લાખ માણસો માર્યા ગયા હતા, જ્યારે ચીલીમાં ૮.૬નો ધરતીકંપ થતાં આશરે વીસ હજારનાં મૃત્યુ થયાં હતાં. ભારત ગીચ વસતીવાળો અને જૂનાં જર્જરિત મકાનોવાળો દેશ છે. એટલે જ્યારે પણ ભારતમાં મોટી તીવ્રતાવાળો ધરતીકંપ થાય ત્યારે ખુવારીનો આંકડો મોટો જ રહેવાનો.

સામાન્ય માન્યતા એવી છે કે પર્વતીય ક્ષેત્રોમાં ધરતીકંપ વધુ થાય છે અને તે પણ શિયાળામાં. સપાટ પ્રદેશોમાં એનું પ્રમાણ ઓછું છે. જાપાન વગેરે કેટલાક દેશોમાં સાધારણ કક્ષાના ધરતીકંપો વરસમાં હજારથી પણ વધુ થયા કરે છે. કેટલાક તો એટલા હળવા હોય છે કે લોકોને એની ખબર પણ પડતી નથી. માત્ર સિસ્મોગ્રાફમાં તે નોંધાય છે.. ગુજરાતમાં સપાટ પ્રદેશમાં

પ્રમાણમાં ઓછા ધરતીકંપ થયા છે, પરંતુ ભારતમાં પશ્ચિમ કિનારે થયેલા આ વખતના ધરતીકંપે પોતાની ભયાનકતાનું સ્વરૂપ બતાવી આપ્યું છે.

ધરતીકંપની ઘટના ત્વરિત અને મોટા પ્રાદેશિક વિસ્તારમાં બને છે. માણસોના મૃત્યુ સહિત મકાનો ધરાશાયી થાય છે. અનેક લોકો થોડી મિનિટોમાં ઘરબાર વગરના થઈ જાય છે. દટાયેલી લાશો કાઢવામાં સમય નીકળી જાય છે. લાશોની દુર્ગંધથી રોગચાળો ન ફેલાય એની સાવચેતી રાખવાની હોય છે. ઘરબાર વગરના માણસોને કામચલાઉ આશ્રય અને ખોરાક, દવા, કપડાં વગેરે પહોંચાડવાનાં હોય છે. ઘાયલ લોકો માટે તબીબી સેવાની વ્યવવસ્થા કરવાની રહે છે. એટલે ભૂકંપ વખતે સરકારની વિવિધ પ્રકારની જવાબદારી એકદમ વધી જાય છે. વસ્તુત: આધુનિક સમયમાં દરેક દેશે કુદરતી આપત્તિ વખતે યુદ્ધના ધોરણે કામ કેમ કરવું એ માટે કાયમી સક્ષમ તાલીમબદ્ધ નિષ્ણાત માણસોનું વહીવટી તંત્ર ઊભું કરવાની આવશ્યકતા છે.

દુનિયામાં ઘણા દેશો હવે ભૂકંપની બાબતમાં સભાન થવા લાગ્યા છે. જમીનમાં ઊંડે સુધી પાઇલિંગ કરીને બહુમાળી મકાનો ભૂકંપનો સામનો કરી શકે છે. જાપાનમાં વાંરવાર ભૂકંપ થતા હોવા છતાં મોટાં મકાનોને આંચ નથી આવતી. ગઈ સદી સુધી જાપાનમાં ઊંચાં મકાનો બાંધવાનો રિવાજ નહોતો. લાકડાનાં બેઠા ઘાટનાં મકાનો બંધાતાં કે જેથી તૂટે તો પણ ઇજા ઓછી થાય. ભારતમાં આઠ લાખ ગામડાંઓમાં મકાનો જૂનાં અને જર્જરિત દશામાં છે. મોટાં શહેરોમાં બહુમાળી મકાનો થાય છે, પણ એમાં પણ જ્યાં યોગ્ય સાવચેતી લેવામાં આવતી નથી ત્યાં જોખમ તો રહે જ છે. નબળાં મકાનો બાંધી વધુ કમાઈ લેવાની વૃત્તિ ભારતમાં સર્વત્ર છે. લોખંડ, સિમેન્ટ વગેરે હલકા પ્રકારનાં, ઓછાં વાપરી, લાંચ આપી સરકારી અમલદારો પાસે પ્લાન મંજૂર કરાવી લેવાના કિસ્સા ઘણા બને છે. અમદાવાદ અને બીજાં શહેરોમાં કેટલાંક બહુમાળી મકાનો આવા કારણે જ ધરાશાયી થયાં છે. જ્યાં સુધી સરકારી વહીવટીતંત્ર ભ્રષ્ટાચારથી ખદબદતું રહેવાનું ત્યાં સુધી આવી દુર્ઘટનાઓનું પ્રમાણ પણ વધુ રહેવાનું.

આપણા દેશમાં નાની નાની ઘટનાઓમાં પણ સલામતીની વ્યવસ્થા રૂપે સાવચેતીનાં પગલાં બહુ લેવાતાં નથી. એ બાબતમાં સરકારી અને પ્રજાકીય વ્યવસ્થાતંત્ર ઘણું નબળું છે. દૃષ્ટિ અને સૂઝનો અભાવ છે. દરકાર નહિ જેવી છે. એટલે ઠેર ઠેર અકસ્માતો થતા જ રહે છે. લોકો પણ એનાથી ટેવાઈ ગયા છે. માનવજીવનની કશી કિંમત નથી એવું ક્યારેક ભાસે છે. એક અબજની વસતીમાં થોડા લોકો ઓછા થયા તો શું થયું એવા વિચારવાળા કોઇક રીઢા માણસો પણ મળશે. પરંતુ હવે સમય આવી પહોંચ્યો છે કે જ્યારે સર્વ ક્ષેત્રે સલામતીની વ્યવસ્થા વધુ સુદૃઢ, સક્ષમ બનાવવાની રહેશે. એમ નહિ થાય તો અકસ્માતોની, જાનહાનિની પરંપરા ચાલુ રહેશે. એ માટે પ્રજાને યોગ્ય શિક્ષણ અને તાલીમ આપવી જોઇશે. આપણા દેશમાં મોટા મોટા ખાડા, ખુલ્લી ગટરો, તૂટેલાં પગથિયા હોય તો પણ સાવચેતીની નિશાની મૂકાતી નથી. કેટલાક દેશોમાં ફરસ પર પોતું કર્યું હોય અને લપસી પડવાની ધાસ્તી હોય અથવા ઊંચાનીચા પગથિયામાં ઠેસ લાગવાની શક્યતા હોય ત્યાં 'Watch Your Step'નું પાટિયું લાગ્યું જ હોય.

જ્યારે કોઈ કોઈ દુર્ઘટના થાય અથવા કુદરતી આપત્તિ આવી પડે છે ત્યારે કેટલાંક અનિષ્ટ તત્ત્વો સક્રિય બની જાય છે. આર્થિક દૃષ્ટિએ પછાત એવા દેશોમાં એ વિશેષ બને છે. ગરીબી અને લોભ-લાલચ નબળા મનના માણસોને લાચાર બનાવી દે છે. કોઈ વિમાન તૂટી પડ્યું હોય તો આસપાસ રહેતા માણસો પ્રવાસીઓનો સામાન કે કિંમતી ચીજવસ્તુઓ ઉપાડી જાય છે. પૂર કે વાવાઝોડું આવ્યું હોય કે આગ લાગી હોય અને લોકો ઘર ઉઘાડાં મૂકીને ભાગ્યા હોય ત્યારે આવા દુષ્ટ માણસો ઘરમાં ઘૂસીને વસ્તુઓ ઉઠાવી જાય છે. આવું જ ધરતીકંપ વખતે પણ થાય છે. ગુજરાતમાં પણ એવા કેટલાક કિસ્સા બન્યા છે.

વળી લોકોએ રાહત માટે આપેલી સામગ્રી વચમાંના માણસો દ્વારા કે સરકારી નોકરો દ્વારા આઘીપાછી કરી દેવાય છે. કેટલાક પીડિત લોકો પણ પોતાની જરૂરિયાત કરતાં ઘણું વધારે પડાવવાની વૃત્તિ ધરાવે છે. કેટલાક તો તેનો સંગ્રહ કરીને પછી એનાં નાણાં ઉપજાવે છે. આવું બનવું સ્વાભાવિક છે. આવી કેટલીક ગેરરીતિઓ થતી હોવા છતાં દાતાઓએ દાન આપતાં અટકવું ન જોઇએ. લોકોની આર્થિક સારી સ્થિતિ સારી થાય અને નીતિ-સદાચારનું યોગ્ય શિક્ષણ અપાય તો જ આ દૂષણ ઓછું થાય.

દુર્ઘટનાના સ્થળ અને આપણી વચ્ચે સ્થળ અને કાળનું જેમ અંતર વધારે તેમ તે માટેની સંવેદના ઓછી એવી એક માન્યતા છે, સિવાય કે આપણાં કોઈ સ્વજનો એનો ભોગ બન્યાં હોય. કોઇકે કહ્યું છે કે Our Sympathy is cold to the relation of distant misery. કોરિયા, સાઇબિરિયા, આઇસલેન્ડ કે અલાસ્કામાં કોઈ ભયંકર દુર્ઘટના બને તો એ પ્રત્યે આપણી સંવેદના તીવ્ર ન હોય, જેટલી આપણા ઘર આંગણે બનતી દુર્ઘટના પ્રત્યે હોય. ગુજરાતના ધરતીકંપ માટે આપણને, ગુજરાત બહાર વસતા સૌ ગુજરાતીઓને લાગણી થાય તેટલી ઇતરને ન થાય એમ સામાન્યપણે મનાય, પરંતુ વર્તમાન જગતમાં ટી.વી.માં દૃશ્યો જોઈ અનેક લોકોને અનુકંપા થાય છે. આવે વખતે યથાશક્તિ સહાય કરવા સૌ કોઈ ઉત્સુક બને છે. માનવતાની ત્યારે કપરી કસોટી થાય છે. દુશ્મનનું હૃદય પણ ત્યારે પીગળે છે. વર્તમાન સમયમાં દુનિયાના દેશો પરસ્પર ઘણા નજીક આવતા ગયા છે. એથી સહાનુભૂતિની લાગણી વધારે વ્યાપક બની છે. સહાયનું પ્રમાણ પણ વધ્યું છે.

કુદરતની આવી સંહારલીલા જોઇને ભિન્નભિન્ન માણસને ભિન્નભિન્ન વિચાર આવશે. પર્યાવરણવાદીઓ કહેશે કે માણસ પ્રકૃતિની સંભાળ લેતો નથી માટે પ્રકૃતિ માણસની સંભાળ લેતી નથી. માણસે પ્રકૃતિ ઉપર કેટલો બધો અત્યાચાર કર્યો છે ! જંગલનાં વૃક્ષો બેફામપણે કાપ્યાં છે. પોતાનાં સુખસગવડ માટે રોજનું લાખો ટન તેલ ધરતીમાંથી એ કાઢતો રહ્યો છે. કારખાનાંઓના મલિન કચરાથી નદી-સાગરનાં જલને ઝેરી બનાવી રહ્યો છે કે જેથી રોજેરોજ લાખો કરોડો જલચરો અકાળે મૃત્યુ પામે છે. પૃથ્વીનું ઉષ્ણતામાન વધી ગયું છે. આવું જ્યાં થાય ત્યાં કુદરત કેમ ન રૂઠે ? પ્રકૃતિવાદીઓ કહેશે કે સર્જન અને સંહારની લીલા પ્રકૃતિમાં અનાદિ કાળથી ચાલી આવી છે. તમે માત્ર સંહારલીલા જ કેમ જુઓ છો ? એની સર્જનલીલા પણ નિહાળો ! એ લીલા આગળ સંહારલીલા તો કંઇ જ નથી. વળી સંહારલીલા નવી સર્જનલીલા માટે જ છે. વૈજ્ઞાનિકો કહેશે કે કારણ વગર કોઈ કાર્ય બનતું નથી. કારણ આપણને ન જડતું હોય તો તે શોધવાનો પુરુષાર્થ કરવો જોઇએ. કુદરતમાં કારણ વગર આપમેળે અચાનક કશું બનતું નથી. દરેક ઘટનામાં વૈજ્ઞાનિક નિયમો રહેલા છે. સમાજશાસ્ત્રીઓ કહેશે કે આવી ઘટનાઓ બને છે ત્યારે માણસમાં રહેલી સામાજિક ચેતના વિસ્તાર પામે છે. કેટલાક પુરાણવાદીઓ કહેશે કે આવી ઘટનાઓ એ કળિયુગની નિશાની છે. માનવજીવન હજુ પણ વધુ અધોગતિએ પહોંચશે અને કળિયુગને અંતે સમગ્ર સૃષ્ટિનો પ્રલય થશે. ઇશ્વરવાદીઓ કહેશે કે આવા કરુણ બનાવો એ તો ઇશ્વરે માનવજાતને એનાં પાપો માટે કરેલી સજા છે. ભવિતવ્યતાવાદી અથવા પ્રારબ્ધવાદી કહેશે કે જે કાળે જે બનવાનું હોય તે બને જ છે. એમાં કોઈ અન્યથા કરી શકતું નથી, જે બન્યું તે સ્વીકારી લો. કેટલાક તત્ત્વવેત્તાઓ કહેશે કે આ તો મોટાં સામુદાયિક અશુભ કર્મનો ભારે ઉદય છે—એ જે હોય તે, પણ એટલું નિશ્ચિત છે કે કસોટીના આવા કપરા પ્રસંગે વર્ણ, જાતિ, ભાષા, ધર્મ, પ્રદેશ, રાષ્ટ્ર ઇત્યાદિના ભેદો ભુંસાઈ જાય છે અને મનુષ્યમાં રહેલી માનવતા મહોરી ઊઠે છે. આપણે આપણામાં રહેલી માનવતાની વાટને સંકોરીને એની જ્યોતને ઉજ્જવળ બનાવવી જોઇએ. આપણે અંતર્મુખ બનીને આપણી જાતને પ્રશ્ન કરવો જોઇએ કે 'આ સેવાયજ્ઞમાં મારી આહુતિ કેટલી ? મનુષ્ય તરીકેનું મારું કર્તવ્ય મેં બરાબર બજાવ્યું છે ?'

**☐ રમણલાલ ચી. શાહ**

# મોહનીયની માયાજાળ

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

(ગતાંકથી સંપૂર્ણ)

હવે અપૂર્વકરણ તરફ વળીએ. શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ પુરુષાર્થની અપેક્ષા સેવે છે. તે દ્વારા જીવ અપૂર્વકરણ પ્રગટાવી શકે છે. અપૂર્વકરણ અને કર્મગ્રંથિ બંને આત્મપરિણામ સ્વરૂપ છે. પરિણામ દ્વારા જ પરિણામ ભેદવાનો છે. કરણ શબ્દ યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ ત્રણ ઠેકાણે આવે છે. કરણ એટલે અધ્યવસાય, મનની અત્યંત ઊંચી શુભ ઉત્તુંગ અવસ્થા. પૂર્વ એટલે પહેલાં. અપૂર્વ એટલે પહેલાં નહિ. અપૂર્વકરણ એટલે મનની એવી ઉત્તુંગ શુભ અવસ્થા કે અધ્યવસાયો કે જે જીવને સંસારની મુસાફરીમાં ક્યારે પણ થયાં નથી. તેથી આ અપૂર્વકરણ રૂપી હથિયાર વડે પ્રગટ થયેલી કર્મગ્રંથિને ભેદવાની છે. તે આની દ્વારા ભેદાયા પછી સમ્યક્ત્વસૂર્યનો ઉદય થાય છે. જેથી જીવનો સંસારકાળ પરિત્ત, મર્યાદિત થઈ જાય છે. તે અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન પણ હોઈ શકે. આ અપૂર્વકરણ દ્વારા જ વિષયકષાયની અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ તજવાનો ભાવ હોય જ. કષ એટલે સંસાર અને આય એટલે પ્રાપ્તિ. કષાય એટલે જેનાથી સંસારની પ્રાપ્તિ થાય. આમ આ અપૂર્વકરણ વિષય તથા કષાયનો બનેલો જે સંસારવૃક્ષ તેને જડથી ઉખેડી નાંખે છે. મોહનીયકર્મ જે જટિલ અને ભયંકર છે તેને માટેનું આ સુંદર હથિયાર હવે હાથવગું થયું. ચરમાવર્તકાળ જે અંતિમ પુદ્ગલાવર્તમાં આવે તેનાથી આ બધું શક્ય બને તેમ છે.

અપૂર્વકરણથી કર્મગ્રંથિ ભેદાય છે અને અનિવૃત્તિકરણથી સમ્યગ્દર્શન પમાય છે. જે ભવ્ય જીવો યથાપ્રવૃત્તિકરણને પામે છે તેમનામાં જ્યાંસુધી અપૂર્વકરણ પ્રગટે નહિ ત્યાં સુધી યથાપ્રવૃત્તિકરણમાં જ રહે છે. સમ્યક્ત્વ-રૂપ શુદ્ધ ધર્માદિનું બીજ યથાપ્રવૃત્તિકરણથી થાય. જીવ ગ્રંથિદેશને યથાપ્રવૃત્તિકરણથી પામે છે. દ્રવ્યશ્રુત તથા દ્રવ્યચારિત્ર પણ યથાપ્રવૃત્તિ-કરણથી પામે છે. ચરમાવર્તને પામેલો જીવ શુદ્ધ ધર્માદિના બીજને પણ યથા પ્રવૃત્તિકરણથી પામે છે, તેથી યથાપ્રવૃત્તિકરણ એ એક ચિત્રવિચિત્ર પ્રકારનું કરણ છે. માત્ર ભવ્યાત્માઓ યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે આવી ભવિતવ્યાદિના સુયોગે પુરુષાર્થશાળી બની અપૂર્વકરણ પામે છે; જ્યારે અભવ્યો, દુર્ભવ્યો અને અપૂર્વકરણ નહિ પામેલા જીવોને માત્ર યથાપ્રવૃત્તિકરણથી આગળ કશું હોતું નથી. તેથી ત્રણે પ્રકારના પરિણામો (કરણો) નિયમા ભવ્યાત્માઓને ઉપલબ્ધ થાય છે. જે આત્માનો સંસારભ્રમણકાળ એક પુદ્ગલપરાવર્તકાળથી અધિક નથી તેને જ આપણે ભવ્ય તરીકે ઓળખીએ છીએ. આવા આત્માઓ ગ્રંથિદેશે આવ્યા પછી ભવિતવ્યતાદિની સાનુકૂળતાએ, બીજાદિથી ક્રમિક પ્રગતિશીલ થઈ અપૂર્વકરણ દ્વારા રાગ-દ્વેષરૂપી ગાઢ પરિણામરૂપ કર્મગ્રંથિને ભેદી ત્યારબાદ અનિવૃત્તિકરણ દ્વારા સમ્યક્ત્વને પામે છે. ત્યારે તેમનો સંસારકાળ મોહનીયાદિ મંદતમ થયેલ હોવાથી વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્તકાળથી કંઇક ન્યૂન હોય છે. અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે આવ્યા પછી જીવ અપૂર્વકરણ પામે જ તેવો નિયમ નથી. કેમકે તે ગ્રંથિદેશે આવે છતાંય અપૂર્વકરણ ન પામે. પરંતુ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ માટે તેવું નથી. જે જીવ ગ્રંથિદેશે આવ્યા પછી અપૂર્વકરણ પામે તે જીવ તે કરણ દ્વારા નિયમા ગ્રંથિને ભેદે, ગ્રંથિને ભેદી તે જીવ નિયમા અનિવૃત્તિકરણ પામે જ; વળી તે દ્વારા નિયમા સમ્યક્ત્વને પણ પામે. અધિગમથી અને નિસર્ગથી સમ્યગ્દર્શન ગુણને પામનારા જીવો આમ જ અપૂર્વકરણ પામી, ગ્રંથિ ભેદી અનિવૃત્તિકરણ દ્વારા સમ્યગ્દર્શન ગુણને પામે છે. વાસ્તવમાં કોઇપણ જીવ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ પામ્યા વિના શુદ્ધ ધર્મસ્વરૂપ સમ્યક્ત્વને પામતો નથી. પરંતુ એ અપૂર્વકરણ પામે છે તે નિયમા સમ્યગ્દર્શન પામે છે.

આથી અપૂર્વકરણની ઘણી મહત્તા છે. તે વગર ગ્રંથિ ભેદાય નહીં, ગ્રંથિ ભેદાયા વિના અનિવૃત્તિકરણ પ્રગટે નહીં અને તે વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય નહીં. આથી શુદ્ધ ધર્મરૂપ સમ્યક્ત્વ પામવા માટે અપૂર્વકરણ માટે મહેનત કરવી જોઇએ. અનાદિકાળથી અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને પૂર્વના અનંતકાળ પર્યંતમાં પણ સુંદર પરિણામની પ્રાપ્તિ થઈ નથી તેવા વિશિષ્ટ કોટિના સુંદર પરિણામને અપૂર્વકરણ કહેવાય છે. આત્માનો આ પરિણામ કેટલો સુંદર હોવો જોઇએ ! અપૂર્વકરણ પામ્યો તે જીવ સમ્યક્ત્વ પામ્યા વિના પાછો હઠે નહીં; પરંતુ તે તરત જ સમ્યક્ત્વ પામે તેવું ન પણ બને. હજુ મિથ્યાત્વ મોહનીયનો વિપાકોદય અને પ્રદેશોદય જ્યાં સુધી ચાલુ હોય, ત્યાં સુધી સમ્યક્ત્વનો પરિણામ પ્રગટતો નથી. જો તે દરમ્યાન વિપાકોદય ચાલુ રહે તો તે જીવનો સમ્યક્ત્વનો અધ્યવસાય ચાલી જાય.

રાગદ્વેષના પરિણામ સ્વરૂપ કર્મગ્રંથિને ભેદી નાંખવા સજ્જ બનેલો આત્મા અનિવૃત્તિકરણ દ્વારા એવી સ્થિતિ પેદા કરે કે જ્યાં મિથ્યાત્વ મોહનીયનો સર્વથા ઉદય જ ન હોય, અથવા વિપાકોદય ન હોય; અપૂર્વકરણનું કાર્ય થઇ ગયા પછી જીવમાં જે શુભ પરિણામ પ્રગટે તેને અનિવૃત્તિકરણ કહે છે. અનિવૃત્તિકરણ એ જ સમ્યક્ત્વ રૂપ આત્મપરિણામ. કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે તે અનિવૃત્તિકરણના કાળ દરમ્યાન મિથ્યાત્વ મોહનીયના દળિયાના ત્રણ પુંજ બનાવે છે.

જ્યારે મિથ્યાત્વમોહનીયનાં દળિકોનો પ્રદેશોદય કે વિપાકોદય ન હોય ત્યારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો પણ પ્રદેશ કે વિપાકોદય ન હોય તેવી તૈયારી જીવ એવા અંતર્મુહૂર્તમાં કરી લે અને તરત જ અનંતાનુબંધી મિથ્યાત્વ-મોહનીયના દળિકોના ઉદયરહિત અંતર્મુહૂર્તને પામે છે; જેનું નામ ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ કહેવાય. અપૂર્વકરણ થયા પછી જીવને જે પરિણામ પેદા થાય તે અનિવૃત્તિકરણ કહેવાય. કારણ કે એ પરિણામ પામેલો જીવ સમ્યક્ત્વના પરિણામને પામ્યા વિના નિવૃત્ત થતો નથી, પાછો હઠતો નથી, તે પામે જ. પામે જ.

આટલી ચર્ચાના નિષ્કર્ષ રૂપે કહેવાય કે: સમ્યક્ત્વને પામેલા પુણ્યાત્માઓએ સમ્યક્ત્વની રક્ષા માટે કાળજી સાથે સમ્યક્ત્વ દિન પ્રતિદિન શુદ્ધ બનતું જાય, ક્ષય ન પામે તેવો પુરુષાર્થ કરવો રહ્યો. વિષયકષાયની અનુકૂળતાનો રાગ તેમજ પ્રતિકૂળતાનો દ્વેષ જ આત્માની ખાનાખરાબી કરી નાંખી છે. અહીં વિષયકષાયની અનુકૂળતાનો રાગ તથા પ્રતિકૂળતાનો દ્વેષ એ સુખનું કારણ છે, તેના આધારે અનુસરવું, વર્તવું એ જ ઘાતી કર્મોને સુદૃઢ બનાવવાનું, જોરદાર બનાવવાનું પ્રધાન કારણ છે.

આત્મવિકાસની ખરી શરૂઆત ચોથા ગુણસ્થાનકે થાય. અહીં મિથ્યાત્વ જાય ને સમ્યક્ત્વ આવે, પાંચમે અવિરતિનો અમુક ભાગ જાય દેશવિરતિ આવે, છઠ્ઠે અવિરતિ પૂરેપૂરી દૂર થતાં સર્વવિરતિ આવે; સાતમા ગુણસ્થાનકે પ્રમાદનો પરિહાર થાય ને આત્મજાગૃતિ ઝળહળે. આઠમા ગુણસ્થાનકે અપૂર્વકરણ થાય. નવમા ગુણસ્થાને નિવૃત્તિ એટલે કે અધ્યવસાયોની ભિન્નતા હોતી નથી તેથી અનિવૃત્તિ વિશેષણ લગાડેલું છે. આ ગુણસ્થાને

સમકાળે આવેલા સર્વ જીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય છે. એ પ્રમાણે દરેક સમયે અનુક્રમે અનંતગુણ વિશુદ્ધ અધ્યવસાયો સરખા જ હોય છે; પરંતુ દશમા ગુણસ્થાનકની અપેક્ષાએ કષાયો બાદર હોય છે તેથી અનિવૃત્તિ પછી બાદર વિશેષણ લગાડેલું છે. આ ગુણસ્થાને ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિનું કાર્ય આગળ વધે છે. તેથી મોહનીયકર્મની ૨૦ પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય થાય છે. આગળ સાત પ્રકૃતિનો ક્ષય કે ઉપશમ થયેલો જ છે એટલે અહીં એક સંજવલન લોભ જ અવશિષ્ટ રહે છે.

સમ્યકત્વ ગુણને પામ્યા પછી નિકાચિત કર્મોના ઉદયથી દુષ્કર્મોનો ઉદય થતાં પ્રાપ્ત સમ્યકત્વ ગુમાવી દેવાય છતાં પણ તે જીવો અર્ધપુદ્ગલ પરાવર્તકાળથી ઓછા સમયમાં મોક્ષ પામશે. આવાં જીવોએ તીર્થંકર ભગવંતોની અશાતના કરી હોય છે. તેથી સમ્યકત્વ ગુણ પામ્યા વગર કોઇપણ જીવની ક્યારેય પણ મુક્તિ થાય નહીં.

દર્શનમોહનીયના ક્ષયોપશમની સાથે ચારિત્રમોહનીયનો ઉદય હોય અને તે જોરદાર હોય તો આત્મા સંસારના સુખદુ:ખમાં રતિઅરતિ અનુભવે તેટલા માત્રથી તેનામાં સમ્યગ્દર્શન નથી તેમ કહી ન શકાય, એટલે કે તે મિથ્યાદૃષ્ટિ છે; એવો નિર્ણય ન કરી દર્શનમોહનીયનો ક્ષયોપશમ તાત્ત્વિક રીતે આત્માને તાત્ત્વિક દૃષ્ટિએ દેખતો કરી દે છે. જ્ઞાનીઓના કહ્યા પ્રમાણે હેયને હેય અને ઉપાદેયને ઉપાદેય જ માને એ દર્શનમોહનીયના ક્ષયોપશમથી શક્ય બને. પરંતુ હેયનો ત્યાગ કરવાનો જોરદાર ઉલ્લાસ અને ઉપાદેયનો સ્વીકાર કરવાનો જોરદાર ઉલ્લાસ પેદા થવા માટે ચારિત્ર મોહનીયની જરૂર પડે છે. દર્શનમોહનીયના ક્ષયોપશમના પ્રતાપે મોક્ષની અને શુદ્ધ મોક્ષમાર્ગની રુચિ પ્રગટે પણ તેને આચરવા માટે જે સમ્યકચારિત્ર છે તેના ક્ષયોપશમ વગર પમાય નહીં.

સમ્યકત્વની આ ચર્ચાના પરિણામ રૂપે એમ સમજવાનું નથી કે તેની સાથે રત્નત્રય એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રની ઉપેક્ષા સેવવાની છે. તેથી જ ધર્મને ધર્મ રૂપે કરવાની શરૂઆત પ્રથમ ગુણઠાણેથી થાય છે. આમ મિથ્યાત્વાદિની મંદતાની અપેક્ષાએ કહી શકાય. સમ્યગ્દર્શનની હાજરી માત્રથી જ્ઞાન સમ્યગ્જ્ઞાન બને છે, ચારિત્ર સમ્યક્ચારિત્ર બને છે અને તપ સમ્યક્ તપ બને છે. આ માટે શ્રદ્ધાળુ આત્માઓએ દેવ, ગુરુ અને ધર્મના વિષયમાં બહુ ચકોર બનવું જોઇએ. આ ત્રણ તત્ત્વત્રયીમાં અમુક અપેક્ષાએ ગુરુનું સ્થાન બહુ મહત્ત્વનું છે. દેવતત્ત્વ અને ધર્મતત્ત્વની પીછાણ સદ્ગુરુ દ્વારા થાય છે. શ્રી વીતરાગ અને સર્વજ્ઞ દેવના વિરહકાળમાં મોટો આધાર ગુરુતત્ત્વ ઉપર છે. જો ગુરુતત્ત્વ બગડે તો દેવતત્ત્વ પ્રત્યેની બુદ્ધિ વિપર્યાસ પામે. માટે તે આત્મા સમ્યગ્દૃષ્ટિ કહેવાય કે જે આત્માએ મોક્ષના આશયથી કુદેવ, કુગુરુ તથા કુધર્મનો ત્યાગ કરવા પૂર્વક સુદેવ, સુગુરુ અને સુધર્મનો સ્વીકાર કર્યો હોય. સમ્યગ્દર્શનના અભાવમાં જ્ઞાન અજ્ઞાન છે, ચારિત્ર મિથ્યાચારિત્ર છે અને તપ તે માત્ર કાય-કલેશ છે. તેથી 'સમ્યગ્દર્શનજ્ઞાનચરિત્રાણિ મોક્ષમાર્ગ:' એમ કહેવાયું છે. અહીં સમ્યગ્દર્શન પહેલું મૂકવાનું કારણ એ છે કે સમ્યગ્દર્શનના અભાવમાં જે જ્ઞાન હોય છે તે સમ્યક્ હોતું નથી, અને સમ્યગ્દર્શનના અભાવમાં જે ચારિત્ર હોય તે સમ્યક્ હોતું નથી. ઉપર જોયું તે પ્રમાણે જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે, ચારિત્ર જે હોય તે કાયકષ્ટ છે; અથવા તો સંસારમાં રઝળાવનારું મિથ્યા ચારિત્ર છે. આ ચારિત્રમાં સઘળી સત્કરણીનો સમાવેશ થઈ જાય છે. આયંબિલની ઓળીમાં સિદ્ધચક્રની જે આરાધના કરાય છે તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ક્રમમાં ઉપાસના કરાય છે.

મેરુ જેટલા સુકૃતને રસના અભાવાદિથી જેમ અણુ જેટલું બનાવી શકાય છે. મેરુ જેટલા દુષ્કૃત્યને રસના અભાવાદિથી અણુ જેટલું બનાવી શકાય છે તેમ તેનાથી વિપરીત કોટિના રસના સદ્ભાવથી મેરુ જેટલાને અણુ જેટલું બનાવી શકાય છે. મિથ્યાદૃષ્ટિ જે પાપ આચરે તેનાથી તેને જેટલો પાપનો બંધ થાય તેટલો પાપનો બંધ તે જ પાપ આચરનારા સમ્યગ્દૃષ્ટિ જીવને થતો નથી. તેનું કારણ શ્રી વંદિતાસૂત્રની આ ગાથામાં છે. સમ્મદિટ્ઠિ જીવો જઇવિ હુ પાવં સમાચરે કિં ચિ અપ્પોસિ હોઈ બંધો' જેણ ન નિદ્ધંસણં કુણઇ. ક્રૂરતાપૂર્વક, રસપૂર્વક તે ન આચરતો હોવાથી પાપબંધ ઓછો થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ વસ્તુત: પાપનો રાગી નથી હોતો, પરંતુ પાપના ત્યાગનો રાગી હોય છે. કર્મોદયજનિત સંજોગવશાત્ તે પાપ કરે છે, પણ તેના પ્રત્યે અણગમો હોઈ શકે. સમ્યગ્દૃષ્ટિ સંસારમાં રહી તેથી વિષયોપભોગ કરે પણ તેમાં તેને રાગ કે આસક્તિ નથી હોતી. વિષયના ભોગનો રાગ અને તે દ્વારા તેનું વિષ-ઝેર નીચોવાઈ ગયું છે જ્યારે મિથ્યાદૃષ્ટિ મોહનીયકર્મના સકંજામાં તે તીવ્ર આસક્તિ, રાગ તથા કામનાસહ ભોગવે છે તેથી તેનું બંધન અત્યંત ગાઢ હોઈ શકે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ જળસ્થિત કમળની જેમ નિર્લેપ રહે છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ તેમાં કલંકિત થઈ જાય છે. મહાવીરસ્વામી પોતાના છેલ્લા ભવમાં તીર્થંકરના ભવમાં પરણ્યા, પુત્રી પણ પ્રાપ્ત થઈ, ૩૦ વર્ષ સંસારમાં કમળવત્ રહ્યા અને છેલ્લે તેનો ત્યાગ કરી તીર્થંકર બન્યા. શ્રેણિક મહારાજા કે જેને એક વખતે ૨૩ પત્ની હતી અને ૨૩ પુત્રો હતા તે સમકિત થતાં આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે. તેથી કહી શકાય કે શુદ્ધ સમકિતી આત્માને વિષયનું વિષ ચઢતું નથી કારણ તે આત્માઓમાં વિષયો-કષાયો વિષતુલ્ય છે. આ વિવેક મોટું કારણ છે. તેઓની દૃઢ માન્યતા હોય છે કે મુક્તિ સિવાયનું સુખ કે દુ:ખ તેના મિશ્રણ વિનાનું હોતું નથી. તે દુ:ખમય, દુ:ખફલક અને દુ:ખપરંપરક છે. પંચસૂત્રમાં તેમજ કહ્યું છે. દુ:ખરૂપે, દુ:ખફલે, દુ:ખાણુબંધિ (પંચસૂત્ર). ઉપરના પાત્રોએ બાર ભાવનાઓમાંથી એક કે એકથી વધુ ભાવના સદ્ભાવનાપૂર્વક ભાવતા કેવળજ્ઞાનના અધિકારી થઇ શક્યા છે.

મોહનીયકર્મ અને તેના સત્તર સાગરિતોનું સૈન્ય અક્ષૌહિણી સૈન્ય જેવું બલિષ્ઠ, ગર્વિષ્ઠ અને પાપિષ્ઠ છે. તેના પ્રતિકાર માટે પ્રતિદ્વંદ્વી, પ્રતિપક્ષી માત્ર સુદૃઢ સૈન્ય તે સમ્યગ્દર્શન યા સમકિત યા સમ્યકત્વ છે. મોહનીયકર્મની પ્રબળતાને લીધે અનંતાનંત પુદ્ગલપરાવર્તકાળથી કર્મસંતાન સંવેષ્ટિત કાળચક્રો જીવાત્માનો અનંતાનંત વારે પસાર થાય તો પણ સમ્યકત્વની સ્થિતિ પર આવી શકતો નથી. તેના ઉત્કૃષ્ટ ક્રિયાકલાપો દ્રવ્ય જ રહે છે, ભાવસ્થિતિ પામતા નથી; કારણ કે તે ક્રિયાના મીંડા આગળ સમકિતનો એકડો આવતો નથી.

સમકિતની મહત્તા આ પ્રમાણે પ્રદર્શિત કરી શકાય. તેને દર્શન, મુક્તિબીજ, સમ્યકત્વ, તત્ત્વસાધન, તત્ત્વવેદન, દુ:ખાંતકૃત, સુખારંભ કહેવાય છે. તેનું ગૌરવ બતાવવા માટે શાસ્ત્ર તરફ વળીએ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી શાસ્ત્રવાર્તા સમુચ્ચય નામના ગ્રંથરત્નમાં તેની ઉપર મુજબ પ્રશંસા કરી છે. આત્માના યથાસ્થિત સ્વરૂપને સમજવા માટે અતિઉપયોગી હોવાથી તે દર્શન કહેવાય છે. કારણ કે તમેવ સચ્ચં નિ:શંકં જં જિને: પ્રરૂપિતમ્. તેથી તે તત્ત્વરુચિ છે. તેથી અર્ધપુદ્ગલપરાવર્તથી વધારે સંસારવાળા સમ્યગ્દર્શન પામી શકતા જ નથી અને મોહનીયના સકંજામાં વારંવાર ફસાયા કરે છે. વળી હિતોપદેશ માલા ૧૬-૧૭માં તેને ધર્મવૃક્ષના મૂળ તરીકે ધર્મનગરના પ્રવેશદ્વાર તરીકે, ધર્મરૂપ પ્રાસાદની પીઠ તરીકે, ધર્મરૂપ જગતના આધાર તરીકે, ઉપશમ રસના ભાજન તરીકે અને ગુણરત્નના નિધાન તરીકે વર્ણવ્યું છે.

છેલ્લે છેલ્લે મોહનીયકર્મના ૧૮ અક્ષૌહિણી જેટલા વિશાળ સૈન્યને પરાજિત કરવા શિકસ્ત આપવા સમ્યગ્દર્શનના સૈન્ય તરફ પણ આપણે

આંખ આગળ કાન ધરવા ન જોઇએ. સૌપ્રથમ જિનેશ્વરના વચનમાં અતૂટ શ્રદ્ધા, અનુરક્તતા, જિનેશ્વરના વચનોને ભાવપૂર્વક ક્રિયાન્વિત કરવાં. રાગ-દ્વેષ રૂપી જે મળ આત્મપ્રદેશોમાં ચોંટી ગયો છે તેને દૂર કરવો. સંકલેશ ન ધરવો. જિનેશ્વરોએ જે પ્રતિપાદન કર્યું છે તે જ સત્ય છે, તેમાં કોઈ પ્રકારની શંકા ન સેવવી. ધાર્મિક અનુષ્ઠાનાદિ કરવાં. તેમાં હાર્દિક ઉલ્લાસ, તમન્ના, તરવળાટ અને નિરાશંસભાવ રાખવાં. ચરણકરણ વગરનું સ્થૂળ જ્ઞાન સંસારસાગરમાં ડુબાડી દે તેમ છે જાણી પુદ્‌ગલાનંદી કે ભવાભિનંદી ન થવું. કર્મોની સંવર દ્વારા નિર્જરા પ્રત્યે જ ધ્યાન કેન્દ્રિત કરવું. ધર્મનો મર્મ એ અંતરની પરિણતિ છે તેમ મન સમક્ષ સદૈવ રાખવું. ક્રિયા કરતાં પરિણતિ પ્રત્યે લક્ષ રાખવું. મહાવૈરાગ્ય, મહાવિરક્ત અને વિરતિભાવમાં મગ્ન રહેવું, ઉપશમ, સંવર અને વિવેક કેળવવા. અશુભ ભાવો તથા અશુભલેશ્યા ત્યજી શુભ ભાવો તથા શુભ લેશ્યાનું સેવન, વ્રતો અને કરણાની જયણા. પુણ્યાનુબંધી પુણ્ય મેળવવા પાપનો પ્રબળ સંતાપ, બહુ ગદ્‌ગદ્‌ દિલે, ધર્મારાધના અને તેમાં નિરાશંસભાવ. આના ફળસ્વરૂપે અહોભાવ, ગદ્‌ગદ્‌ દિલ, અપૂર્વ હર્ષોલ્લાસ અને રોમાંચ પ્રગટવા જોઇએ. જિનદર્શન કે જિનસ્તવન કરતાં એકાગ્રતા તથા અનુપ્રેક્ષા, ધર્મનો મર્મ સમજી સામાયિક, પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો કરતાં પરિણતિ થવી જોઇએ.આગળ ને આગળ વધવું જોઇએ, અંતર પરિણત થવું જોઇએ, માર્ગાનુસારિતા, માર્ગાસન્ન, માર્ગોન્મુખ થવું જોઇએ, ભવનિર્વેદ, સંવેગ, સંવર તથા નિર્જરા દ્વારા પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ, મોક્ષ મેળવવાની અદમ્ય લાલસા, વિનય, વિવેક, વૈયાવચ્ચાદિ આત્મોન્નતિકારક ગુણોની ભરભાર, આહારાદિ દશ સંજ્ઞાનો જય, પાપ અને પાપી જીવનનો તીવ્ર સંતાપ, સમાધિ અને સમતાદિ ગુણોની ભરભારથી આત્મોન્નતિ તથા આત્મવિકાસથી સિદ્ધિતપની પ્રાપ્તિ સુકર બને. આ પંક્તિથી આની પુષ્ટિ કરું:-

ભાવે ભાવના ભાવિએ, ભાવે દીજે દાન.
ભાવે જીનવર પૂંજીએ, ભાવે કેવળજ્ઞાન.

બાર ભાવનાઓ છે. તેમાંથી એક કે વધુ દ્વારા આ રહી કેવળજ્ઞાનધારાની કેટલીક ફોજ: માતા મરૂદેવી, સ્નાનાગારમાં વીંટી પાડનારા ભરતચક્રવર્તી, ભાઇને મારવા મુઠ્ઠી ઉગામનાર બાહુબલી, પ્રભુ પ્રત્યેની આસક્તિ, રાગ, મોહમાયાને ત્યજનાર ચાર જ્ઞાનના ધારક પ્રથમ ગણધર ગૌતમસ્વામી, મસ્તક ઉપર અંગારા સહન કરનાર ગજસુકુમાલ, ભિક્ષામાં પોતાની લબ્ધિ વગર મળેલા લાડુનો ચૂરો કરનાર ઢંઢણકુમાર, ગુરુણીનો ઠપકો ન સહન કરનાર પટ્ટધર મહાવીરપ્રભુની સાધ્વીઓમાં શિરમોર ચંદનબાળા, કેવળીની આશાતના કરી છે એમ જાણનાર મૃગાવતીજી, શીતલાચાર્ય, તથા તેના જ ભાણેજો, ચંદ્રાઆચાર્ય, નદી પાર કરનાર ગુરુ અર્ણિકાપુત્ર તેના શિષ્યા પુષ્પચૂલા અને જે તેને પ્રતિદિન યોગ્યમાત્રામાં આહાર આપનાર લલિતાંગ મુનિ તથા નાસ્તિક અસંમત, લગ્નની ચોરીમાં કામનો સંહાર કરનાર ગુણસાગર, રાજસિંહાસન પર બીરાજેલા રાજા પૃથ્વીચંદ્ર, લગ્ન કરવા માટે ઉત્સુક ન હોવા છતાં લગ્ન કરવા તૈયાર થયેલા જંબૂસ્વામી અને તેને ત્યાં ચોરી કરવા આવેલાં પ્રભવ તથા ૫૦૦ ચોર તથા આઠ કન્યા તથા તેઓના માતાપિતા એમ ૫૨૭ કેવળીઓ, માંગ સ્વીકારાયા પછી આખું રાજ્ય માંગીને તેમાંથી પાછા ફરનાર કપિલ કેવલી, નિર્વસ્ત્ર રાજીમતી તથા તેના ઉપદેશ દ્વારા રથનેમિ, છ મહિના ઉપસર્ગ સહન કરનાર દઢપ્રહારી, પુષ્પપૂજામાં છુપાયેલા સર્પદંશવાળા નાગકેતુ, ઝાંઝરયામુનિ, તથા તેને શિક્ષા કરાવનારા રાજા, મસ્તક પર લીલી વાધરી વીંટાળી છે જેને તે મેતાર્ય મુનિ, ઇલાચીકુમાર તથા તેનું નૃત્ય જોનારા રાજા તથા રાણી, પ્રસન્નચંદ્ર રાજર્ષિ, રાજર્ષિ કીર્તિધર અને તેનો પુત્ર સુકોશલ, કરગકમુનિ, સ્કંદાચાર્યના ૫૦૦ શિષ્યો વગેરે કેવળી થયા.

સમ્યગ્દર્શન એ રત્નદીપક હોઈ ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામીજી મહારાજ તે રત્નદીપને મનમંદિરમાં સદાને માટે ધરવાનો, સમ્યગ્જ્ઞાનને શીખવાનો, સમ્યક્ચારિત્રનું પરિપાલન કરવાનો તથા સમ્યક્તપને આચરવાનો ઉપદેશ આપે છે. તે તારક ફરમાવે છે કે:-

હે ભવ્ય જીવો, તમે સદા માટે તમારા મનરૂપ ભવનમાં શ્રી સર્વજ્ઞ પરમાત્માઓથી પ્રણીત કરાયેલાં આગમોમાં પ્રગટ કરેલા તત્ત્વરૂપ અર્થોની સદ્દહણારૂપ શ્રદ્ધાને એટલે કે સમ્યગ્દર્શનરૂપ રત્નપ્રદીપને સ્થાપન કરો !'

જોઈ શકાય છે ગણધર ભગવંતે સર્વજ્ઞ પરમાત્માઓએ કહેલ આગમોમાં પ્રગટ કરેલ તત્ત્વરૂપ અર્થોની શ્રદ્ધાને રત્નદીપની ઉપમા આપીને તેને સદા માટે મનરૂપ મંદિરમાં પ્રસ્થાપન કરવાનો ઉપદેશ આપ્યો છે. તે દ્વારા સમજવાનું કે એ રત્નદીપકના અભાવમાં કોઇપણ જાતનો પ્રકાશ વસ્તુત: પ્રકાશ જ નથી. તેથી શ્રદ્ધા, સમ્યગ્દર્શન, સમકિત કે સમ્યકત્વનો જય જયકાર થતો રહે. આ સાધન વડે પ્રબળતમ એવા મોહનીય કર્મ તથા તેના સઘળાં સાગરિતોને શિકસ્ત અપાય તે હવે નિ:શંક અને નિર્વિવાદ વાત રહેવી જોઇએ. અંતમાં કલ્યાણમંદિરના ૪૧મા શ્લોકથી પૂરું કરું:-

દેવેન્દ્રવંદ્ય ! વિદિતાખિલવસ્તુ સાર ! સંસારતારક ! વિભો !
ત્રાયસ્વ દેવ ! કરુણાહૃદય ! માં પુનીહિ, સીદન્તામદ્ય ભયદવ્યસનામ્બુરા કો: ॥

❖❖❖

## ભૂકંપ રાહત ફંડ

ગુજરાતમાં અને તેમાં પણ વિશેષત: કચ્છમાં ભયાનક ભૂકંપથી વ્યાપકપણે જે તારાજી થઈ છે અને માનવસંહાર થયો છે તે તો નજરે નિહાળનારને વધુ સારી રીતે સમજાય એમ છે. પરિસ્થિતિ અત્યંત હૃદયદ્રાવક છે. સરકાર અને અન્ય સંસ્થાઓ રાહતકાર્યમાં લાગી ગઈ છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પણ ભૂકંપ રાહત ફંડ એકત્ર કરવાનું ઠરાવ્યું છે. એમાં યથાશક્તિ સહાય કરવી એ આપણું કર્તવ્ય છે. આપ પણ એમાં સહયોગ આપશો એવી આશા અને શ્રદ્ધા છે.

ચેક 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના નામનો લખવા વિનંતી છે.

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
□ મંત્રીઓ

## સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિત અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૨૦૦૦ના વર્ષ માટેનું પારિતોષિક ડૉ. બિપિનચંદ્ર કાપડિયાને એમના લેખો માટે આપવાનું નિર્ણાયક સમિતિએ નક્કી કરેલું છે. અમે ડૉ. બિપિનચંદ્ર કાપડિયાને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયક તરીકે સેવા આપનાર ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ધનશ્યામભાઈ દેસાઈ અને શ્રી દીપકભાઈ દોશીનો આભાર માનીએ છીએ.

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
□ મંત્રીઓ

# ભાવનગરમાં પી. એન. આર. સોસાયટીને સંઘ દ્વારા સહાયતા-નિધિ અર્પણનો કાર્યક્રમ

◻ તારાબહેન રમણલાલ શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી છેલ્લાં પંદરેક વર્ષથી પ્રતિવર્ષ પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા દરમ્યાન મુંબઇની બહાર, વિશેષત: ગુજરાતમાં ગરીબ અને પછાત લોકોની સેવા કરતી કોઈ એક સંસ્થાને આર્થિક સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે. વ્યાખ્યાનમાળામાં એ માટે શ્રોતાઓને દાન આપવા અપીલ કરવામાં આવે છે. એ રીતે એકત્ર થયેલ રકમ તે સંસ્થાને આપવામાં આવે છે. ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન ભાવનગરની પી. એન. આર. સોસાયટીને સહાય કરવા માટે રૂપિયા એકવીસ લાખથી વધુ રકમનો નિધિ એકત્ર કરવામાં આવ્યો હતો. આ સંસ્થા માટે દાનવીર શ્રેષ્ઠી મુ. શ્રી મફતકાકા તથા ભાવનગરના અગ્રણી શ્રી મનુભાઈ શેઠની સવિશેષ ભલામણ હતી.

પી. એન. આર. સોસાયટીને એકવીસ લાખનો ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૪મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભાવનગરમાં યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રવાસ-તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંઘના હોદ્દેદારો, સમિતિના સભ્યો, દાતાઓ, અન્ય સભ્યો વગેરે અમે આશરે પિસ્તાલીસ ભાઇ-બહેનો મુંબઇથી તા. ૧૧મી જાન્યુઆરીએ રાત્રે નીકળી તા. ૧૨મીએ સવારે વડોદરા પહોંચ્યાં હતાં. ત્યાંથી સ્પેશ્યલ બસ દ્વારા અમે ચિખોદરા જવા રવાના થયાં હતાં. ચિખોદરાની આંખની હોસ્પિટલના અતિથિગૃહમાં સ્નાનાદિથી પરવારી, ચા-નાસ્તો લઈ અમે સૌ આગળ ચાલ્યા હતા. અમને જણાવતાં આનંદ થાય છે કે ચિખોદરા હોસ્પિટલના સેવાભાવી ડૉ. શ્રી રમણીકલાલ દોશી (મુ. શ્રી દોશીકાકા) પણ અમારી સાથે ભાવનગર આવવા જોડાયા હતા. રસ્તામાં કલિકુંડ તીર્થમાં (ધોળકામાં) દર્શન-પૂજા, ભોજન વગેરે માટે લોકસેવક શ્રી કુમારપાળ વિ. શાહે અમારે માટે વ્યવસ્થા કરાવી હતી.

કલિકુંડથી સાંજે અમે ભાવનગર પી.એન.આર. સોસાયટીમાં પહોંચ્યાં હતાં. ત્યાં શ્રી અનંતભાઈ મહેતા, શ્રી મનુભાઈ શેઠ વગેરેએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યાર પછી તેઓએ અમને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ નિહાળવા જુદા જુદા વિભાગમાં ફેરવ્યા હતા. પી. એન. આર. સોસાયટી દ્વારા બહેરા, મૂંગા, અંધ, અને મંદબુદ્ધિના બાળકો માટે સારવાર તથા તાલીમની સરસ આધુનિક વ્યવસ્થા છે. તદુપરાંત પોલિયોના દર્દીઓને ઓપરેશન કરી આપવામાં આવે છે. વિકલાંગો માટે કૃત્રિમ અને અન્ય પ્રકારનાં સાધનો બનાવવામાં આવે છે. 'પ્રભા ફૂટ'ની એમની સિદ્ધિ ખ્યાતનામ બની છે. આ બધા વિભાગોમાં નિષ્ણાત, સેવાભાવી વ્યક્તિઓની સેવા પ્રાપ્ત થાય છે. અંધ તથા બહેરા-મૂંગા કિશોર તથા કિશોરીને વ્યવસાયે લગાડવામાં આવે છે. સંસ્થાનું સ્વચ્છતાનું, રમણીયતાનું ધોરણ પણ બહુ પ્રશંસનીય રહ્યું છે.

સંસ્થાની મુલાકાત દરમિયાન તરત નજરે પડે એવી એક મહત્ત્વની વાત એ હતી કે પોલિયોના ઓપરેશન, સારવાર તથા સાધનો માટે ઠેઠ પંજાબથી અનેક શીખ કુટુંબો આ સંસ્થામાં આવતાં રહે છે અને સારવારથી સંતોષ અનુભવે છે. ગુજરાતનું પંજાબ સાથેનું આ ભાવાત્મક જોડાણ જોનારને ભાવવિભોર બનાવે એમ છે.

સંસ્થાની મુલાકાત લઈ, ભોજન પછી રાત્રે અમે પાલીતાણા પહોંચ્યાં હતાં. ત્યાં ઓશવાળ યાત્રિક ભવનમાં એના ટ્રસ્ટી શ્રી સોમચંદભાઈ ગોસરાણીએ અમારા માટે ઉતારો અને ભોજનની વ્યવસ્થા કરી હતી.

બીજો દિવસ એટલે કે તા. ૧૩મી જાન્યુઆરીનો દિવસ શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા માટે રાખવામાં આવ્યો. સૌ સભ્યોએ પોતપોતાની અનુકૂળતા પ્રમાણે ડુંગર ઉપર, તળેટીમાં, હસ્તિગિરિમાં, ડેમ પરના દેરાસરમાં દર્શન-પૂજાદિ કર્યા હતાં.

તા. ૧૪મી જાન્યુઆરીએ, મકર સંક્રાન્તિના પવિત્ર પર્વના દિવસે સવારે ચા-નાસ્તો લઇને અમે પાલીતાણાથી ભાવનગરમાં પી.એન.આર. સોસાયટીના પ્રાંગણમાં આવ્યા હતા. પૂ. મોરારીબાપુના સાંન્નિધ્યમાં, મુ. શ્રી મફતલાલ મો. મહેતા (મુ. મફતકાકા)ના પ્રમુખપદે સહાયતાનિધિ અર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ચિખોદરાની આંખની હોસ્પિટલના ડૉ. રમણીકલાલ દોશી અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા. ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ અને તત્ત્વચિંતક શ્રી બટુકભાઈ મહેતા પણ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પદાધિકારીઓ શ્રી દીપચંદભાઈ ગાર્ડી, શ્રી કાંતિલાલ એન. શાહ, શ્રી શશિભાઈ વાધર, શ્રી રમેશભાઈ શાહ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાનાં પ્રાંગણમાં કરવામાં આવેલા સુશોભિત મંડપમાં કાર્યક્રમનો પ્રારંભ પ્રજ્ઞાચક્ષુ બાળકોના પ્રાર્થના-સંગીતથી થયો હતો. શ્રી મોરારીબાપુના હસ્તે જૈન યુવક સંઘના હોદ્દેદારો અને અન્ય મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને શાલથી અભિવાદન કરવામાં આવ્યું હતું. માનદ્ મંત્રી શ્રી અનંતભાઈ શાહે (બાબાભાઇએ) સંસ્થાનો પરિચય આપ્યો હતો અને એક છત્ર નીચે વિવિધ પ્રકારનાં વિકલાંગોને કેવી સારવાર અને તાલીમ અપાય છે તથા સંસ્થાની સુવાસ દેશ-વિદેશમાં કેવી પ્રસરી છે તેનો ખ્યાલ આપ્યો હતો. સંસ્થાના ટ્રસ્ટી અને જૈન સમાજના અગ્રગણ્ય સેવાભાવી કર્મઠ કાર્યકર્તા શ્રી મનુભાઈ શેઠે એકવીસ લાખની રકમ માટે પોતાની ખુશાલી વ્યક્ત કરવા સાથે જાહેરાત કરી હતી કે મુ, શ્રી મફતકાકાના એક લાખ અને શ્રી દીપચંદભાઈ ગાર્ડીના સવાલાખની રકમના દાન ઉપરાંત આ પ્રસંગે શ્રી સુરેશભાઈ પેથાણી, શ્રી શશિભાઈ વાધર, શ્રી ચંદ્રકાન્ત દી. શાહ વગેરે તરફથી મળેલી બીજી રકમો સહિત સહાયની રકમનો આંકડો હવે રૂપિયા પચીસ લાખથી વધુ થાય છે. એમની આ જાહેરાતને સૌએ હર્ષથી વધાવી લીધી હતી.

આ પ્રસંગે સંઘના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ શાહે સંઘની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો અને જણાવ્યું હતું કે 'પ્રબુદ્ધ જીવન' તથા પર્યુષણ વ્યાખ્યાનમાળા ઉપરાંત છેલ્લાં પંદર વર્ષથી સંઘે લોકસેવાની વિવિધ પ્રવૃત્તિઓ ઉપાડી લીધી છે. ત્યારપછી સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ દી. શાહ, મંત્રીઓ શ્રીમતી નિરૂબહેન શાહ તથા શ્રી ધનવંતભાઈ શાહ તથા શ્રી તારાબહેન ર. શાહે પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં હતાં. ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ દી. શાહ અને એમની પત્ની નિર્મળાબહેને પોતાની સ્વર્ગસ્થ પુત્રી ચિ. સ્મિતાની યાદગીરીમાં વધારાનું રૂપિયા પચીસ હજારનું દાન જાહેર કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સંઘના હોદ્દેદારોને હસ્તે વિકલાંગોને સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા સ્વ. કમળાબહેન મફતલાલ મહેતાના સ્મરણાર્થે પોલિયો હોસ્પિટલમાં લિફ્ટનું ઉદ્‌ઘાટન શ્રી મોરારીબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી મોરારીબાપુએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથેનાં પોતાનાં સંસ્મરણો તાજાં કર્યાં હતાં અને સંઘ કોઈ પણ જાતિ, જ્ઞાતિ, સંપ્રદાય અને પ્રાંતના ભેદભાવ વગર લોકસેવાનું જે કાર્ય કરે છે તેની પ્રશંસા કરી હતી. તેમણે સભાને પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. મુ. શ્રી મફતકાકા, ડૉ. શ્રી રમણીકલાલ દોશી, શ્રી દીપચંદભાઈ ગાર્ડી, શ્રી બટુકભાઈ મહેતા વગેરેએ પણ પ્રસંગોચિત વક્તવ્યો રજૂ કર્યા હતાં.

આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનોમાં શ્રી રમેશભાઈ પારેખ, વેણીકાકા, રમેશભાઈ શાહ, વિનુભાઈ પરીખ, ગુણવંતભાઈ વડોદરિયા, મણિભાઈ ગાંધી, જયંતભાઈ વનાણી, પ્રતાપભાઈ શાહ, ચંદ્રકાન્ત ત્રિવેદી, અનંતભાઈ રાવળ, ભાસ્કરભાઈ ભાવસાર, કે. એલ. મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું સંચાલન શ્રી સૂર્યકાન્ત ચાવડાએ કર્યું હતું અને આભારવિધિ શ્રી શશિભાઈ વાધરે કરી હતી.

તા. ૧૪મીએ બપોરે ભોજન લીધા પછી સંઘના સૌ સભ્યો ઘોઘા તીર્થની યાત્રાએ ગયા હતા. બીજે દિવસે તા. ૧૫મી જાન્યુઆરીએ સવારે ચા-નાસ્તો કરી ભાવનગરથી નીકળી, બપોરનું ભોજન તગડી નંદનવન તીર્થમાં લઈ, સાંજે અમે સૌ ચિખોદરા પહોંચ્યાં હતાં. ચિખોદરામાં સાંજનું વાળુ લઈ, વડોદરાથી રાત્રે ટ્રેનમાં નીકળી અમે સૌ મુંબઈ આવ્યા હતા.

આ રીતે ભાવનગરની પી.એન.આર.સોસાયટીને રૂપિયા પચીસ લાખની રકમ અપાઈ એ જૈન યુવક સંઘના ઇતિહાસમાં વિક્રમરૂપ ઘટના બની ગઈ છે. ભાવનગર-શત્રુંજય તીર્થની યાત્રાનો અમારો પ્રવાસ અમારે માટે એક યાદગાર કાર્યક્રમ બની ગયો છે.

❖❖❖

# નિરુદ્દેશ યાત્રા અને LE VOYAGE

## ☐ ડૉ. રણજિત પટેલ 'અનામી'

'નિરુદ્દેશ યાત્રા' એ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું રોમાન્ટિકતા-રંગદર્શિતાના-રંગે રંગાયેલું પરમ રહસ્યના તત્ત્વને અદશ્ય અવગુંઠનમાં ગોપિત કરતું એક અજોડ કાવ્ય છે, તો 'લિ વૉયેજ' બીજા એક સમર્થ ફ્રેન્ચ કવિ-એન્ટી-રોમાન્ટિક કવિ-બોદલેયરનું વાસ્તવિકતાનેય અતિ કૃષ્ણ રંગે રંગવાના ઉદ્દેશવાળું યાત્રા-કાવ્ય છે. કવિવર રવીન્દ્રનાથે મૂળ બિંબને સુવર્ણ રંગે રંગી પ્રતિબિંબિત કર્યું છે, તો કવિવર બોદલેયરે વાસ્તવિક બિંબને નિર્વેદ અને જુગુપ્સાને રંગે રંગી, બિંબ કરતાં પ્રતિબિંબને ઘનિષ્ઠ ને વિસ્તૃત કર્યું છે. આ બંનેય કાવ્યોને તુલનાવી તેનું વિવરણ-વિવેચન કરતાં પહેલાં એ બે કાવ્યોને માણીએ.

પ્રથમ કવિવર રવીન્દ્રનાથનું 'નિરુદ્દેશ યાત્રા' જોઇએ: 'હે સુંદરી, હજી તું મને કેટલે દૂર લઈ જઈશ ? બોલ, કયે કિનારે તારી સોનાની નૌકા લાંગરશે ? હે વિદેશિની ! જ્યારે જ્યારે હું પૂછું છું ત્યારે ત્યારે હે મધુરહાસિની ! તું માત્ર હસે છે-સમજી નથી શકતો તારા મનમાં કોણ જાણે શું છે ? મૂંગી મૂંગી આંગળી ઊંચી કરીને તું બતાવે છે, ફૂલહીન સમુદ્ર આકુલ બની જાય છે, દૂર પશ્ચિમમાં સૂર્ય ગગનના ખૂણામાં ડૂબે છે. ત્યાં શું છે ? શાની શોધમાં આપણે જઈએ છીએ ?

હે અપરિચિતા ! મને કહે જોઉં, તને પૂછું છું; પણે જ્યાં સંધ્યાને કિનારે દિવસની ચિતા સળગે છે, તરલ અગ્નિના જેવું જલ ઝળહળ થાય છે, આકાશ પીગળીને પડે છે, દિક્‌વધૂની આંખો જાણે અશ્રુજલથી છલછલ થાય છે, ત્યાં ઊર્મિ-મુખર સાગરની પાર, મેઘચુંબિત અસ્તાચળને ચરણે તારું ઘર છે ? તું શબ્દ પણ બોલ્યા વગર મોં સામે જોઈને માત્ર હસે છે.

વાયુ હુહુ કરીને સતત દીર્ઘ નિશ્વાસ નાખે છે. જલનો ઊભરો અંધ આવેગથી ગર્જના કરે છે. ગાઢ નીલ નીર સંશયમય છે. કોઈ પણ દિશામાં જોતાં કાંઠો દેખાતો નથી, જાણે આખા જગતને ડુબાડીને અસીમ રોદન ઝૂલી રહ્યું છે. તેના ઉપર હિરણ્યમયી નૌકા તરે છે, તેના ઉપર સંધ્યાકિરણ પડે છે-તેમાં બેસીને આ નીરવ હાસ્ય શા માટે હસે છે ? મને તો સમજાતું નથી કે તારો આવો વિલાસ શા માટે છે ?

જ્યારે તેં પહેલાં બૂમ મારી હતી: 'કોને સાથે આવવું છે ?'-ત્યારે નવીન પ્રભાતે મેં સહેજ વાર તારી આંખમાં જોયું હતું. સામે હાથ ફેલાવીને તેં પશ્ચિમ તરફ અપાર સાગર બતાવ્યો, જળ ઉપર આશાના જેવો ચંચલ પ્રકાશ કાંપતો હતો. પછી હોડીમાં ચડીને મેં પૂછ્યું: ત્યાં નવીન જીવન છે શું ? ત્યાં આશાના સ્વપ્નોને સોનાના ફળ આવે છે શું ?' શબ્દ પણ બોલ્યા વગર મોં તરફ જોઈને તું કેવળ હસી.

ત્યાર પછી કોઈક વાર વાદળાં ચડયાં છે તો કોઈ વાર સૂર્ય, કોઈવાર સાગર ક્ષુબ્ધ થયો છે તો કોઈ વાર શાંત રહ્યો છે, 'દિવસ વહી જાય છે.' સઢમાં પવન ભરાય છે, સોનાની નૌકા ક્યાંય ચાલી જાય છે. પશ્ચિમમાં જોઉં છું તો સૂર્ય અસ્તાચળ પર ઊતરે છે. હવે એકવાર તને પૂછું છું કે ત્યાં સ્નિગ્ધ મરણ છે ? તિમિર તળે શાંતિ છે, સુપ્તિ છે ? તું શબ્દ પણ બોલ્યા વગર આંખ ઊંચી કરીને હસે છે.

હમણાં અંધારી રાત પાંખ ફેલાવીને આવશે, સંધ્યાકાશમાં સોનેરી પ્રકાશ ઢંકાઈ જશે, માત્ર તારા દેહનો સૌરભ ઊડે છે, માત્ર જલનો કલરવ કાને પડે છે, વાયુથી તારો કેશરાશિ શરીર ઉપર ઊડીને પડે છે. વિકલ હૃદય અને વિવશ શરીરવાળો હું તને બૂમ પાડીને અધીર બનીને કહીશ: 'અરે ઓ ક્યાં છે ? પાસે આવીને સ્પર્શ કર.' તું શબ્દ પણ નહિ બોલે. તારું નીરવ હાસ્ય હું જોવા નહિ પામું.'

'નિરુદ્દેશ યાત્રા'નો આ તો ગદ્યમાં કરેલો ભાવાનુવાદ છે. મૂળ બંગાળી ભાષાનું કવિત્વ અને લાલિત્ય તો ઓર જ છે.

ભાવ, ભાષા અને ભંગિની દૃષ્ટિએ ફ્રેન્ચ કવિ બોદલેયર પણ કમ નથી. એની વિશ્વ-યાત્રાનું-એના શબ્દોમાં 'Eternal Balance-Sheet of the entire globe' કેવું છે ? એનો ગુજરાતી અનુવાદ જુઓ :

'શોધવાનો પ્રયત્ન કર્યા વગર જ એ કારમી સીડી ઉપર માથાથી તે પગ સુધી સર્વત્ર અમને મૃત્યુહીન પાપનું કંટાળાજનક દશ્ય જ જોવા મળ્યું: પેલી અધમ ગુલામડી સ્ત્રી, ઘમંડી અને બેવકૂફ; એ ગંભીરતાપૂર્વક પોતાને સાજ સજાવે છે અને જુગુપ્સા વગર પોતાની જાતને વહાલ કરે છે. પેલો લોભી આપખુદ પુરુષ, લંપટ, નિર્દય અને લાલચુ, ગુલામડીનોય ગુલામ, મળની ગટરનો ફાંટો, પીડનમાં જ રાચનારો, ડૂસકાં ભરતો શહીદ; લોહીથી સ્વાદિષ્ટ અને સુવાસિત મેજબાની, સત્તાના વિષથી અકળાઈ ઊઠેલો સત્તાધીશ; પોતાને મૂઢ બનાવી દેનારા ચાબખા પાછળ ગાંડા બનેલા લોકો; સ્વર્ગની સીડી સમા આપણા ધર્મ જેવા જ કેટલાક ધર્મો; નખ વધારવામાં અને ખરબચડાં કપડાં પહેરવામાં (કાયા કલેશમાં) જ આનંદપુલક અનુભવનારા પીંછાની પથારીની હૂંફમાં આરામથી સૂતેલા દરદી જેવા સંતો. પોતાની જ ચતુરાઈના નશાથી બકબકાટ કરતી, પહેલાંના જ જેવી ગાંડી અને પોતાની ગાંડપણભરી વેદનાથી ઈશ્વરને ઉદ્દેશીને 'ઓ મારા સમરૂપ, મારા પ્રભુ, હું તને શાપ આપું છું' એમ કહીને ચીસ પાડતી માનવજાત; અને સૌથી ઓછા બેવકૂફ એવા પેલા પાગલપણાના અકુતોભય પ્રેમીઓ; જેઓ વિધિએ સંરક્ષેલા ટોળામાંથી ભાગીને અફીણની શાશ્વતીમાં શરણું લે છે...આખી પૃથ્વીનું આ શાશ્વત સરવૈયું છે.' (લિ વૉયેજ)

બોદલેયર કહે છે તેમ : 'આખી પૃથ્વીનું આ શાશ્વત સરવૈયું છે'...'આખી પૃથ્વી' 'શાશ્વત' અને 'સરવૈયું'નો વિચાર કવિવર ટાગોરના 'નિરુદ્દેશ કાવ્ય'ને માણ્યા પછી વિગતે કરીશું.

'નિરુદ્દેશ કાવ્ય'ની પંક્તિમાં બેસે એવું કવિવર ટાગોરનું એક 'સોનાર તરી'-સોનાની હોડી નામે બીજું કાવ્ય છે જેમાં તેઓ કહે છે: 'ગીત ગાતો, હોડી ચલાવતો કોણ કિનારે આવી રહ્યો છે ? જોઈને જાણે મનમાં થાય છે કે એને ઓળખું છું...અરે ઓ તું ક્યાં જાય છે, કયા વિદેશે ? એકવાર કિનારે આવી હોડી લગાડ. જ્યાં જવા ચાહે ત્યાં જજે, ખુશીમાં આવે તેને દેજે, માત્ર ક્ષણભર હસી, કાંઠે આવીને મારું સોનાનું ધાન લઈ જા. જેટલું ચાહે તેટલું હોડી પર લઈ લે...એ નાની હોડી મારા સોનાના ધાનથી ભરાઈ ગઈ છે...શ્રાવણના ગગનને ઘેરીને ગાઢ વાદળો ફરે છે. સૂની નદીને કાંઠે હું પડી રહ્યો. જે કાંઈ હતું તે સોનાની હોડી લઈ ગઈ.' રહસ્યવાદી કવિની જેમ તેમણે જીવનદેવતા અને કર્મદેવતાને અનુલક્ષીને આ કાવ્ય લખ્યું છે તો 'નિરુદ્દેશ કાવ્ય'માં પણ 'સોનાર તરી'ના વિદેશીની જેમ અહીં 'સુંદરી', 'વિદેશિની', 'મધુરહાસિની', 'અપરિચિતા' એવી મૃત્યુરૂપી નાવિક-નાયિકાને ઉદ્‌બોધન થયું છે. બંનેમાં સોનાની હોડી છે ને ગન્તવ્યસ્થાન મોહક પણ અપરિચિત છે ને આકર્ષણ પણ દુર્દમ્ય છે. હજી સુધી મૃત્યુનું ને મૃત્યુ પછીની જીવની ગતિનું રહસ્ય કોઈ સમજી શક્યું નથી.

'દૂર પશ્ચિમમાં સૂર્ય ગગનના ખૂણામાં ડૂબે છે',
'સંધ્યાને કિનારે દિવસની ચિતા સળગે છે'.

'અસ્તાચળને ચરણે તારું ઘર છે ?' 'કોઈપણ દિશામાં જોતાં કાંઠો દેખાતો નથી,' 'ત્યાં નવીન જીવન છે ?' 'ત્યાં આશાનાં સ્વપ્નોને સોનાનાં ફળ આવે છે ?' 'પશ્ચિમમાં જોઉં છું તો સૂર્ય અસ્તાચળ ઉપર ઊતરે છે', હવે એકવાર તને પૂછું છું કે ત્યાં સ્નિગ્ધમરણ છે ?' 'તિમિરતળે શાંતિ છે, સુપ્તિ છે ?' હમણાં અંધારી રાત પાંખ ફેલાવીને આવશે, સંધ્યાકાશમાં સોનેરી પ્રકાશ ઢંકાઈ જશે', 'તું શબ્દ પણ નહિ બોલે, તારું નીરવ હાસ્ય હું જોવા નહીં પામું'...આ બધા સંકેતો રહસ્યમય મૃત્યુ પણ દેવતાને તાકે છે. જીવન-દેવતાની જેમ મૃત્યુ પણ દેવતા છે. એ બંનેના ચરણ થકી માનવબાલ ગતિ કરે છે...યાત્રા કરે છે. પણ એ યાત્રા 'નિરુદ્દેશ' નથી હોતી. એની અ-કળ પ્રગતિને કોઈ પામી શક્યું નથી પણ વિશ્વઘટનામાં જીવનની જેમ મૃત્યુને પણ એનું મંગલમય સ્થાન છે.

રંગદર્શી (Romantic) અને રહસ્યદર્શી (Mystic) કવિવર રવીન્દ્રનાથની તુલનાએ ફ્રેન્ચ કવિ બોદલેયર 'એન્ટી-રોમાન્ટીક' અને વધુ પડતા 'રીયાલિસ્ટિક' એમની 'લિ વૉયેજ' કવિતામાં લાગે છે. 'અધમ ગુલામડી સ્ત્રી', 'લોભી-લંપટ પુરુષ', 'સેડીસ્ટ' એવો 'શહીદ', સત્તા વિષે અકળાઈ ઊઠેલ સત્તાધીશ, 'ચાબખા પાછળ ગાંડા બનેલ લોકો', 'સ્વર્ગની સીડી સમો ધર્મ', કાયા-કલેશમાં રાચનાર દર્દી જેવા સંતો, ચતુરાઈ-નશાથી ચીસ પાડતી ગાંડી ને 'ચીસ પાડતી સમગ્ર માનવજાત', 'સૌથી ઓછા બેવકૂફ પ્રેમીઓ જેમણે અફીણની શાશ્વતીમાં શરણું શોધ્યું છે'-કાલિદાસ કલ્પિત-નિરૂપિત 'રમણીય-ભવ્ય પૃથ્વી'નું બોદલેયરને હિસાબે શું આ 'શાશ્વત સરવૈયું' છે ? અતિ વાસ્તવવાદના આગ્રહીને પણ શું એ વાસ્તવિક લાગવાનું ?

બોદલેયરની ભાષા બલિષ્ઠ છે, વિશેષણોનો વિનિયોગ પ્રભાવક છે, એનું નિરીક્ષણ-પરીક્ષણ એકંદરે એકાંગી છે અને અંતિમ કોટિનું પણ ! કવિ જાણે Symbol of Morbidity ન હોય ! એની તુલનાએ કવિવર રવીન્દ્રનાથની Poetic Health સ્પૃહણીય ને રમણીય લાગે છે. ફ્રેન્ચ કવિમાં જે મુખરતા છે, વાચ્યાર્થની સચોટતા છે તેના પ્રમાણમાં રવીન્દ્રનાથના કાવ્યની સૂચકતા, કાવ્યમયતા વધુ કલ્પનાપ્રધાન અને હૃદયસ્પર્શી છે. બોદલેયરે જે ભાવ અનેક પંક્તિઓમાં વ્યક્ત કર્યો છે તેને કવિવર ઠાકુરે કલાલાઘવથી કેવળ ત્રણ જ લીટીઓમાં સમાવિષ્ટ કર્યો છે : દા. ત. ગાઢ નીલ નીર સંશસમય છે. કોઈપણ દિશામાં જોતાં કાંઠો દેખાતો નથી, જાણે આખા જગતને ડુબાડીને અસીમ રોદન ઝૂલી રહ્યું છે. તેના ઉપર હિરણ્યમયી નૌકા તરે છે, તેના ઉપર સંધ્યાકિરણ પડે છે.' રોમાન્ટિક અને એન્ટી-રોમાન્ટિક કવિઓની આ શૈલી-વિશેષતા અને અભિવ્યક્તિ-પ્રયુક્તિ ગણાવી ? 'શોધવાનો પ્રયત્ન કર્યા વગર જ એ કારમી સીડી ઉપર માથાથી તે પગ સુધી (નખશિખ) અમને મૃત્યુહીન પાપનું કંટાળાજનક દૃશ્ય જોવા મળ્યું. અને જો પ્રયત્ન કર્યો હોત તો ? આપણે એવું સમજવું કે ગાઢતમ અનિષ્ટને બોદલેયરે ગાઢતર રીતે આલેખ્યું છે ? આસ્થા ન બેસે એવો આ મુદ્દો છે.

બંને કવિઓના આવા અભિગમ-ભેદનું રહસ્ય શું ભિન્ન દેશ-કાલ, પરિસ્થિતિ, પરિવેશ અને વ્યક્તિત્વના ઘડતરમાં શોધવું ? 'સુસ્પષ્ટ અનુભૂતિની સુદક્ષ અભિવ્યક્તિ' એ જ જો કવિતા હોય તો કહેવું જોઈએ કે બોદલેયરમાં 'સુદક્ષ અભિવ્યક્તિ' એની પરાકાષ્ઠાએ પહોંચેલી છે પણ 'સુસ્પષ્ટ અનુભૂતિની' બાબતમાં સહૃદય ભાવકોને શંકા જાગે તેમ છે. શું જુગુપ્સા અને અમંગલ સિવાય આ વિશ્વ-પ્રકૃતિમાં હૃદયને પુલકિત કરે ને આત્માનું ઉર્ધ્વીકરણ કરે એવું બીજું કશું નથી ? કવિતામાં આધુનિકતાની કેડી પાડનાર બોદલેયર પ્રથમ કાઉન્ટર-રોમાન્ટિક કવિ છે જ્યારે કવિવર રવીન્દ્રનાથ ટાગોર કલાસિકલ અને રોમાન્ટિકતાની કવિતા-વીણાના તાર-ઝંકૃત કરનાર કવિ છે.

કવિતાને માટે કહેવાય છે કે `Poetry is best understood, when it is half-understood.' અરે ! ખૂદ સર્જક-કવિનો એના કાવ્ય માટેનો રદિયો પણ સર્વથા શ્રદ્ધેય નથી હોતો ! આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ અને જૈનોના અનેકાન્તવાદની જેમ કવિતાના અર્થો પણ અધિકારી સહૃદય ભાવકોની સજ્જતા ને વ્યુત્પત્તિ અનુસાર રહસ્યસ્ફોટનું ઉદ્‌ઘાટન કરતા રહે છે. 'નિરુદેશ યાત્રા'નો અર્થ પણ સીમિત વર્તુળમાં બદ્ધ કરી શકાય એમ હું માનતો નથી. 'લિ વૉયેજ'માં એવો કોઈ ધ્વનિ-સ્ફોટ વરતાય છે ? કાવ્યમાં અંતિમ કોટિનાં સામાન્યીકરણ જેટલાં સ્વલ્પ, તેટલી કાવ્યસંપદાની સમૃદ્ધિ.

'લિ વૉયેજ' કાવ્યના છ પર્વમાં, સમગ્ર દુનિયાનું 'ઈટરનલ બુલેટીન' રજૂ કર્યું છે. તેમાં વર્ણવેલું જગત, કવિના એકરાર પ્રમાણે વાસ્તવિક જગત નથી પણ એમના તરંગી મનમાંથી, એમની વિરલ કલ્પનામાંથી જન્મેલું જગત છે. કેટલાક વિવેચકો 'લિ વૉયેજ' ને 'લોકત્તર પરમાનંદ-લોક તરફની યાત્રાનું કાવ્ય' કહે છે પણ એમાં તો મોટેભાગે 'દ્યાવાપૃથિવી પ્રત્યેની ઘૃણા ભરેલી છે'. 'નિરુદ્દેશ યાત્રા' એ કવિવર ટાગોરની 'સંશય-મિશ્રિત આશા'ની કવિતા છે, જ્યારે 'લિ વૉયેજ' બીભત્સમાંથી બે-પરવા થઈને ભાગી જવાની કવિતા છે. દા.ત: 'O Death ! Old navigator, the hour has come, Let us weigh anchor ! O Death, we are weary of this land, let us spread sail'. એનો આખો અંગ્રેજી ઉતારો આપતો નથી, કેવળ અનુવાદ જ જોઈએ. 'ઓ મૃત્યુ ! પુરાણા નાવિક ! ઘડી આવી પહોંચી છે ! ચાલો ચાલો, લંગર ઉપાડીએ ! ઓ મૃત્યુ ! અમે આ પૃથ્વીથી કંટાળી ગયા છીએ. ચાલો, આપણે સઢ ફેલાવીએ ! ભલે સમુદ્ર અને આકાશ શાહી જેવા કાળાં હોય, તોય તું બરાબર જાણે છે તેમ અમારાં અંતર પ્રકાશનાં કિરણોથી ભરેલાં છે. અમારા સાંત્વન માટે તું અમને હળાહળ રેડી આપ; અમારાં મગજ આતશથી એવાં તો બળે છે કે અમે ઊંડા અખાતમાં અને-પછી એ સ્વર્ગ હોય કે નરક એની શી ચિંતા—અજ્ઞાતના ઊંડાણમાં કંઈક નવીનની શોધમાં ડૂબકી મારવાને તલસીએ છીએ.'

'સ્વર્ગ હોય કે નરક એની શી ચિંતા'-એને જ શું આપણે 'પરમ સુંદરની તૃષ્ણા' કહીશું ? આ તે યાત્રા કે પલાયન ? આની તુલનાએ રવીન્દ્રની કવિતા 'પરમ સુંદર'ની દિશામાં વિશ્વાસ અને સંશયને ઝોલે ચડેલા મને હોડી ચલાવવાની કવિતા છે. એની સુકાની 'મધુર હાસિની' છે ને 'પરમ સુંદરની અગ્રદૂત છે તે મૃત્યુને પેલે પારથી', આવેલ છે. અધ્યાપક જગદીશ ભટ્ટાચાર્યે એ વિદેશિનીને મૃત્યુ પહેલાંની કવિવરની પત્ની કાદમ્બરી કહી છે.

એ તો સ્પષ્ટ જ છે કે રંગદર્શી (રોમેન્ટિક) કવિઓને જેમ સુંદરનો પક્ષપાત હતો તેમ એન્ટી-રોમાન્ટિક કવિઓને કુત્સિત માટે આસક્તિ હતી. એન્ટી-રોમાન્ટિક કવિઓને આધુનિક કવિઓ જ્યારે નૈર્વ્યક્તિતા બિનંગતતાનો દાવો કરે છે ત્યારે તેમનો સમર્થ પ્રતિપાદ કરતાં કવિવર ટાગોર કહે છે : 'એમની દૃષ્ટિ બિલકુલ બિનંગત છે જ નહિં. કુત્સિત પ્રત્યે તેમને રીતસરની આસક્તિ છે, અને વિશ્વ પ્રત્યેનો આ ઉદ્ધત અવિશ્વાસ અને નિંદાની દૃષ્ટિ એ પણ આકસ્મિક વિપ્લવમાંથી જન્મેલો એક પ્રકારનો વ્યક્તિગત ચિત્તવિકાર છે.'

❖❖❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ • પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
● વર્ષ : (૫૦) + ૧૨ ● અંક : ૩ ● તા. ૧૬-૩-૨૦૦૧ ●
Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2001
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. પૂ. શ્રી કન્હૈયાલાલજી મહારાજ

'કમલ'ના ઉપનામથી સુપ્રસિદ્ધ આગમરત્નાકર, અનુયોગપ્રવર્તક, સ્થાનકવાસી સંપ્રદાયના સ્થવિર, શ્રુતસેવી, જ્ઞાનયોગી, સરળ સ્વભાવના વિનમ્ર મહાત્મા પ. પૂ. ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મહારાજ, સોમવાર, પોષ વદ ૮ (ગુજરાતી માગસર વદ ૮) તા. ૧૮મી ડિસેમ્બર ૨૦૦૦ના રોજ આબુ પર્વત પર, વર્ધમાન મહાવીર કેન્દ્રમાં ૮૮ વર્ષની વયે કાળધર્મ પામ્યા. એમના કાળધર્મથી આપણને એક તેજસ્વી જ્ઞાની મહાત્માની ભારે ખોટ પડી છે.

પૂ. કન્હૈયાલાલજી મહારાજને પહેલી વાર મળવાનું મારે ૧૯૮૨માં દેવલાલીમાં થયું હતું. ત્યારે તેમનું ચાતુર્માસ ત્યાં હતું. દેવલાલીમાં થોડા દિવસના રોકાણ દરમિયાન એમનાં વ્યાખ્યાનોમાં હું નિયમિત જતો. એમનાં વ્યાખ્યાનોમાં મને વધુ રસ એટલા માટે પડેલો કે તેઓ ધર્મોપદેશની વાતોમાં વચ્ચે વચ્ચે કેટલાક પારિભાષિક શબ્દોની વ્યુત્પત્તિ સમજાવીને તે દૃષ્ટિએ પણ અર્થપ્રકાશ પાડતા હતા. કેટલીક વ્યુત્પત્તિ એમની મૌલિક હતી. કેટલીક લૌકિક પ્રકારની વ્યુત્પત્તિ હતી, ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ જે Popular Etymology તરીકે ઓળખાય છે. વ્યાખ્યાન પછી એમની પાસે બેસવાનું થતું અને મને આગમ સાહિત્યમાં રસ છે એ જાણીને તેમને બહુ આનંદ થયો હતો. પછી તો એમની સાથે તથા એમના મુખ્ય શિષ્ય શ્રી વિનયમુનિજી સાથે એક પ્રકારની આત્મીયતા સધાઈ ગઈ. પૂ. કન્હૈયાલાલજી મહારાજે એમનું એક પુસ્તક 'જૈનાગમ-નિર્દેશિકા' મને ભેટ આપ્યું કે જેમાં ૪૫ આગમોમાંના પ્રત્યેક આગમમાં કયા કયા વિષયોની છણાવટ કરવામાં આવી છે તેનો ક્રમિક નિર્દેશ કરવામાં આવ્યો છે. એક સંદર્ભ ગ્રંથ તરીકે તે ઘણો મૂલ્યવાન છે અને અભ્યાસીઓ-સંશોધકોને કોઈ એક વિષય વિશે આગમોમાં ક્યાં ક્યાં ઉલ્લેખ છે તે જાણવું હોય તો તરત કામ લાગે એવો સરસ તે ગ્રંથ છે.

એ ચાતુર્માસ દરમિયાન જ્યારે જ્યારે દેવલાલી મારે જવાનું થયું ત્યારે હું પૂ. કન્હૈયાલાલજી મહારાજને વંદન કરવા અચૂક જતો. ચાતુર્માસના અંતે નાસિક રોડમાં એમના દીક્ષાપર્યાયની સુવર્ણજયંતી ઉજવાઈ ત્યારે પણ મને આમંત્રણ હતું અને એ સભામાં મેં પ્રાસંગિક વક્તવ્ય પણ આપ્યું હતું.

ત્યાર પછી મહારાજશ્રીએ રાજસ્થાન બાજુ વિહાર કર્યો. એમની સાથેનો સંપર્ક પત્ર દ્વારા સતત રહેતો. દરેક ચાતુર્માસની અને ઉત્સવોની પત્રિકા આવતી. થોડાં વર્ષ પહેલાં માઉન્ટ આબુ જ્યારે જવાનું મારે થયું હતું ત્યારે શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્રમાં એમને વંદન કરવા પણ હું સહકુટુંબ ગયો હતો.

ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મહારાજની તબિયત, જ્યારથી પેટનું ઓપરેશન કરાવ્યું ત્યારથી નરમગરમ રહ્યા કરતી હતી. શૌચાદિ માટે નળી મૂકી હતી તો પણ એમની માનસિક સ્વસ્થતા અને સ્ફુર્તિ સારાં રહેતાં હતાં. છેલ્લા કેટલાક સમયથી તબિયતને કારણે એમણે આબુમાં શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્રમાં સ્થિરવાસ કરી લીધો હતો. જીવનની ઉત્તરાવસ્થામાં એમની ઇચ્છાનુસાર એમના અનુયોગના ચારે વિભાગોના દળદાર ગ્રંથો પ્રકાશિત થઈ ગયા હતા. જીવનભર એક મિશનની જેમ અનુયોગનું કામ એમણે ઉપાડ્યું હતું. એનું લેખનકાર્ય પૂરું થયું અને એનું પ્રકાશનકાર્ય પણ પૂરું થયેલું પોતે જોઇને સંતોષ પામી શક્યા હતા.

પ. પૂ. મહારાજશ્રીનું હવે ૮૮મું વર્ષ ચાલતું હતું. તેઓ વયોવૃદ્ધ અને અશક્ત થયા હતા. તા. ૧૭મી ડિસેમ્બર ૨૦૦૦ના રોજ આબુમાં વિજય મુહૂર્તે એમણે માંગલિક સંભળાવ્યું હતું. પાર્શ્વનાથ ભગવાનના જન્મકલ્યાણકની ઉજવણી આવી રહી હતી. પરંતુ ત્યાં તો તા. ૧૭મી ડિસેમ્બરે બપોરે સવા ત્રણ વાગે એમની તબિયત એકદમ બગડી ગઈ. એમના શિષ્યો પૂ. શ્રી વિનયમુનિજી તથા પૂ. શ્રી ગૌતમમુનિજી પાસે જ હતા. પૂ. શ્રી મુક્તિપ્રભાશ્રીજી વગેરેને બોલાવવામાં આવ્યાં. મહારાજશ્રીને લાગ્યું કે પોતાનો અંતસમય આવી ગયો છે. એટલે તરત એમણે બપોરે સવા ત્રણ વાગે સંથારો લઈ લીધો. એમના અંતિમ શ્વાસ ચાલુ થયા. નવકારમંત્ર, શરણાં વગેરેની ધૂન ચાલુ થઈ. બીજે દિવસે તા. ૧૮મી ડિસેમ્બરે વહેલી સવારે પોણા ચાર વાગે, બ્રાહ્મમુહૂર્તે એમણે દેહ છોડ્યો. એમના કાળધર્મના સમાચાર ચારે બાજુ પ્રસરી ગયા. એમના અનેક ભક્તો, અનુયાયીઓ આબુ આવી પહોંચ્યા.

બીજે દિવસે તા. ૧૯મી ડિસેમ્બરે, પાર્શ્વકલ્યાણકદિને બપોરે એમના મૃતદેહને 'કમલ-કન્હૈયા વિહાર'માં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. તે દિવસે સાંજે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન પણ થયું અને એમના પુણ્યાત્માને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આ પ્રસંગે એકત્ર થયેલા ભક્તોએ પૂ. મહારાજની સ્મૃતિ માટે તથા જીવદયા માટે લાખો રૂપિયાનું દાન જાહેર કર્યું.

પૂ. કન્હૈયાલાલજી મહારાજ ભગવાન પાર્શ્વનાથ કલ્યાણકની ઉજવણી થાય તે પ્રસંગે જ કાળધર્મ પામ્યા. આથી એમના મુખ્ય શિષ્ય પૂ. શ્રી વિનયમુનિજીએ જાહેર કર્યું કે પૂજ્ય મહારાજશ્રીની સ્વર્ગારોહણ તિથિ દર વર્ષે ભગવાન પાર્શ્વનાથ કલ્યાણકદિન સાથે જોડી દઈ પોષ વદ (ગુજરાતી માગશર વદ) ૮, ૯ અને ૧૦ના રોજ ઊજવવી અને તે

દિવસે યથાશક્તિ આયંબિલ આદિ તપશ્ચર્યા કરવી.

પૂ. કન્હૈયાલાલજી મહારાજનો જન્મ જેસલમેરમાં વિ. સં. ૧૯૭૦ના ચૈત્ર સુદી ૯ના રોજ એટલે કે રામનવમીના પર્વ દિવસે બ્રાહ્મણ કુળમાં થયો હતો. એમના પિતા શ્રી ગોવિંદસિંહજી મારવાડમાં આવેલા જસનગર (કેકિંદ) રાજ્યના પુરોહિત હતા. એમની માતાનું નામ જમનાદેવી હતું. મહારાજશ્રી જ્યારે ચાર વર્ષના હતા ત્યારે એ વિસ્તારમાં પ્લેગનો રોગચાળો ફેલાયો હતો અને એમનાં માતાપિતા એમાં મૃત્યુ પામ્યાં હતાં. આથી ચાર વર્ષની ઉંમરે તેઓ અનાથ થઈ ગયા હતા. તેમના એક મોટા ભાઈ અને મોટી બહેન એમ ત્રણ જણ રહ્યાં હતાં. બધાં નાની ઉંમરનાં હતાં.

માતાપિતાના અવસાન પછી એમના એક સંબંધી તેઓને કેકિંદ (ઘોડાવડ) લઈ આવ્યા, કારણ કે વડીલોની જમીનદારી ત્યાં હતી. આ રીતે સગાંઓનાં આશ્રયે તેઓ સાત વર્ષની ઉંમર સુધી કેકિંદમાં રહ્યા.

એ દિવસોમાં બાળક કન્હૈયાલાલ તેજસ્વી અને ચબરાક જણાતાં કુસુમશ્રીજી નામનાં એક મહાસતીજીએ એ વિશે શ્રી પૂનમચંદજી ખાબિયા નામના શ્રાવકને ભલામણ કરી કે બાળકને શ્રી પ્રતાપચંદજી મહારાજ પાસે લઈ જવામાં આવે. એ પ્રમાણે વિ. સં. ૧૯૭૮માં શ્રી પૂનમચંદજી ખાબિયા કન્હૈયાલાલને છોટી પાદુ નામના ગામે લઈ ગયા. ત્યાં સ્થાનકવાસી આચાર્ય સ્વામીદાસની પરંપરાના શ્રી ફતેહચંદજી મહારાજ તથા મુનિ શ્રી પ્રતાપચંદજી મહારાજ એ બે ગુરુબંધુઓ બિરાજમાન હતા. તેઓ તેમને મળવા ગયા. જૈન મુનિ મહારાજને જોવાનો કન્હૈયાલાલનો આ પહેલો જ પ્રસંગ હતો. પ્રતાપચંદજી મહારાજને આઠ વર્ષના આ બાળક માટે પૂર્વના કોઈ ઋણાનુબંધથી વિશેષ લાગણી થઈ. બાળકને પોતાની પાસે રાખવા અને અધ્યયન કરાવવાની દરખાસ્ત મૂકી.

અનાથ બાળકના અધ્યયન અને નિર્વાહની જવાબદારીનો પ્રશ્ન જો આમ ઉકલી જતો હોય તો તે વાત શ્રી પૂનમચંદજીને તથા અન્ય સગાંઓને સંમત હતી. બાળકને પણ મુનિ મહારાજ સાથે રહેવાનું, વિહાર કરવાનું અને અધ્યયન કરવાનું ગમી ગયું. કન્હૈયાલાલે પીહ-થાંવલા નામના ગામમાં શિક્ષણ મેળવવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તેમને બારાખડી શીખવવામાં આવી. ત્યાર પછી તેમને માટે એક પંડિતજી રાખવામાં આવ્યા. બિહારીલાલ જોશી નામના એ પંડિતજીએ વ્યાકરણ શીખવવાનું શરૂ કર્યું. વ્યાકરણનો અભ્યાસ ચાલતો હતો ત્યાં પંડિતજીનું અચાનક અવસાન થયું અને અભ્યાસ અધૂરો રહ્યો. ત્યાર પછી ગુરુ મહારાજ શાહપુરા નામના ગામે પધાર્યા. ત્યાં કિશોર કન્હૈયાલાલ માટે બીજા એક પંડિત શ્રી હરીશચંદ્રજીને રાખવામાં આવ્યા. મહારાજશ્રીએ પાંચ વર્ષ શાહપુરામાં રહીને વ્યાકરણ વગેરેનો સારો અભ્યાસ કરી લીધો. પંડિતજીને ત્યારે મહિને ચાર રૂપિયાનો પગાર અપાતો હતો અને સંઘ એની વ્યવસ્થા કરતો હતો. શાહપુરામાં ત્યારે શ્રાવકોનાં સવાસો ઘર હતાં. એ દિવસોમાં શાહપુરા રામસ્નેહી સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર હતું. વળી ત્યાં આર્યસમાજીઓનાં ઘણાં ઘર હતાં. રામસ્નેહી સંપ્રદાયના અને આર્યસમાજના સાધુસંન્યાસીઓ શાહપુરામાં આવતા અને પ્રવચન આપતા. કિશોર કન્હૈયાલાલને ત્યાં જવા આવવાની છૂટ હતી. ગુરુ મહારાજ શ્રી પ્રતાપચંદજી તથા એમના ગુરુબંધુ શ્રી ફતેહચંદજી ઉદાર મનના હતા. બ્રાહ્મણ કુળના કિશોર કન્હૈયાલાલનું મન ફરી જાય એવી ધાસ્તી તેઓને નહોતી. વસ્તુત: ફતેહચંદજી મહારાજ પોતે પણ બ્રાહ્મણ કુળના હતા. એટલે તેઓ જ તેમને બધે જવા માટે ભલામણ કરતા અને શિખામણ આપતા કે બધાનું સાંભળવું અને સમજવા પ્રયાસ કરવો.

કિશોર કન્હૈયાલાલે આ રીતે બધું મળીને અગિયાર વર્ષ અભ્યાસ કર્યો. ત્યાર પછી અઢાર વર્ષની વયે એમને વિ. સં. ૧૯૮૮માં વૈશાખ સુદ ૬ના રોજ સાંડેરાવ નગરમાં શ્રી ફતેહચંદજી મહારાજના હસ્તે દીક્ષા આપવામાં આવી હતી. એ વખતે મરુધર કેશરીજી મહારાજ, છગનલાલજી મહારાજ, ચાંદમલજી મહારાજ, શાર્દૂલસિંહજી મહારાજ વગેરે મોટા મોટા સંતો ઉપસ્થિત રહ્યા હતા.

દીક્ષાને દિવસે એક ચિંતાજનક ઘટના બની હતી. સાંડેરાવ ગામમાં દીક્ષાનો વરઘોડો નીકળ્યો હતો. હજારો માણસ એમાં જોડાયા હતા. કન્હૈયાલાલજીને શણગારીને એક ઘોડા પર બેસાડવામાં આવ્યા હતા. વરઘોડાને અંતે દીક્ષાની વિધિ હતી. હવે બન્યું એવું કે જે સ્વયંસેવકો લોકોને આગળ આવતા અટકાવવા માટે હાથમાં લાંબું દોરડું રાખતા હતા એ દોરડામાં જ ઘોડાનો પગ ફસાયો. ઘોડો ભડક્યો. અને દોડતો ગામ બહાર ભાગ્યો. ઉપર બેઠેલા કન્હૈયાલાલ ગભરાયા. એમણે રસ્તામાં આવતા એક ઝાડની ડાળી પકડી લીધી અને લટકી પડ્યા. ત્યાં તો ડાળ તૂટી ગઈ. ઘોડો આગળ દોડતો નીકળી ગયો. કન્હૈયાલાલના હાથપગ છોલાયા. જાંઘમાં એક પાતળી ડાળી ઘૂસી ગઈ. હાથની એક આંગળીનું હાડકું ખસી ગયું. લોકો દોડી આવ્યા. એમને ઊંચકીને તળાવના કિનારે ભીમનાથના મંદિરમાં લઈ આવ્યા અને તરત મલમપટ્ટા વડે સારવાર કરવામાં આવી.

હવે પ્રશ્ન એ ઊભો થયો કે કન્હૈયાલાલને દીક્ષા આપવી કે નહિ? એક મત એવો પડ્યો કે આવી દુર્ઘટના બની છે તો મુહૂર્ત સારું નહિ હોય. માટે દીક્ષા ન આપવી. બીજો મત એવો પડ્યો કે મુહૂર્ત સારું હતું માટે તો તે જીવથી બચી ગયા. નહિ તો આમાં મોત નિશ્ચિત આવી જાય. માટે દીક્ષાના સમયમાં ફેરફાર ન કરવો. આ વિવાદમાં દીક્ષાર્થીનો મત પણ લેવાનું નક્કી થયું. દીક્ષાર્થીએ પણ એ માટે સંમતિ આપી. છેવટે એ પ્રમાણે જ નિર્ણય લેવાયો અને મુહૂર્ત પ્રમાણે દીક્ષા આપવામાં આવી.

દીક્ષા મહોત્સવ પછી ત્યાંથી વિહાર કરી તેઓ સોજત રોડ આવ્યા. દીક્ષા પછી સાતમે દિવસે કન્હૈયાલાલજીને વડી દીક્ષા આપવામાં આવી.

શાહપુરા પછી પૂ. શ્રી કન્હૈયાલાલજી મહારાજશ્રીએ બ્યાવરમાં પંડિત શોભાચંદ્ર ભારિલ્લ પાસે અભ્યાસ કર્યો હતો. તે સમયે એમની સાથે મધુકરમુનિજી, પુષ્કરમુનિજી તથા લાલચંદજી મહારાજ પણ પંડિતજી પાસે અભ્યાસ કરતા હતા. આ સમયગાળામાં તેમણે કાવ્ય, વ્યાકરણ, સાહિત્યના ગ્રંથો ભણવા ઉપરાંત તત્ત્વાર્થસૂત્ર, સ્યાદ્વાદમંજરી, પ્રમાણનયતત્ત્વાલોક વગેરે ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ પછી તેમણે બ્યાવરમાં પરીક્ષા આપીને 'ન્યાયતીર્થ'ની ડિગ્રી મેળવી હતી. તેઓ તેમાં પ્રથમ નંબરે પાસ થયા હતા.

ત્યાર પછી મહારાજશ્રીએ પાલી નગરમાં પંડિત બેચરદાસ દોશી પાસે ભગવતીસૂત્ર વગેરે આગમગ્રંથોનો ટીકા સાથે અભ્યાસ કર્યો હતો. એવામાં કોઈ જર્મન લેખકના જૈન આગમો વિશેના લેખનો હિંદી અનુવાદ એમના વાંચવામાં આવ્યો. એમને થયું કે જો વિદેશીઓ આપણા આગમગ્રંથોમાં આટલો બધો રસ લેતા હોય તો આપણે કેમ ન લેવો ? ત્યારથી એમની આગમપ્રીતિ એકદમ વધી ગઈ હતી. ૨૮ વર્ષની ઉંમરથી તે ૮૮ વર્ષની ઉંમર સુધી તેમણે આગમગ્રંથોના સ્વાધ્યાય અને સંપાદનનું કાર્ય કર્યા કર્યું છે. ત્રીસ વર્ષની ઉંમરે હરપાડા નગરમાં એમણે આગમ-અનુયોગનું કાર્ય ઉપાડ્યું જે જીવનભર ચાલ્યું. જરા પણ સમય મળે કે

તરત તેઓ કોઇક આગમગ્રંથ લઇને વાંચવા બેસી જતા. કોઇ વાર તો દસ પંદર માઇલના વિહાર પછી પણ તરત આગમોનો સ્વાધ્યાય કરવા તેઓ બેસી જતા, નાદુરસ્ત તબિયત હોય તો પણ હાથમાં ગ્રંથ તો હોય જ. તેઓ ગમે તેટલા થાકેલા હોય તો પણ દિવસે કદી સૂતા નહિ કે દીવાલને અઢેલીને બેસતા નહિ.

દીક્ષા પછી ગુરુ મહારાજ શ્રી પ્રતાપચંદજી મહારાજ સાથે તેઓ એ પ્રદેશમાં વિહાર કરતા રહ્યા. દરમિયાન શ્રી પ્રતાપચંદજી મહારાજને મદનગંજના ચાતુર્માસમાં કમળાનો રોગ થયો. વિલાયતી દવા લેવાની એમણે ના પાડી. રોગ વધી ગયો અને છેવટે તેઓ કાળધર્મ પામ્યા. હવે શ્રી ફતેહચંદજી મહારાજ અને કન્હૈયાલાલજી મહારાજ એમ બે રહ્યા. ત્યારપછી થોડા વખતમાં શ્રી ફતેહચંદજી મહારાજને પથરીનો રોગ થયો. અજમેરમાં ઓપરેશન કરાવવું પડ્યું. ત્યાર પછી પ્રોસ્ટેટની તકલીફ થઈ. ફરી ઓપરેશન કરાવવું પડ્યું. શરીર નબળું પડી ગયું. એથી એમણે હરમાડા નામના નાના ક્ષેત્રમાં સ્થિરવાસ કરી લીધો. એટલે શ્રી કન્હૈયાલાલજી મહારાજને પણ ત્યાં જ રહેવું પડ્યું. એથી સ્વાધ્યાયની અનુકૂળતા રહી. એમના આગમોનો અભ્યાસ વધતો ગયો. સાત વર્ષ તેઓ ત્યાં રહ્યા અને પોતાનું અધ્યયન ચાલુ રાખ્યું.

ગુરુ મહારાજ શ્રી ફતેહચંદજી મહારાજના કાળધર્મ પછી શ્રી કન્હૈયાલાલજી મહારાજે દિલ્હી તરફ વિહાર કર્યો. ત્યાં 'જૈનાગમ નિર્દેશિકા' ગ્રંથ તૈયાર કર્યો. તદુપરાંત એમણે નિશીથભાષ્ય, સ્થાનાંગ, સમવાયાંગ વગેરે આગમગ્રંથોનું કાર્ય કર્યું તથા અનુયોગના કાર્યની વિશેષ તૈયારી કરી. પંડિત દલસુખભાઈ માલવણિયાનો એમને સારો સહકાર સાંપડ્યો હતો.ત્યારપછી તેમણે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર પ્રદેશમાં વિહાર કર્યો. આમ રાજસ્થાનની બહાર વિહારમાં ઘણાં વર્ષો નીકળી ગયાં.

મહારાજશ્રીના મુખ્ય શિષ્ય શ્રી વિનયમુનિજી (વાગીશ) વિ. સં. ૨૦૨૫માં એમની પાસે દીક્ષા લીધી ત્યારથી જીવનના અંત સુધી એમની સાથે રહ્યા. એમણે મહારાજશ્રીની અનુપમ વૈયાવચ્ચ કરી છે અને લેખનકાર્યમાં પણ સહાય કરી છે.

દક્ષિણ ભારતના વિહાર દરમિયાન મહારાજશ્રીને આંતરડાનો રોગ થયો. પીડા ઘણી વધી ગઈ. ઓપરેશન સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. બે ઓપરેશન હૈદ્રાબાદમાં થયા, પણ મટ્યું નહિ. તબિયત એકદમ ગંભીર બની ગઈ. એટલે એમને વિમાનમાં મુંબઈ લાવવામાં આવ્યા અને જૈન ક્લિનિકમાં ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશનથી એમને સારું થઈ ગયું, પણ શૌચાદિ માટે નળી મૂકવી પડી અને તબિયત સંભાળવાની જરૂર પડી. એમણે વર્ષો સુધી ચીવટપૂર્વક પોતાની તબિયત સાચવી. એટલે તો તેઓ ૮૮ વર્ષની ઉંમર સુધી પહોંચી શક્યા.

મહારાજશ્રીમાં લઘુતાનો અને વિનમ્રતાનો ગુણ ઘણો મોટો હતો. મુંબઇમાં જૈન ક્લિનિકમાં ઓપરેશન કરાવવા માટે તેઓ કાંદાવાડીના ઉપાશ્રયે રહ્યા હતા. તે વખતે ત્યાં ધન્યમુનિ, કેવળદાસમુનિ વગેરે બિરાજમાન હતા. તેઓ કન્હૈયાલાલજી મહારાજ કરતાં ઉંમરમાં, દીક્ષાપર્યાયમાં, જ્ઞાનસાધનામાં નાના હતા. તો પણ ઓપરેશન વખતે તેમણે કેવળદાસજી મહારાજને કહ્યું કે 'મને સાગારી સંથારાનાં પચ્ચખાણ આપો'. એથી કેવળદાસજી મહારાજને આશ્ચર્ય થયું. એમણે કહ્યું 'તમે જ્ઞાની છો. મોટા છો. જાતે જ પચ્ચખ્ખાણ લઈ શકો એમ છો.' તો પણ પૂ. કન્હૈયાલાલજી મહારાજે આગ્રહ રાખ્યો અને શ્રી કેવળદાસજી મહારાજ પાસે પચ્ચખ્ખાણ લીધું.

૧૯૭૯-૧૯૮૦માં મુંબઇના બે ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીને બે તેજસ્વી સાધ્વીજીઓનો પરિચય થયો. એ બે તે શ્રી મુક્તિપ્રભાશ્રીજી અને શ્રી દિવ્યપ્રભાશ્રીજી. એ બંનેને એમના પીએચ.ડી.ના વિષયો-(૧) જૈન યોગ અને (૨) અરિહંત-માં મહારાજશ્રીએ ઘણું સારું માર્ગદર્શન આપ્યું અને બંનેને પીએચ.ડી.ની ડિગ્રી મળી. ત્યારથી આ બંને મહાસતીજીઓએ પોતાની શિષ્યાઓ સાથે આબુમાં કેટલાંક વર્ષ રહીને મહારાજશ્રીને એમના અનુયોગના કાર્યમાં ઘણી મદદ કરી હતી. શ્રી મુક્તિપ્રભાશ્રીજી તો મહારાજશ્રીના અંતકાળ વખતે પણ પાસેજ હતાં.

મહારાજશ્રીએ ઘી-તેલ, સાકર, મીઠું, દ્વિદળ વગેરેનો ત્યાગ કર્યો હતો. મહારાજશ્રીએ ઘી ખાવાનું છોડી દીધું તે એ વિગઈ છે એટલા માટે જ માત્ર નહિ, પણ શુદ્ધ ઘી વિશે શંકા જતાં એ કાયમનું છોડી દીધું. એ વિશે એમણે પોતે જ કહ્યું છે કે એક વખત તેઓ આગરામાં પૂ. કવિ શ્રી અમરમુનિ સાથે હતા. એક દિવસ તેઓ રસ્તામાં જતા હતા ત્યારે એક સરદારજી એક હૃષ્ટપુષ્ટ ડુક્કરને પકડીને ખેંચી જતા હતા. ડુક્કરની જવાની મરજી નહોતી એટલે ચીસાચીસ કરતું હતું. મહારાજશ્રીએ દયાભાવથી સરદારજીને તેમ ન કરવા કહ્યું અને કારણ પૂછ્યું તો સરદારજીએ કહ્યું કે પોતે ડુક્કરને મારીને એની ચરબી કાઢવા માગે છે. ચરબીની શી જરૂર છે એવો પ્રશ્ન થતાં સરદારજીએ કહ્યું કે એ ચરબી પોતે ઘીમાં ભેળવવા માગે છે જેથી સારી કમાણી થાય. ઘીમાં ચરબીની વાસ ન આવે? એવા પ્રશ્નના જવાબમાં સરદારજીએ કહ્યું કે પોતે એમાં શુદ્ધ ઘીનું એસેન્સ ભેળવે છે. એમ કહી સરદારજીએ ઘરમાંથી ઘી લાવીને બતાવ્યું. એ સૂંઘતાં કોઇને ય શંકા ન જાય. મહારાજશ્રીને લાગ્યું કે આવું ચરબીવાળું ઘી તો કેટલાયે ઘરોમાં પહોંચી જતું હશે. કદાચ પોતાના ખાવામાં પણ આવી જાય. તરત જ એમણે સંકલ્પ કર્યો કે હવેથી ઘી કે ઘીવાળી વાનગી વગેરે ન ખાવાં, ન વહોરવાં.

મહારાજશ્રી જિહ્વારસ પર સંયમ મેળવવા, રસત્યાગ કરવા ઇચ્છતા હતા. એક વખત એમના વાંચવામાં આવ્યું કે ઔરંગજેબે શાહજહાંને પ્રશ્ન કર્યો કે 'બધાં અનાજમાં શ્રેષ્ઠ કયું?' શાહજહાંએ કહ્યું કે 'ચણા, કારણ કે તે સૌથી વધુ સ્વાદિષ્ટ છે. એમાંથી મીઠાઈઓ પણ બને અને નમકીન વસ્તુઓ પણ બને. ઘોડાને પણ ચણા બહુ ભાવે અને કાગડા-કબૂતરને પણ બહુ ભાવે.' એ વાંચીને મહારાજશ્રીને થયું કે સ્વાદ ઉપર જો સંયમ મેળવવો હોય તો ચણાનો ત્યાગ કરવો જોઇએ. આ રીતે એમણે ચણા કે એની વાનગીઓનો ત્યાગ કર્યો.

ત્યારપછી મહારાજશ્રીએ દૂધ અને દહીં, ખાંડ અને મીઠું પણ છોડ્યાં. તેલ છોડ્યું. દ્વિદળ છોડ્યાં. બાફેલાં શાકભાજી લેતા. આયંબિલ જેવું ખાતા. ઉણોદરી કરતા. મધ્યાહ્ન પછી, બાર વાગ્યા પછી એક વાર આહાર લેતા. સાંજે ઘણુંખરું આહાર લેતા નહિ. આ રીતે એમણે જીવનપર્યંત રસત્યાગની તપશ્ચર્યા કરી હતી.

મુંબઈમાં ઓપરેશન પછી મહારાજશ્રીએ ૧૯૮૨માં દેવલાલીમાં ચાતુર્માસ કર્યું. ત્યાં એમની તબિયત સારી રહી. એમની પ્રેરણાથી વૃદ્ધ સાધુ-સાધ્વીઓના સ્થિરવાસ માટે 'વર્ધમાન મહાવીર સેવા કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવી જેનો લાભ ઘણાં સાધુસાધ્વીઓ આ જ દિવસ સુધી લેતાં રહ્યાં છે. દેવલાલી પછી મહારાજશ્રીએ રાજસ્થાનમાં વિહાર-ચાતુર્માસ જુદે જુદે સ્થળે કર્યાં, પરંતુ વિશેષ સ્થિરતા તો એમની પ્રેરણાથી સ્થપાયેલી સંસ્થા 'ધી વર્ધમાન મહાવીર કેન્દ્ર'માં જ જીવનના અંત સુધી રહી હતી.

પૂ. મહારાજશ્રી મિતભાષી હતા અને દર મંગળવારે મૌન પાળતા. એમને વંદન કરવા દૂર દૂરથી આવેલા માણસો નિરાશ ન થાય એટલે પ્રત્યેક ચાતુર્માસ અગાઉ પત્રિકા બહાર પાડીને તેઓ જણાવી દેતા કે પોતાને મંગળવારે મૌન હોય છે માટે એ દિવસે બોલશે નહિ. વળી રોજેરોજ કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી તેઓ ભક્તોને મળશે તે પણ પત્રિકામાં જણાવી દેતા. આથી ભક્તોને અનુકૂળતા રહેતી અને મહારાજશ્રી પોતે પણ પોતાના સમયમાં નિયમિત સ્વાધ્યાય કરી શકતા. આથી જ આગમગ્રંથોના સંશોધન-સંપાદનનું અને ચારે અનુયોગનું હજારો પાનાનું લેખન અને હિંદી અનુવાદનું કાર્ય તેઓ કરી શક્યા હતા.

મહારાજશ્રી સ્થાનકવાસી સંપ્રદાયના હતા. એ સંપ્રદાય પ્રત્યે એમની નિષ્ઠા પૂરેપૂરી હતી, પરંતુ પૂ. દેવેન્દ્રમુનિ શાસ્ત્રીએ લખ્યું છે તે પ્રમાણે કન્હૈયાલાલજી મહારાજ અન્ય જૈન સંપ્રદાયની કે અન્ય ધર્મની ટીકા કે નિંદા જરા પણ કરતા નહિ. વાદવિવાદમાં કે બીજાને ખોટા ઠરાવવામાં એમને રસ નહોતો. તેઓ ઉદાર મતના હતા અને કહેતા કે સત્ય હંમેશાં સંપ્રદાયાતીત હોય છે. તેઓ આગમસાહિત્યના પ્રખર અભ્યાસી હતા એથી જ બત્રીસ આગમને ન વળગી રહેતાં પિસ્તાલીસ આગમનો એમણે અભ્યાસ કર્યો હતો. પૂ. દેવેન્દ્રમુનિ શાસ્ત્રીએ 'આગમ એક અનુશીલન'માં માત્ર બત્રીસ આગમની વિચારણા ન કરતાં પિસ્તાલીસ આગમની વિચારણા કરી છે, તેવી જ રીતે પૂ. કન્હૈયાલાલજી મહારાજે જૈનાગમ નિર્દેશિકામાં પિસ્તાલીસ આગમોના વિષયો લીધા છે.

ચાર અનુયોગ ગ્રંથોમાં પણ એમની ભાવના ૪૫ આગમો લેવાની હતી અને એ રીતે જ તૈયારી થઈ હતી પરંતુ સાંપ્રદાયિક ભાવનાવાળા કેટલાક શ્રાવકોના આગ્રહને લીધે ૩૨ આગમના વિષયો એમને રાખવા પડ્યા એમ શ્રી વિનયમુનિએ દ્રવ્યાનુયોગની પ્રસ્તાવનામાં નિર્દેશ કર્યો છે.

પૂ. કન્હૈયાલાલજી મહારાજ પોતાના સંપ્રદાયની સામાચારીનું બરાબર નિષ્ઠાથી પાલન કરતા, પરંતુ એમની પાસે ઐતિહાસિક ઉદાર દૃષ્ટિ હતી. એટલે જ બીજાની સામાચારીની તેઓ ક્યારેય ટીકા કરતા નહિ. કે તે ખોટી છે એવું કહેતા નહિ. દેવલાલીમાં એક વખત હું એમની પાસે બેઠો હતો ત્યારે એક ભાઈ વંદન કરવા આવ્યા. થોડી વારે એમણે સીધો બેધડક પ્રશ્ન કર્યો, 'મહારાજશ્રી, આપ મૂર્તિપૂજામાં માનો છો કે નહિ ?' ત્યારે મહારાજશ્રીએ સૌમ્યતાથી ઉત્તર આપ્યો કે 'જુઓ ભાઈ, મેં સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી છે. મારો વેશ સ્થાનકવાસી સાધુનો છે. મારે મારા વેશની મર્યાદા છે. એટલે આ વિષયમાં હું તમારી સાથે કંઈ ચર્ચા કરી શકીશ નહિ'. એમનો એ ઉત્તર બહુ વ્યવસ્થિત અને યોગ્ય હતો.

પૂ. કન્હૈયાલાલજી મહારાજ સંસ્કૃત, પ્રાકૃત ઉપરાંત અંગ્રેજી શબ્દોની વ્યુત્પત્તિ પોતાની મૌલિક દૃષ્ટિથી કરી બતાવતા. એમની શબ્દોની જાણકારી તથા એમની બહુશ્રુતતા એમાં જોવા મળતી. તેમણે અનેક શબ્દોના અર્થ પોતાની રીતે ઘટાવ્યા છે. એમાંથી ઉદાહરણ તરીકે થોડાક જોઇએ:

રોગ એટલે રો+ગ અર્થાત્ રોતાં રોતાં જે ગતિ કરાવે અથવા રોતાં રોતાં જેની ગતિ થાય તે. ગુરુ એટલે ગુ+રુ અર્થાત્ ગુ એટલે અંધકાર (અજ્ઞાનરૂપી) રુ એટલે દૂર કરનાર. અથવા ગુ એટલે ગુણો અને રુ એટલે રુચિ ધરાવનાર. મોક્ષ એટલે મો+ક્ષ અર્થાત્ મોહનો ક્ષય કરનાર. ક્ષમા એટલે ક્ષ+મા અર્થાત્ ક્ષય (કર્મક્ષય)નો માર્ગ. સુધા એટલે સુ+ધા અર્થાત સારી ધારણા. અંગ્રેજી શબ્દ એલાર્મનો અર્થ તેઓ કરતા કે અલ્લા અને રામને ઊઠતાંની સાથે યાદ કરો. મોટર એટલે મો+ટ+ર અર્થાત્ મોહથી ટળતા રહો.

મહારાજશ્રીનું મોટામાં મોટું સ્મારક તે એમની પ્રેરણાથી સ્થપાયેલી સંસ્થા 'આગમ અનુયોગ ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત થયેલા છ હજારથી વધુ પાનાંના એમના દળદાર અનુયોગ ગ્રંથો છે. અભ્યાસીઓને તે અનેક રીતે ઉપયોગી થાય એમ છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગમાં આગમસાહિત્યનું વર્ગીકરણ, હિંદી અનુવાદ સાથે એમણે કર્યું છે. એ માટે માત્ર જૈન સમાજ જ નહિ, તમામ સાહિત્યરસિક વર્ગ હંમેશાં એમનો ઋણી રહેશે.

પ. પૂ. શ્રીકન્હૈયાલાલજી મહારાજ (કમલમુનિ)ના સ્વર્ગવાસથી આપણને એક બહુશ્રુત જ્ઞાની મહાત્માની ભારે ખોટ પડી છે.

એમના દિવ્યાત્માને કોટિ કોટિ વંદન !

☐ **રમણલાલ ચી. શાહ**

## સંઘના નવાં પ્રકાશનો

સંઘ તરફથી તાજેતરમાં નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :

| | કિંમત |
|---|---|
| (૧) જૈન ધર્મનાં સ્વાધ્યાય-સુમન<br>ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયાનો લેખ સંગ્રહ | ૧૦૦/- |
| (૨) જિનતત્ત્વ ભાગ ૫ (બીજી આવૃત્તિ)<br>લે. ડૉ. રમણલાલ ચી. શાહ | ૫૦/- |


## પ્રબુદ્ધ જીવન

(રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ અન્વયે)
(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિનું સ્થળ | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. | પ્રસિદ્ધિનો ક્રમ | : દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. | મુદ્રકનું નામ | : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | સરનામું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૪. | તંત્રનું નામ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | સરનામું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૫. | માલિકનું નામ અને સરનામું | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૨-૨૦૦૧ રમણલાલ ચી. શાહ

# 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' અંતર્ગત નયવિચારણા

□ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' નામક કૃતિના કર્તા ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી છે. આજથી ૩૦૦ વર્ષ પૂર્વે તેમનો જન્મ ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં આવેલ કનોડા ગામમાં થયો હતો. તેમની સ્મરણશક્તિ તીવ્ર હતી. બાલ્યાવસ્થામાં જૈન દીક્ષા ગ્રહણ કરી આત્મકલ્યાણની સાધના આદરી હતી. તેમની તીવ્ર સ્મરણશક્તિથી આકર્ષિત થયેલ અમદાવાદના શ્રેષ્ઠી ધનજી સૂરાએ ગુરુ નયવિજયજીને વિનંતી કરીને યશોવિજયજીને અભ્યાસાર્થે વારાણસી મોકલ્યા હતા. શ્રી યશોવિજયજીએ કાશી-આગ્રા જઈ નવ્યન્યાય જેવા જટિલ વિષયને હસ્તગત કર્યો હતો. તેમની પ્રજ્ઞા સર્વશાસ્ત્રપારગામી અને તાર્કિકતા અકાટ્ય હતી. સર્વતંત્ર-સ્વતંત્ર ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ અનેક દાર્શનિક ગ્રંથો અને ઉત્તમ આધ્યાત્મિક ગ્રંથોની રચના કરી છે. જૈન દર્શનનાં તત્ત્વોને નવ્યન્યાયની શૈલીમાં ઢાળવાની પહેલ કરનાર તેઓ પ્રથમ જૈન વિદ્વાન હતા. તેમણે કઠિન શાસ્ત્રગ્રંથોની રચના કરી છે તેવી જ રીતે સામાન્ય જનને સમજ પડે તેવી ગુજરાતી ભાષામાં સરળ ગ્રંથોની રચના પણ કરી છે. અનેક વિષયોમાં તેમની પ્રજ્ઞા સહજ રીતે જ વિહરતી હતી તેથી તેમને કુર્ચાલશારદ, લઘુહરિભદ્ર અને શ્રુતકેવલી જેવા ઉપનામોથી બિરદાવવામાં આવ્યા છે. તેમણે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં અનેક કૃતિઓની રચના કરી છે. તેમાંની એક કૃતિ 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ગુજરાતી ભાષામાં રચાયેલ કૃતિ છે. તેના ઉપર સ્વોપજ્ઞ ટબો (સ્તબક)ની રચના પણ કરવામાં આવી છે. તે કાળે ગુજરાતી ભાષામાં રચાયેલ દાર્શનિક સાહિત્યમાં આ એક માત્ર કૃતિ હોવાનો સંભવ છે. આ ગ્રંથમાં જૈન દર્શનના દ્રવ્ય-ગુણ-પર્યાય જેવા અત્યંત જટિલ તત્ત્વોને ગુજરાતી ભાષામાં, સામાન્ય જનને સમજ પડે તેવી સરળ શૈલીમાં, રજૂ કરવામાં આવેલ છે. મૂળ સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં રચાયેલ ગ્રંથોની ગુજરાતી ભાષામાં રચાયેલ ટીકાઓ કે ભાવાનુવાદ જેવા અનેક ગ્રંથો જોવા મળે છે. પરંતુ મૂળ ગુજરાતી ભાષામાં રચાયેલ હોય અને તેના આધારે સંસ્કૃત ભાષામાં રચાયેલ ગ્રંથો અત્યલ્પ સંખ્યામાં જોવા મળે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ તેમાંનો એક ગ્રંથ છે. આ ગ્રંથના આધારે ભોજસાગરે 'દ્રવ્યાનુયોગતર્કણા' નામના ગ્રંથની રચના કરી છે. આમ આ એક અત્યંત મહત્ત્વપૂર્ણ કૃતિ છે.

આ ગ્રંથમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની ચર્ચા કરતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ ૫૦ જેટલા જુદા જુદા ગ્રંથોના સાક્ષીપાઠો રજૂ કર્યા છે. ૩૩ જુદા જુદા મતોની ચર્ચા કરી છે. ગ્રંથનાં નામ પ્રમાણે જ આ ગ્રંથનો મુખ્ય વિષય દ્રવ્ય, ગુણ અને પર્યાયની વિશદ સમજ આપવાનો હોવા છતાં આનુષંગિક વિષય સ્વરૂપે ઢાળ-પાંચ, છ, સાત, અને આઠમાં નયોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. નયવાદ એ જૈન દર્શનની ભારતીય દર્શન શાસ્ત્રને વિશિષ્ટ દેન છે. નયના આધારે જ અનેકાન્તવાદને સમજવાનું સરળ બને છે. આથી કહ્યું પણ છે 'णयमूलो अणेयंतो' અર્થાત્ અનેકાન્તનું મૂળ નય છે. વિશેષાવશ્યક ભાષ્યમાં જિનભદ્રગણિ કહે છે કે જૈન દર્શનમાં તો કોઇપણ કથન નય રહિત નથી અર્થાત્ જે જે કહ્યું છે તે બધું સાપેક્ષ છે. શ્રી યશોવિજયજી નયવાદના પારગામી વિદ્વાન હતા. તેમની વાણી, શાસ્ત્રો અને ગ્રંથો નયથી ભરેલાં છે. તેમની વાણી વિશે કહેવાયું છે કે 'વાણી વાચક જસ તણી કોઈ નયે ન અધૂરી રે'. યશોવિજયજીની વાણીમાં ક્યાંય નયની ઊણપ જોવા મળતી નથી. તેથી તેમનાં ગ્રંથોમાં યત્ર તત્ર નયોની ચર્ચા જોવા મળે તેમાં કોઈ નવીનતા ન ગણાય. ઉપા. યશોવિજયજીએ દ્રવ્યાદિ પદાર્થોની ચર્ચાની સાથે સાથે પ્રસ્તુત કૃતિમાં શ્વેતામ્બર પરંપરા અને દિગમ્બર પરંપરા સમ્મત નયસિદ્ધાન્તની તુલના કરી છે.

સામાન્ય રીતે તો શ્વેતામ્બર પરંપરા અને દિગમ્બર પરંપરા સમ્મત નયસિદ્ધાન્તમાં વિશેષ કોઈ જ ભેદ નથી. તેમ છતાં જૈન દર્શનની પ્રાચીન પ્રચલિત પરંપરાથી ભિન્ન એવી એક પરંપરાનો ઉલ્લેખ દેવસેન કૃત નયચક્રમાં જોવા મળે છે. દેવસેનાચાર્ય કૃત નયચક્રમાં વર્ણિત નયોનું પ્રસ્તુત ગ્રંથમાં સમવતરણ કરી સમાલોચના કરી છે. આ અંગે ચર્ચા કરતા પૂર્વે આપણે નય વિશે સામાન્ય ચર્ચા કરીશું.

**નયોની સંખ્યા :-**

જૈન દર્શનમાં નયોની સાત સંખ્યા પ્રસિદ્ધ છે. અનુયોગદ્વાર નામક આગમગ્રંથમાં પણ સાત મૂળ નયોની વાત કરવામાં આવી છે. 'सत्त मूल नया पन्नता' સાત મૂળ નયો જણાવ્યા છે. અર્થાત્ નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત એ સાત મૂળ નયો છે. તદનુસાર આવશ્યક નિર્યુક્તિ વગેરે ગ્રંથોમાં પણ સાત નયોની જ ચર્ચા કરવામાં આવી છે. વાચક ઉમાસ્વાતિ પૂર્વે આવશ્યક નિર્યુક્તિ-ચૂર્ણિએ પાંચ મૂળ નયોની એક પરંપરા નોંધી છે. વાચક વર્ય ઉમાસ્વાતિ પણ પાંચ મૂળ નયો ગણાવે છે. ઉમાસ્વાતિના મતે શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયો શબ્દનયમાં જ સમાવિષ્ટ થાય છે. આચાર્ય સિદ્ધસેન દિવાકર નયોના છ ભેદ દર્શાવે છે. તેમના મતે નૈગમ નયનો સમાવેશ સંગ્રહનય અને વ્યવહારનયમાં થઈ જતો હોવાથી તેને ભિન્ન નય સ્વીકારવો ઉચિત નથી. યશોવિજયજી પણ મૂળ સાત નયોની પ્રચલિત પરંપરાનો સ્વીકાર કરે છે, અને આદેશાન્તરે પાંચ નયોનો ઉલ્લેખ કરે છે. આ અંગે તેઓ તત્ત્વાર્થસૂત્રનો હવાલો આપતા જણાવે છે કે

**'તત્ત્વારથિ નય સાત છઇંજી, આદેશાંતર પંચ, (૧૧૭)**

સ્તબક:- તત્ત્વાર્થસૂત્રઇં ૭ નય કહિયા છઇં, અનઇં આદેશાંતર કહેતાં મતાંતર તેહથી-૫ નય કહિયા છઇં. 'सप्तमूल नया:, પચ્ચ ઇત્યાપદેશાન્તરમ્ એ સૂત્રઇં સાંપ્રત સમભિરૂઢ, એવંભૂત એ-૩ નઇં શબ્દ એક નામઇં સંગ્રહિઇં, તિવારઇં-પ્રથમ ચાર સાથિ કહિઇં'

આ ઉપરાંત એક એક નયના ૧૦૦-૧૦૦ ભેદોનો ઉલ્લેખ આવશ્યક નિર્યુક્તિમાં પ્રાપ્ત થાય છે. તેનો સમાવેશ કરતાં ૭૦૦ કે ૫૦૦ ભેદો પણ સંભવે. જો કે આવા ભેદોનો વિગતે કે નામોલ્લેખ માત્રની ગણતરી પણ ક્યાંય જોવા કે જાણવા મળતી નથી. તેથી હાલ તો માત્ર એમ જ માનવું રહ્યું કે પૂર્વે આવા પ્રકારની પણ ભેદ-પ્રભેદની પરંપરા હશે. શ્વેતામ્બર પરંપરામાં આ. મલ્લવાદીએ દ્વાદશાર નયચક્રમાં વિધિ, નિષેધ, ઉભય આદિના સંયોગથી ૧૨ નયની વિગતે ચર્ચા કરી છે. જૈન દર્શનમાં આ પ્રકારની ભેદોની ચર્ચા માત્ર આ ગ્રંથમાં જ જોવા મળે છે.

દિગમ્બર પરંપરામાં પણ મુખ્યત્વે સાત નયોની પરંપરા જ પ્રચલિત છે. પરંતુ દેવસેન નયચક્રમાં એક જુદી જ રીતે નયોના ભેદોનો ઉલ્લેખ કરે છે. તેમને મતે નવ નયો છે. અને ત્રણ ઉપનયો છે. અધ્યાત્મ માર્ગે તો બે જ નય નિશ્ચય અને વ્યવહાર એવા ભેદો સંભવે છે. નયોની સાથે ઉપનયોનો ઉલ્લેખ આચાર્ય સમન્તભદ્રે સર્વપ્રથમ આપ્તમીમાંસાની ૧૦૭મી

કારિકામાં કર્યો છે. અકલંકે તેમની અષ્ટશતીમાં સંગ્રહ આદિને નય અને તેની શાખા-પ્રશાખાઓ, ભેદ-પ્રભેદોને ઉપનય કહ્યા છે. પરંતુ ઉપનયોના ભેદોની કોઈ ચર્ચા કરી નથી. પરંતુ દેવસેનાચાર્યે નયચક્રમાં નયોની નિકટવર્તીને ઉપનય કહ્યા છે. તેના ત્રણ ભેદ પાડ્યા છે. ઉપનયના ત્રણ ભેદની ચર્ચા યા ઉપનયોની ચર્ચા અમૃતચંદ્રના ગ્રંથોમાં પણ નથી. દેવચંદ્ર અને અમૃતચંદ્ર લગભગ સમકાલીન હતા. તે પૂર્વે ઉપનયોની ચર્ચા નથી. પરંતુ જયસેને ટીકાઓમાં ઉપનયોની ચર્ચા કરેલ છે. નયોની સંખ્યા વિશેની ઉક્ત સામાન્ય ચર્ચાને આધારે આપણે એ નિષ્કર્ષ ઉપર આવી શકીએ કે મૂળ આગમિક પરંપરા મુજબ નયની સંખ્યા સાત હતી. ત્યારબાદ નયની સાથે ઉપનયોનો ઉલ્લેખ જોવા મળે છે. પણ નયની સંખ્યા નવ અને ઉપનયોની સંખ્યા ૩ એમ અલગ ભેદોની ગણતરી માત્ર દેવસેન કૃત નયચક્રમાં જ જોવા મળે છે. આના કોઈ પ્રાચીન સાહિત્યિક ઉલ્લેખો પ્રાપ્ત થતા ન હોવાથી આ પરંપરાને પ્રાચીન પરંપરા માની ન શકાય. પરંતુ દેવસેન આચાર્યે જ તે નવી ઊભી કરેલી જણાય છે. ઉપા. યશોવિજયજીએ દેવસેન કૃત નવ-નય તથા ત્રણ ઉપનયની પરંપરાને વિશદ રીતે વર્ણવી છે અને ત્યારબાદ તેની સમાલોચના કરી છે. મૂળ સંસ્કૃત ભાષામાં રચાયેલ નયચક્ર અપરનામ આલાપપદ્ધતિનાં સૂત્રોને ગુજરાતી ભાષાના છંદોમાં સુંદર રીતે વણી લઈ તેનું વિવેચન ઢાળ-૫, ૬, ૭, ૮માં કરેલ છે. તે નીચે મુજબ છે.

નયની વ્યાખ્યા : પ્રત્યક્ષાદિ પ્રમાણથી નિશ્ચિત કરેલ અનંત ધર્માત્મક વસ્તુના નિશ્ચિત કરેલ અંશ કે અંશોને જે ગ્રહણ કરે અને બાકીના અંશો અંગે ઉદાસીન રહે અર્થાત્ બાકીના અંશોનો નિષેધ ન કરે તે નય છે. અને બાકીના અંશોનો નિષેધ કરે તે દુર્નય છે.

નયના બે પ્રકાર : ૧. નિશ્ચય નય, દ્રવ્યાર્થિક. ૨. વ્યવહાર નય, પર્યાયાર્થિક.

નયના નવ પ્રકાર : ૧. દ્રવ્યાર્થિક નય, ૨. પર્યાયાર્થિક નય, ૩. નૈગમ નય, ૪. સંગ્રહ નય, ૫. વ્યવહાર નય, ૬. ઋજુસૂત્ર નય, ૭. શબ્દ નય, ૮. સમભિરૂઢ નય, ૯. એવંભૂત નય.

ઉપનય એટલે નય સમીપ તે ઉપનય; અથવા નયનું એક અંગ ગ્રહણ કરી, અનેક વિકલ્પે કરી કથન તે ઉપનય. તેના ત્રણ પ્રકાર :

૧. સદ્ભૂત વ્યવહાર નય, ૨. અસદ્ભૂત વ્યવહાર નય, ૩. ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર નય.

**દ્રવ્યાર્થિક નયના દશ ભેદ : પર્યાયાર્થિકના ૬ ભેદ :**

**૧. દ્રવ્યાર્થિક નયના દશ ભેદ :**

૧. કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નય :- જેમકે-સંસારી જીવ સિદ્ધ જેવો જ શુદ્ધાત્મા છે. **'સર્વ જીવ છે સિદ્ધ સમ.'** ૨. (ઉત્પાદ, વ્યયને ગૌણ કરી કેવળ) સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યા. નય:-યથા-દ્રવ્ય નિત્ય છે, જીવ નિત્ય છે, પરમાણુ નિત્ય છે. ૩. ભેદ કલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યા. નય:-જેમકે, નિજ ગુણ પર્યાયથી દ્રવ્ય અભિન્ન છે. ૪. કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યા. નય:- જેમકે, ક્રોધાદિ કર્મ જ ભાવ આત્મા. ૫. ઉત્પાદ વ્યય સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યા. નય:- જેમકે એક જ સમયે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત તે દ્રવ્ય. ૬. ભેદ કલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યા. નય:- જેમકે, આત્માના દર્શન, જ્ઞાનાદિ ગુણ. જ્ઞાન અને દર્શનાદિ પોતે જ આત્મા છે, છતાં ભેદ કલ્પના કરી 'ના' વડે જુદા પાડ્યા. ૭. અન્વય દ્રવ્યા. નય:- જેમકે, ગુણ-પર્યાય યુક્ત તે દ્રવ્ય. ૮. સ્વજાતિગ્રાહક અથવા સ્વદ્રવ્યાદિગ્રાહક અથવા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવગ્રાહક દ્રવ્યા. નય:- જેમકે-સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર આદિની અપેક્ષાએ એ દ્રવ્ય. ૯. પરજાતિગ્રાહક દ્રવ્યા. નય:- જેમકે પરદ્રવ્ય, પરક્ષેત્ર આદિની અપેક્ષાએ એ દ્રવ્ય નથી. અથવા સુવર્ણ રજત નથી; રજત દ્રવ્યે, રજત ક્ષેત્રે, રજત કાળે કે રજત ભાવે સુવર્ણ રજત નથી. કોઇ કાળે, કોઈ ક્ષેત્રે, કોઈ દ્રવ્યે, કોઈ ભાવે સુવર્ણ રજત નથી. અથવા આત્મા દ્રવ્ય (જીવ) પુદ્ગળ દ્રવ્ય (અજીવ) નથી, ચેતન દ્રવ્ય જડ દ્રવ્ય નથી. જડના દ્રવ્યથી, કે જડના ક્ષેત્રથી, કે જડના કાળથી કે જડના ભાવથી ચેતન જડ નથી. સર્વ કાળે, સર્વ ક્ષેત્રે, સર્વભાવે, સર્વદ્રવ્યે ચેતન તે ચેતન જ છે; અચેતન નથી, જડ નથી. તેમજ જડ તે ચેતન નથી. બંને પ્રગટ ભિન્ન છે. બંને પોતપોતાના ભાવે સ્થિત છે. જડમાં ચેતન નથી ભળી જતું; ચેતનમાં જડ નથી ભળી જતું. એકનો સ્વભાવ બીજામાં ન આવે, અને બીજાનો પહેલામાં ન આવે. દરેક દ્રવ્ય નિરનિરાળા પોતપોતાના સ્વભાવે સ્થિત છે. ઇત્યાદિ.

૧૦. પરમગ્રાહક દ્રવ્યા. નય અથવા પારિણામિક ભાવ ગ્રાહક દ્રવ્યા. નય:- જેમકે-જ્ઞાનસ્વરૂપ એ આત્મા. અહીંયાં ઘણા સ્વભાવમાંથી જ્ઞાન એ પરમ સ્વભાવ ગણ્યો.

**૨. પર્યાયાર્થિક નયના છ ભેદ :-**

૧. અનાદિ નિત્ય પર્યાયાર્થિક નય અથવા અનાદ્યનંત પર્યાયાર્થિક નય: જેમકે-પુદ્ગલ પર્યાય નિત્ય છે. મેરુ આદિ. (પ્રાય: એ ગિરિશાશ્વતો, અથવા શાશ્વતી નિજ પ્રતિમા.) મેરુ એ પુદ્ગલનો પર્યાય છે. ૨. સાદિ નિત્ય અથવા સાદિ અનંત પર્યા. નય:- જેમકે-સિદ્ધ પર્યાય (કેમકે સિદ્ધ એ જીવનો પર્યાય છે.) નિત્ય છે. ૩. (સત્તા ગૌણ કરી) ઉત્પાદ, વ્યય ગ્રાહક સ્વભાવવાળો નિત્ય અશુદ્ધ પર્યા. નય:- જેમકે, પર્યાયો ક્ષણે ક્ષણે પલટે છે. ૪. સત્તા સાપેક્ષ નિત્ય અશુદ્ધ પર્યાય. નય:- જેમકે એક સમયે ત્રણ રૂપવાળો તે પર્યાય. અર્થાત્ પૂર્વે પર્યાયનો નાશ, ઉત્તર પર્યાયનો ઉત્પાદ અને દ્રવ્યપણે ધ્રૌવ્ય. ૫. કર્મોપાધિ નિરપેક્ષ નિત્ય શુદ્ધ પર્યા. નય:- જેમકે-સિદ્ધના પર્યાય જેવા સંસારીના પર્યાય (જ્ઞાનાદિ) શુદ્ધ છે. ૬. કર્મોપાધિ સાપેક્ષ નિત્ય અશુદ્ધ પર્યા. નય: જેમકે-(સંસારી) જીવો ઉપજે છે અને મરે છે.

**૩. નૈગમ નયના ત્રણ ભેદ :-**

૧. ભૂત નૈગમ (૨) ભાવિ નૈગમ, (૩) વર્તમાન નૈગમ. તેમાં (૧૨) ભૂતને વિશે વર્તમાનનું આરોપવું એ ભૂત નૈગમ. જેમકે-આજ દિવાળીને દિવસે શ્રી વર્ધમાનસ્વામી મોક્ષે પધાર્યા. (જો કે તેમને થઈ ગયા સેંકડો વરસ થઈ ગયાં)

૨. ભાવિને વિશે ભૂતનું આરોપણ એ ભાવિ નૈગમ:- જેમકે-જે થવાનું છે તે થયું ગણવું. અર્હત્ તે સિદ્ધ, સમકિતી તે મુક્ત. આમાં અર્હત્ એ દેહધારી રૂપે છે, સિદ્ધ થયા નથી; પણ અર્હત્ હોવાથી દેહમુક્ત થયે નિયમા સિદ્ધ થશે; એ નિશ્ચયને લઈ સિદ્ધ થવા રૂપ ભાવિનું સિદ્ધ થયા રૂપે આરોપણ કર્યું. તેમજ સમકિતી નિયમા મુક્ત થાય; હજી મુક્ત થયેલ નથી, છતાં નિશ્ચયને લઈ મુક્ત થવા રૂપ ભાવિનું સમકિતીને વિશે આરોપણ કર્યું, ઇત્યાદિ.

૩. કરવા માંડેલી વસ્તુ થઈ છે, નથી થઈ અને કહેવું કે થાય છે. અથવા થાય છે અને કહેવું કે થઈ તે વર્તમાન નૈગમ. જેમકે, ચોખા હાંડલીમાં રંધાવા ઓર્યા, રંધાયા નથી અને કહેવું કે રંધાય છે. અથવા 'કડેમાણે કડં' થાય છે તે થયું.

**૪. સંગ્રહ નયના બે ભેદ :-**

૧. સામાન્ય સંગ્રહ :- જેમકે, દ્રવ્યમાત્ર પરસ્પર અવિરોધી છે.

**૫. વ્યવહાર નયના બે ભેદ :-**

૧. સામાન્ય સંગ્રહ ભેદક વ્ય :- જેમકે, દ્રવ્ય બે : જીવ અને અજીવ. ૨. વિશેષ સંગ્રહ ભેદક વ્ય. :- જેમકે, જીવ બે પ્રકારના : સિદ્ધ અને સંસારી.

**૬. ઋજુસૂત્ર નયના બે ભેદ :-**

૧. સૂક્ષ્મ ઋજુસૂત્ર : જેમકે, એક સમય જ જેની સ્થિતિ છે તે પર્યાય. ૨. સ્થૂળ ઋજુસૂત્ર : જેમકે, મનુષ્યાદિ પર્યાય આયુકાળ પ્રમાણ.

**૭. શબ્દ નયનો એક ભેદ :-** જેમકે, દારા, ભાર્યા, કલત્રં, અથવા જલં, આપ:.

**૮. સમભિરૂઢ નયનો એક ભેદ :-** જેમકે, ગાય એ પશુ છે.

**૯. એવંભૂત નયનો એક ભેદ :-** જેમકે, ઇંદે તે ઇન્દ્ર.

આમ નયના અઠ્ઠાવીસ ભેદ થયા : દ્રવ્યાર્થિકના ૧૦, પર્યાયાર્થિકના ૬, નૈગમના ૩, સંગ્રહના ૨, વ્યવહારના ૨, ઋજુસૂત્રના ૨, શબ્દનો ૧, સમભિરૂઢનો ૧, એવંભૂતનો ૧,-કુલ ૨૮.

**ઉપનય ત્રણ : તેના ભેદ પ્રતિભેદ :-**

**૧. સદ્‌ભૂત વ્યવહાર ઉપનય, તે બે પ્રકારે :-**

૧. શુદ્ધ સદ્‌ભૂત વ્ય. ઉપનય:- જેમકે, શુદ્ધગુણ-શુદ્ધ ગુણી અને શુદ્ધ પર્યાય-શુદ્ધ પર્યાયીના ભેદનું કહેવું તે (સિદ્ધ પર્યાય સિદ્ધજીવ). ૨. અશુદ્ધ સદ્‌ભૂત વ્ય ઉપનય: જેમકે અશુદ્ધ ગુણ, અશુદ્ધ ગુણી અને અશુદ્ધ પર્યાય-અશુદ્ધ પર્યાયીના ભેદનું કહેવું તે. (મનુષ્ય પર્યાય સંસારી જીવ.)

**૨. અસદ્‌ભૂત વ્યવહાર ઉપનય તે ત્રણ પ્રકારે :-**

૧. સ્વજાતિ અસદ્‌ભૂત વ્ય: જેમકે, પરમાણુ બહુપ્રદેશી. ૨. વિજાતિ અસદ્‌ભૂત વ્ય: જેમકે, મતિજ્ઞાન મૂર્ત્ત છે. કેમકે મૂર્ત દ્રવ્યથી ઉપજેલું છે. જ્ઞાન અમૂર્ત્ત છે, છતાં મતિજ્ઞાનને મૂર્ત્ત ગણ્યું. કેમકે વિજાતિ એવાં મૂર્ત પુદ્‌ગલથી ઊપજ્યું છે. ૩. સ્વજાતિ વિજાતિ અસદ્‌ભૂત વ્ય: જેમકે, જ્ઞાનનો વિષય હોવાથી જ્ઞેય એવા જીવ અને અજીવને વિષે જ્ઞાનનું કથન છે.

**૩. ઉપચરિત અસદ્‌ભૂત વ્ય. ઉપનય. ત્રણ પ્રકારે :-**

૧. સ્વજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્ય. :- જેમકે, મારાં સ્ત્રી, પુત્રાદિ (સજીવ) ૨.વિજાતિ ઉપચરિત અસદ્. વ્ય. : જેમકે મારાં હાટ, હવેલી, ઘર, વસ્ત્રાદિ (નિર્જીવ) ૨. સ્વજાતિ વિજાતિ ઉપચરિત અસદ્. વ્ય. જેમકે, મારાં દેશ, રાજ્ય, પ્રજા, ધણ, દુર્ગાદિ (સજીવ, નિર્જીવ).

આમ ઉપનયના આઠ ભેદ થયા, અને નયના પૂર્વે જણાવેલ અઠ્ઠાવીસ ભેદ ગણતાં કુલ છત્રીશ ભેદ થાય.

દેવસેનાચાર્યે નયચક્રમાં ઉપરોક્ત ભેદ-પ્રભેદ કરી તેની સંક્ષેપમાં ઉદાહરણ સહિત ચર્ચા કરી છે. તે જ બાબતોની રાસમાં ગુજરાતી ભાષામાં ઢાળોમાં તથા સ્તબકમાં સુંદર રજૂઆત કરવામાં આવી છે. તુલનાત્મક દૃષ્ટિએ આ. દેવસેન કૃત મૂળ સંસ્કૃત પંક્તિ અને ઉપા. યશોવિજય કૃત ગુજરાતી કડીઓ અને સ્તબકનો અહીં ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે.

દેવસેન નયચક્રમાં જણાવે છે કે-कर्मोपाधिनिरपेक्षः शुद्धद्रव्यार्थिको यथा जीवः सिद्धसदक् शुद्धात्मा ॥ પૃ. ૨૧૪

કર્મોપાધિ નિરપેક્ષ-કર્મોની ઉપાધિની અપેક્ષા ન કરવાવાળો શુદ્ધ દ્રવ્યાર્થિક નય-જેમકે સંસારી જીવ સિદ્ધની જેમ શુદ્ધ આત્મા છે. યશોવિજયજીએ લખ્યું છે :

શુદ્ધ અકર્મોપાધિથી, દ્રવ્યાર્થિક ધુરિ આણો, ૨-૬૩.

જિન-સંસારી પ્રાણિઆ, સિદ્ધ સમોવડિ ગણિઈં રે, સહજભાવ આગલિં કરી, ભવ પર્યાય ન ગણિઈં રે. ૬૪.

અર્થાત્ સંસારના ભવ પર્યાયની વિવક્ષા ન કરી માત્ર સહજ ભાવને પ્રધાનરૂપે ગણીએ તો બધા જ સંસારી જીવો સિદ્ધ સમાન છે. આવા ભાવને અકર્મોપાધિ શુદ્ધ દ્રવ્યાર્થિક નય નામ આપવામાં આવ્યું છે.

વળી દેવસેન નય-ચક્રમાં બીજો ભેદ જણાવતા કહે છે કે

उत्पादव्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्ध द्रव्यार्थिको, यथा द्रव्यं नित्यम् ॥

ઉત્પાદ અને વ્યયને ગૌણ કરી સત્તા ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક નય-જેમ કે દ્રવ્ય નિત્ય છે. આ વાતને યશોવિજયજીએ ગુજરાતી ભાષામાં સુંદર રીતે અવતરિત કરી છે.

**ઉત્પાદ વ્યય ગૌણતા, સત્તા મુખ્ય જ બીજઈં રે,**

**ભેદ શુદ્ધ દ્રવ્યારર્થિ, દ્રવ્ય નિત્ય જિમ લીજઈં રે-૬૫**

સ્તબકમાં દેવસન કૃત પંક્તિનું જ ઉદ્ધરણ આપ્યું છે કે उत्पादव्यय गौणत्वेन सत्ता ग्राहकः शुद्ध द्रव्यार्थिकः દ્રવ્ય નિત્ય છે. માત્ર પર્યાયો પલટાય છે. દ્રવ્ય તો ત્રણેય કાળમાં અવિચલ રહે છે. પુદ્‌ગલાદિ દ્રવ્યની સત્તા કદાપિ ચલિત થતી નથી. આમ પૂર્વે જણાવેલ નયના પ્રત્યેક ભેદને સુંદર રીતે સહજ શૈલીમાં રજૂ કરવામાં આવેલ છે.

આઠમી ઢાળમાં શ્રી યશોવિજયજી જણાવે છે કે નય અને ઉપનયના ભેદ દેવસેને નયચક્રમાં જણાવેલ છે. પરંતુ તેમણે જણાવેલ પરંપરામાં દર્શાવેલ ભેદ સાથે શ્વેતામ્બરોનો કોઈ મોટો વિષય-ભેદ નથી. તેમ છતાં ઊલટી પરિભાષા દેખી ખેદ થાય છે. સ્તબકમાં આ જ વાતને દર્શાવતા એક સુભાષિત પ્રયુક્ત કરેલ છે:

यद्यपि न भवति हानिः परकीयां चरति रासभे द्राक्षाम्

असमञ्जसं तु दृष्ट्या तथापि परिखिद्यते चेतः ॥

અર્થાત્ પરાઈ દ્રાક્ષ ખાતા ગધેડાથી કાંઈ વિશેષ હાનિ થતી નથી છતાં પણ અસંગત પરિસ્થિતિ જોવાથી મનને ખેદ તો થાય જ છે. તેવી રીતે અહીં પણ ઊલટી પરિભાષા જોઈને મનને ખેદ ઉત્પન્ન થાય છે. વિપરીત પરિભાષા માટે શાસ્ત્રપાઠો આપતા જણાવે છે કે તત્ત્વાર્થપ્રમુખ ગ્રંથોમાં તો સાત અથવા પાંચ ભેદની જ વાત કરી છે. અર્થાત્ આગમપ્રમાણને આધારે પણ સાત જ નય ઘટે છે. તેના બદલે તે જ સાત નયોમાં આંતરભાવિત એવા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયોને જુદા તારવી તેનો યોગ કરી સાત નયોની જગ્યાએ નવ નયોની પ્રરૂપણા કરી છે, તેવો પ્રપંચ શા માટે ?

આ. દેવસેન દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નયને સાત નયોથી અલગ માની સાતને બદલે નવ નય જણાવે છે. તેમની સમક્ષ ઉપા. યશોવિજય એક નવી જ આપત્તિ ઉપસ્થિત કરતાં કહે છે કે જેમ તમે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકને અલગ નય ગણો છો તેવી જ રીતે તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં અર્પિત અને અનર્પિત એવા બે ભેદ પાડવામાં આવ્યા છે તેને પણ અલગ નય ગણાવી નવ નયને બદલે ૧૧ નય કેમ નથી ગણાવતા ?

આ પ્રશ્નના જવાબમાં કોઈ એમ જણાવે કે અર્પિત અને અનર્પિત એવા ભેદની અલગ ગણતરી કરવી જરૂરી નથી કારણ કે અર્પિત એટલે વિશેષ અને અનર્પિત એટલે સામાન્ય અર્થાત્ અર્પિતનો વ્યવહારનયમાં અને અનર્પિતનો સંગ્રહનયમાં સમાવેશ થઈ જતો હોવાથી અર્પિત અને અનર્પિત એ બે નયોને અલગ માનવાની કે ગણવાની જરૂર જણાતી નથી. આવા ખુલાસા સામે યશોવિજયજી યુક્તિપૂર્વક જણાવે છે કે જો

તમે અર્પિત-અનર્પિત જે શાસ્ત્રોક્ત છે તેને અલગ ન ગણતાં અન્ય નયોમાં સમાવિષ્ટ કરો છો તો પછી જે શરૂઆતના ૪ નયો-નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક નયના ભેદ છે અને શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ પર્યાયાર્થિક નયના ભેદ છે તો તે બે નયોને સાત નયોમાં આંતરભાવિત કરી સાત જ મૂળ નયો કેમ ગણાતા નથી ? વળી આ સાત નયોની પદ્ધતિ વધુ પ્રાચીન અને શાસ્ત્રસમ્મત છે. જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં અને સિદ્ધસેન દિવાકરે સન્મતિતર્ક સૂત્રમાં વર્ણવી છે. આમ દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય શાસ્ત્રસમ્મત નૈગમ આદિ સાત નયોમાં આન્તરભાવિત થઈ જાય છે. તો પછી તેનો અલગ ઉપદેશ શા માટે આપો છો ? અર્થાત્ અલગ નય શા માટે ગણાવો છો ?

આવા ખુલાસા સામે કોઈ દિગમ્બર વિદ્વાન્ એમ કહી શકે કે જેવી રીતે તત્ત્વાર્થસૂત્રમાં પાંચ નય વર્ણવ્યા છે ત્યારબાદ તેમાં શબ્દના ત્રણ ભેદ કરી સાત નય ગણાવ્યા છે. તેવી જ રીતે અમે પણ સાત નયમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય ભેળવી કુલ ૯ નવ નય દર્શાવીએ છીએ તેમાં કયો દોષ ? આ બાબતે યશોવિજયજી જણાવે છે કે તત્ત્વાર્થમાં અંતિમ ત્રણ નયોને એક સંજ્ઞાએ સંગ્રહી પાંચ નયની ગણતરી કરાવી છે. પણ તે નયોના વિષય ભિન્ન છે. તેથી મૂળ તો સાત જ નય છે. માટે મૂળ સાત નયોની પરંપરાને સ્વીકારવી જ ઉચિત છે. તેમજ આ. દેવસેને દ્રવ્યાર્થિક નયના દશ ભેદો પ્રદર્શિત કર્યા છે તે સર્વેનો સમાવેશ શુદ્ધાશુદ્ધ સંગ્રહનયમાં થઈ જાય છે અને પર્યાયાર્થિક નયના ૬ ભેદોનો સમાવેશ ઉપચરિતાનુપચરિત વ્યવહાર નય તથા શુદ્ધાશુદ્ધ ઋજુસૂત્રમાં થઈ જતો હોવાથી અલગ નય માનવા ઉચિત નથી. તેમજ गोबलिवर्द न्याये અર્થાત્ શબ્દભેદ માત્રથી ભેદ ગણાવામાં આવે તો નયોની સંખ્યા અગણિત થઈ જશે. સ્યાદસ્ત્યેવ, સ્યાન્નાસ્ત્યેવ વગેરે સપ્તભંગો અને તેમાં અર્પિત-અનર્પિત, સત્ત્વગ્રાહક, અસત્ત્વગ્રાહક વગેરે અસંખ્યભેદો ઉદ્‌ભવશે.

નૈગમનો વિષય સંગ્રહ અને વ્યવહારનયની સાથે સામ્ય ધરાવે છે. અર્થાત્ નૈગમના બે ભેદ છે : ૧. સામાન્યગ્રાહી નૈગમ, ૨. વિશેષગ્રાહી નૈગમ. આ બન્ને ભેદો તો સામાન્ય સંગ્રહ નયમાં અને વ્યવહાર નયમાં આન્તરભાવિત થઈ જતાં હોવા છતાં તેને અલગ ગણી છના બદલે સાત નયો ગણાવામાં આવે છે તેવી જ રીતે અહીં પણ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને ભિન્ન ગણીને સાતને સ્થાને નવ નયો ગણાવામાં કોઈ દોષ આવતો નથી. તેવી યુક્તિ પ્રયુક્ત કરાનારને યશોવિજયજી જણાવે છે કે તમારી વાત કાંઈક અંશે સત્ય છે છતાં પણ પ્રસ્થપ્રદેશ આદિની વિવક્ષાએ નૈગમનય કાંઈક ભિન્ન છે. અર્થાત્ તે સંગ્રહ અને વ્યવહારમાં સમાવિષ્ટ થતો નથી તેથી નૈગમનયની અલગ ગણતરી કરી છે જ્યારે દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય નૈગમઆદિ નયોથી અભિન્ન છે. તો પછી તેને ભિન્ન ગણીને નવ ભેદ કેવી રીતે દેખાડો છો ?

આમ છતાં તમે આગ્રહપૂર્વક બે નયોને ભિન્ન માનશો તો વિભાગનો વિભાગ એવા દોષોની આપત્તિ આવશે. તેમજ પ્રયોજન વગર ભેદો પાડવા નિરર્થક છે. માટે સાત જ મૂળ નયો માનવા જોઈએ.

ઉક્ત ભેદો જો ઉપલક્ષણ (કહેવા માટે) માત્રથી જ કરવામાં આવે તો કશો જ વાંધો નથી. પરંતુ વાસ્તવિક્તા સિદ્ધ કરવા આવા ભેદો કરવામાં આવે તો તે ઉચિત નથી. કારણ કે આગમમાં તો અનેક સ્થળોએ दव्वट्ठयाए, पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए પાઠો મળે છે. અર્થાત્ દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે. એટલે કે દ્રવ્ય અને પર્યાય જેટલું જ વ્યક્તિત્વ પ્રદેશ પણ ધરાવે છે. માટે પ્રદેશાર્થિક નય પણ અલગ માનવો જોઈએ. તેમજ નયની સમીપ હોવાથી અને ઉપચારથી ગણાતા ત્રણ ઉપનયો છે એમ માનવું પણ શાસ્ત્રસમ્મત નથી. સદ્‌ભૂત વ્યવહાર આદિ ત્રણ ભેદો પણ નૈગમ અને વ્યવહારમાં સમાવિષ્ટ થતા હોવાથી અલગ નય ન જ માનવા જોઈએ. વળી તત્ત્વાર્થાધિગમ સૂત્ર ભાષ્યમાં વ્યવહાર નયની વ્યાખ્યા કરતાં સ્પષ્ટ જણાવ્યું છે. કે

लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहार: ।

લૌકિક સમાન, ઘણું કરીને ઔપચારિક રીતે વિસ્તાર અર્થવાળો વ્યવહાર નય છે. આથી ઉપચારથી મનાતી હકીકતો વ્યવહાર નયમાં સમાવિષ્ટ થઈ જતી હોવાથી ઉપચાર નયોને અલગ ઉપનયો તરીકે માનવાની જરૂર નથી. આમ છતાં જો આચાર્ય દેવસેનનો ઉપનયો માનવાનો આગ્રહ જ હોય તો ઉપા. યશોવિજયજી તેઓની સમક્ષ એક પ્રશ્ન ઉપસ્થિત કરતાં કહે છે કે તો પછી તમે પ્રમાણની જેમ ઉપપ્રમાણનો સ્વીકાર કેમ કરતા નથી ? જેમ પ્રમાણના ભેદોનો સમાવેશ પ્રમાણમાં જ કરવામાં આવે છે. તેવી જ રીતે ઉપનયોનો સમાવેશ નયોમાં જ કરવો જોઈએ પણ અલગ ભેદો ઉપસ્થિત ન કરવા જોઈએ.

અંતે યશોવિજયજી જણાવે છે કે બે નયો નિશ્ચય અને વ્યવહાર છે. તેમાં પણ નિશ્ચય નય મુખ્ય છે અને વ્યવહાર નય ગૌણ છે. તેવી દિગમ્બર માન્યતા યુક્તિયુક્ત નથી કારણ કે બન્નેના વિષયો ભિન્ન છે. જેટલું પ્રાધાન્ય નિશ્ચય નયનું છે તેટલું જ પ્રાધાન્ય વ્યવહાર નયનું છે. એક મુખ્ય હોય ત્યારે બીજો ગૌણ હોય પણ એક સર્વથા મુખ્ય અને બીજો નય સર્વથા ગૌણ તેમ માનવું બરોબર નથી.

દિગમ્બરાચાર્ય દેવસેન સમ્મત નય વિભાજન યુક્તિયુક્ત નથી તેમ જ શાસ્ત્રસંમત પણ નથી છતાં યશોવિજયજીએ નય વિષયક વિસ્તારપૂર્વકની ચર્ચા શા માટે કરી હશે ? તેવો પ્રશ્ન કોઈના મનમાં ઊઠે તેનો જવાબ આપતાં શ્રી યશોવિજયજી જણાવે છે કે કેટલાક બાળજીવોને બોધ પમાડવા માટે આ વર્ણન કરવામાં આવ્યું છે. વાસ્તવિક નયોનું જ્ઞાન તો શ્વેતામ્બર ગ્રંથોને આધારે જ શક્ય છે તેમ જણાવી આઠમી ઢાળનું સમાપન કરતાં જણાવ્યું છે કે દ્રવ્યનું શુદ્ધ સ્વરૂપ વિચારવું જોઈએ. અશુદ્ધનો ત્યાગ કરવો જોઈએ તેમજ સ્વસમય અને પરસમયનું અંતર જાણી પરમાર્થજ્ઞાન પામી હૃદયને વિશે હર્ષ ધારણ કરવો જોઈએ.

સસ્તબક દ્રવ્ય ગુણ પર્યાયના રાસમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી દેવસેનાચાર્ય કૃત નયચક્રના ભેદોનું સવિસ્તર વિવેચન કરી તેની સમાલોચના કરી છે. શ્વેતામ્બર અને દિગમ્બર પરંપરામાં નયના ભેદ-પ્રભેદની ચર્ચા અને તુલના માટે આ ગ્રંથના ઉક્ત પ્રકરણો અત્યંત ઉપયોગી અને રોચક માહિતી પૂરી પાડે છે. તેથી નય વિષયક માહિતી મેળવવા માટે આ ગ્રંથ એક અગત્યનું સોપાન છે.

❖❖❖

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહના આર્થિક સહયોગથી એક નેત્રયજ્ઞનું આયોજન ચિખોદરાની રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ દ્વારા શનિવાર, તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ નારેશ્વર (જિ. ભરૂચ) મુકામે કરવામાં આવ્યું હતું, જેમાં સંઘના પદાધિકારીઓ અને સમિતિની કેટલાક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

☐ મંત્રીઓ

# કેમ આવે છે ધરતીકંપ ?

□ ડૉ. નેમીચંદ

સામાન્ય રીતે ધરતીના પેટાળમાં આવેલા ખડકો અને જ્વાળામુખીઓમાં થતા ફેરફારોથી ધરતીકંપ થાય છે. એને માટે પૌરાણિક કલ્પનાઓ ઉપરાંત ભૌતિક ધારણાઓ પણ છે. ૧૮૫૬ની આસપાસ ભારતીય ધરતીકંપના અધ્યયનની, સંશોધનની પરંપરા શરૂ થઈ. ડબ્લ્યૂ. ટી. બ્લૅન્ડફોર્ડ, ફ્રાન્સિસ ફેડન, એડ્વર્ડ સ્યૂસ, આલ્ફ્રેડ બેજનર, ટી. ઓલ્ધમ તેમજ આર. ડી. ઓલ્ધમનું આ ક્ષેત્રમાં અપૂર્વ યોગદાન હતું.

ખરેખર તો ધરતીકંપના આંચકાઓનાં અધ્યયને વૈજ્ઞાનિકોને ધરતીની આંતરિક રચના સમજવામાં ઘણી મદદ કરી. આ આંચકાને પ્રાથમિક અને દ્વિતીય એમ બે શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યા અને વિશ્વના તમામ ધરતીકંપનું સૂક્ષ્મતાથી અધ્યયન કરવામાં આવ્યું. પરંતુ આ સત્યને સામાન્ય માણસે જોયું ન જોયું કર્યું, કારણ કે કોઈપણ કાર્ય કે પ્રભાવનું માત્ર એક જ કારણ નથી હોતું, બલ્કે ઘણાં કારણો હોય છે. એટલે એણે વૈજ્ઞાનિકોના માત્ર ભૌતિક નિષ્કર્ષો માની લીધા. બાકીના નિષ્કર્ષો કે ધારણાઓ એના સુધી પહોંચ્યાં નહીં કે પહોંચાડવામાં આવ્યાં નહીં.

ધરતીકંપની પણ આ જ સ્થિતિ છે. ધરતીકંપ આવવાનું એક જ કારણ નથી. અને આપણે જેટલાં કારણો જાણીએ છીએ એટલાં પૂરતાં નથી. એનાં અનેક કારણો છે. વિજ્ઞાનની એ વિશેષતા છે કે તે ક્યારેય કોઇ પણ સ્થિતિમાં કોઇ પણ અધ્યયન કે સંશોધનને અંતિમ નથી માનતું અને ભવિષ્યની સંભાવનાઓ માટે પોતાનાં દ્વાર ક્ષણેક્ષણ ખુલ્લાં રાખે છે. જ્યારે આપણે ધરતીકંપના અધ્યયનની ક્રમબદ્ધ સમીક્ષા કરીએ છીએ ત્યારે સમજાય છે કે તે એકતરફી છે. એમાં માત્ર પાર્થિવ અને ભૌતિક સ્થિતિનો વિચાર કરવામાં આવે છે અને એ સ્થિતિને અણદેખી કરવામાં આવે છે. ૧૯૯૫માં દિલ્હી વિશ્વ વિદ્યાલયના ત્રણ અધ્યાપકો (ડૉ. મદનમોહન બજાજ, એમ.એસ.એમ. ઇબ્રાહીમ અને વિજરાજસિંહ)એ સૂજડલ (રશિયા)માં ખડકોમાં આવેલા આંચકા પર પ્રયોગશાળામાં પ્રયોગો કર્યા. એમણે દુનિયા સામે એક નવી ધારણાઓ રજૂ કરી કે ધરતીકંપનું કારણ હિંસા, હત્યા, ક્રૂરતા, કતલખાનાં અને યુદ્ધો છે. આ બધું જો બંધ કરવામાં આવે કે ઓછા કરવામાં આવે તો આંચકા સીમિત થઈ જાય અથવા તો તેની તીવ્રતા મંદ પડી જાય. એમનો આ તર્ક કાલ્પનિક નથી. આ ત્રણે અધ્યાપકોએ કરેલા અધ્યયન પહેલાં ધરતીકંપની પ્રક્રિયા તરફ સતત જાગૃત અને ચિંતિત રહેતા એ બધા વૈજ્ઞાનિકોનો પણ આ જ નિષ્કર્ષ છે.

જે 'પીડા-તરંગ' મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇનને નામે ઓળખાય છે, તેની આપણે કોઈ પણ રીતે ઉપેક્ષા નહીં કરી શકીએ. આઇન્સ્ટાઇનની પીડા દુનિયાની પીડાની સર્વોચ્ચ તીવ્રતા છે. તે ત્યારે જ અનુભવાય છે જ્યારે કોઈ પણ જીવની કસાઈખાને કતલ થાય છે. એ દૃષ્ટિએ આ ત્રણે વૈજ્ઞાનિકોના ૧૯૯૫માં લખેલા એક નવા જ પુસ્તકે, 'ઇટીઓલોજી ઓફ અર્થક્વેક્સ-એ ન્યુ એપ્રોચ' ધરતીકંપ વિજ્ઞાનના ક્ષેત્રમાં એક નવો જ અધ્યાય શરૂ કર્યો છે. આ મૂલ્યવાન કૃતિમાં આ વૈજ્ઞાનિકોએ જે કાંઈ કહ્યું છે તેની જો ઉપેક્ષા કરવામાં આવે અથવા વાણિજ્યના કે રાજકીય કે બીજા કારણોથી વિશેષજ્ઞ મારફત વસ્તુનિષ્ઠ પરીક્ષણ નહીં કરવામાં આવે તો એનું જે પરિણામ આવશે એને માટે સરકાર જવાબદાર ઠરશે. દેશના કેટલાક હિન્દી-અંગ્રેજી વર્તમાન-પત્રોએ આ નિષ્કર્ષને રેખાંકિત કર્યો છે ત્યારે એક આવી યુગાન્તરકારી નિષ્પત્તિ પ્રત્યે કોઇ પણ, ખાસ કરીને એક નાગરિક કેવી રીતે ઉદાસીન રહી શકે ?

'ધ સીક્રેટ લાઈફ ઓફ પ્લાન્ટસ' (પેંગ્વિન, ૧૯૭૩)ના પૃષ્ઠ ૨૬ અને ૮૬ પણ જોવાં જોઇએ. એમાં ક્રમશ: વૈજ્ઞાનિક બેકસ્ટર અને ડૉ. જગદીશચંદ્ર બોઝે બ્રહ્માંડનો એકબીજા સાથેના ગાઢ સંબંધ (ઇન્ટર કનેક્ટેડનેસ)ને દૃષ્ટાંત આપીને સમજાવ્યો છે. ડૉ. બોઝે રોયલ સોસાયટીના સર માઇકેલ ફોસ્ટરને જ્યારે કહ્યું કે, 'માફ કરો, આ ધાતુના ટિનની પ્રક્રિયાનો ગ્રાફ છે.' ત્યારે તેઓ સ્તબ્ધ બની ગયા (મે ૧૯૦૧), વૈજ્ઞાનિક બોઝની શોધે સિદ્ધ કર્યું છે કે ધરતીકંપના પેટાળમાં જે કંઈ છે તે સંવેદનશીલતાથી ભરપૂર છે.તેથી એ શક્ય જ નથી કે બ્રહ્માંડ (યુનિવર્સ)માં ક્યાંય પણ કંઈ બને અને એની એકબીજા પર અસર ન પડે ! વળી એ નિષ્કર્ષ પણ બરાબર નથી કે માત્ર જડ કે ભૌતિક ઘટનાઓ જ વિશ્વ કે બ્રહ્માંડ પર અસર કરે છે. આ બધી ઘટનાઓ એમાં રહેતા બધાં જ જીવોને પણ અસર કરે છે. આ સ્થિતિમાં એ તો કેવી રીતે શક્ય છે કે વિશ્વમાં કરોડો જીવોને પ્રકૃતિદત્ત જીવન જીવવાનો અધિકાર છે એમાંથી અકાળે વંચિત કરવામાં આવે, એને નિર્દયતાથી મારી નાખવામાં આવે અને એનો કોઈ પ્રત્યાઘાત ન હોય ? શું યુદ્ધો, કતલખાનાં, હત્યાઓ અને બીજી હિચકારી હિંસાઓની વિશ્વ કે બ્રહ્માંડના વણાટ પર કંઈ અસર નથી પડતી; વધારે પડે છે. એ વાત અલગ છે કે આપણે એનો અનુભવ નથી કરી શકતા કે આપણી પાસે એ રીતનો અનુભવ મેળવવા માટેનું કોઈ સાધન નથી. બ્રહ્માંડનો કણ-કણ સંવેદનશીલતાથી અનુપ્રાણિત છે તેથી તે 'પીડા-તરંગો'થી પ્રભાવિત ન થાય તે અશક્ય છે.

એક સરવેક્ષણ (૧૯૮૯) પ્રમાણે ભારતમાં દર વર્ષે કાયદેસર રીતે કે ગેરકાયદે લગભગ ૧૫ કરોડ પશુઓની માંસાહાર માટે કતલ કરવામાં આવે છે. તમે શું માનો છો કે જ્યારે આટલા બધા પશુઓની કતલ થતી હોય ત્યારે આ દેશ કે વિશ્વની ધરતીને અસર ન થાય ? વળી એ જરૂરી નથી કે કતલ જ્યાં થઈ હોય કે જ્યાં યુદ્ધ થયા ત્યાં જ અસર થાય. એ બીજે ક્યાંય પણ થઈ શકે છે. જબલપુરનો ધરતીકંપ (૨૨ મે, ૧૯૯૭) ઇરાનના ધરતીકંપને કારણે થયો હતો એમ મનાય છે. જો કે એને કોઈ પુષ્ટિ મળી નથી. પરંતુ વિશ્વના બધા જ ધરતીકંપોની તટસ્થતાથી સમીક્ષા કરવામાં આવે તો ઉપરની હકીકતને પુષ્ટિ મળશે.

ધ્યાન રાખો : પ્રકૃતિને પોતાની વ્યવસ્થા છે. જેને બરાબર સમજવાની જરૂર છે. જ્યારે આપણે એની વ્યવસ્થાનું ઉલ્લંઘન કરીએ છીએ ત્યારે દુર્ઘટનાઓ થાય છે. વાવાઝોડું આવે છે, તોફાનો થાય છે અને માણસને વ્યાપક સર્વનાશનો સામનો કરવો પડે છે. પ્રકૃતિની સ્વાભાવિક વ્યવસ્થામાં કતલખાનાં અને યુદ્ધ માણસની અત્યંત કમનસીબ દખલગીરી છે. જેને કારણે હાલની પેઢી શાપિત થઈ છે. જો આ પરંપરા ચાલુ જ રહી તો આવતી પેઢી પર આ બધાની કાળી છાયા અવશ્ય પડશે.

જેને 'બિસથિયરી' કહેવામાં આવે છે, તે એક મહત્ત્વનો સિદ્ધાંત છે. એની વ્યાખ્યા તુરંત કરવી જોઇએ. એને સ્પષ્ટ શબ્દો અને સરળ ભાષામાં લોકો સુધી પહોંચાડવી જોઇએ. જેથી લોકો સમજી શકે કે કયા કારણો કે કૂટ નીતિવાળી ચાલ છે જેને કારણે એમને અહિંસા, કરુણા અને સહઅસ્તિત્વને રસ્તે જતાં રોકવામાં આવે છે, 'બિસ સિદ્ધાંત' કોઈ નૈતિક કે સાંસ્કૃતિક કે વાણિજ્યનું કોઈ અભિયાન કે આંદોલન નથી. ઊલટું ધરતીને બચાવવાનો અને એને સુખી, સમૃદ્ધ કરવાનો એક સિદ્ધાંત છે.

આ લેખનો ઉદ્દેશ ઉત્તરકાશી (૧૯૯૧)માં, લાતૂર (૧૯૯૩)માં જબલપુર (૧૯૯૭)માં તથા ગુજરાત (૨૦૦૧)માં જે ધરતીકંપ આવ્યા છે એનાં કારણો પ્રત્યે લોકોને સતર્ક કરવાનો છે. લોકો જાતે એ સ્થિતિની સમીક્ષા કરે અને એક અહિંસામૂલક, માનવીય સંવેદનશીલતાથી ભરી સમાજરચનામાં પોતાની ભાગીદારી કરીને દેશ અને દુનિયાના પર્યાવરણનું રક્ષણ કરે, એને સ્વચ્છ બનાવે. આશ્ચર્યની વાત છે કે બ્રિટન જેવા દેશે વિતેલા દાયકામાં પોતાનાં ૨૫ ટકા કતલખાનાંને તાળાં મારી દીધાં છે. આપણે શહેરનાં કતલખાનાંને ગ્રામીણ કતલખાનાઓમાં રૂપાંતરિત કરવાની એક વ્યવસ્થિત યોજના બનાવીએ છીએ. જેથી દેશની પ્રાકૃતિક રચના છિન્નભિન્ન થઈ જાય અને તે પાણીનો દુકાળ, ધરતીકંપ, પૂર, અનાવૃષ્ટિ વગેરે જેવા ખૂની સાણસામાં સપડાઈ જાય.

(સર્વોદય પ્રેસ સર્વિસ)

# કેટલુંક ચિંતન

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

## (૧)

### ક્રોધ

આહાર, નિદ્રા, ભય, ક્રોધ અને મૈથુન: આ પાંચ વૃત્તિઓ માનવ અને પશુમાં મોટે ભાગે સમાન જોવા મળે છે. વિવેક એ માનવનું ભેદક, વ્યાવર્તક લક્ષણ છે. અતિ ક્રોધીને આપણે દુર્વાસા કહીએ છીએ તો આ ક્રોધનું મૂળ ક્યાં રહ્યું છે?

કારણ વિના કાર્ય સંભવે નહીં. ઘણી વાર કારણ ચિત્તના પાતાળ તળિયે પડ્યું હોય ને આપણી પહોંચ કે પકડમાં ન આવે એવું સૂક્ષ્મ ને સંકુલ હોય, જેના ફલ-સ્વરૂપે ક્રોધ થઈ જાય. એવું જોવા મળે છે કે ઘણીવાર, જૂઠ્ઠા માણસો કરતાં પ્રમાણમાં સાચા માણસોને, પ્રામાણિક વ્યક્તિઓને વધુ ક્રોધ આવતો હોય છે. અસત્ય કે બનાવટ એ સહી શકતા નથી. એટલે ક્રોધ એમની ઉશ્કેરાયેલી લાગણીની અભિવ્યક્તિનું માધ્યમ બની જાય છે. બધા દેવોમાં ભોળાદેવ શંકર પણ એમની કમાન છટકે ત્યારે પાર્વતીનું લાસ્ય નહીં પણ ત્રિભુવનને ઉથલ પાથલ કરી નાખે એવું તાંડવ કરે. આમ તો કલ્યાણના એ દેવ છે, મંગલકારી છે, શિવ છે પણ અસત્ય હોય ત્યાં એ રુદ્ર બની જાય.

ક્રોધનું બીજું કારણ, જ્યારે આપણે આપણી નાની મોટી, જ્ઞાત-અજ્ઞાત અશક્તિઓને પ્રયત્નપૂર્વક અતિક્રમવામાં (to overcome) નિષ્ફળ નીવડીએ છીએ ત્યારે જાત ઉપર ક્રોધ કરીએ છીએ. પૌરાણિક દૃષ્ટાંત જોઇએ તો, તપસ્વી વિશ્વામિત્ર અપ્સરા મેનકાથી ચલિતચિત્ત થાય છે, પરિણામે એમનો તપભંગ થાય છે ત્યારે તે અપ્સરા પર નહીં પણ આત્મા પર ક્રોધ કરે છે. અહીં ક્રોધ એ તામસિક પ્રકૃતિ દર્શાવે છે. પણ એમાંથી જન્મતાં આત્મનિરીક્ષણ અને નિર્વેદવૃત્તિ ઉજ્જવલ ભાવિનાં દ્યોતક બની રહે છે. કેટલીકવાર જીવનમાં આવી ઇષ્ટ આપત્તિઓ પણ આવતી હોય છે! તો ક્રોધના આવિષ્કારનું એક કારણ વધુ પડતા અહં-કેન્દ્રી (સેલ્ફ-સેન્ટર્ડ) વ્યક્તિત્વમાં પણ ગર્ભિત હોય છે. દા. ત. દુર્વાસાનો શકુંતલા પ્રત્યેનો ક્રોધ ને શાપ. દુર્વાસામુનિ મૂળે ક્રોધી પ્રકૃતિના તો છે જ...તેમાં વળી, આર્યસંસ્કૃતિનો એક મહામંત્ર: अतिथि देवो भव। એના આગ્રહી છે. એમનો અહમ્ (Ego) ઘવાય છે. આતિથ્યમાં શકુંતલા ઊણી ઊતરી એટલે દુર્વાસાની કમાન છટકી; પણ ઋષિ સમતાપૂર્વક, ધીરજપૂર્વક આ આતિથ્યભંગના ઊંડાણમાં ગયા હોત તો ક્રોધ કરવાનું કોઈ કારણ ન રહેત. શકુંતલાનો પ્રેમ રીઢો નહીં પણ ઋજુ-તાજો છે. એ પ્રેમીના વિચારોમાં એ તલ્લીન છે. કોણ આવ્યું, કોણ ગયું...એનું એને ભાન નથી. એની સમક્ષ બે ફરજો એકી સાથે આવી પડી છે. એક: અતિથિનો સત્કાર કરવો, બીજું: પ્રિયતમનું ચિંતન કરવું. આ બંને ફરજો પ્રત્યેનો પ્રધાનગૌણવિવેક એ ચૂકી...ફલસ્વરૂપે ઋષિનો શાપ. બે ફરજો વચ્ચે 'બેલેન્સ' જાળવવું એ એક મોટી સાધના છે. એ બેલેન્સ જાળવવામાં મોટા ભાગના લોકો ગોથું ખાઈ જાય છે...ને પરિણામે ક્રોધ થઈ જાય છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ ક્રોધ કરવાથી આપણી દમિત તામસિક પ્રકૃતિ-વૃત્તિનું વિરેચન (કેથાર્સિસ) થઈ જતું હોય છે એ જમાપક્ષે ગણાવું જોઇએ.

બહુ ઓછા લોકો જાણે છે પણ ગીતામાં વર્ણવેલી સ્થિતપ્રજ્ઞની સ્થિતિએ લગભગ પહોંચેલા યુવાન મહાત્મા ગાંધીએ પણ, બીડી પીતી એમની સ્ટેનોને ધોલ મારી દીધેલી, ને 'મહાત્મા ઇન ધ મેકીંગ' સ્થિતિમાં હતા ત્યારે, ધક્કો મારીને પૂ. કસ્તુરબાને બારણા બહાર ધકેલી દીધેલાં! અહીં ક્રોધનું કારણ, પોતાની સ્વીકૃત વિચારસરણીને અનુરૂપ પત્નીનું વલણ-વર્તન નહોતું...એટલે એમનો ક્રોધ ભભૂકી ઊઠેલો. કવચિત્ જડભરત સ્થિતિ કરતાં સ્વલ્પ ક્રોધ ઇષ્ટાપત્તિ સમાન હોય છે! આપત્તિ તો છે જ, પણ ઇષ્ટ એટલે સહ્ય.

જીવનમાં એવી પણ કેટલીક અધન્ય ક્ષણો આવે છે જ્યારે ઋષિ-મહાત્માઓથી પણ અતંદ્રજાગ્રતિ રહી શકતી નથી...ને નળરાજાનો એક માત્ર અંગૂઠો સ્નાનથી વંચિત રહી જતાં...એ છિદ્રમાંથી કલિપ્રવેશ થઈ જતો હોય છે; મતલબ કે ન્હાનો અમથો પ્રમાદ પણ મોટા અનર્થનું મૂળ બની જાય છે. ક્ષણેક્ષણની જાગ્રતિ તો કેટલા જણ રાખી શકતા હશે? એમાંય પાછા સંસારીઓ! વિરલ સાધકોની વાત નિરાળી છે. આપણી છટકણી-ભટકણી વૃત્તિઓની ચોવીસ કલાકની ચોકી એ તો મોટું તપ છે. વિરલ વિભૂતિઓ માટે એ શક્ય છે પણ ક્ષણેક્ષણની જાગ્રતિ, 'અવેરનેસ', પ્રમાદનો અભાવ અનિવાર્ય હોય છે. ક્રોધ પર વિજય મેળવવાનો રાજમાર્ગ અક્રોધ છે...વૈરથી વૈર શમતું નથી, પ્રેમથી વૈરનું શમન થાય છે. આટલું સત્ય સમજાઈ જાય તો ક્રોધ પર પણ ક્રોધ કરવાની જરૂર રહેશે નહીં. તટસ્થ-ભાવે વૃત્તિઓનું અહર્નિશ નિરીક્ષણ-પરીક્ષણ કરવાની સાધનાથી, માનવજાતિના મહારિપુ એવા ક્રોધ પર વિજય મેળવી શકાય; પણ એને કાજે જોઇએ અતંદ્ર જાગ્રતિ ને નિરંતર આત્મસ્થિતિ.

ગીતાએ એની અમરવાણીમાં ક્રોધનો આખરી અંજામ આ રીતનો ભાખ્યો છે:-

વિષયોના ચિંતનમાંથી આસક્તિ, આસક્તિમાંથી કામના, કામનામાંથી ક્રોધ પેદા થાય છે અને પછી તો-

ક્રોધાદ ભવતિ સંમોહ: સંમોહાત્ સ્મૃતિ વિભ્રમ: ।

સ્મૃતિ ભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ ।।

મતલબ કે:-ક્રોધથી મૂઢતા, મૂઢતાથી સ્મૃતિલોપ, સ્મૃતિલોપથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી જ પ્રણશ્યતિ કહેતાં પ્રાય:મૃત્યુ'.

ક્રોધની આ છે નિયતિ! કે ફલશ્રુતિ?

Anger is half madness અમસ્તું કહ્યું નથી.

❖❖❖

## (૨)

### दशपुत्रोसम द्रुम: ।

એક સંસ્કૃત સુભાષિતકાર કહે છે કે 'દશ કૂવા સમાન એક વાવ છે, દશ વાવ સમાન એક સરોવર છે, દશ સરોવર સમાન એક પુત્ર છે અને દશ પુત્ર સમાન એક વૃક્ષ છે.' આ સુભાષિતની પ્રથમ બે વાતો તર્કસંગત અને બુદ્ધિગ્રાહ્ય છે-દશ કૂવા સમાન એક વાવ અને દશ વાવ સમાન એક સરોવર-પણ દશ સરોવર સમાન એક પુત્ર અને દશ પુત્ર સમાન એક વૃક્ષની વાત એકદમ બુદ્ધિગ્રાહ્ય લાગતી નથી. કોઇને એમાં અતિશયોક્તિ લાગે અથવા તુલનામાં તરંગીપણું લાગે. આમે ય સુભાષિતકારને જ્યારે એની ઇષ્ટ વાત ભારપૂર્વક સમજાવવાની હોય છે ત્યારે અતિશયોક્તિનો આશ્રય જરૂર લે છે અને કોઈ વાતની ફલશ્રુતિ

દર્શાવવામાં, તો ઘણીવાર અતિશયોક્તિ ઔચિત્યબુદ્ધિને પણ અતિક્રમી જતી હોય છે. કોઇને આ સુભાષિતમાં એવો આભાસ થાય પણ ખરો.

આ લેખ લખવા પાછળનું તાત્કાલિક પ્રેરકબળ આ પ્રમાણે છે: કેટલાક વખત પહેલાં એક આદિવાસી મહિલા મારા નિવાસની સામે આવેલી એક અર્ધ-સુકાઈ ગયેલ લીંબુના ઠીકઠીક મોટા છોડની ડાળીઓ કાપી રહી છે. સૂકી ડાળીઓ કાપતાં કાંટા ન વાગે તેની કાળજી લે છે છતાંયે વચ્ચે વચ્ચે હાથમાં વાગેલાં કાંટાને કાઢવા એ રોકાઈ જાય છે. એને બે રોટલા ઘડવા ચૂલો ચેતાવવો છે. બળતણના અભાવે એ ખરે બપોરે એની શોધમાં જ્યાં ત્યાં ભટકી રહી છે. આજે તો શહેરમાં દૂધ મળે છે પણ, દૂધમાં નાખવા પાણી મળતું નથી...એવી જ રીતે રોટલા મળે છે પણ રોટલા ઘડવા બળતણ મળતું નથી.

આઠ-દશ સાલનાં બાલક-બાલિકાઓને દિનભર બળતણ માટે હવાતિયાં મારતાં હું જોઉં છું ત્યારે મને, આ સુભાષિતકારે વર્ણવેલો અતિશયોક્તિભર્યો વૃક્ષમહિમા, સુપેરે સમજાય છે. જ્યારે આ સુભાષિત લખાયું હશે ત્યારે ખરેખર બળતણની અછત હશે ? અત્યારના જેવાં પર્યાવરણના જટીલ કુટીલ પ્રશ્નો હશે ? વૃક્ષોને કારણે હવાનું શુદ્ધિકરણ થાય છે એવો વૈજ્ઞાનિક ખ્યાલ હશે ? કે કેવળ પ્રકૃતિ અને માનવ વચ્ચેનો આત્મીયભાવ જ હશે ? કવીવર રવીન્દ્રનાથે ભારતીય સંસ્કૃતિને 'તપોવનની સંસ્કૃતિ' તરીકે ઓળખાવી છે. એમાં ઘણું બધું તથ્ય છે. વનની સાથે તપ અને તપની સાથે વન કેવાં તો અવિનાભાવે સંકળાયેલાં છે!

કેવળ ઉપયોગિતાની દૃષ્ટિએ વિચારીએ તો પણ એક સુવૃક્ષનો કેટલો બધો મહિમા છે ? એની શીતળ છાયા નીચે ધોમ ધખતા તાપમાં, મૂક પશુઓ વિશ્રાંતિ લે છે. એની ડાળીએ પંખીઓ કલ્લોલ કરે છે. શાખામૃગોનું તો એ આશ્રયસ્થાન છે. એના કોટરમાં અનેક કીટ શ્વસી રહ્યાં હોય છે. એનાં પુષ્પોનો પરિમલ ભ્રમરો ને અનિલ ભોગવે છે. મધુમક્ષિકાઓના મધપુડા અન્યત્ર ક્યાં નિહાળવાના ? એનાં સ્વાદિષ્ટ ફળોના મહિમાની તો શી વાત કરવી ? જીવતે જીવત એ અનેકનું જીવન છે ને સૂકાઈ ગયા બાદ-મરી ગયા બાદ પણ બળતણ રૂપે ને બાંધકામમાં એ કેટલું બધું ઉપયોગી છે ? સુવૃક્ષો એ તો ધરિત્રી જનેતાનાં લાડકાં સંતાનો છે. જીવતાં કે મરતાં પણ એના પ્રત્યેક અંગથી એ આ જગતના જીવોને સુખ ને શાંતિ આપે છે. આવાં દ્રુમોનો મહિમા ગાવો હોય તો સુભાષિતકાર એની તુલના કોની સાથે કરે ? માનવીને પ્યારામાં પ્યારા એવા પુત્ર સાથે જ કરે ને !

ત્રણેક દાયકા પૂર્વે, મારા ઘરમાં, પાલનપુરનું એક ઝવેરી-કુટુંબ રહેતું હતું. વડોદરાની મ.સ. યુનિ.માં એમ.એ.માં ભણતી દીકરીની સગવડ સાચવવા માટે માતા ને રસોઈ કરનાર એક બાઈ-ત્રણ જણ રહેતાં હતાં. એકવાર એ દીકરીની માતાએ મને વિનંતી કરી કે એમને ત્યાં પધારનાર સાધ્વીજીને હું મારા ઘરમાંથી પ્રવેશ કરવાની અનુમતિ આપું. એમને ત્યાં જતાં વચ્ચે લીલું ઘાસ, બગીચાના છોડ ને ફાલેલી ફૂલેલી વેલીઓ આવતી હતી. સાધ્વીજીને જતાં, એ ઘાસ, છોડ કે વેલીને ઇજા ન થાય એ ખ્યાલથી એમણે મને વિનંતી કરેલી. મારો કવિ-જીવ ત્યારે કણ્વના તપોવનની શકુંતલા અને દંડકારણ્યની સીતાજીમાં ખોવાઈ ગયેલો ! અહિંસાની વિભાવનાને જૈનધર્મે એની ચરમસીમાએ પહોંચાડી છે. આડેધડે વૃક્ષ-છેદન કરતા આજના યંત્ર-યુગમાં આ સાધ્વીજીની કાળજીથી હું ભાવ-વિભોર બની ગયેલો. મારા પિતાજી, અનિવાર્ય હોય તો જ, વૃક્ષનું પાન કે ડાળ તોડતા. ૮૮ સાલના આયુષ્યમાં એમણે સેંકડો વૃક્ષો વાવેલાં ને એનું સંગોપન કરેલું. સો સાલના અમારા એક આમ્રવૃક્ષે અમારી ચચ્ચાર પેઢીને આમ્રરસનું પાન કરાવેલું. ઉપર્યુક્ત સુભાષિત વાંચતાં આવા આવા વિચારો આવી ગયા !

અંતે સેવા, વિનમ્રતા અને તિતિક્ષાના પ્રતીક જેવા વૃક્ષ-દેવતાના મહિમ્ન-સ્તોત્ર સમાન, ભક્તકવિ સુરદાસના સરલ મધુર બોધક આ ભજનથી સમાપ્તિ કરીએ.

વૃક્ષનસે મત લે, મન તુ વૃક્ષનસે મત લે.
કાટે વાકો ક્રોધ ન કરહી,
સિંચત ન કરહિં નેહ...મન તુ...
ધૂપ સહત અપને શિર ઉપર,
ઔરકો છાંહ કરેત,
જો વાહી કો પથ્થર ચલાવે
તાહીકો ફલ દેત...મન તુ
ધન્ય ધન્ય વે પર-ઉપકારી
વૃથા મનુજકી દેહ
સૂરદાસ પ્રભુ કહૈં લગિભરનોં
હરિજન કી મત લે...મન તુ

❖❖❖

## (૩)

## તમને સો વર્ષ જીવવું ગમે ?

'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને હું આ પ્રશ્ન પૂછતો નથી પણ મારા છ દાયકા-પુરાણા પરમ સુહૃદ પ્રો. ચી. ના પટેલે મને આ પ્રશ્ન પૂછ્યો છે તત્સંબધે 'લાઉડ થિન્કિંગ' કરું છું. 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને કાજે પ્રો. પટેલનું નામ અજાણ્યું નથી જ. થોડા સમય પહેલાં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક, 'ગુજરાત સાહિત્યસભા' તરફથી એનાયત થયો. તે પ્રસંગે ૯૫ સાલના વયોવૃદ્ધ સાક્ષર પૂ. કે. કા. શાસ્ત્રીજીએ ચંદ્રક અર્પણ કરતાં પ્રો. પટેલને સો સાલ જીવવાના આશીર્વાદ આપ્યા. મૂળે બ્રાહ્મણ, તેમાંય શીલવંત સાક્ષર અને વત્સલ વડીલ. આશીર્વાદ આપવાનો એમનો અનિવાર્ય અધિકાર. પણ પ્રો. પટેલે, એમની ભંગાર શરીર સંપત્તિનો ખ્યાલ આપી મને ઉપર્યુક્ત પ્રશ્ન પૂછ્યો: 'તમને સો સાલ જીવવું ગમશે? એ લાંબા પત્રમાં તેઓ લખે છે: 'શાસ્ત્રીજીએ મને આશીર્વાદ આપ્યા કારણ કે તેમણે આલ્ડસ હક્સ્લીની 'After many a summer' નામની કૃતિ નહીં વાંચી હોય. તમો અંધકવિ હોમરની કૃતિ ઇલિયડની કથા જાણો છો ને ? ન જાણતા હો તો વાંચો હવે. એક દેવી અને દેવના લગ્ન પ્રસંગે, ગ્રીક નારદારાણીને આમંત્રણ નહોતું એટલે તેણે લગ્ન સમારંભમાં ઉપસ્થિત મહેમાનો વચ્ચે સોનાનું એક સફરજન ગબડતું મૂક્યું જે સફરજન ઉપર 'સૌથી વધુ સુંદરને' એ શબ્દો અંકિત કરવામાં આવ્યા હતા. આ સફરજન માટે ત્રણ ઉમેદવારો હતાં. એક ગ્રીક ઇન્દ્રાણી, બીજી ગ્રીક ઇન્દ્રની પુત્રી-અર્થાત્ મા ને દીકરી-અને ત્રીજી ગ્રીક કામદેવની પત્ની રતિ. એ ત્રણે ગઈ ટ્રોયના રાજા પ્રિયમના પુત્ર પેરિસ પાસે. ઇન્દ્રાણીએ પેરિસને વચન આપ્યું કે જો તે સફરજન માટે પોતાને પસંદ કરે તો પોતે તેને એશિયાનો સમ્રાટ બનાવશે. ઇન્દ્રાણીની પુત્રીએ તેને વચન આપ્યું કે જો તે પોતાને પસંદ કરે તો પોતે તેને યુદ્ધમાં યશસ્વી બનાવશે અને રતિએ વચન આપ્યું કે જો તે પોતાને પસંદ કરે તો પોતે તેને સૌથી વધુ સૌંદર્યવતી સ્ત્રી અપાવશે. હવે વિશ્વામિત્ર જેવા વિશ્વામિત્ર મેનકાને જોઇને લુબ્ધ થઈ ગયા હતા તો બિચારા પેરિસનો શો દોષ કે તેણે સૌથી વધુ સૌંદર્યવતી સ્ત્રી મેળવવાની આશાએ પેલા સોનાના સફરજન માટે રતિને પસંદ કરી. પરિણામ, આ ભાઈ પેરિસ, મેનેલોસ નામના ગ્રીક રાજાના મહેમાન થઇને ગયા હતા ત્યારે તેમણે

એ રાજાની સૌંદર્યવતી પત્ની હેલેની જોઈ. થયું ! એ હેલેનીનું હરણ કરીને પેરિસ ટ્રોય લઈ ગયો. પરિણામ, ગ્રીક રાજાઓ અને ટ્રોયના યુદ્ધવીરો વચ્ચે મહાભારતના યુદ્ધ જેવું યુદ્ધ ! આ પેરિસનો મોટો ભાઈ નામે ટિથોનસ. એ ટિથોનસ એવો દેખાવડો હતો કે ગ્રીક ઉષાદેવી તેના પ્રેમમાં પડી અને તેણે ગ્રીક ઇન્દ્રદેવ પાસેથી ટિથોનસ માટે વરદાન મેળવ્યું કે એ અમર રહે, પણ એ ભૂલકણી દેવી ટિથોનસ ચિરયુવાન રહે એવું ઇન્દ્રદેવ પાસેથી વરદાન માગવાનું ભૂલી ગઈ. પરિણામ: ટિથોનસની સ્થિતિ શંકરાચાર્યના भज गोविन्दम् ઇત્યાદિ શ્લોકોમાં અને નરસિંહ મહેતાના 'ઘડપણ કેણે મોકલ્યું' કાવ્યમાં વૃદ્ધાવસ્થાની સ્થિતિનું જે વર્ણન કર્યું છે તેનાથી ઘણી દયાજનક સ્થિતિ થઈ.' આ પછી એ ભાઈ અફસોસ કરે છે એની કેટલીક અંગ્રેજી પંક્તિઓ ટાંકીને મને ઉદ્દેશીને આગળ લખે છે : 'રણજિતભાઈ ! કે. કા. જીએ હક્સલીની એ કૃતિ નહીં વાંચી હોય...પણ મેં તો એ કૃતિ ૧૯૪૦ના અરસામાં વાંચી હતી..તો હવે તમે જ કહો, કે.કા.જીએ મને આપેલો આશીર્વાદ ખરેખર શાપ નહીં તો બીજું શું ? તમને પોતાને ૧૦૦ વર્ષ સુધી જીવતા રહેવાનું પસંદ પડે ? પણ શાપ તો શાપ શાસ્ત્રીજીએ મારા પ્રત્યે સદ્ભાવથી પ્રેરાઇને જે આશીર્વાદ આપ્યો તે માટે કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારવો જોઇએ ને ?

પ્રો. પટેલના લાંબા પત્રનો ટૂંકો સાર તારવીએ તો આટલો. દેહધારી કોઈ અમર રહેનાર નથી. 'Man is Mortal' એ સનાતન સત્ય છે. વૃદ્ધાવસ્થા અનિવાર્ય છે જ..! 'ચિરયુવા'ની ઝંખના એ ઝંખના છે, નક્કર વાસ્તવિકતા નથી, વધુમાં વધુ શક્ય સહ્ય ને સ્પૃહણીય સ્થિતિ તો છે, કવીવર કાલિદાસના કહેવા પ્રમાણે 'वृद्धत्वम् जरसा विना'ની સ્થિતિ. જર્મન મહાકવિ ગ-અ-થ (ગેટે) અને કવીવર રવીન્દ્રનાથ ટાગોર જરસા-વિહીન વૃદ્ધાવસ્થા માણવા સદ્ભાગી થયા હતા. એ બંનેને 'સિમ્બોલ ઓફ હેલ્થ' ગણી શકાય. વૃદ્ધાવસ્થામાં 'સિમ્બોલ ઓફ મોર્બિડીટી' નામના નમૂના અનેક મળશે આમ છતાંયે માનવને તો શું પણ કીડી મંકોડીને પણ મરવું ગમતું નથી. નાનપણમાં 'ડોસો અને યમદેવ'ની ઇસપની વાત વાંચી હતી. ગરીબ કઠિયારો ડોસો, ગરીબાઈ અને વૃદ્ધાવસ્થાથી કંટાળી ગયો હતો. એકવાર ઉનાળાના ધોમધખતા તાપમાં, તાપથી તે લાકડાના ભારાથી કંટાળી જઈ લાકડાનો ભારો ભોંય પર પછાડી બોલ્યો: 'હવે તો યમદેવ મને લઈ જાય તો સારું.' તાકડે યમદેવ ત્યાંથી પસાર થતા હતા...એમને થયું કે ચાલને એક ભેગાં બે કામ પતશે...યમદેવને જોઈ કઠિયારો ગભરાઈ ગયો ને ફેરવી તોળ્યું: 'યમદેવ! મેં તો તમને મારો આ ભારો ચઢાવવા બોલાવ્યા હતા.' ભારો ચઢાવી યમદેવ મનમાં મરકતા ચાલ્યા ગયા.

પાકી વૃદ્ધાવસ્થાને કારણે, કેડયેથી વાંકા વળીને ચાલતાં એક માજીને કોઈ જુવાનિયાએ કરડાકીમાં પૂછ્યું: 'માજી ! શું શોધો છો ? કોઈ આભૂષણ પડી ગયું છે ?' જુવાનિયાની ટકોરને પામી જઈ, જમાનાની ખાધેલ વૃદ્ધાએ હૃદય સોંસરો ઊતરી જાય એવો જવાબ આપ્યો: 'હા બેટા! આભૂષણથી પણ અદકેરુ-આભૂષણોનું પણ આભૂષણ-એવું મારું યૌવન શોધું છું, મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં'. મૃત્યુના જેવું જ, વૃદ્ધત્વ પણ અનિવાર્ય છે. એમાં કોઇનો, કશાનો અપવાદ નથી. દિન પ્રતિદિન, રૂપાન્તર પામતા દેહની એ એક અવાન્તર અવસ્થા છે. એનો અફસોસ કેવો ? Ripeness is all-એ એની ફલશ્રુતિ वृद्धत्वम् जरसा विना એ સ્પૃહણીય સહી, પણ એવું સદ્ભાગ્ય કેટલાને લલાટે લખાયું હોય છે ? દેશકાળ અને વ્યક્તિની શારિરીક, કૌટુંબિક અને આર્થિક પરિસ્થિતિ પ્રમાણે વૃદ્ધત્વની વિભાવનામાં, એની સમજણમાં અને એના કચવાટભર્યા કે સમતા-સ્વસ્થતા-પૂર્વકના સ્વીકારત્યાગમાં, ઘણો બધો ફેર પડે છે. દેશકાળના પ્રભાવને કારણે પશ્ચિમના દેશો કરતાં પૂર્વના દેશોમાં વૃદ્ધત્વની નોબત, તુલનાએ વહેલી વાગે છે ! નિવૃત્તિ પછી, ૬૦ થી ૯૫ સાલની સેંકડો નહીં પણ હજારો વ્યક્તિઓને હું મળ્યો છું. એમના અંગત સુખદુ:ખની વાતો સમભાવપૂર્વક સાંભળી છે ને તારણ એ કાઢ્યું છે કે દરેકના પ્રશ્નો અંગત ને આગવા જ છે.

આપણે એ યાદ રાખવાનું છે કે નિવૃત્તિ અને વૃદ્ધત્વને કોઈ જ સંબંધ નથી. કેટલાક લોકો નિવૃત્તિને વૃદ્ધત્વનો પર્યાય સમજે છે અને માનસિક રીતે ભાંગી પડે છે. ૪૦-૫૦ના પ્રવૃત્તિરત કરતાં ૬૫-૭૫ના નિવૃત્ત વૃદ્ધો (?) ઘણીવાર વધુ તરવરાટવાળા ને કાર્યશીલ હોય છે—જો તેઓએ, માનસિક રીતે, વૃદ્ધત્વનો અસ્વીકાર કર્યો હોય તો. પૂર્ણ આયોજનપૂર્વકની વ્યવસ્થિત સદ્ધર નિવૃત્તિ વૃદ્ધત્વને દૂર રાખે છે. સમગ્ર પ્રશ્ન સ્વસ્થ માનસિક વલણ ને તંદુરસ્ત અભિગમનો છે, વિધેયાત્મક 'એટીટ્યૂડ'નોછે.

મેં એ જોયું છે કે વૃદ્ધાવસ્થામાં અછત કરતાં છતનાં દુ:ખો ઝાઝાં હોય છે. અને એ દુ:ખમાં ભાવિની ભીતિ અને રિક્તતાનો ઓછાયો એ વાસ્તવિક દુ:ખોને અતિ ઘેરાં બનાવી મૂકે છે. વૃદ્ધોને પુત્ર-મિત્ર-કલત્ર-માલ-મિલ્કતની માયા છૂટતી નથી ને એના ઓથાર નીચે એમનો ક્ષીણ શ્વાસ રૂંધાય છે-ઘૂંટાય છે. પરિગ્રહના ગ્રહમાંથી છૂટી, હળવા ફૂલ શા બની જાય તો, મોટા ભાગના કાલ્પનિક દુ:ખોમાંથી આપોઆપ મુક્તિ મળે. જીવનસંગ્રામ (સ્ટ્રગલ ફોર એક્ઝીસ્ટન્સ) કપરો બન્યો છે, આત્મીયજનો વધુ સ્વ-કેન્દ્રીય બન્યાં છે. જનરેશન ગેપને કારણે બે પેઢી વચ્ચે સોરાબ-રૂસ્તમનું કરુણ નાટક ભજવાય છે, મોડર્ન સેન્સીબીલીટીથી વૃદ્ધો એકદમ અળગા પડી ગયા છે એ બધું જ ખરું, પણ હું, એ રીતે વિચારતા, જીવતા ને જીવતાં જીવતાં દુ:ખી થતાં વૃદ્ધોને, વૃદ્ધ હોવાને નાતે પૂછું છું કે નિરપેક્ષ દૃષ્ટિએ વિચારી, છાતી પર હાથ મૂકીને, શિર પર ઇશ્વર રાખી તમો તમારી જાતને જવાબ આપો કે તમો તમારાં વૃદ્ધ માતા પિતાને સમજવામાં ને એમની સેવા કરવામાં, એમને લાગણીથી ભીંજવી દેવામાં ને એમના વાગોળાતા ભૂતકાળને સમભાવપૂર્વક સમજવામાં ને સહી લેવામાં કેટલો સમય ફાળવેલો ? હવે અવિભક્ત કુટુંબ રહ્યાં નથી, વ્યવસાયની અનિવાર્યતા અને 'કરીઅર'ની ચિંતામાં, વિભક્ત કુટુંબના દૂર નિવાસને કારણે વૃદ્ધોની ઉપેક્ષા થઈ હશે, થઈ છે, છતાંયે પશ્ચિમના દેશો કરતાં, ઓછા ટેકનિકલ વિકાસને કારણે હજી આપણે ત્યાં પરિસ્થિતિ કંઈકેય સહ્ય છે. આને આપણે ઇષ્ટાપત્તિ સમજવી જોઇએ.

જીવનની પ્રત્યેક અવસ્થાને પોતાનું આગવું સૌંદર્ય હોય છે. બાલ્યકાળની નિર્દોષતા, સેવેલાં સ્વપ્નોને સાકાર કરવા પડકાર ફેંકતું થનગનતું યૌવન, ઠરેલા શરદના નીર જેવી પ્રૌઢાવસ્થા અને સમૃદ્ધ વિવિધ અનુભવના સંબલથી રોનકદાર વૃદ્ધાવસ્થાનું સૌંદર્ય સમજી એનું ઉચિત ગૌરવ કરીએ. ક્રાઇસ્ટ, શંકરાચાર્ય કે વિવેકાનંદ માંડ ત્રણ ચાર દાયકાનું જીવન જીવી ગયા પણ કામગીરી શતાયુથી ય વિશેષ કરી ગયા. સો **શરદ** નહીં પણ સો **વસંત** જીવવાની અભિલાષા સ્પૃહણીય નથી શું ?

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ • પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૨ ● અંક : ૪ ● તા. ૧૬ એપ્રિલ, ૨૦૦૧ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2001
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## वओ अच्चेइ जोव्वणं च ।

**–ભગવાન મહાવીર**

### [વય અને યૌવન ચાલ્યાં જાય છે]

ભગવાન મહાવીર સ્વામીના જન્મકલ્યાણક નિમિત્તે એમનાં બોધવચનોમાંથી ઉપરના એક વચનનું સ્મરણ-ચિંતન કરીએ.

આચારાંગ સૂત્રના 'લોકવિજય' નામના બીજા અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે:

अप्पं च खलु आउयं इ इहमेगेसिं ।
माणवाणं...वओ अच्चेइ जोव्वणं च ॥

એટલે કે કેટલાક માણસોનું આયુષ્ય અલ્પ હોય છે. તેની આંખ, નાક, કાન, જીભ અને સ્પર્શેન્દ્રિયની શક્તિ ક્ષીણ થતી જાય છે. યૌવન ઘડીકમાં પૂરું થઈ જાય છે અને વૃદ્ધાવસ્થા આવતાં માણસ મૂઢ બની જાય છે. તે વૃદ્ધ માણસ હાસ્ય, ક્રીડા, વિનોદ કે વેશભૂષા-શણગારને લાયક નથી રહેતો.

આયુષ્ય વીતી જાય છે. એમાં બાળપણ, યૌવન, વૃદ્ધાવસ્થા વગેરે બધું જ આવી જાય છે. તો પછી યૌવનનો જુદો ઉલ્લેખ કરવાની જરૂર શી ? વસ્તુત: યૌવનને માટે જ આ કહેવાનું જરૂરી છે, કારણ કે બાળપણમાં તો માણસ અજ્ઞાન અવસ્થામાં હોય છે. એને જીવનમરણનો ખાસ કંઈ વિચાર આવતો નથી. બાલક્રીડામાં બાળક રચ્યુંપચ્યું રહે છે. વૃદ્ધાવસ્થામાં માણસને જીવન હવે પૂરું થવામાં છે એ વિચાર સતાવે છે. શરીર રોગોથી ઘેરાઈ જાય છે. આયુષ્ય વીતી રહ્યું છે એ નજર સામે એને દેખાય છે. પરંતુ યૌવનમાં માણસ પાસે લાંબો ભવિષ્યકાળ હોય છે. એટલે મૃત્યુની ખબર અને સમજ હોવા છતાં, જાણે મૃત્યુ ક્યારેય આવવાનું નથી એમ સમજીને જ તે બેપરવાઇથી વર્તે છે. એટલે જ આયુષ્યની ક્ષણભંગુરતા વિશે વિશેષ જાગૃત થવાનું હોય તો તે યૌવનમાં પ્રવેશેલાં સ્ત્રીપુરુષોએ જ છે. જેઓ યૌવનમાં સવેળા જાગી જાય છે અને આયુષ્યની ક્ષણભંગુરતાને સમજી-સ્વીકારી લે છે તેઓ શેષ આયુષ્યને સાર્થક કરી શકે છે.

સંસાર પ્રતિક્ષણ બદલાયા કરે છે. જીવન અને મૃત્યુનું ચક્ર નિરંતર ઘૂમ્યા કરે છે. પૌદ્‌ગલિક પદાર્થોમાં પણ સર્જન અને સંહારની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. જૂનાં મકાનો તૂટે છે, નવાં મકાનો બંધાય છે. જૂનાં વૃક્ષોનો નાશ થાય છે અને નવાં વૃક્ષો ઊગે છે. ચીજ વસ્તુઓ થોડા વખતમાં જરીપુરાણી, નાખી દેવા જેવી થાય છે. કાળનો પ્રભાવ ઘણો મોટો છે.

માત્ર મનુષ્યસૃષ્ટિનો જ વિચાર કરીએ તો રાત્રે સૂઇને સવારે ઊઠીએ એટલી વાર તો આ પૃથ્વી પરથી લાખો માણસે વિદાય લઇ લીધી હોય છે અને લાખો નવાં બાળકો અવતર્યાં હોય છે. એક કલાકની ૬૦ મિનિટ અથવા ૩૬૦ સેકન્ડ. બાર કલાકની ૪૩૨૦ સેકન્ડ અને ચોવીસ કલાકની ૮૬૪૦ સેકન્ડ. ચોવીસ કલાકમાં ઓછામાં ઓછા દસ લાખ માણસો મૃત્યુ પામતા હોય તો એક સેકન્ડમાં-આંખના એક પલકારા જેટલી વારમાં તો આ પૃથ્વી પર ઓછામાં ઓછા સો માણસોએ પોતાનો દેહ છોડ્યો છે એમ સમજાશે. ક્યારેક દુર્ઘટના બને તો અચાનક અનેક માણસો મૃત્યુ પામે છે. કુદરતના કોપ આગળ કોઇનું ચાલતું નથી.

ગુજરાતના ધરતીકંપમાં આપણે જોયું કે એક-દોઢ મિનિટમાં હજારો સાજાસમા, હરતાફરતા માણસોએ પોતાના પ્રાણ ગુમાવી દીધા. 'ઘડીના (૨૪ મિનિટના) છઠ્ઠા ભાગમાં' જેવી કહેવતને પણ ખોટી પાડે એટલી ઓછી વારમાં ભયંકર દુર્ઘટના બની ગઈ. આવી ઘટના આપણી આંખ ખોલે છે. જીવન કેટલું બધું ક્ષણભંગુર છે તેની પ્રતીતિ કરાવે છે.

મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું ગણીને દસ દસ વર્ષના એના દસ વિભાગ કરવામાં આવે છે. ઠાણાંગ સૂત્રમાં એ દસે દસકાનાં નામ આ પ્રમાણે આપવામાં આવ્યાં છે: (૧) બાલા, (૨) ક્રીડા, (૩) મંદા, (૪) બલા, (૫) પ્રજ્ઞા, (૬) હાયની, (૭) પ્રપંચા, (૮) પ્રચારા, (૯) મુમ્મુખી અને (૧૦) શાયની.

એક રાજસ્થાની લોકોક્તિ પ્રમાણે માણસના આ દસ દસકા કેવા હોય છે તે બતાવતાં કહેવાયું છે:

દસાં દાવડો, વીસાં બાવરો, તીસાં તીખો,
ચાલીસાં ફીકો, પચ્ચાસાં પાકો, સાઠાં થાકો,
સત્તર (૭૦) સડિયો, અસ્સી ગલિયો, નબ્બે નાગો, સોવાં ભાગો.

દસ વર્ષ સુધીનો છોકરો દાવડો, ચાવડો, કાલુ બોલનારો, અક્કલ વગરનો ગણાય છે. વીસ વર્ષ થવા આવતાં, યુવાની પ્રવેશતાં બહાવરો બની જાય છે. એને કંઈ સૂઝ પડતી નથી. તીસની ઉંમરે શક્તિ ઉભરાતાં તીખો સ્વભાવવાળો, વાતવાતમાં ચીડાઈ જતો, રૂઆબ કરતો થઈ જાય છે: ચાલીસની ઉંમરે એના શરીરને થોડો ઘસારો શરૂ થઈ જાય છે. તે થોડો ફીકો લાગવા માંડે છે. પચાસની ઉંમરે સંસારના સારામાઠા અનુભવોથી ઘડાયેલો પાકો બની જાય છે. સાઠની ઉંમરે શક્તિઓ ક્ષીણ થતાં, હવે ચડતું લોહી રહ્યું ન હોવાથી થાકવા લાગે છે. સિત્તેરે માણસના શરીરમાં રોગો ઘર ઘાલે છે અને શરીરનાં કોઈ કોઈ અંગ કે ચામડી સડવા લાગે છે. એંસીની ઉંમરે શરીર ગળવા લાગે છે, વજન ઘટવા લાગે છે. નેવુંની ઉંમરે શરીરની સ્વસ્થતા જાય છે. વિસ્મૃતિ આવે છે. વસ્ત્રો વગેરેનું ભાન પણ ઓછું થાય છે અને લજ્જા પણ ઓછી થાય છે. સો વર્ષ થતાં માણસ હવે જીવન પૂરું કરી ભાગે છે.

એક અપેક્ષાએ એમ કહેવાય છે કે જે સમયે જન્મ થયો તે સમયથી જ મૃત્યુની પ્રક્રિયા પણ ચાલુ થઈ જાય છે. 'જે જાયું તે જાય' એ ન્યાયે લખાયેલી આવરદા પૂરી થવાની જ છે.

ઉત્તરાધ્યયનના ૧૮મા અધ્યયનમાં કહ્યું છે કે जीवियं चेव रूवं च, विज्जुसंपाय चंचलं । અર્થાત્ જીવન અને રૂપ વીજળીના ચમકારા જેવું ચંચલ છે. એટલે જ્યાં સુધી શક્તિ છે, તરવરાટ અને તમન્ના છે ત્યાં સુધી ધર્મકાર્ય કરી લેવું જોઇએ.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે:

વિદ્યુત્ લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય એ તો જળના તરંગ,
પુરંદરી ચાપ અનંગ રંગ, શું કહીએ ત્યાં ક્ષણનો પ્રસંગ.

આયુષ્ય તો વીજળીના ચમકારાની જેમ, પતંગના રંગની જેમ, મેઘ ધનુષ્યની જેમ, પવનના ઝપાટાની જેમ, અંજલિમાંના પાણીની જેમ, દરિયાનાં ભરતી-ઓટની જેમ, પાણીમાં પતાસાની જેમ ક્ષણિક છે, ક્ષણભંગુર છે. માત્ર દેહ જ નહિ, સંપત્તિ, સંબંધો, સત્તા ઇત્યાદિ પણ અનિત્ય જ છે.

આયુષ્ય પલપલ વીતી રહ્યું છે, પરંતુ એની વીતવાની પ્રક્રિયા એવી મંદ છે કે સામાન્ય માણસને ભાગ્યે જ લાગે કે પોતાનું આયુષ્ય ઘસાઈ રહ્યું છે. જ્યારે વૃદ્ધાવસ્થામાં કે રોગ-માંદગીમાં છેલ્લા દિવસો ગણાતા હોય કે છેલ્લા શ્વાસ ઘૂંટાતા હોય ત્યારે આયુષ્ય પૂરું થઈ રહ્યું છે એવો સ્પષ્ટ અણસાર આવે છે.

આનંદઘનજીએ પોતાના એક પદમાં ગાયું છે કે :

**અંજલિ જલ જ્યું આયુ ઘટત હૈ.**

હથેળીમાં પાણી લીધું હોય અને તે સાચવવાનો પ્રયત્ન કરીએ, બે આંગળીઓ વચ્ચેની જગ્યાને પણ બરાબર દબાવી રાખીએ તો પણ એમાંથી ધીરે ધીરે પાણી એવી રીતે સરકતું જાય છે કે તે નજરમાં પણ આવતું નથી. પરંતુ હથેળીમાં જ્યારે પાણી ખલાસ થઈ જાય છે ત્યારે ખબર પડે છે કે બધું પાણી ધીરે ધીરે ચાલી ગયું.

સામાન્ય રીતે જન્મથી શરૂ કરીને પાંત્રીસ-ચાલીસ વર્ષ સુધી શરીર વૃદ્ધિ પામતું રહે છે, દેહકાન્તિ ઉજ્જવળ રહે છે, શરીરનું બળ વધતું રહે છે. પરંતુ ચાલીસ-પિસ્તાલીસની ઉંમર પછી શરીરમાં રોગો ચાલુ થઈ જાય છે. પાચનશક્તિ મંદ પડવા લાગે છે. ઇન્દ્રિયોની શક્તિ ઘસાવા લાગે છે. તેજસ્વિતા ઓછી થવા લાગે છે. સફેદ વાળ ચાલુ થાય છે. આંખો ઝીણી થઈ ઊંડી ઊતરે છે. શરીરે કરચલીઓ પડવા લાગે છે. મોઢું હવે ડાચું બની જાય છે. અવાજ કર્કશ થાય છે. દાંત પડવા લાગે છે. લાકડીનો ટેકો લેવો પડે છે.

જ્યાં સુધી દેહ સુદૃઢ, સશક્ત હોય છે ત્યાં સુધી સ્વજનોને આપણે પ્રિય લાગીએ છીએ. જોવાની, સાંભળવાની શક્તિ ક્ષીણ થાય એટલે પોતાને તો કેટલીક વાતમાં કંટાળો આવે, પણ સ્વજનોને પણ આપણી સ્થિતિથી કંટાળો આવે. વૃદ્ધાવસ્થામાં ચિત્તની શક્તિ મંદ પડી જાય. વાત તરત સમજાય નહિ. બોલતાં વાર લાગે. યાદ રહે નહિ. આથી સ્વજનો, મિત્રો વગેરે સાથેના વ્યવહારમાંથી મીઠાશ ઓછી થતી જાય છે. એકની એક વાત વારંવાર કહેવા-પૂછવાથી સ્વજનો પણ ચિડાયા કરે છે. વૃદ્ધોના કામ માટે સ્વજનોને રોકાઈ રહેવું પડે, સમયનો ભોગ આપવો પડે ત્યારે આરંભમાં ભલે તેઓનું વર્તન સારું હોય, તો પણ ક્રમે ક્રમે સ્વજનો નારાજ થવા લાગે છે. ઓછું કામ કરે છે. વચ્ચે વચ્ચે બહાનું બતાવી છટકી જાય છે. એમાં પણ વૃદ્ધ માણસ જ્યારે પથારીવશ થઈ જાય છે, કફ નીકળે છે, ઝાડોપેશાબ અચાનક થઈ જાય છે ત્યારે તો સ્વજનો જ ઈચ્છે છે કે ડોસો કે ડોસી ઝટ જાય તો સારું. 'ડોસો મરતો નથી અને માચી છોડતો નથી.' જેવા તુચ્છકાર વાચક વેણ પુત્રવધૂઓ માંહોમાંહે ઉચ્ચારવા લાગે છે.

વૃદ્ધાવસ્થામાં ભલભલા માણસો શરીરથી લાચાર બની જાય છે. 'કાબે અર્જુન લૂંટિયો, વોહી ધનુષ્ય, વોહી બાણ' એમ એટલા માટે પણ કહેવાય છે. મોટા મોટા સરસેનાપતિઓ યુદ્ધમાં અપ્રતિમ તાકાતથી વિજય મેળવે છે, પણ વૃદ્ધાવસ્થામાં તેઓ લાચાર બની જાય છે. એવરેસ્ટનું શિખર સર કરનાર તેનસિંગને વૃદ્ધાવસ્થામાં જ્યારે હૃદયરોગની ગંભીર બીમારી થઈ હતી ત્યારે એક પગથિયું ચડવા માટે બે બાજુ બે જણનો ટેકો લેવો પડતો હતો.

વૃદ્ધાવસ્થામાં સ્વજનો જ્યારે વિપરીત થઈ જાય છે ત્યારે ગ્લાનિ, નિર્વેદ, ચિંતા, તિરસ્કાર, ધિક્કાર વગેરેની લાગણી તેઓ પ્રત્યે જન્મે છે. ક્યારેક તો વૃદ્ધો પ્રગટ અથવા મનોમન શાપ પણ આપે છે.

વૃદ્ધાવસ્થામાં માણસ જ્યારે પોતાના પૂર્વકાળને યાદ કરે છે અને તેમાં પણ યૌવનના દિવસોને તાજા કરે છે ત્યારે એને થાય છે કે 'અહો! કેટલી ઝડપથી મારા યૌવનના દિવસો વહી ગયા. યૌવન એ તો જાણે સપનાની જેમ ચાલ્યું ગયું. કેટકેટલી મનની મનમાં રહી ગઈ.'

ગમે તેટલી વય થઈ હોય તો પણ જીવને તો એમ જ લાગે છે કે હજુ પોતાને ઘણાં વર્ષ જીવવાનું છે. માણસની આશાને કોઈ અંત નથી. શંકરાચાર્યે કહ્યું છે કે :

अंग गलितं मुण्डं पलितं दशनविहीणं जातं तुण्डं ।
वृद्धो याति गृहित्वा दण्डम् तदपि न मुञ्चति आशापिंडम् ॥

[અંગ ગળી ગયું છે, માથે વાળ ધોળા થઈ ગયા છે, મોઢું દાંત વગરનું થઈ ગયું છે, વૃદ્ધ લાકડી લઈને ચાલે છે. તો પણ ભવિષ્યની આશાઓ-ઈચ્છાઓને છોડતો નથી.]

'વૈરાગ્યશતક'માં પણ કહ્યું છે કે :

अज्जं कल्लं पर परारिं पुरिसा चिंतति अत्थसंपत्तिं ।
अंजलिगयं व तोयं गलंतमाणं न पिच्छन्ति ॥

[પુરુષો અર્થની સંપ્રાપ્તિ માટે આજે નહિ તો કાલે અને કાલે નહિ તો પરમ દિવસે, એ રીતે થાક્યા વગર ચિંતવ્યા કરે છે. પરંતુ પોતાનું આયુષ્ય અંજલિ (ખોબા)માં રહેલા જળની જેમ નિરંતર ગળતું રહેતું હોવા છતાં તેને જોતો નથી.]

એટલા માટે, આવતી કાલનો ભરોસો નથી એમ સમજીને માણસે પોતાના જીવનમાં વર્તમાનની ક્ષણનો ઉપયોગ કરી લેવો જોઈએ. પ્રત્યેક ક્ષણે આયુષ્ય ઘટતું જાય છે. ગયેલો સમય જિંદગીમાં પાછો આવતો નથી. માટે વર્તમાનને બગાડવો નહિ. ઐહિક કે ધાર્મિક દૃષ્ટિએ જીવનને સફળ બનાવી લેવું જોઈએ. જીવનનો અમૂલ્ય સમય વેડફી નાખનારને પાછલી જિંદગીમાં પસ્તાવાનો વારો આવે છે માટે પ્રત્યેક ક્ષણને વિશિષ્ટ ક્ષણ બનાવી દેવી જોઈએ. જે જીવનકાળ મળ્યો છે તેમાં વધઘટ થવાની નથી, પરંતુ તેને મૂલ્યવાન બનાવી શકાય છે. ભગવાને કહ્યું છે કે खणं जाणाहि पंडिए । પંડિત એટલે આત્મજ્ઞાની માણસે પ્રત્યેક ક્ષણને જાણવી જોઈએ. કહ્યું છે :

अनित्याणि शरीराणि विभवो नैव शाश्वत: ।
नित्य संनिहितो मृत्यु कर्तव्यो धर्मसंचय: ॥

[શરીરો અનિત્ય છે, વૈભવો શાશ્વત નથી. મૃત્યુ હંમેશા પાસે આવીને બેઠું છે માટે ધર્મસંચય કરી લેવો જોઈએ.]

દેહ જડ છે અને આત્મા ચેતન છે. જીવન એટલે જડ અને ચેતનનો સંયોગ. પરંતુ આ સંયોગ અનાદિ કાળથી એવો સતત ચાલતો આવ્યો છે કે જીવને દેહ એ જ આત્મા એવો સતત મિથ્યાભાસ રહ્યા કરે છે.

અનાદિ કાળથી જીવ પુદ્ગલના સંયોગ વિના ક્યારેય રહ્યો નથી. પુદ્ગલ સાથેની દોસ્તી અત્યંત ગાઢ બની ગયેલી છે. એટલે જીવને દેહના પુદ્ગલ વિના પોતાનો ખ્યાલ આવતો નથી. 'હું તે આત્મા, આ દેહ મારો નથી, હું તો અજર, અમર ધ્રુવ એવો આત્મા છું' એવું રટણ કરનારાનો પણ જ્યારે ગાઢ દેહાધ્યાસ જોઈએ છીએ ત્યારે આશ્ચર્ય થાય છે અને લાગે છે કે માત્ર

બોલવાથી દેહાધ્યાસ છૂટતો નથી.

એટલે જ ઉત્તરાધ્યયનના 'દ્રુમપત્રક' નામના દસમા અધ્યયનમાં ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને જે બોધ આપ્યો છે તેનું સ્મરણ જીવે વારંવાર કરવા જેવું છે. એમાં કહ્યું છે કે :

दुमपत्तए पंडुयए जहा णिवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं समयं गोयम मा पमायए ।।

[જેમ રાત્રિ અને દિવસનો કાળ વીતતાં ઝાડના પીળા પડી ગયેલાં પાંદડા ખરી પડે છે તેવી રીતે મનુષ્યનું જીવન-આયુષ્ય પણ સમાપ્ત થઈ જાય છે. માટે હે ગૌતમ, સમય માત્રનો પ્રમાદ કર નહિ.]

x x x

परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।
से सव्वबले च हायइ, समयं गोयम मा पमायए ।।

[હે ગૌતમ, તારું શરીર નિર્બળ થતું જાય છે તથા તારા વાળ ધોળા થતા જાય છે. તારું સર્વ બળ હણાઈ રહ્યું છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ કર નહિ ! ]

ભગવાને પંચાચારના પાલનહાર ગુરુ ગૌતમસ્વામીને માટે જે કહ્યું તે આપણે માટે તો અવશ્ય હોય જ, પણ હૃદયસોંસરવું તે ઊતરવું જોઈએ.

☐ રમણલાલ ચી. શાહ

❖❖❖

# સૂપડા જેવા સજ્જનો, ચાળણી જેવા દુર્જનો

☐ પૂ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરિજી મહારાજ

આ દુનિયા એકલા દુર્જનોની નથી, એમ આ સંસાર ક્યારેય એકલા સજ્જનોનો પણ નથી રહ્યો. સંસારમાં સજ્જનો છે, એમ દુર્જનોય છે. સજ્જન દુર્જનનાં બે પાસાં આ સંસારનાં છે. હાં, હજી એવું બની શકે, ક્યારેક સજ્જનોનો સુકાળ હોય, તો ક્યારેક દુર્જનોનો સુકાળ હોય. પણ બન્નેનું અસ્તિત્વ તો સાથે સાથે ચાલતું જ રહેવાનું. એક અપેક્ષાએ એમ પણ કહી શકાય કે, બન્નેને સાચા સ્વરૂપમાં ઓળખવા માટે બન્ને પૂરક બની શકે, એવાં તત્ત્વો છે. દુર્જનની દુર્જનતા અનુભવીએ, તો સજ્જનની સજ્જનતા-મહાનતાનો ખ્યાલ આવી શકે, એ જ રીતે સજ્જનની સજ્જનતા અનુભવી હોય, તો દુર્જનની દુર્જનતા-અલ્પતાનો અંદાજ બાંધી શકાય. આટલી ભૂમિકાની વાત કર્યા પછી આપણે જે વિચારવું છે એ તો વળી બીજું જ છે. આપણે એ વિચારવું છે કે, જેના દ્વારા સજ્જન-દુર્જનની પ્રકૃતિનો ખરેખરો ખ્યાલ આવી શકે, એવી સચોટ ઉપમા કઈ?

આ વિચારણાની વાટે આગળ વધવા માટે એક સુભાષિત ખૂબ જ સહાયક બની શકે એમ છે. આ સુભાષિત સૂપડું અને ચાળણીનું પ્રતીક આપણી નજર સમક્ષ ખડું કરીને કહે છે કે, સજ્જનો સૂપડાની જેમ દોષને ફેંકી દઈને ગુણોને જ ગ્રહણ કરનારા હોય છે. દુર્જનો ચાળણીની જેમ ગુણોને ફેંકી દઇને દોષનો જ સંગ્રહ કરનારા હોય છે.

સૂપડું અને ચાળણી: આ બન્ને ચીજો અનાજની શુદ્ધિ માટે ઉપયોગી ગણાય છે. સૂપડાથીય અનાજની સફાઈ થઇ શકે છે, ચાળણીથીય અનાજ સાફ કરી શકાય છે. પરંતુ બન્નેની નજરમાં આભગાભ જેવું અંતર છે. અનાજની સફાઈ માટેનો બન્નેનો દાવો સમાન હોવા છતાં, દૃષ્ટિકોણની વચ્ચે રહેલા અંતરને કારણે જ સૂપડાની કાયામાં એક પણ છિદ્ર પડેલું જોવા મળતું નથી, જ્યારે ચાળણીનો સંપૂર્ણ દેહ છિદ્રોથી એકદમ જર્જરિત બની ગયેલો જોવા મળતો હોય છે.

સૂપડું ગુણગ્રાહી દૃષ્ટિ દ્વારા અનાજની સફાઈ કરવાની પ્રકૃતિ ધરાવે છે, એથી એ અનાજને સંગ્રહી રાખે છે અને કાંકરા-કચરાને ફેંકી દે છે. એની દૃષ્ટિ ગુણગ્રાહી હોવાથી એક પણ કાંકરાનો સ્વીકાર કર્યા વિના એ અનાજની સફાઈ કરવામાં સફળ સિદ્ધ થાય છે. એથી એની કાયા પણ અખંડિત રહે છે.

સૂપડાની જેમ ચાળણી પણ અનાજની સફાઈ તો કરે છે, પણ એની દૃષ્ટિ દોષગ્રાહી છે. એથી કાંકરા-કચરાને સંગ્રહીને એ અનાજને ફેંકી દે છે. એની દૃષ્ટિ દોષગ્રાહી હોવાથી એક પણ ધાન્યકણને સંગ્રહ્યા વિના એ અનાજની સફાઈ કર્યાનો ગર્વ અનુભવે છે. પણ અનાજની સફાઇની આ સિદ્ધિ કરતાં કરતાં તો એનો પૂરો દેહ જર્જરિત બની જતો હોય છે. ચાળણીના દેહને મળેલાં કાણાં-છિદ્રો એ એની દોષ-દૃષ્ટિનો વિપાક ન ગણાય શું?

હવે આ જ વાત સજ્જન-દુર્જન માટે ઘટાવીએ. સજ્જનો દુનિયાના ગુણો જુએ છે અને દુર્જનો દોષો જ જુએ છે. એક અપેક્ષાએ કહી શકાય કે, બંનેનાં આ જાતના નિરીક્ષણ પાછળનું મૂળ કારણ તો સંસારની શુદ્ધિ કરવાનું જ છે. પણ ગુણગ્રહણ અને દોષગ્રહણનો દૃષ્ટિકોણ હોવાથી સજ્જન ગુણોથી વધુ ને વધુ સમૃદ્ધ બનવા દ્વારા દુનિયાને દોષમુક્ત બનાવી શકે છે. જ્યારે દુર્જન વધુ ને વધુ દોષિત બનીને સામાને સુધારવાનો દાવો કરે છે, એમાં સામો સુધરી જાય, એ એની યોગ્યતા સૂચવી જાય છે, એ સુધારાનો યશ દુર્જનના શિરે અભિષેકવા કોઈ જ તૈયાર થતું નથી, દુર્જન પોતે જ પોતાના શિરે આ યશનો અભિષેક કરે, તો એને કોણ રોકી શકે?

સૂપડું જેમ જેમ અનાજની સફાઈ કરે, એમ એમ એની પાસે અનાજનો ઢગલો વધતો જાય છે. ચાળણી જેમ જેમ વધુ અનાજને સાફ કરે, એમ એમ એની પાસે કાંકરા-કચરાનો ઢગલો વધતો જાય છે. ગુણગ્રાહી અને દોષગ્રાહી દૃષ્ટિકોણનો જ આ પ્રભાવ છે. સૂપડું અનાજને સંગ્રહી રાખે છે, તો કાંકરા આપોઆપ અનાજથી દૂર થઈ જાય છે. આ રીતે સજ્જન ગુણગ્રાહી બન્ને છે, એથી પ્રભાવિત બનીને દોષીને પોતાના દોષ દૂર કરવાની જે જાતની સ્વયંભૂ પ્રેરણા મળે છે, એ જાતની પ્રેરણા દોષગ્રાહી દુર્જન દ્વારા મળવી સંભવિત નથી.

સજ્જનોના પ્રભાવે જેમ સંસાર સુધરે છે, એમ સજ્જન પણ વધુ ને વધુ ગુણસમૃદ્ધ બને છે. દુર્જન કદાચ એમ માનતો હોય કે દોષો બતાવી બતાવીને હું સામાને સુધારી શકું છું. આમાં સામો સુધરે કે ન સુધરે, પણ દુર્જન વધુ ને વધુ બગડતો જતો હોય છે, એ તો દીવા જેવી સ્પષ્ટ હકીકત છે.

કાચની પ્યાલી અડધી જ દૂધથી ભરેલી હોય, તો એને પૂરી ભરવાની પ્રેરણા ભરેલા ભાગની પ્રશંસા કરવા દ્વારા ય આપી શકાય છે. અને અધૂરા ભાગ અંગે ટોકવાથી યે આપી શકાય છે. જો આ બંને રીતે એ પ્યાલીને દૂધથી પરિપૂર્ણ બનાવી શકાતી હોય, તો પછી કયો ડાહ્યો માણસ એવો હોય કે, જે ગુણગ્રાહી દૃષ્ટિકોણને ન અપનાવે અને દોષગ્રાહી દૃષ્ટિકોણનો જ પુરસ્કર્તા બની રહે? ચાળણીનું ચલણ તો આ દુનિયામાં ઘણું બધું છે, કેમ કે એ તો અનાદિથી અવળી ચાલે છે. એમાં હવે પરિવર્તન લાવીએ અને આપણે સજ્જન બનવા હરપળે સૂપડાને નજર સમક્ષ રાખીએ.

❖❖❖

# પાપસ્થાનક

**☐ ગિરીશભાઈ તારાચંદ મહેતા**

જીવની વર્તમાન દોષયુક્ત દશા જીવના સ્વયંના દોષ જ છે જેનું પરિણામ પાપસેવન છે. સુખ, પુણ્ય, ગુણ જો જોડિયા મિત્ર છે તો દુ:ખ, પાપ, દોષ એ ત્રણ જોડિયા મિત્ર છે. દુ:ખનું કારણ પાપ છે તો પાપનું કારણ દોષ છે. દોષ કહો કે પાપ કહો એ આ વિશ્વમાં અઢાર પ્રકારના છે. અઢાર પ્રકારના પાપની બહાર વિશ્વનું એકેય પાપ નથી. જૈનદર્શનમાં એ અઢાર પાપને અઢાર પાપસ્થાનક કહેવાય છે જે નીચે પ્રમાણે છે.

(૧) પ્રાણાતિપાત (૨) મૃષાવાદ (૩) અદત્તાદાન (૪) મૈથુન (૫) પરિગ્રહ (૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભ (૧૦) રાગ (૧૧) દ્વેષ (૧૨) કલહ (૧૩) અભ્યાખ્યાન (૧૪) પૈશુન્ય (૧૫) રતિ-અરતિ (૧૬) પરપરિવાદ (૧૭) માયામૃષાવાદ (૧૮) મિથ્યાત્વશલ્ય.

પ્રથમ પાંચ પાપથી સ્થૂલ બચવા માટે અણુવ્રતધારી બનવું જરૂરી છે. સ્થૂલ અને સૂક્ષ્મ ઉભય પ્રકારે બચવા માટે મહાવ્રતધારી બનવું જરૂરી છે. પ્રથમ પ્રાણાતિપાતના પાપથી બચવા જીવવિષયક વિચાર આવશ્યક છે જે માટે સાત લાખ સૂત્રથી કયા કયા અને કેટલા પ્રકારના જીવો છે જેના પ્રાણનો નાશ કરવાથી બચવાનું છે તેની યાદી આપેલ છે. આ પ્રથમ પાંચ પાપ દેહપ્રધાન વર્તન વિષયક પાપ છે, જે પછીના છટ્ઠે ક્રોધથી લઈ નવમે લોભ એ ચાર માનસિક કાષાયિક પાપનું જ પરિણામ છે. ત્યાર બાદના બે રાગ અને દ્વેષ એ પણ માનસિક છે, અને તે સર્વ પાપનું મૂળ છે. રાગ જ માયા અને લોભ રૂપે પરિણમી મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહરૂપે બાહ્ય કાયિક ચેષ્ટાથી દૃશ્યરૂપ ધારણ કરે છે. બારમે કલહથી લઈ સત્તરમે માયામૃષાવાદ સુધીના રતિ અરતિ સિવાયના પાંચ વાચિક છે. રતિ-અરતિ એ રાગ-દ્વેષનું વ્યક્ત સ્વરૂપ હોવાના કારણે, તે અપેક્ષાએ એને વાચિક ગણાવી શકાય. રતિમાં જીવ હરખપદૂડો થાય છે અને અરતિમાં જીવ પોક મૂકે છે. છેવટનું અઢારમું પાપ જે સહુ પાપની જડ છે તે જીવની વિપરીત અવળી દૃષ્ટિરૂપ મિથ્યાત્વશલ્ય છે, એટલે કે સ્વની-આત્માની સમજ નહિ અને પર એવાં પુદ્‌ગલમાં સુખબુદ્ધિ અને ભોગબુદ્ધિએ દેહાત્મબુદ્ધિથી જીવવું.

આ અઢારે પાપસ્થાનકમાં સૌથી વધુ અનર્થકારી સઘળાં પાપના જનક કોઈ પાપ હોય તો તે માત્ર બે પાપ : ચોથું મૈથુન એટલે કે કામ અર્થાત્ સુખની વાંછના અને પાંચમું પરિગ્રહ એટલે સુખના સાધન અર્થનો સંગ્રહ. અર્થ અને કામમાંથી જ બાકીનાં સોળ પાપ ઉદ્‌ભવે છે. આમ તો આ અર્થ અને કામ પુરુષાર્થ કહેવાય છે. પુરુષના પ્રયત્નથી પ્રાપ્ત થાય એને પુરુષાર્થ કહેવાય છે. તે ચાર પુરુષાર્થ છે : (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષ.

પ્રથમ સ્થાન ધર્મપુરુષાર્થનું છે જે મોક્ષપુરુષાર્થનું કારણ છે અને એ ધર્મપુરુષાર્થનું લક્ષ્ય મોક્ષપુરુષાર્થ-મોક્ષ છે. ધર્મ કારણ છે અને મોક્ષ કાર્ય છે અર્થાત્ ફળ છે. એ મોક્ષપ્રાપ્તિના આશય-લક્ષ્યથી સેવાતા ધર્મને કારણે મોક્ષપ્રાપ્તિ પૂર્વે અર્થ અને કામ એટલે કે સુખના સાધન અને સુખ લબ્ધિરૂપે કે પ્રસાદીરૂપે પ્રાપ્ત થાય છે જે આડ પેદાશ By product છે પણ લક્ષ્ય નથી. એનો ધર્મમાર્ગે સદુપયોગ કરી મુમુક્ષુ જીવ ધર્મમાર્ગે આગળ વધી મોક્ષ મેળવી લે છે. એ તો એના જેવું છે કે ખેતીના વ્યવસાયમાં ખેડૂતને લક્ષ્ય ધાન્યોત્પત્તિનું છે જેની સાથે ઘાસ સરબોડા પણ ઊગી નીકળે છે, જેનું નીંદામણ કરી ધાન્યોત્પત્તિનો માર્ગ મોકળો બનાવે છે અને નીંદેલા ઘાસાદિનો ધાન્યોત્પાદનમાં સહાયક બળદાદિના ચારા તરીકે સદુપયોગ કરે છે.

સાથે એ પણ એટલું જ સાચું છે કે અર્થ અને કામ અનર્થકારી હોવા છતાંય એ પણ પ્રાપ્ત તો ધર્મપુરુષાર્થ-ધર્માચરણથી જ થાય છે, પછી તે ધર્માચરણ મોક્ષના લક્ષ્યે થતું હોય કે પછી અર્થ અને કામના લક્ષ્યે થતું હોય!

અર્થ અને કામના લક્ષ્યે કરાતો ધર્મ વાસ્તવિક અધર્મ છે, કારણ કે અર્થ અને કામ ક્ષણિક આભાસી સુખની ઝલક દેખાડી દુ:ખની ગર્તામાં ધકેલી દેનારા-સંસાર સાગરમાં ડૂબાડનારા હોવાથી અનર્થકારી છે-વિનાશકારી છે. ખોટા વિનાશી સુખને ભોગવવાની સજા દુ:ખ છે. સાચા સુખને ભોગવવાનું ફળ કાયમી-સદાનું સુખ-અવિનાશી મોક્ષસુખ છે. અર્થકામ તો બોર આપી કલ્લુ પડાવી દેનારા લૂંટારા છે. ધર્મનું ફળ તો મોક્ષ છે, માટે મોક્ષફળ આપનાર ન હોય તો એવા ધર્મને ધર્મ કેમ કહેવાય? અર્થ કામ માટે સેવાતો ધર્મ એ તો પ્રાપ્ત ચિંતામણિ રત્નને કાચનો કટકો સમજી ઘેટાના ગળે બાંધવા જેવી ભરવાડની અજ્ઞાન મૂર્ખ ચેષ્ટા છે.

અર્થ અને કામ એટલે કે પરિગ્રહ અને મૈથુન જ જીવને હિંસક, જૂઠો, ચોર બનાવી ક્રોધ, માન, માયા, લોભ સેવન કરનારો અનુકૂળતા-સુખનો રાગી અને પ્રતિકૂળતા-દુ:ખનો દ્વેષી બનાવે છે. એ માટે એ કલહ-ઝઘડા કરતાં, આળ ચઢાવતાં, ચુગલીખોરી કરતાં, પણ અચકાતો નથી. એમાં જો પાસા પોબાર પડે છે તો હરખપદૂડો થાય છે અને નિષ્ફળતા સાંપડે છે તો માથે હાથ દઈ પોક મૂકે છે. એટલું જ નહિ આગળ વધી જાતને મોટી દેખાડવા અન્યનો નિંદક બને છે, અન્યના અવર્ણવાદ કરે છે અને છળકપટ કરી માયામૃષાવાદ સેવે છે. આ બધામાં રાચનારો સ્વાભાવિક જ વિનાશીમાં અવિનાશિતા, વિભાવમાં સ્વભાવ જોનારો, વિકૃતિમાં પ્રકૃતિને માનનારો, પરને સ્વ લેખનારો, અવળી ચાલે ચાલનારો મિથ્યાત્વી જ હોય અને એ જ ચાલ ચાલતો રહી મિથ્યાત્વને ગાઢ મજબૂત બનાવતો રહી અઢારે પાપ સેવવાનું સતત ચાલુ જ રાખે છે. માટે જ નમસ્કાર મહામંત્રમાં 'સવ્વ પુણ્યલાભાણં' નહિ કહેતાં 'સવ્વ પાવપ્પણાસણો' કહેલ છે.

કેમકે પુણ્યથી મળતાં અર્થ-કામથી મુક્તિ નથી મળતી પણ સર્વ પાપના પ્રણાશથી મુક્તિ મળે છે.

આ અઢાર પાપસ્થાનક અંગેની સુપ્રસિદ્ધ સરસ મજાની શાસ્ત્રીયકથા છે જે અઢાર હાથીના દૃષ્ટાંત તરીકે ઓળખાય છે.

એક રાજા હતો. એને ત્રણ રાજકુંવર હતાં. રાજાનું અવસાન થતાં ત્રણેય રાજકુંવરને રાજાની રાજસંપત્તિ તેના આદેશ વસિયતનામા પ્રમાણે વહેંચી આપવામાં આવી. છતાં છેવટે રાજકોષની હાથીશાળામાંના સત્તર હાથીની વહેંચણી બાકી રહી ગઈ. રાજાનો આદેશ હતો કે મોટા પાટવી રાજકુંવરને અડધા હાથી મળે, વચલા યુવરાજને એક તૃતીયાંશ હાથી મળે અને સૌથી નાના યુવરાજને એક નવમાંશ હાથી મળે. રાજાના આદેશ મુજબ આ રીતે સત્તર હાથીના ભાગ ત્રણેય કુંવરોને કેમ વહેંચી આપવા ? સહુને માટે વિકટ સમસ્યા થઈ પડી કે આ કોયડો કેમ કરીને ઉકેલવો?

રાજાના દીવાન ડહાપણના સાગર અને બુદ્ધિના ભંડાર હતા. સમસ્યા લઇને રાજકુંવરો દીવાન પાસે ગયા. દીવાનજીએ સત્તર હાથીને લઇને નગરના મેદાનમાં આવવાનું રાજકુંવરોને જણાવ્યું. બીજા દિવસે રાજકુંવરોએ

સત્તર હાથીઓને હારબંધ મેદાનમાં ખડા કરી દીધા. દીવાનજી પોતે, પોતાને રાજા તરફથી રાજવ્યવહાર માટે આપવામાં આવેલા હાથીને હોદ્દે બેસી મેદાનમાં આવ્યા અને પોતાના એ અઢારમા હાથીને સત્તર હાથીની હરોળમાં ઊભો કરી દીધો.

દીવાનજીએ અઢાર હાથીના અડધા એટલે કે નવ હાથી પાટવી કુંવરને લઈ લેવા જણાવ્યું. બાકી રહેલ હાથીમાંથી અઢાર હાથીના એક તૃતીયાંશ એટલે ત્રીજા ભાગના હાથી જે છ થાય તે વચલા રાજકુંવરને સોંપી દીધા અને છેલ્લે સૌથી નાના રાજકુંવરને અઢાર હાથીના નવમા ભાગના એટલે કે બે હાથી આપી દઇને રાજઆદેશ મુજબ સત્તરે હાથીની ન્યાયી વહેંચણી કરી પોતે પોતાને રાજાએ આપેલ રાજહાથીના હોદ્દે બેસી સ્વસ્થાને ગયા.

જેમ રાજાના જ આપેલ અઢારમા હાથી વડે રાજાના સૂચવ્યા પ્રમાણે રાજાના સત્તર હાથીની વહેંચણીનો ઉકેલ સરળ રીતે ઉપર મુજબ થયો તેમ આત્મા-જીવ જે જાતને-આત્માને જ ભૂલી ગયો છે, પરઘેર ચાલી જઈ પર એવાં પુદ્‌ગલનો-દેહનો થઈ ગયો છે એ જો બુદ્ધિના ભંડાર અને જ્ઞાનના સાગર એવા ગુરુને શરણે જાય તો વિસરાઈ ગયેલ આત્મા સ્વઘેર પાછો ફરે એટલે કે પરસંગમાંથી સત્સંગ દ્વારા સ્વસંગમાં આવે અર્થાત્ મિથ્યાત્વ જો સમ્યક્ત્વમાં પરિવર્તિત થાય તો શેષ સર્વ સત્તર હાથી જેવાં પાપના નિકાલનો સરળ ઉકેલ આવે. બાકી તો મિથ્યાત્વને સમ્યક્ત્વમાં પલોટ્યા સિવાય જો પાપને દબાવાશે કે હટાવાશે તો તે પાછા ક્યારે પેસી જશે તે કહેવાય નહિ. સ્વ (આત્મા) જે પર (દેહ)નો થઈ ગયો છે એને સ્વઘેર લાવી સ્વ બનાવીએ અને પરથી હઠીએ તો સત્તર પાપનો નિકાલ થઇ જઇને સ્વને સ્વમાં સ્થિર કરી શકીએ.

પાટવી-મોટા રાજકુંવરને જે નવ હાથી આપવામાં આવ્યા તે પ્રથમના નવ મોટાં પાપોનો નિર્દેશ કરે છે. જ્યારે વચલા રાજકુંવરને જે છ હાથી આપવામાં આવ્યા તે છ વાચિક નાનાં પાપોને સૂચવે છે, જેનાં અંતે રહી જતાં બે પાપ રાગ અને દ્વેષની વહેંચણીનો તો પછી પ્રશ્ન રહેતો જ નથી. કેમકે કષાય ગયા અને નિષ્કષાય થયાં એટલે સમજો કે વીતરાગ બન્યાં 'कषायमुक्ति किलरेव मुक्ति'.

હવે એ પાપસ્થાનકને ગુણસ્થાનક બનાવવાની સાચા દિલથી પ્રભુને હાર્દિક પ્રાર્થના કરીએ : હે ! ભગવાન! આપની કરુણારસધારે મારા અઢાર પાપસ્થાનક, ગુણસ્થાનક બની મને મારા પરમ સ્વરૂપની પ્રાપ્તિ કરાવે!

હે નાથ! મારું 'પ્રાણાતિપાત' પાપસ્થાનક આપની કરુણારસધારાએ અહિંસાગુણ બની, જીવરક્ષા ભાવથી જગતના જીવોને અભયદાન આપી, સર્વ જગતના જીવો મારી જેમ પરમાત્મા સ્વરૂપ છે એવા બ્રહ્મભાવે, સ્વરૂપ તરફ મારું ગમન કરાવે!

હે દેવાધિદેવ! મારું 'મૃષાવાદ' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ, સત્યવચની ગુણ બની સત્ય જ બોલાવે કે જે સત્યપ્રિયતા-સત્ય આગ્રહ, સત્ સ્વરૂપ તરફ મારું ગમન કરાવે!

હે પરમાત્મા! મારું 'અદત્તાદાન' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ અભાવમાં સહનશીલતા, આવશ્યકતામાં સંતોષ અને વિપુલતામાં દાનભાવનારૂપ ગુણ બની, શુદ્ધ આત્મસ્વરૂપ નિરીહિતા તરફ મારું ગમન કરાવે!

હે વિભુ! મારું 'મૈથુન' પાપસ્થાનક આપની કરુણારસધારાએ દેહાધ્યાસ ત્યાગે સ્વરૂપરુચિરૂપ ગુણ બની બ્રહ્માનંદ-પરમાનંદ સ્વરૂપ તરફ મારું ગમન કરાવે!

હે પ્રભુ! મારું 'પરિગ્રહ' પાપસ્થાનક આપની કરુણારસધારાએ ઇચ્છાત્યાગ અને નિષ્પરિગ્રહતારૂપ ગુણ બની કેવળજ્ઞાન-સ્વરૂપ પ્રાપ્તિ પ્રતિ ગમન કરાવે!

હે સર્વેશ્વર! મારું 'ક્રોધ' પાપસ્થાનક આપની કરુણારસધારાએ ક્ષમા, સમતા, શાંતતા, ઉદારતા, વિશાળતારૂપ ગુણ બની મારા આત્માના શુદ્ધ પરમ પ્રકાશ સ્વરૂપ પ્રતિ મારું ગમન કરાવે!

હે વિશ્વેશ્વર! મારું 'માન' પાપસ્થાનક આપની કરુણારસધારાએ અહમ્‌નો ત્યાગ કરાવી, નમ્રતાનો ગુણ ધારણ કરી, આત્માના પરમ ઉચ્ચ પ્રકાશભાવ પ્રતિ મારું ગમન કરાવે !

હે જગદીશ્વર ! મારું 'માયા' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ સરલતા, નિષ્કપટતા, નિખાલસતારૂપ ગુણ બની સ્વ પર પ્રકાશકતા સ્વરૂપ પ્રતિ મારું ગમન કરાવે!

હે જગન્નાથ! મારું 'લોભ' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ સંતોષરૂપ ગુણ બની અસત્‌વૃત્તિથી છોડાવી સત્‌વૃત્તિમાં જોડી આત્માના શુદ્ધ સર્વ પ્રકાશક ભાવ પ્રતિ મારું ગમન કરાવે!

હે વીતરાગ પરમાત્મા! મારું 'રાગ' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ ત્યાગ વૈરાગ ગુણ બની આત્માના શુદ્ધ વીતરાગભાવ પ્રતિ મારું ગમન કરાવે!

હે સર્વજ્ઞ ભગવંત! મારું 'દ્વેષ' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ ક્ષમા, સમતા, સહનશીલતા, ઉદારતા, વિશાલતારૂપ ગુણ બની મારા આત્માના શુદ્ધ પ્રશમભાવ પ્રતિ મારું ગમન કરાવે!

હે જિનેશ્વર દેવ! મારું 'અભ્યાખ્યાન' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ વિશ્વાસરૂપ ગુણ બની જગતના જીવો પ્રતિ પ્રમોદગુણ ધારણ કરી, આત્માના પરમ શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ પ્રતિ મારું ગમન કરાવે!

હે અરિહંત ભગવંત! મારું 'પૈશુન્ય' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ ગુણાનુરાગરૂપ ગુણ બની ગુરુજનો પ્રતિ પૂજ્યભાવ, પ્રમોદભાવ અને નાનાઓ પ્રત્યે વાત્સલ્યભાવ, પ્રમોદભાવ જગાવી આત્માના પરમ શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા ભાવ પ્રતિ મારું ગમન કરાવે!

હે સિદ્ધ ભગવંત! મારું 'રતિ-અરતિ' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ સ્થિતપ્રજ્ઞતાગુણ બની ઉન્મની દશાએ લઈ જઈ આત્માના વીતરાગ સ્વરૂપ તરફ મારું ગમન કરાવે!

હે તીર્થંકર ભગવંત! મારું 'પરપરિવાદ' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ ગુણાનુરાગીતારૂપ ગુણ બની આપનો અનુરાગી બનાવી આત્માના સ્વરૂપગુણ તરફ મારું ગમન કરાવે!

હે દીનબંધુ દીનાનાથ! મારું 'માયામૃષાવાદ' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ નિષ્કપટતા-સરળતા-નિખાલસતારૂપ ગુણ બની સત્યરુચિ બનાવી આત્માના શુદ્ધ સરળ વીતરાગ સ્વરૂપ પ્રતિ મારું ગમન કરાવે!

હે તરણતારણહાર જિનેન્દ્ર દેવ! મારું 'મિથ્યાત્વ શલ્ય' પાપસ્થાનક આપની કરુણારસ ધારાએ પ્રેમ, શ્રદ્ધા, સમર્પણરૂપ ગુણ બની આત્માના સત્સ્વરૂપ-સમ્યગ્ સ્વરૂપ તરફ મારું ગમન કરાવે!

કર્મમુક્ત થયેલ આત્મા અરૂપી થયેથી ફરી કર્મયુક્ત થઈ અવતાર ધારણ કરતો નથી કેમકે અરૂપી અરૂપીને ચોંટતું નથી તેમ અરૂપી, રૂપી કે રૂપારૂપીને ચોંટતું નથી. જ્યારે રૂપી રૂપીને ચોંટે છે અને રૂપી રૂપારૂપીને પણ ચોંટે છે પરંતુ રૂપી અરૂપીને ચોંટી શકતું નથી. માટે જ સ્વદોષનું દર્શન કરીએ, એની પીડા અનુભવીએ, એ દોષને પાપસ્થાનકોને દૂર કરીએ અને સિદ્ધિને વરીએ!

સર્વ ભવ્યાત્માઓ નિગોદથી નિર્વાણ સુધીની અનંતયાત્રા શીઘ્રાતિશીઘ્ર સમાપ્ત કરી મુકામે પહોંચે, કૈવલ્ય લક્ષ્મીને વરે અને સદાને માટે મુક્તિધામમાં વસે એવી અભ્યર્થના!

(સંકલન: સૂર્યવદન ઠાકોરદાસ જવેરી)

# કેટલુંક ચિંતન

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

## (૧)

## અર્થ-અન્-અર્થ

(૧) સને ૧૯૩૨માં હું અંગ્રેજી ધોરણ પાંચમામાં ભણતો હતો, ત્યારે પણ મારા પ્રિય કવિઓ બે: 'કાન્ત' અને ન્હાનાલાલ. એ જમાનામાં 'કલાપી'નો જાદુ ગજબનો હતો 'કલાપીનો કેકારવ' મેં વાંચેલો પણ મારો વિશેષ લગાવ 'કાન્ત'ના 'પૂર્વાલાપ' અને ન્હાનાલાલનાં નાટકો: 'જયાજયંત' અને 'ઇન્દુકુમાર' પરત્વે હતો. ન્હાનાલાલનાં બધાં જ નાટકો અપદ્યાગદ્ય-ડોલનશૈલીમાં લખાયેલાં છે. ત્યારે અપવાદ રૂપે એક કવિ પૃથુ શુકલ સિવાય ખાસ કોઇએ ડોલનશૈલીનો પ્રયોગ કર્યો નથી; અલબત્ત પરિહાસ રૂપે-'કોયલડીને' બદલે કોઈ 'ભેંસલડીને' ઉદ્દેશીને પ્રતિકાવ્ય લખે! ડોલનશૈલી ભલે કવિનું બ્રહ્માસ્ત્ર ગણાયું હોય પણ મેં તો અંગ્રેજી બીજા ધોરણમાં હતો ત્યારથી સમજાય ન સમજાય તો પણ ડોલનશૈલી સાથે પ્રસંગ પાડેલો. એમના એક નાટકમાં એકપાત્ર, 'જિન્દગી એટલે શું ?' એની મીમાંસા કરે છે. ભાવાવેશમાં તણાઇને એ પાત્ર એના મનોગતને અનુરૂપ વિધાનો કર્યે જાય છે...પછી, ઊભરો શમી જતાં ચિત્તની સ્વચ્છતા પ્રાપ્ત થતાં, ઢાલની બીજી બાજુનો એને ખ્યાલ આવે છે ને સમાધાન રૂપે બોલે છે: 'પ્રભો! એ છે એકપક્ષી !' હવે તે કાળે મને 'આ એકપક્ષી' શબ્દ સમજાય નહીં. એટલે વિચારું કે આ એકપક્ષી કયું હશે ? કવિને અભિપ્રેત છે one-sided thinking. વિચારણાની-ઢાલની બીજી બાજુનો ત્યાં નિર્દેશ છે, પણ મારી મૂઢતાને કારણે હું મૂંઝાઉં. મારા મોટાભાઇએ, one bird નહીં પણ one sided કહી મને દ્વિધામુક્ત કર્યો.

(૨) હવે જ્યારે મેં મારી 'મૂઢતા'ની વાત કરી તો વિચાર-સાહચર્યને કારણે મને મારી બીજી મૂઢતા યાદ આવે છે. ધોરણ ચોથા-પાંચમામાં હતો ત્યારે વિદ્યાર્થીઓ સમક્ષ ચર્ચાસભામાં બોલવાની મને ભારે ચળ ઊપડે. સભાક્ષોભ તો મને ક્યારેય હતો જ નહીં; પણ કોઇપણ વિષય હોય તોય હું આ વાક્ય તો ધ્રુવપદની માફક બોલવાનો જ: 'મારી એવી મુગ્ધ માન્યતા છે કે'...મારી આ મર્યાદાને રોશન કરવા મારા એક શિક્ષક શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાનીએ મને કહ્યું: 'હે મૂઢ ! તને ખબર છે ? 'મૂહ્' ધાતુ પરથી 'મુગ્ધ' ને 'મૂઢ' શબ્દો ફલિત થાય છે.' તું શાનાથી 'મોહ' પામ્યો છે ? તારા અધકચરા વિચારોથી ? અણસમજણમાં 'મુગ્ધ', 'મુગ્ધ' કર્યા કરે છે ? તું મુગ્ધ નહીં પણ 'અજ્ઞ' છે, મૂરખ છે...જેથી શબ્દનો અર્થ સમજ્યા વિના દીધે રાખે છે ?' ત્યારે તો 'મુગ્ધ'નો અર્થ હું 'સુંદર', 'મોહક', 'સચોટ' સમજતો હતો...પણ પછી જ્યારે 'કાન્ત'ના 'દેવયાની' ખંડકાવ્યમાં કચ એની બાલસખી દેવયાનીને ઉપાલંભ આપે છે ત્યારે બોલે છે:-

'અવસ્થાભેદનું, દેવી તને ભાન દિસે નહીં:
મુગ્ધા! શું સમજે છે તું બાલભાવ બધા મહીં?'

જાણે કે મારા એ મર્મજ્ઞ ને મર્મબ્ન ગુરુ મને કહેતા ન હોય:-

'શબ્દના ભેદનું મૂઢ! તને ભાન દિસે નહીં:
મુગ્ધ ! શું સમજે છે તું શબ્દબ્રહ્મ બધા મહીં?

કોણ જાણે ફૂટું ફૂટું થઈ રહેલું કિશોરીનું યૌવન મને મુગ્ધ કરતું હશે ? મુગ્ધા, મધ્યા ને પ્રૌઢાના નાયિકા-ભેદ તો, પરણ્યા પછી જાણ્યા પણ આજે ૮૫ વર્ષે પણ મારી એ મુગ્ધ માન્યતા મને મૂંઝવે છે!

(૩) કવિવર રવીન્દ્રનાથની શિક્ષણસંસ્થા 'શાંતિનિકેતન'માં શિક્ષા-દીક્ષા પામેલા, થામણાના શ્રી ઉમેદભાઈ આર. પટેલ, ધોરણ પાંચમામાં અમને 'કાન્ત'નું 'વસંતવિજય' ખંડકાવ્ય શિખવે. વાનપ્રસ્થાશ્રમમાં રાજા પાંડુ, એની બંને પત્નીઓ કુન્તા ને માદ્રી સાથે ગિરિના કોઈ પ્રાંતમાં નિવસે છે. કોઈ કારણસર કુન્તા બહાર ગયેલ ને માદ્રી એકલી જ હતી...ત્યારે રાજા પાંડુ એને કહે છે:-

'નથી શું કુંતાજી ? નહિ અરર આંહી રહી શકે
પ્રિયે, તું એકાકી ? સ્વજન વિણ વૃત્તિ કર ભટકે?'

હવે અમારા શિક્ષક આ પંક્તિ જ્યારે બોલે :

'પ્રિયે, તું એકાકી' ત્યારે મને એકાકી-એકલીને બદલે 'પ્રિયે, તું યેકાકી', 'એ' ને બદલે 'યે' સંભળાય ને સમજાય નહીં કે પ્રિયા કાકી શી રીતે હોઈ શકે ? છંદની દૃષ્ટિએ યતિભંગ થતો હોય એવું લાગે છે. બોલતાં 'એકાકી' જ સંભળાય.

મેં તને મારી 'અજ્ઞતા'ને કારણે અર્થનો આવો બફાટ કર્યો પણ ઘણાં સુજ્ઞ ભાવિકો કવિ સુંદરમની આ પંક્તિનો કેવળ માર્મિક અર્થ કરે છે ! કવિની મૂળ પ્રખ્યાત પંક્તિ છે :

'હું માનવી, માનવ થાઉં, તો ઘણું',

હવે, કેટલાક અનભિજ્ઞ એને આ રીતે સમજે છે : 'હું મા નવી, મા નવ થાઉં તો ઘણું'

માનવી અને 'માનવ' શબ્દની તોડફોડ કરીને કોઈ અર્વાચીનાના મનોગતને જાણે કે વ્યક્ત કરતા ન હોય અને 'નવ'નો અર્થ 'ના' કે 'નવીન'ને બદલે સંખ્યાવાચક નવ (Nine) કરીએ તો ? રાજાના દરબારમાં એક નર્તકીએ કવિ સિવાય સર્વેને પાનનાં બીડાં આપ્યાં. આથી અપમાનિત કવિ ઉશ્કેરાઈ જઈ બોલ્યા :

'કોઈ ન ખાશો, એરંડાનાં પાન'... આ પાન, અસલી પાન નથી પણ એરંડો કહેતાં દીવેલના પાન છે...તો ખબરદાર કોઈ ખાતા નહીં...પણ કવિ દલપતે એ પંક્તિને આ રીતે ધ્વનિત કરી છે :

'કોઈ ન ખાશો એ રંડાનાં પાન',

કોઈ કહી શકે એમ છે કે 'સુંદરમ'ના સમયમાં પણ દલપતરામ જીવંત નથી ?

પૂર્વાવસ્થાના કવિ 'કાન્ત' નાસ્તિક નહીં તો અજ્ઞેયવાદી તો ખરા. એમનાં પરલક્ષી ખંડકાવ્યોમાં એ અજ્ઞેયવાદની છાયા વરતાય છે. સ્વીડનબોર્ગીય વિચારણાના સ્વીકાર બાદના 'કાન્ત' આસ્તિક લાગે છે. એમના સુંદર-સફળ ખંડકાવ્ય 'ચક્રવાક મિથુન'માં, પૂર્વાવસ્થાના અજ્ઞેયવાદી 'કાન્ત', એક પંક્તિમાં, કેવળ એક જ અક્ષરના ફેરફારથી ઉત્તરાવસ્થાની આસ્તિક વિચારસરણીને વ્યક્ત કરી છે..કોઈ વિરલ ચિત્રકાર પીંછીના કેવળ એક જ લસરકાથી 'મુગ્ધા'ની પ્રૌઢા બનાવી દે એ રીતે.

મૂળની પંક્તિ આ પ્રમાણે છે:-

'કહિં જ ચેતન એક દિસે નહીં'...મતલબ કે ચક્રવાક-યુગલે, સંયોગની સ્થિતિને વધુ સમય માટે ટકાવવા અમિત અવકાશમાં ઊંચે ને ઊંચે ઉડ્ડયન કર્યું જેથી સૂર્યપ્રકાશદર્શન શક્ય બને પણ કવિ કહે છે કે: 'કહિં જ'-ક્યાંય પણ ચેતનનો, પ્રકાશનો અણસાર વરતાયો નહીં...આસ્તિક બન્યા બાદ એમણે પૂર્વોક્ત પંક્તિને આ રીતે ફેરવી: કયહિં અચેતન એક દિસે નહીં.'

મતલબ કે ક્યાંય અચેતન...જડતા જોવા મળ્યાં નહીં ! સર્વત્ર ચૈતન્યનો સાગર છલકાતો દીઠો. કેવળ 'જ' અને 'અ'ના ફેરફારથી માન્યતામાં આમૂલ પરિવર્તન ! ખંડકાવ્યના સમગ્ર 'સ્પીરીટ' સાથે આ ફેરફાર બંધબેસતો નથી ને કલાની દૃષ્ટિએ પણ ઉચિત લાગતો નથી. કોઈ નાસ્તિક બોલે 'God is

nowhere' અને પછી where ને ડબલ્યૂ, no સાથે જોડી દે તો થાય 'God is now here'. નાસ્તિકમાંથી આસ્તિક ! કવિ કાન્તે એવું જ કર્યું છે.

યોગ્ય શબ્દોનો યોગ્ય સ્થળે યોગ્ય ઉપયોગ નહીં કરવાથી કેવા ગોટાળા થાય છે એના સાચા બનેલા બે-ત્રણ દાખલા આપીશ. ગોધરાની એક કૉલેજમાંથી બે પ્રોફેસરો છૂટા થયા. એમના વિદાય-સમારંભ ટાણે એક પ્રોફેસર સાહેબ બોલ્યા : 'ડૉ. દવે સાહેબ તો વડોદરાની મ.સ.યુનિ. જેવા વિશાળ વિદ્યાધામમાં જાય છે એ ખુશીની વાત છે, પણ પટેલ સાહેબ સ્વધામમાં જાય છે.' વસ્તુત: પટેલ સાહેબ એમના વતન આણંદમાં જતા હતા. સ્વધામ શબ્દના અનુચિત પ્રયોગથી સભામાં હસાહસ થઈ. મહારાજા સયાજીરાવ ગાયકવાડ એકવાર પાટણ ગયેલા. પાટણના એક દાનવીરે મહારાજા સાહેબને બિરદાવતાં કહ્યું; 'મર્હૂમ મહારાજા સાહેબ પાટણમાં પધાર્યા છે એ આપણો માટે ધન્ય પ્રસંગ છે.' શેઠને 'મર્હૂમ' એ પરમગુણવાચક વિશેષણ લાગ્યું હશે. અમદાવાદમાં કવિવર ન્હાનાલાલને સન્માનવા માટેની એક જાહેરસભામાં એક વક્તાએ કવિપત્ની માણેકબા માટે 'ગંગાસ્વરૂપ માણેકબા' શબ્દ-પ્રયોગ કરેલો એમ સમજીને કે 'ગંગાસ્વરૂપ' એ ગુણવિશેષણ ગંગા-સમોવડુ પવિત્ર હશે ! મારા પરમ સુહૃદ ડૉ. ભોગીલાલ સાંડેસરાએ એક વિષયનાં અનેક 'ઇન્ટરવ્યૂ' સત્વરે પતાવીને રીપોર્ટ અધિકારીને આપી દીધો. પ્રસન્ન થયેલા અધિકારી ઉવાચ: 'જુઓ, આ રીઢા વિદ્વાને એમનો અહેવાલ કેટલી ઝડપથી આપી દીધો ?' 'રીઢા' શબ્દથી એમને અભિપ્રેત હતું...પીઢ-પ્રૌઢ-પાકટ (મેચ્યોર) પણ મોટે ભાગે ગુનેગારો માટે વપરાતો શબ્દ પીઢ સાક્ષર માટે વાપરી દીધો! મૃતકની પુણ્યતિથિ નિમિત્તે વપરાતા સંવત્સરી શબ્દની પણ ઘણા અવદશા કરી નાખતા હોય છે-આનંદપ્રદ પ્રસંગના સંદર્ભમાં પ્રયોજીને. એક ગુજરાતખ્યાત લેખક મારે ઘરે પધાર્યા: કલાકેક ગપ્પા માર્યા બાદ છૂટા પડતાં કહે: 'અનામી ! હવે આપણે ક્યારે મરીશું ?' ચરોતરના કેટલાક લોકો 'ળ'ને બદલે એ 'ર' જ બોલે. એમને અભિપ્રેત હતું: 'when shall we meet again?' પણ 'ળ'ને બદલે 'ર' બોલતાં 'when shall we die?' થાય. મળવાને બદલે અલવિદા !

## (૨)

## અવળી ગતિ-મતિ

મિસ્ટર જે. સી. આમેન, વીસમી સદીની શરૂઆતમાં લાહોરની સરકારી કૉલેજમાં નેચરલ સાયન્સના પ્રોફેસર હતા. તેમણે હિંદુસ્તાનમાં ફરીને તેમજ કેટલોક સમય હિમાલયમાં રહીનો અનુભવરૂપે એક પુસ્તક લખ્યું છે જેનું નામ છે : 'Ascetics and saints of India' હિંદુસ્તાનના યોગી–સંન્યાસી અને સાધુઓ. આ પુસ્તકમાં એમણે એક એવું વાહિયાત વિધાન કર્યું છે જે આ પ્રમાણે છે: 'એમના (હિંદુસ્તાનના) શાસ્ત્રકારે ચાર આશ્રમ બાંધ્યા એમાં પહેલો ભીખનો અને છેલ્લો સંસાર છોડી જતા રહેવાનો.' આપણા ચાર આશ્રમોની પૂર્વભૂમિકા, શાસ્ત્રીયતા અને ગરિમાને સમજવા માટે મિસ્ટર ઓમનને કોઈ આર્ય સન્નારીની કૂખે જન્મ લેવો પડે ! આજથી લગભગ સો વર્ષ પૂર્વે આપણા પહેલા ને ચોથા બ્રહ્મચર્યાશ્રમ ને સંન્યસ્તાશ્રમ સંબંધે એક વિદેશી પ્રોફેસરની કેવી સમજણ ને વિભાવના હતી તે જાણીને આપણને આશ્ચર્ય ને દુ:ખની લાગણી થાય છે. એમના અધકચરા, સમજણ વિનાના વિધાન માટે દયા પણ આવે છે. બ્રહ્મચારી-બટુકની ભિક્ષા-માધુકરીને ભીખ સમજનાર અને ધર્મસાધના તથા બ્રહ્મની ઉપાસના કાજે સંન્યસ્ત-સ્વીકારને હારણદશા-પલાયનવૃત્તિ સમજનારની સમજણ માટે આપણે શું સમજવું ?

જીવ-જીવન, જગત અને જગન્નાથ સંબંધે ઊંડાણ અને વિસ્તારી જેટલો વિચાર ભારતના સાચા ઋષિ-મુનિઓએ કર્યો છે તેટલો કદાચ વિશ્વના ઈતિહાસમાં કોઈએ કર્યો નહીં હોય. મિસ્ટર ઓમનને ભેટેલા યોગી-સંન્યાસી-સાધુઓ કાં તો લે-ભાગુ હશે યા મિસ્ટર ઓમન એમને સાચા પરિપ્રેક્ષમાં સમજી શક્યા નહીં હોય ! મર્યાદિત ને પૂર્વગ્રહથી મિશ્રિત અનુભવના પાયા પર આવાં અધકચરાં વિધાનો થાય તો નવાઈ નહીં.

દ્વિતીય ને તૃતીય આશ્રમો-ગૃહસ્થાશ્રમ ને વાનપ્રસ્થાશ્રમ કરતાં પ્રથમ અને ચોથા આશ્રમોનું મૂલ્ય ઘણું મોટું છે. પ્રથમ સદ્ધર પાયો છે ને અંતિમ ઉન્નત શિખર. નક્કર પાયાની ને ઉન્નત શિખરની પાયાની વાત મિસ્ટર ઓમનને કેમ સમજાય ? મિથ્યાવાદી મિસ્ટર ઓમનને સાચો ને સચોટ જવાબ કદાચ ટાગોરનું આ અવતરણ આપી શકે. 'ભારત પથિક રામમોહનરાય' નામના ચરિત્ર-લેખમાં ટાગોર લખે છે: 'બ્રહ્મ આખા જગતનો ઈશ્વર છે, પરંતુ ખાસ કરીને તે ભારત વર્ષનો બ્રહ્મ છે. બીજા કોઈ દેશના લોકો તેને બ્રહ્મ તરીકે ઓળખતા નથી. બ્રહ્મ શબ્દથી તે રૂપે ને ભાવે પરદેશીઓ ઈશ્વરને બીજા કોઈપણ પરદેશી નામે, કદી પણ ઓળખતા નથી. ઓળખે કે ન ઓળખે પણ 'બ્રહ્મ' શબ્દથી આપણા મનમાં જે ભાવનો ઉદય થશે, તે ભાવનો ઉદય ઇશ્વર માટે વપરાતા બીજા કોઈપણ પરદેશી શબ્દથી આપણા મનમાં કદી થવાનો નથી. બ્રહ્મ આપણા પૂર્વજોની અનેક સાધનાનું ધન છે-આખા સંસારનો ત્યાગ કરી જીવન પર્યંત, એકાન્ત અરણ્યમાં ધ્યાનધારણા કરીને આપણા ઋષિઓએ આપણાં બ્રહ્મની પ્રાપ્તિ કરી હતી. આપણે તેમની આધ્યાત્મિક સંપત્તિના વારસ છીએ. બીજી કોઈ જાતિએ આવી સાધના કરી નથી કે આવી પરિસ્થિતિ અનુભવી નથી, એટલે બ્રહ્મની પ્રાપ્તિ કરી નથી. દરેક જાતિ પોતપોતાની વિશિષ્ટ સાધના અનુસાર વિશિષ્ટ ફળ પ્રાપ્ત કરે છે, અને તે ફળનું બીજી જાતિને દાન કરે છે. આવી રીતે આખી દુનિયા પર ઉપકાર થાય છે. આપણી આટઆટલી સાધનાનું ફળ શું આપણે જાણી જોઈને બેપરવા બની ફેંકી દઈશું ?' મિસ્ટર ઓમન, આપણા ચોથા આશ્રમને 'સંસાર છોડી જતા રહેવાનો' જણાવે છે તેનો ઉદાત્ત આશય તો આવો છે. એમાં કાયરતા, હારણદશા કે ભાગેડુવૃત્તિને સ્થાન નથી.

આપણા રાષ્ટ્રકવિ કાલિદાસના મહાકાવ્ય 'રઘુવંશ'માં પણ આપણા આચાર આશ્રમોના આત્માની અભિવ્યક્તિ આ પ્રમાણે થયેલી જોવા મળે છે. ભૂમિકામાં તેઓ કહે છે : 'જેઓ (રઘુવંશી રાજાઓ) જન્મ સુધી શુદ્ધ રહેતા, ફુલપ્રાપ્તિ સુધી કાર્ય કરતા, સમુદ્ર સુધી શુદ્ધ રહેતા, ફુલપ્રાપ્તિ સુધી કાર્ય કરતા, સમુદ્ર સુધી જેમનું રાજ્ય હતું અને સ્વર્ગ સુધી જેમના રથનો માર્ગ હતો, જેઓ યથાવિધિ યજ્ઞમાં આહુતિ આપતા, જેઓ માગણોની ભીડ યથાકામ ટાળતા, જેઓ અપરાધ પ્રમાણે દંડ દેતા, અને યથાકાલે જેઓ જાગતા, જેઓ ત્યાગ માટે જ અર્થનો સંચય કરતા, જેઓ સત્યને માટે મિતભાષી હતા, જેઓ યશ માટે જ વિજયની ઇચ્છા રાખતા, અને સંતાન પ્રાપ્તિ માટે જેઓ દારગ્રહણ કરતા; બાળપણમાં જેઓ વિદ્યાભ્યાસ કરતા, (બ્રહ્મચર્યાશ્રમ) યૌવનમાં જેઓ વિષય સેવન કરતા, (ગૃહસ્થાશ્રમ) વૃદ્ધાવસ્થામાં તેઓ મુનિવૃત્તિ ધારણ કરતા (વાનપ્રસ્થાશ્રમ), અને યોગથી જેઓ દેહ ત્યજતા-હું વાક્યપદમાં દરિદ્ર હોવા છતાં એવા રઘુરાજાઓના વંશનું વર્ણન કરીશ, કારણ તેમના ગુણોએ મારા મનમાં પેસીને મને ચંચલ બનાવી મૂક્યો છે.' ચંચલ તો મિસ્ટર ઓમન પણ બની ગયા છે, કિન્તુ વિપરીત રીતે !

આમ, લગભગ ચાર હજાર વર્ષો પુરાણી આપણી આ આશ્રમ-પ્રણાલિ-પરંપરાના આત્માનો ધબકાર અઢી હજાર વર્ષો વીત્યા બાદ પણ મહાકવિ કાલિદાસના મહાકાવ્યમાં સ્પષ્ટ સંભળાય છે. કાલિદાસ પછીનાં દોઢ હજાર વર્ષોમાં આપણી આ આશ્રમપ્રથા-પરંપરાની શી સ્થિતિ થઈ છે તે આપણે સારી રીતે જાણીએ છીએ. હાથે કંકણ ને અરીસામાં શું જોવું ?

❖❖❖

# ગુણસ્થાનકો અને તેમાં મિથ્યાત્વ અને મોહનીય કર્મ

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

ગુણસ્થાનકો ૧૪ છે. તે ક્રમિક રીતે ઉપર ને ઉપર ચઢી શકાય તેવી એક સીડી જેવાં છે. આત્માને આધ્યાત્મિક વિકાસક્રમમાં ચડવાની ભૂમિકાઓ, કક્ષાઓ તે ગુણસ્થાનકો છે. ગુણસ્થાનક=ગુણની કક્ષા. આ સીડીને ગુણસ્થાનક, ગુણસ્થાન, ગુણઠાણ, કે ગુણસ્થઠાણં તરીકે ઓળખવામાં આવે છે. અહીં ગુણ એટલે મિથ્યાત્વની મંદતા, કષાયનિગ્રહ, સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ આત્મગુણો અને કક્ષા અથવા સ્થાન એટલે તે ગુણોની આપેક્ષિક શુદ્ધતાની તરતમભાવવાળી અવસ્થાઓ. આત્માના સહજ ગુણો વિવિધ આવરણોથી સંસારદશામાં આવૃત થયેલા છે. આ આવરણોના હ્રાસ કે ક્ષયનું પ્રમાણ જેટલું વિશેષ, તેટલી ગુણોની પ્રગટતા સવિશેષ, અને આવરણોનો હ્રાસ કે ક્ષયનું પ્રમાણ જેટલું ઓછું, તેટલી ગુણોની પ્રગટતા ઓછી. જીવ જેમ જેમ ગુણસ્થાનકે આગળ વધે, તેમ તેમ પૂર્વોક્ત કર્મ-પ્રકૃતિઓનો બંધ, ઉદય, સંક્રમણાદિમાં હ્રાસ થતો આવે છે.

ગુણસ્થાનોનું વિભાગીકરણ મુખ્યતયા મોહનીય કર્મની વિરલતા, ઓછાશ, ઉપશમ કે ક્ષયના આધારે કરવામાં આવ્યું છે. મોહનીય કર્મની મુખ્ય બે પ્રકૃતિઓ-દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. એમાં દર્શનમોહનીયનું કાર્ય આત્માના સમ્યકત્વગુણને આવૃત કરવાનું છે, જેથી આત્મામાં તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થવા પામતું નથી. જ્યારે ચારિત્ર-મોહનીયનું કાર્ય આત્માના ચારિત્રગુણને ઢાંકવાનું છે. જેથી આત્માને તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થયું પણ હોય, છતાં પણ તદનુસાર સ્વરૂપલાભ, સન્મુખ પ્રવૃત્તિ, સાચી સમજદારી થઈ શકતી નથી. જ્યાં સુધી દર્શનમોહનીયની વિરલતા કે ક્ષય ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનીયનું બળ ઘટતું નથી. તેથી પ્રથમ ચાર ગુણઠાણાં દર્શનમોહનીયની વિરલતા, ઉપશમ કે ક્ષયને આધારે છે. ત્યાર પછીના ગુણસ્થાનકો ચારિત્રમોહનીયની વિરલતા, ઉપશમ કે ક્ષયની મુખ્યતયા છે. જેમકે ૫ થી ૭મા ગુણઠાણાં ચારિત્રમોહનીયના ક્ષયોપશમને આધારે છે. ૮મા, ૯મા, ૧૦મા ગુણઠાણાં ચારિત્રમોહનીયના કેવળ ઉપશમ કે ક્ષયની મુખ્યતાએ છે. ૧૧મું ગુણઠાણું ચારિત્રમોહનીયના માત્ર ઉપશમની અપેક્ષાએ છે. જ્યારે ૧૧ થી ઉપરના ગુણઠાણાં મોહનીયાદિના ક્ષયને આશ્રીને છે. ૧૧મું ગુણઠાણું ચારિત્રમોહનીયના માત્ર ઉપશમની અપેક્ષાએ છે. જ્યારે ૧૧ થી ઉપરના ગુણઠાણાઓ મોહનીયાદિના ક્ષયને આશ્રીને છે. આથી જ ગુણસ્થાનોનું વિભાગીકરણ મોહનીયકર્મના તરતમભાવને આધારે કરવામાં આવ્યું છે.

૧૪ ગુણસ્થાનોનાં નામ આ પ્રમાણે છે. ૧. મિથ્યાત્વ, ૨. સાસ્વાદન, ૩. મિશ્ર, ૪. અવિરત સમ્યગ્દૃષ્ટિ, ૫. દેશવિરતિ, ૬. સર્વવિરતિ (પ્રમત્ત), ૭. અપ્રમત્ત, ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃત્તિબાદર, ૧૦. સૂક્ષ્મ સંપરાય, ૧૧. ઉપશાંતમોહ, ૧૨. ક્ષીણમોહ, ૧૩. સયોગી કેવલી, ૧૪. અયોગી કેવલી.

મિથ્યાત્વ એ દોષ રૂપ હોવા છતાં, ૧. જીવની નીચામાં નીચી કક્ષા બતાવવાની અપેક્ષાએ, ૨. મિથ્યાત્વ હ્રાસ પામ્યું હોય ત્યારે પ્રગટ થતા પ્રાથમિક ગુણની અપેક્ષાએ, અત્ર મિથ્યાત્વ અવસ્થાને પ્રથમ ગુણસ્થાનક તરીકે કહેવાયું છે. આમાં અપેક્ષા વિશેષે બધા જ એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞિ પંચેન્દ્રિય સુધીના જીવો, તથા ભવાભિનંદી કે પુદ્ગલરસિક સંજ્ઞિ પંચેન્દ્રિય જીવો આવે.

સાસ્વાદન ગુણસ્થાનક પ્રથમ ગુણસ્થાનક કરતાં વિકાસવાળું છે કે તેમાં મિથ્યાત્વદોષ ઉદયમાં નથી. છતાં અહીં પહેલા ગુણસ્થાનકેથી ચઢીને નથી અવાતું. પરંતુ ઉપશમસમ્યક્ત્વી ૪થા ગુણસ્થાનકેથી પડતાં અહીં આવે છે. જીવ જ્યારે સમ્યક્ત્વાવસ્થામાંથી ઢીલો પડે અને અનંતાનુબંધી કષાયો ઉદયમાં વર્તે ત્યારે આ કષાયો સમ્યક્ત્વઘાતક હોવાથી સમ્યક્ત્વગુણ નાશ પામે છે. હજી મિથ્યાત્વ ઉદયમાં નથી આવ્યું તેથી જીવ ચોથેથી પડતાં પહેલે ગુણઠાણે ન જતાં બીજે સાસ્વાદન ગુણઠાણે આવે છે. ઊલટી કરી નાખવાની જેમ સમ્યક્ત્વનું કંઇક લેશ આસ્વાદન કરે છે તેથી આને સાસ્વાદન કહે છે. આ અવસ્થા વધુમાં વધુ ૬ આવલિકા ટકે છે. કેમકે અનંતાનુબંધી કષાય મિથ્યાત્વને ખેંચી લાવે છે તેથી જીવ પડીને પહેલા ગુણસ્થાનકે જતો રહે છે.

પહેલા ગુણસ્થાનકવાળો જીવ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય બંનેને રોકે અને મિશ્ર મોહનીયનું વેદન કરે ત્યારે ત્રીજું મિશ્ર-ગુણસ્થાનક પામે છે. ચોથા ગુણવાળો સમ્યક્ત્વ ગુમાવીને મિશ્રમોહ અનુભવે ત્યારે અહીં આવે છે. જેવી રીતે નાળિયેરી દ્વીપના વાસીને બીજાં અન્ન પર રુચિ-અરુચિ કાંઈ નહીં માત્ર નાળિયેરનો ખોરાક પસંદ પડે તેમ જીવને તત્ત્વ પર રુચિ-અરુચિ કંઇ નહીં, મિથ્યાત્વ પર પણ રુચિ નહિ, કિંતુ વચલો મિશ્રભાવ હોય.

અવિરત-સમ્યગ્દષ્ટિ ઉપરોક્ત મિથ્યાત્વ, અનંતાનુબંધી તથા મિશ્રમોહને રોકે, સમ્યક્ત્વ ગુણ પામે, વ્રત નહિ ત્યારે આ ગુણઠાણે અવાય છે.

વિશિષ્ટ શુભ અધ્યવસાયના બળે મિથ્યાત્વકર્મનો તદ્દન ઉપશમ કરાય અંતર્મુહૂર્ત કાળ માટે. આ કર્મને આગળ પાછળ ઉદયવશ કરીને તેટલો કાળ મિથ્યાત્વને સર્વથા ઉદયવિહીન કરી દેવાય ત્યારે ઉપશમ સમ્યક્ત્વ પમાય. મિથ્યાત્વના દળિયાનું સંશોધન કરી અશુદ્ધ અને અર્ધશુદ્ધ દળિયાના ઉદયને રોકી શુદ્ધ દળિયાનો ઉદય ભોગવાય ત્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વ પમાય. સમસ્ત શુદ્ધ-અર્ધશુદ્ધ-અશુદ્ધ મિથ્યાત્વકર્મના પુદ્ગલોનો, અનંતાનુબંધી કષાયોનો નાશ કરાય ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ પમાય. અહિંસાદિ પાપકર્મોના ત્યાગની પ્રતિજ્ઞા નથી, વિરતિ નથી માટે તે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણું છે. તેઓને જિનોક્ત નવતત્ત્વ, મોક્ષમાર્ગ, અરિહંત દેવ, નિર્ગ્રંથમુનિ, જિનોક્ત ધર્મ પર જ એકમાત્ર શ્રદ્ધા હોય.

સમ્યક્ત્વ પામ્યા પછી હિંસા-જૂઠાદિ પાપોની ત્યાજ્યતા સમજી આંશિક ત્યાગની પ્રતિજ્ઞા કરે ત્યારે આંશિક પાપો ત્યાજ્ય છે, પ્રતિજ્ઞાપૂર્વક તેવું કરાય ત્યારે એ અંશે વિરતિ અર્થાત્ દેશવિરતિ શ્રાવકનું પાંચમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય, જે અપ્રત્યાખ્યાનીય કષાયોના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય.

છઠ્ઠું પ્રમત્ત (સર્વવિરતિ) ગુણસ્થાનક વૈરાગ્ય ભરપૂર થઈ વીર્યોલ્લાસ વિકસતાં પ્રત્યાખ્યાનીય કષાયોના ક્ષયોપશમથી હિંસાદિ પાપોનો સર્વાંશે સૂક્ષ્મ રીતે પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરાય ત્યારે સાધુનું સર્વવિરતિ ગુણસ્થાનક આવ્યું ગણાય. હજી જીવને ભ્રમ, વિસ્મૃતિ, રાગાદિ પ્રમાદ નડે છે તેથી પ્રમત્ત અવસ્થા હોવાથી તેને પ્રમત્ત ગુણસ્થાનક કહે છે.

છઠ્ઠા ગુણસ્થાનકથી જ્યારે પ્રમાદનો ત્યાગ થાય ત્યારે જીવ ૭મા ગુણ ઠાણે અપ્રમત્ત ગુણઠાણે અવાય છે. મોહનીય સમ્રાટના સાગરિતો જેવાં કે ભ્રમ, વિસ્મૃતિ, પ્રમાદ, આળસાદિનો ત્યાગ કરાય ત્યારે આ

પ્રમાદો એવા છે કે પ્રયત્નથી ટાળવા છતાં પણ આ નાજુક પ્રમાદો ગમે ત્યારે માથું ઊંચું કરે છે. તેથી આ ૭મું ગુણઠાણું અંતર્મુહૂર્તથી વધુ ટકી ન શકે. છટ્ઠેથી ૭મે અને ૭મેથી છટ્ઠે એમ હિંચકાની જેમ આમથી તેમ ઘૂમ્યા જ કરે. ઉપર ચડે, નીચે પડે એમ પ્રમાદની સાથે સતત લડાઈ લડવી રહી. જો અપ્રમત્ત બનવાનું બળ વિકસતું આગળ વધે જ જાય તો પડવાને બદલે ૮મે ચઢે છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદની ચોકડીના ઉદય ટાળવાથી ૭મે અવાયું. હવે સંજવલન કષાયનો રસ મંદ કરાય અને પાંચ અપૂર્વ જેવાં કે અપૂર્વ સ્થિતિઘાત, અપૂર્વ રસઘાત, અપૂર્વ અસંખ્ય ગુણસંક્રમણથી ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય થકી ગુણશ્રેણિ, અપૂર્વ ગુણસંક્રમણ, અને અપૂર્વ સ્થિતિબંધ એ પાંચ અપૂર્વ સધાતા જીવની પ્રત્યેક સમયે અધ્યવસાયમાં તરતમતા (નિવૃત્તિ) રહેવાથી આને નિવૃત્તિ બાદરગુણસ્થાનક પણ કહેવાય છે. અહીં ૮મે ગુણસ્થાનકે ખાસ કરીને મોહનીયકર્મનો ઉપશમ કરનારી ઉપશમ શ્રેણિ, અથવા ક્ષય કરનારી ક્ષપકશ્રેણિએ ચઢાવનાર અદ્ભુત ધ્યાનમાં લીન બનાય છે.

૮માના અંતે સૂક્ષ્મ હાસ્ય મોહનીયાદિ કર્મને સર્વથા ક્ષીણ કે ઉપશાન્ત કરી દે છે, શુભ ભાવમાં આગળ વધતાં ૯મે અનિવૃત્તિ બાદર ગુણઠાણે અવાય છે. અહીં એક સાથે પ્રવેશ કરનાર અનેક જીવોના આંતરિક ભાવ આખા ગુણઠાણા કાળમાં સરખી કક્ષાએ આગળ વધે છે જેથી તફાવત કે તરતમતા હોતી નથી. આથી આને અનિવૃત્તિ બાદર ગુણઠાણું કહેવાય છે. બાદર એ રીતે કે અહીં સ્થૂળ કષાય ઉદયમાં હોય છે.

આ બાદર કષાયને સર્વથા ઉપશમાવી યા ક્ષીણ કરી દઇને હવે સંપરાય એટલે કષાય તે પણ માત્ર લોભ (રાગ) સૂક્ષ્મ કોટિનો ઉદયમાં રહે છે ત્યારે ૧૦મા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે અવાય છે.

ઉપશાંત મોહ ગુણસ્થાનકે ઉક્ત સૂક્ષ્મ લોભને પણ તદ્દન શાંત કરી દેવાય ત્યારે વીતરાગદશાના આ ગુણ સ્થાનકે અવાય છે. મોહનીયકર્મ ઉપશાંત કર્યા તેથી તેના તત્કાલીન ઉદયને રોક્યો; પરંતુ તે માત્ર અંતર્મુહૂર્ત પૂરતો. તે સીલકમાં પડેલા જ છે. તેથી ઉદયમાં આવતાં જીવને નીચેના ગુણઠાણે ઘસડી જાય છે. અહીં ઉપશાંત થવાથી જે વીતરાગ દશા પ્રાપ્ત થઈ હતી અને યથાખ્યાત ચારિત્ર મળ્યું હતું તે લુપ્ત થઈ જાય છે.

જેમણે મોહનીય કર્મની ઉપશમતા કરતા રહેવાનું કર્યું તે તો ૧૧મું ગુણઠાણું પામે; પરંતુ જેમણે પ્રથમથી જ ક્ષપણા (ક્ષય) કરવા માંડી તે ૧૦માને અંતે મોહ સર્વથા ક્ષય થઈ જતાં તરત જ ૧૨મે આવી ક્ષીણમોહ વીતરાગ બને છે. હજી અહીં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય-અંતરાય નામના ઘાતીકર્મો ઉદયમાં વર્તે છે તેથી સર્વજ્ઞ નથી બની શકાયું.

બારમાના અંતે સમસ્ત ઘાતીકર્મોનો નાશ કરે ત્યારે જીવ અહીં કેવળજ્ઞાન, કેવળદર્શન પામે છે. સમસ્ત ત્રણે કાળના ભાવોને જુએ છે. અહીં હજી ઉપદેશ, વિહાર, આહારાદિ ગ્રહણાદિ પ્રવૃત્તિઓ ચાલુ છે. મન-વચન-કાયાના ત્રણે યોગો (અમુક પરિસ્થિતિમાં મનયોગ) હોવાથી સયોગી કેવલી કહેવાય છે. ૧૧-૧૨-૧૩મે ગુણસ્થાનકે યોગ નામનો આશ્રવ બાકી છે. અહીં માત્ર શાતાવેદનીય કર્મ બાંધે છે. મોક્ષે જવાની તૈયારી થતાં શુક્લધ્યાનના ત્રીજા-ચોથા પ્રકાર વડે સમસ્ત બાદર અને સૂક્ષ્મ મન-વચન-કાયાના યોગોને પણ તે અટકાવે છે.

૧૪મે ગુણસ્થાનકે અયોગી કેવળી ગુણઠાણે આવે છે. ૧૩માને અંતે સર્વ યોગોને સર્વથા અટકાવી દે છે ત્યારે આત્મ-પ્રદેશ જે પૂર્વે કંપનશીલ હતા તે હવે સ્થિર-શૈલેશ-મેરુ જેવા બની જાય છે જેને શૈલેશીકરણ કહેવાય છે. અહીં ૧૪મે અ-ઇ-ઉ-ઋ-લૃ એ પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચારણ જેટલો કાળે ટકે છે.

એમાં સમસ્ત અઘાતી કર્મોનો નાશ કરી, અંતે સર્વ કર્મરહિત બની શુદ્ધ, અનંત-જ્ઞાન-દર્શન-સુખમય બની મોક્ષે જીવ સીધાવે છે. એક જ સમયમાં ૧૪ રાજલોકના મથાળે સિદ્ધશિલાની ઉપર શાશ્વત કાળ માટે સ્થિર થાય છે.

આ રીતે ૧૪ ગુણસ્થાનકના ક્રમે ચડી મોક્ષ પામેલાને પરંપરાગત કહેવાય છે. વ્યવહારથી શ્રાવિકા અને શ્રાવકો ચોથે-પાંચમે ગુણસ્થાનકે ગણાય, અને સાધુ-સાધ્વીઓ છટ્ઠે-સાતમે ગુણસ્થાનકે ગણાય; પરંતુ હૈયામાં તે તે ગુણસ્થાનકોના પરિણામો ન હોય અને મિથ્યાત્વનો ઉદય ચાલુ રહેતો હોય તો ચોથે, પાંચમે, છટ્ઠે, સાતમે ગણવા માત્રથી શું વળે? ૧૪ ગુણસ્થાનકોમાં નિષ્કર્ષરૂપે જણાવવું હોય તો આ પ્રમાણે કહી શકાય:- મિથ્યાત્વ, મોહનીય અને તેના સાગરિતો (જેવાં કે કષાય, નોકષાય, પ્રમાદ, અવિરતિ વગેરે) જેની ઉપલબ્ધિ છેક ક્ષીણમોહ સુધી પહોંચી છે તે મંદતમ થાય ત્યારે ગાડી સડસડાટ પાટા પર ગતિશીલ થઈ શકે. તે માટે અવ્રતમાંથી વ્રતમાં, પ્રમાદમાંથી અપ્રમાદ, પ્રમત્તમાંથી અપ્રમત્ત, ઇન્દ્રિય નિગ્રહ થકી કષાયોની કમર તૂટવાથી સુપુરુષાર્થ કરી હરણફાળે ગતિમાં આવી શકાશે. તે માટે અવિરતિમાંથી વિરતિ, ત્યાંથી સર્વવિરતિ, પછી પ્રમત્તને ત્યજી અપ્રમત્ત અને ત્યારબાદ અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ. સમકિતી બનતાં સંસાર અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો અવશિષ્ટ રહે ને ? પરંતુ સાંસારિક આધિ-વ્યાધિ-ઉપાધિનો ભાર વહન કરે તેવો પુત્ર હોવા છતાં પણ સંસાર છોડવા જેવો છે તેવું ન લાગે, સંસાર માટેની આસક્તિ જરા પણ ઓછી ન થતી હોય તો કલ્પના કરવી રહી કે જોરદાર મિથ્યાત્વ અને અનંતાનુબંધી વગેરે કષાયો હજી બેઠાં છે.

૧૪ ગુણસ્થાનકની સીડી ચઢવા માટેનાં કેટલાંક પગથિયાં ચઢીએ. સૌ પ્રથમ મોક્ષરુચિ હોવી જોઇએ; કારણ કે મિથ્યાત્વી જીવો એવું જ્ઞાન ધરાવે, ચારિત્ર પાળે, તપશ્ચર્યાદિ કરે જેના પ્રતાપે નવગ્રૈવેયક સુધી પહોંચી શકે, પરંતુ મિથ્યાત્વને લીધે પૂર્વોનું જ્ઞાન છતાં આગળ ન વધતાં પડે કેમકે ભવાભિનંદી હોવાથી સાંસારિક કામના તથા સ્વર્ગીય સુખોની વાંછના સેવે છે. કરેલું ધૂળધાણી થઈ જાય છે. તેથી આગળ વધવા માટે સંવેગ, નિર્વેદ, મન-વચન-કાયાના ત્રણે યોગોમાં ઔચિત્ય, જે કંઈ આરાધનાદિ કરે તે નિરાશંસભાવે, હાર્દિક ઉલ્લાસપૂર્વક તથા નિર્જરાર્થે કરે જેના ફળ રૂપે સમ્યક્ત્વ કે બોધિની આશા સેવી શકાય. જે કંઈ કરણી કરે તે માત્ર સમકિત, સમકિત પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખે. જેમકે પૂજા, વ્રત, પચ્ચક્ખાણ, ઉપવાસ, સામાયિક, પ્રતિક્રમણાદિ માત્ર સમ્યક્ત્વ મેળવવા માટે જ હોય. કેમકે સમ્યગ્દૃષ્ટિ આત્માઓએ પણ કષાયાદિથી ચેતતા રહેવું જોઇએ, વિરાગમાં ખામી હોવી ન જોઇએ, વિષયસુખ પ્રત્યે સૂગ, ત્યાગ સાથે તપનું આચરણ, વળી જ્ઞાનનો ઘમંડ ન રાખવો કારણ કે ત્યાગી, તપસ્વી સમકૃત્વીનું તે દ્વારા પતન શક્ય છે. પહેલે ગુણસ્થાનકે સર્વ જીવોને કષાયો અનંતાનુબંધી કોટિના જ હોય; જેમાં તીવ્રતાની અને મંદતાની તરતમતા હોય જ. જો તે મંદતાને પામેલા ન હોય તો નવાં સંચિત થનારા જ્ઞાનાવરણીયાદિ કર્મો લઘુ સ્થિતિમાં બને જ કેવી રીતે? કર્મોનો જે સ્થિતિબંધ અને રસબંધ છે તે થવામાં કષાયોનો યોગ પ્રાધાન્ય ભોગવે છે તેથી શ્રી જિનશાસને ઉપદેશેલા શ્રુતચારિત્રધર્મની

દ્રવ્યથી અમુક આરાધના કરનારા એક કોટાકોટિ સાગરોપમથી કંઇક ન્યૂન એવી સ્થિતિ તથા તેથી અધિક સ્થિતિવાળું કર્મ તે જીવો ઉપાર્જતા નથી એમ સિદ્ધ થાય છે.

ઉપર્યુક્ત ગુણધર્મોનો સમુદાય જે ધર્મનો મર્મ આત્મસાત કરે તે પામી શકે, પરંતુ તે ક્યારે ? જે ભવ્ય જીવોનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્તકાળથી વધુ બાકી નથી એટલે કે જીવો ભવ્ય હોઈ ચરમાવર્તને પામેલા છે અને ત્યાં પણ એવી નર્બંધકાવસ્થાએ પહોંચેલા છે તે આના ભાગીદાર થઈ શકે છે. ચરમાવર્તકાળને પામેલા જીવો બે પ્રકારના છે. ૧. સમ્યગ્દર્શન ગુણને પામેલા, ૨. સમ્યગ્દર્શન ગુણને નહિ પામેલા. ચરમાવર્તકાળ પામેલા ભવ્ય જીવોનો સંસારકાળ અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક બાકી હોય તેઓ પણ તે પામી શકતા નથી. તેથી સમ્યગ્દર્શન પામેલા જીવો મિથ્યાદષ્ટિ હોય કે સમ્યગ્દષ્ટિ હોય તેઓ છેવટે એક પુદ્ગલપરાવર્તકાળમાં નિયમા સિદ્ધિપદને એટલે ૧૪ ગુણસ્થાનકોના છેલ્લા પગથિયે પહોંચે જ.

સહસ્રાવધાની આચાર્યદેવ શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજે જયાનંદ કેવળી ચારિત્રમાં ફરમાવ્યું છે કે સિદ્ધપદને પમાડનારી જે સામગ્રી છે, તે પામ્યા વિના ભવ્ય જીવો પણ સિદ્ધપદને પામી શકતા નથી. આ સામગ્રી કઈ ? પરમ ઉપકારી ચરિત્રકાર પરમર્ષિએ ફરમાવ્યું છે કે :- મનુષ્યપણું, આર્યદેશ, શ્રુતિ અને શ્રદ્ધાદિ સામગ્રીમાં ધર્મશ્રદ્ધા જે વિશેષ કરીને સુદુષ્પ્રાપ્ય છે, અતિ દુર્લભ છે કારણ કે મનુષ્યપણાથી માંડી ધર્મશ્રદ્ધાની પ્રાપ્તિ તો અતિશય દુર્લભ છે, કારણ કે મનુષ્યપણાથી ધર્મશ્રવણ સુધીની સામગ્રી તો અભવ્ય જીવો તેમજ દુર્ભવ્યોને પણ પ્રાપ્ત થઈ શકે છે; પરંતુ ધર્મશ્રદ્ધાની પ્રાપ્તિ તો માત્ર ભવ્યાત્માઓને જ થઇ શકે છે અને તે પણ તેવા ભવ્યાત્માઓ કે જેઓનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્તન જેટલા કાળથી અધિક ન જ હોય. વિશેષમાં મોક્ષરુચિ અને મોક્ષાભિલાષ માત્ર ભવ્ય જીવોમાં જ પ્રગટી શકે છે કે જે ભવ્ય જીવો છેવટમાં એક પુદ્ગલ પરાવર્તકાળમાં તો અવશ્ય મુક્તિ પામે જ. તે ગુણધર્મોના અભાવમાં અભવ્ય, દુર્ભવ્ય, જાતિભવ્યો આપોઆપ બાકાત થઈ જાય છે.

૧૪ ગુણસ્થાનકની સીડીના પગથિયાં કોણ, કેમ, ક્યારે ચડી શકે છે તે સંક્ષેપમાં રજુ કરવા પ્રયત્ન કર્યો છે. છેલ્લે આટલું ઉમેરી દઉં કે મોક્ષરુચિ, મોક્ષાભિલાષ તથા મોક્ષમાર્ગની આરાધના એ જ લક્ષ્યથી સીડી સડસડાટ ચઢી જવાશે. લક્ષ્યનું અંતિમ બિંદુ મોક્ષ, મોક્ષ જ હોવો ઘટે ને ?

૧૪ ગુણસ્થાનકોમાં ટોચ પર સિદ્ધશિલા આવેલી છે. ત્યાં જીવો સર્વ કર્મરહિત અવ્યાબાધ સુખ, પૂર્ણ જ્ઞાન, દર્શનાદિના સ્વામી હોય છે. ત્યાંથી ઊલટું પ્રથમ ગુણસ્થાને ગાઢ કર્મો, અજ્ઞાન, મોહાદિની બોલબાલા હોય છે. પ્રથમ ગુણસ્થાને મિથ્યાત્વ-મોહનીય ગાઢથી માંડી મંદ કક્ષાનું હોઇ શકે છે.

આવાં અભવ્યાદિ જીવો ધર્માચરણ કરે છે. પુણ્ય બંધ જરૂર થાય છે પણ તે વખાણવા જેવો નથી કેમકે દેવલોકના સુખો જે ઉપાર્જે; તેઓ દેવગતિમાં ઈન્દ્રપણાને પામે અર્થાત્ નવગ્રૈવેયક સુધી પહોંચી શકે છે. શ્રી જિનશાસને ઉપદેશેલા શ્રુત-ચારિત્રાત્મક ધર્મના દ્રવ્યાચરણ માત્રથી દેવલોકના સુખો વિવેકી જીવને આકર્ષી શકતા નથી. મોક્ષ માટેના ઉપદેશેલા એ અનુષ્ઠાનોનું આટલી હદ સુધીનું આચરણ હોવા છતાં પણ તેવાં જીવોમાં મોક્ષરુચિ અને મોક્ષાભિલાષ જન્મે જ નહીં. જે મિથ્યાત્વમોહનીયના ગાઢપણાનો પ્રતાપ છે, તથા સંસારના સુખની જ ઇચ્છાથી એ ધર્માચરણ કરતી વેળાએ મિથ્યાત્વમોહનીય કર્મ ગાઢ બનતું જાય છે.

તેથી સુખમાં પણ બેચેની, ભોગવવામાં પણ અંતરાય. આવાં જીવો ખુદ ભગવાનાદિ મહાપુરુષોનો યોગ થઈ જાય, તારકોની દેશના સાંભળે પણ સંસારનો રાગ જાય નહિ, મોક્ષનો રાગ પ્રગટે નહિ. શ્રી તીર્થંકરાદિની ઋદ્ધિ-સિદ્ધિને પામવાનું મન થાય. તીર્થંકરાદિકે પ્રરૂપેલાં ધર્મનાં અનુષ્ઠાનો ઉત્કટપણે આચરે, તત્પર બને પણ મોક્ષ પામવાનું મન થાય જ નહિ. મોક્ષસાધક ધર્મને સેવતાં, એ ધર્મને સેવવાનું પૌદ્ગલિક ફળ મેળવવા માટે એ જીવો મોક્ષ પ્રત્યેના દ્વેષને તજે એવું બને, પરંતુ તેઓમાં મોક્ષ પ્રત્યે રાગ તો પ્રગટે જ નહિ. મોક્ષતત્ત્વ જ રુચિકર નીવડે નહિ. જેમ કોઈ રોગી રોગનાશક ઔષધનું સેવન કરે, સાથે સાથે કુપથ્યોનું સેવન કરે તો રોગનાશક ઔષધ પણ બીમાર માટે રોગને વિકરાળ બનાવનારું નીવડે; તેમ ધર્માચરણથી બંધાયેલા શાતાવેદનીયનો એમનો ભોગવટો, મહા અશાતાને પમાડનારી સ્થિતિમાં એ જીવોને મૂકી દે, પરિણામે દેવલોકમાં પણ વસ્તુતઃ સુખાનુભવ નહિ અને પરિણામે મહાદુ:ખને પામે; કેમકે અસંતોષ અને ઇર્ષા આદિથી બેચેની અનુભવ્યા કરે. કેવાં છે ગાઢ મિથ્યાત્વ મોહનીય કર્મના પરિણામો ! મોહનીય કર્મ જે ચાર ઘાતી કર્મોમાં અત્યંત બળવાન છે, જેનાથી આત્માના શુદ્ધ સ્વરૂપને ઢાંકવાની વધુમાં વધુ શક્તિ છે તેથી મોહનીય કર્મજનિત પરિણામ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય ત્રણે ઘાતી કર્મોના સહાયભાવ પામેલો છે. અને તેથી તેમના સાહચર્યવશ ગાઢ રાગ-દ્વેષમય કર્મગ્રંથી ભેદવામાં બાધાકારક હોવાથી અપૂર્વકરણ ન થવા દે અને તેથી સમ્યગ્દર્શન કદાપિ તે જીવ ન પામી શકે. આગળ વધી જ ન શકે. મોહનીય જકડી રાખે ને ?

સ્પષ્ટીકરણ માટે જરા વિષયાંતર કરીએ. અપૂર્વકરણ દ્વારા જીવ દાન એવા રાગ-દ્વેષના પરિણામને ભેદી નાંખે છે; પરંતુ હજી મિથ્યાત્વમોહનીયનો વિપાકોદય ચાલુ છે. તે જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી સમ્યક્ત્વનો પરિણામ પ્રગટી ન શકે. તે વગર મોક્ષની મંઝિલ દૂર રહે ને ?

જીવ જ્યારે સમ્યક્ત્વના અધ્યવસાયમાં હોય ત્યારે મિથ્યાત્વ મોહનીયનો વિપાકોદય હોય જ નહિ, પરંતુ જો કોઈ કારણે એને મિથ્યાત્વ મોહનીયનો વિપાકોદય થઈ જવા પામે તો સમ્યક્ત્વનો અધ્યવસાય ચાલી ગયા વિના રહે નહિ. તેથી અપૂર્વકરણ દ્વારા રાગ-દ્વેષના પરિણામ સ્વરૂપ કર્મગ્રંથિને ભેદવા સજ્જ બનેલો જીવ, અનિવૃત્તિકરણ દ્વારા એવી અવસ્થા પેદા કરે છે, જે અવસ્થામાં જીવને કાં તો મિથ્યાત્વમોહનીયનો સર્વથા ઉદય જ ન હોય, કાં તો મિથ્યાત્વમોહનીયનો વિપાકોદય ન હોય જે અવસ્થા જીવની અપૂર્વકરણ દ્વારા પેદા થઈ શકતી જ નથી. જીવની આવી અવસ્થા અપૂર્વકરણે પોતાનું કાર્ય કરી લીધા પછીથી જ, જીવમાં જે શુભ ભાવ પ્રગટે, તેનાથી જ પેદા થઈ શકે; અને તેથી એ પરિણામને અનિવૃત્તિકરણ તરીકે ઓળખવામાં આવે છે. તેથી અનિવૃત્તિકરણ એ સમ્યક્ત્વ રૂપ આત્મપરિણામ પૂર્વેનો અનંતર એવો કરણ એટલે આત્મપરિણામ છે. કર્મગ્રંથિ ભેદાયા પછીથી જ જે પરિણામ પેદા થાય તે પરિણામ અનિવૃત્તિકરણ કહેવાય છે; કારણ કે એ પરિણામને પામેલો જીવ સમ્યક્ત્વના પરિણામને પામ્યા વિના પાછો હઠતો નથી. નિવૃત્ત એટલે હઠવું. અનિવૃત્ત એટલે પામ્યા વગર રહેવું નહિ. આ રીતે પ્રથમ ગુણસ્થાનકે રહેલું મિથ્યાત્વમોહનીય કર્મ ક્યાં સુધી કેવી કેવી બાધા ઉપજાવી શકે છે

તે આ ઉપરથી જાણી શકાય છે.

મિથ્યાત્વમોહનીય કર્મ અને અપૂર્વકરણ-અનિવૃત્તિકરણમાં તેની કરામત. મિથ્યાત્વમોહનીયનાં સત્તાગત દળિયાનું શુદ્ધિકરણ કરતાં તેના ત્રણ પુંજ બનાવાય છે. એક શુદ્ધ પુંજ જેને સમ્યક્ત્વ મોહનીયનાં દળિયાનાં પુંજ તરીકે ઓળખાય છે. બીજો પુંજ અર્ધશુદ્ધ પુંજ જેને મિશ્ર મોહનીયનાં દળિયાના પુંજ તરીકે ઓળખાય છે; અને ત્રીજો અશુદ્ધપુંજ કે જેને મિથ્યાત્વ મોહનીયના પુંજ તરીકે ઓળખાય છે. આ ત્રણ પુંજને ઉદયમાં કેવી રીતે અને કયા ગુણસ્થાનકે ઉદયમાં લવાય છે તે અંગે કાર્મગ્રંથિક અને સૈદ્ધાન્તિક બે વિભિન્ન મતો છે. કાર્મગ્રંથિક અભિપ્રાય પ્રમાણે પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વના પરિણામને જ પામે છે; જ્યારે સૈદ્ધાન્તિક અભિપ્રાય પ્રમાણે સમ્યક્ત્વના પરિણામને પામનારા અનાદિ મિથ્યાદષ્ટિ જીવો બધાં જ પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ જ પામે એવો નિયમ નથી. અનાદિ મિથ્યાત્વી જીવો ઔપશમિક સમ્યક્ત્વને પામ્યા વિના પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પામી શકે છે. કેટલાંક એવાં જીવો હોઈ શકે છે જેઓ ઔપશમિક સમ્યક્ત્વને જ પામે. વળી કાર્મગ્રંથિક અભિપ્રાયે અનિવૃત્તિકરણ કાળ દરમ્યાન અનાદિ મિથ્યાત્વી જીવ આવું ત્રણ પુંજોમાં વિભક્ત કરવાનું કાર્ય કરે છે. જ્યારે સૈદ્ધાન્તિક મત પ્રમાણે અનાદિ મિથ્યાત્વી જીવો ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પામનારા હોય છે તે જીવો પોતાના અપૂર્વકરણના કાળમાં જ અપૂર્વકરણથી જેમ ગ્રંથિભેદ કરે છે, તેમ ત્રણ પુંજ પણ અપૂર્વકરણના કાળમાં જ કરે છે. તેથી એક મતે તે કાર્ય અપૂર્વકરણના કાળમાં નીપજે છે; જ્યારે બીજા મતે તે અનિવૃત્તિકરણના કાળમાં સંપન્ન થાય છે.

વળી, કાર્મગ્રંથિક અભિપ્રાય એવો છે કે અનાદિ મિથ્યાત્વી જીવ જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે અપૂર્વકરણ દ્વારા કર્મગ્રંથિ ભેદ્યા પછી એ જીવ અનિવૃત્તિકરણ દ્વારા અંત:કરણ પેદા કરે છે જે ઔપશમિક સમ્યક્ત્વના પરિણામ રૂપ છે. ઔપશમિક સમ્યક્ત્વના પરિણામ રૂપ એ અંત:કરણના પણ અંતર્મુહૂર્ત જેટલા કાળમાં એ જીવ જે ત્રણ પુંજ બનાવે છે જેનો હમણાં જ વિચાર કર્યો છે. ત્યારપછી એ ત્રણ પુંજોમાંથી જો એ જીવને સમ્યક્ત્વ મોહનીય રૂપી પુંજનો ઉદય થાય તો તે જીવ ચોથા ગુણસ્થાનકે ટકી જાય છે. પરંતુ એ ત્રણ પુંજોમાંથી એ જીવને મિશ્રમોહનીય રૂપી અર્ધશુદ્ધનો ઉદય થાય તો તે જીવ ત્રીજા મિશ્રગુણ સ્થાનકને પામે છે. એ ત્રણ પુંજમાંથી જો મિથ્યાત્વમોહનીય રૂપી અશુદ્ધ પુંજનો ઉદય થતાં તે જીવ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકને પામે છે. આમ અનાદિ મિથ્યાત્વી જીવ પહેલાં ઔપશમિક સમ્યક્ત્વને જ પામે છે અને તે કાળમાં ત્રણ પુંજ કરે જ તથા ત્રણ પુંજ કરીને એ કાં તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે, કાં તો ત્રીજા મિશ્ર ગુણસ્થાનકને પામે અને કાં તો પુન: મિથ્યાદષ્ટિ બની પ્રથમ મિથ્યાત્વમોહનીય ગુણસ્થાનકે આવી પડે. એવો કર્મગ્રંથિક અભિપ્રાય છે. જ્યારે સૈદ્ધાન્તિક મત પ્રમાણે અનાદિ મિથ્યાત્વી જીવ પહેલાં ઔપશમિક સમ્યક્ત્વને જ પામે એવો નિયમ નથી. તે જીવ ઔપશમિક સમ્યક્ત્વને પામ્યા વિના સીધો જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પામે. પરંતુ જે જીવ પહેલાં ઔપશમિક સમ્યક્ત્વને પામે તે ઔપશમિક સમ્યક્ત્વના કાળ રૂપી અંત:કરણમાં સમ્યક્ત્વના આસ્વાદને પામીને અંતે એ પુન: મિથ્યાત્વના ઉદયને જ પામે એટલે કે એ જીવ ઔપશમિક સમ્યક્ત્વના કાળમાં ત્રણ પુંજ કરે જ નહિ.

આ રીતે આ ચર્ચાના અંતે મિથ્યાત્વમોહનીય કર્મ કેવી કેવી ગુલાંટ ખવડાવે, કેવી કેવી કસરત કરાવે છે અને ૧૪મા ગુણસ્થાનકે પહોંચતા પહોંચતાં જીવને અધમુઓ કરીને જ જંપે ને ! તેથી મિથ્યાત્વમોહનીયને બધાં પાપોનો બાપ કહીએ તો કશું ખોટું નથી ને ?

# ૐકાર વિશે કવિ શ્રી મેઘવિજયજી

☐ ડૉ. કવિન શાહ

ઉપાધ્યાય કવિ શ્રી મેઘવિજયજી સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત હતા. પૂજ્યશ્રીએ 'શ્રી અર્હદ્ ગીતા' ગ્રંથની રચના કરી છે. તદ્દુપરાંત 'દેવાનંદાભ્યુદયકાવ્ય', 'મેઘદૂત સમસ્યા', 'શાંતિનાથ ચરિત્ર', 'સપ્તસંધાન મહાકાવ્ય', 'દિગ્વિજય મહાકાવ્ય', 'ઉદયદીપિકા', 'માતૃકાપ્રસાદ', 'ધર્મમંજૂષા' વગેરે સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે. સ્તવન ચોવીશી 'શાસનદીપક', 'આહાર ગવેષણા', 'જૈન ધર્મ દીપક' નામની સજ્ઝાય 'વિજયદેવ નિર્વાણ રાસ' વગેરેની ગુજરાતી રચના કરી છે. એમનો રચનાકાળ અઢારમી સદીના પ્રથમ તબક્કાનો હતો.

શ્રી મેઘવિજયજીએ શ્રી અર્હદ્ ગીતાની કૃતિમાં ૐકારના સ્વરૂપ વિશે અનોખી શૈલીમાં અવનવી કલ્પનાઓ દ્વારા વિસ્તૃત માહિતી આપી છે. એ માહિતી સંકલિત કરીને અહીં આપવામાં આવી છે.

ભારતીય દાર્શનિક વિચારધારામાં મંત્રવિધાન ગૂઢ અને રહસ્યમય હોવાની સાથે ચમત્કારપૂર્ણ માનવામાં આવે છે. મંત્રશાસ્ત્રમાં ૐનો બીજ સ્વરૂપે સર્વ સ્વીકાર થયો છે. નાના કે મોટા મંત્રોનો આરંભ ૐથી થાય છે. ભારતમાં વિવિધ ધર્મો અને મતો પ્રચલિત હોવાથી ૐનો કોઈ એક જ અર્થ છે એમ નિશ્ચિત થઈ શકે તેમ નથી. દરેક ધર્મ-મતવાળા પોતાના અર્થઘટનને અનુસરીને મંત્ર તેમજ સાધનામાં તેનો વિશેષ ઉપયોગ કરે છે.

જૈનદર્શન ૐકારમાં પંચ નમસ્કાર-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-વાચક માનીને તેની ઉપાસના થાય છે.

સનાતન ધર્મવાળા ૐકારને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના પ્રતીક તરીકે પૂજે છે.

શક્તિ સંપ્રદાયવાળા ૐકારની સાથે હ્રીંકાર જોડીને પ્રકૃતિ અને પુરુષ એમ બે તત્ત્વનો આધાર ગણે છે. હિંદુધર્મ ૐને ગણપતિના પ્રતીક તરીકે ગણીને બ્રહ્મવાચક માને છે.

શૈવ મતવાળા જળધારી લિંગાકૃતિના અર્થમાં ૐકારને માને છે.

ૐકાર મંત્ર-વ્યાકરણમાં તેજસ, ભક્તિ, વિનય, પ્રણવ, પ્રદીપ, વાચ, વેદ, કમલ, અગ્નિ, ધ્રુવ અને આકાશ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે.

તંત્ર શાસ્ત્રમાં મન્ત્રાદ્ય, પંચદેવ, ત્રિક, સાવિત્રી, ત્રિશિખ, ત્રિગુણ, વેદસાર, વેદબીજ, પંચરશ્મિ, ત્રિકટ, ગાયત્રીબીજ, પ્રભુ, અક્ષર, અનાદિ, અદ્વૈત, મોક્ષદ વગેરે ગૂઢાર્થ યુક્ત શબ્દોથી ૐકારને સમજવામાં આવે છે.

ૐકાર એક અક્ષરરૂપ, પરમ જ્યોતિ સ્વરૂપ છે. ભગવદ્ગીતાના ૧૩મા અધ્યાયમાં ૐકારને એકાક્ષર બ્રહ્મ કહેવામાં આવ્યો છે. ૐ પ્રણવ બીજ છે. શ્રી મેરૂતુંગસૂરિ વિરચિત સૂરિમુખ્યમંત્રકલ્પમાં કહ્યું છે કે :

सर्वत्र स्तुत्यादौ प्रणवा: स्व परेषु शान्ति-तुष्टिकृते ॥

સર્વત્ર સ્તુતિની આદિમાં સ્વપરના કલ્યાણ નિમિત્તે થતાં શાંતિકર્મ અને તુષ્ટિકર્મમાં પ્રણવો હોય છે. આ ઉપરથી ૐનો પ્રભાવ-મહિમા જાણી શકાય છે.

મંત્રસાધનામાં ૐકારનું સ્થાન સર્વ પ્રથમ છે. તેમાં પંચ પરમેષ્ઠિનો

સમાવેશ થાય છે. એટલે એનો જાપ અવિચળ શ્રદ્ધાથી અવશ્ય કરવો જોઇએ.

अ इत्यर्हन् अशरीरः पुनानः सिद्धोप्यतिस्थितः
आ आचार्य उपाध्यायः उःमकारो मुनिः स्मृतः ॥ ८ ॥

(પા. ૨૩૦)

ૐકારનો 'અ' અર્હત્ છે અને 'અ'માં અશરીરી સિદ્ધ પણ રહેલો છે. 'આ' આચાર્ય સ્વરૂપ છે. 'ઉ' ઉપાધ્યાય અને 'મ' મુનિ સ્વરૂપ છે. એટલે ૐમાં પાંચ પરમેષ્ઠિનો સમાવેશ થાય છે.

ૐકારના अ-उ અને म માં અનુક્રમે અર્હંતુ, ગુરુ અને મુનિનો સમાવેશ થયો છે. ઉપર રહેલું બિન્દુ સિદ્ધાત્મા છે.

વ્યાકરણાચાર્ય પાણિનિએ 'अइउण्' નામનું સૂત્ર સૌ પ્રથમ રચ્યું હતું. આ ત્રણેના સંયોજનથી ૐકારની રચના થઈ છે તે ઉપરથી ૐકાર સિદ્ધ થાય છે.

ૐકારમાં ત્રિલોકનો સંદર્ભ છે. 'અ' પાતાલાદિઅધોલોક, 'ઉ' એ સ્વર્ગલોક-ઉર્ધ્વલોક, 'મ' એ મૃત્યુલોક એમ ત્રણ લોકનો અર્થ સમજાય છે.

અકારથી ઉકાર સુધીમાં ૐ બને છે. તે સાથે જ ગૌરવપ્રદ છે.

ૐકારમાં અપવર્ગ મોક્ષ છે.અને તેના પર રહેલું બિન્દુ સિદ્ધસ્થાન સૂચક છે.

'અ'થી આત્મા, 'ઉ'થી આત્માનું ચિંતન અને 'મ'થી કલ્યાણકારી મોક્ષપદ; બિંદુ સ્વરૂપ નિરાકાર સૂચક છે. આવો ૐકાર આત્મસ્વરૂપ છે.

'અ' માં સર્વવ્યાપકતા એટલે વિષ્ણુ હોવાથી ભક્તિ છે. ઉકારમાં ઉપલબ્ધિ છે. 'મ'માં પાંચ મહાવ્રત છે. આ ત્રણેના જોડાણથી ૐકાર બને છે. 'અ'થી વિષ્ણુ, 'ઉ'થી બ્રહ્મા, 'મ'થી શિવ એમ ત્રિસ્વરૂપાત્મક ૐકાર પરમ બ્રહ્મસ્વરૂપ મનાય છે. તેની વિશિષ્ટ સમજૂતી નીચે પ્રમાણે છે.

अ - अवति रक्षति पालयति (ध्रौव्य)-વિષ્ણુ
उ - उत्पादयति जनयति (उत्पाद)-બ્રહ્મા
म - मारयति संहरति (व्यय)-શિવ

આત્મા ગતિમાન (વ્યાપક) હોવાથી અકાર વાચક છે. તેમાં પાંચમો સ્વર ઉ જોડવાથી 'આ' બને છે. 'મ' મહાન આનંદવાચક છે. બિન્દુ રૂપે રહેલી ઉપરની આકૃતિ શિવ સ્વરૂપ છે. તેનો અર્થ એ છે કે અકાર રૂપ આત્મા પાંચમું કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે નિરાકાર છે અને મહા આનંદમાં વિચરણ કરાવે છે.अ+उ+म् ના સંયોગથી બનેલો 'ૐ' સાક્ષાત્ શિવ સ્વરૂપ છે.

'અ' સૂર્ય છે. તે સૂર્ય 'ઉ' એટલે પ્રકાશપુંજ છે.

તેનો 'મ'કાર મહાવીર છે. આવા બિંદુ સમાન ૐકારમાં મુક્તાવસ્થા-સિદ્ધાવસ્થા વંદન કરવા યોગ્ય છે. ૐકારમાં ત્રિપદી છે. એટલે ૐકાર પરમેશ્વર-સ્વરૂપ મનાય છે.

વર્ણમાળાની દૃષ્ટિએ વિચારીએ તો અકાર બધા વર્ણોમાં મુખ્ય છે. તે નાભિમાંથી ઉત્પન્ન થાય છે. તેની યોનિ પવન છે. બધા વર્ણોમાં મુખ્ય 'अ' આદિનાથ વાચક છે. એમના જન્મદાતા નાભિરાજા છે અને મરૂદેવી માતા છે એ વાત સર્વ લોકો જાણે છે.

અકાર પરમાત્મા છે. વિશ્વંભર-વિશ્વપ્રકાશ છે. 'उ' વર્ણ ઉપાધિઓને, માત્રાને નીચે રાખે છે. તથા બિંદુ સિદ્ધ ગતિ સમાન ઉર્ધ્વગામી છે.

ૐકાર સ્વયં શક્તિમાન છે. તેનો ન્યાસ-જાપ કરવાથી બ્રહ્મતેજની અનુભૂતિ કરીને સ્વયં આત્મા દિવ્યતાને પામે છે.

વર્ણમાળાના અધ્યયનનો પ્રારંભ કરતાં ૐ નમ: સિદ્ધમ્ નું ઉચ્ચારણ કરવામાં આવે છે. સનાતન ધર્મવાળા એમ માને છે કે 'ૐ' ગણેશ સ્વરૂપ છે. 'ૐ'ની ઉપરની વર્તુળાકાર રેખા ગણેશની સૂંઢનો વિલાસ દર્શાવે છે. બિન્દુ એ તેમાં રહેલા લાડુ સમાન છે. એ સમૃદ્ધિ વાચક છે. એટલે સનાતન ધર્મની આ માન્યતા પણ અર્થઘટનની દૃષ્ટિએ યોગ્ય લાગે છે. કેટલાક લોકો એમ જણાવે છે કે વ્યાકરણશાસ્ત્રના ઉદ્ઘોષ કરવાવાળા 'ફણા' અને નીચે શેષ નાગ છે. તેના પર રહેલો 'મણિ' એ બિન્દુ છે. શેષનાગની ફણાની ચાર રેખાઓ વાગ્દેવીની પરા, પશ્યન્તિ, મધ્યમા, અને વૈખરી, ચાર અવસ્થાઓનું સૂચન કરે છે.

अ કાર શબ્દોચ્ચારથી નિરાકાર છે. લિપિથી લખતાં આકૃતિયુક્ત બને છે એટલે સાકાર કહેવાય છે.

કવિ મેઘવિજયજીએ અવનવી કલ્પનાઓ કરીને ૐકારના સ્વરૂપનો વિશદ પરિચય કરાવ્યો છે. માનવ સૃષ્ટિમાં ૐકાર સર્વવ્યાપી છે. તેને પવિત્ર માનીને શ્રદ્ધાળુ ભક્તો ભક્તિમાં ભાવવિભોર બને છે. યોગીઓ યોગસાધનામાં આત્મશક્તિ-પરમ-દિવ્ય તેજની અનુભૂતિ કરે છે. મતલબ કે આત્મસાક્ષાત્કારની દિશામાં વિકાસ સાધે છે.

ૐની ઉપરોક્ત વિગતો એ સાક્ષાત્ પરમેશ્વર સ્વરૂપ છે એમ માનીને તેની પરમેશ્વર સ્વરૂપે આરાધના-સંકીર્તન જાપ-આદિ કરીને આત્મશુદ્ધિ અને મુક્તિની દિશામાં પુરુષાર્થ આદરવો જોઇએ. ૐકારનું ગૂઢ રહસ્ય જાણ્યા પછી મંત્રાક્ષરોનો પ્રભાવ અને શક્તિનો પરિચય થાય છે. પરિણામે ભક્તિમાર્ગની એક અનોખી પદ્ધતિનો પ્રયોગ સફળતા અપાવે છે.

❖❖❖

## સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો મે અને જૂન ૨૦૦૧નો અંક સંયુક્ત અંક તરીકે જૂનમાં પ્રગટ થશે તેની નોંધ લેવા વાચકોને વિનંતી.

□ તંત્રી

## સ્વ. મફતલાલ ભીખાચંદ શાહ

સંઘના આજીવન સભ્ય, વર્ષો સુધી સંઘની કાર્યવાહક સમિતિના સભ્યપદે રહેલા, સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેનાર, કર્મઠ કાર્યકર્તા, પાટણના વતની શ્રી મફતલાલ ભીખાચંદ શાહનું ૮૩ વર્ષની વયે, શનિવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૦૧ના રોજ અવસાન થયું છે એની નોંધ લેતાં ખેદ અનુભવીએ છીએ. સમાજને એક સંનિષ્ઠ કાર્યકર્તાની ખોટ પડી છે.

સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થીએ છીએ.

□ તંત્રી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૨ ● અંક : ૬ ● તા. ૧૬ જૂન ૨૦૦૧ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2001

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પ્રાણીઓનો સામુદાયિક સંહાર

હોંગકોંગમાં ઈન્ફલુએન્ઝાનો રોગચાળો ફાટી નીકળવાની બીકે થોડા વખત પહેલાં બીજી વાર તમામ મરઘાંઓને મારી નાખવામાં આવ્યા. શહેરમાં મરઘાંઓનું નામનિશાન ન જોઈએ કે જેથી રોગચાળો ફેલાવાની કોઈ દહેશત રહે. મારી નાખવામાં આવેલાં આ મરઘાંઓની સંખ્યા કેટલી ? અધધધ. સાડા બાર લાખ કરતાં વધુ. ટી.વી. પર એનાં દૃશ્યો બતાવવામાં આવ્યાં હતાં. મરઘાંઓને કતલખાને લઈ જવાયા નથી. એનાં વેચાણ કેન્દ્રોમાં, પોલ્ટ્રી ફાર્મ વગેરેમાં જ માણસો મોંઢે લૂગડું બાંધી, હાથમાં મોજાં પહેરી એક પછી એક મરઘાંને પાંજરામાંથી કાઢતા જાય અને પકડીને, ડોક મરડી નાખીને કચરા માટેના પ્લાસ્ટિકના મોટા કોથળામાં ફેંકતા જાય. કોથળાઓ બંધાઈને કચરાની ટ્રકમાં ઠલવાતા જાય. પોતાના વારો આવે ત્યારે મરઘાં આઘાપાછા થવાનો પ્રયત્ન કરે, ચીસાચીસ કરે એવાં એવાં દૃશ્યો આપણા જેવા જોનારને કમકમાં ઉપજાવે એવાં હતાં, છતાં મારનારના પેટનું પાણી પણ હાલતું ન હતું.

આ વખતે ઈન્ફલુએન્ઝા ચાલુ થયો નહોતો કે કોઈ માણસનું મૃત્યુ થયું નહોતું, પણ ફ્લુનો વાયરસ દેખાયો હતો અને એ મરઘાંઓ દ્વારા માણસમાં પ્રસરતો હોવથી સાવચેતીના પગલાં તરીકે જ તંદુરસ્ત નિર્દોષ મરઘાંઓને મારી નાખવામાં આવ્યાં.

ત્રણ વર્ષ પહેલાં, ૧૯૯૭માં હોંગકોંગમાં ફ્લુનો આ વાયરસ જ્યારે પ્રસર્યો હતો ત્યારે છ માણસો ફ્લુમાં મૃત્યુ પામ્યા હતા તે વખતે સાવચેતીરૂપે ચૌદ લાખ મરઘાંઓને મારી નાખવામાં આવ્યાં હતાં. મરઘાંઓને મારી નાખવાનો હુકમ સરકારના આરોગ્ય ખાતા તરફથી નીકળ્યો હતો અને મરઘાંના માલિકોને એનું વળતર આપવામાં આવ્યું હતું. આર્થિક કે આરોગ્યના પ્રશ્ન કરતાં પણ પ્રાણીઓના સામુદાયિક સંહારનો પ્રશ્ન આપણે માટે વધુ ગંભીર અને કરુણ છે.

મલેશિયા, થાઈલેન્ડ, હોંગકોંગ ફ્લુના વિસ્તાર તરીકે જાણીતા છે. ફ્લુ બહુ ઝડપથી પ્રસરે છે અને આખી દુનિયામાં ફેલાઈ જાય છે. ગયા સૈકામાં ફ્લુથી અનેક માણસો મૃત્યુ પામ્યા હતા. પરંતુ હવે નવી દવાઓ અને ઉપચારોને કારણે મરણપ્રમાણ ઘટી ગયું છે. તો પણ માનવજાત પોતાની સુરક્ષા માટે પશુપંખીઓને, અરે પોતાનાં પાળેલાં પ્રાણીઓને પણ મારી નાખતાં અચકાતી નથી. સ્વાર્થની સીમાં ક્યાં સુધી પહોંચે છે !

થોડા વખત પહેલાં બ્રિટનમાં ગાયોને ગાંડી બનાવી દે એવો મેડ-કાઉનો રોગચાળો પ્રસર્યો હતો. કતલખાનાના માંસાહારી કચરામાંથી બનાવેલી વાનગીઓ શાકાહારી ગાયોને ખવડાવવાને લીધે ગાયોમાં ગાંડપણની આ બીમારી થઈ હતી એવું પણ એક અનુમાન થાય છે. એ જે હોય તે. બે ચાર ટકા ગાયોમાં આ બીમારી જણાતાં, એનો ચેપ માણસોને ન લાગે માટે બધી જ ગાયોને એટલે કે સવા કરોડ જેટલી ગાયોને બ્રિટનમાં ત્યારે થોડા દિવસમાં મારી નાખવામાં આવી હતી. એવી જ રીતે થોડા વખત પહેલાં યુરોપના જર્મની તથા બીજા કેટલાક દેશોમાં મેડ-કાઉ જેવી મેડ-શીપની બીમારી કેટલાંક ઘેંટાઓમાં જોવા મળી હતી. એ વખતે એ પ્રદેશના સર્વ ઘેટાંઓને-કરોડો ઘેટાંઓને મારી નાખવામાં આવ્યાં હતાં. પોતાના આરોગ્યની દરકારને માટે મનુષ્યને પ્રાણીસૃષ્ટિ ઉપર કેવો ભયંકર અત્યાચાર કરવો પડે છે.

કેટલાક રોગો પશુઓને મનુષ્યે એના ઉપર કરેલા પ્રયોગોને પરિણામે થાય છે. પશુઓના કેટલાક રોગો માણસને થાય છે એ સાચું, પણ માણસના રોગો પશુઓને પણ થાય છે એ પણ એટલું જ સાચું છે. પરંતુ કોણ કોને શિક્ષા કરી શકે ? એમાં એનો ચુકાદો કોણ આપી શકે ? સૃષ્ટિક્રમમાં બળવાનનું અસ્તિત્વ ટકી રહે છે. નિર્બળને અન્યાય સહન કરવાનો વારો આવે છે.

આ તો આરોગ્યની વાત થઈ. પોતાના આહાર માટે વર્તમાન અદ્યતન કતલખાનાંઓ દ્વારા માનવજાત રોજના કરોડો મરઘી-મરઘાં, ઘેટાંઓ, ગાયો ઇત્યાદિની કતલ કરી રહી છે. બીજી બાજુ આર્થિક કારણોસર પણ પ્રાણીઓની સામુદાયિક હત્યા કરાય છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સારી કમાણી કરવા માટે દર વર્ષે કરોડો ઘેટાંઓની કતલ કરીને એનું માંસ બીજા દેશોને વેચે છે. કેટલાક વખત પહેલાં જર્મનીમાં દૂધનું ઉત્પાદન વધી ગયું હતું અને ભાવ નીચા ઊતરી ગયા હતા. એટલે ભાવ ટકાવી રાખવા માટે, દૂધનું ઉત્પાદન ઘટાડવા માટે પિસ્તાલીસ લાખ ગાયોને મારી નાખવામાં આવી હતી. કેટલાક દેશોમાં મોજશોખના પદાર્થો બનાવવા માટે રોજની કરોડો માછલીઓ મારવામાં આવે છે. થોડા વખત પહેલાં બ્રાઝિલના રીઓ ડિ જાનેરો પાસેના સમુદ્રમાં એક કારખાનાનું ઝેરી પ્રવાહી ઠલવાતાં કરોડો માછલીઓ એક જ દિવસમાં સમુદ્ર કિનારે મૃત્યુ પામી હતી અને વાતાવરણ ગંધાઈ ઊઠ્યું હતું.

હવે પ્રાણીઓના સંહારના આંકડા લાખો-કરોડોના થઈ ગયા. માનવજાતનો પશુસૃષ્ટિ ઉપર આ ભયંકર અત્યાચાર છે. એની સામે કોણ અવાજ ઉઠાવે ?

સામે પક્ષે એવી દલીલ થાય છે કે શું પશુપંખીઓને ખાતર માણસોને મરવા દેવાય ? માણસ મરવાનું પસંદ ન કરે એ દેખીતું છે. પરંતુ આવી પરિસ્થિતિમાં એવો રસ્તો ન નીકળી શકે કે માણસો મરે નહિ અને પશુઓનો સંહાર પણ કરવો ન પડે ? ભવિષ્યમાં કોઈ એક બળવાન પ્રજા પોતાના આરોગ્ય માટે બીજી નબળી પ્રજાનો સંહાર કરે તો તે વ્યાજબી ઠરાવીશું ? ભવિષ્યમાં આ વિષયમાં ઘણી સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

દુનિયાની ચાર અબજથી વધારે વસતિ છે. એમાં માંસાહાર ન

કરનાર લોકોની સંખ્યા કેટલી ? ચારપાંચ ટકાથી વધારે નહિ હોય. એ પણ મુખ્યત્વે ભારતમાં છે. એટલે શાકાહારીઓનો આર્તનાદ અરણ્યરુદન જેવો જ બની રહેવાનો.

જેમ જેમ વૈજ્ઞાનિક સાધનો વધતાં જાય છે તેમ તેમ સૃષ્ટિ ઉપર પશુપંખીઓના સંહારનું પ્રમાણ વધતું જાય છે. પરંતુ પોતાના આરોગ્યની સાચવણી માટે પશુઓનો સંહાર કેટલે અંશે વ્યાજબી ગણાય ? બે ચાર કે પાંચ પંદર માંદાં પશુપંખીઓને કારણે બીજાં લાખો નીરોગી પશુપંખીઓને મારવાનું અટકાવી ન શકાય ? એ દિશામાં આરોગ્યવિષયક સંશોધનો ન કરવાં જોઇએ ?

માંસાહારી દેશોનું આ વલણ ભારતમાં નહિ જ આવે એમ કહી નહિ શકાય. એકંદરે ભારતીય માણસોના હૃદયમાં જીવદયાની લાગણી રહેલી છે. પરંતુ ભવિષ્યમાં વિદેશોનો પ્રભાવ ભારત ઉપર નહિ પડે એવું નથી. એટલા માટે જીવદયાપ્રેમીઓએ અને એવી સંસ્થાઓએ પોતાનો સૂર જાહેરમાં વ્યક્ત કરવો જોઇએ. અહિંસક શાંત સામુદાયિક જાહેર વિરોધ, વિવિધ રીતે જો અભિવ્યક્ત થાય અને તે દેશોના એલચીખાતા સમક્ષ રજૂઆત થાય તો એની નોંધ તો જરૂર લેવાય. તેઓ જો જાણે કે દુનિયામાં કેટલાક સમુદાયો એવા છે કે જે આવા સામુદાયિક સંહાર સાથે સહમત નથી અને એમની લાગણી દુભાય છે, તો એટલી સભાનતા પણ ભવિષ્યમાં થોડું સારું પરિણામ લાવી શકે. અલબત્ત એટલું તો નિશ્ચિત છે કે માનવજાત પોતાનાં જે કંઈ અપકૃત્યો દ્વારા પ્રકૃતિમાં ખલેલ પહોંચાડે છે એનાં પરિણામ એને પ્રકારાન્તરે પણ ભોગવવાનાં આવે જ છે. સમગ્ર વિશ્વરચના એવી છે કે જેમાં હિસાબ ચૂકતે થાય જ છે.

હાલ તો આપણી પાસે એ મૂંગાં, નિર્દોષ પ્રાણીઓ માટે અંતરમાં દયા ચિંતવવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

સબ કો સન્મતિ દે ભગવાન !

□ રમણલાલ ચી. શાહ

# સ્વ. પ્રો. જયંત કોઠારી

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

ટૂંકા ગાળામાં જ, આપણા બે મૂર્ધન્ય સાક્ષરો-ડૉ. હરિવલ્લભ ભાયાણી ને પ્રો. જયંતભાઈ કોઠારી-અવસાન પામ્યા...કાળધર્મને પામ્યા-એ આપણે માટે તેમજ ગુજરાતી ભાષાસાહિત્ય માટે અતિ દુ:ખદ ઘટના છે. દસેક સાલ પૂર્વે, જલોદરને કારણે જયંતભાઈ જતાં જતાં રહી ગયેલા ને એ પછી તો એમણે ઘણું બધું નક્કર પ્રદાન કર્યું જેનો એમને પણ પરમ સંતોષ હતો.

સાલ તો ચોક્કસ ખબર નથી પણ સાડાચાર દાયકા પૂર્વે જયંતભાઇને પ્રથમવાર પ્રો. ચી. ના. પટેલને ઘરે એક સાચા વિદ્યાના અર્થી તરીકે જોયા. એ ને શ્રી નટુભાઈ રાજપરા, પ્રો. ચી. ના. પટેલની પાસે પ્લેટો-એરિસ્ટોટલના વિવેચનના સિદ્ધાંતો સંબંધે અધ્યયન કરી રહ્યા હતા. એ પછી થોડાક સમયમાં જ એમનું 'ભારતીય કાવ્ય સિદ્ધાંત' પુસ્તક પ્રગટ થયું. એ પછી તો વર્ષો વહી ગયાં...ને બીજીવાર એમનું દર્શન-મિલન મ.સ.યુનિ.ની ફેકલ્ટી ઓફ આર્ટસના ગુજરાતી વિભાગમાં મારી ઓફિસમાં થયું. ત્યારે તો, ગુજરાતી ભાષા-સાહિત્યના ઊંડા અભ્યાસી, વિદ્વાન સંપાદક, પ્રથમ કક્ષાના વિવેચક અને સફળ અધ્યાપક તરીકે તેઓ ગુજરાત-ખ્યાત થઈ ગયા હતા. મ.સ. યુનિ.માં તેમણે 'રીડર'ની જગ્યા માટે અરજી કરેલી...'ઇન્ટરવ્યૂ' પણ 'આલા ગ્રાન્ડ' થયેલો પણ એમના કે યુનિ.ના દુર્ભાગ્યે એ લેવાયા નહીં...લેકચરર તરીકે એમને ચાર પાંચ ઇન્ક્રીમેન્ટની ઓફર કરી પણ જયંતભાઇએ કહ્યું: 'મેં રીડરશીપ માટે અરજી કરી છે, લેકચરરશીપ માટે નહીં.' જયંતભાઈને જો મ.સ.યુનિ.માં લેવાયા હોત તો, ડૉ. ભોગીલાલ સાંડેસરાએ ચાલુ કરેલી 'પ્રાચીન ગૂર્જર ગ્રંથમાલા'નું કામ વધુ દીપી ઊઠયું હોત એમ અંગત રીતે હું માનું છું. તેઓ 'ઇન્ટરવ્યૂ' આપવા આવ્યા ત્યારે મારી ઑફિસમાં કલાકેક બેઠા...મેં તેમને 'પ્રાચીન ગૂર્જર ગ્રંથમાલા'ના બધા જ ગ્રંથો ભેટરૂપે આપ્યા. મને લાગે છે કે ત્યારે અમારો 'હૃદયમેળ' સધાયો-પછી તો 'હૃદયમાત્ર જાણે છે, પ્રીતિયોગ પરસ્પર' જેવી સ્થિતિ થઈ. એકબીજાને ઘરે આવવાજવાનો વ્યવહાર શરૂ થયો...ઉભયપદી સર્જનનો લે-દેનો વિનિયોગ શરૂ થયો...નિયમિત પત્રવ્યવહારે અમારા સંબંધને પ્રગાઢ કર્યો...We live by love, hope & admiration રતિ,આશા ને કદરદાની જીવનની સંજીવની...અનેક પત્રોમાં મેં એમના સાહિત્યિક પ્રદાનની સહૃદયભાવક તરીકે મૂલવણી કરી, 'પ્ર. જી.' માં તેમના કાર્ય સંબંધે બે લેખ પણ લખ્યા...અને એમણે પણ મારી પૂર્વસંમતિ લીધા વિના એમનું પુસ્તક: 'સંશોધન અને પરીક્ષણ' આ શબ્દોમાં અમને અર્પણ કર્યું. 'પત્રોમાં વહેતો રહેલો, મારા વિદ્યાકાર્ય પ્રત્યેનો જેમનો અનુરાગ મને આર્દ્ર કરતો રહ્યો છે એ સદ્ગત કાંતિલાલ કોરા તથા ડૉ. રણજિત પટેલ (અનામી)ને.' એમના હસ્તાક્ષરમાં આ પુસ્તક ભેટ-રૂપે મોકલતા તા. ૯-૨-૯૮માં તેઓ લખે છે: 'આદરણીય શ્રી અનામી સાહેબને-આપને જ અર્પિત છે આ મારો વિદ્યાયત્ન.' અમારો સંબંધ ઉત્તરોત્તર પ્રગાઢ થતો જતો હતો ને અચાનક 'આખર આમ વિયોગ થયો.'

પ્રો. જયંતભાઇએ એમનો એક વિવેચન-સંગ્રહ નામે 'વાંક દેખાં વિવેચનો' મને ભેટ મોકલેલો. કૉલેજકાળના મારા એક સહાધ્યાયી (૧૯૩૮ થી ૧૯૪૪) શ્રી મહેન્દ્ર પંડયાએ એ વાંચ્યો ને પ્રતિભાવરૂપે પત્ર લખ્યો. પત્ર મને વંચાવીને એમણે પોષ્ટ કરવાને બદલે ફાડી નાખ્યો...એમ કહીને કે 'પાણીમાંથીય પોરા કાઢનાર આ વાંકદેખા વિવેચકભાઈ મારા પ્રતિભાવમાંય કૈં કૈં વાંક દેખાડે.' પંડિત યુગમાં સાક્ષરસત્તમ શ્રી ન. ભો. દીવેટિયાની આવી ધાક હતી. સ્વ. શ્રી જેઠાલાલભાઈ ત્રિવેદી અને લંડનનિવાસી કવિ-બેરીસ્ટર શ્રી ડાહ્યાભાઈ પટેલે (કવિ 'દિનેશ') 'Love Poems & Lyricss from Gujarati' નામે એક ગ્રંથ પ્રગટ કરેલો. એનું અવલોકન કરતાં જયંતભાઈએ, ગુણદર્શનની સાથે દોષદર્શન પણ કરાવેલું. દોષદર્શનથી કવિ નાખુશ હતા ને જયંતભાઇ માટે થોડોક અભાવ થઈ ગયેલો ત્યારે મેં કવિને કહેલું: 'કવિ ! તમો એટલું ખ્યાલમાં રાખો કે જયંતભાઇ જેવો દુરારાધ્ય વિવેચક તમારા ગ્રંથનું 'અવલોકન' કરે છે એ જ મોટી કદરદાની છે. ગુણદોષ દર્શન કરાવ્યા બાદ અંતમાં જયંતભાઇએ આ ગ્રંથ માટે લખેલું: 'ફરીને કહું કે ભાવનાપૂર્વક ને નિષ્ઠાથી કોઈ સંસ્થા નથી કરતી એવું કાર્ય કરવા આ બે મિત્રોએ સાહસ કર્યું છે-તે અવશ્ય અભિનંદનીય ઘટના છે. જેવો છે તેવો આ સંચય આપણા કવિઓને વિશ્વસાહિત્યના પ્રાંગણમાં તો મોકલે જ છે અને જ્યાં સુધી આનાથી વધારે સારાં સંપાદન ન થાય (તે ક્યારે થશે તે કોણ જાણે) ત્યાં સુધી આ સંચય એ કામ બજાવશે.' જયંતભાઇના અવલોકન-લેખનું શીર્ષક હતું: 'વિશ્વસાહિત્યના દરબારમાં ગુજરાતી કવિતા.' આ પછી કવિનો અભાવ, સદ્ભાવમાં પલટાઇ ગયેલો. વિવેચનાની બાબતમાં જયંતભાઇનો અભિગમકવિ અખા જેવો આખાબોલો હતો.

વળી તેઓ વિવેચન કરતી વખતે કર્તા ને નહીં પણ કૃતિને મુખ્યત્વે કેન્દ્રમાં રાખતા હતા; આથી એમનું વિવેચન તટસ્થ ને નિરપેક્ષદૃષ્ટિવાળું

બનતું. એમની સૂક્ષ્મ રસવૃત્તિને જે સારું લાગે તેને તેઓ ઊમળકાપૂર્વક પોંખતા ને જે બોદું લાગે તેને નિર્ભેળ રીતે ને નિર્ભયતાપૂર્વક છતું કરતા. ઘણીવાર તો એ પોતાની જાતને પણ હડફેટમાં લેતા. વિરલ ગણાય એવી ઘટના છે. એમણે મ.સ.યુનિ.ના 'સ્વાધ્યાય' પુ. ૩૧, અંક-૩-૪, મે-ઑગષ્ટ ૧૯૯૪માં એક લેખ લખ્યો જેનું શીર્ષક હતું. 'વર્ણક-સમુચ્ચય' અને 'રાવણપ્રતાપવર્ણન'. સને ૧૯૫૬માં પ્રગટ થયેલ ડૉ. ભોગીલાલ સાંડેસરા ને ડૉ. રમણલાલ મહેતાનું એ મઝિયારું સંપાદન છે. સંપાદનની જમા બાજુને યોગ્ય ન્યાય આપ્યા બાદ શબ્દચર્ચામાં એક શબ્દની બાબતમાં તેઓ સંપાદકોથી જુદા પડે છે ને એમના 'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ'માં જાતે આપેલા અર્થને પણ માન્ય રાખતા નથી. રાવણપ્રતાપવર્ણનમાં શનિશ્ચરની વાત આવે છે. શનિશ્ચર એટલે શનિનો ગ્રહ...શનિશ્ચરની પીઠે પગ દઇને રાવણ પાટે બેસે છે...ઢોલિયા પર ચડે છે એમ કહેવાયું છે...એમાં 'ઢોલ' શબ્દ છે તેનો અર્થ સંપાદકોએ ઢોળાવ આપ્યો છે. અને મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશમાં જયંત કોઠારીએ સુધારીને 'ઓપ' મૂક્યો છે...તે અંગે તેઓ 'સ્વાધ્યાય'વાળા લેખમાં કહે છે કે તે બંને અર્થ ખોટા છે...ને પંક્તિનો અર્થ કરે છે: 'ઉપદ્રવકારી શનિ પણ રાવણથી ચંપાયેલો છે.'

'ધ શાલિભદ્ર-ધન્ના-ચરિત'નું સંપાદન અર્નેસ્ટ બેન્ડરે કર્યું છે ને એનું પ્રકાશન અમેરિકન ઓરિએન્ટલ સોસાયટી, ન્યૂ હેવન, કનેક્ટિકટ તરફથી ૧૯૯૨માં થયું છે. આ સંપાદન સંબંધે જયંતભાઇએ એક દીર્ઘ સમીક્ષાત્મક અભ્યાસ-લેખ લખ્યો છે. જેનું શીર્ષક છે: 'સારાસારનો વિવેક કરીએ.' પ્રથમ 'ઉદ્દેશ' માસિકમાં (સપ્ટે. ૧૯૯૬) આ લેખ પ્રગટ થયેલો ને સને ૧૯૯૮માં એમના ગ્રંથ 'સંશોધન અને પરીક્ષણ'માં પ્રગટ થયો છે. વિવેચન હોય, સંપાદન હોય કે સંશોધન હોય...બધે જ સારાસારનો વિવેક તો કરવો જ પડે છે. કાટછાંટ, ગ્રાહ્ય-વર્જ્ય, પ્રધાન-ગૌણના વિવેક વિના ન ચાલે. અર્નેસ્ટ બેન્ડરના સંપાદનના ગુણપક્ષને બિરદાવી એમણે મુદ્દાની વાત કરી છે તે આ: 'આવા કોઈ પણ સંપાદનમાં કૃતિપાઠ અને કૃતિની સમજ એ મૂળ વસ્તુ-પાયાની વસ્તુ છે. એ સદ્ધર ન હોય તો બાકીનું સઘળું-સર્વ વિદ્વતાભર્યો ક્રિયાકાંડ-એકડા વિનાનાં મીંડાં સમાન છે. મૂળ વસ્તુને ભોગે કે મૂળ વસ્તુ કરતાં ક્રિયાકાંડનો વિશેષ મહિમા કરવો ઇષ્ટ નથી.' એની મર્યાદાઓ દર્શાવતાં લખે છે: 'પુસ્તકની સામગ્રીને ધ્યાનથી તપાસતાં એને સંપાદનકલાનો ઉત્કૃષ્ટ નમૂનો ગણાવતાં અચકાવું પડે એવું છે. એનાં સર્વ નિરૂપણો પૂરેપૂરાં આધારભૂત હોવાનું પણ પ્રતીત થતું નથી, વસ્તુતઃ ભૂમિકા પાઠવાચન અને પાઠપસંદગી, શબ્દાર્થ અને અનુવાદ, વ્યાકરણી વિશ્લેષણ-આ સર્વ વિષયોમાં ગંભીર કહેવાય એવી ક્ષતિઓ એટલી બધી દેખાય છે કે ચોંકી જવાય છે.'

ઘણાંબધાં વર્ષોથી મારા મનોમુકુરમાં અંકિત થયેલી જયંતભાઇની છવિ તો, સાક્ષરસત્તમ શ્રી ગો. મા. ત્રિપાઠીના 'સાક્ષરજીવન'માં નિરૂપિત નખશિખ સાક્ષરની છે. એમના અભ્યાસખંડનો અસબાબ પણ પંડિતયુગની સ્મૃતિને તાજી કરાવે તેવો. એમની સાથેની ચર્ચામાં ને એમનાં લખાણમાં પણ તર્ક ને ન્યાયની માત્રા ઝાઝી વરતાય. શાસ્ત્રીયતા અને શક્ય તેટલી સંપૂર્ણતાનો એમનો આગ્રહ અને અભિગમ ગુજરાત-ખ્યાત. એને કાજેનો એમનો અવિરત પુરુષાર્થ કોઈ સાચા સારસ્વતને છાજે તેવો. ઇશ્વરદત્ત ને પુરુષાર્થ-પ્રાપ્ત શક્તિ-સિદ્ધિનો ચોકખોચટ હિસાબ આપવામાં એમણે કશો પ્રમાદ સેવ્યો નથી.

સમયને સાર્થક કરવામાં, એ અતંદ્ર જાગ્રતિ દાખવનાર કર્મઠ-વીર હતા. આને પ્રતાપે રળિયાત થઈ જવાય એટલું બધું અ-ક્ષ-ર-ધન એમણે આપણને આપ્યું છે.

વિવેચક તરીકે તેમણે 'ઉપક્રમ', 'અનુક્રમ', 'વિવેચનનું વિવેચન', 'અનુષંગ', 'વ્યાસંગ', 'સાહિત્યિક તથ્યોની માવજત' અને 'વાંક દેખાં વિવેચનો' જેવા અભ્યાસપૂર્ણ ને વિરલ પ્રતિભા દર્શાવતા વિવેચનસંગ્રહો આપ્યા છે. એમના વિવેચનની એક વિશેષતા ને વિશિષ્ટતા એ છે કે પૂર્વના અને પશ્ચિમના વિવેચનના મૂળભૂત સિદ્ધાંતોનો તેઓ કૃતિના વિવેચનમાં યથાર્થ વિનિયોગ કરી શકે છે, જે ગુજરાતી સાહિત્યના ગણતર વિવેચકો કરી શકયા છે. આજથી છ સાલ પૂર્વે (પ્ર. જી. ૧૬-૪-૧૯૯૫) મેં એમના એક વિવેચન સંગ્રહની સમીક્ષા કરતાં લખેલું: 'જે હાથી વજનદાર મોભ ઉપાડે છે તે જ હાથી નાનકડી ટાંકણીને પણ સૂંઢ વતી ઉપાડી લે છે. જયંતભાઇમાં આ બંનેય પ્રકારની શક્તિનું યુગપદ દર્શન થાય છે...આધાર વિના એક પણ અક્ષર પાડવો નહીં એ આદર્શને નખશિખ વરેલા, ખંડ નહીં પણ સાહિત્યના અખંડ દર્શનના આરાધક, તુલનાધારા, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વસ્તુના હાર્દને સતત પામવા મથતા, સ્વસ્થ, ને સમતોલ વિવેચનના પુરસ્કર્તા જયંતભાઇના 'કવિલોક'માંના આ કૃતિલક્ષી વિવેચનો ગુજરાતી સાહિત્યના વિવેચન ક્ષેત્રે આગવી ને નોખી ભાત પાડનાર નીવડશે, એમના લગભગ અર્ધો ડઝન વિવેચન સંગ્રહને માટે પણ મારો ઉપર્યુક્ત અભિપ્રાય યથાવત્ છે.

જે ભગીરથ કાર્ય, કોઈ વિદ્યાસંસ્થાના અનેક વિદ્વાનોની મંડળી કરી શકે તેવું કાર્ય સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઇ કૃત 'જૈન ગૂર્જર કવિઓ'ના દશ બૃહદ્ ખંડોનું નવસંસ્કરણ જયંતભાઇએ એકલે હાથે કર્યું છે. એવું જ એમનું ભગીરથ ને યશોદાયી કામ મધ્યકાલીન કૃતિઓનાં સંપાદનોમાંથી સસંદર્ભ અને સંશોધનપૂર્વક સંકલિત કરેલો, આશરે વીસ હજાર શબ્દોનો કોશ-'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ'-છે. અહીં 'ગુજરાતી સાહિત્ય કોશ' (મધ્યકાલીન)નો પણ ઉલ્લેખ કરવો જોઇએ. વિરલ વિદ્વાનો જ કરી શકે એવાં આ પ્રકાશનોથી જયંતભાઇની વિદ્વત્તા ગુજરાતની સાંકડી સરહદોને અતિક્રમી ગઈ છે. આપણે ત્યાં એક જ વિષયની અનેક મધ્યકાલીન કૃતિઓનો ઐતિહાસિક ને તુલનાત્મક અભ્યાસ રજૂ કરતાં કેટલાંક સંપાદનો થયાં છે તેમાં શ્રી કીર્તિદાબહેન જોષી સાથે કરેલું જયંતભાઇનું સંપાદન 'આરામશોભા રાસમાળા'-સંપાદનનો આદર્શ નમૂનો છે. જયંતભાઇને જેટલો રસ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ને જૈન સાહિત્યમાં છે તેથી રજ માત્ર ઓછો રસ અર્વાચીન ને અદ્યતન સાહિત્યમાં નથી. 'કવિલોક'માંના ૧૮ કવિતાવિષયક લેખો અને 'આસ્વાદ અષ્ટાદશી' વાંચતાં મારા વિધાનની સ્પષ્ટ પ્રતીતિ થશે. 'સંસ્કૃત કાવ્યશાસ્ત્રની આધુનિક કૃતિ વિવેચનમાં પ્રસ્તુતતા' એ, મુંબઈ યુનિવર્સિટીમાં આપેલા ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો પ્રગટ થયાં છે જે જયંતભાઇની પરિપક્વ વિવેચનાની પ્રતીતિ કરાવે છે. પ્રેમાનંદ વિશેનો એમનો લેખ પણ એમની વિવેચન દૃષ્ટિ, સંશોધનશક્તિ અને ગદ્ય-શૈલીની દૃષ્ટિએ વાંચવા જેવો છે.

આવા પ્રકાંડ વિદ્વાન અને દુરારાધ્ય વિવેચક, સ્વ. પ્રો. જયંતભાઈ કોઠારીના અવસાનથી ગુજરાતી સાહિત્યને મોટી ખોટ પડી છે. એમને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પું છું.

[મારા સ્વજનસમા સ્વ. પ્રો. જયંતભાઈ કોઠારી માટે શ્રદ્ધાંજલિ લેખ લખવાનું વિચારતો હતો ત્યાં જ અમારા બંનેના વડીલ સ્નેહી ડૉ. અનામી સાહેબનો લેખ આવતાં હાલ તો મારી સંવેદનાનો સૂર એમાં પુરાવું છું. –તંત્રી]

# સ્વ. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા – જીવન અને લેખન

□ ડૉ. રમણલાલ ચી. શાહ

સ્વ. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા (ઈ.સ. ૧૮૯૪-૧૯૭૯) એટલે જૈન સાહિત્ય-સંશોધનના ક્ષેત્રે વીસમી સદીમાં થઈ ગયેલી એક વિરલ વિભૂતિ. જેમણે કૉલેજ કે યુનિવર્સિટીની કક્ષાએ પ્રાકૃત-અર્ધમાગધીનો વિષય નહોતો લીધો છતાં કૉલેજ અને યુનિવર્સિટીની કક્ષાએ એ વિષયનું અધ્યાપનકાર્ય કર્યું હતું, જેઓ પોતે પીએચ.ડી. થયા નહોતા છતાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના માર્ગદર્શક બન્યા હતા અને ડિ.લિટ્.ની ડિગ્રી માટે નિર્ણાયક (રેફરી) બન્યા હતા, જેમણે સિત્તેરથી વધુ ગ્રંથો અને એક હજારથી વધુ લેખો લખ્યા હતા, જેઓ રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન કે વિભાગીય પ્રમુખસ્થાન કે ઓરિએન્ટલ કૉન્ફરન્સનું પ્રમુખસ્થાન કે પ્રાકૃત-અર્ધમાગધી વિભાગનું પ્રમુખસ્થાન અધિકારપૂર્વક પ્રાપ્ત કરી શક્યા હોત, પરંતુ માન-સત્કાર કે એવાં પદો માટે હંમેશાં નિ:સ્પૃહ અને અલિપ્ત રહ્યા હતા, તથા એ માટે ક્યારેય આયાસ કર્યો નહોતો કે આકાંક્ષા સેવી નહોતી, એવા પ્રો. હીરાલાલભાઈએ પોતાનું સમગ્ર જીવન સતત આર્થિક સંઘર્ષોની વચ્ચે વિદ્યાવ્યાસંગને માટે સંપૂર્ણપણે સમર્પિત કરી દીધું હતું. માત્ર જૈન સાહિત્ય જ નહિ, ઇતર સાહિત્યનો અને સાહિત્યેતર વિષયોનો એમનો અભ્યાસ ઘણો ઊંડો હતો. એમની પ્રતિભા એવી બહુમુખી હતી કે કોઈપણ વિષયમાં એમને અચૂક રસ પડે જ અને એવા વિષય પર પોતે ઉચ્ચસ્તરીય લેખ લખી શકે. એમનું સાહિત્ય વાંચતાં આશ્ચર્ય થાય કે અહો, એમણે કેટલા બધા વિષયોનું કેટલું બધું વાંચ્યું છે ! પાને પાને એમણે સંદર્ભો આપ્યા જ હોય. આટલું બધું એમણે ક્યારે વાંચ્યું હશે ? એવો પ્રશ્ન થાય. એમની સાથે કોઈ પણ વિષયની વાત કરીએ તો જાણે માહિતીનો સ્રોત વહેવા લાગે. એમાં પણ એમની ચીવટ અને ચોકસાઈ એટલી બધી કે આપણે એ માટે એમના ઉપર સંપૂર્ણપણે આધાર રાખી શકીએ. મારું એ સદ્‌ભાગ્ય રહ્યું છે કે એમના ઘનિષ્ઠ સંપર્કમાં આવવાની મને તક મળી છે અને એમની પાસે મને પિતાતુલ્ય વાત્સલ્ય અનુભવવા મળ્યું છે.

હીરાલાલભાઈનું નામ પહેલી વાર મેં સાંભળ્યું હતું ૧૯૪૪માં. એ વર્ષે મેટ્રિકની પરીક્ષા આપીને મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં વિનયન શાખાના પ્રથમ વર્ષમાં હું જોડાયો હતો અને રહેવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય (ગોવાલિયા ટૅંક, મુંબઈ)માં દાખલ થયો હતો. વિદ્યાલયમાં મારી બાજુની રૂમમાં બિપિનચંદ્રભાઈ નામના વિદ્યાર્થી હતા. સરખા રસના વિષયોને કારણે એમની સાથે મારે મૈત્રી થઈ હતી. હું પ્રથમ વર્ષમાં હતો અને તેઓ એમ.એ. થયા પછી ઋગ્વેદ પર પીએચ.ડી.નો અભ્યાસ કરતા હતા. એ વખતે તેઓ મને મકાનની અગાશીમાં રાતને વખતે લઈ જઈને આકાશના તારાનક્ષત્રોની ઓળખ કરાવતા અને દરેકની ખાસિયત સમજાવતા. (એમણે આપેલી નક્ષત્રોની જાણકારી આજે પણ વિસ્મૃત થઈ નથી). કેટલાક તારાનક્ષત્રોનાં દર્શન માટે અમે અડધી રાતે ઊઠીને અગાશીમાં જતાં કે જ્યારે પૂર્વાકાશમાં એનો ઉદય થવાનો હોય. બિપિનચંદ્રભાઈ પાસેથી ત્યારે જાણવા મળેલું કે એમના પિતાશ્રી હીરાલાલ કાપડિયા મોટા લેખક છે અને સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં અર્ધમાગધીના પ્રોફેસર છે.

હીરાલાલભાઈને પહેલી વાર મારે મળવાનું થયું ૧૯૫૧માં. ત્યારે હું મારા પારસી મિત્ર મીનુ દેસાઈ સાથે સૂરત ગયો હતો અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિજયરાય વૈદ્ય, મોહનલાલ પાર્વતીશંકર દવે, કવયિત્રી જ્યોત્સનાબહેન શુક્લ, પ્રો. જે. ટી. પરીખ નટવરલાલ વીમાવાળા (માળવી), ડૉ. રતન માર્શલ, ગની દહીંવાળા વગેરેને મળવા સાથે હીરાલાલભાઈને પણ મળ્યો હતો. ત્યાર પછી ૧૯૬૦થી ૧૯૭૦ના ગાળામાં સૂરત અનેક વાર જવાનું અને એમને મળવાનું થયું. મારા એક વડીલ મિત્ર શ્રી બાબુભાઈ (હીરાચંદ) કેસરીચંદની સાથે જેટલી વાર પ્રવાસે-તીર્થયાત્રાએ નીકળીએ તેટલી વાર અમારો પહેલા મુકામ સૂરતના ગોપીપુરામાં હોય. તેઓ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડના એક મુખ્ય કાર્યકર્તા હતા અને મને એ સંસ્થાના પ્રકાશનોમાં રસ હતો એટલે અમારી વચ્ચે ઉંમરમાં ઘણો તફાવત હોવા છતાં અમારી મૈત્રી સધાઈ હતી. સૂરતીઓના ખાનપાનના શોખમાં બાબુભાઈને સવારમાં દૂધની તાજી મલાઈ ખાવાનો શોખ પણ ખરો. બાબુભાઈ સાથે સૂરતમાં હોઈએ ત્યારે સવારના ઊઠીને તાપીકિનારે ફરવા જઈએ, પછી મલાઈ ખાવા જઈએ અને પછી એમની સાથે એમના સમવયસ્ક મિત્ર હીરાલાલભાઈને મળવા એમના ઘરે જઈએ. ત્યારથી હીરાલાલભાઈ સાથે મારો પરિચય વધ્યો હતો. આ પરિચય વધુ ગાઢ થયો ૧૯૬૩-૬૪માં, પ્રાકૃત 'કુવલયમાળા' ગ્રંથના નિમિત્તે. પ.પૂ. આનંદસાગરસૂરિસાગરજી મહારાજના એક શિષ્ય પૂ. શ્રી હેમસાગરસૂરિએ ઉદ્યોતનસૂરિકૃત પ્રાકૃત 'કુવલયમાળા'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. મૂળ ગાથાઓ, વાક્યો પ્રમાણે અનુવાદ બરાબર થયો છે કે નહિ તથા ગુજરાતી ભાષા, વાક્યરચના વગેરેની દૃષ્ટિએ બરાબર છે કે નહિ એ સળંગ તપાસી આપવાનું કામ એમણે મને સોંપ્યું હતું. મુંબઈમાં તેઓ હતા ત્યારે કામ ચાલું કરેલું, પછી તેમનું ચાતુર્માસ સૂરતમાં હતું. એ વખતે ત્યાં ગોપીપુરામાં નેમુભાઈની વાડીના ઉપાશ્રયે ચાતુર્માસ દરમિયાન હું જતો અને ચારપાંચ દિવસ રોકાતો. આ ગ્રંથની પ્રસ્તાવના લખી આપવાનું મહારાજશ્રીએ હીરાલાલભાઈને સોંપેલું, એટલે હું જ્યારે જ્યારે સૂરત જાઉં ત્યારે ત્યારે હીરાલાલભાઈને રોજેરોજ મળવાનું થતું. આ ગ્રંથના નિમિત્તે અને સમાન રસને લીધે અમારો પરસ્પર પરિચય ઘણો ગાઢ થયો હતો. તેઓ ત્યારે ગોપીપુરામાં કાયસ્થ મહોલ્લામાં રહેતા હતા.

હીરાલાલભાઈનો જન્મ ૨૯મી જુલાઈ ૧૮૯૪ના રોજ (વિ.સં. ૧૯૫૦ના અષાઢ વદ અગિયારના દિવસે) સૂરતમાં થયો હતો. એમના પિતાનું નામ રસિકદાસ અને માતાનું નામ ચંદાગૌરી હતું. તેઓ સૂરતમાં ત્યારે નાણાવટમાં રહેતા હતા.

રસિકદાસને પાંચ સંતાનો હતાં, ત્રણ દીકરા અને બે દીકરી. એમાં સૌથી મોટા તે હીરાલાલ. બીજા બે દીકરા તે મણિલાલ અને ખુશમનભાઈ. બે દીકરીઓ તે નયનસુખ અને શાન્તાબહેન. રસિકદાસના પાંચે સંતાનો બહુ તેજસ્વી હતાં.

સદ્‌ભાગ્યે હીરાલાલભાઈની જન્મકુંડળી એમનાં સ્વજનો પાસેથી મળી છે. ભવિષ્યમાં કોઈને આ કુંડળીના આધારે એમના જીવનનો અભ્યાસ કરવો હોય તો તે ઉપયોગી થઈ શકે એ આશયથી એક દસ્તાવેજી માહિતી તરીકે આ કુંડળી અહીં આપી છે. હીરાલાલભાઈનો જન્મ રોહિણી નક્ષત્રમાં થયો હતો.




(આ ગ્રહોના અંશ આ પ્રમાણે છે : સૂર્ય-૧૨, ચંદ્ર-૧૩, મંગળ-૨૦, બુધ-૧, ગુરુ-૨, શુક્ર-૯, શનિ-૨૬, રાહુ-૧૧)

રસિકદાસના પિતા તે વરજદાસ અને એમના પિતા તે દુલ્લભદાસ. એમની પેઢીનાં નામ આ પ્રમાણે મળે છે : રસિકદાસ→વરજદાસ→દુલ્લભદાસ→હરકિશનદાસ→ગુલાબચંદ→ઝવેરશા→કસ્તુરશા→લખમીશા.

રસિકદાસના વડવાઓ ઈસ્વીસનની અઢારમી સદીમાં ભાવનગરથી સૂરત વેપારાર્થે આવીને વસેલા. આ વડવાઓના પણ વડવાઓ મૂળ ઉત્તર ગુજરાતમાં પાટણના વતની હતા. તેઓ વૈષ્ણવ ધર્મ પાળતા હતા. તેઓ સ્થળાંતર કરતા કરતા કાઠિયાવાડમાં આવેલા. ત્યાંથી કેટલાક સૂરત આવીને વસેલા. એમની જ્ઞાતિ દશા દિશાવળ હતી. આ જ્ઞાતિના કેટલાક સભ્યો જૈન ધર્મ પાળતા અને કેટલાક વૈષ્ણવ ધર્મ. તેઓ વચ્ચે રોટી-બેટીનો વ્યવહાર રહેતો. એમની જ્ઞાતિ પાટણ, ભાવનગર, સૂરત, મુંબઈ વગેરે શહેરો અને આસપાસનાં ગામોમાં પથરાયેલી રહી છે. દુલ્લભદાસે વેપારાર્થે સૂરતમાં આવીને નાણાવટમાં વસવાટ ચાલુ કરેલો.

દુલ્લભદાસના પુત્ર વરજદાસના જીવનમાં એક ઘટના એવી બની કે જેથી તેઓ વૈષ્ણવ મટીને જૈન બની ગયા હતા. એક વખત સૂરતના પોતાના ઘરના વાડામાં ખોદકામ કરતાં ધાતુની એક નાની જિનપ્રતિમા નીકળી. પોતે વૈષ્ણવ હતા એટલે આ પ્રતિમાનું શું કરવું તે વિશે વિચાર કરતાં છેવટે એવો નિર્ણય લીધો કે પ્રતિમાને તાપી નદીમાં પધરાવી દેવી. તેઓ પ્રતિમા લઈને નદીએ ગયા. નદીના સહેજ ઊંડા પાણીમાં જઈને પ્રતિમા જાતે પધરાવવી જોઈએ એટલે કિનારે એક જોડ કપડાં મૂકી તેઓ નદીમાં ઊતર્યા. કમર સુધીના પાણીમાં જઈને તેમણે પ્રાર્થના કરીને પ્રતિમા પધરાવી. ત્યાર પછી તેઓ પાછા ફરતા હતા ત્યારે લાગ્યું કે પોતાના ધોતિયામાં કોઈ પથરો ભરાઈ ગયો છે. એમણે એ હાથમાં લઈને જોયું તો પેલી પ્રતિમા જ હતી. પ્રતિમા પોતે એવી ચીવટપૂર્વક પાણીમાં પધરાવી હતી કે ધોતિયામાં ભરાઈ જાય એવી કોઈ શક્યતા નહોતી. એટલે એમને આ ઘટનાથી આશ્ચર્ય થયું. પ્રતિમા હાથમાં લઈ ફરી તેઓ ઊંડા પાણીમાં ગયા અને પ્રતિમા ચોક્કસાઈપૂર્વક આઘે પધરાવી. પછી પાણીમાં પાછા ફરતા હતા ત્યાં ફરીથી એમને લાગ્યું કે ધોતિયાનો છેડો ખેંચાય છે. પ્રતિમા પાછી તો નહિ આવી હોય ને ? પાણીમાં હાથ નાખીને વસ્તુ બહાર કાઢી તો એમના આશ્ચર્ય વચ્ચે એ જ પ્રતિમા જોવા મળી. બે વખત આવું બન્યું એથી વરજદાસ એકદમ વિચારે ચઢી ગયા. હવે પ્રતિમા પધરાવવી કે નહિ તેની વિમાસણ થઈ. છેવટે એમ નિર્ણય કર્યો કે કોઈની સલાહ લઈને પછી પ્રતિમા પધરાવવી. ઘરે આવીને એમણે બધાંને વાત કરી. બધાંનો એવો મત પડ્યો કે કોઈક જૈન સાધુ મહારાજને પૂછીને પછી એ કહે તેમ કરવું કે જેથી મનમાં વહેમ ન રહી જાય. બીજે દિવસે વરજદાસ પ્રતિમા લઈને પાસેના ઉપાશ્રયમાં એક જૈન સાધુ ભગવંત પાસે ગયા. વિગત જાણીને સાધુ મહારાજે કહ્યું કે 'એવું અનુમાન થાય છે કે તમારા મકાનના આગળના કોઈક માલિકોમાંથી કોઈકને ત્યાં ઘરદેરાસર હશે અને તેઓએ કોઈક આપત્તિના પ્રસંગમાં પ્રતિમાને જમીનમાં ભંડારી દીધી હશે. આ અખંડિત પ્રતિમા નમિનાથ ભગવાનની છે. તમારા હાથે જમીનમાંથી બહાર આવી છે અને તમે એને નદીમાં બે વખત પધરાવવા છતાં એ તમારી પાછળ આશ્ચર્યકારક રીતે આવી છે એટલે એમાં કોઈ સંકેત લાગે છે. પ્રતિમાને તમારું ઘર છોડવું નથી.' ઘણું મંથન કર્યા પછી વરજદાસે નિર્ણય કર્યો કે પોતાના મકાનમાં ઘરદેરાસર (ગૃહચૈત્ય) કરાવવું અને ત્યાં જિનપ્રતિમાની વિધિસર પ્રતિષ્ઠા કરાવવી. એ પ્રમાણે નિર્ણય કરીને એમણે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેમના કુટુંબે જૈન ધર્મ અંગીકાર કર્યો. આ ઘટના પછી જેમ જેમ ચડતી થતી ગઈ તેમ તેમ ઉત્તરોત્તર જૈન ધર્મમાં એમની શ્રદ્ધા દૃઢ થતી ગઈ. એમના પુત્ર રસિકદાસને તો આ જૈન ધર્મ જન્મથી જ વારસામાં મળ્યો હતો. તેઓ નિયમિત જિનમંદિરે પૂજા કરવા જતા અને ઘરદેરાસરમાં પણ પૂજાવિધિ કરતા. તેઓ રોજ ઉપાશ્રયે જતા, વ્યાખ્યાન સાંભળતા, સામાયિક, પ્રતિક્રમણ કરતા. પંજાબકેસરી શ્રી વિજયવલ્લભસૂરિ સાથે એમને ગાઢ સંબંધ રહ્યો હતો. રસિકદાસના આ ધાર્મિક સંસ્કાર હીરાલાલભાઈમાં આવ્યા હતા. તેઓ પૂજા કરવા જતા, સામાયિક પ્રતિક્રમણ કરતા, નવકારશી-ચોવિહાર કરતા. અભક્ષ્યનો એમણે ત્યાગ કર્યો હતો. વળી તેઓ તો જૈન શાસ્ત્રો અને સિદ્ધાન્તોના સારા જાણકાર થઈ ગયા હતા. તેઓ નવપદજીનું ધ્યાન ધરતા. ઉવસગ્ગહરંના જાપમાં એમને અખૂટ શ્રદ્ધા હતી.

રસિકદાસનું કુટુંબ સંસ્કારી અને ધર્મપરાયણ હતું. સૂરતમાં એમનો કાપડનો વેપાર હતો. નાણાવટમાં એમની કાપડની દુકાન હતી. કાપડના એમના વેપારને કારણે એમની અટક કાપડિયા થઈ ગઈ હતી. એની પહેલાં એમની અટક શી હતી તે જાણવા મળતું નથી. પરંતુ 'શાહ', 'મહેતા' અથવા 'પટણી' અટક હોવાનો સંભવ છે એમ એમનાં કુટુંબીજનો કહે છે. અંગ્રેજોના આગમન પૂર્વે લોકોમાં અટકનું બહુ મહત્ત્વ નહોતું.

રસિકદાસની આર્થિક સ્થિતિ મધ્યમ કક્ષાની થઈ ગઈ હતી. એમનો કાપડનો વેપાર જેમતેમ ચાલતો હતો. આથી જ એમણે પોતાના ત્રણે તેજસ્વી દીકરાઓને પોતાના કાપડના વ્યવસાયમાં ન જોડતાં, મુંબઈ મોકલીને કૉલેજ અને યુનિવર્સિટીનું શિક્ષણ અપાવીને ત્યાંના શિક્ષણક્ષેત્રમાં મોકલ્યા હતા. એમની બન્ને દીકરીઓ મેટ્રિક સુધી ભણી હતી, જે એ જમાનામાં અસાધારણ ઘટના ગણાતી.

ઈસવીસનની ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીના પૂર્વાર્ધમાં, સમગ્ર ભારતમાં કેળવણીની પદ્ધતિ આજે જેવી છે તેવી એકસરખી નહોતી. અંગ્રેજોએ મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં ૧૮૫૭માં યુનિવર્સિટીઓની સ્થાપના કરીને બ્રિટિશ હકુમતના પ્રદેશમાં એકસરખી અંગ્રેજી પદ્ધતિની કેળવણી દાખલ કરી, પણ તે મુખ્યત્વે મોટાં શહેરો પૂરતી ત્યારે મર્યાદિત રહી હતી. જુદાં જુદાં દેશી રાજ્યોમાં જુદી જુદી કેળવણીની પદ્ધતિ હતી. ગુજરાતમાં ત્યારે બે પ્રકારની શાળાઓ હતી : ગુજરાતી વર્નાક્યુલર ફાઈનલના પ્રકારની અને હાઈસ્કૂલ તથા મેટ્રિક્યુલેશનના પ્રકારની. ગુજરાતી ચાર ધોરણ સુધીની શાળા તે પ્રાથમિક શાળા હતી. 'ધોરણ'ને બદલે 'ચોપડી' શબ્દ ત્યારે વપરાતો, જેમ કે

'પહેલી ચોપડી', 'બીજી ચોપડી' ઈત્યાદિ, કારણ કે મુખ્ય પાઠ્યપુસ્તક પર એ રીતે 'પહેલી ચોપડી', 'બીજી ચોપડી' એમ છપાતું. ચાર ધોરણ પછી જે વિદ્યાર્થીઓને હાઈસ્કૂલમાં ભણવા જવું હોય તેઓ તેમાં દાખલ થતા. જે વિદ્યાર્થીઓને હાઈસ્કૂલમાં ભણવા ન જવું હોય અને આગળ ભણવું હોય તેઓને માટે બીજાં ત્રણ કે પાંચ વર્ષનો અભ્યાસક્રમ રહેતો. તેમાં ઈંગ્લિશ ભાષાનો વિષય રહેતો નહિ. એવી શાળાઓને ગુજરાતી વર્નાક્યુલર ફાઈનલ કહેવામાં આવતી. ઘણીખરી છોકરીઓ અને કેટલાક છોકરાઓ આ ફાઈનલ સુધીની કેળવણી લેતાં. અંગ્રેજી કેળવણી સાત ધોરણ સુધીની રહેતી. સાતમું ધોરણ તે મેટ્રિક. પહેલાં ત્રણ ધોરણની શાળાઓ મિડલસ્કૂલ તરીકે ઓળખાતી. એવી શાળાઓ 'એંગ્લો-વર્નાક્યુલર (એ.વી. સ્કૂલ)' તરીકે ઓળખાતી. શહેરો અને મોટાં ગામોમાં એવી એ.વી. સ્કૂલો ઉત્તરોત્તર વધતી જતી હતી.

એ જમાનામાં મેટ્રિકની પરીક્ષા એટલી સહેલી નહોતી. વળી બધાં શહેરોમાં મેટ્રિક સુધીનું શિક્ષણ આપવાની વ્યવસ્થા નહોતી. કોઈ વિદ્યાર્થી મેટ્રિક થાય એટલે ગામમાં જાણે મોટો ઈતિહાસ સર્જાતો. મેટ્રિક થનાર વિદ્યાર્થીઓનાં ઠેર ઠેર જાહેર સન્માન થતાં. પોતપોતાની જ્ઞાતિ તરફથી મેળાવડા થતા અને ફ્રેમમાં મઢીને છાપેલાં સન્માનપત્ર અપાતાં.

હીરાલાલભાઈ ભણવામાં એટલા તેજસ્વી હતા કે મિડલસ્કૂલમાં અને હાઈસ્કૂલમાં એમને શિષ્યવૃત્તિ મળી હતી. એમણે ૧૯૧૦માં વર્નાક્યુલર ફાઈનલ અને મેટ્રિક્યુલેશનની એમ બંને પરીક્ષા સાથે આપી હતી. અને બંનેમાં સારા માર્ક્સ સાથે તેઓ ઉત્તીર્ણ થયા હતા.

એ દિવસોમાં કરાંચીથી ધારવાડ સુધીનો વિસ્તાર મુંબઈ ઈલાકા તરીકે ઓળખાતો. આખા ઈલાકામાં કૉલેજનું શિક્ષણ ત્રણ-ચાર શહેરોમાં જ અપાતું અને તેમાં પણ મુખ્યત્વે મુંબઈમાં જ હતું. આથી વિદ્યાર્થીઓ મુંબઈમાં ભણવા આવતા અને કૉલેજની હૉસ્ટેલમાં કે સગાંને ત્યાં અથવા રૂમ ભાડે રાખીને રહેતા અને ભણતા. હીરાલાલભાઈ ૧૯૧૦માં મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા હતા. ત્યારે કૉલેજનો ચાર વર્ષનો અભ્યાસક્રમ હતો : પ્રિવિયસ, ઈન્ટર, જુનિયર અને સિનિયરનો.

ઈન્ટર આર્ટસની પરીક્ષામાં સારા માર્ક્સ મળતાં હીરાલાલભાઈને શિષ્યવૃત્તિ મળી હતી. વળી ગણિતના વિષયમાં સૌથી વધુ માર્ક્સ મેળવવાને માટે એમને 'કામા પ્રાઈઝ' મળ્યું હતું. આ પ્રાઈઝને લીધે જ તેઓ ગણિત જેવો અત્યંત કઠિન વિષય બી.એ.માં પણ લેવા પ્રેરાયા હતા. ૧૯૧૪માં તેઓ ગણિતના વિષય સાથે પરીક્ષામાં બેઠા અને બી.એ. ઓનર્સની ડિગ્રી પ્રાપ્ત કરી. એમાં પણ ઘણા સારા માર્ક્સ સાથે તેઓ પાસ થયા અને આગળ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મળી એટલે એમ.એ.માં પણ તેમણે એ જ વિષય રાખ્યો હતો. ત્યારે એમ.એ.નો અભ્યાસ જાતે કરવો પડતો. તૈયારી થાય ત્યારે વિદ્યાર્થીઓ અગાઉથી નામ નોંધાવીને પરીક્ષા આપી શકતા. હીરાલાલભાઈને એ તૈયારી કરતાં ચાર વર્ષ લાગ્યાં.

૧૯૧૮માં ગણિતના વિષય સાથે હીરાલાલભાઈ મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. થયા. ગણિતનો વિષય એટલો કઠિન ગણાતો કે બી.એ.માં જ બહુ ઓછા વિદ્યાર્થીઓ એ વિષય લેતા અને એમ.એ.માં તો એથી પણ ઓછા વિદ્યાર્થીઓ રહેતા. વળી એ વિષયના પ્રશ્નપત્રો એટલા અઘરા નીકળતા કે કેટલીકવાર તો કોઈ વિદ્યાર્થી પાસ ન થઈ શકે. હીરાલાલભાઈ એમ.એ. થયા એ વર્ષે ગણિતના વિષયમાં પાસ થનાર ફક્ત તેઓ એકલા જ હતા.

હીરાલાલભાઈના બંને ભાઈઓ પણ ભણવામાં તેજસ્વી હતા. એમના ભાઈ મણિલાલભાઈ ફિઝિક્સનો વિષય લઈ બી.એસસી.માં અને એમ.એસસી.માં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે આવ્યા હતા. ત્યાર પછી એમણે એ વિષયના પ્રાધ્યાપક તરીકે કૉલેજમાં કાર્ય કર્યું હતું. એમણે પોતાના વિષયમાં સંખ્યાબંધ સંશોધન લેખો લખ્યા હતા.

હીરાલાલભાઈના બીજા ભાઈ ખુશમનભાઈ કેમિસ્ટ્રીના વિષય સાથે બી.એસસી.માં અને એમ.એસસી.માં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે આવ્યા હતા. એમણે મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં એ વિષયના પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું. દુર્ભાગ્યે નાની વયે તેઓ અવસાન પામ્યા હતા.

આમ કાપડના વેપારી રસિકદાસના ત્રણે તેજસ્વી પુત્રોએ મુંબઈમાં આવી શિક્ષણના ક્ષેત્રમાં કૉલેજના પ્રોફેસર તરીકે કાર્ય કર્યું હતું.

હીરાલાલભાઈ બી.એ.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા હતા ત્યારે ઓગણીસ વર્ષની વયે, ઈ.સ. ૧૯૧૩માં (વિ.સં. ૧૯૬૯માં) વૈશાખ વદ તેરસના રોજ એમનાં લગ્ન ભાવનગરના, એમની દશા દિશાવળ જ્ઞાતિના શેઠ શ્રી છોટાલાલ કલ્યાણદાસનાં દીકરી ઈન્દિરાબહેન સાથે થયાં હતાં. ઈંદિરાબહેનની ઉંમર ત્યારે પંદર વર્ષની હતી. એમનો જન્મ ભાવનગરમાં ઈ.સ. ૧૮૯૮ (વિ.સં. ૧૯૫૪માં) માહ સુદ સાતમના રોજ થયો હતો. એમનું કુટુંબ વૈષ્ણવ ધર્મ પાળતું હતું.

ઈંદિરાબહેને નાની વયમાં જ માતાપિતા ગુમાવ્યાં હતાં. આથી એમનો ઉછેર એમના મોટા ભાઈ રાવસાહેબ વૃંદાવન છોટાલાલ જાદવ અને એમનાં પત્ની સન્મુખગૌરીની છત્રછાયામાં થયો હતો.

ઈંદિરાબહેન ભણવામાં તેજસ્વી હતાં. શાળામાં તેઓ પ્રથમ નંબરે આવતાં. એમણે અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેર વર્ષની વયે એમણે ભાવનગરના દશા દિશાવળ કેળવણી મંડળ તરફથી યોજાયેલી નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. નિબંધનો વિષય હતો 'માબાપની છોકરાઓ પ્રત્યેની ફરજ અને છોકરાંઓની માબાપ પ્રત્યેની ફરજ'. આ સ્પર્ધામાં એમનો નિબંધ સર્વશ્રેષ્ઠ ગણાયો હતો અને એમને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

શાળામાં ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કર્યા પછી ઈંદિરાબહેને ઘરે રહીને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો હતો. લગ્ન પછી એમણે ઈ.સ. ૧૯૧૭માં પોતાની જ્ઞાતિના એ જ કેળવણી મંડળ તરફથી યોજાયેલી નિબંધ સ્પર્ધામાં 'પોતે કરેલા ખાસ પ્રવાસનું વર્ણન' એ વિષય પર નિબંધ લખી પ્રથમ પારિતોષિક મેળવ્યું હતું.

૧૯૧૮માં એમ.એ. થયા પછી હીરાલાલભાઈને મુંબઈની વિલસન કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે નિમણૂક મળી હતી. એ દિવસોમાં શાળા અને કૉલેજમાં અધ્યાપક તરીકે નોકરી કરનાર માટે બી.ટી. (આજની બી.એડ.)ની ડિગ્રી ફરજિયાત હતી. હીરાલાલભાઈ પાસે એ ડિગ્રી નહોતી. પરંતુ અરજી કરનાર ઉમેદવારોમાં તેમના માર્ક્સ સૌથી સારા હતા અને એમનો ઈન્ટરવ્યૂ પણ એવો સારો ગયો હતો કે કૉલેજે યુનિવર્સિટીની ખાસ પરવાનગી મેળવીને બી.ટી.ની ડિગ્રી વગર ગણિતના પ્રાધ્યાપક તરીકે એમની નિમણૂક કરી હતી.

કૉલેજમાં નોકરી મળતાં તેઓ ઈંદિરાબહેન સાથે મુંબઈ રહેવા આવ્યા હતા. ભૂલેશ્વરમાં ભગતવાડીમાં તેમણે એક મકાનમાં ત્રીજે માળે ડબલ રૂમ ભાડે રાખી હતી. તેઓ ત્યાંથી પગે ચાલીને રોજ વિલસન કૉલેજમાં જતા. એ દિવસોમાં તેઓ કોટ, પેન્ટ, ટાઈ, બુટ, મોજાં વગેરે પહેરતા. ઘરમાં પહેરણ અને ધોતિયું પહેરતા. તેઓ ધાર્મિક વૃત્તિના હતા એટલે

કૉલેજમાં જતાં પહેલાં રોજ સવારે નાહીને પાસે આવેલા ચિંતામણિ પાર્શ્વનાથ કે ગોડીજી પાર્શ્વનાથના દેરાસરે પૂજા કરવા જતા. સવારના શાક વગેરે લાવવાનું કામ પણ જાતે કરતા. વિલસન કૉલેજમાં ભણાવ્યા પછી એમણે ધોબીતળાવ પર આવેલી સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું અને ત્યાર પછી બે વર્ષ એ જ વિસ્તારમાં બાજુમાં આવેલી સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું હતું. આમ ૧૯૧૮થી ૧૯૨૪ સુધી હીરાલાલભાઈ ગણિતના વિષયના પ્રાધ્યાપક રહ્યા હતા.

ગણિતના વિષયમાંથી પ્રાકૃતના વિષય તરફ હીરાલાલભાઈ કેવી રીતે વળ્યા એ પણ એક રસિક ઘટના છે. તેઓ ગણિતનો વિષય કૉલેજમાં ભણાવતા હતા તે દરમિયાન કુટુંબના ધર્મસંસ્કાર તથા સાધુ-ભગવંતો સાથેના પરિચયથી એમને જાણવા મળ્યું હતું કે જૈન શાસ્ત્રગ્રંથોમાં ગણિતાનુયોગ નામનો વિભાગ છે. આથી એ વિષયમાં પ્રવેશવાની એમને સહજ રુચિ થઈ. પરંતુ એ બધું સાહિત્ય તો અર્ધમાગધી ભાષામાં હતું. આથી એમણે સ્વબળે અર્ધમાગધી પણ શીખવા માંડ્યું. દરમિયાન એમને એવો વિચાર પણ આવ્યો કે જૈન ગણિતાનુયોગની કેટલીક વાતો જો અંગ્રેજીમાં મૂકવામાં આવે તો ઘણા લોકો સુધી, ખાસ તો એ વિષયના વિદ્વાનો સુધી પહોંચે. આથી એમણે 'Jain Mathematics' એ વિષય પર સંશોધન લેખ તૈયાર કરવા માટે મુંબઈ યુનિવર્સિટીને અરજી કરી. તે મંજૂર થઈ અને એમને રિસર્ચ ગ્રાન્ટ મળી. આથી તેઓ એ વિષયમાં પૂરા મનથી લાગી ગયા અને થોડા વખતમાં જ પ્રાકૃત ભાષાના રસિયા બની ગયા.

હીરાલાલભાઈ કૉલેજમાં ગણિતનો વિષય ભણાવતા હતા, પરંતુ બી.એ. અને એમ.એ.માં એ વિષય લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી જ ઓછી રહેતી હોવાને કારણે પ્રાધ્યાપક તરીકેની નોકરીની અનિશ્ચિતતા રહેતી. વિલસન કૉલેજના યુરોપિયન પ્રિન્સિપાલ પોતે ગણિતના વિષયના પ્રાધ્યાપક હતા. એટલે એમને હીરાલાલભાઈ પ્રત્યે સદ્ભાવ હતો. તેઓ હીરાલાલભાઈને નભાવતા. પરંતુ પછી એ નોકરી છોડવાનો વખત આવ્યો. અલબત્ત ત્યાર પછી એમને તરત બીજે નોકરી મળી ગઈ. પણ મનમાં ખાતરી થઈ ગઈ કે આગળ જતાં મુશ્કેલી આવશે. આથી એમણે પોતાનું ધ્યાન પ્રાકૃત ભાષા તરફ વાળ્યું. એવામાં પૂનાના ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરની જાહેરાત આવી. તેઓને સરકાર તરફથી મળેલી જૈન ધર્મની, અર્ધમાગધીમાં લખાયેલી હસ્તપ્રતોનું વર્ણનાત્મક સૂચીપત્ર તૈયાર કરાવવું હતું. એ માટે હીરાલાલભાઈએ અરજી કરી અને બી.એ. તથા એમ.એ.માં એમનો અર્ધમાગધી વિષય ન હોવા છતાં એમની એ વિષયની સજ્જતા જોઈને હસ્તપ્રતોના કામ માટે સંસ્થાએ એમની નિમણૂંક કરી હતી.

ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરમાં ૧૯૩૦થી ૧૯૩૬ના ગાળા સુધીમાં થોડો થોડો વખત મુંબઈથી પૂના જઈને અને ત્યાં રહીને એમણે હસ્તપ્રતોનું કામ કરવા માંડ્યું હતું. એ રીતે તેઓ બધું મળીને સાડા ત્રણ વર્ષ પૂનામાં રહ્યા હતા. ત્યાં એમણે એ સંસ્થાની જૈન ધર્મની સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં લખાયેલી આશરે સાડાત્રણ હજાર હસ્તપ્રતોનું સૂચીપત્ર (Descriptive Catalogue) તૈયાર કરી આપ્યું, જે એ સંસ્થા તરફથી પ્રકાશિત થયેલું છે. આ રીતે સાડા ત્રણ હજાર હસ્તપ્રતોનાં પાનેપાનાં એમના હાથમાં ફરી ગયાં. હસ્તપ્રતોની લિપિ વાંચવાનું કામ ઘણું શ્રમભરેલું છે. આ કામ કરવાથી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની એમની સજ્જતા વધતી ગઈ. એમનું શબ્દજ્ઞાન પણ વધતું ગયું. પ્રાકૃત ભાષાનો એમણે કોઈ શૈક્ષણિક સંસ્થામાં વ્યવસ્થિત અભ્યાસ કર્યો નહોતો. એ વિષયમાં એમણે કોઈ ડિગ્રી પણ મેળવી નહોતી. એમ છતાં કુટુંબના સંસ્કાર, દૃઢ મનોબળ, ખંત, ઉત્સાહ, સૂઝ ને અભ્યાસથી એમણે પ્રાકૃત-અર્ધમાગધી ભાષા પર, અસાધારણ પ્રભુત્વ મેળવી લીધું હતું. એમાં પૂનાના હસ્તપ્રતોના કામે ઘણી સહાય કરી. પ્રાકૃત ભાષા માટે એમની પ્રીતિ એટલી બધી વધી ગઈ કે એને માટે સંસ્કૃત શબ્દ 'પ્રાકૃત' બોલવાને બદલે 'પાઈય' શબ્દ બોલવો અને લખવો એમને વધુ ગમતો. પાઈયમાં બોલવું કે લખવું એ એમને મન રમત વાત થઈ ગઈ. એમણે પ્રાકૃત ભાષાનું વ્યાકરણ લખ્યું અને એનો શબ્દકોશ પણ તૈયાર કરીને છપાવ્યો. આ રીતે ગણિત ઉપરાંત વ્યાકરણ અને શબ્દકોશ પણ એમના રસના વિષયો બની ગયા. આગળ જતાં એમણે 'પાઈય (પ્રાકૃત) ભાષા અને સાહિત્ય' એ નામનો ગ્રંથ લખ્યો. એમાં એમણે પ્રાકૃત ભાષાનું સ્વરૂપ, એના પ્રકારો અને એમાં લખાયેલા સાહિત્યનો સવિગત પરિચય આશરે અઢીસો પેટાશીર્ષક હેઠળ આપ્યો છે.

હીરાલાલભાઈ અને ઇંદિરાબહેનનું દામ્પત્યજીવન કેટલું મધુર હતું. તેની પ્રતીતિ તો હીરાલાલભાઈએ એમનાં અંગ્રેજી પુસ્તક 'The student's English Paiya Dictionary'ની અર્પણ પત્રિકા વાંચતાં થાય છે. આ પુસ્તક એમણે ઇંદિરાબહેનને અર્પણ કર્યું છે અને એની અર્પણપત્રિકા પ્રાકૃત ભાષામાં લખી છે, જે નીચે પ્રમાણે છે :

पणामपत्तिमा-जीए मज्झ नाणाराहणम्मि सययमणेगहा सुगमत्तणं कडं तीए मे धम्मपदिणीए इन्दिराए पणमिज्झइ साणन्दं इमो विज्जत्थिणो अङ्गिल-पाइय सद्दकोसो हीरालालेण सिरि रसिकदास तणएण वीरसंवच्छरे २४६७ मे नाण पञ्चमीए इन्दुवासरे (४-११-४०)

રસિકદાસના ત્રણે દીકરાઓ મુંબઈ રહેવા ગયા હતા. બીજી બાજુ સૂરતમાં એમની તબિયત સારી રહેતી નહોતી અને દુકાન પણ બરાબર ચાલતી નહોતી આથી તેઓ પત્ની સાથે મુંબઈમાં હીરાલાલભાઈ સાથે રહેવા આવી ગયા.

આ બાજુ પૂનાના ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરનું કાર્ય પૂરું થઈ જતાં અને આવક બંધ થતાં હીરાલાલભાઈ માટે ફરી પાછો કુટુંબના નિર્વાહનો સવાલ ગંભીર બની ગયો હતો. તેમાં માતાપિતા સૂરતથી રહેવા આવેલાં. બંને નાના ભાઈઓ અને બંને બહેનોનાં લગ્નના ખર્ચ થોડે થોડે વખતે આવેલા. બીજા વ્યવહારો કરવાના આવતા. પોતાના સંતાનોને ભણાવવાનો ખર્ચ હતો. કમાણી કંઈ જ નહિ અને ખર્ચ તો વધતા જ જતા હતા. માથે દેવું થતું જતું હતું. આવી તંગ પરિસ્થિતિમાં કામકાજ વગરના હીરાલાલભાઈ વારંવાર નિરાશ થઈ જતા. એમ કરતાં કરતાં તનાવ અને તીવ્ર હતાશાને લીધે તેઓ માનસિક રીતે ભાંગી પડવા લાગ્યા. તેમને નર્વસ બ્રેકડાઉન જેવું થઈ ગયું હતું. આવી માનસિક દશામાં એમના વિષમ દિવસો પસાર થતા હતા. એવામાં એક દિવસ આપઘાત કરવાનો વિચાર એમના મનમાં આવી ગયો. તેઓ મકાનના કઠેડા ઉપર ચઢી પડતું મૂકવા જતા હતા ત્યાં એમનું સતત ધ્યાન રાખનાર એમનાં પત્ની ઇંદિરાબહેને તરત પાસે દોડી જઈ એમનું પહેરણ ખેંચીને નીચે ઉતાર્યા અને ઘરમાં લઈ આવ્યાં. ત્યાર પછી તેઓ સતત હીરાલાલભાઈની સંભાળ રાખવા લાગ્યાં અને સાંત્વન આપવા લાગ્યાં. આ માનસિક માંદગી બે વર્ષ ચાલી એની અસર હીરાલાલભાઈના શરીર ઉપરાંત એમની બુદ્ધિશક્તિ અને સ્મરણશક્તિ ઉપર થઈ.

કુટુંબીજનોએ એક કુશળ વૈદ્યના ઉપચાર ચાલુ કર્યા. વૈદ્યે એક ઔષધિ દૂધમાં પલાળીને રોજ સવારના ખાવા માટે આપી હતી. એમ કરતાં ધીરે ધીરે એમની માનસિક સ્વસ્થતા વધતી ગઈ અને સ્મરણશક્તિ પણ પાછી આવવા લાગી. બે વર્ષને અંતે તેઓ પહેલાંના જેવા જ સ્વસ્થ થઈ ગયા. સ્મૃતિશક્તિ બરાબર સારી થઈ ગઈ. ત્યાર પછી તેઓ પોતાનું લેખનકાર્ય પહેલાંની જેમ જ વ્યવસ્થિત રીતે કરવા લાગ્યા હતા.

હીરાલાલભાઈનાં ચારે સંતાનો ભણવામાં તેજસ્વી હતાં. એમને ભણાવવાનો ખર્ચ વધતો જતો હતો, પરંતુ પોતાને કોઈ નોકરી મળતી નહોતી. સંશોધનકાર્ય માટે યુનિવર્સિટી તરફથી મુકરર કરેલી સહાય મળતી. પણ એવી નજીવી રકમમાંથી કુટુંબનું ભરણપોષણ ક્યાંથી થાય? એવામાં સગાની ભલામણથી સૂરતના એક મહિલા વિદ્યાલયમાં એમને એક શિક્ષક તરીકેની નોકરી મળી ગઈ એટલે તેઓ સપરિવાર સૂરત આવીને રહ્યા. સૂરતમાં સમય મળતો હોવાથી એમની તથા ઈંદિરાબહેનની લેખનપ્રવૃત્તિ ફરીથી ચાલુ થઈ.

ઈંદિરાબહેનમાં લેખનશક્તિ તો હતી, પણ લગ્ન પછી સંયુક્ત કુટુંબનું જીવન, સૂરત, મુંબઈ, પૂના એમ જુદે જુદે સ્થળે ઘર વસાવવું, ઘરકામ કરવું, સંતાનોને ઉછેરવાં અને પતિ હીરાલાલભાઈની સારસંભાળ રાખવી તથા એમનાં લખાણોની નકલ કરી આપવી, ગ્રંથોમાંથી સંદર્ભો કાઢી આપવા વગેરેમાં એમનો સમય વપરાઈ જતો. આથી તેઓ ખાસ કશું લખી શકેલાં નહિ, પરંતુ સૂરત આવવાનું થયું ત્યાર પછી એમને કેટલોક સમય મળવા લાગ્યો. એ વખતે એમણે 'પ્રાચીન અને અર્વાચીન સમયની સ્ત્રીઓનો પહેરવેશ' એ વિષય ઉપર એક સચિત્ર પુસ્તક તૈયાર કર્યું જે ૧૯૩૯માં પ્રકાશિત થયું છે. આ પુસ્તક વાંચતાં પ્રતીતિ થાય છે કે આટલા એક નાના વિષયનો કેટલો બધો ઊંડો અભ્યાસ એમણે કર્યો છે ! એમાં કેટલી બધી પારિભાષિક માહિતી એમણે આપી છે, જેમાંની કેટલીક તો હવે કાલગ્રસ્ત થઈ ગઈ છે. કોઈ યુનિવર્સિટીના પીએચ.ડી.ના શોધપ્રબંધ જેટલી યોગ્યતા આ ગ્રંથ ધરાવે છે. આ ગ્રંથ પછી એમની લેખનપ્રવૃત્તિ ફરી શાન્ત થઈ ગઈ; કારણ કે એમણે બધો સમય હીરાલાલભાઈના લેખનકાર્યમાં સહાયરૂપ થવામાં જ સમર્પિત કર્યો હતો.

મહિલા વિદ્યાલયની નોકરી અને લેખનકાર્ય ચાલતાં હતા તે દરમિયાન એમ.ટી.બી. કૉલેજના પ્રાધ્યાપક અને આચાર્ય શ્રી એન. એમ. શાહે હીરાલાલભાઈમાં અંગત રસ લીધો. પ્રાકૃત ભાષામાં હીરાલાલભાઈએ જે સંગીન કાર્ય કર્યું તેને પરિણામે એમને સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં આચાર્ય શ્રી એન. એમ. શાહે પ્રાકૃત-અર્ધમાગધી વિષયમાં પ્રાધ્યાપક તરીકે નિમણૂંક અપાવી. હીરાલાલભાઈએ બી.એ. અને એમ.એ.માં પ્રાકૃતનો વિષય લીધો નહોતો અને યુનિવર્સિટીના નિયમ મુજબ તો જેમણે બી.એ. અને એમ.એ.માં પ્રાકૃતનો વિષય લીધો હોય તે જ કૉલેજમાં એ વિષય ભણાવી શકે. પરંતુ હીરાલાલભાઈએ પ્રાકૃત ભાષાના વિષયમાં જે સંશોધન લેખો લખ્યા હતા અને પૂનામાં એ વિષયમાં જે સંગીન કાર્ય કર્યું હતું તે જોતાં, એમની સજ્જતા અને યોગ્યતાની પ્રતીતિ થતાં મુંબઈ યુનિવર્સિટીએ એ વિષયમાં એમની પ્રાધ્યાપક તરીકે નિમણૂંક કરવાની અપવાદરૂપે છૂટ એમ.ટી.બી. કૉલેજને આપી હતી. આ ઘટના પણ એ વાતની ખાતરી કરાવે છે કે તેઓ જે વિષયનો અભ્યાસ કરતા તેમાં ઘણાં ઊંડા ઊતરતા અને તેમાં લેખન-અધ્યયન કરવાની તથા અધ્યાપન કરાવવાની યોગ્યતા પ્રાપ્ત કરતા.

હીરાલાલભાઈએ પહેલાં મુંબઈમાં ગણિતના વિષયના અને પછીનાં વર્ષોમાં સૂરતમાં એમ.ટી.બી. કૉલેજમાં પ્રાકૃત-અર્ધમાગધીના વિષયના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. આ પ્રાકૃત ભાષાનો વિષય લેનારા વિદ્યાર્થીઓ પણ હંમેશાં ઘણાં જ ઓછાં રહ્યા છે. આથી ઈતર વિષયોના પ્રાધ્યાપકોને જેટલું કામ રહે તેટલું ગણિત કે પ્રાકૃતના પ્રાધ્યાપકોને ન રહે. આથી હીરાલાલભાઈને પહેલેથી જ લેખન-વાંચન માટે ઘણો અવકાશ રહ્યો અને એમની રુચિ પણ એ પ્રમાણે ઘડાતી રહી હતી. તેઓ ગ્રંથો વસાવતા કે જેથી જ્યારે જે ગ્રંથ જોવો હોય તે તરત ઘરમાં હાજર હોય. એમનો ગ્રંથસંગ્રહ વિશાળ હતો. તેઓ સવારે સાડાનવથી દસ વાગ્યા સુધીમાં જમી લેતા અને પછી વાંચવા-લખવા બેસી જતા. એક સાથે ઘણાં પુસ્તકોના સંદર્ભ જોવાના હોય એટલે તેઓ પલંગમાં ઈસ્કોતરો રાખી તેના પર લખતા અને પોતાની આજુબાજુ જરૂરી પુસ્તકો રહેતાં. લેખના વિષય પ્રમાણે પુસ્તકો બદલાતાં. એમનાં પત્ની અને સંતાનો તેઓ મંગાવે તે પુસ્તક અભરાઈ કે કબાટમાંથી કાઢી લાવતા. હીરાલાલભાઈ સ્ટીલની ટાંકવાળા હોલ્ડરથી, ખડિયામાં તે બોળી બોળીને લખતા. તેઓ બજારમાંથી લાલ, ભૂરી, કાળી શાહીની ટીકડીઓ લાવી હાથે શાહી બનાવીને મોટા ખડિયામાં ભરી લેતા. તેમણે જિંદગીભર હોલ્ડરથી જ લખ્યું છે. ઈન્ડિપેનની શોધ થયા પછી પણ તેમણે હોલ્ડરથી જ લખવાનું ચાલું રાખ્યું હતું. લખતી વખતે તેઓ પાસે ચણા-દાળિયા રાખતા. લખતાં થાક લાગે ત્યારે વચ્ચે તે ખાઈ લેતા. લખવા માટે તેઓ નવા કોરા કાગળ અનિવાર્ય હોય ત્યારે જ વાપરતા. એકંદરે તો ગાંધીજીની કરકસરની ભાવનાથી પ્રભાવિત થયેલા એટલે છાપેલા કાગળોની પાછળની કોરી બાજુમાં પોતાના લેખ લખતા. કેટલીક વાર તેઓ ટપાલમાં આવેલી નિમંત્રણ પત્રિકાઓ ઈત્યાદિના કોરા હાંસિયામાં મુદ્દા ટપકાવી લેતા અને પીન ભરાવીને રાખતા.

એ જમાનામાં અંગ્રેજીમાં લખાયેલા સંશોધનલેખો પ્રકાશિત કરવા માટે માત્ર ગુજરાત જ નહિ, સમગ્ર ભારતમાં ખાસ કોઈ સામાયિકો નહોતાં. બહુધા એવા વિદ્વદ્‌ભોગ્ય સંશોધન લેખો યુનિવર્સિટીઓનાં જર્નલોમાં છપાતા. યુનિવર્સિટીઓમાં સંશોધન દાન (Research Grant)ની વ્યવસ્થા હતી. ભિન્ન ભિન્ન પ્રકારની શિષ્યવૃત્તિઓ પણ એ માટે અપાતી. પ્રાકૃત-અર્ધમાગધી ભાષા અને જૈન સાહિત્યના વિષયોમાં અંગ્રેજી ભાષામાં સંશોધન લેખો લખનાર વિદ્વાનો ત્યારે ગુજરાતમાં જૂજ હતા એટલે એ વિષયમાં હીરાલાલભાઈને મુંબઈ યુનિવર્સિટીમાંથી શિષ્યવૃત્તિ કે સંશોધન દાન મળતાં. એ માટે તેઓ વિવિધ વિષયો તૈયાર કરતા. સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં તેઓ ભણાવતા હતા તે દરમિયાન તથા એ કૉલેજમાંથી નિવૃત્ત થયા તે પછી એમણે કેટલુંક લેખનકાર્ય મુંબઈ યુનિવર્સિટીના ઉપક્રમે કર્યું હતું. હીરાલાલભાઈએ સંશોધનદાનની યોજના હેઠળ ભિન્ન ભિન્ન સમયે નીચે પ્રમાણે અંગ્રેજીમાં સંશોધનગ્રંથો તૈયાર કર્યા હતા, જે યુનિવર્સિટીએ અથવા અન્ય કોઈ સંસ્થાએ પ્રકાશિત કર્યા હતા.

(૧) The Jain Mathematics. (૨) Outlines of Paleography. (૩) The Jain System of Education. (૪) The Doctrine of Ahimsa in the Jain Canon. (૫) Reconstruction of Ardhamagadhi Grammar. (૬) A History of the Canonical Literature of the Jainas.

મુંબઈ યુનિવર્સિટીએ હીરાલાલભાઇને વખતોવખત સંશોધનદાન આપ્યું હતું. એ દર્શાવે છે કે યુનિવર્સિટીની એ વિષયની સમિતિને એમના સંશોધનકાર્યથી પૂરો સંતોષ થયો હતો. એમનું સંશોધનકાર્ય અભ્યાસનિષ્ઠ, પ્રમાણભૂત, તટસ્થ અને નાની નાની જાણવા જેવી ઘણી બધી વિગતોથી સભર હતું.

(ક્રમશઃ)

# ઇતિહાસની આરસીમાં જૈન નગરી ખંભાત

☐ નટવરલાલ એસ. શાહ

ખંભાત નગરી પુરાણપ્રસિદ્ધ છે. એ વિધવિધ નામથી પ્રખ્યાત છે. કાળક્રમે નામ-ઠામ અને રહેણીકરણી બદલાતી રહી છે, પરંતુ ઇતિહાસની આરસીમાં જૈન નગરી ખંભાતનું નામ આજે પણ જાણીતું છે. ભલે વર્તમાને એના વેપારવણજમાં ઓટ આવી ગઈ હોય અને એક કાળે ચોરાસી ચૌટે અને બાવન બજારે ઓપતું ખંભાત ખૂણે પડી ગયું હોય અને એનો દરિયાઈ વેપાર ઠપ થઈ ગયો હોય, કિંતુ એની ધર્મભાવના, ઉજ્જવળ સંસ્કાર અને પ્રાચીન મહત્તા વીસરી શકાય તેમ નથી.

ખંભાતની અન્ય બાબતોને અળગી રાખીને જૈન ધર્મ-તેનું સાહિત્ય, મુનિ ભગવંતોની કાર્યવાહી અને મહત્તા ઇત્યાદિ સંબંધી અત્રે વિચારીશું.

કવિ ઋષભદાસનું નામ જૈન રાસાઓ-કવિતામાં ખૂબ જાણીતું છે. વિક્રમના સત્તરમા સૈકામાં થયેલ ખંભાતના આ કવિ જેના નામથી વર્તમાને કવિ ઋષભદાસની પોળનું નામાભિધાન કરવામાં આવેલું છે અને જેઓની સાહિત્ય કૃતિઓ આજે પણ અનેક જૈન ભંડારોમાં મોજૂદ છે તેમણે ખંભાત સંબંધી જણાવ્યું છે કે :-

'ઇસુ અનુપમ ગામ, જેહનાં બહુ છે નામ,
ત્રંબાવટી પિણ કહીએ, ખંભનગર પિણ લહિએ
ભોગવતી પિણ હોય, નગર લીલાવતી હોય,
કર્ણાવતી પિણ જાણું, ગઢ ગઢ મંદિર વખાણું.'

સ્તમ્ભતીર્થ નામપ્રયોગ બ્રાહ્મણોના ગ્રંથોમાં તથા જૈનોના ગ્રંથોમાં ઘણા સ્થળે વપરાયો છે. હેમ વ્યાકરણ સૂત્ર નામે જૈન પુસ્તક સ્તમ્ભ તીર્થમાં સંવત ૧૨૯૭માં લખાયાનો ઉલ્લેખ છે. વિ. સં. ૧૨૮૮ના ગિરનાર ઉપરના વસ્તુપાલના શિલાલેખોમાં તથા વિ. સં. ૧૩૬૧માં રચાયેલા મેરુતુંગના 'પ્રબંધ ચિંતામણિ' તેમજ 'જગડુચરિત્ર', 'શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ', 'પ્રાચીન તીર્થમાળા' વગેરે અનેક ગ્રંથોમાં 'સ્તમ્ભતીર્થ' નામના ઉલ્લેખો મળે છે. જૈન ગ્રંથોમાં સ્તમ્ભન પાર્શ્વનાથ જે ભવ્ય અને પ્રાચીન પ્રતિમાજીનાં દર્શનાર્થે અનેક જૈન ભાઇબહેનો દૂર દૂરથી આવે છે તેના નામ ઉપરથી 'સ્તમ્ભનપુર' નામ પડ્યાની કથા છે. હાલ ખંભાત નામથી જાણીતું ખંભાત કે ખંભાવત નામ સંબંધી અનેક વિદ્વાનોએ પોતાની રચનામાં વિગતે જણાવેલું છે.

ખંભાત ઉપરથી સંગીત ક્ષેત્રે ખંભાતી રાગનું નામ પણ ખૂબ જાણીતું છે. સંવત ૧૬૩૮માં રચાયેલા શાલિભદ્ર રાસની એક પ્રતમાં ખંભાઈતિ (ખંભાતી) રાગનું નામ આપેલું છે.

ખંભાત ગુજરાતમાં પુરાણકાળથી વિશિષ્ટ સ્થાન ભોગવતું આવ્યું છે. તેના પર ગુજરાતના રાજાઓની સત્તા હતી.

ખંભાત મંત્રી ઉદયન, વસ્તુપાલ તેજપાલ તેમજ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યથી ખૂબ વિખ્યાતિ પામ્યું. સિદ્ધરાજ અને કુમારપાલના સમયમાં ખંભાતની પ્રજા ખૂબ સુખી હતી. ઉદયન મંત્રીના સમયમાં કુમારપાલ માટે હેમચંદ્રાચાર્યે જે ભવિષ્યવાણી ભાખી હતી અને સિદ્ધરાજના ભયથી જે પૌષધશાળામાં તેને છૂપી રીતે રાખવામાં આવ્યો હતો તે જગા આજે પણ વિદ્યમાન છે. આ અંગે કવિ ઋષભદાસકૃત 'કુમારપાલ રાસ'માં જણાવ્યું છે કે:

'કુમારપાલને ઘાલીઓજી ભોંમી ભુંહરા માંહિ
૯૮ પુસ્તક ખડક્યાં બારણેજી, બઇઠા હેમસૂરિંદ'

વસ્તુપાલે મહાઅમાત્ય પદની મુદ્રા ધારણ કર્યા પછી શત્રુંજય-ગિરનાર આદિના સંઘો કાઢ્યા હતા. ખંભાતની તે સમયની જાહોજલાલી અનેરી હતી. વસ્તુપાલે ખંભાતમાં અનેક લોકોપયોગી કાર્યો કર્યા હતાં. તેમણે ખંભાતમાં જિનભવનો, શિવભવનો, ધર્મશાળાઓ ઇત્યાદિના નિર્માણનાં અનેક સુકૃત્યો કર્યાં હતાં. તેમના સમય દરમ્યાન વિ. સં. ૧૨૮૫માં મહોત્સવપૂર્વક વૃદ્ધગચ્છનું નામ તપાગચ્છ પાડવામાં આવ્યું. એ સમયે ખંભાતમાં સંસ્કારિતાનું ધોરણ ખૂબ ઊંચું હતું. સંસ્કૃત નાટકો પર્વના દિવસોએ અને ઉત્સવના દિવસે ભજવાતાં હતાં.

ખંભાતમાં ધનાઢ્ય શ્રાવકો રહેતા હતા. તેમાં નીચેની વ્યક્તિનો ઉલ્લેખ ઉદાહરણ રૂપે ટાંકવામાં આવે છે:

શાહ જેસલ (વિ. સં. ૧૩૬૬), સાહણ પાલ (વિ. સં. ૧૩૭૧)

ખંભાતમાં અનેક પ્રભાવશાળી પ્રાચીન પ્રતિમાઓ છે. મહોલ્લે મહોલ્લે સુમનોહર દેવપ્રાસાદો છે. અહીં પ્રતિવર્ષે સાધુસાધ્વીઓ પધારે છે. અહિંસા, દયા અને પરોપકાર તથા ધર્મના અનેક પ્રકારનાં કાર્યો થાય છે. તીર્થમાળાઓના રચયિતા પંડિત વિદ્વાનોએ તેમના પુસ્તકમાં ખંભાત તીર્થની પ્રશસ્તિ કરી છે.

ખંભાતમાંથી સોની તેજપાલ, સંઘવી ઉદયકરણ, સોમકરણ, વિજયકરણ તેમજ પારેખ વજીયા રાજીયા તથા માલજી સવજી ઇત્યાદિએ સંઘવાત્સલ્ય, જિનમંદિરની પૂજા તેમજ સંઘ યાત્રાઓમાં પોતાનું ધન વાપર્યું છે. આજની પેઢીએ પણ તારાચંદ સંઘવી, કેશવલાલ જેચંદ કાપડિયા ઇત્યાદિના છ'રી પાળતા સંઘો નિહાળ્યા છે. (છેલ્લે વિક્રમ સંવત ૨૦૫૬માં પણ ખંભાતથી શત્રુંજય તીર્થનો છ'રી પાલતો સંઘ નીકળ્યો હતો.)

આજે પણ સંઘવીની પોળ, માણેકચોક, ઘીઆપોળ, ખારવાડો, ચોળાવાડો, દંતારવાડો, માણેકચોક, ચોકસીની પોળ ઇત્યાદિમાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં છે. દંતારવાડો દંતાશા શેઠના નામથી પડ્યો હોવાનું મનાય છે.

અકબર બાદશાહની સાથે જગદ્‌ગુરુ હીરવિજયસૂરિનું નામ જોડાયેલું છે. ચંપા શ્રાવિકાએ છ માસના ઉપવાસ કરેલા તેનો વરઘોડો નિહાળી બાદશાહે ગુરુ હીરવિજયસૂરિને આગ્રા બોલવેલા, ત્યારે ગુરુજી ગંધાર અને ખંભાતના સંઘના આગેવાનોની સંમતિ મેળવી આગ્રા ગયા હતા. તે આખો ઇતિહાસ વિસ્તારપૂર્વક 'સમ્રાટ અકબર અને ગુરુ હીરવિજયસૂરિ' નામક પુસ્તકમાંથી મળે છે.

અકબર બાદશાહ પર જૈન ધર્મનો ખૂબ પ્રભાવ પડ્યો અને તેના પ્રતાપે તે અહિંસક બન્યો. અકબર બાદશાહે પોતાના નામ ઉપરથી ખંભાતમાં 'અકબર પરૂં' વસાવ્યું. આ અકબરપરામાં કવિ ઋષભદાસે લખેલ ખંભાતની ચૈત્યપરીપાટી મુજબ ત્રણ દેરાસરો હતાં. ત્યાં ઉપાશ્રય પણ હતો. વળી હીરવિજયસૂરિના પટ્ટશિષ્ય વિજયસેનસૂરિ, જેમના હાથે ઘણી પ્રતિષ્ઠાઓ થયેલી તે અકબરપુરાના ઉપાશ્રયે ઊતર્યા હતા, જ્યાં તે વિ. સં. ૧૬૭૨ના જેઠ વદી-૧૧ના દિવસે કાળધર્મ પામ્યા. એ જગ્યાએ સ્તુપ બનાવવામાં આવ્યો હતો. વર્તમાને આ પરામાં બધું નામશેષ થઈ ગયું છે.

ખંભાતમાં હસ્તલિખિત જૈન જ્ઞાનભંડારોમાં કિંમતી અને મહત્ત્વના ગ્રંથો મળી આવે છે. મુનિ પુણ્યવિજયજી મહારાજે આ જ્ઞાનભંડારો સંબંધી મંતવ્ય દાખવ્યું છે કે 'વૈદિક, બૌદ્ધ અને જૈન પરંપરાના પ્રાચીન તથા મધ્યયુગના શાસ્ત્રોના સંશોધનમાં જેમને રસ છે તેમને માટે આ જ્ઞાનભંડારોમાં અપરિમિત સામગ્રી ઠસાઠસ ભરેલી છે.'

ખંભાતના જૈન જ્ઞાનભંડારોમાં ભોંયરાવાડામાં આવેલ શ્રી શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડાર એ ખંભાત અને ગુજરાતનું અલૌકિક જ્ઞાનધન છે.

આ ઉપરાંત ખંભાતમાં વિજય નેમિસૂરિજી મહારાજનો ભંડાર ખારવાડે જ્ઞાનશાળામાં છે. શ્રી નીતિવિજયજીનો જ્ઞાનભંડાર પણ અનેક ગ્રંથો ધરાવે છે. આ ઉપરાંત બજારમાં એક કાળે આત્મકમળ જૈન પુસ્તકાલય હતું જેનો લાભ સારા પ્રમાણમાં લેવાયો હતો, પણ હવે તો તે બંધ છે. વિશેષમાં શ્રીમદ્ રાજચંદ્રના પરમ ભક્તજનો તરફથી ખંભાત લોકાપરીમાં 'શ્રી સુબોધક પુસ્તકાલય' તથા વડવા ક્ષેત્રમાં એક પુસ્તકાલય છે. એ બાબત નોંધનીય છે કે મુસ્લિમ કોમના નવાબ શ્રી જાફઅરલીખાન તરફથી વિ. સં. ૧૯૬૭ના આસો વદ ૦))ના રોજ સંસ્કૃત પુસ્તકાલય ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. હાલ આ પુસ્તકાલય સારી હાલતમાં નથી.

ખંભાતમાં એક કાળે સંસ્કૃતના માતબર ગ્રંથો રચાયા હતા. આ સંબંધી નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે.

(૧) શાંતિનાથ ચરિત્ર-ગુરુ દેવચંદ્રસૂરિ. વિ. સં. ૧૧૬૦

(૨) આદિનાથ ચરિત્ર-વર્ધમાનાચાર્ય. વિ. સં. ૧૧૬૦
(આ પ્રાકૃત ભાષામાં છે.)

(૩) જ્વર પરાજય અને દોરત્નાવલિ-જયરત્નગણિ. વિ.સં. ૧૬૬૨

(૪) ઉપાસક દશાંગ-રવિચંદ્ર. વિ. સં. ૧૬૯૪

આ ઉપરાંત અન્ય પુસ્તકો પણ ખંભાતમાં રચાયાં છે.

સંસ્કૃત ઉપરાંત અનેક કૃતિઓ ગુજરાતીમાં રચાયેલી છે જેની યાદી ખૂબ વિસ્તૃત છે. એક કાળે ખંભાત વિદ્વાનોની ભૂમિ તરીકે પણ ખૂબ જાણીતું હતું. અન્ય ધર્મના સંતોએ અને વિદ્વાનોએ ખંભાતમાં રચેલ અનેક પુસ્તકોથી જાણી શકાય છે.

ખંભાતના કવિ ઋષભદાસે પણ અનેક પુસ્તકોની રચના કરી છે. આ કવિએ એક કાવ્યમાં જૈન દહેરાં અને ઉપાશ્રયો સંબંધી નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે.

'પંચ્યાસી જિનના પ્રાસાદ,
ધ્વજ તોરણ તિહાં ઘંટાનાદ'
પિસ્તાલીસ જિહાં પોષધશાળ
કરઈ વખાણ મુનિ વાચાલ.'

ખંભાતના જ્ઞાનભંડારોને સુવ્યવસ્થિત કરવાનું માન શ્રી પુણ્યવિજયજી મહારાજને જાય છે. તેઓશ્રીએ જેસલમેરના જ્ઞાન-ભંડારને વ્યવસ્થિત કરવા માટે પણ ખૂબ જહેમત ઉઠાવી હતી. 'જૈન સાહિત્યનો ઇતિહાસ'ના લેખક સ્વ. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ ખંભાતના જ્ઞાનભંડારોની મુલાકાત લીધી હતી. વિશેષમાં ખંભાતના સપુત શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી જેઓએ અનેક પુસ્તકો લખ્યા છે તેઓએ પણ જ્ઞાનભંડારની કાર્યવાહીમાં રસ દાખવ્યો હતો.

ખંભાતના જૈનોએ સ્તવન, પૂજન અર્ચન, વ્રત, ઉપવાસ, ધાર્મિક વરઘોડા, તીર્થયાત્રા આ સઘળી ધર્મની સંસ્કારિતાને જીવનમાં ઉતારી છે. એમાં ખંભાતના જૈન દેવાલયો સંસ્કૃતિનો અમર વારસો છે. તેમાં રહેલું કળાકૌશલ્ય વગેરે ધર્મભાવનાના પ્રત્યક્ષ નમૂના છે.

ખંભાતમાં હાલ ૭૨ જિનાલયો વિદ્યમાન છે. એમાંના કેટલાંકની ખ્યાતિ સારા ભારતમાં પથરાયેલી છે. ખારવાડા મધ્યે આવેલ સ્તંભણ પાર્શ્વનાથ જિનાલય ઉપરાંત જીરાલાપાડામાં આવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દેવભુવન અત્યંત આકર્ષક અને રમણીય છે. આ દેરાસરમાં કુલ ૨૫૨ મૂર્તિઓ છે. પાંચ શિખર છે. મૂળ છ દહેરાસરોમાં બીજાં દેરાસરો મળી મોટું સંકુલ બનાવવામાં આવેલું છે. તેને ત્રણ માળ છે. આ ગગનચુંબી શિખરોવાળું શહેરને શોભાયમાન કરનારું ભવ્ય જિનાલય દર્શનીય છે. બજારમાં ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર બહારગામથી તીર્થયાત્રાએ આવનારે અચૂક નિરખવા જેવું છે. આ દેરાસર પારેખ રાજીયા અને વજીયાએ વિ. સં. ૧૬૪૪ની સાલમાં બંધાવ્યું હતું. હાલમાં તેમાં ખૂબ આકર્ષક ફેરફાર કરવામાં આવેલ છે. દેરાસરના ભોંયરામાં શ્રી સ્થંભણ પાર્શ્વનાથ ભગવાન બિરાજે છે. કહેવાય છે કે અહીંથી એક ભોંયરા દ્વારા ત્રણ દરવાજા બહાર જુમા મસ્જીદ સુધી જવાતું હતું. હાલમાં આ ભોંયરું પૂરી દેવામાં આવેલું છે. આ દેરાસરની સામેના ભાગમાં મુનિ ભગવંતોની પાદુકાઓ તથા સાધુઓની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. આ જિનભવન રમણીય અને નીરખવા જેવું છે.

માણેકચોક વિસ્તારમાં આદીશ્વર ભગવંતનું દેરાસર આવેલું છે જેમાં ભોંયરામાં વિશાળ પ્રતિમા બિરાજમાન છે. શત્રુંજય પર્વત પરના આદીશ્વર ભગવાનના કદ જેવી વિશાળ પ્રતિમા સહુનું ધ્યાન ખેંચે છે. બાજુમાં ચિંતામણિ પાશ્વનાથનું દેરાસર છે જેમાં ત્યાંની ભૂમિમાંથી નીકળેલ પ્રતિમાઓ પ્રસ્થાપિત કરવામાં આવી છે. આ ઉપરાંત અશોકવૃક્ષ ઉપર મહાવીર સ્વામી તથા પંચધાતુનું સમોવસરણ જે જમીનમાંથી નીકળેલું તે રાખવામાં આવ્યું છે. ખંભાતની જૈન પોળોમાં ખોદકામ કરતી વેળાએ અનેક પ્રતિમાજીઓ નીકળ્યાં છે અને આ મહાનગરીની પ્રાચીન મહત્તાને કારણે હજી કેટલીક પ્રતિમાઓ જમીનમાં રહી હશે તેવું માની શકાય છે.

ઘણાં જિનમંદિરોની દિવાલોમાં શત્રુંજય-ગિરનાર-પાવાપુરી-સમેત શિખરજી આદિ તીર્થોના પટો અંકિત કરવામાં આવેલાં છે. આ પટના દર્શન કરવાથી યાત્રા સ્થળના નિત્ય દર્શન થાય છે અને ઉચ્ચ ભાવ પેદા થાય છે.

ખંભાતમાં જમીનોમાંથી જે પ્રતિમાઓ નીકળી છે તેમાંની કેટલીક મૂળનાયક તરીકે અન્ય સ્થળે બીરાજે છે. આ પ્રકારની મૂર્તિઓ મુંબઈ-જમ્મુ ઇત્યાદિ સ્થળે પ્રસ્થાપિત થયેલી છે. ખંભાતના જૈનોએ અન્ય સ્થળોએ પણ દેરાસરો બંધાવેલાં છે જેમાં કાવીના દેરાસરનો ઉલ્લેખ કરવો જરૂરી ભાસે છે.

ખંભાત સ્ટેશન નજદીક ત્રણેય ચોવીસીયુક્ત આકર્ષક દેવાણવાળાનું દેરાસર તેમજ શકરપુર મુકામે આવેલ દેરાસરો જેનો જીર્ણોદ્ધાર વિજય નેમિસૂરિશ્વરજી મહારાજે કરાવેલ તે સ્થળની મુલાકાત જીવને આનંદ અર્પનારી છે. વર્તમાને પણ ખંભાતના ભાવિક જૈન મહિનામાં એક દિવસ શકરપુર દેરાસર દર્શને જાય છે.

## નોંધનીય તવારીખો

સં. ૧૧૫૪ના મહા સુદ-૧૪ના દિવસે દેવચંદ્રસૂરિએ હેમચંદ્રાચાર્યને ખંભાતમાં દીક્ષા આપી, જેનો મહોત્સવ ઉદયન મંત્રીએ ઊજવ્યો હતો.

સં. ૧૨૭૬-ખંભાતના મહામાત્ય તરીકે વસ્તુપાલ નિયુક્ત થયા.

સં. ૧૨૮૧-વસ્તુપાલે ખંભાતમાં પોષધશાળા કરાવી.

સં.૧૨૮૭-આબુ ઉપર આવેલા દેલવાડાનાં દહેરામાં લૂણ વસહીમાં પણ શ્રી નેમિનાથની પ્રતિમા સ્થાપિત કરાઈ. આ મૂર્તિ ખંભાતમાં બનાવેલી.

સં. ૧૨૯૨-વસ્તુપાલે નગરાના સૂર્યમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

૧૩૬૬-શાહ જેસલે અજિતનાથનું મંદિર અને પોષધશાળા બનાવી.

સં. ૧૩૭૧-શ્રેષ્ઠી સાહણપાલ ખંભાતથી સંઘ લઈ શત્રુંજય ગયા.

સં. ૧૪૭૨-ખંભાતના મોઢ વણિક પર્વતે જૈનોના ૧૧ મુખ્ય આગમગ્રંથો લખાવ્યા.

સં. ૧૪૯૬-ખંભાતના ધરણા શાહે જેસલમેરમાં ઘણાં પુસ્તકો લખાવ્યાં.

સં. ૧૫૦૯-શાણરાજે આબુ ઉપર વિમલનાથ પ્રાસાદ બંધાવ્યો.

સં. ૧૬૪૪-રાજીયા અને વજીયા નામે ખંભાતના ધનાઢ્ય વેપારીએ બજારમાં (ખંભાત) ચિંતામણી પાર્શ્વનાથનું દહેરું બંધાવ્યું.

સં. ૧૬૪૬-સોની તેજપાલે માણેકચોકમાં દહેરું બંધાવ્યું. તેની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિએ કરાવી.

સં. ૧૬૪૯-કાવીમાં સાસુ-વહુના દહેરાં બંધાવનાર ગાંધી કુંવરજી

થયા. અકબર બાદશાહે ખંભાતના સમુદ્રમાં એક વર્ષ સુધી હિંસા ન કરવા ફરમાન કર્યું.

સં. ૧૫૯૬માં સંઘવી ઉદયકરણે શત્રુંજય ઉપર આદીશ્વરનું દહેરું બંધાવ્યું.

સં. ૧૬૭૨માં જૈનાચાર્ય શ્રી વિજયસેનસૂરિ ખંભાતમાં કાળધર્મ પામ્યા.

સં. ૧૬૮૫માં કવિ ઋષભદાસે હીરવિજયસૂરિ રાસ રચ્યો.

ડૉ. પીટર્સને ખંભાતના શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડારની મુલાકાત લીધી અને તેનો સવિસ્તર રિપોર્ટ બહાર પાડ્યો. પીટર્સન સાહેબ ખંભાતની મુલાકાતે એકથી વધુ વેળા આવ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર પણ એકથી વધુ વેળા ખંભાત પધાર્યા હતા.

સોળમા સૈકાથી ખંભાતનો વેપાર ધીમે ધીમે ઓછો થતો ગયો અને સત્તરમાં સૈકામા અને અઢારમા સૈકામાં તેની અસર જણાવા લાગી. ખંભાતના ઉદ્યોગો નરમ પડતા એક જ કુટુંબના બધા સભ્યોના પોષણ થવામાં મુશ્કેલી ઉભી થવા લાગી. આથી કુટુંબમાંથી એક વ્યક્તિને પરદેશ મોકલવી પડે એ સ્થિતિ નજીક આવી ઊભી. આથી ધીમે ધીમે અન્ય કોમો ઉપરાંત જૈનો વગેરેએ મુંબઈ, અમદાવાદ, વડોદરા, સુરત વગેરે સ્થળોએ જવું પડયું. એમાં સહુથી પહેલાં મુંબઇને પસંદ કરવામાં આવ્યું.

ખંભાતના જૈન અમીચંદ સાકરચંદ મુંબઈ ગયા અને ત્યાં વેપાર શરૂ કર્યો. તેમના દીકરા મોતીચંદ શેઠે (શેઠ મોતી શાહ) વેપાર વધાર્યો અને સામાજિક તથા ધાર્મિક કાર્યો કર્યા. એમણે મુંબઇમાં સં. ૧૮૬૫માં કોટમાં શાંતિનાથજીનું દેરાસર જે એમના બંધુ નેમીચંદે બંધાવ્યું તેમાં સારી મદદ કરી. તેમણે ભાયખલામાં પણ દેરાસર બંધાવ્યું. શત્રુંજય તીર્થમાં મોતીશા શેઠની ટૂંક આજે પણ તેમની ઉદારતા અને ધર્મભાવનાની સાક્ષી પુરે છે. મુંબઇની પાંજરાપોળની સ્થાપનામાં પણ તેમનો પ્રશંસનીય ફાળો હતો.

ઇ. સં. ૧૯૦૧માં ખંભાત રેલવે સ્ટેશન બંધાયું. તે વર્ષે ૨૦મી જૂનથી રેલવે શરૂ થઈ.

સં. ૧૯૬૩ને જેઠ સુદ-૬ના રોજ જીરાલાપાડાના મોટા દેરાસરની પ્રતિષ્ઠા થઈ.

સં. ૧૯૭૨ના આસો સુદ-૧૫ના રોજ વડવા-શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડળ શરૂ થયું. ૧૯૮૨ના માગસર સુદ-૭ના રોજ વડવા જિન મંદિરમાં ઋષભદેવ-ચંદ્રપ્રભુ તથા મુનિસુવ્રત સ્વામીની મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ.

સં. ૧૯૮૪માં ખારવાડામાં સ્તંભન પાર્શ્વનાથનું નવું દેરાસર બંધાવવામાં આવ્યું. જેની પ્રતિષ્ઠા શાસન સમ્રાટ શ્રી નેમિસૂરીશ્વરજીના હસ્તે થઈ. તેઓશ્રીએ કીર્તિશાળા નામે ઉપાશ્રય બનાવડાવ્યો છે.

ઇ. સ. ૧૯૩૭માં યુગવીર આચાર્ય વિજય વલ્લભસૂરીશ્વરજીની ખંભાતમાં પધરામણી થઈ. માંડવીની પોળના જિનાલયની બાજુમાં શ્રી આત્મારામજી (વિજયાનંદ)ની પ્રતિમા વચમાં, જમણી બાજુ વલ્લભસૂરીશ્વરજી મ. અને ડાબી બાજુ હર્ષવિજયજીની પ્રતિમાઓ છે.

ઇ. સ. ૧૯૪૨માં જૈનમુનિ પુનમચંદજીએ અવધાનના પ્રયોગો કર્યા. બીજા વર્ષે માણેકચોકમાં ખંભાત જૈન કન્યાશાળાના નવા મકાનની ઉદ્‌ઘાટન વિધિ થઈ. ખંભાતના વતની પણ દીક્ષાર્થી થયા પછી આચાર્ય પદેથી વિભૂષિત કીર્તિચંદ્રસૂરિએ પણ ઘણી વેળા જાહેરમાં અવધાનના પ્રયોગો કર્યા હતા.

ઇ. સ. ૧૯૫૬માં પુણ્યવિજયજી મહારાજે શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડારનો ઉદ્ધાર કર્યો.

જાન્યુઆરી ૧૯૫૪માં ખંભાતના દરિયા ઉપર આવેલ ઇમારતી લાકડાંની લાતીમાં ભયંકર આગ લાગી, જેમાં જૈન વેપારીઓને પણ ઘણું નુકશાન થયું.

સં. ૨૦૧૧ના ફાગણ સુદ-૩ના દિને વડવાક્ષેત્રમાં શ્રીમદ્ રાજચંદ્રની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ. ફાગળ સુદ-૩ના દિવસે શ્રી સ્તંભણ પાર્શ્વનાથ-ખારવાડા દેરાસરની પ્રતિષ્ઠા દિવસે દર વર્ષે ધામધૂમપૂર્વક ઊજવણી થાય છે જે પ્રસંગે બહારગામથી ખંભાતી જૈનો આવે છે. આ પ્રસંગે દરેક જૈનોને ત્યાં મીઠાઈ વહેંચવામાં આવે છે.

સને ૧૯૬૦ થી ખંભાતમાં કૉલેજોનો પ્રારંભ થયો. આ કૉલેજોનું સંકુલ ખૂબ જ વિશાળ છે. એમાં જૈનોનો ફાળો પણ નોંધનીય છે. શેઠ કેશવલાલ બુલાખીદાસના નામથી કોમર્સ તથા શ્રી ચીમનલાલ વાડીલાલના નામથી લૉ કૉલેજ ચાલુ કરવામાં આવી છે. ખંભાતની જનરલ હૉસ્પિટલ તથા પાંજરાપોળમાં પણ જૈનોનો અપૂર્વ ફાળો છે. જનરલ હૉસ્પિટલમાં શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ શ્રોફે વર્ષો સુધી સેવા આપી હતી.

ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ તરફથી કૉલેજ સંકુલમાં છઠ્ઠો જૈન સાહિત્ય સમારોહ યોજાયો હતો તે સહુને વિદિત છે.

એક કાળે ખંભાતની સાત વસ્તુઓ વખણાતી હતી. કવિ ઋષભદાસે આ વસ્તુઓ ગણાવી છે. વહેલ, વરઘોડો, વીંઝણો, મંદિર જાલી ભાત, ભોજન દાળ ને ચૂડલો એ સાતે ખંભાત. આજે તો ખંભાતની હલવાસન અને સુતરફેણી દેશવિદેશે વખણાય છે.

ખંભાતમાંથી અનેક ભાઈબહેનોએ દીક્ષા લીધી છે. એમાંથી કેટલાંક ખૂબ જ આગળ વધીને આત્મોન્નતિ સાધી ગયા છે. અહીંના આચાર્ય મહારાજ ઉદયસૂરિ (પૂ. નેમિસૂરિના શિષ્ય) તેમજ પૂ. પ્રેમસૂરિના સમુદાયના વર્તમાન હેમચંદ્રસૂરીજીને આજનો વર્ગ સારી રીતે ઓળખે છે.

ખંભાતના જૈનોમાં શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી એ ત્રણ મુખ્ય સંપ્રદાયો છે. તેઓ હળીમળીને પોતાના સંપ્રદાયની માન્યતા અનુસાર ક્રિયા અને અનુષ્ઠાનો કરે છે. સ્થાનકવાસી સંપ્રદાય મૂર્તિપૂજામાં માનતો નથી. ખંભાતમાં દિગંબરનું એક દેરાસર નાગરવાડામાં આવેલું છે. સ્થાનકવાસીમાં ખંભાતી સંપ્રદાયનું આગવું સ્થાન મનાય છે. શ્રીમદ્ રાજચંદ્રને માનનારો વર્ગ વડવા મુકામની મુલાકાતે જરૂરથી આવે છે. અને ધર્મધ્યાન-સાધના-પ્રાર્થના આદિ ક્રિયાઓ કરે છે. એ માટેની જરૂરી સવલત આ સ્થળે ઉપલબ્ધ છે. ખંભાતમાં જૈનોની પાંચ જ્ઞાતિ ગણાય છે. વીશા શ્રીમાળી, દશા શ્રીમાળી, વીસા પોરવાડ, દશા પોરવાડ ને ઓસવાલ.

ખંભાતમાં સાધુસાધ્વીજીના અલગ ઉપાશ્રયો વર્તમાને મોજુદ છે. વિશેષમાં બહારગામથી યાત્રાએ આવનાર જૈનો માટે દંતારવાડામાં મોહનલાલ વખતચંદ ધર્મશાળા તથા ધોબી ચકલે યાત્રિક ભુવન (મહાવીર ધામ)માં રહેવા જમવાની સરસ સગવડ છે.

એક સમય કહેવાનું હતું કે 'નગર ત્રંબાવતી સારો દુઃખિયા નગરનો આધારો, નિજપુર મૂકી અહીં આવે, તે અહીં બહુ ધન પાવે' પણ ખંભાતમાં વર્તમાને ધંધામાં ખૂબ જ ઓટ આવેલી છે.

એક જમાનામાં અકીક, શેતરંજી, ખંભાતી સાડીઓ, હાથી દાંતના ચૂડા, ખંભાતી તાળા, ચામડાના પગરખાં અને અન્ય સામાન, તથા પાવરલૂમ કાપડ ઇત્યાદિનો ધંધો સારી રીતે ચાલતો હતો. કાળક્રમે એ બધું ઘસાતું ગયું છે. પરિણામે ત્યાંના વતનીઓ તેમજ ખંભાતના જૈનો મોટા ભાગે ખંભાત છોડીને અન્ય સ્થળે મોટા શહેરોમાં સ્થાયી થયા છે. પરંતુ તેઓ પોતાના વતનને ભૂલ્યા નથી અને તેથી પોતાની કમાણીનો સારા માર્ગે વ્યય કરવા માટે પોતાના વતન ખંભાત પરત્વે ધ્યાન આપે છે.

જૈન નગરી ખંભાતનો ભૂતકાળ ભવ્ય હતો. એનો વર્તમાન કાળ બદલાય અને ભાવિ ભવ્ય બને તે માટે ખંભાતનું બંદર વિકસે, કલ્પસર જેવી યોજના અમલમાં આવે અને વેપાર ધંધા ઉન્નત બને તે માટેની રાહ જોવાય છે.

❖❖❖

# મૃગજળ જળ નથી, સંસારસુખ સુખ નથી

**□ પૂ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરિજી મહારાજ**

કોઈ માણસ કાચના ટુકડાને સાચો હીરો માનીને તિજોરીમાં સાચવી રાખે, રોજે રોજ એની સારસંભાળ લઈને હીરાપતિ તરીકેનું ગૌરવ એ અનુભવે અને વર્ષો પછી કોઈ હીરાપારખુ એને કહી દે કે, 'પાગલ ! જેને તું હીરા તરીકે કાળજાની કોરની જેમ જાળવી રહ્યો છે, એ હીરો નથી પણ એ તો કાચનો ટુકડો છે !' તો આ સાંભળીને પેલો હીરાપતિ એક વાર જેવો આઘાત અનુભવે, એવો જ આઘાત આપનારું એક સુભાષિત સાંભળવા જેવું છે. ભોગોના ભોગવટાથી મળતા સુખને સંસારીજનો સુખ તરીકે જાળવે-જાણે છે, કાચના ટુકડાને હીરો માનવા જેવા આ ભ્રમ ઉપર ઘણનો એક જોરદાર ઘા ફટકારતાં એ સુભાષિત કહે છે :

'ભોગથી થતી અનુભૂતિ સુખ જ નથી, કેમ કે એ અનિત્ય છે, એ ભયથી ભરપૂર છે, એ બહુકાંક્ષિત છે અને એ પાછી પરાધીન છે ! સાચી સુખાનુભૂતિમાં આવા અપલક્ષણ ક્યારે ય ન જ હોઈ શકે !'

સંસારીજનોના સુખ-ભ્રમને વેરણ-છેરણ અને નષ્ટ-ભ્રષ્ટ કરી દેતું આ સુભાષિત ખૂબ જ સાચી વાત કહી જાય છે. જેને સૌ સાચું સુખ માને છે, એ સુખ જ નથી, આ સત્યને સાબિત કરવા સુભાષિતે જે અકાટ્ય-મુદ્દાઓ આગળ કર્યા છે, એને ક્રમસર વિચારીએ :

સૌ પ્રથમ તો સંસાર સુખ અનિત્ય છે. એનું જીવતર બહુ જ ટૂંકું છે. માનવની વાત તો દૂર રહી, પણ ઈન્દ્રને મળેલા સુખો ય 'અનિત્યતાના' ઓછાયાથી બચી શકતાં નથી. તો પછી અલ્પજીવી માનવને મળેલા તુચ્છાતિતુચ્છ સુખો તો ક્યાંથી નિત્ય હોઈ શકે ? સંસાર-સુખનો સુખ તરીકે સાવ જ છેદ ઉડાડી દેતું આમ પહેલું તત્ત્વ એના પનારે પડેલું અનિત્યત્વ છે.

અનિત્યતાથી ખરડાયેલાં સંસાર-સુખો પાછા ભયથી ભરપૂર છે. આવાં સુખોનો ભોગવટો જેમ જેમ વધતો જાય, એમ એમ રોગ આદિનો ભય પણ વધતો જ જતો હોય છે. આ તો સૌના સ્વાનુભવની વાત છે. માટે તો 'ભોગે રોગભય'નું સૂત્ર આપણે ત્યાં ખૂબ પ્રચલિત છે. આ જાતના ભય ઉપરાંત બીજા-બીજા પણ ભયો સંસારની સુખ-સામગ્રી સાથે સંકળાયેલા જ છે. ચોરીનો ભય, ઈર્ષ્યાનો ભય, મેળવવા ને સાચવવાનો ભય-આવા આવા તો અનેક ભયોની ભૂતાવળોથી સંસાર-સુખ ઘેરાયેલું છે, એનો તો કોણ ઈન્કાર કરી શકે એમ છે ?

અનિત્ય અને ભયભરપૂર સંસાર-સુખો પાછા સહેલાઈથી મેળવી શકાય એવાં નથી. એને મેળવવાની મનોરથ-માળાના ઘણા ઘણા મણકા ફેરવ્યા બાદ થોડાં-ઘણાં સંસાર-સુખ મળવાની આશા બંધાય છે. જેટલી ઇચ્છા કરવામાં આવે, એના પ્રમાણમાં જે મળે છે, એ સુખ તો ન મળ્યા બરાબર જ ગણાય, એટલું બધું ઓછું હોય છે. આ સિવાય બીજો અર્થ તારવીએ તો, સંસારનાં સુખોની માત્રા તો સીમિત અને પરિમિત જ છે અને એને પચાવી પાડવાના મંનસૂબા રચનારા માનવો અપરિમિત છે. એ માનવોની સંસાર-સુખ મેળવવાની લાલસા તો વળી એથી ય વધુ અપરિમિત છે. હાડકાનો એક ટુકડો મેળવવા લૂંટાલૂંટ અને ઝપાઝપી કરતાં કૂતરાઓ જેવો ઘાટ, સંસાર સુખને તરાપ મારીને પોતાનું કરવા મથતા માનવીઓ વચ્ચે ઘડાતો હોય છે. એથી કહેવાતા આ સુખને મેળવવા જે દુ:ખો સહવાં પડતાં હોય છે એનો હિસાબ માંડીએ અને પછી એની સાથે પ્રાપ્ત સુખની સરખામણી કરીએ, તો એમ લાગ્યાં વિના ન જ રહે કે, સુખ છે થોડું ને દુ:ખ છે ઝાઝું એવો આ સંસાર છે !

અનિત્યત્વ જેના કપાળે ચોંટેલું એ એક કાળું કલંક છે, જે પાછું ભયભરપૂર અને બહુકાંક્ષિત છે, એવા આ સંસાર-સુખની ભયંકરમાં ભયંકર કમનસીબી પાછી એ છે કે, એ પરાધીન છે. એ સુખાનુભૂતિનો આભાસ માણવા ય ઘણાઘણાની દાઢીમાં હાથ નાંખવો પડે છે. ઘણાઘણાની ગુલામી કરવી પડે છે અને ઘણાઘણાએ ઘરે વેચાઈ જવું પડતું હોય છે. આવી પરાધીનતાની જંજીરોને નખથી શીખ સુધી આભૂષણોની જેમ હસતે હૈયે સ્વીકાર્યા પછી જ સંસાર-સુખોની થોડી ઘણી ય અનુભૂતિ શક્ય બનતી હોય છે.

ભોગસુખોની પરાધીનતા તો જગજાહેર છે જ ! થોડી બુદ્ધિવાળો પણ એ સમજી શકે એમ છે. ભોજનના સુખનું જ એક દૃષ્ટાંત લઈએ. માત્ર ભૂખનું દુ:ખ જ ભોજનથી દૂર થાય છે. આ દુ:ખાભાવને આપણે સુખ તરીકે બિરદાવતા હોઈએ છીએ. આવું પણ સુખ પરાધીનતાના કેટકેટલા પહાડ ચડ્યા બાદ અનુભવાય છે ? એનો વિચાર કરવો હોય તો દાણો વાવવાથી માંડીને કોળિયો મોંમાં મૂકવા સુધીની એક લાંબીલચ પરાધીનતાની હાડમારીભરી મુસાફરી આંખ સામે કલ્પવી જ રહી. ખેડૂતની મહેનત, વર્ષાની વિવક્ષા, વાવણીની જાળવણી, લણણી પછી સુરક્ષાની તકેદારી, બજારમાંથી એ ધાનની ખરીદી, પછી આટામાં એનું પરિવર્તન અને રસોઈની એક લાંબી પ્રક્રિયા થયા બાદ રોટલી નામની એક ચીજ તૈયાર થાય, જે આપણી ભૂખ ભાંગે ! આ આખી પ્રક્રિયામાં સમ ખાવા જેવી ય સ્વાધીનતા સ્વપ્ને ય નિહાળવા મળે છે ખરી ?

આમ દરેક ભોગ-સુખ નિત્ય નથી, નિર્ભય નથી, માંગીએ અને મળી જાય એવું સરળ-સહજ નથી તેમજ સ્વાધીન પણ નથી. માટે જ કહેવાતું એ સુખ સુખ જ નથી ! ❖❖❖

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા બુધવાર, તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૧ થી બુધવાર તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૦૧ સુધી, એમ આઠ દિવસ માટે **પાટકર હૉલ** (ન્યૂ મરીન લાઈન્સ)માં યોજવામાં આવી છે. રોજ સવારે ૭.૩૦ વાગે ભક્તિ-સંગીત તથા ૮.૩૦ થી ૧૦-૧૫ સુધી બે વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ રહેશે.

વ્યાખ્યાનમાળાનો સવિગત કાર્યક્રમ હવે પછીના અંકમાં આપવામાં આવશે.

**□ મંત્રીઓ**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 | Licence to post without prepayment No. 271

● વર્ષ : (૫૦) + ૧૨ ● અંક : ૭ ● તા. ૧૬ જુલાઈ ૨૦૦૧ ● Regd. No. TECH / 47-890 / MBI / 2001

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## थोवं लद्धुं न खिंसए ।

—ભગવાન મહાવીર

## થોડું મળતાં ખેદ ન કરવો

ભગવાન મહાવીરે સાધુઓની આચારસંહિતા એવી વિગતસભર દર્શાવી છે કે જે સાધુઓના સંયમ જીવનમાં અને એમની આધ્યાત્મિક સાધનામાં અત્યંત ઉપયોગી બને છે. કેમ બેસવું, કેમ ઊઠવું, કેમ સૂઈ જવું, કેવી રીતે બોલવું, કેવી રીતે ગોચરી લેવા નીકળવું, ગોચરી વહોરતી વખતે કેવું ધ્યાન રાખવું, ગોચરી કેવી રીતે વાપરવી, વિહાર કેવી રીતે કરવો વગેરે અનેક બાબતોમાં બહુ દીર્ઘદૃષ્ટિપૂર્વક ભગવાન મહાવીરે સાધુઓને ભલામણ કરી છે.

જૈન સાધુઓની ગોચરીની પ્રથા વિલક્ષણ અને અદ્વિતીય છે. નીરસ, લુખ્ખા આહાર ઉપર તથા ઉણોદરી ઉપર એમાં ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. ભગવાન મહાવીરે 'દસવેકાલિકસૂત્ર'માં કહ્યું છે :

अतिंतिणे अचबले अप्पभासी मियासणे ।
हविज्ज उयरे दंते थोवं लद्धुं न खिंसए ॥

[મુનિ આવેશમાં ન બોલનાર, ચંચલતારહિત, અલ્પભાષી, મિતભોજી, ઉદરનું દમન કરનાર તથા થોડું મળતાં ખેદ (અથવા ચીડ) ન કરનાર હોય.]

ગોચરી એ સાધુ મહારાજોના ચિત્તના અધ્યવસાયોની કસોટી કરનારી પ્રવૃત્તિ છે. કોઇક ઘરે સારો આહાર મળે, તો કોઇક ઘરે જેવો તેવો નીરસ આહાર મળે; કોઈ ઘરે વાનગીઓ સરસ હોય પણ વહોરાવવામાં ભાવ ન હોય, તો કોઇક ઘરે આવકાર મળે; કોઇક ઘરે આદર બહુમાન ન મળે તો વળી કોઇક વહોરાવનાર વહોરાવતાં વિચાર પણ કરે કે 'પછી ઘરનાને માટે શું રહેશે ? કોઇક વાનગી માટે ફરીથી ચૂલો સળગાવવો પડશે.' કોઈ ઘરે વહોરાવનારનો ભાવોલ્લાસ એના ચહેરા પર દેખાઈ આવે.

ગોચરીમાં જ્યારે થોડું મળે અથવા ગોચરી વાપરતી વખતે પોતાની ઇચ્છા હોય એના કરતાં ગુરુ મહારાજ ઓછું આપે ત્યારે ચિત્તની પ્રસન્નતા જાળવી રાખવી, અધ્યવસાયને જરા પણ વિચલિત ન થવા દેવા એમાં સાધુ મહારાજની ઘણી મોટી પરીક્ષા રહેલી છે.

થોડું મળતાં ખેદ ન કરવો જોઈએ. ચીડ ન ચડવી જોઈએ. આપનારની ટીકા-નિંદા ન કરવી જોઈએ. માણસ ભૂખ્યો હોય અને ઉદરતૃપ્તિ ન થાય તો એનો મિજાજ છટકે. પરંતુ સાધુ મહારાજ સામાન્ય માનવી નથી. એમના જીવનમાં સમદર્શિતા હોવી જોઈએ. ભગવાને આમ તો સાધુઓની ગોચરીના સંદર્ભમાં આ વચન કહ્યું છે, પરંતુ જીવનના સામાજિક અને આધ્યાત્મિક એવા સર્વ સ્તરે એનો વ્યાપક અર્થ ઘટાવી શકાય એવું છે.

સંસારનો એવો ક્રમ નથી કે દરેક વખતે દરેક મનુષ્યને પૂરતા પ્રમાણમાં બધું સરખું મળી રહે. કોઇને વધુ મળે અને કોઇને ઓછું મળે. એમાં માનવવ્યવસ્થાની ત્રુટિ પણ હોઈ શકે અને કુદરતી કારણો પણ હોઈ શકે. એક પ્રદેશમાં પાણી, ધનધાન્ય ઇત્યાદિની વિપુલતા હોય અને અન્ય પ્રદેશોમાં દુકાળ જેવી સ્થિતિ હોય. એક પ્રદેશમાં કામ ઘણું હોય પણ કામ કરનારા મળતા ન હોય અને અન્ય પ્રદેશમાં કામ કરવાની લાયકાત ધરાવનાર ઘણા હોય, પણ મોટા ભાગના બેકાર હોય. પૃથ્વી ઉપર દરેક વાતે સદાસર્વદા સમતુલા હોતી નથી, હોઈ શકતી નથી. આવી અસમાન પરિસ્થિતિમાં વધુ કે ઓછાની પ્રાપ્તિનો પ્રશ્ન હંમેશાં રહેવાનો. એટલે પોતાની ધારણા કરતાં ઓછું મળવાની ઘટનાઓ પણ હંમેશાં બનતી રહેવાની.

વ્યવહારમાં માણસ આપવા-લેવાનો ક્રમ બરાબર સાચવે છે. બજારૂ લેવડદેવડમાં ઓછું આપવાની વૃત્તિ દેખાશે, પણ ઓછું લેવાની નહિ. જ્યાં સોદાઓ નથી ત્યાં વધઘટની ઘટનાઓ નભાવી લેવાય છે.

માણસનો જીવન પ્રત્યેનો અભિગમ જ જ્યારે વિપરીત અને નિષેધાત્મક હોય છે ત્યારે દરેક વિષયમાં એને ત્રુટિ જ જણાય છે. ચકોર દોષદૃષ્ટિ ધરાવનારાની છિદ્રો પર નજર તરત પડે છે. ન હોય ત્યાં પણ એ છિદ્રો બતાવી શકે છે અથવા પોતાના ફળદ્રુપ ભેજાંમાંથી તે ઉપજાવી શકે છે. સૌને ગમી જાય એવું મૂલ્યવાન વસ્ત્ર હોય છતાં રંગ, ભાત, પોત, કિનાર, પાલવ વગેરેની કંઇક ખામી પોતે ન બતાવીને પોતાના અસ્તિત્વનું બીજાને ભાન ન કરાવે ત્યાં સુધી એવી કોઇક મહિલાઓને ચેન પડતું નથી. રસોઇયાએ સારામાં સારી રસોઈ કરી હોય છતાં પોતે એને

બેચાર વાનગી માટે ટોકે નહિ ત્યાં સુધી કેટલાક સજ્જનોને ગળે કોળિયો ઊતરતો નથી. વૈભવી રાજમહેલ જેવું ઉતારા માટે સ્થળ મળ્યું હોય તો પણ મોઢું મચકોડનારા સજ્જનો જોવા મળશે.

કેટલાક માણસોનું એવું મંતવ્ય હોય છે કે બીજાને એની અપૂર્ણતાનું ભાન ન કરાવીએ તો એ સુધરશે ક્યારે ? પોતાને ઓછું મળ્યું છે એ પ્રત્યે ધ્યાન ખેંચીએ તો જ બીજી વાર એ ભૂલ ન કરે. કેટલાકથી પોતાને ઓછું મળ્યાનો અસંતોષ જાણતાં અજાણતાં વ્યક્ત થયા વગર રહેતો નથી. કોઇક તત્કાળ વ્યક્ત કરે છે, કોઇક પછીથી; કોઇક જાહેરમાં વ્યક્ત કરે છે, કોઇક અંગત વર્તુળમાં. અલ્પપ્રાપ્તિ માણસને જ્યારે ખટકે છે ત્યારે એની પ્રતિક્રિયા ચાલુ થાય છે. જેઓ વસૂલ કરવાની વૃત્તિવાળા હોય છે, પોતાના ધન પ્રમાણે વસ્તુ બરાબર મેળવવાના આગ્રહી હોય છે એમની પ્રતિક્રિયા તરત ચાલુ થાય છે.

એક વખત એક બાળકી પોતાના વર્ગના બીજા એક વિદ્યાર્થીના જન્મદિવસે એને ઘરે યોજાયેલી પાર્ટીમાં ગઈ હતી. બીજાં બાળકો પણ આવ્યાં હતાં. પાર્ટીમાં બધાંને નાસ્તા પછી આઇસ્ક્રીમ આપવામાં આવ્યો. પેલી બાળકીએ પણ લીધો. ત્યાર પછી થોડીવારે બધાંને બીજી વાર આઇસ્ક્રીમ આપવામાં આવ્યો. પેલી બાળકીએ તે લેવાની ના પાડી. યજમાન બહેને આગ્રહ કર્યો તો પણ ન લીધો, એટલે બહેને એને કારણ પૂછ્યું. બાળકીએ કહ્યું, 'મારી મમ્મીએ મારી પાસે પ્રોમિસ લીધું છે કે હું બીજી વાર આઇસ્ક્રીમ નહિ માગું. આપશે તો પણ નહિ લઉં. મેં મમ્મીને પ્રોમિસ આપ્યું છે.'

યજમાન બહેને કહ્યું. 'તારી મમ્મીએ આવું પ્રોમિસ કેમ લીધું ?' ત્યારે બાળકી બોલી, 'પણ મમ્મીને થોડી ખબર છે કે અહીં પહેલી વારમાં જ કેટલો ઓછો આઇસ્ક્રીમ આપ્યો છે.'

નાની બાળકીએ નિર્દોષતાથી વ્યક્ત કરેલો ભાવ મોટા માણસો પણ સભાનપણે વ્યક્ત કર્યા વગર રહી શકતા નથી.

બીજી બાજુ જે માણસોનો અભિગમ જે મળ્યું તે માણવાનો હોય છે તેઓ પોતાના એટલા સમયને સાર્થક કરે છે. જીવન જીવવાની એ એક કળા છે. દરેક પરિસ્થિતિમાં તેઓ રાજી રાજી હોય છે. હાસ્ય, પ્રસન્નતા, આનંદ, ઉલ્લાસ, ઉત્સાહ, વિનોદ ઇત્યાદિથી તેમનું જીવન છલોછલ ભરેલું રહે છે. પોતાને ઓછું મળ્યું છે એવી સભાનતા પણ તેઓ રાખતા નથી અને તેમને રહેતી પણ નથી. પોતાની યોગ્યતા કે ધારણા કરતાં પોતાને ઘણું બધું મળ્યું છે એવો આશાવાદ એમના જીવનમાં વણાઈ ગયો હોય છે. ક્યાંય ફરિયાદ કરવાનું તેમને પ્રયોજન જણાતું નથી.

પોતાને થોડું મળ્યું હોય, પણ પોતાનાં સ્વજન, સાથીદાર કે આશ્રિતને કશું જ ન મળ્યું હોય અથવા વધારે મળ્યું હોય ત્યારે માણસની કસોટી થાય છે. થોડામાંથી પણ થોડું બીજાને આપવાની ઇચ્છા મનની ઉદારતા અને ત્યાગની ભાવના વગર સંભવી ન શકે. અન્યને અધિક મળ્યું હોય ત્યારે ઇર્ષ્યા, પડાવી લેવાની વૃત્તિ ઇત્યાદિ પોતાનામાં જન્મે છે કે નહિ તેના આધારે તેના સત્ત્વની કસોટી થાય છે.

આમ જોવા જઇએ તો માણસની તૃષ્ણા, વાસના, ઈચ્છાઓનો કોઈ અંત નથી. ધન, સત્તા, ભોગોપભોગની સામગ્રી, કીર્તિ ઇત્યાદિ માટેની એની ભૂખ સદૈવ સતત પ્રદીપ્ત રહે છે. ગમે તેટલું મળે તો પણ ઓછું પડે. ભગવાન મહાવીરે કહ્યું છે કે इच्छाओ आगाससमा अनंतिया । ઇચ્છાઓ આકાશની જેમ અનંત છે. આકાશનો છેડો નથી તેમ ઇચ્છાઓનો છેડો નથી. એક ઇચ્છા પરિપૂર્ણ થાય ત્યાં બીજી જાગી જ હોય. માણસની વૃત્તિઓ આવી હોય તો, જ્યારે પોતાની અપેક્ષા કરતાં, અધિકારપૂર્વક મળવું જોઇએ તે કરતાં ઓછું મળ્યું હોય ત્યારે માણસ બેચેન થયા વગર રહેતો નથી.

જેણે થોડાથી સંતોષ માનવો હોય તેણે પોતાની ઇચ્છાઓ ઉપર સંયમ મેળવવો જોઇએ. જ્યારે જ્યારે જે જે ઇચ્છા થાય તે સંતોષવાનો પ્રયત્ન કરવા કરતાં તેના ઉપર કાબૂ મેળવી, તેવી ઇચ્છાઓ ક્રમે ક્રમે ઓછી કરવાથી આત્મબળ ખીલે છે. પોતાની ઇચ્છાઓ અતૃપ્ત રહે છે એ પ્રકારની સભાનતા કે એ માટેનું દુ:ખ કે કષ્ટ પછી નથી રહેતું. પોતે કેટલા શક્તિમાન છે કે આવી નાની મોટી ઇચ્છાઓને સ્વેચ્છાએ જતી કરી શકે છે એ પ્રકારની શ્રદ્ધાપૂર્વકની પ્રસન્નતા હોવી જોઇએ. એથી આગળ જતાં તો ઇચ્છાઓ જન્મે જ નહિ એ સ્થિતિ સુધી પહોંચી જઈ શકાય છે. વારંવાર નિસ્પૃહ રહેવાના મહાવરાથી આવી સ્થિતિ પ્રાપ્ત થાય.

પોતાને ઓછું મળ્યું હોય ત્યારે વાસ્તવિકતાનો સહર્ષ, સસ્મિત સ્વીકાર એ જીવન જીવવાની એક શ્રેષ્ઠ ચાવી છે. એવી વ્યક્તિ દ્વારા નિરાશા, વિસંવાદ કે સંઘર્ષનાં આંદોલનો ઉદ્‌ભવતાં નથી.

માણસ એમ જો વિચારતો થઈ જાય કે પોતાને જે ઓછું મળ્યું છે તેની પાછળ કોઇક કારણ તો હોવું જ જોઇએ. મનની ઉદારતા અને તત્ત્વની શ્રદ્ધા વગર એવું કારણ સમજવાનો પ્રામાણિક પ્રયત્ન શક્ય નથી. આ જગતમાં જે કંઈ બને છે અને બની રહ્યું છે તેમાં કોઇક નિયમ રહેલો છે. વિશ્વના એ નિયમમાં પોતાને હસ્તક્ષેપ કરવો નથી તથા કરવો એ વ્યર્થ છે એવી તાત્ત્વિક સમજણ પ્રાપ્ત થાય અને પોતપોતાના કર્માનુસાર દરેક જીવ પ્રાપ્ત કરે છે અને ભોગવે છે તથા પોતાના લાભાન્તરાય કર્મના ઉદય વગર ઓછું મળે નહિ એવી શ્રદ્ધા રહે તો ઘણી નિરાશામાંથી બચી જવાય.

થોડામાં સંતોષ માનવો એનો અર્થ એ નથી કે માણસે સરસતાનો અને સંપૂર્ણતાનો આગ્રહ ન રાખવો જોઇએ. વ્યવહારિક જીવનમાં જ્યાં એની જરૂર હોય ત્યાં માણસ જો એવો આગ્રહ ન રાખે તો તે પુરુષાર્થહીન અને પ્રમાદી બની જવાનો ડર રહે છે. જ્યાં અલ્પસંતુષ્ટ ન થવાનું હોય ત્યાં અલ્પસંતુષ્ટતા દોષરૂપ ગણાય. અધ્યાત્મસાધનામાં પણ અલ્પસંતુષ્ટ-તાથી પ્રગતિ ન થાય. પૂર્ણતા તરફનો પુરુષાર્થ જ મોટું ફળ આપી શકે.

જેઓ અધ્યાત્મના માર્ગે પ્રગતિ કરવાવાળા છે તેઓ તો ઇચ્છા ઉપરના સંયમ અને ઇચ્છાનિરોધથી આગળ વધી નિરીહતાના તબક્કે પહોંચવાનો પુરુષાર્થ કરે છે. સામાજિક કક્ષાએ પ્રાપ્તિ કે અલ્પપ્રાપ્તિ અંગે ગમે તે અભિગમ હોય, આધ્યાત્મિક કક્ષાએ તો ભગવાન મહાવીરે કહ્યું છે કે छंदं निरोहेण उवेइ मोक्खं । ઇચ્છાઓના નિરોધથી જ અર્થાત્ નિરીહતાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે.

**☐ રમણલાલ ચી. શાહ**

## સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો ઓગસ્ટ, ૨૦૦૧ અને સપ્ટેમ્બર, ૨૦૦૧નો અંક સંયુક્ત અંક તરીકે ૧૬મી સપ્ટેમ્બરે પ્રકાશિત થશે તેની નોંધ લેવા વાચકોને વિનંતી.

**☐ તંત્રી**

# 'મંથન' સંસ્થાની મુલાકાત

□ મથુરાદાસ ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન કોઈ એક સેવાભાવી સંસ્થાને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.

આ વખતે સંઘની કાર્યવાહક સમિતિએ ગુજરાતમાં કલોલ પાસે હાજીપુર નામના ગામમાં આવેલી, અપંગ અને મંદબુદ્ધિની બાળાઓ માટે સરસ કાર્ય કરતી 'મંથન' નામની સંસ્થાને આર્થિક સહાય કરવાનું ઠરાવ્યું છે.

સંઘના નિયમાનુસાર જે કોઈ સંસ્થાને આર્થિક સહાય કરવાની હોય તે સંસ્થાની હોદ્દેદારો અને સમિતિના સભ્યો પહેલાં મુલાકાત લે છે. 'મંથન' સંસ્થાની મુલાકાત અમે બે વખત લીધી હતી.

પહેલી વાર અમે તા. ૨૩, ૨૪, ૨૫ માર્ચ-૨૦૦૧ના રોજ ચિખોદરા અને કપડવંજ નેત્રયજ્ઞ માટે ગયા હતા ત્યારે ત્યાંથી કપડવંજથી મોડાસા-મહુડી થઇને પાછા ફરતી વખતે તા. ૨૫મી માર્ચના રોજ બપોરે અમે હાજીપુરમાં 'મંથન' સંસ્થામાં પહોંચ્યા હતા. આ મુલાકાતમાં સંઘના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણભાઈ શાહ અને એમનાં ધર્મપત્ની પ્રો. તારાબહેન શાહ, સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, મંત્રી શ્રીમતી નિરુબહેન શાહ, ખજાનચી શ્રી ભૂપેન્દ્રભાઈ ઝવેરી તથા સભ્યો શ્રી યશોમતીબહેન શાહ, શ્રી મીનાબહેન શાહ તથા હું-એમ આઠ સભ્યો જોડાયા હતા. એ માટે વાહનની વ્યવસ્થા ચિખોદરાના ડૉ. રમણીકલાલ દોશી-મુ. દોશીકાકાએ કરી આપી હતી.

'મંથન' સંસ્થામાં એનાં મુખ્ય સૂત્રધાર બાહેન શ્રી નિરુબહેન રાવળે તથા મંત્રી અને એક મુખ્ય ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ પટેલે અમારું ભાવભીનું સ્વાગત કર્યું હતું. સંસ્થામાં પ્રવેશતાં જ અપંગ બાળાઓના વિશાળ સંકુલને જોઇને અમે પ્રભાવિત થયા હતા. શ્રી નિરુબહેન અને શ્રી ગિરીશભાઇએ અમને સંસ્થાના જુદા જુદા વિભાગો બતાવ્યા હતા.

આ સંસ્થામાં મુખ્યત્વે બાળ-પોલિયોની બીમારીને કારણે પગે કે હાથે અને પગે અપંગ થઇ ગયેલી ૧૮૦ થી વધુ બાળાઓને રાખવામાં આવી છે. આવી બાળાઓ ૭-૮ વર્ષથી ૧૭-૧૮ વર્ષ સુધીની છે. તેઓને સંસ્થામાં જ અમુક ધોરણ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે અને ત્યાર પછી તેઓને ઊંટગાડીમાં કે રીક્ષામાં કડી ગામની હાઇસ્કૂલમાં ભણવા મોકલવામાં આવે છે. સવારે ભણવા જાય અને સાંજે પાછી આવે.

'મંથન' સંસ્થામાં મંદબુદ્ધિની બાળાઓને પણ રાખવામાં આવે છે. એવી ચાલીસથી વધુ બાળાઓ હાલ ત્યાં છે. તેઓને રહેવા માટે અલગ સુરક્ષિત રહેઠાણની વ્યવસ્થા છે તથા તેઓને ભણાવવા માટે તથા રમાડવા માટે પણ સરસ વ્યવસ્થા કરવામાં આવી છે. ભોળી, નિર્દોષ પણ મંદબુદ્ધિની કેટલીક બાળાઓ અમને જોતાં જ અમારી પાસે દોડી આવી હતી. એમનો આનંદ એમના ચહેરા પર સમાતો ન હતો.

બીજી કેટલીક અપંગ બાળાઓને અમે જોઈ. તેઓ બેઠી હોય તો ખબર પણ ન પડે કે તેઓ અપંગ છે. કેટલીક બહુ તેજસ્વી દેખાતી હતી. ચાલવામાં કોઇને વધારે તો કોઇને ઓછી તકલીફ પડે. કેટલીક બાળાઓ તો બે હાથ અને બે પગે વાંકી વળીને ચાલતી હતી. બેય પગે અપંગ એવી કેટલીક બાળાઓ ત્રણ પૈડાંની સાઇકલમાં હરતી ફરતી હતી. કેટલીકને ઘોડીનો ઉપયોગ કરવો પડતો હતો. આવી બધી બાળાઓને નજરે જોતાં આપણી આંખો આંસુથી ઉભરાય.

શ્રી નિરુબહેને આ સંસ્થાના નિર્માણનો ઇતિહાસ અમને કહ્યો. પોતે એક શાળાનાં આચાર્યા હતાં તેમાંથી આ સેવાકાર્ય તરફ પોતે કેવી રીતે વળ્યાં અને આ પ્રવૃત્તિને પોતાના જીવનનું મિશન બનાવી દીધું તેની હૃદયસ્પર્શી વાત કરતાં કરતાં તેમનું હૈયું ભરાઈ આવ્યું હતું. નિરુબહેન પોતે અપરિણીત રહ્યાં અને વારસામાં પોતાના માતુશ્રી મેનાબહેન તરફથી જે કંઈ મળ્યું તે બધું એમણે આ સંસ્થાને સમર્પિત કરી દીધું છે.

આ સંસ્થામાં રહેતી બાળાઓ મોટી થતાં સંસ્થા છોડીને જાય ત્યારે પગભર થાય અને પોતાની આજીવિકા મેળવી શકે એ માટે તેમને હુન્નરઉદ્યોગ શીખવવામાં આવે છે. કેટલીક બાળાઓ તો એટલી હોંશિયાર છે કે એમને કૉમ્પ્યુટર ની તાલીમ પણ આપવામાં આવે છે.

આ સંસ્થાની બીજીવાર મુલાકાત અમે ગત જૂન મહિનામાં લીધી હતી. આ વખતે અન્ય સભ્યો ઉપરાંત સંઘના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ દીપચંદ શાહ તથા સમિતિના સભ્ય શ્રીમતી રમાબહેન વોરા પણ જોડાયાં હતાં. બીજી વખત સંસ્થાનું અવલોકન વધુ વિગતે કરવાની અમને તક મળી હતી. સંસ્થાની બાળાઓએ અમારા માટે ગીત, નૃત્ય ઇત્યાદિનો જે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો તે જોઈ અમે સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા હતા.

'મંથન' સંસ્થાની એ વિસ્તારમાં લોકપ્રિયતા એટલી બધી છે કે ઉત્તરોત્તર બાળાઓની સંખ્યા વધતી જાય છે. પરંતુ સંસ્થા પાસે મકાનોની અગવડ છે. એક એક મોટા ઓરડામાં દસ-પંદર બાળાઓ સાથે રહે છે. એટલે સંસ્થાને વિકસાવવાની તાત્કાલિક જરૂર છે. એ માટે બાજુની વિશાળ જમીન મળી ગઈ છે. નિભાવ ફંડ માટે તથા તાલીમ વર્ગનાં સાધનો વસાવવા તથા શિક્ષિકાઓને રોકવામાં આર્થિક સહાયની ઘણી જરૂર છે.

'મંથન' સંસ્થાની આ બીજી મુલાકાતથી અમે સૌ વધુ પ્રભાવિત થયા હતા અને એને આર્થિક સહાય કરવાની ઘણી આવશ્યકતા છે એની ખાતરી થઈ હતી. આથી જ આ સંસ્થાને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન રાખવાનું સંઘે ઠરાવ્યું છે. એ માટે દાતાઓને ઉદાર હાથે માતબર રકમ આપવાની અપીલ સંઘ તરફથી કરવામાં આવે છે.


## સંઘના પ્રકાશનો

સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :

| | | | કિંમત રૂા. |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૨) | પાસપોર્ટની પાંખે -ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૩) | ગુર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| (૪) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૫) | જૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| (૬) | જૈન ધર્મનાં સ્વાધ્યાય -સુમન | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયાનો લેખ સંગ્રહ | ૧૦૦-૦૦ |

# સ્વરૂપઘાતક કર્મનો મર્મ

□ ગિરીશભાઈ તારાચંદ મહેતા

પુદ્‌ગલરૂપી કાર્મણવર્ગણા અને જીવાત્માનો અનાદિ પ્રવાહ જે જીવ કહેતાં આત્મપ્રદેશ અને પુદ્‌ગલ કહેતાં કાર્મણવર્ગણાનું મિશ્રણ છે, તે જીવ દ્વારા યોગ અને ઉપયોગ વડે અર્થાત્ તન અને મનથી કરાતી ક્રિયાના પરિણામ સ્વરૂપ હોવાથી કર્મ તરીકે ઓળખાય છે. એ રૂપી છે. એવાં એ કર્મના મર્મને જાણવાની શ્રુત-છણાવટ તે જૈનદર્શનનું કર્મસાહિત્ય.

આગમિક શાસ્ત્રગ્રંથોમાં પ્રાપ્ત કર્મસાહિત્ય શ્રુત છે. આત્મપ્રદેશે વિદ્યમાન કર્મ જે કેવળદર્શનમાં દેખાય છે અને કેવળજ્ઞાનમાં જણાય છે, તે કર્મનું પ્રત્યક્ષ દર્શન છે, જે દૃષ્ટ છે. જ્યારે છદ્મસ્થ સંસારીજીવ જે કર્મના વિપાકને અનુભવે છે, તે અનુભૂત છે. અપૂર્ણ જીવો-સંસારી જીવો જે કર્મસહિત છે કે કર્મયુક્ત છે એમના કર્મપ્રવાહને જોવા જાણવા અને જણાવવાની સર્વ સત્તા તે કેવળદર્શન-કેવળજ્ઞાન. કર્મગ્રંથના અભ્યાસથી અધ્યવસાય સ્થાનકોના ભેદ સમજાય છે. કેવા અધ્યવસાયો વર્તમાનમાં વર્તે છે અને એ કેવાં હોવા જોઇએ તે કર્મસાહિત્યના અધ્યયનથી સમજાય છે.

કર્મનો ભોગવટો એટલે અપૂર્ણાવસ્થાની ચેતકતા-વેદકતાની અનુભૂતિ. કરાતી શુભાશુભ કાયિક અને માનસિક ક્રિયાની જીવના આત્મપ્રદેશે ઉપસતી ભાત-થતું ચિત્રામણ તે કર્મ. ટૂંકમાં કર્મ એ આત્મા દ્વારા કરાયેલ ક્રિયાની નોંધ છે. આમ કરાતી ક્રિયાના પરિણામ સ્વરૂપ આત્મા એની પોતાની જ ક્રિયાના કર્મથી બંધાઈ જાય છે. માટે એને કર્મબંધ કહે છે. આ કર્મબંધના ચાર પ્રકારના ભેદ નીચે પ્રમાણે છે.

(૧) પ્રદેશબંધ : કાર્મણવર્ગણાનો જેટલો જથ્થો એટલે કે પ્રમાણ-Quantity-ખેંચ્યો અને આત્મપ્રદેશે ચોંટાડ્યો અર્થાત્ બાંધ્યો તે પ્રદેશબંધ.

(૨) પ્રકૃતિબંધ : કાર્મણવર્ગણા-કર્મરજને ખેંચીને આત્મપ્રદેશે ચોંટાડતા જે પ્રકૃતિએ તેને કર્મરૂપે પરિણામાવી તે પ્રકૃતિબંધ. પ્રકૃતિબંધના આઠ પ્રકાર છે જેનાં આધારે કર્મના પ્રકાર આઠ છે. આમ તો એ આત્માની વિકૃતિ જ છે પરંતુ વિપાકોદય સમયે કાર્મણવર્ગણા એમાં સિંચિત થયેલ પ્રકૃતિ અનુસાર અસર બતાડે છે તેથી પ્રકૃતિ કહેલ છે-એટલે કે Nature

(૩) સ્થિતિબંધ : કર્મબંધ સમયે કર્મરજ કેટલો કાળ આત્મપ્રદેશે સ્થિત થશે-ટકી રહેશે તેનું નિર્ણાયક બળ તે સ્થિતિબંધ-Time Limit. જે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૭૦ કોટાકોટી સાગરોપમ હોઈ શકે.

(૪) રસબંધ : કર્મબંધ સમયે કર્મરજને કેટલો રસ રેડીને એટલે કે કેટલા તીવ્રભાવથી-વૃત્તિથી Intensity-Power થી આત્મપ્રદેશે ચોંટાડી છે અને ઉદય સમયે કેવું તીવ્રમંદ ફળ આપશે તેનું નિર્ણાયકબળ તે રસબંધ અથવા અનુભાગબંધ. જેવાં રસે બંધાય તેવાં રસે ભોગવાય. એ તો એવું છે કે કર્મને કોઈ શરમ નથી અને કર્મને કોઈ ભરમ નથી.

મંદ, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ અર્થાત્ એક સ્થાનક-એક ઠાણિયો, દ્વિસ્થાનક-બે ઠાણિયો, ત્રિસ્થાનક-ત્રણ ઠાણિયો અને ચતુ:સ્થાનક-ચાર ઠાણિયો રસ. એ રસબંધના પ્રકાર છે. જે બીજી રીતે સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત, નિકાચિત તથા સંજવલન, પ્રત્યાખાની, અપ્રત્યાખાની અને અનંતાનુબંધી તરીકે પણ ઓળખાય છે. એકમાં બંધનની ઘટ્ટતાના આધારે ભેદ છે. જ્યારે બીજામાં કાળની અપેક્ષાએ ભેદ છે.

શાસ્ત્રમાં કર્મબંધના કાળભેદ અને રસભેદથી ૬૪ ભેદ બતાડ્યા છે.

ટૂંકમાં પ્રદેશબંધ એટલે કાર્મણવર્ગણાનો સમૂહ, પ્રકૃતિબંધ એટલે આઠ કર્મો. સ્થિતિબંધ એટલે કર્મનું સત્તામાં જવું-જમે થવું અને રસબંધ એટલે ઉદયમાં આવેલ કર્મોથી થતો ભિન્ન ભિન્ન અનુભવ અર્થાત્ કર્મની ફળ આપવાની તાકાત.

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનું કારણ યોગ એટલે કે મન, વચન અને કાયાનો વ્યાપાર છે જ્યારે સ્થિતિબંધ અને રસબંધનું કારણ અસ્થાયી-અસ્થિર ઉપયોગ-એટલે કે કષાયભાવ છે. રસ અને સ્થિતિ જુદા પડતા નથી તેમ પ્રદેશ અને પ્રકૃતિ જુદા પડતા નથી.

મોદકનું દૃષ્ટાંત લઈ વિચારતાં આ ચાર બંધની વાત સુસ્પષ્ટ થાય છે. જેમ સુંઠ, જીરૂં અને પીપર વગેરે ચીજો નાંખી બનાવેલ મોદક પોતાના સ્વભાવથી વાત, પિત્ત અને કફનો નાશ કરે છે; તેમ જ્ઞાનાવરણીય કર્મ પોતાના સ્વભાવથી જ્ઞાનનો, દર્શનાવરણીય કર્મ દર્શનનો, મોહનીયકર્મ પારમાર્થિક હિતાહિતના વિવેકનો નાશ કરે છે માટે તે પ્રકૃતિબંધ જાણવો. કોઈ મોદક પક્ષ, માસ કે તેથી વધારે કાળ ટકી શકે છે, તેમ જ્ઞાનાવરણીય કર્મ ઉત્કૃષ્ટ ત્રીસ કોટાકોટી સાગરોપમ સુધી ટકી શકે છે ઇત્યાદિ તે સ્થિતિબંધ. જેમ મોદકમાં સ્નિગ્ધ મધુરત્વાદિ ઘી ગોળાદિ રસ હોય છે, તેમ કર્મમાં શુભાશુભ તીવ્ર-મંદ ફળ આપનાર રસ હોય છે, તે રસબંધ. જેમ મોદકમાં વધારે કે ઓછો લોટ હોય છે, તેમ કર્મના વધારે કે ઓછા કર્મપ્રદેશો હોય તે પ્રદેશબંધ.

કર્મથી આત્મા બંધાય છે એટલે કર્મબંધ. બંધાયેલ કર્મ તત્કાળ પરચો બતાડતા નથી. પણ આત્મપ્રદેશે જમા પડેલાં રહે છે, એટલે કે બંધાયેલ કર્મ બાધા-અસર પહોંચાડ્યા વિના સત્તામાં જમા પડ્યા રહે છે. આ બંધાયેલ કર્મની ઉદયમાં આવી પરિણામ આપવાની અર્થાત્ પરચો બતાડવાની અપેક્ષાએ પરિણામલક્ષી પ્રક્રિયાના પાછા ચાર પ્રકાર-ભેદ પડે છે, જે છે...(૧) બંધ (૨) સત્તા (૩) ઉદય અને (૪) ઉદીરણા.

કર્મરજ આત્મપ્રદેશ સાથે ઓતપ્રોત થઈ જવી તે 'બંધ.' બાધા પહોંચાડ્યા વિના અબાધાકાળમાં આત્મપ્રદેશ સાથે કર્મરજનું સંલગ્ન રહેવું તે અબાધાકાળ 'સત્તા.' બંધાયેલ કર્મની અસર થવી તે કર્મનો 'ઉદય' જે બે પ્રકારના છે. પ્રદેશોદય અને વિપાકોદય. સત્તામાં રહેલ કર્મને વહેલાં ઉદયમાં લાવી સ્વેચ્છાએ કે અનિચ્છાએ સહજપણે કર્મ ખપવા-ખેરવી નાંખવા તે 'ઉદીરણા.'

નાણા ઉછીના-ઉધાર લેવા તે 'કર્મબંધ.' નાણા જેટલો સમય ઉધાર લીધા હોય તે ઉધારીનો નક્કી કરેલો સમય તે અબાધાકાળ-'સત્તા.' ઉધારીનો સમય પૂરો થયેથી લેણદારની ઉઘરાણી શરૂ થવી તે 'ઉદય.' ઉધારીની રકમ સમય પૂરો થયાં પહેલાં જ પરત ચૂકતે કરી દેવી તે 'ઉદીરણા.' હવાલા પાડવા તે ઉદ્‌વર્તના, અપવર્તના, સંક્રમણરૂપ ફેરફારી. જેવું લીધું તે જ અને તેવું જ પરત કરવું તે જાંઘડ છે, જે ૧૧મા અને ૧૨મા ગુણસ્થાનકે છદ્મસ્થ વીતરાગ ભગવંતની તથા ૧૩મા ગુણસ્થાનકે સ્થિત સયોગી કેવલિ ભગવંતોની દશા છે, જે માત્ર યોગસ્પંદનથી બંધાતા સ્થિતિ અને રસવિહીન શાતાવેદનીય ઐર્યાપથકર્મ છે.

ઉપરાંત આગળ જણાવ્યા મુજબ કર્મબંધના બંધનની તીવ્રતાની અપેક્ષાએ પણ તે કર્મબંધના ચાર ભેદ (૧) સ્પૃષ્ટ (૨) બદ્ધ (૩) નિધત્ત અને (૪) નિકાચિત બતાડેલ છે. જે રસબંધના ભેદ છે.

(૧) સ્પૃષ્ટ કર્મબંધ : એ એવો કર્મબંધ છે જેવો ભેગી થયેલી સોયો એકબીજાને અડીને રહેલી હોય છે અથવા તો રજ્જુબંધથી બંધાયેલો બંધી.

(૨) બદ્ધકર્મબંધ : એ એવો કર્મબંધ છે જેવો ભેગી થયેલી સોયોનો દોરા વડે પરોવાયેલો બંધ હોય છે અથવા હાથકડીથી બંધાયેલો બંધી.

(૩) નિધત્તકર્મબંધ : એ એવો કર્મબંધ છે જેવો ભેગી થયેલી

સોયોનો કાટ ખાઈને થયેલો બંધ હોય છે અથવા બેડીબંધ બંધાયેલો બંધી.

**(૪) નિકાચિત કર્મબંધ :** એ એવો કર્મબંધ છે જેવો ભેગી થયેલી સોયોનો લોહગોળો હોય છે. અથવા થાંભલા સાથે ખીલાથી જડી દેવાયેલો બંધી.

સ્પૃષ્ટ અને બદ્ધ કર્મબંધ સહેલાઇથી કર્મયોગ કે ભક્તિયોગથી ખપી જાય તેવો કર્મબંધ છે. જ્યારે નિધત્ત કર્મબંધ તો દુષ્કર એવાં તપ, ત્યાગ, પરિષહ, ઉપસર્ગથી ખપી શકે એમ હોય છે અને નિકાચિત કર્મબંધથી તો ભોગવેથી જ છૂટકો થાય છે.

એ જ રીતે કાળની દૃષ્ટિએ રસબંધના ચાર ભેદ છે, જે ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયના ભેદ તે (૧) અનંતાનુબંધી (૨) અપ્રત્યાખ્યાની (૩) પ્રત્યાખ્યાની અને (૪) સંજવલના અને તે દરેક ભેદના પણ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન રસભેદે ચાર ચાર ભેદ પડે એમ ૬૪ ભેદ પડે છે.

**(૧) અનંતાનુબંધી :** અનંત સંસારના કારણભૂત હોવાથી અનંતાનુબંધી કહેવાય છે. અનંતાનુબંધી કષાય વર્ષાધિક કાળથી લઈ યાવજ્જીવ પર્યંત રહે છે. આ કષાયના ઉદયે મરે, તે નરકે જાય. આ પ્રકારનો કષાય સમ્યક્ત્વને પામવા નહિ દે. અનંતાનુબંધી પ્રકારનો ક્રોધ પથ્થરની રેખા જેવો હોય છે. માન પથ્થરના સ્થંભ જેવું હોય છે, માયા વાંસમૂળ જેવી હોય છે અને લોભ કૃમિરંગ જેવો હોય છે. અનંતાનુબંધીના અનંતાનુબંધી કષાયના ઉદયમાં મરે તે નરકે જાય.

**(૨) અપ્રત્યાખ્યાની :** અપ્રત્યાખ્યાની કષાય ઉત્કૃષ્ટથી વર્ષ પર્યંત રહે છે. સાંવત્સરિક પ્રતિક્રમણ કાળે ક્ષામણ કરવાથી કે બીજી રીતે નાશ પામે તેવો હોય છે. આ પ્રકારના કષાયના ઉદયમાં મરે તે તિર્યંચ થાય. આ પ્રકારનો કષાય દેશવિરતિને પામવા નહિ દે. અપ્રત્યાખ્યાની પ્રકારનો ક્રોધ પૃથ્વીરેખા જેવો, માન અસ્થિ સ્થંભ જેવું, માયા ઘેટાના શૃંગ જેવી અને લોભ મળી-કીલ જેવો હોય છે. અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની કષાયના ઉદયમાં મરે તે તિર્યંચમાં જાય.

**(૩) પ્રત્યાખ્યાની :** પ્રત્યાખ્યાની કષાય ઉત્કૃષ્ટથી ચાર માસ પર્યંત રહે છે. ચાતુર્માસિક પ્રતિક્રમણ કરતાં ખમાવતા આ પ્રકારનો કષાય નાશ પામે તેવો હોય છે. આ પ્રકારના કષાયના ઉદયમાં મરે તે મનુષ્ય થાય છે. આ પ્રકારનો કષાય સર્વવિરતિને પામવા નહિ દે. પ્રત્યાખ્યાની પ્રકારનો ક્રોધ રેતીરેખા જેવો, માન કાષ્ટના સ્થંભ જેવું, માયા ગોમૂત્રની ધાર જેવી અને લોભ કાજળ જેવો હોય છે. અનંતાનુબંધી પ્રત્યાખ્યાની કષાયના ઉદયમાં મરે તે મનુષ્યયોનિમાં જાય.

**(૪) સંજ્વલના :** સંજ્વલન કષાયનો ઉદય પંદર દિવસ સુધી રહે છે. પખ્ખી પ્રતિક્રમણ કરતાં ખમાવતા આ પ્રકારનો કષાય નાશ પામે તેવો હોય છે. આ પ્રકારના કષાયના ઉદયમાં મરે તે દેવગતિને પામે. આ પ્રકારના કષાયનો ઉદય યથાખ્યાત ચારિત્રનો ઘાત કરે છે. સંજ્વલન પ્રકારનો ક્રોધ જલરેખા જેવો, માન નેતરની સોટી જેવું, માયા વાંસની છાલ જેવી અને લોભ હળદર જેવો હોય છે.

અનંતાનુબંધી સંજવલના કષાયના ઉદયમાં મરે તે દેવયોનિમાં જાય.

કષાયોની તીવ્રતા અને મંદતા બતાવવા સ્થૂલ વ્યવહારનય આશ્રીને કાળસ્થિતિનો નિર્દેશ કરાયેલ છે.

ક્રિયાએ કરીને કર્મબંધ થાય છે અને એમાં હૃદય ભળે છે એટલે અનુબંધ પડે છે. કરાયેલ ક્રિયા ઉપર પ્રતિક્રિયા કે કેવું સરસ કર્યું ! અરર! મારાથી ખરાબ થઈ ગયું! મારે આમ નહોતું કરવું જોઇતું! ઇત્યાદિ બંધ ઉપરના અનુબંધ છે. બંધને અનુસરીને થતાં ભાવ અનુબંધ છે. બંધ સમયે મિથ્યાત્વની ગેરહાજરી યા હાજરીને અનુસારે શુભ અથવા અશુભ અનુબંધ પડે છે. પાપને અત્યંત હેય માનીને થતી પ્રવૃત્તિમાં અશુભ અનુબંધ પડતા નથી. ધર્મને અત્યંત ઉપાદેય માનીને થતી પ્રવૃત્તિમાં શુભ અનુબંધ પડે છે. અનુબંધનો આધાર મનુષ્યનું ભાવ જગત છે. બંધ કરતાં અનુબંધથી ચેતવા જેવું છે. કેમકે તે કર્મ પરંપરા સર્જે છે. પાપ પ્રવૃત્તિનો અનુબંધ પડે નહિ અને તે અનંતાનુબંધ થાય તેની કાળજી રાખવી. જ્યારે પુણ્ય પ્રવૃત્તિ સાનુબંધ થાય તેની ચીવટ રાખવી.

કર્મરજને આત્મપ્રદેશે વૃત્તિ અને પ્રવૃત્તિથી ખેંચવી-આકર્ષવી તે 'આશ્રવ'. કર્મરજ આત્મપ્રદેશે ક્ષીરનીર કે લોહાગ્નિની જેમ એકરસ-એકરૂપ-ઓતપ્રોત થવી તે 'કર્મબંધ.' આત્મપ્રદેશે આકર્ષાઈ આવતી કર્મરજને યમ, નિયમ, વ્રત, પચ્ચખ્ખાણ, સંયમાદિથી અવરોધવી-અટકાવવી તે 'સંવર' અને કાર્મણવર્ગણાનું આત્મપ્રદેશથી છૂટા પડી જવું-ખરી પડવું-ઝરી જવું-ખપી જવું તે 'કર્મનિર્જરા' છે.

કર્મનિર્જરા બે પ્રકારે હોય છે. સકામ અને અકામ તથા દેશ અને સર્વથી. સભાનતામાં સંકલ્પસહિત થતી કર્મનિર્જરા તે 'સકામ નિર્જરા' અને અભાનતામાં અજ્ઞાનપણે સંકલ્પરહિત કર્મ ભોગવટાથી થતી કર્મનિર્જરા તે 'અકામ નિર્જરા'. દેશથી એટલે આંશિક નિર્જરા તે 'દેશનિર્જરા' અને સર્વ કર્મની સર્વથા નિર્જરા થઈ જઈ કર્મરહિત નિષ્કર્મા થવું તે 'સર્વ નિર્જરા' એટલે કે 'મોક્ષ-મુક્તિ'; અર્થાત્ કર્મબંધથી સર્વથા છૂટકારો, કર્મની ગુલામીમાંથી આઝાદી, કર્માધીન મટી આત્માધીન થવું, કર્મ પારતંત્ર્યમાંથી છૂટી આત્માનું સ્વાધીન થવું-સ્વતંત્ર થવું, સ્વક્ષેત્રે સ્વમાં સ્વાધીન બની સ્વરૂપસ્થ થવું. કર્મના વિપાકોદય વેળાએ કર્મને ભોક્તાભાવે વેદવા નહિ તેનું જ નામ સંવર છે. સંવર અને નિર્જરા એ પુરુષાર્થ છે જ્યારે ઉદય એ પ્રારબ્ધ છે. 'कार्मण्ये वा अधिकारेषु मा फलेसु कदाचन' એ ગીતાસૂત્ર પણ આ જ સંદર્ભમાં છે કે કર્મ કરતી વખતે, કર્મ બાંધતી વખતે કર્મ ઉપર તારી સત્તા છે-તારો અધિકાર છે. કાર્ય કર્યું અને કર્મ બાંધ્યું, પછી તો ઉદયમાં આવશે ત્યારે જેવાં ભાવે જેવું કર્મ બાંધ્યું હશે તેવો રસ એ ચખાડશે-એવી અસર બતાડશે. અર્થાત્ કર્મ બાંધતી વખતે કર્મ ઉપર તારી સત્તા અને કર્મ ભોગવતી વખતે તારી ઉપર કર્મની સત્તા. જીવ બંધમાં કર્તા છે જ્યારે ઉદયમાં ભોક્તા છે. અબાધાકાળમાં ધર્મ અને મોક્ષ પુરુષાર્થથી ફેરફારી કરાય એ વાત જુદી છે. એટલે જ તો કહેવાયું છે કે...'બંધ સમયે ચિત્ત ચેતીએ ઉદયે સો સંતાપ.' 'હસતા બાંધીઆ રોવતા નવિ છૂટે.'

જીવ કર્મબંધનથી બે રીતે બંધાય છે. એક તો યોગથી એટલે કે દ્રવ્ય મન, વચન અને કાયાના પ્રવર્તનથી અર્થાત્ પ્રવૃત્તિથી-યોગક્રિયા-યોગસ્પંદન-યોગકંપનથી અને બીજાં ઉપયોગકંપનથી એટલે કે વિકૃત જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગ, ભાવ, મન, લાગણી, ઊર્મિ, અંતઃકરણ-વૃત્તિથી અર્થાત્ મિથ્યાત્વ, અવિરતિ અને કષાયથી.

મિથ્યાત્વ એટલે અજ્ઞાન, મોહ, મૂઢતા, મૂર્છા, ભ્રામકતા, વિપરીત-ખોટી-અસત્ દૃષ્ટિ (વિપર્યાસ). સ્વનું અજ્ઞાન અને પરમાં સ્વબુદ્ધિ. આત્મસ્વરૂપનું અજ્ઞાન અને દેહ જ આત્મા છે એવી દેહાત્મબુદ્ધિ જ મિથ્યાત્વ છે.

કષાય એટલે ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા અર્થાત્ વ્યગ્રતા, વ્યાકુળતા, આતુરતા, અશાંતતા, ચંચળતા.

અવિરતિ એટલે આળસ-પ્રમત્તતા, અસાવધાની, અજાગરૂકતા, અનાચાર, દુરાચાર, અસંયમ, બેફામપણું, અમર્યાદ ભોગવિલાસ.

આ મિથ્યાત્વ, અવિરતિ, કષાયથી અશુભ કર્મ બંધાય. એ મિથ્યાત્વ, અવિરતિ, કષાય જો સત્ય-સમ્યગ્ દૃષ્ટિ-યથાર્થદર્શન-તત્ત્વશ્રદ્ધા-સમ્યક્ત્વ;

વિરક્તતા-વૈરાગ્ય-વિરતિ-યમ-નિયમ-સંયમ-વ્રત-પચ્ચખાણ અને શાંતતા, સ્થિરતા, સમતામાં પરિવર્તિત થાય તો એ દશામાં જે કર્મબંધ થાય તે શુભ કર્મબંધ થાય.

શુભકરણી, શુભ વિચારણા, શુભ આચરણા, સદ્‌ભાવથી શુભ કર્મબંધ અને અશુભકરણી, અશુભ વિચારણા, અશુભ આચરણા, દુર્ભાવથી અશુભ કર્મબંધ થાય.

આમ કર્મને આવવાના એટલે કે કર્મબંધ થવાના ચાર રસ્તા છે, જેને આશ્રવના ચાર દ્વાર કહેવાય છે. કર્મપ્રવાહનું આત્મા તરફ વહેવું-શ્રવવું તે આશ્રવ. આશ્રવ અને બંધ યુગપદ્ છે. એમાં આશ્રવ કારણ છે અને બંધ કાર્ય છે. (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) કષાય અને (૪) યોગ એ ચાર આશ્રવ છે.

મિથ્યાત્વ આત્માના સત્-સમ્યગ્ સ્વરૂપને આવૃત (ઢાંકે) કરે છે અવિરતિ આત્માના પૂર્ણ સ્વરૂપને આવૃત્ત કરે છે. કષાય આત્માના પ્રશાંત સ્વરૂપને આવૃત કરે છે અને યોગ આત્માના અમૂર્ત-અરૂપીપણાને આવૃત કરે છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાયથી દેહનું-યોગનું નિર્માણ થાય છે. પ્રાપ્ત યોગથી ભોગ ભોગવવા વડે કરીને મિથ્યાત્વ, અવિરતિ, કષાયની પરંપરા ચાલુ રાખી ચકરાવે ચઢાય છે અથવા તો ચકરાવો ભેદી તોડી સમ્યક્ત્વ અને વિરતિથી શાંત, ઉપશાંત, પ્રશાંત બનાય છે. જે યોગ નામાભિધાન સાર્થક કરનારી પ્રાપ્ત યોગ વડે થતી યોગ સાધના છે અર્થાત્ આત્માને મોક્ષ સાથે યોજી (જોડી) મોક્ષ મેળવી આપી યોગાતીત, પ્રશાંત, પૂર્ણ અને સત્-અવિનાશી બનાવનાર છે.

જેમ કર્મનો કર્તા યોગ એટલે કે પ્રવૃત્તિથી અને ઉપયોગ એટલે કે વૃત્તિથી એમ બે રીતે કર્મને બાંધે છે, તેમ કર્મ ઉદયમાં આવેથી કર્મ વિપાકોદય સમયે કર્મના ભોક્તાને કર્મનો ભોગવટો પણ ઉભય રીતે છે. યોગથી એટલે કે તનથી અને ઉપયોગ એટલે કે મનથી. તનથી શાતા કે અશાતા વેદનીયકર્મ વેદાય છે અને મનમાં રતિ કે અરતિ, રાગ કે દ્વેષભાવ નિપજે છે.

કર્મરજ એટલે કે કાર્મણવર્ગણા જ્યારે કર્મરૂપે પરિણમે છે તે કર્મ આઠ પ્રકારનાં છે. બંધાયેલ-ચોંટેલ કર્મરજ જેવા પ્રકૃતિબંધ કર્યો હોય તે પ્રમાણે (૧) જ્ઞાનાવરણીયકર્મ (૨) દર્શનાવરણીયકર્મ (૩) વેદનીયકર્મ (૪) મોહનીયકર્મ (૫) આયુષ્યકર્મ (૬) નામકર્મ (૭) ગોત્રકર્મ અને (૮) અંતરાયકર્મ રૂપે પરિણમે છે. આ કર્મ ક્રમાંકનું પણ નિશ્ચિત વૈજ્ઞાનિક પ્રયોજન છે.

આ આઠ કર્મોમાંથી (૧), (૨), (૪) અને (૮) ક્રમાંકના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો આત્માના મૂળ મૌલિક સ્વરૂપનો ઘાત કરનાર હોવાથી ઘાતિકર્મ કહેવાય છે. અર્થાત્ આત્માના મૂળ શુદ્ધ સ્વરૂપનો-જ્ઞાનદર્શન ઉપયોગનો-મૂળ અવિનાશી ગુણ-પર્યાયનો છેદ (ઘાત) કરનારા છે માટે ઘાતિકર્મ કહેવાય છે. ટૂંકમાં આત્માના ઉપયોગની-ગુણપર્યાયની અવિનાશિતાનો ઘાત કરનાર તે ઘાતિકર્મ. જ્યારે બાકીના (૩), (૫), (૬) અને (૭) ક્રમાંકના વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રકર્મ આત્માના આત્મપ્રદેશના સ્થિરત્વનો ઘાત કરી, પ્રદેશબંધથી આત્માને ગતિ-સ્થિતિરૂપ કરનારા હોઈ તે અઘાતિકર્મ કહેવાય છે.

કર્મ એટલે આત્માના આત્મપ્રદેશથી સંબંધિત થયેલ કર્મરજ અથવા તો આત્મપ્રદેશે સંબદ્ધ થયેલ કાર્મણવર્ગણા તે કર્મ. 'क्रियते तत् कर्म.' કરાય તે કર્મ. એટલે જ કહ્યું છે કે...'ક્રિયાએ કર્મ, પરિણામે બંધ અને ઉપયોગે ધર્મ.' ક્રિયા એટલે વિનાશીતા. ક્રિયા કરવી પડે છે તે કર્તાપણું સૂચવે છે જે અપૂર્ણતાસૂચક છે. જ્યારે કર્તાને ક્રિયાએ કરીને બંધાયેલ કર્મ કર્તાની અશુદ્ધિનું સૂચક છે, જે શુદ્ધતા ઉપરનું આવરણ છે. આત્મા એના મૂળ મૌલિક સ્વરૂપમાં તો પૂર્ણ, અક્રિય, અવિનાશી, નિષ્કર્મી, નિર્મળ, નિરાવરણ છે. માટે જ તો અપૂર્ણ એવો આત્મા પણ એના મૂળને શોધતો હોય એમ જીવન વ્યવહારમાં સર્વત્ર શુદ્ધતા, પૂર્ણતા, અવિનાશીતાને ઇચ્છે છે.

આમ કર્મ કાર્મણવર્ગણા-પુદ્‌ગલ પરમાણુ અને આત્મપ્રદેશનું મિશ્રણ છે. અને એવાં કર્મસહિત આત્મપ્રદેશ ધરાવનાર આત્મા, જીવ સંસારી કહેવાય છે. પુદ્‌ગલનો પોતાનો જ ગુણ એના નામ પ્રમાણે પૂરણ અને ગલનનો અર્થાત્ મિલન-વિખરણ, સંઘાત-વિઘાત, વિનાશિતાનો અને અસ્થિરતાનો છે. પુદ્‌ગલ રૂપી-મૂર્ત છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ગુણધર્મો ધરાવે છે. એ રૂપ રૂપાંતરતા, મૂર્ત મૂર્તાતરતાને પામનારું બહુરૂપી, માયાવી, વિનાશી અને અસ્થિર છે. માટે જ પુદ્‌ગલ પરિવર્તનશીલ અને પરિભ્રમણશીલ છે. ઉત્પાદ-વ્યય, સંયોગ-વિયોગ, સર્જન-વિસર્જન, સંકોચ-વિસ્તાર, કંપન એ તો પુદ્‌ગલનો સ્વભાવ છે-ગુણધર્મ છે.

આત્માના જ્ઞાનદર્શન ઉપયોગે એટલે કે આત્મગુણે, ભોગબુદ્ધિ અને સુખબુદ્ધિથી પુદ્‌ગલ પરમાણુ-કાર્મણવર્ગણાના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગુણ ઉપર દૃષ્ટિ કરીને આત્મપ્રદેશે કાર્મણવર્ગણાને કર્મરૂપે પરિણમાવેલ છે. પુદ્‌ગલ પરમાણુમાં એના સ્નિગ્ધ-રૂક્ષ ગુણે કરી ખેંચાવાનો સ્વભાવ છે અને આત્મામાં એને પોતાના રાગ-દ્વેષ વડે ખેંચવાનો ગુણ છે. આત્માના ગુણે સ્વક્ષેત્રે છોડી પરક્ષેત્રે પુદ્‌ગલપરમાણુના ગુણ ઉપર ભોગબુદ્ધિએ, સુખબુદ્ધિએ દૃષ્ટિપાત કર્યો તેથી ખોટો દૃષ્ટિપાત કરનાર આત્માના ગુણનો ઘાત થયો. ગુણ બગડ્યો એટલે ગુણ દોષરૂપ થયાં-વિકારી થયાં. અર્થાત્ આત્માનો અવિનાશી જ્ઞાન-દર્શન ઉપયોગ કર્મસંયોગે (પુદ્‌ગલ સંયોગે) વિનાશી બન્યો. જ્ઞાની એવો અજ્ઞાની-અલ્પજ્ઞ બન્યો. સર્વદર્શી એવો અલ્પદર્શી થયો. દિવ્યદર્શી ઇન્દ્રિયાધીન પરોક્ષદર્શી બન્યો. વીતરાગી એવો રાગી-દ્વેષી થયો-અખંડ અને પૂર્ણ એવો અપૂર્ણ અધૂરો બન્યો. ગુણ બગડ્યા એટલે આત્મગુણને આધાર આપનાર આત્મદ્રવ્ય-આત્મપ્રદેશ જે સ્થિર સ્વભાવી હતું એ અસ્થિર થયું અને અરૂપી મટી રૂપી બન્યું.

આત્મપ્રદેશને બાંધનાર દેહ (યોગ) છે જ્યારે ઉપયોગને બાંધનાર મોહ (મન-ઇચ્છા) છે. એટલે પ્રથમ બારમા ગુણસ્થાનકે મોહમુક્ત-વીતરાગ થઈ તેરમા ગુણસ્થાનકે સંકલ્પ-વિકલ્પ મુક્ત એવી ઉપયોગવંત સયોગી કેવલીદશાની પ્રાપ્તિ કરાય છે અને પછી ચોદમા ગુણસ્થાનકની અયોગી કેવલીદશાના અંતે પ્રદેશમુક્ત થઈ યોગાતીત-દેહાતીત-અરૂપી-અમૂર્ત બનાય છે. આમ મુક્તિ તબક્કાવાર ત્રણ પ્રકારે છે. પ્રથમ મોહમુક્તિ, દ્વિતીય સંકલ્પ-વિકલ્પ કે વિચારમુક્તિ અને અંતિમ તૃતીય આત્મપ્રદેશમુક્તિ.

અર્થાત્ આત્મપ્રદેશને બાંધનાર દેહ એટલે કે યોગ છે. ચોથે ગુણસ્થાનકે સમ્યક્ત્વ આવેથી ઉપયોગ શુદ્ધ થાય છે. ઉપયોગને કંપાયમાન કરનાર મોહ છે. બારમા ગુણસ્થાનકે પહેલા સમયે વીતરાગતા આવેથી ઉપયોગ નિષ્કંપ થાય છે. ઉપયોગને બાંધનાર છદ્મસ્થપણું છે. તેરમા ગુણસ્થાનકના પહેલા સમયે કેવલદર્શન, કેવલજ્ઞાન પ્રગટ થયેથી ઉપયોગ મુક્ત થાય છે, એટલે કે ઉપયોગ સ્થાયી, સ્થિર, અવિનાશી બને છે, જેથી સંકલ્પમાંથી પણ મુક્તિ મળે છે. બારમા ગુણસ્થાનકે છદ્મસ્થપણું વિદ્યમાન હોવાથી ત્યાં પૂર્વગત શ્રુતના આધારે શુક્લધ્યાન છે, માટે ઉપયોગ બંધાયેલ છે, એટલે કે સંકલ્પ છે એમ કહેલ છે. આગળ ઉપરના ચૌદમા ગુણસ્થાનકની અયોગી કેવળી ગુણસ્થાનકના અંતે આત્મપ્રદેશ મુક્ત થઈ અદેહી,

અરૂપી, અનામી, અમૂર્ત, યોગાતીત થાય છે અને સાદિ અનંત સિદ્ધાવસ્થામાં સિદ્ધશિલા સ્થિત થાય છે જે નિરાલંબ, નિર્વિકલ્પ, નિરંજન, નિરાવરણ, નિરાકાર અવસ્થા છે.

ઘાતિકર્મોનો પ્રધાન સંબંધ ઉપયોગ સાથે છે, તે કર્મોનો યથાસંભવ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય કરવો તે ધર્મમોક્ષ પુરુષાર્થ છે. ઉપશમ એટલે દોષ દબાવી ગુણવિકાસ સાધવો. ક્ષયોપશમ એટલે દોષ ઓછા કરતા જવું અને ગુણ વધારતા જવું. જ્યારે ક્ષય એટલે દોષનો સંપૂર્ણ નાશ-ક્ષય કરી સ્વરૂપગુણ-આત્મગુણનું પ્રગટીકરણ, જે ગુણાનંદ-ગુણવેદન સ્થિતિ છે.

અઘાતિકર્મોનો પ્રધાન સંબંધ યોગ-દેહ સાથે છે જેમાં પ્રધાનતાએ પ્રારબ્ધકર્મ ભાગ ભજવે છે.

ઘાતિકર્મ જે ઉપયોગ પ્રધાન છે તેના ઉપયોગમાં કર્મસંયોગે વિનાશી પર્યાયના આવિર્ભાવના ચાર ભેદ પડે છે.

(૧) જ્ઞાનાવરણીય કર્મ (૨) દર્શનાવરણીય કર્મ (૩) મોહનીયકર્મ અને (૪) અંતરાયકર્મ. આ ચાર ઘાતિકર્મ છે.

**(૧) જ્ઞાનાવરણીય કર્મ :** જીવના સ્વ પ્રકાશક, પર પ્રકાશક, સ્વ-પર પ્રકાશક, સર્વ પ્રકાશક, સર્વોચ્ચ પ્રકાશક સ્વરૂપનો ઘાત કરી સર્વજ્ઞને અલ્પજ્ઞ, અપૂર્ણજ્ઞાની બનાવનાર, કેવળજ્ઞાનને આવરનાર કર્મ તે જ્ઞાનાવરણીયકર્મ. એની ઉત્કૃષ્ટ કાળસ્થિતિ ૩૦ કોટાકોટી સાગરોપમની હોય છે અને જઘન્ય સ્થિતિ એક અંતર્મૂહૂર્ત હોય છે.

**(૨) દર્શનાવરણીય કર્મ :** જીવની સ્વયંની સ્વાધીન દર્શનશક્તિ તે દિવ્યદર્શન-કેવળદર્શન શક્તિનો ઘાત કરી કર્માધીન, ઇન્દ્રિયોને આધીન, પરાધીન બનાવનાર કર્મ તે દર્શનાવરણીય કર્મ. એની ઉત્કૃષ્ટ કાળસ્થિતિ ૩૦ કોટાકોટી સાગરોપમની હોય છે અને જઘન્ય સ્થિતિ એક અંતર્મૂહૂર્ત હોય છે.

**(૩) મોહનીય કર્મ :** જીવની સમરૂપતા, શાંતતા, ઉપશાંતતા, પ્રશાંતતા, પ્રેમળતા, પ્રેમ સ્વરૂપ વીતરાગતાનો ઘાત કરી વિષમ, ભેદસ્વરૂપ, અશાંત, અસ્થિર, વ્યગ્ર, વ્યાકુળ, આતુર, મૂઢ, મુર્છિત, ભ્રાંત, મોહક, ભ્રામક, રાગી, દ્વેષી, કાષાયિક બનાવનાર કર્મ તે મોહનીય કર્મ. એની ઉત્કૃષ્ટ કાળસ્થિતિ સર્વ અન્ય કર્મોથી અધિક એવી ૭૦ કોટાકોટી સાગરોપમની હોય છે અને જઘન્ય સ્થિતિ એક અંતર્મૂહૂર્ત હોય છે.

**(૪) અંતરાયકર્મ :** જીવના પૂર્ણાનંદ સ્વરૂપ, પૂર્ણ જ્ઞાયકતા-સર્વજ્ઞતા, પૂર્ણદર્શનશક્તિ-સર્વદર્શિતા, જ્ઞાન-દર્શનના અનંત રસરૂપ અનંત વીર્યશક્તિ, પૂર્ણ વીર્યશક્તિનો ઘાત કરી અનંત શક્તિમાનને શક્તિહીન, વીર્યહીન, સત્ત્વહીન, સ્વત્ત્વવિહોણો બનાવનાર કર્મ તે અંતરાયકર્મ. એની ઉત્કૃષ્ટ કાળસ્થિતિ ૩૦ કોટાકોટી સાગરોપમની હોય છે અને જઘન્ય સ્થિતિ એક અંતર્મૂહૂર્ત હોય છે.

આ ચાર પ્રકારના ઘાતિકર્મમાં મોહનીયકર્મ એ મળ છે. અંતરાયકર્મ એ વિક્ષેપ છે અને જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ એ આવરણસંસ્કૃત છે. આવરણ એ પુદ્‌ગલદ્રવ્ય-કાર્મણવર્ગણાની આડશ છે અર્થાત્ કર્મપડળ છે. જ્યારે મોહભાવ એ વિકાર છે અને તે ચૈતન્યનો-આત્માનો અશુદ્ધ પર્યાય છે.

એ જ પ્રમાણે અઘાતિકર્મ જે યોગપ્રધાન છે તેના કર્મસંયોગે વિનાશી પર્યાયના આવિર્ભાવના ચાર ભેદ પડે છે.

(૧) વેદનીયકર્મ (૨) આયુષ્યકર્મ (૩) નામકર્મ અને (૪) ગોત્રકર્મ જે ચાર અઘાતિકર્મ છે.

**(૧) વેદનીયકર્મ :** પુદ્‌ગલ પરમાણુમાં ભોગબુદ્ધિ સુખબુદ્ધિની દૃષ્ટિના ફળ સ્વરૂપ કર્મસંયોગે આનંદ સ્વરૂપ એવો આત્મા પુદ્‌ગલના શીત-ઉષ્ણના ગુણયુક્ત થયો અને સુખી-દુ:ખી બન્યો અર્થાત્ શાતા-અશાતા વેદનારો થયો. શુભાશુભ કર્મના ફળ સ્વરૂપ શાતા-અશાતાનું વેદન કરાવનાર અને સુખી કે દુ:ખી બનાવનાર કર્મ તે વેદનીય કર્મ. એની ઉત્કૃષ્ટ કાળસ્થિતિ ૩૦ કોટાકોટી સાગરોપમની હોય છે અને કાષાયિક જઘન્ય સ્થિતિ ૧૨ મુહૂર્તની હોય છે.

**(૨) આયુષ્યકર્મ :** સ્થિર એવાં, અરૂપી એવાં આત્મપ્રદેશને કર્મસંયોગે પિંડરૂપ-દેહરૂપ આપી ગતિ-સ્થિતિરૂપ ભવભ્રમણ કરાવી અસ્થિર બનાવનાર, અક્ષરને ક્ષર કરનાર, અક્ષયને ક્ષય સ્વરૂપ બનાવનાર, અવિનાશીને વિનાશી બનાવનાર, નિત્યને અનિત્ય બનાવનાર કર્મ તે આયુષ્યકર્મ. મૂળમાં પુદ્‌ગલ એટલે કે કાર્મણવર્ગણા જ વિનાશી, અનિત્ય-અસ્થિર છે. એની ઉત્કૃષ્ટ કાળસ્થિતિ ૩૩ સાગરોપમની હોય છે અને જઘન્ય સ્થિતિ ૧ અંતર્મૂહૂર્તની હોય છે.

**(૩) નામકર્મ :** આત્મપ્રદેશ જે એકરૂપ, નિરાકાર, અરૂપી, અનામી, અમૂર્ત છે, એને સાકાર, બહુરૂપી બનાવી ગતિ, જાતિ, શરીર, સંસ્થાનના સુરૂપ-કુરૂપના ચિત્રામણ કરી અનામીને નામી બનાવનાર કર્મ તે નામકર્મ. મૂળમાં કાર્મણવર્ગણા-પુદ્‌ગલ જ બહુરૂપી છે. એની ઉત્કૃષ્ટ કાળસ્થિતિ ૨૦ કોટાકોટી સાગરોપમની હોય છે અને જઘન્ય સ્થિતિ ૮ મુહૂર્તની હોય છે.

**(૪) ગોત્રકર્મ :** આત્મપ્રદેશને કર્મસંયોગે દેહપિંડરૂપ આપી મોટા નાના, ઊંચા નીચાના, ઉત્તમ અધમના પુદ્‌ગલના ગુણરૂપ ગુરુ-લઘુરૂપ બનાવનાર કર્મ તે ગોત્રકર્મ. મૂળમાં કાર્મણવર્ગણા-પુદ્‌ગલ જ લોહ-કનકના ભેદરૂપ છે તેનું એ પરિણામ છે. એની ઉત્કૃષ્ટ કાળસ્થિતિ ૨૦ કોટાકોટી સાગરોપમની હોય છે અને જઘન્ય સ્થિતિ ૮ મુહૂર્તની હોય છે.

આ ચારેય અઘાતિકર્મના કારણે સૂક્ષ્મ તેજસ કાર્મણ શરીર સ્થૂલ એવાં વૈક્રિય કે ઔદારિક શરીરરૂપે દૃશ્યમાન થાય છે, જે સ્થિરને અસ્થિર બનાવનાર છે, અવિનાશીને વિનાશી બનાવનાર છે અને જે અગુરુલઘુ અભેદ સ્વરૂપ છે એને ભેદરૂપ બનાવનાર છે.

ઘાતિકર્મની અસર ઉપયોગપ્રધાન છે, આત્મગુણપ્રધાન છે, સ્વરૂપપ્રધાન છે, અંત:કરણ પ્રધાન છે. જ્યારે અઘાતિકર્મની અસર યોગપ્રધાન છે, દેહપ્રધાન છે જે દ્વારા શાતા-અશાતા વેદનીયકર્મના વેદનથી ચેતકતા વેદકતા પ્રધાન છે.

કર્મસંયોગે અભેદ, અખંડ, અપરિચ્છિન્ન એવો આત્મા ખંડિત થયો. ખંડ ખંડ રૂપ ટૂકડે ટૂકડામાં વહેંચાઈ ગયો, છિન્ન વિચ્છિન્ન થઈ ભેદરૂપ બન્યો.

જ્ઞાનાવરણીયના પાંચ (૫), દર્શનાવરણીયના નવ (૯), વેદનીયના બે (૨), મોહનીયના અઠ્ઠાવીસ (૨૮), આયુષ્યના ચાર (૪), નામકર્મના એકસો ત્રણ (૧૦૩), ગોત્રકર્મના બે (૨) અને અંતરાયકર્મના પાંચ (૫), એમ ૫+૯+૨+૨૮+૪+૧૦૩+૨+૫ = ૧૫૮ એકસો અઠ્ઠાવન કર્મપ્રકૃતિના ભેદરૂપ થયો. અભેદ એકરૂપ એવો આત્મા ભેદાયો, છેદાયો અને ભેદરૂપ થઈ બહુરૂપ બન્યો.

આત્મસ્વભાવના હણાવાથી જીવનો ઉપયોગ દેહભાવરૂપ અર્થાત્-પુદ્‌ગલસ્વરૂપ અઘાતિકર્મની એટલે કે વેદનીયની બે (૨), આયુષ્યની ચાર (૪), નામકર્મની એકસો ત્રણ (૧૦૩) અને ગોત્રની બે (૨), એમ ૨+૪+૧૦૩+૨ = ૧૧૧ કર્મપ્રકૃતિરૂપ ભેદરૂપ થયો.

આવા આ દેહદૃષ્ટિરૂપ (પરદૃષ્ટિ-પુદ્‌ગલદૃષ્ટિ) દેહવાળા જીવના ઉપયોગમાંથી (૧) હાસ્ય (૨) રતિ (૩) અરતિ (૪) ભય (૫) શોક (૬) જુગુપ્સા-દુગંછા (૭) સ્ત્રીવેદ (૮) પુરુષવેદ અને (૯) નપુંસકવેદ એવાં કષાય નિષ્પાદક અને કષાય પ્રોત્સાહક નવ નોકષાય નિપજે છે.

આ નવ નોકષાય જે સૂક્ષ્મ સ્વરૂપ છે તેનું સ્થૂલ સ્વરૂપ ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય છે. એ ચાર કષાયના પાછા અનંતાનુબંધી, અપ્રત્યાખાની, પ્રત્યાખાની અને સંજ્વલન અર્થાત્ સહુને સમજાય એવી જાડી ભાષામાં તીવ્રતમ-દીર્ઘ દીર્ઘકાલીન, તીવ્રતર-દીર્ઘકાલીન, તીવ્ર-અલ્પકાલીન અને મંદ-ક્ષણિક કહી શકાય એવાં ચાર ભાંગા-ભેદ પાડતા સોળ (૧૬) કષાયરૂપ બને છે. કષાયના એ ચાર ભાંગાને અનુલક્ષીને જ સાંવત્સરિક, ચાતુર્માસિક, પાક્ષિક અને દેવસિઅ તથા રાઇઅ પ્રતિક્રમણનું આયોજન છે. મોહનીયકર્મના બે ભેદ પડે છે. દર્શનમોહનીયકર્મ અને ચારિત્રમોહનીયકર્મ. સોળ (૧૬) કષાય અને નવ (૯) નોકષાય જે વર્તના (ચરિત્ર) સ્વરૂપ હોવાથી ચારિત્રમોહનીયકર્મ તરીકે ઓળખાય છે અને મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય તથા સમ્યક્ત્વમોહનીયકર્મ એ દૃષ્ટિ સંબંધિત હોવાથી દર્શનમોહનીય કર્મ તરીકે ઓળખાય છે. આમ ૧૬+૯+૩ = ૨૮ પ્રકૃતિ મોહનીયકર્મની છે.

મોહનીયકર્મની અઠ્ઠાવીસ (૨૮) પ્રકૃતિ જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ અને અંતરાયકર્મને સહચારી બનાવી ઉપરોક્ત અઘાતિકર્મની ૧૧૧ કર્મપ્રકૃતિ ઉપર દૃષ્ટિપાત કરે છે. આ દૃષ્ટિપાતને કારણે નવ નોકષાય જે સૂક્ષ્મરૂપે છે તેને ઉપયોગમાં ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયનું રૂપ આપી પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ, રસબંધથી અનંતાનુબંધી, અપ્રત્યાખાની, પ્રત્યાખાની કે સંજ્વલન રૂપે પરિણમાવે છે. એટલું જ નહિ પણ મોહનીયકર્મ કરીને મતિજ્ઞાન (બુદ્ધિ) જે વિચાર સ્વરૂપ છે તે વિકારી બની પાંચેય ઇન્દ્રિયોથી અભેદ થઈ લાભાંતરાયરૂપ, ભોગાંતરાયરૂપ, ઉપભોગાંતરાયરૂપ, દાનાંતરાયરૂપ બને છે.

મોહનીયકર્મ જ્યારે કાર્યાન્વિત બને છે ત્યારે સાથે સાથે જ્ઞાનાવરણીય કર્મને પણ સહભાગી બનાવે છે કે સહચારી બનાવે છે. એટલે કે મોહનીયકર્મે જે મેળવવા ઇચ્છયું છે તે ઇચ્છિતની પ્રાપ્તિ માટે જ્ઞાનાવરણીયકર્મ કાર્યશીલ થાય છે. અર્થાત્ મને માંગ્યું એને મેળવવા મતિ પ્રવૃત્ત થઈ. મોહ-ઇચ્છા મનમાં સ્ફુરિત થાય છે. એની પૂર્તિ કરવાનું કાર્ય-આયોજન મતિ કરે છે કે જે વિચાર તત્ત્વ છે. મન મોહિત થયું અને મતિ ઇન્દ્રિયોના માધ્યમથી ગતિમાન-કાર્યશીલ થઈ. આમ સૂક્ષ્મ એવાં મન અને મતિ (બુદ્ધિ) ઇન્દ્રિયો દ્વારા સ્થૂલરૂપ ધારણ કરે છે. અવ્યક્ત મોહ દેહચેષ્ટારૂપે વ્યક્ત થાય છે. ઇન્દ્રિયો એ દર્શનાવરણીયકર્મ સ્વરૂપ છે અને દેહ સાપેક્ષ છે. મોહિત મન અને ભ્રમિત મતિના આદેશ અનુસાર કાર્યશીલ થયેલ ઇન્દ્રિયો અને દેહ, કાર્યના માટે કરાયેલાં શ્રમથી શ્રમિત થાય છે અને વિશ્રામ માંગે છે. એ વિશ્રામ-વિરામ તે નિદ્રાધીનતા. આ નિદ્રાસ્વરૂપ વિરામ એ પાછો ચાર ઘાતિકર્મોમાંના એક દર્શનાવરણીયકર્મનો જ એક ભેદ છે. આગળ મોહના માર્યા ધક્કાથી ગતિશીલ બનેલ મતિ-જ્ઞાનાવરણીયકર્મ અને ઇન્દ્રિયો-દર્શનાવરણીયકર્મ, મોહનીયકર્મે જે ઇચ્છયું છે અને જેવું ને જેટલું ઇચ્છયું છે તે તેવું તેટલું મેળવે છે. તો તે લાભાંતરાયકર્મનો ક્ષયોપશમ છે પણ જો મળતું નથી તો એ લાભાંતરાયનો ઉદય છે. મેળવેલું ભોગવાય છે અર્થાત્ પ્રાપ્તથી પૂર્તિ થાય છે યા તો પ્રાપ્તનો ફરી ફરી ભોગવટારૂપ ઉપભોગ થાય છે તો એ ભોગાંતરાય અને ઉપભોગાંતરાયનો ક્ષયોપશમ અનુક્રમે છે. પરંતુ જો મળેલું ભોગોપભોગ કર્યા વિના જ છીનવાઈ જાય કે પછી મળ્યા છતાંય ભોગ કે ઉપભોગ કરી શકાય નહિ-એવી સ્થિતિ હોય તો એ ભોગાંતરાય અને ઉપભોગાંતરાયનો ઉદય અનુક્રમે કહેવાય છે. મળેલાંનો સદુપયોગ થાય, સુકૃતમાં ઉપયોગ થાય, સુપાત્રની ભક્તિમાં વપરાય કે પછી જરૂરતમંદને અનુકંપાના-દયા-કરુણાના ભાવપૂર્વક દાન દેવાય અથવા તો જીવદયાના કામમાં લેવાય તો તે દાનાંતરાયનો ક્ષયોપશમ છે. અગર જો તેમ ન થાય અને માલિકીભાવ ધારણ કરી માલિક બની મળેલાંના ધણી થઈને બેસી જવાય તો એ દાનાંતરાયનો ઉદય છે. આ બધી પ્રક્રિયામાં ઓછીવત્તી શક્તિ હોવી તે વીર્યાંતરાયનો ક્ષયોપશમ. જે જેવું ને જેટલું ઇચ્છયું છે, તે તેવું ને તેટલું નહિ મળતાં ઓછુંવત્તું મળવું, સારુંનરસું મળવું કે અન્યથા થવું એ સર્વ અંતરાયકર્મનો વિપાકોદય સૂચવનાર છે. ટૂંકમાં કહીએ તો મૂળ મોહનીયકર્મ છે જેનું ફળ વેદનીયકર્મ છે.

આમ એ સ્પષ્ટ થાય છે કે સર્વનું મૂળ મોહનીયકર્મ છે-મોહ છે-ઇચ્છા છે. તેથી જ સર્વધર્મનો સાર નિર્મોહી-નિરીહી-ઇચ્છારહિત થવું-કાંઈ જોઇએ નહિ અર્થાત્ વીતરાગ બનવું તે છે. માટે જ સાધના વીતરાગતાની છે અને લક્ષ્ય સર્વજ્ઞતા-કેવળજ્ઞાન, પર્યાય અવિનાશી ને પ્રદેશ સ્થિરત્વ અર્થાત્ મુક્તિ-સિદ્ધપદનું છે.

આ મોહનીયકર્મની વિચિત્રતા-ખૂબી તો એ છે કે એ પોતે તો ઘાત કરનાર એવું ઘાતિકર્મ છે પરંતુ એ ઘાતિકર્મ એવાં મોહનીયકર્મનું લક્ષ્ય તો ચારેય અઘાતિકર્મોની પુણ્યપ્રકૃતિઓ જ છે. પૂર્વે જણાવ્યા મુજબ ઘાતિકર્મનો દૃષ્ટિપાત અઘાતિકર્મ ઉપર છે. જેમકે...

શાતાવેદનીયની ઇચ્છા (મોહ-રાગ) અને અશાતાવેદનીયની અનિચ્છા (દ્વેષ). આ ઘાતિ એવાં મોહનીયકર્મનો અઘાતિ એવાં વેદનીયકર્મ ઉપરનો દૃષ્ટિપાત છે.

જીવિતની ઇચ્છા અને મરણની અનિચ્છા. આ ઘાતિ એવાં મોહનીયકર્મનો અઘાતિ એવાં આયુષ્યકર્મ ઉપરનો દૃષ્ટિપાત છે.

નામકર્મની સર્વ પુણ્યપ્રકૃતિઓની (શુભની) ઇચ્છા અને સર્વ પાપપ્રકૃતિઓની (અશુભની) અનિચ્છા. આ ઘાતિ એવાં મોહનીયકર્મનો અઘાતિ એવાં નામકર્મ ઉપરનો દૃષ્ટિપાત છે.

ઉચ્ચગોત્ર-ઊંચાપણા-માનની ઇચ્છા અને નીચગોત્ર-નીચપણા-હલકાપણા-અપમાન-અવહેલનાની અનિચ્છા. આ ઘાતિ એવાં મોહનીયકર્મનો અઘાતિ એવાં ગોત્રકર્મ ઉપરનો દૃષ્ટિપાત છે.

મોહ એ સૂક્ષ્મ એવું ઘાતિકર્મ મોહનીયકર્મ છે જેને રમવાનાં મનગમતાં રમકડાં એ સ્થૂલ એવાં ચારેય અઘાતિકર્મો છે.

મિથ્યાત્વ મોહનીયકર્મે આત્માના સત્-નિત્ય-અવિનાશી સ્વરૂપને આવૃત કર્યું છે એટલે કે ઢાંક્યું છે. કષાયે આત્માના શાંત-ઉપશાંત-પ્રશાંત-વીતરાગ સ્વરૂપને આવર્યું છે. અવિરતિએ આત્માના સહજ, સ્વાભાવિક, અપ્રતિપક્ષી, અભેદ, આત્મસુખ કે જે શાશ્વત, સંપૂર્ણ, સ્વાધીન અને સર્વોચ્ચ સુખ છે તે પરમાનંદ-સહજાનંદ-સ્વરૂપાનંદને આવૃત કરેલ છે. જ્યારે યોગના કારણે આત્માનું પરમ સ્થિર, અરૂપી, અમૂર્ત સ્વરૂપ આવરાયું છે.

મિથ્યાત્વ, અવિરતિ અને કષાય મોહનીયકર્મના ભેદ છે. જ્યારે યોગ એ અઘાતિકર્મ છે. આ પણ સૂચવે છે કે મોહનીયકર્મ મૂળ છે અને અઘાતિકર્મ ફળ છે.

ખાણમાં પડેલાં સુવર્ણની જેમ આત્માનું મૂળ શુદ્ધ સત્ સ્વરૂપ મલિનતાએ કરીને અનાદિકાળથી કર્મપડળથી ઢંકાયેલ છે-આવરાયેલ છે. આમ અનાદિકાળના કર્મ સંયોગે કષાય છે, જે કષાયથી કલુષિત (મલિન) એવો જીવાત્મા ફરી ફરી કષાય કરી, ફરી ફરી નવિન કર્મપાશથી સ્વાત્માને બાંધતો જ રહે છે. પોતે જ પોતાની જાળમાં કરોળિયાની જેમ ફસાતો જાય છે. કર્મ ચકાવો ચાલુ જ રહે છે. કૂવાની રેંટ જેવી સ્થિતિનું નિર્માણ થાય છે. અવિનાશી વિનાશી બને છે. અમર એવો આત્મા દેહ

ધારણ કરવાના એટલે કે જન્મ લેવાના અને દેહ છોડવાના એટલે કે મરણ પામવાના ભવભ્રમણના વમળમાં ફસાય છે. ભેદાય છે, છેદાય છે, છૂંદાય છે, કચડાય છે. જન્મે છે અને મરે છે. રઝળે છે-રખડે છે. વન-વન, ભવ-ભવ ભટકે છે. ચોર્યાસીના ચક્કરમાં ગોળ ગોળ ભમે છે. ભોગ લે છે. ભોગ ભોગવે છે અને ભોગનો પાછો સ્વયં પોતે જ ભોગ બને છે. એમાં પરાધીનતા હોવાથી મૂળ શુદ્ધ સ્વભાવથી સ્વાધીન એવો અશાંત બને છે, અસ્થિર થાય છે. પોતાના મૂળને શોધે છે, જેમ જલ પોતાની સપાટીને શોધે છે. પરંતુ મેળવવા મથે છે તે માર્ગ ખોટો હોવાને કારણે મળતું નથી. સાચી તૃપ્તિ થતી નથી. આનંદથી-સાચા શાશ્વત આત્મસુખથી વિખૂટું પડી ગયેલું જ્ઞાન-મતિ-બુદ્ધિ આનંદને-સ્વાત્મસુખને જ શોધતું ફરતું રહે છે. પરંતુ આનંદ જેમાંથી અને જ્યાંથી શોધે છે-મેળવવા મથે છે તે પુદ્‌ગલ એટલે કે પૌદ્‌ગલિક ભૌતિક દુન્યવી પદાર્થ આનંદ સ્વરૂપ નહિ હોવાથી, એમાંથી એને આનંદ મળતો નથી. માંગે છે તે મળતું નથી. મન એનું માનતું નથી, મન એનું તૃપ્ત-સંતૃપ્ત થતું નથી. મન ખાલી અને ખાલી જ રહે છે. આજે નહિ તો કાલે મળશે. અહીંથી નહિ મળે તો ત્યાંથી મળશે. આ વસ્તુમાંથી-આ વ્યક્તિથી નહિ મળે તો પેલી વસ્તુમાંથી-બીજી વ્યક્તિથી સુખ મળશે. આ આવા ભાવ, આવી ભાવનાથી નહિ તો બીજા ભાવ-બીજી ભાવનાથી સુખ મળશે. આમ એકેય પ્રયત્ન કર્યા વિના જીવ રહેતો નથી. બધાં જ પ્રયત્નો-બધાં જ સંયોગો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અજમાવી જુએ છે. સ્વને સ્વાધીન એવું સ્વમાંથી જ નિષ્પન્ન થતું સુખ કસ્તુરીમૃગની જેમ પરમાંથી અર્થાત્ બહાર સુખ શોધતો ભટકે છે. આશાનો માર્યો ફરી ફરી ક્રિયા કરે જ જાય છે. પરિણામે તે નિરાશ થાય છે, શ્રમિત થાય છે, થાકી જાય છે, તન અને મન ઉભય થાકે છે, શક્તિહીન બને છે, અશક્ત થાય છે. અનંતજ્ઞાની, અનંતદર્શી, અનંતસુખ, અનંતશક્તિનો સ્વામી અજ્ઞાને કરી મોહવશ, ઇન્દ્રિયાધીન, પરાધીન, દીનદુ:ખી, શક્તિહીન બની દર દરની-ભવ ભવની ઠોકર ખાતો એક ગતિમાંથી બીજી ગતિમાં ફંગોળાયા કરે છે. ભવભ્રમણ કરે છે. ભ્રાંતિમાં-ભ્રામક ખ્યાલમાં-ભ્રમણામાં જ રહે છે, અને ભ્રામક થઈ ભ્રમણ કર્યા કરે છે. જન્મ-મરણની સુખદુ:ખની પરંપરા ચાલુ ને ચાલુ જ રહે છે, જેમાં સુખની અલ્પતા અને દુ:ખની બહુલતાએ મોટે ભાગે દુ:ખી જ રહે છે. સુખનો તો વીજળીના ઝબકારા જેવો માત્ર ચમકારો જ હોય છે અથવા તો ખભો બદલવા જેવું ક્ષણિક હોય છે.

(સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી)

# 'જૈન સંસ્કૃતિ'

☐ સ્વ. ન્હાનાલાલ દલપતરામ કવિ

[પંડિત યુગના સુપ્રસિદ્ધ કવિવર સ્વ. નાનાલાલ દલપતરામ કવિએ મુંબઈમાં તા. ૪-૩-૧૯૪૪ના રોજ સુંદરબાઈ હૉલમાં 'શ્રી સંસ્કૃતિ કેન્દ્ર'-મુંબઈ નામની સંસ્થાના ઉપક્રમે 'ગૂર્જર સંસ્કૃતિના રંગો' એ વિષય પર વ્યાખ્યાન આપેલું. એમાં એમણે જૈન સંસ્કૃતિ વિશે જે લખેલું તેની એક નકલ એમણે ડૉ. રણજિતભાઈ પટેલ (અનામી)ને આપેલી. ૫૭ વર્ષે એ નકલ પોતાના ઘરમાંથી મળી આવતાં ડૉ. અનામી સાહેબે મને મોકલાવી છે જે અહીં પ્રકાશિત કરીએ છીએ... ☐ તંત્રી]

જૈન-સંસ્કૃતિ વિધ્યાચળે છે, ગિરનારે છે, અર્બુદાચળે છે અને એથીયે અધિકી ગુજરાતને નગરે નગરે છે. પાલીતાણામાં છે, જૂનાગઢમાં છે, જામનગરમાં છે, વઢવાણમાં છે, માંડલમાં છે, પાટણમાં છે, અમદાવાદમાં છે, સુરતમાં છે, મુંબઇમાં છે, ચોકેચોકે છે, શેરીશેરીમાં છે.

ભારતવર્ષની જૈન રાજધાની આજે અમદાવાદમાં છે. ત્યાં છે આણંદજી કલ્યાણજીની અષ્ટમંત્રીઓની મંત્રણા પેઢી.

જૈનોએ શિખરોને શણગાર્યાં છે, નગરોને શણગાર્યાં છે, સાહિત્યને શણગાર્યું છે, આપણી કવિતાને શણગારી છે.

બૌદ્ધસંઘ સમો જૈનોનો યે છે ચતુર્વિધ સંઘ. જૈન સાધુસાધ્વીઓએ આપણા સંન્યસ્તને ને વૈરાગ્યને શોભાવ્યાં છે. શ્રાવક-શ્રાવિકાઓએ આપણાં મહાજનોને માણેકચોકને શોભાવ્યાં છે. પાટણનો ઝવેરીવાડો, અમદાવાદની રતનપોળ, સુરતનું ગોપીપરુ: રૂપે ને ગુણે તે તે નગરીના શણગાર છે.

હેમાભાઈ નગરશેઠ ને હરકુંવર શેઠાણી જૈનસંઘનાં ગુર્જરમણિઓ હતાં. અમદાવાદ જૈનપુરી કહેવાય છે, વઢવાણ વર્ધમાનપુરીનો પ્રથમ પાદ છે; પાલીતાણા 'પાદલિપ્તપુરી'નું અપભ્રંશ છે.

આપણા પરમહંસ પરિવ્રાજકાચાર્યોયે આજ પરિવ્રાજક નથી રહ્યા. પરિવ્રાજક મરી ગયા. આજના વરાળ, વીજળી, વિમાન યુગમાં યે જૈન સંન્યાસીઓ પરિવ્રાજક છે. આપણો સંન્યાસિની આશ્રમ અસ્તંગમિત જેવો છે. જૈનોનો સંન્યાસિની આશ્રમ સજીવન છે.

બૌદ્ધો ગિરિવરે ગુફાઓ કોરતા; જૈનો ગિરિવરે મંદિરો બાંધતા. બૌદ્ધોનાં ઘરો, આકાશપર્ણી કાળમીંઢનાં મહાકાવ્યો છે. જૈનોનાં ચંદ્રની જ્યોત આરસનાં મહાકાવ્યો છે. અજંટાની જેમ જગતે જોડ નથી, તેમ અર્બુદ શિખરનાં વિમળવસહી ને વસ્તુપાળવસહીની યે જગતે જોડ નથી. કનિંગહામ કહે છે કે : 'They conceived like giants and executed like jewellers.' મહાકલ્પનાથી કલ્પતા, રત્નજડિયાની ઝીણવટે કોરતા, જડતા-કોતરતા.

'સિદ્ધહેમ' ને 'દ્વયાશ્રય' વિમળવસહી ને વસ્તુપાળવસહી છે. ગુજરાતનાં ચિરંજીવ જૈન સંભારણાં, સર્વભક્ષી કાળ હજી તો એમનાથી હાર્યો છે.

શીલગુણસૂરીએ વનરાજનાં જતન કરી જયશિખરીના ને હેમચંદ્રાચાર્યે કુમારપાળનાં જતન કરી સિદ્ધરાજ જયસિંહના રાજવંશોની અમરવેલોને જીવતી રાખી છે. જૈન રાસાઓએ ને વર્ધમાનપુરીના મેરુતુંગાચાર્યની પ્રબંધ ચિંતામણિએ ગુર્જર ઈતિહાસને જીવતો રાખ્યો છે. ફારબસે પણ જૈન રાસાઓનાં બહુમાન જાળવ્યાં અને નિજમહાગ્રંથને રાસાઓની માળા-રાસમાળા ભાખી.

હેમચંદ્રાચાર્યે ગુર્જરેશ્વર કુમારપાળને પ્રબોધીને અમારિ પડો વગડાવ્યો. હીરવિજયસૂરિએ દિલ્લીશ્વર અકબરશાહને પ્રબોધીને અમારિ પડો વગડાવ્યો. શીલગુણસૂરીના, હેમચંદ્રાચાર્યના, હીરવિજયસૂરિના એ છે ધર્મદિગ્વિજયો.

ગુજરાતને જૈન સંસ્કૃતિના વણઉપટતા પાકા રંગો ચહડેલા છે.

જૈનોના ધર્મટંકારમાંનો એક જૈન ગુંજારવ મારા શ્રવણોમાં અખંડ ગુંજ્યા કરે છે કે :

'દેવરિયા મુનિવર ! સંયમમાં રહેજો'.

# સ્વ. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા – જીવન અને લેખન

□ ડૉ. રમણલાલ ચી. શાહ

(ગતાંકથી સંપૂર્ણ)

હીરાલાલભાઇએ આ રીતે ૧૯૩૭ થી ૧૯૪૯ સુધી એમ.ટી.બી. કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું. તેમની સજ્જતા એવી હતી કે યુનિવર્સિટીએ પછીથી એમની પીએચ.ડી.ના ગાઇડ તરીકે નિમણૂંક કરી હતી. તદુપરાંત 'સ્પ્રિન્જર સ્કોલરશીપ'ના રેફરી તરીકે એમની નિમણૂંક કરી હતી, જે એ દિવસોમાં ઘણું મોટું માન ગણાતું. યુનિવર્સિટી પ્રાકૃત ઉપરાંત સંસ્કૃત ભાષાના વિષયમાં પણ એમ.એ.ની કક્ષાએ પરીક્ષક તરીકે એમની નિમણૂંક કરતી હતી. શિક્ષણ ક્ષેત્રે તેઓ કેવું ઉચ્ચ સ્થાન ધરાવતા હતા તે આ બધી વિગતો ઉપરથી જોઈ શકાય છે.

હીરાલાલભાઈ ધર્મશ્રદ્ધાવાળા હતા. તેઓ એક મહારાજશ્રીએ બતાવ્યા પ્રમાણે સવારસાંજ ધૂપદીપ સાથે પોણો કલાક અનુષ્ઠાનપૂર્વક મંત્રજાપ કરતા. તેઓ જૈન ધર્મ વિશે સારી જાણકારી ધરાવતા હતા એટલે ઘણા બધા આચાર્ય ભગવંતો અને મુનિ મહારાજોના નિકટના સંપર્કમાં તેઓ આવ્યા હતા. તેઓ સૂરતમાં નાણાવટમાં, મુંબઇમાં અને ફરી સૂરતમાં ગોપીપુરામાં સાંકડી શેરીમાં અને પછી કાયસ્થ મહોલ્લામાં રહ્યા હતા. એટલે ત્યાં ત્યાં ચાતુર્માસ અર્થે પધારેલા આચાર્ય ભગવંતો વગેરેને મળવાનું થતું. શેષકાળમાં સૂરતમાંથી પસાર થતાં સાધુ-સાધ્વીઓને પણ વંદન કરવા તેઓ જતા. યુવાનીના દિવસોમાં જૈન ધર્મ વિશેની જાણકારી માટે અથવા પોતે કંઈ લખ્યું હોય તો તે બતાવવા માટે પણ મુંબઇમાં સાધુસાધ્વીઓ પાસે જતા. એમને યુવાન વયે મુંબઇમાં કાશીવાળા વિજયધર્મસૂરીશ્વરજી સાથે ગાઢ પરિચય થયો હતો. એમના બે શિષ્યો તે ન્યાયવિશારદ મુનિશ્રી ન્યાયવિજયજી તથા ન્યાયવિશારદ મુનિશ્રી મંગલવિજયજી પાસે હીરાલાલભાઇએ જૈન દર્શનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. આથી હીરાલાલભાઈ તેઓને પોતાના વિદ્યાગુરુ તરીકે ઓળખાવતા. આ ઉપરાંત શ્રી મોહનલાલજી મહારાજ, શ્રી દાનસૂરિજી મહારાજ, શ્રી પ્રેમસૂરિજીદાદા, નેમિસૂરિજી મહારાજ, શ્રી આનંદસાગરસૂરિજી (સાગરજી મહારાજ), શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ, શ્રી લાવણ્યસૂરિજી મહારાજ, શ્રી કસ્તૂરસૂરિજી મહારાજ વગેરે સાથે તથા તેઓના શિષ્યો-પ્રશિષ્યો સાથે એમને ગાઢ સંબંધ રહ્યો હતો. વિજયરામચંદ્રસૂરિજીએ એક વાર એમને કહ્યું હતું કે 'તમારા જેવા શાસ્ત્રજ્ઞાતા તો અમારી પાસે પાટ ઉપર શોભે. તમે જો દીક્ષા લેવા તૈયાર થાવ તો તમારા કુટુંબના ભરણપોષણની જવાબદારી સંઘ પાસે હું કરાવી આપું. એ માટે એક લાખ રૂપિયાની રકમ પહેલાં અપાવું.' પરંતુ ચારિત્ર્યમોહનીય કર્મના ઉદયને કારણે હીરાલાલભાઈ દીક્ષા લઈ શક્યા નહોતા.

એમ.ટી.બી. કૉલેજમાંથી નિવૃત્ત થયા પછી હીરાલાલભાઈએ પોતાના જીવનનાં ઘણાં વર્ષ સુરતમાં રહીને સ્વાધ્યાય, સંશોધન, લેખન ઇત્યાદિ પ્રકારના વિદ્યાવ્યાસંગમાં પસાર કર્યાં હતાં. નોકરી છોડ્યા પછી આવકનું કોઈ સાધન રહ્યું નહોતું. લેખનમાંથી ખાસ કોઈ આવક થતી નહિ. લેખોનો પુરસ્કાર આપવાની પ્રથા ત્યારે નહિવત્ હતી. તેમાં વળી આવા સંશોધન લેખો માટે પુરસ્કારની અપેક્ષા રાખવી જ વ્યર્થ હતી. એ લેખો ક્યાંક છપાય એ જ એનું ઈનામ હતું. આથી હીરાલાલભાઈ પોતાની નહિ જેવી બચતમાંથી પોતાનો જીવનવ્યવહાર ચલાવતા. નવા નવા ગ્રંથો ખરીદીને વસાવવાનો યુગ હવે પૂરો થયો હતો. પોતાની પાસેના હવે બિનજરૂરી થએલા ગ્રંથો પુસ્તકવિક્રેતાઓને આપીને બદલામાં નવા ગ્રંથો લેવાનું ચાલુ થયું હતું. હીરાલાલભાઈનું જીવન એકદમ સાદું અને સંયમી હતું. એમાં એમના પત્ની ઇન્દિરાબહેનનો ઉષ્માભર્યો સહકાર રહેતો. હીરાલાલભાઈ કહેતા કે 'હું લક્ષ્મી (ઇન્દિરાનો એક અર્થ લક્ષ્મી) પતિ હોવા છતાં મારે અને લક્ષ્મીને કાયમ બારમો ચંદ્રમા રહ્યો છે, હીરાલાલભાઈ હાથે ધોયેલાં સૂતરાઉ ખાદીનાં સફેદ પહેરણ, ધોતિયું અને ટોપી પહેરતા. એમનો જીવનવ્યવહાર સંતોષપૂર્વક ચાલતો. આવી નબળી આર્થિક સ્થિતિમાં પણ એમણે ધન માટે ક્યાંય લોલુપતા કે લાચારી બતાવી નથી. એમનાં દીકરા-દીકરી સૂરત બહાર નોકરીએ લાગી ગયાં હતાં. એટલે એમની જવાબદારી કે ચિંતા પોતાને માથે રહી નહોતી. આવા દિવસોમાં પણ હીરાલાલભાઇની વિદ્યાવ્યાસંગની પ્રવૃત્તિ યથાવત્ રહી હતી. સૂરતમાં એમને ઘરે જ્યારે જ્યારે હું ગયો છું ત્યારે આ મેં નજરે નિહાળ્યું છે. જે દિવસે કોઈ લેખ તૈયાર થઈ જાય તે દિવસે આનંદ આનંદ. રોજ સવારથી તેઓ લેખનકાર્યમાં લાગી ગયા હોય. બપોરના ભોજન પછી પણ એ ચાલુ હોય. સાંજના ચાર વાગ્યા પછી રોજ નિયમિત તેઓ નજીકના કોઈક ઉપાશ્રયે જઇને કોઇક સાધુભગવંત સાથે જ્ઞાનગોષ્ઠી કરતા અથવા કોઈ ગ્રંથાલયમાં જઈ ગ્રંથો વાંચતા. આ રીતે એમનો દિવસ પૂરો થતો. તેઓ રાતના વહેલા સૂઈ જતા. ઉજાગરો ભાગ્યે જ કરતા. નાટક-સિનેમા જોતા નહિ અને સગાસંબંધીઓને ત્યાં અનિવાર્ય હોય તો જ જતા.

હીરાલાલભાઇને વિદ્યાવ્યાસંગની એટલી બધી બધી ધૂન હતી કે કેટલીક વાર તો તેઓ એમાં જ ખોવાયેલા રહેતા. ગણિતના વિદ્યાર્થી અને અધ્યાપકને જ્યાં સુધી કોઈ દાખલાનો જવાબ ન જડે ત્યાં સુધી એ દાખલો એમના મનમાં રમ્યા જ કરતો હોય તેવું હીરાલાલભાઇના જીવનમાં પહેલાં ગણિતમાં અને પછી સાહિત્ય સંશોધનના વિષયમાં પણ બનતું. તેઓ ખાતા હોય ત્યારે ખબર ન હોય કે ભાણામાં શું પીરસાયું છે. એમને ન્હાવું હોય તો ઇન્દિરાબહેન બાથરૂમમાં પાણી, સાબુ, ટુવાલ, કપડાં વગેરેની બધી તૈયારી કરી આપે ત્યારે હીરાલાલભાઈ સ્નાન કરે. આ રીતે પોતાના ધૂની લેખક પતિની ઘણી જવાબદારી ઇન્દિરાબહેને સ્વેચ્છાપૂર્વક હોંશથી ઉપાડી લીધી હતી. લેખનકાર્યમાં પણ ઇન્દિરાબહેને પુસ્તકો ગોઠવવાં, લેખોની ફાઈલો રાખવી વગેરે ઘણી મદદ જીવનભર હીરાલાલભાઇને કરી હતી અને ઓછી આવક થઈ ગઈ ત્યારે પણ ઘર સારી રીતે સંભાળી લીધું હતું. એમણે એક ભારતીય સન્નારીનો આદર્શ પૂરો પાડ્યો હતો.

નિવૃત્તિનાં વર્ષોમાં આર્થિક સંજોગોને કારણે હીરાલાલભાઈમાં કેટલીક વ્યાવહારિક સ્પષ્ટતા આવી ગઈ હતી. એક વખત હું મારા એક પત્રકાર મિત્ર સાથે સૂરતમાં એમને ઘરે મળવા ગયો હતો. મેં મારા પત્રકાર મિત્રનો પરિચય કરાવ્યો. પછી પત્રકાર મિત્રે પોતાના સામયિકની એક નકલ એમને આપી. નકલ જોઇ લીધા પછી એમણે એ પત્રકાર મિત્રને પાછી આપી. પત્રકારે કહ્યું, 'આપ રાખો, આપને માટે એ ભેટનકલ છે.' હીરાલાલભાઇએ કહ્યું, 'ભેટનકલ પણ હું રાખતો નથી. મને એવા અનુભવો થયા છે કે ચાર છ મહિના સામયિક ભેટ તરીકે મોકલ્યા પછી પત્રકારો તરફથી લવાજમ ભરવા માટેના ઉપરાઉપરી કાગળો આવતા હોય છે. ક્યારેક તો કડવો ઠપકો પણ આપતા હોય છે. એટલે મેં નક્કી કર્યું છે કે કોઈ સામયિકની ભેટનકલ પણ ન લેવી. ટપાલમાં આવતાં સામયિકો હું ટપાલીને પાછાં આપી દઉં છું. તંત્રી સાથે વાદવિવાદમાં ઊતરવાનું મને ન પરવડે. એટલે તમારું સામયિક પાછું આપ્યું છે તેથી

માથું ન લગાડશો. એક વખત એવો હતો કે સામયિક ભેટ આવે તો પણ હું એનું લવાજમ ભરતો. હવે એ વખત ગયો છે.'

હીરાલાલભાઇનાં છ સંતાનમાંથી એક પુત્ર અને એક પુત્રી, નાની ઉંમરમાં અવસાન પામ્યાં હતાં. બાકીનાં ચાર સંતાનોમાં બિપિનચંદ્રનો જન્મ સૂરતમાં ૧૯૨૦માં, મનોરમાબહેનનો જન્મ ૧૯૨૪માં મુંબઇમાં, વિબોધચંદ્રનો જન્મ ૧૯૨૭માં મુંબઇમાં અને નલિનચંદ્રનો જન્મ ૧૯૨૯માં મુંબઇમાં થયો હતો. (આ ચાર સંતાનોમાંથી, મનોરમાબહેન કેટલાક વખત પહેલાં અવસાન પામ્યાં છે. બિપિનચંદ્ર, વિબોધચંદ્ર અને નલિનચંદ્ર હાલ વિદ્યમાન છે અને નિવૃત્તિમય જીવન ગાળે છે.)

હીરાલાલભાઇના જ્યેષ્ઠ પુત્ર, ડૉ. બિપિનચંદ્રે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. અને એમ.એ. થયા પછી, 'ઋગ્વેદમાં સોમરસ' એ વિષય પર શોધપ્રબંધ લખીને પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. ત્યારપછી એમણે વલ્લભવિદ્યાનગરની કૉલેજમાં અને સરદાર પટેલ યુનિવર્સિટીમાં સંસ્કૃત અને અર્ધમાગધી વિભાગના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. જર્મન ભાષાના પણ જાણકાર ડૉ. બિપિનચંદ્રે જૈન ધર્મના વિવિધ વિષયો પર લેખો લખ્યા છે, જે 'જૈન ધર્મનાં સ્વાધ્યાય-સુમન'ના નામથી ગ્રંથસ્થ થયેલા છે.

હીરાલાલભાઇના સુપુત્રી મનોરમાબહેને એમ.એ. અને બી.ટી. સુધીનો અભ્યાસ કર્યા પછી, સૂરત તથા મુંબઇમાં શિક્ષિકા તરીકે કામ કર્યું હતું. તેઓ અપરિણીત રહ્યાં હતાં. એમણે આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરિ (સાગરજી મહારાજ)નું જીવનચરિત્ર લખ્યું હતું તથા કેટલાંક ગ્રંથાવલોકન લખ્યાં હતાં.

હીરાલાલભાઇના બીજા પુત્ર ડૉ. વિબોધચંદ્રની શૈક્ષણિક કારકિર્દી પણ તેજસ્વી હતી. મેટ્રિકની પરીક્ષામાં, સૂરત કેન્દ્રમાં ગુજરાતી વિષયમાં પ્રથમ આવી તેમણે પારિતોષિક મેળવ્યું હતું. એમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી બાયોકેમિસ્ટ્રીના વિષયમાં સંશોધન કરીને શોધપ્રબંધ લખીને એમ.એસસી.ની અને ત્યાર પછી પૂનાની નેશનલ કેમિકલ લેબોરેટરીમાં વનસ્પતિશાસ્ત્ર (Natural Products) ના વિષયમાં, સંશોધન કરીને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી અને નિવૃત્તિવય સુધી ત્યાં જ રહ્યા હતા. એમણે કરેલું સંશોધન ઇન્ટરનેશનલ જર્નલોમાં પ્રકાશિત થયું છે.

હીરાલાલભાઇના ત્રીજા પુત્ર નલિનચંદ્રે મુંબઈ યુનિવર્સિટીની બી.એસસી.ની ડિગ્રી પ્રાપ્ત કરીને, વિ.જે.ટી.આઇ.માં ડાઇંગ અને બ્લીચીંગનો ડિપ્લોમા મેળવ્યો હતો. મુંબઇમાં આઇ.સી.આઇ.માં કાર્ય કર્યા પછી, તેમણે સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકારી હતી.

ખાનપાનની ચીવટપૂર્વકની નિયમિતતાના કારણે જીવનભર હીરાલાલભાઇની તબિયત સારી રહી હતી. પણ લેખનવાંચનની સતત પ્રવૃત્તિને લીધે એમની આંખોને ઘણો શ્રમ પડતો. યુવાન વયે જ એમને ચશ્માં આવી ગયાં હતા. એમ છતાં એમની વાંચનલેખનની પ્રવૃત્તિ એકધારી જ રહ્યા કરી હતી. દર થોડાં વર્ષે, એમનાં ચશ્માંનો નંબર વધતો જતો હતો. કૉલેજના અધ્યાપન કાર્યમાંથી તેઓ નિવૃત્ત થયા ત્યારે એમનાં ચશ્માનો નંબર પંદર સુધી પહોંચી ગયો હતો. એટલા જાડા કાચવાળાં ચશ્મા પહેરીને પણ તેઓ સ્વાધ્યાયમાં મગ્ન રહેતા. વાંચવા માટે બિલોરી કાચ રાખતા. ચશ્માં એમના શરીરનું અનિવાર્ય અંગ બની ગયું હતું. ચશ્માં વગર સરખું દેખાય નહિ. પાંસઠની ઉંમર પછી એમને આંખે મોતિયો ચાલુ થયો હતો. એટલે તો વળી મુશ્કેલીમાં વધારો થયો. બોંતેર વર્ષની વયે બંને આંખે મોતિયો પાકતાં, એમણે ઓપરેશન કરાવી, મોતિયો ઉતરાવ્યો હતો. ત્યાર પછી પણ આંખે કંઇક ને કંઇક તકલીફ ચાલતી રહેતી. એમ છતાં એમનું લેખનવાંચનનું કાર્ય જીવનના અંત સુધી ચાલ્યું હતું.

જીવનનાં છેલ્લાં વર્ષોમાં, નાજુક તબિયત અને અન્ય પ્રતિકૂળતાઓને કારણે તથા સંતાનો મુંબઇ અને પૂનામાં હોવાથી, હીરાલાલભાઈ તથા ઇન્દિરાબહેન, પોતાનું સૂરતનું ઘર કાયમને માટે બંધ કરી દઇને ૧૯૭૨માં પોતાના પુત્રને ત્યાં મુંબઈ રહેવા આવી ગયાં હતાં. હવે એમની સ્વાધ્યાય અને લેખનની પ્રવૃત્તિ મંદ પડી ગઈ હતી, પરંતુ બંધ પડી નહોતી. તેમના લેખો પ્રકાશિત થવામાં જે ગતિ હતી તેના કરતાં લેખનની ગતિ વિશેષ રહી હતી. એટલે જ્યારે પણ એમને પૂછીએ ત્યારે એમની પાસે, કેટલાક અપ્રકાશિત લેખો તો પ્રકાશન માટે તૈયાર હોય જ. વળી એની સાથે સાથે સ્ફૂરેલા નવા નવા વિષયો માટે, તૈયાર કરેલી ટાંચણ-યાદી પણ હોય જ.

હીરાલાલભાઈએ સાડા છ દાયકાના લેખનકાર્ય દ્વારા, વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે. એમાં વૈવિધ્ય પાર વિનાનું છે. તેઓ પોતે જ 'હીરક-સાહિત્ય-વિહાર' નામની પોતાની પુસ્તિકામાં જણાવે છે કે 'ગણિત જેવો શુષ્ક વિષય પણ મને તો ખૂબ રસપ્રદ જણાયો છે. એટલે જ્ઞાનની કોઇપણ શાખા પ્રત્યે મને અરુચિ થવા પામી નથી. આને લીધે મારો વિદ્યાવ્યાસંગ કોઈ એક જ દિશા કે ક્ષેત્ર પૂરતો પરિમિત બન્યો નથી. આથી કરીને હું આજે પણ જાતજાતના વિષય પર લેખ લખવા લલચાઉં છું.'

હીરાલાલભાઈએ પોતાની લેખનપ્રવૃત્તિ, ૧૯૨૦ના ગાળામાં શરૂ કરી દીધી હતી. એમણે સંસ્કૃત, અર્ધમાગધી, ગુજરાતી અને અંગ્રેજી એમ ચાર ભાષામાં, કાવ્યો, સમશ્લોકી પદ્યાનુવાદો, ગદ્યાનુવાદો, સંપાદન, સંશોધન, જીવનચરિત્ર, ઇતિહાસ, નિબંધ, કથા, સૂચિપત્ર ઇત્યાદિ પ્રકારનું પુષ્કળ લેખનકાર્ય કર્યું છે.

એમણે ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કેળવણી, લિપિશાસ્ત્ર, વ્યાકરણ, કોશ, ભાષાવિજ્ઞાન, છન્દશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, સંગીત, ગણિત, જ્યોતિષ, પાકશાસ્ત્ર, વૈદક, પ્રાણીશાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, સમાજરચના, વસ્ત્રાલંકાર, રમતગમત, રીતરિવાજો, પર્વો, પક્ષીઓ, લોકસાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ, સદાચાર વગેરે અનેક વિષયો ઉપર પોતાની કલમ ચલાવી છે અને એક હજારથી વધુ લેખો આપણને આપ્યા છે. એમના જમાનામાં ઝેરોક્ષની શોધ નહોતી થઈ અને કાર્બન કોપી કરવામાં વાર ઘણી લાગતી. એટલે પોતાના લેખો છાપવા માટે મોકલાવ્યા પછી, એની નકલ પોતાની પાસે રહેતી નહિ. એમના કેટલાયે લેખો છપાયા નથી અને પાછા આવ્યા પણ નથી. એમના છપાએલા લેખોની યાદી 'હીરક-સાહિત્ય-વિહાર'માં જે છપાઈ છે તેના ઉપર નજર ફેરવતાં જ ખ્યાલ આવે છે કે હીરાલાલભાઈ પાસે કેટકેટલા વિષયો પર અધિકૃત જાણકારી હતી. વિવિધ પ્રકારની માહિતીનો તેઓ જાણે ખજાનો ધરાવતા હતા. એમની સાથે કોઈપણ વિષયની વાત કરીએ તો કંઈક નવું જ જાણવા મળે.

હીરાલાલભાઈના ઘણા લેખો 'ગુજરાત મિત્ર', 'પ્રતાપ', 'સાંજ વર્તમાન', વગેરે દૈનિકોમાં છપાયા છે. તદુપરાંત 'જૈન ધર્મ-પ્રકાશ', 'જૈન', 'જૈન-સત્ય-પ્રકાશ', 'આત્માનંદ પ્રકાશ', 'સિદ્ધચક્ર', ફાર્બસ ગુજરાતી ત્રૈમાસિક, 'ગુજરાતી'માં અને કેટલાંયે સામયિકોના દીપોત્સવી અંકોમાં છપાયા છે. હીરાલાલભાઇની લેખનપ્રસાદીનો પ્રારંભ, સંસ્કૃત ભાષામાં કાવ્યરચનાથી થયેલો. વિલસન કૉલેજમાં તેઓ પ્રાધ્યાપક હતા ત્યારે ૧૯૨૦ થી ૧૯૨૩ના ગાળામાં કૉલેજના અર્ધવાર્ષિક મુખપત્ર Wilsonianમાં એમનાં 'परीक्षापर्व', 'अहो वैचित्र्यम्' ઇત્યાદિ નામનાં કાવ્યો સંસ્કૃતમાં છપાયેલાં છે. પચીસ વર્ષની ઉંમરે, સંસ્કૃત ભાષા પર તેઓ કેવું સરસ પ્રભુત્વ ધરાવતા હતા તેની પ્રતીતિ આ કાવ્યો કરાવે છે. પ્રાકૃત-અર્ધમાગધી ભાષા તો જાણે એમની બીજી માતૃભાષા હોય એટલી સરસ રીતે તેઓ તેમાં લખી-બોલી શકતા. પાઇય (પ્રાકૃત) ભાષા માટે હીરાલાલભાઇનો પ્રેમ અનન્ય હતો.

હીરાલાલભાઇએ ઇ. સ. ૧૯૩૮માં પ્રકાશિત કરેલ પોતાના પુસ્તક 'પતંગપુરાણ યાને કનકવાની કથની' વાંચતાં આશ્ચર્યથી મુગ્ધ થઈ જવાય છે. જૈન શાસ્ત્રોના અભ્યાસી લેખક પતંગ જેવા ક્ષુલ્લક વિષય પર લખવા બેસે તો તેમાં પણ રસ લઈ કેટલા બધા ઓતપ્રોત થઈ શકે છે તે આ ગ્રંથ વાંચતાં જોવા મળે છે. એક નાનો નિબંધ કે લેખ લખી શકાય એવા વિષય પર એક સમર્થ સંશોધક લખવા પ્રવૃત્ત થાય તો કેટલી બધી નાની નાની વિગતોમાં કેટલા ઊંડા ઊતરી શકાય છે તે આ ગ્રંથમાં સાક્ષાત્ જોવા મળે છે. આ ગ્રંથના દોઢસોથી વધુ પેટાશીર્ષકો પરથી જ ખ્યાલ આવી શકે કે કેટકેટલી માહિતી આ ગ્રંથમાં સમાવી લેવામાં આવી છે. અનેક પાદનોંધો અને પરિશિષ્ટો સહિત લખાએલો આ ગ્રંથ એ વિષયનો એક શોધપ્રબંધ બની રહે છે. પતંગ વિષે પોતાને લખવાનું કેમ મન થયું તે વિશે ગ્રંથની પ્રસ્તાવનામાં તેમણે નોંધ્યું છે : 'હું આજથી ૨૫ વર્ષ ઉપર એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગણિત શીખતો હતો ત્યારે કનકવાને લગતા કેટલાક પ્રશ્નોનો ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરવાનું મને મન થયું.'

લેખકે જાતઅનુભવ પરથી તથા અન્યને પૂછીને પુષ્કળ માહિતી આ ગ્રંથમાં આપી છે. એ માહિતી મેળવવા માટે એમણે એ વિષયમાં ઠીક ઠીક વાંચી લીધું હતું અને અનેક લોકોને પૂછીને પણ માહિતી એકત્ર કરી હતી. એમણે પ્રસ્તાવનામાં લખ્યું છે કે 'મારા જૂના મહોલ્લામાં-નાણાવટમાં નવલશાના કોઠા આગળ જવાનું થયું અને મારા સદ્ગત પિતાના એક બાલસ્નેહી અને કનકવાના શોખીન અને ઉસ્તાદને મળવાનું થયું. એમનું નામ છગનલાલ છબીલદાસ. એમની પાસેથી પતંગ-માંજો વગેરેની નવીન બાબતોની માહિતી મળી હતી. !

આ ગ્રંથ સાચવવા જેવો અને પુનર્મુદ્રિત કરવા જેવો છે.

હીરાલાલભાઇએ આગમો અને આગમસાહિત્ય વિશે ગુજરાતી અને અંગ્રેજીમાં વિવિધ પ્રકારના લેખો લખ્યા છે. એમાં ૧૯૮૪માં છપાએલો એમનો 'આગમોનું દિગ્દર્શન' નામનો ગ્રંથ મહત્ત્વનો છે. એમાં પિસ્તાલીસ આગમસૂત્રોનો સવિગત પરિચય આપવામાં આવ્યો છે તથા આગમો વિશે લખાયેલા વિવરણાત્મક સાહિત્યનો પણ પરિચય આપવામાં આવ્યો છે.

આગમ સાહિત્યના વિવિધ વિષયો પર એમણે અંગ્રેજીમાં ઘણા લેખો લખ્યા છે. અનુવાદરૂપે કે લેખરૂપે અંગ્રેજી ભાષામાં એમનું યોગદાન ઘણું મોટું છે. એમના જમાનામાં કોઈએ અંગ્રેજીમાં આટલું બધું લેખનકાર્ય કર્યું નથી. એ ફરીથી ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત કરવા જેવું છે.

હીરાલાલભાઈએ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંગીત વિભાગના ઉપક્રમે ૧૯૫૫માં 'સંગીત, નૃત્ય અને નાટ્યસંબંધી જૈન ઉલ્લેખો અને ગ્રંથો' એ વિષય પર વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાન પૂ. શ્રી યશોવિજયજી (હાલ પૂ. યશોદેવસૂરિજી)ની પ્રેરણાથી ગ્રંથરૂપે ૧૯૭૩માં પ્રકાશિત થયું છે. એમાં એમણે સાત સ્વરો, એનાં કુળ, એના દેવતા, નાટ્ય, ગેય અને અભિનેય અલંકારો, મૂર્ચ્છનાઓ, રાસ, વાદ્યો, રાગ, ગીત, નૃત્ય, નાટક ઇત્યાદિ વિશે ઝીણવટભરી પારિભાષિક માહિતી આધાર સાથે આપી છે. આ વિષયમાં પણ હીરાલાલભાઇની સજ્જતા કેટલી બધી હતી તેની ખાતરી આ પુસ્તક વાંચતાં થાય છે.

હીરાલાલભાઇએ 'શ્રી હરિભદ્રસૂરિ', 'યશોદોહન' અને 'વિનયસૌરભ' નામના ત્રણ ગ્રંથો આપ્યા છે, જેમાં એમણે અનુક્રમે સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી અને શ્રી વિનયવિજયજી મહારાજના જીવન અને કવનનો સવિસ્તર પરિચય કરાવ્યો છે. 'શ્રી હરિભદ્રસૂરિ' લગભગ ચારસો પાનાનો ગ્રંથ છે. ૧૯૬૩માં તે પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા તરફથી પ્રકાશિત થયો છે. એમાં શ્રી હરિભદ્રસૂરિના જીવન વિશે તથા એમની કૃતિઓ વિશે લગભગ ત્રણસોથી વધુ પેટાશીર્ષક હેઠળ માહિતી આપવામાં આવી છે. શ્રી હરિભદ્રસૂરિ વિશે આટલી બધી માહિતી અન્ય કોઈ એક જ ગ્રંથમાં હજુ સુધી જોવા નથી મળી. 'યશોદોહન' ગ્રંથ એમણે વર્તમાનકાળના પૂ. શ્રી યશોદેવસૂરિની પ્રેરણાથી લખ્યો હતો. એમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના જીવન અને કવન વિશે પુષ્કળ માહિતી આપવામાં આવી છે. 'વિનય-સૌરભ' પ્રમાણમાં નાનો ગ્રંથ છે. એમાં રાંદેરના શ્રી વિનયવિજયજી મહારાજના જીવનકવનનો પરિચય આપવામાં આવ્યો છે.

હીરાલાલભાઇએ ભગવાન મહાવીર સ્વામી વિશે જુદે જુદે સમયે કેટલાક લેખો લખ્યા હતા. આવા કેટલાક લેખો, વાર્તાલાપો, સ્તુતિઓ ઇત્યાદિનો એક સંગ્રહ પૂ. શ્રી વિજયકસ્તુરસૂરિના શિષ્ય પૂ. શ્રી વિજયચંદ્રોદયસૂરિની પ્રેરણાથી 'જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર'ના નામથી ૧૯૬૯માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ ગ્રંથમાં તીર્થંકરોનાં લાંછનો અને લક્ષણો, આઠ પ્રાતિહાર્ય, મહાવીર સ્વામીના વિવિધ ભવોનાં સગાં, મહાવીર સ્વામીના પૂર્વ ભવના બે વૈરીઓ, મહાવીરસ્વામીનો સાંસારિક પક્ષ, વીર વર્ધમાનસ્વામીના વર્ષાવાસ, મહાવીર સ્વામીની સાધનાની પરાકાષ્ઠા, મહાવીર સ્વામીના જીવનની વિશિષ્ટ ઘટનાઓ ઇત્યાદિ પચીસેક લેખો તથા 'વીરથુઇ'નો ગુજરાતી ભાવાનુવાદ ઈત્યાદિ આપવામાં આવ્યાં છે. આ બધામાંથી ઘણી બધી પારિભાષિક માહિતી આપણને સાંપડે છે અને લેખકનું વાંચન કેટલું બધું વિશાળ હશે એની પ્રતીતિ કરાવે છે.

હીરાલાલભાઈ જેમ સમર્થ સંશોધક છે તેમ મર્મજ્ઞ કવિ પણ છે. એમની સાહિત્યિક કારકિર્દી સંસ્કૃતમાં કાવ્યરચનાથી થઈ હતી. એમણે જુદે જુદે વખતે ભિન્ન ભિન્ન પ્રકારની કાવ્યરચના કરી હતી. એમણે આગમોનાં પદ્યોનો અનુવાદ ગુજરાતી પદ્યોમાં કર્યો છે. આ ઉપરાંત એમણે વિવિધ પ્રકારનાં કાવ્યો લખ્યાં છે, જેનો વિષય મુખ્યત્વે ધાર્મિક રહ્યો છે. એમણે સવાસોથી વધુ જે કાવ્યો લખ્યાં છે તેમાં ૩૬ કાવ્યો તો હરિયાળીના પ્રકારનાં છે. આ પ્રકારની કૃતિઓમાં એમનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે. 'હરિયાળી-સંચય' નામનો એમનો સંગ્રહ ૧૯૬૯માં પ્રકાશિત થયો છે. હરિયાળીનો પ્રકાર ઉખાણાં જેવો છે. એટલે કવિતાનું વિવરણ સામાન્ય વાચક માટે આવશ્યક છે. એમણે આ હરિયાળીઓનાં વિવરણ પણ સાથે આપેલાં છે.

જૈન સાહિત્ય અત્યંત વિશાળ છે. જૈનોનું મુખ્ય સાહિત્ય અર્ધમાગધીમાં છે, પરંતુ સંસ્કૃત ભાષામાં લખાયેલું જૈન સાહિત્ય પણ અત્યંત વિપુલ છે. જ્યાં સુધી એની વ્યવસ્થિત પ્રકાશિત માહિતી ન સાંપડે ત્યાં સુધી જૈન-અજૈન સર્વમાં એવો ભ્રમ રહે કે જૈનોએ સંસ્કૃત ભાષામાં બહુ ખેડાણ કર્યું નથી. આથી કેટલાંક વર્ષ પૂર્વે પૂ. શ્રી યશોદેવસૂરિએ હીરાલાલભાઇને 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' લખી આપવાનું સૂચન કર્યું હતું અને તે મુજબ હીરાલાલભાઇએ તે લખી આપ્યો હતો. એ ત્રણ ભાગમાં છપાયો છે. એમાં વ્યાકરણ, કોશ, નામમાલા, અલંકારશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, કામશાસ્ત્ર, સ્થાપત્ય, ગણિત, નિમિત્ત, વૈદક, પાક, નીતિશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, ન્યાય, યોગ, અધ્યાત્મ, મંત્રશાસ્ત્ર, અનુષ્ઠાનવિધિ, ધ્યાન, કાવ્ય, સ્તોત્ર, મહાકાવ્ય, ચંપૂકાવ્ય, ગદ્યકૃતિઓ ઇત્યાદિ વિષયના અનેક ગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે. આ દળદાર ઇતિહાસનો પ્રથમ ભાગ ૧૯૫૬માં અને છેલ્લો ભાગ ૧૯૭૦માં છપાયો હતો, કારણ કે જેમ જેમ નાણાંની વ્યવસ્થા થતી ગઈ તેમ તેમ પ્રકાશન કાર્ય આગળ ચાલતું ગયું હતું.

જીવનની ઉત્તરાવસ્થામાં આંખો નબળી હોવા છતાં, ઇતિહાસના આ ગ્રંથલેખનનું અને પ્રૂફ સુધારવાનું કાર્ય એમણે પંદર વર્ષ સુધી કર્યું હતું. (આ ગ્રંથ શુદ્ધિ-વૃદ્ધિ સાથે નવેસરથી એક જ વોલ્યૂમમાં કોઈ સંસ્થાએ છપાવવાનું કાર્ય ઉપાડી લેવા જેવું છે) એમના હાથે આ એક બહુમૂલ્ય સાહિત્યસેવા થઈ છે.

જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ લખ્યા પછી હીરાલાલભાઇએ જૈન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખવાનું ચાલુ કર્યું હતું, પરંતુ એ કાર્ય પૂરું થઈ શક્યું નહિ અને જેટલું લખાયું તે પણ ક્યાં કેવી રીતે લુપ્ત થઈ ગયું તેની કશી ખબર એમના અવસાન પછી મળી નથી. તેઓ ૧૯૭૬માં પૂના પોતાના પુત્ર વિબોધચંદ્રને ત્યાં ગયા હતા. ત્યારે ટ્રેઇનમાં એમના લખાણો અને પુસ્તકોની એક બેગ ગુમ થઈ ગઈ હતી. તદુપરાંત એમના અવસાન પછી એમના પુત્ર નલિનચંદ્ર પાસેથી એક જૈન પત્રકાર અપ્રસિદ્ધ લેખોની ફાઇલો લઈ ગયા હતા. પરંતુ થોડા વખતમાં જ એ પત્રકારનું અવસાન થતાં એ ફાઇલ પાછી મળી નહોતી.

હીરાલાલભાઇએ જીવનભર અનેકવિધ વિષયો પર વાંચન અને લેખન કર્યા કર્યું હતું. ઘણીખરી વાર લેખનના નિમિત્તે એમનું વાંચન થયું છે અથવા કંઈક નવું વાંચવામાં આવે તો એ વિશે વધુ માહિતી સાથે લખવાનું એમને મન થયા કરતું. એમને એક પછી એક વિષયો સતત સ્ફુરતા રહેતા હતા. જે વિષય પર લખવું હોય તે અંગેની માહિતી એમની પાસે તૈયાર હોય જ. એમણે ક્યારેય માત્ર સપાટી પરનું છીછરું લખાણ કર્યું નથી. દરેક વિષયના ઊંડાણમાં તેઓ ઊતર્યા છે. એમની પાસેથી કંઈક વિશેષ જાણકારી હંમેશાં મળ્યા કરી છે. સંદર્ભો માટે એમની પાસે સરસ ગ્રંથસંગ્રહ હતો. એટલે ઘરમાં બેઠાં બેઠાં જ તેઓ પુસ્તકો પર નજર ફેરવીને પોતાના વિષયના સંદર્ભો મેળવી લેતા. કેટલીયે માહિતી, શ્લોકો, ગાથાઓ વગેરે એમને કંઠસ્થ હતાં. એમનું લખાણ પદ્ધતિસરનું, ચોક્કસાઇવાળું અને ચીવટપૂર્વકનું રહેતું. એટલે લગભગ ઘણાખરા ગ્રંથોમાં એમણે સંકેતોની સમજણ આપી જ છે, જેથી ભાષાનો બહુ વિસ્તાર કરવો ન પડે.

હીરાલાલભાઇની લેખનશૈલી અનોખી હતી. પોતે ગણિતના પ્રાધ્યાપક હતા. ચોક્કસાઇની ટેવ એમનામાં હોય એ સ્વાભાવિક હતું. નિરાધાર કશું લખવું નહિ એ એમની પ્રકૃતિ હતી. ગણિતના દાખલાઓમાં એક પણ આંકડો વધારાનો હોય કે એક આંકડો ઓછો હોય તે ન જ ચાલે. ગણિતમાં બધું મુદ્દાસર અને ક્રમાનુસાર જ લખવાનું હોય. આવા મહાવરાને લીધે હીરાલાલભાઈ જ્યારે કોઈ એક વિષય પર લેખ લખવા બેસે ત્યારે બધા જ મુદ્દાઓ એમણે ક્રમાનુસાર આવરી લીધા હોય. આથી જ કોઈ એક મુદ્દાને એમણે બહુ વિકસાવ્યો હોય એવું ખાસ જોવા ન મળે. કોઇપણ વિષય પર લખવું હોય તો તેમણે એના બધા મુદ્દાઓનો પહેલાં વિચાર કરી લીધો હોય. આથી જ એમનો કોઈ લેખ પેટાશીર્ષકો વગરનો હોય નહિ. બીજી બાજુ દરેક મુદ્દા વિશે જો કંઈ વધારાની પ્રકીર્ણ માહિતી આપવાની હોય અને તે મૂળ લખાણમાં ન લેવાની હોય તો તે પાદનોંધમાં તેઓ આપતા. આથી જ એમનાં લખાણો પાદનોંધોથી સભર છે. ક્યારેક તો લેખના દરેક પાને પાદનોંધ હોય. એમણે પાદનોંધો એટલી બધી (સાલ, આવૃત્તિ, પૃષ્ઠ નંબર, તારીખ ઇત્યાદિ સહિત) આપી હોય કે એમની માહિતીને કોઈ પડકારી શકે નહિ. બીજી બાજુ એ બધી પાદનોંધો વાંચતાં આશ્ચર્ય થાય કે અહો! આ લેખકે ક્યાં, ક્યાંથી કેટલી બધી માહિતી એકત્ર કરી છે !

હીરાલાલભાઈ કોઈપણ નવા વિષય પર તરત બેસીને ક્રમાનુસાર લખીને લેખ પૂરો કરતા એવું બહુ ઓછું બનતું. જે વિષય પર લેખ લખવો હોય તેના મુદ્દા તૈયાર કરતા અને જુદા જુદા કાગળ પર તેની માહિતી ટપકાવી લેતા. તે પછી બધા મુદ્દાઓને ક્રમાનુસાર ગોઠવી લેખ તૈયાર કરી લેતા. કોઈક મુદ્દા વિશે માહિતી ન મળી હોય તો પાદનોંધમાં એનો ઉલ્લેખ કરતા. એમનું લખાણ હંમેશાં મુદ્દાવાર, મુદ્દાસર અને વ્યવસ્થિત રહેતું. અનેક વિષયોનું રસપૂર્વક વાંચન કર્યું હોવાને લીધે તથા સાડા ત્રણ હજાર હસ્તપ્રતો વાંચી હોવાને લીધે અને પોતાની સ્મૃતિ સતેજ હોવાને કારણે તેઓ કોઈપણ વિષય ઉપર લેખ કે ગ્રંથ લખવા બેસે એટલે તે માટેની સામગ્રી ક્યાં ક્યાંથી ઉપલબ્ધ છે એની જાણકારી એમની પાસે હોય જ. આમ છતાં લેખનશ્રમ કરવાનો ઉત્સાહ ન હોય તો આટલું બધું કામ થાય નહિ. એટલે જ એમણે એકલે હાથે જે કાર્ય કર્યું છે તે જોઈ સહેજે આશ્ચર્ય થાય એમ છે. આપણે માટે દુ:ખની વાત એટલી છે કે એમની સાહિત્યજગતમાં જેટલી કદર થવી જોઇતી હતી તેટલી થઈ નથી.

જીવનમાં અંતિમ વર્ષોમાં હીરાલાલભાઇ તથા ઇન્દિરાબહેન એમના સૌથી નાના પુત્ર નલિનચંદ્રના ઘરે મુંબઇમાં વરલી ઉપર 'મધુહંસ' નામના બિલ્ડિંગમાં કાયમ માટે રહેવા આવી ગયાં હતાં. ત્યારે હજુ હીરાલાલભાઇની તબિયત સારી હતી અને રોજ બે વાર ચાર દાદર ચઢતા-ઊતરતા. પરંતુ પછી ૮૫મા વર્ષે એમને અશક્તિ વરતાવા લાગી. એમનો દેહ ક્ષીણ થવા લાગ્યો. ૧૯૭૯ના માર્ચ મહિનામાં તેઓ પથારીવશ થઈ ગયા. તબીબી ઉપચારો ચાલુ થયા પણ તબિયતમાં સુધારો થયો નહિ. શૌચાદિ ક્રિયા પણ પથારીમાં કરાવવી પડતી. સ્વજનોએ હૉસ્પિટલમાં દાખલ થવા માટે કહ્યું, પરંતુ ત્યાં જવાની એમની બિલકુલ ઇચ્છા નહોતી. એમ કરતાં બે અઠવાડિયાં થઈ ગયાં. છેવટે જ્યારે ડૉક્ટરની સલાહ અનુસાર હૉસ્પિટલમાં લઈ જવાનો સ્વજનોનો મક્કમ નિર્ણય થયો એ વખતે એમણે પોતાના બહેન શાંતાબહેનને બોલાવીને સમજાવ્યાં કે 'મને ચાર દિવસ પછી હૉસ્પિટલમાં લઈ જાવ, ત્યાં સુધી હું મારી આરાધના કરી લઉં.' શાન્તાબહેને બધાંને સમજાવ્યાં અને હૉસ્પિટલમાં જવાનું ચાર દિવસ પછી રાખવામાં આવ્યું. હીરાલાલભાઈએ એ દિવસથી અન્ન, જળ, ઔષધ વગેરેનો પચ્ચખ્ખાણપૂર્વક ત્યાગ કરી દીધો. આ વાતની ખબર પડતાં, મુંબઇમાં બિરાજમાન એક આચાર્ય ભગવંતે ઘરે આવી માંગલિક સંભળાવ્યું. પછી એમણે એક શાસ્ત્રજ્ઞ શ્રાવકને હીરાલાલભાઇ પાસે મોકલ્યા. તેઓ રોજ આવીને હીરાલાલભાઇને નિર્યામણા કરાવતા હતા. એમ કરતાં ચોથે દિવસે એટલે કે તા. ૨૩મી માર્ચ, ૧૯૭૯ના રોજ સવારે પોણાચાર વાગ્યે બ્રાહ્મ મૂહૂર્તે ૮૫ વર્ષની વયે એમણે સમાધિપૂર્વક દેહ છોડ્યો હતો. હૉસ્પિટલમાં ન જવાનો પોતાનો સંકલ્પ સમાધિપૂર્વક એમણે પાર પાડ્યો હતો.

હીરાલાલભાઈ અને ઇન્દિરાબહેને સાડા છ દાયકાનું દામ્પત્યજીવન ભોગવ્યું. હવે ઇન્દિરાબહેનની તબિયત બગડી હતી. એમણે ૧૨મી સપ્ટેમ્બર ૧૯૮૨ના રોજ ૮૪ વર્ષની વયે દેહ છોડ્યો. યુવાન વયે હીરાલાલભાઇની કારકિર્દીનું ઘડતર મુંબઇમાં થયું. એમના દામ્પત્યજીવનનો પૂર્વકાળ મુંબઇમાં વીત્યો હતો અને બંનેએ અંતિમ શ્વાસ પણ મુંબઇમાં લીધા હતા.

સ્વેચ્છાએ અકિંચન રહી, સાદાઈ અને સરલતાપૂર્વક હીરાલાલભાઇએ સરસ્વતી દેવીની આજીવન અવિરત ઉપાસના અનન્યભાવે કરી હતી. આ શ્રુતોપાસક શ્રાવકના હસ્તે જૈન સાહિત્યના ક્ષેત્રે જે લેખનકાર્ય થયું છે તે અજોડ છે. એમનો યુગ એમની કદર કરી શક્યો નહિ. પણ જેમ જેમ એમનું સાહિત્ય પ્રકાશમાં આવશે અને ગ્રંથસ્થ થશે અને ગ્રંથોની પુનરાવૃત્તિઓ થશે તેમ તેમ ભાવિ પ્રજા એમની અવશ્ય યોગ્ય કદર કરશે. જૈન સાહિત્યના ઇતિહાસમાં એમનું નામ અને સ્થાન અવિસ્મરણીય રહેશે.

❖❖❖

# જૈન પ્રશ્નોત્તર સાહિત્ય

□ ડૉ. કવિન શાહ

જૈન સાહિત્યની ગદ્યકૃતિઓમાં કથા, વ્યાખ્યાન, વિવેચન, જીવનચરિત્ર, લેખ, નિબંધ વગેરેનો સમાવેશ થાય છે. તેમાં પ્રશ્નોત્તર પ્રકારની ગદ્યરચના વિશિષ્ટ પ્રકારની છે. ધર્મ વિષયક સિદ્ધાંતો-વિચારોમાં અનેક જાતની શંકાઓ થવાનો સંભવ છે. આવી શંકાના સમાધાન રૂપે જૈન સાહિત્યમાં પ્રશ્નોત્તર ગ્રંથો આગમ કાળથી પ્રાપ્ત થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું ૨૩મું અધ્યયન કેશી ગણધર અને ગૌતમસ્વામીના સંવાદ પ્રશ્નોત્તર રૂપે છે. ઉદા. જોઇએ તો કેશીનો પ્રશ્ન : હે ગૌતમ, આ સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો દોડી રહ્યો છે કે જેના ઉપર આપ આરૂઢ થયા છો છતાં તે ઘોડો આપને ઉન્માર્ગમાં કેમ લઈ જતો નથી?

શ્રી ગૌતમ સ્વામીએ ઉત્તર આપ્યો કે ઉન્માર્ગ તરફ દોડતા તે ઘોડાને હું આગમરૂપી રજ્જુથી બંધાયેલો કરું છું એટલે કે આગમરૂપી લગામથી હું ઘોડાને કબજે રાખું છું. આ ઘોડો ભલે દુષ્ટ હોય તો પણ તે ઉન્માર્ગે જતો નથી. પરંતુ માર્ગે ચાલે છે.

કેશી-આ ઘોડો તે કોણ?

ગૌતમસ્વામી-'મન' એ દુષ્ટ અશ્વ છે.

જે મન રૂપી દુષ્ટ અશ્વ દોડી રહ્યો છે તેને ધર્મ અભ્યાસ માટે કંથકજાતિવાન ઘોડાની માફક સારી રીતે હું લગામથી કાબુમાં રાખું છું. અર્થાત્ દુષ્ટ ઘોડો પણ જો નિગ્રહ યોગ્ય હોય તો જાતિવાન અશ્વ જેવો જ છે. ભગવતી સૂત્રમાં વિવિધ પ્રકારના પ્રશ્નોનો સંચય થયો છે. તેમાં ૪૧ વિભાગ છે. તેને શતક કહેવામાં આવે છે. શતકના પેટા વિભાગને ઉદ્દેશક કહે છે. આ સૂત્રનાં સો કરતાં પણ વધુ અધ્યયનો છે. દશ હજાર ઉદ્દેશકો, છત્રીશ હજાર પ્રશ્નો અને બે લાખ ઇઠયાસી હજાર પદો હતાં પણ પૂ. દેવર્ધિ ગણિ ક્ષમાશ્રમણે આગમોને પુસ્તકારૂઢ કર્યા તે વિષયોની એક બીજા આગમોમાં ભલામણ કરવાને કારણે આજે તે વિગતો ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાપ્ત થતી નથી.

આ સૂત્રમાં મુખ્ય પ્રશ્નકાર ગૌતમ સ્વામી છે અને ઉત્તરદાતા ભગવાન મહાવીર સ્વામી છે. ભગવતી સૂત્ર ઉપરાંત ગૌતમપૃચ્છા નામથી પણ આ પ્રશ્નો ગ્રંથરૂપે પ્રાપ્ત થાય છે. તેની મૂળ ભાષા આગમની પ્રાકૃત છે. તેનો ગુજરાતીમાં અનુવાદ આ પ્રશ્નો સદૃષ્ટાંત પ્રગટ થયો છે.

પ્રશ્ન: કયા કર્મને કારણે જીવ નરકમાં જાય?

ઉત્તર: જે જીવ હિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરી કરે છે. પરસ્ત્રી ગમન કરે છે, ઘણાં પ્રકારના પાપ પરિગ્રહમાં આસક્ત હોય છે, પાંચ અણુવ્રતોને વિરાધે છે, તેમજ અતિક્રોધી, અતિમાની, ધૃષ્ટ, માયાવી, રૌદ્ર સ્વભાવી, પાપી, ચાડી ખાનાર, અતિલોભી, સાધુની નિંદા કરનાર અધર્મી, અસંબદ્ધ વચન બોલનાર, દુષ્ટ બુદ્ધિવાળો કૃતઘ્ન હોય તે જીવ અત્યંત દુ:ખ અને શોક પામીને નરકગતિમાં જાય છે.

'ગૌતમ પૃચ્છા' ગ્રંથમાં નરકગતિના આયુષ્યબંધ માટે આઠમા ચક્રવર્તી સુભૂમનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. પ્રશ્નોત્તર સાહિત્યનો પ્રાચીન સંદર્ભ આ રીતે પ્રાપ્ત થાય છે. ત્યારપછી જે પણ સાધુઓએ જુદા જુદા સમયે કેટલાક પ્રશ્નોત્તર ગ્રંથો રચ્યા છે તેમાં તત્ત્વજ્ઞાન વિષયક પ્રશ્નોનોના ઉત્તરો આપવામાં આવ્યા છે. દર્શન શાસ્ત્રના ગૂઢ રહસ્યને આત્મસાત્ કરવામાં આ પ્રશ્નો ઘણાં ઉપયોગી છે. તેનાથી જ્ઞાનમાર્ગની જટિલતા દૂર થતાં જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ સરળ બને છે અને ધર્મ તથા જિનવચન પ્રત્યેની શ્રદ્ધા દઢ બને છે. તેનું અંતિમ પરિણામ સમકિતની પ્રાપ્તિને શુદ્ધિમાં જોવા મળે છે.

આ પ્રશ્નો દ્વારા સત્યનું મંડન અને અસત્યનું ખંડન થાય છે. સુધારકવાદી મૃગલાંઓને દૂર ભગાવવા માટે આ પ્રકારનું સાહિત્ય સિંહગર્જના સમાન કાર્ય કરે છે. પ્રતિપક્ષીઓની ખોટી દલીલોને તોડી પાડવાનું શૂરત્વ પેદા કરવાની શક્તિ ધરાવે છે. આત્માનું ઉત્થાન, મુક્તિ, આરાધના, કર્મવાદ, સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ, આવશ્યક ક્રિયા જ્ઞાન, જેવા વિષયને સ્પર્શતા પ્રશ્નોત્તર લોકભોગ્ય બનાવવામાં આવે છે. પ્રશ્નોત્તર સાહિત્યથી જિજ્ઞાસાતૃપ્તિ થાય છે. શંકાનું સમાધાન થાય છે. જૈન દર્શનના મૂળભૂત વિચારોનું જ્ઞાન મળે છે. એટલે શંકા-સમાધાન સાથે જ્ઞાનપ્રાપ્તિ માહિતીસભર સાહિત્ય છે.

કવિ ચિદાનંદજીની પ્રશ્નોત્તર રત્નમાળાનો પ્રત્યેક પ્રશ્ન એક ગ્રંથ સમાન ઊંડા રહસ્યને પ્રગટ કરે તેવી ક્ષમતા ધરાવે છે. તેમાં ૧૧૪ પ્રશ્નોના ઉત્તરો છે. હિન્દી-ગુજરાતી ભાષાના મિશ્રણવાળી આ કૃતિ જ્ઞાનપ્રાપ્તિનું અનોખું સાધન છે.

લાખ બાત કી એક બાત, પ્રશ્ન પ્રશ્ન સબ જાણ
એક શત ચૌદ પ્રશ્ન કો ઉત્તર કહું વખાણ.

પ્રશ્નોત્તરનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છે.

પ્રશ્ન: દેવ ધર્મ અરૂ ગુરૂ કહાં સુખ, દુ:ખ જ્ઞાન અજ્ઞાન
ધ્યાન ધ્યેય ધ્યાતા કહાં? કહાં માન અપમાન.

ઉત્તર: 'દેવશ્રી અરિહંત વીતરાગી આજ્ઞામૂલ દયાધર્મ શોભાગી
હિત ઉપદેશી ગુરુ સુસાધ જે ધરત ગુણ અગમ અગાધ.
ઉદાસીનતા સુખ જગમાંહી જન્મ મરણ સમ દુ:ખ કોઉ નાહીં
આત્મબોધ જ્ઞાન, હિતકારી, પ્રબળ અજ્ઞાન ભ્રમણ સંસારી
ચિત્ત નિરોધ હૈ ઉત્તમ ધ્યાન, ધ્યેય વીતરાગી ભગવાન
ધ્યાતા જેહ મુમુક્ષુ વખાણ, જે મત તત્ત્વાર્થ જાણ
જહાં ભવ્યતા મોટી માન, જો અભવ્ય ત્રિભુવન અપમાન.'

મિતાક્ષરી શૈલીમાં ૧૨ પ્રશ્નોના ઉત્તર આપીને એમની રચના રીતિનો પરિચય કરાવ્યો છે.

'તાત્ત્વિક પ્રશ્નોત્તર:' આ ગ્રંથના રચયિતા આગમોદ્ધારક આચાર્યદેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજી છે. મૂળ રચના સંસ્કૃતમાં છે જેમાં ૭૭ પ્રશ્નો છે. આચાર્ય માણિક્ય સાગરસૂરિએ શબ્દાર્થ અને શાસ્ત્રના આધાર આપીને ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે. ઉદા.

પ્રશ્ન: ૯. આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાન માંહો માંહે સમવ્યાપ્તિક છે કે કોઈ તફાવત છે?

ઉત્તર : તફાવત છે. જ્યાં આભિનિબોધિક જ્ઞાન છે ત્યાં જ શ્રુત છે. અને જ્યાં શ્રુત છે ત્યાં આભિનિબોધિક જ્ઞાન છે. એ હેતુથી જ ખરી રીતિએ આભિનિબોધિક વ્યાપક છે. આચારાંગ આદિ શ્રુત આભિનિ-બોધિકવાળાને જ હોય છે. અને આચારાંગ આદિ શ્રુતવાળાને આભિનિબોધિક છે જ. એ રીતે સમ્યક્મતિ અને સમ્યક્શ્રુત આ અપેક્ષાએ સંગત જ છે.

ગ્રંથના શીર્ષક પ્રમાણે તાત્ત્વિક પ્રશ્નોનો સંદર્ભ મળી રહે છે. કવિ પંડિત વીરવિજયજીએ 'પ્રશ્નચિંતામણિ' ગ્રંથ સંસ્કૃત ભાષામાં શ્લોકમાં કર્યો છે. તેમાં કુલ ૨૦૨ પ્રશ્નો છે. મોટા ભાગના પ્રશ્નોત્તર ગ્રંથો ગુજરાતીમાં છે જ્યારે વીરવિજયજીએ સંસ્કૃત પદ્યમાં રચના કરી છે અને તેનો અનુવાદ સર્વજનસુલભ બન્યો છે. ઉદા. જોઇએ તો-

પ્રશ્ન ૧૩: એક ગ્રંથનું નામ 'દશવિધ ચક્રવાલ સમાચારી' એ પ્રમાણે

છે તો એમાં ચક્રવાલ શબ્દનો અર્થ શો?

ઉત્તર: એ સ્થળે ચક્રવાલ શબ્દનો અર્થ 'નિત્યકર્મ' એવો કરવો.

પ્રશ્ન ૩૧: ચરણ અને કરણમાં શો ભેદ છે?

ઉત્તર: નિત્યાનુષ્ઠાન એટલે નિત્યનું કર્તવ્ય તે ચરણ કહેવાય છે. જે પ્રયોજન આવતાં કરવામાં આવે તે કરણ કહેવાય છે.

પ્રશ્ન ૩૩: શરીરનાં સર્વ અંગોમાં ધ્યાન કરવા લાયક સ્થાનો કયાં છે?

ઉત્તર: બે નેત્ર, બે કાન, મુખ, નાક, લલાટ, તાલુ, મસ્તક, નાભિ, હૃદય અને ભ્રુકુટી આટલાં ધ્યાન કરવાનાં સ્થાનો છે.

પ્રશ્ન ૯૩: જય વીયરાયમાં અંતે ઇટ્ઠફલ સિદ્ધિ કહ્યું છે તો તે ઇષ્ટ ફળ કયું?

ઉત્તર: વંદારવૃત્તિ વગેરેના અનુસારે જણાય છે કે કોઇપણ પ્રકારના વિઘ્ન વિના ધર્માનુષ્ઠાન કરવામાં કારણભૂત અને આ લોકમાં નિર્વાહ કરનાર દ્રવ્ય વગેરેનું સુખ જ અહીં માગેલું છે.

ન્યાયાંભોનિધિ પૂ. આ. શ્રી આત્મારામજીએ હિન્દી ભાષામાં શ્રી જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તરની રચના કરી હતી. તેનો ગુજરાતીમાં અનુવાદ મુનિ અમિતયશવિજયે કર્યો છે. તેમાં ભગવાન મહાવીર સ્વામીના જીવન અને જૈનધર્મ વિષયક ૧૯૩ પ્રશ્નોત્તર છે.

પ્રશ્ન ૫૬: અચ્છેરાં કોને કહેવાય છે?

જે વસ્તુ અનંતકાલ પછી આશ્ચર્યરૂપ થાય તેને અચ્છેરું કહે છે. કેમકે કોઇપણ તીર્થંકરની દેશના નિષ્ફળ જતી નથી. અને શ્રી મહાવીર સ્વામીજીની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ છે માટે એને અચ્છેરું કહે છે.

પ્રશ્ન ૬૪: શ્રી મહાવીર સ્વામીએ કેવા પ્રકારના ધર્મની પ્રરૂપણા કરી હતી?

સમ્યક્ત્વપૂર્વક સાધુના ધર્મ અને શ્રાવકના ધર્મની પ્રરૂપણા કરી હતી.

પ્રશ્ન ૬૮: સાધુ અને શ્રાવકોનો ધર્મ મનુષ્યોએ શા માટે કરવો જોઇએ?

ઉત્તર: જન્મમરણાદિરૂપ સ્વરૂપ સંસાર ભ્રમણરૂપી દુ:ખથી છુટવા માટે સાધુ અને શ્રાવકનો પૂર્વોક્ત ધર્મ કરવો જોઇએ.

'જિનવાણી ઉત્તર લ્યો જાણી'-મુનિ જયંતસેનવિજયજીએ હિન્દી ભાષામાં સમાધાન કી રશ્મિયાં નામથી પ્રગટ કર્યું હતું તેનો ગુજરાતીમાં અનુવાદ કરીને વિષયાનુક્રમપૂર્વક ૭૬૧ પ્રશ્નોત્તર છે. આ પ્રશ્નો આચારશુદ્ધિ, ધર્મવિષયકજ્ઞાન અને વ્યવહારમાં ઉપયોગી વિગતો સાથે સંબંધ ધરાવે છે.

પ્રશ્ન ૧૯૯: તેલ બુદ્ધિને મંદ કરે છે?

ઉત્તર: વાસ્તવમાં ઘૃત જેવા ઉત્તમ પદાર્થને છોડીને બુદ્ધિને ઓછી કરવાવાળા તેલનું ખાવું ઉચિત નથી.

પ્રશ્ન: ૨૩૪: મન રૂપી છે કે અરૂપી?

ઉત્તર: પન્નવણા સૂત્રમાં દ્રવ્ય મન રૂપી અને ભાવ મન અરૂપી બતાવ્યું છે.

શ્રી પ્રશ્નોત્તરમંજરી ભા. ૧/૨-તેની રચના પં. શ્રી કેસરમુનિએ કરી છે. તેમાં મુખ્યત્વે તિથિ વિષયક પ્રશ્નોત્તરો દ્વારા શુભ કાર્યો કઇ તિથિએ કરવાં તે અંગેનાં શાસ્ત્રીય પ્રમાણ આપ્યાં છે.

પ્રશ્નોત્તર ભાસ્કર: પંડિત પ્રીતિવિજયજી સંપાદિત ગ્રંથમાં કુલ ૧૧૧ પ્રશ્નોત્તરોનો સમાવેશ થયો છે.

પ્રશ્નોત્તરચત્વારિંશત્ શતક-પૂ. મહામહોપાધ્યાય જયસોમવિજયગણિએ તપાગચ્છ અને ખરતરગચ્છના ભેદ વિશેના પ્રશ્નોનો ઉલ્લેખ કર્યો છે. શાસ્ત્રીય ગ્રંથોના આધારે ૧૪૦ પ્રશ્નોના ઉત્તરો આપ્યા છે.

શ્રી પ્રશ્નોત્તર રત્નચિંતામણિ-આ ગ્રંથની રચના ભરૂચબંદરનિવાસી શ્રાવક અનુપચંદ મલુકચંદે કરી છે. જૈનધર્મ વિષયક પ્રાથમિક અને કઠિન વિષયોની માહિતી પ્રશ્નોત્તર દ્વારા મળે છે. પ્રસ્તાવનામાં લેખકે જણાવ્યું છે કે શ્રુતજ્ઞાનની વૃદ્ધિ અને પારસમણિના સ્પર્શનો ચમત્કાર સર્જાય એવો આ ગ્રંથ છે.

પ્રશ્ન: તીર્થંકર તે કોણ?

ઉત્તર: સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ધર્મતીર્થ પ્રવર્તાવી ભવ્ય જીવોને સંસાર સમુદ્રથી તારે તે તીર્થંકર છે.

'લબ્ધિપ્રશ્ન' ભા. ૧/૨ જેમાં ૪૦૦ પ્રશ્નોત્તરનો સંચય થયો છે. તીર્થંકર, જિનપૂજા, દેવપૂજા, દેવદ્રવ્ય, સમવસરણ, શાસનદેવ-દેવી વગેરે વિષયોના પ્રશ્નો છે.

'શ્રી પ્રશ્નોત્તરમોહનમાળા'-તેમાં પ્રશ્નકાર શ્રી ખાંતિવિજયગણિવર્ય અને ઉત્તરદાતા આ. મોહનસૂરિજી છે. તદુપરાંત અન્ય મુનિઓએ પૂછેલા પ્રશ્નોનો પણ સમાવેશ થયો છે. દરેક વિભાગમાં ૧૦૮ પ્રશ્નો છે. ત્રણ વિભાગના કુલ ૩૨૪ પ્રશ્નોત્તર છે. ઉદા. જોઇએ તો-

કયા કયા તીર્થંકરો કયા કયા આસને મોક્ષે ગયા?

શ્રી ઋષભદેવ, નેમનાથ અને મહાવીર સ્વામી ભગવાન પદ્માસને મોક્ષે ગયા છે. બાકીના ૨૧ તીર્થંકરો કાઉસગ્ગ ધ્યાને મોક્ષે ગયા છે.

ઉપરોક્ત પ્રશ્નોત્તર ગ્રંથોની સંક્ષિપ્ત માહિતી, ઉદાહરણરૂપ પ્રશ્નોને આધારે એવો નિષ્કર્ષ તારવવામાં આવે છે કે ધાર્મિક વિષયનું જ્ઞાન મેળવવા માટે વાંચનની સાથે આવા પ્રશ્નોત્તરોનું અધ્યયન સત્યનો પરિચય કરાવે છે. જ્ઞાનમાર્ગમાં વિહાર કરવા માટે અમૂલ્ય ખજાનારૂપ આ સાહિત્ય છે. પ્રશ્નો લાંબા અને ટૂંકા છે તો તેના ઉત્તરો પણ તેવા જ છે. કેટલાક પ્રશ્નો દીર્ઘકાય છે અને તેના ઉત્તર માટે પણ પરિચ્છેદનો આશ્રય લેવાયો છે. ઉત્તરના સમર્થન માટે કેટલાક પ્રશ્નોત્તર ગ્રંથમાં આગમશાસ્ત્ર અને પૂર્વાચાર્યોના ગ્રંથોનો સંદર્ભ આપીને સત્યની માવજત ને રક્ષણ કરવામાં આવ્યું છે. હિન્દી અને સંસ્કૃતમાં રચાયેલા પ્રશ્નોનો ગુજરાતીમાં અનુવાદ થયો છે જેથી આ સાહિત્ય સર્વ સાધારણ જનતા સુધી પહોંચી શકે તેમ છે.

ગૌતમપૃચ્છાના પ્રશ્નો (અર્ધ માગધી) પ્રાકૃતમાં છે તેનો અનુવાદ ઉપલબ્ધ થાય છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે તેમાં પ્રશ્નની સાથે દૃષ્ટાંતરૂપ કથાનો સમાવેશ થયો છે. તાત્ત્વિક પ્રશ્નોત્તર ગ્રંથમાં મૂળ પાઠ આપીને વાચક વર્ગને સત્યપ્રતીતિ કરાવવાનો પૂ. સાગરાનંદજીએ પુરુષાર્થ કર્યો છે. અન્ય પ્રશ્નોત્તરોમાં માત્ર ગ્રંથનો નામોલ્લેખ છે. એટલે પ્રશ્નોત્તર શૈલીની આ વિશેષતા છે. આ શૈલીથી વિચાર-વિમર્શ શંકા-સમાધાનનો પ્રશસ્ય પ્રયત્ન થયો છે એટલે શાસ્ત્રજ્ઞાન સરળ ને સુગ્રાહ્ય બને છે. વળી સમ્યક્જ્ઞાન પ્રાપ્તિનું અમોઘ સાધન બને છે. પંડિત વીર વિજયજીએ શ્લોકબદ્ધ પ્રશ્નો રચ્યા છે અને તેનો અનુવાદ ગુજરાતીમાં પ્રગટ થયો છે તેનાથી કવિની ભાષાશક્તિ, કવિત્વશક્તિ અને પાંડિત્યનો ખ્યાલ આવે છે. પ્રશ્નોત્તર ગ્રંથોનાં શીર્ષકમાં કોઇપણ રીતે પ્રશ્નનો ઉલ્લેખ થયો છે તો વળી રચયિતાના નામથી શીર્ષક પ્રાપ્ત થાય છે. સેનપ્રશ્ન, લબ્ધિપ્રશ્ન, હીરપ્રશ્ન, વિષયલક્ષી શીર્ષકોમાં તાત્ત્વિક પ્રશ્નોત્તર, શ્રી જૈનધર્મ વિષયક પ્રશ્નોત્તર એવો ઉલ્લેખ પણ થયો છે.

પ્રશ્નોત્તર સાહિત્યની સૃષ્ટિ વિશાળ પટ પર વિસ્તરેલી છે. ૨૧મી સદીના નવયુવાનો, વડીલો ને વૃદ્ધો સૌ કોઈને ધર્મની શ્રદ્ધા ડગમગતી નાશ પામવા લાગી છે ત્યારે આવા પ્રશ્નોનો અભ્યાસ જિનવાણીનું સત્ય સમજાવી જ્ઞાનનો પ્રકાશ પાથરીને તે પ્રકાશમાં આત્મપ્રકાશનો અનોખો અનુભવ કરવા માટે સમતારસનો અનુભવસિદ્ધ માર્ગ દર્શાવે છે.

# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૦૧

**આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બુધવાર, ૧૫-૮-૨૦૦૧થી બુધવાર ૨૨-૮-૨૦૦૧ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ, પાટકર હોલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | નામ | વિષય |
|---|---|---|---|
| બુધવાર | ૧૫-૮-૨૦૦૧ | સમણી શ્રી શીલપ્રજ્ઞાજી | आओ, हम महावीर बने । |
| | | શ્રી શશિકાન્ત મહેતા | સાંપ્રતકાળમાં જૈનોનું કર્તવ્ય |
| ગુરુવાર | ૧૬-૮-૨૦૦૧ | ડૉ. રમણલાલ ચી. શાહ | સપ્તનય |
| | | શ્રી અરુણભાઈ ઝવેરી | લેશ્યાધ્યાન દ્વારા આત્મશુદ્ધિ |
| શુક્રવાર | ૧૭-૮-૨૦૦૧ | શ્રીમતી છાયા શાહ | અભયદયાણં |
| | | શ્રી સુધીર દેસાઈ | જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું |
| શનિવાર | ૧૮-૮-૨૦૦૧ | પ. પૂ. ઉપા. શ્રી સુરદેવસાગરજી | उत्तम आकिंचन्य |
| | | પંડિત શ્રી રાકેશકુમાર શાસ્ત્રી | पांच समवाय |
| રવિવાર | ૧૯-૮-૨૦૦૧ | પ્રો. તારાબહેન શાહ | ભગવાન ઋષભદેવ |
| | | પૂ. મોરારી બાપુ | દસમો ગ્રહ પરિગ્રહ |
| સોમવાર | ૨૦-૮-૨૦૦૧ | શ્રીમતી કિરણ જૈન | भक्तामर भावांजलि-भक्तिसंगीत |
| | | શ્રી હરિભાઈ કોઠારી | પ્રમાદ એ જ મૃત્યુ |
| મંગળવાર | ૨૧-૮-૨૦૦૧ | શ્રીમતી અલ્પના ભારિલ્લ | सुख का स्वरूप |
| | | ડૉ. ગુણવંત શાહ | સ્મિત જાળવીને જીવે તે સાધુ |
| બુધવાર | ૨૨-૮-૨૦૦૧ | શ્રીમતી શૈલજા ચેતનભાઈ શાહ | નવકારમંત્રનો મહિમા |
| | | પંડિત શ્રી જતીશચંદ્ર શાસ્ત્રી | ઉત્તમ ક્ષમા |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૫ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) કુ. નેહા ઝવેરી (૨) કુ. ખ્યાતિ વેડીયા (૩) કુ. હાર્દિકા સોની (૪) શ્રીમતી કનકબેન સોની (૫) શ્રીમતી ચંદ્રાબેન કોઠારી (૬) શ્રીમતી આશાબેન પારેખ (૭) શ્રી તનસુખભાઈ કામદાર (૮) શ્રી લલિતભાઈ દમણીયા

**આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

ચંદ્રકાન્ત દીપચંદ શાહ
ઉપપ્રમુખ
ભૂપેન્દ્ર ડી. જવેરી
કોષાધ્યક્ષ

રસિકલાલ લહેરચંદ શાહ
પ્રમુખ

નિરુબેન એસ. શાહ
ધનવંત ટી. શાહ
મંત્રીઓ
વર્ષાબહેન રજ્જુભાઈ શાહ
સહમંત્રી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ • પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્કસ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
● વર્ષ : (૫૦) + ૧૨ ● અંક : ૯ ● તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૦૧ ●
Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2001
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ

## આર્જવ

આર્જવ સંસ્કૃત શબ્દ છે. એનો અર્થ થાય છે સરળતા. સંસ્કૃત ऋजु શબ્દ પરથી તે આવ્યો છે. ऋजोर्भावं आर्जवम् । ઋજુ એટલે સરળ, આર્જવ એટલે સરળતા, નિષ્કપટપણું, અવક્રતા, નિખાલસતા, નિર્મળતા, નિર્દંભતા. આર્જવ એટલે Straight forwardness, honesty, sincerity, uprightness, simplicity, open heartedness વગેરે. આર્જવ શબ્દના આ વ્યવહારુ અર્થ છે. આર્જવનો પરમાર્થ ધર્મ અને અધ્યાત્મના ક્ષેત્રે વધુ ગહન અને વધુ મહત્ત્વનો છે.

જૈન દર્શનમાં ધર્મનાં દશ લક્ષણ અથવા દશ પ્રકારના યતિધર્મ જે બતાવવામાં આવ્યાં છે તેમાં આર્જવનું સ્થાન ત્રીજું છે. દસ લક્ષણી ધર્મ આ પ્રમાણે છે : (૧) ક્ષમા, (૨) માર્દવ, (૩) આર્જવ, (૪) શૌચ, (૫) સત્ય, (૬) સંયમ, (૭) તપ, (૮) ત્યાગ, (૯) આકિંચન્ય અને (૧૦) બ્રહ્મચર્ય. આ દસે લક્ષણોને આત્મપુરુષાર્થ દ્વારા એની ઉત્તમ કોટિએ પહોંચાડવાનાં છે. સમ્યગ્દર્શન માટે એ અનિવાર્ય છે. ગૃહસ્થજીવન કરતાં મુનિપણામાં એની વિશુદ્ધિ અને ઉત્કૃષ્ટતાને અવકાશ વધુ રહે છે. એટલે જ પર્યુષણ પર્વ દરમ્યાન આ દસ લક્ષણી ધર્મની આરાધના ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. આ દસે લક્ષણ પરસ્પર સંકળાયેલાં છે અને એકબીજાને સહાયક બને છે.

પૂજ્યપાદસ્વામીએ 'સર્વાર્થસિદ્ધિ'માં આર્જવની વ્યાખ્યા આપતાં કહ્યું છે, योगस्यावक्रता आर्जवम् । અર્થાત્ યોગની અવક્રતા (સરળતા) એ આર્જવ છે. યોગ ત્રણ પ્રકારના છે : મનના, વચનના અને કાયાના. મન, વચન અને કાયાથી સરળપણું એ આર્જવ છે. મનમાં હોય તે જ પ્રમાણે વચનમાં આવે અને તે જ પ્રમાણે કાયાથી આચરણ થાય.

આર્જવની અન્ય વ્યાખ્યાઓ આ પ્રમાણે છે : आर्जवं मायोदयनिग्रहः । માયાના ઉદયનો નિગ્રહ કરવો તે આર્જવ. मनोवचनकायकर्मणामकौटिल्यमार्जवम् । -એટલે મન, વચન અને કાયાનાં કાર્યોમાં અકુટિલતા તેનું નામ આર્જવ. કહ્યું છે.

મનમેં હોય સો વચન ઉચરિયે
વચન હોય સો તનસે કરિયે.

જે મનમાં હોય તે પ્રમાણે વચન ઉચ્ચારવું જોઇએ અને વચન પ્રમાણે વર્તન હોવું જોઇએ. અલબત્ત, એ શુભ હોય તો જ આર્જવ કહેવાય. દુષ્ટ વિચાર પ્રમાણે દુષ્ટ વર્તન હોય તો તે આર્જવ ન કહેવાય, કોઇક લેખકે કહ્યું છે : 'Sincerity is to speak as we think, to do as we pretend and profess, to perform what we promise, and really to be what we would seem and appear to be.'

સરળતા ગૃહસ્થોમાં હોય કે ન હોય, મુનિઓમાં તો તે અવશ્ય હોવી જોઇએ. જેટલે અંશે મુનિમાં સરળતાની ન્યૂનતા તેટલે અંશે લક્ષ્મણા સાધ્વીની જેમ તેમના મુનિપણામાં ન્યૂનતા. દશવૈકાલિક સૂત્રમાં ભગવાન મહાવીરે કહ્યું છે :

पंचासव परिण्णाया तिगुत्ता छसु संजया ।
पंच निग्गहणा धीरा निग्गंथा उज्जुदंसिणो ॥

[પાંચ આશ્રવોને સારી રીતે જાણનાર, ત્રણ ગુપ્તિવાળા, છ જીવકાયના રક્ષક, પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરનાર, ધીર એવા નિર્ગ્રંથ મુનિ સરળ દૃષ્ટિવાળા હોય છે.]

કુન્દકુન્દાચાર્યે 'બારસ અણુવેકખા'માં કહ્યું છે :

मोत्तूण कुडिलभावं णिम्मल हिदयेण चरदि जो समणो ।
अज्जव धम्मं तइयो तस्स दु संभवदि णियमेण ॥

[જે શ્રમણ કુટિલ ભાવોને છોડીને નિર્મળ હૃદયથી ચારિત્રનું પાલન કરે છે, એનો નિયમથી અવશ્ય આર્જવ નામનો ત્રીજો ધર્મ થાય છે.]

આર્જવ એટલે અવક્રતા. વક્રતા એટલે કુટિલતા અથવા માયાચાર. મનમાં કંઈક હોવું અને કહેવું કંઈક અથવા કરવું કંઈક તે માયાચાર. પોતાના આશયોને છુપાવવા એ માયાચાર. પોતાની ઈચ્છા પાર પાડવા માટે, પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે માયાચારી માણસ છળકપટનો આશ્રય લે છે. મોટા દગાબાજ દંભી માણસોનો માયાકષાય અત્યંત તીવ્ર હોય છે. કેટલાક સારા ગણાતા સંતમહાત્માઓ પણ લોકહિતને લક્ષમાં રાખી અમુક વાત ગુપ્ત રાખતા હોય છે અને જરૂર પડયે ગોળ ગોળ બોલતા હોય છે. એ તેઓનો માયાકષાય છે. અલબત્ત એ એટલો તીવ્ર નથી હોતો. માયાકષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન નામના ચાર પ્રકાર છે.

આવી માયાને જે વશ નથી થતા તે પોતાના આર્જવ ગુણને પ્રગટ કરે છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં ભગવાનને પૂછવામાં આવ્યું છે :

मायाविजएणं भंते । जीवे किं जणयइ ?

[માયા ઉપર વિજય પ્રાપ્ત કરીને હે ભગવાન ! જીવ શું ઉત્પન્ન કરે છે ?]

ભગવાન કહે છે :

माया विजएणं अज्जवं जणयइ ।

[માયા ઉપર વિજય મેળવીને જીવ આર્જવ અર્થાત્ સરળ સ્વભાવને ઉત્પન્ન કરે છે.]

x x x

अज्जवयाए णं भंते । जीवे किं जणयइ ?

[ભગવાન ! આર્જવથી જીવ શું ઉત્પન્ન કરે છે ?]

ભગવાન ઉત્તર આપે છે :

अज्जवयाएणं काउज्जुययं भावज्जुययं भासुज्जुययं अविसंवायणं जणयइ ।

[આર્જવથી અર્થાત્ સરળ સ્વભાવથી જીવ કાયા, ભાવ (મન) અને ભાષા (વચન)ની અવિસંવાદિતા (અવક્રપણું) ઉત્પન્ન કરે છે.]

કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છે :

जो चिंतेइ ण वंकं ण कुणदि वंकं ण जंपदे वंकं ।

णय गोवदि णियदोसं अज्जव धम्मो हवे तस्य ॥

[જે મનથી વક્ર ચિંતન નથી કરતા, કુટિલતાયુક્ત વક્ર કાર્ય નથી કરતા, વક્ર બોલતા નથી તથા પોતાના દોષોને ગોપવતા નથી એ આર્જવ ધર્મને પામે છે.]

સ્વભાવની સરળતા એ આત્માનો એક મોટામાં મોટો અને મહત્ત્વનો સદ્‌ગુણ છે; પરંતુ સંસારમાં જીવને ભરમાવનારા માણસો અને તત્ત્વો હોય છે. લુચ્ચો માણસ ફાવી ગયાનું નજરે જોવા મળે છે ત્યારે ભોળા જીવો વિમાસણમાં પડી જાય છે. બીજા ફાવી ગયા અને આપણે રહી ગયા એ પ્રકારના અનુભવો અને અવલોકનો જીવને પાકો થવાની પ્રેરણા કરે છે. લુચ્ચાઈ, પક્કાઈ, બેઈમાની, અનીતિ ઇત્યાદિને હોંશિયારીમાં ખપાવાય છે અને મા-બાપ દ્વારા જ બાળકને જ્યારે તેના પાઠ ભણાવાય છે ત્યારે બાળકનો ઉછેર પણ તે રીતે થાય છે. જાતે છેતરાવું નહિ એ એક વાત છે અને બીજાને છેતરવો નહિ એ બીજી વાત છે. બીજાને છેતરીને સફળ થવાની સલાહ કુટિલ માણસો તરફથી અપાય છે.

વ્યવહારમાં, સામાજિક કાર્યોમાં, વેપારમાં, રાજકારણમાં સરળતા-ભોળપણને દોષરૂપ ગણવામાં આવે છે. મૂર્ખત્વ અને સરળતા વચ્ચે ભેદ છે. પરંતુ સરળતા પણ રાજકારણમાં નિષિદ્ધ મનાય છે. જૂના વખતમાં રાજાઓને યુક્તિ પ્રયુક્તિઓ શીખવવામાં આવતી. ચાણક્યનીતિ સરળતાની વિરોધી છે. દુશ્મન રાજા સાથે સરળતા ન ચાલે. દુષ્ટ માણસો સાથે સરળતાનો વ્યવહાર ન હોઈ શકે. 'ચાણક્યનીતિ'માં કહ્યું છે :

नात्यन्तसरलैर्भाव्यं गत्वा पश्य वनस्थलीम् ।

छिद्यन्ते सरलास्तत्र कुब्जास्तिष्ठन्ति पादपा: ॥

[માણસે અત્યંત સરળ ન થવું જોઇએ. વનમાં જઇને જુઓ. ત્યાં સીધાં સરળ વૃક્ષો છેદાય છે. વાંકાં વૃક્ષો ઊભાં રહે છે. એટલે કે બચી જાય છે.]

માણસ જંગલમાં લાકડાં કાપવા જાય તો સીધાં વૃક્ષો, સીધી ડાળીઓ તરત કાપવા લાગે છે. જેમાં મહેનત પડે એમ હોય એવાં વૃક્ષોને છોડી દેવામાં આવે છે.

વાંકા માણસોને કોઈ સતાવતું નથી. સીધી આંગળીએ નહિ, વાંકી આંગળીએ ઘી નીકળે છે-એવી એવી લોકોક્તિઓ માણસને કુટિલતાના પાઠ શીખવે છે અને ભ્રમિત કરી નાખે છે. પરંતુ આવી નીતિરીતિનું જ્યારે પરિણામ આવે છે અને મોટી કિંમત ચૂકવવી પડે છે ત્યારે માણસની આંખ ખૂલે છે. કુટિલતા થોડો વખત ફાવી શકે છે, કાયમ નહિ. સરળતા હંમેશાં સફળતા અપાવે છે. કુટિલતા કાતરનું અને સરળતા સોયનું કામ કરે છે. सन्धत्ते सरला सूची, वक्रादेदाय कर्तरी । સીધી લાકડીનો ચાલવા માટે અને વાંકી લાકડીનો બળતણ તરીકે ઉપયોગ થાય છે. એટલે જ કહ્યું છે : In character, in manners, in style, in all things, the superme excellence is simplicity. હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં આર્જવને મહાન ઔષધિ તરીકે ઓળખાવ્યો છે : तदार्जव महौषध्या जगदानंदहेतुना ।

સરળતાને મૃદુતા સાથે સંબંધ છે. મૃદુતા હોય તો સરળતા આવે. જેમના જીવનમાં મૃદુતા ન હોય તેમના જીવનમાં સરળતા આવે નહિ અને આવે તો ટકે નહિ. જીવનમાંથી વક્રતાને કાઢવા માટે મૃદુતા સહાયરૂપ છે. ઉદાહરણ આપવામાં આવે છે કે લોઢાનો સળિયો વાંકો હોય અને તેને સીધો કરવા માટે ટીપવામાં આવે તો વાર લાગે છે, પણ એને ગરમ કર્યા પછી એટલે કે મૃદુ કર્યા પછી ટીપવામાં આવે તો વાર લાગતી નથી.

વળી, સહિષ્ણુતા એ સરળતાની કસોટી છે. માણસ જ્યારે મુશ્કેલીમાં મુકાય છે, પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન ઊભો થાય છે, પોતાનું ખરાબ બોલાશે એવી ચિંતા થાય છે, પોતાને મોટો ગેરલાભ થવાનો ભય ઉપસ્થિત થાય છે ત્યારે સરળતા મૂકી દે છે અને અસત્ય, દંભ, માયાચારનો આશ્રય લે છે. ગાંધીજીએ કહ્યું છે કે Self-suffering is the truest test of sincerity. સરળતાના ગુણવાળી વ્યક્તિ સહન કરવા માટે તૈયાર હોવી જોઈએ. તે સર્વ રીતે નિર્ભય હોય છે, હોવી જોઇએ.

મનુષ્યના મનમાં જ્યાં સુધી રાગ, આસક્તિ, લોભ ઇત્યાદિ પડેલાં છે ત્યાં સુધી ઉત્તમ પ્રકારની સરળતા સુધી તે પહોંચી શકતો નથી. સામાન્ય પ્રકારની સરળતા ઘણામાં જોવા મળશે, પણ એવી સરળતાને સાધના દ્વારા વધારે વિશુદ્ધ પરિણામવાળી બનાવવી જોઇએ; બનાવી શકાય છે. આસક્તિ અને તેમાં પણ સૂક્ષ્મ આસક્તિ સહેલાઇથી છૂટતી નથી. સ્થૂલ અને સૂક્ષ્મ આસક્તિના પણ ઘણા પ્રકારો છે. એમાં એકમાંથી છૂટવાનો પ્રયત્ન કરે ત્યાં બીજી આસક્તિમાં માણસ સપડાય છે. આસક્તિઓને ચોરનાં તૂંબડાં સાથે સરખાવવામાં આવે છે. એક ચોરે કોઈ ખેતરમાંથી ઘણાં તૂંબડાં ચોરી લીધાં, પણ એ ભાગતો હતો ત્યાં ખેડૂતને ખબર પડી. તે પાછળ પડ્યો. ચોરે તળાવમાં જઈ તૂંબડાં સંતાડવાનો પ્રયત્ન કર્યો, પણ તરવાના સ્વભાવવાળું તૂંબડું પાણીમાં નીચે દબાવીને રાખે ત્યાં બીજું તૂંબડું ઉપર આવી જાય. આસક્તિઓ પણ એવી છે. એક દબાવો ત્યાં બીજી પ્રગટ થાય. એના ઉપર વિજય મેળવવા માટે ભારે માનસિક પુરુષાર્થ કરવાનો રહે છે. સરળતા એમાં સહાયક બને છે. જે માણસ સરળતા છોડી માયાચાર કરે છે તે પોતાનું હિત સાધી શકતો નથી. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે :

*નયન, વચન, આકારનું, ગોપન માયાવંત;*

*જેહ કરે અસતી પરે, તે નહિ હિતકર તંત.*

સરળતા અને વક્રતા બંને ઓછાવત્તા પ્રમાણમાં કેટલાકમાં હોય છે. કોઇકમાં સરળતા વધુ અને વક્રતા ઓછી હોય છે, તો કોઈકમાં વક્રતા વધુ અને સરળતા ઓછી હોય છે. એને માટે ચૌભંગી બતાવવામાં આવે છે; સરળ, સરળવક્ર, વક્રસરળ અને વક્ર. વક્રતા વાંસની શિંગ જેવી, ઘેટાના શિંગડા જેવી, ગોમૂત્રની ધાર જેવી અને દાતરડા જેવી એમ ચાર પ્રકારની શાસ્ત્રકારો બતાવે છે. એમાં ઉત્તરોત્તર વધુ વક્રતા જોવા મળે છે. વક્રતાને બીજના ચંદ્ર સાથે પણ સરખાવવામાં આવે છે અને ચંદ્ર જેમ પોતાની વક્રતા રોજ ઓછી કરતો જાય છે તેમ સાધકે વક્રતા દૂર કરી પૂર્ણતા તરફ પહોંચવાનું છે. સાપની ગતિ વક્ર હોય છે, પણ દરમાં દાખલ થવા માટે સીધા થવું જ પડે છે તેમ ધર્મના ક્ષેત્રે સરળતા અનિવાર્ય છે. પાશ્ચાત્ય ફિલસૂફ કાન્ટે કહ્યું છે : 'Sincerity is the indispensable ground of all conscientiousness and by consequence of all heartfelt religion.'

મનુષ્ય સ્વાર્થપરાયણ પ્રાણી છે. પોતાનો સ્વાર્થ સંતોષવા માટે એ અસત્ય કે અર્ધસત્યનો આશ્રય લે છે. ક્યારેક તે ઈરાદાપૂર્વક મૌન સેવે છે, ગોળ ગોળ બોલે છે અથવા હોય તેના કરતાં ભિન્ન રજૂઆત કરે છે. તે અતિશયોક્તિ કે અલ્પોક્તિનો ઉપયોગ, પ્રયોગ કરે છે. જ્યાં સ્વાર્થપ્રેરિત કાર્યો કે વાણી હોય ત્યાં સરળતા ન હોય. પોતાના સ્વાર્થને ખાતર માણસ હિંસા, ચોરી કે એવાં મોટાં પાપો કરતાં પણ અચકાતો નથી. તેવા માણસોથી સરળતા યોજનો દૂર હોય છે.

જ્યાં મનમાં સ્વાર્થ નથી હોતો અને જગતના સર્વ જીવોના ભલાની ભાવના રમતી હોય છે ત્યાં કશું છુપાવવાનું હોતું નથી. એટલે આંતર-બાહ્ય નિખાલસતા, પ્રામાણિકતા, પારદર્શિતા ત્યાં સ્વયમેવ વિલસે છે. ત્યાં સરળતા સ્વાભાવિક સ્વરૂપે પ્રકાશે છે.

સામાન્ય વ્યક્તિમાં સરળતા અને વક્રતાના પ્રમાણમાં પ્રસંગ અને પરિસ્થિતિ અનુસાર વધઘટ થતી રહે છે. જ્યાં સુધી સ્વાર્થનો ચિત્તમાં ઉદય નથી થતો ત્યાં સુધી સરળ રહેવું અઘરું નથી. સ્વજનો સાથેના વ્યવહારમાં સરળ રહેનાર માણસ અન્ય સાથેના વ્યવહારમાં પાકો બની શકે છે. ધનસંપત્તિની રેલમછેલ વખતની સરળતા આર્થિક મુશ્કેલીમાં ટકતી નથી. આ બધામાં અપવાદરૂપ મનુષ્યો પણ હોય છે. સાધુસંતો અને ગૃહસ્થ સાધકો પોતાની સરળતાને ટકાવી રાખે છે અને સંવર્ધિત કરે છે.

પહેલાં ચિત્તમાં કુટિલતા હોય અને પછી સરળતા આવે એમ જેમ બને છે એમ પહેલાં સરળતા હોય અને પછી બીજા વિચારે કુટિલતા આવે એવી ઘટનાઓ પણ બને છે. જૂના વખતની એક ડોસી અને ઘોડેસવારની વાર્તા જાણીતી છે. જાત્રાએ ગયેલી ડોસી પોતાના માથે પોટલાનો ભાર લાગતાં પસાર થતાં ઘોડેસવારને કહે છે કે 'ભાઈ, મારું પોટલું જરા ગામ સુધી ઘોડા પર મૂકવા દે. હું થાકી ગઈ છું.' ઘોડેસવારે ના પાડી અને ચાલતો થયો. પણ પછી એના મનમાં કપટ જાગ્યું. એને થાય છે કે 'ડોસીના પોટલામાં પૈસા-ઘરેણાં હશે. પોટલું લઇને ઘોડો દોડાવી જઈશ.' એમ વિચારીને તે પાછો ડોસી પાસે આવ્યો. આ બાજુ ડોસી મનમાં વિચાર કરે છે કે 'સારું થયું મારું પોટલું ન આપ્યું. લઈને જો એ ભાગી જાય તો મારાં પૈસા-ઘરેણાં બધું જાય.' ઘોડેસવારે પાછા આવી ડોસી પાસે પોટલું માંગ્યું ત્યારે એના મોઢા પરના ભાવ સમજી લઈને ડોસીએ કહ્યું, 'ભાઈ, હવે નથી આપવું. જે તને કહી ગયો એ મને પણ કહી ગયો છે.'

લાલચના પ્રસંગે માણસના મનમાં લુચ્ચાઈ પ્રગટતાં વાર નથી લાગતી. માણસનું ફળદ્રુપ ભેજું સ્વાર્થની અવનવી તરકીબો શોધી કાઢે છે. એટલે જ પ્રલોભનો સામે પોતાની સરળતાને ટકાવી રાખવા માટે વિશિષ્ટ મનોબળ, આત્મબળ જોઇએ.

શ્રમણ સમુદાયમાં પણ એમ મનાય છે કે ભગવાન ઋષભદેવના કાળના શ્રમણો જડ અને સરળ હતા. અજિતનાથથી પાર્શ્વનાથ ભગવાનના કાળના શ્રમણો પ્રાજ્ઞ અને સરળ હતા અને ભગવાન મહાવીર સ્વામીના કાળથી શ્રમણોમાં જડતા અને વક્રતા આવી ગઈ હતી.

ઋષભદેવના કાળના શ્રમણોની સરળતાનું ઉદાહરણ આપવામાં આવે છે. એક વખત શૌચ માટે ગયેલા શ્રમણોને પાછા ફરતાં વાર લાગી તો ગુરુ મહારાજે પૂછ્યું, 'કેમ આટલી બધી વાર લાગી ?' શિષ્યોએ કહ્યું, 'ગુરુદેવ ! માર્ગમાં એક નટ નૃત્ય કરી રહ્યો હતો તે જોવા અમે ઊભા રહ્યા એટલે વાર લાગી.' ગુરુ મહારાજે કહ્યું, 'આપણાથી નટનું નૃત્ય જોવાય. માટે ન ઊભા રહેવાય.'

કેટલાક દિવસ પછી ફરી એકવાર શિષ્યો મોડા આવ્યા ત્યારે ગુરુદેવે કારણ પૂછ્યું. શિષ્યોએ કહ્યું, 'આપે નટનું નૃત્ય જોવાની ના પાડી હતી, પણ આજે માર્ગમાં એક નટડીનું નૃત્ય ચાલતું હતું એટલે તે જોવા અમે ઊભા રહ્યા હતા.'

ગુરુ મહારાજે સમજાવતાં કહ્યું, 'ભાઈ, નટનું નૃત્ય જોવાની ના પાડી ત્યારે એમાં નટડીના નૃત્યની વાત આવી જ ગઈ હતી.'

શિષ્યોએ તરત પોતાની ભૂલ કબૂલ કરી લીધી. તેઓ પ્રાજ્ઞ નહોતા, પણ સરળ હતા.

એવું જ બીજું એક દૃષ્ટાન્ત આપવામાં આવે છે. એક શિષ્ય ભિક્ષામાં ફક્ત એક જ વડું લાવ્યો અને ગુરુ મહારાજને બતાવ્યું. ગુરુ મહારાજે પૂછ્યું : 'શું આજે ભિક્ષામાં ફક્ત એક જ વડું તને કોઈએ આપ્યું ?'

શિષ્યે કહ્યું, 'ના મહારાજ ! વડાં તો વધુ આપ્યાં હતાં, પણ મને થયું કે એમાંથી અડધાં તો આપ મને આપશો જ. એટલે મેં મારા ભાગનાં ગરમાગરમ વડાં ખાઈ લીધાં. પછી થયું રે આપના ભાગનાં વડાં પણ આપ એકલા તો નહિ ખાઓ. એમ સમજીને એમાંથી અડધાં વડાં વળી પાછાં મેં ખાઈ લીધાં. રસ્તામાં એમ કરતાં કરતાં છેવટે આપના ભાગનું એક વડું રહ્યું તે લાવ્યો છું.'

ગુરુએ કહ્યું, 'મને મૂકીને આટલાં બધાં વડાં તારે ગળે ઊતર્યાં કેવી રીતે ?'

સરળ શિષ્યે કહ્યું, 'બતાવું, ગુરુ મહારાજ ? આ રીતે ઊતર્યાં.' એમ કહી શિષ્યે છેલ્લું વડું પણ ખાઈ લીધું.

આ તો સરળતાના ભાવને સમજવા માટે માત્ર કાલ્પનિક દૃષ્ટાન્તો છે. સમજણ વગરની આ સરળતા છે. બાળકોની, મૂર્ખ માણસોની, ભોળા લોકોની, સામાન્ય સમજણવાળા લોકોની તથા જ્ઞાની પુરુષોની સરળતામાં પણ વિવિધ પ્રકારો હોય છે. આત્મજ્ઞાનમાંથી પરિણમતી અને આત્મજ્ઞાન તરફ લઈ જતી સરળતાનું જ મૂલ્ય મોક્ષમાર્ગમાં સવિશેષ છે.

આત્માર્થી, મુમુક્ષુ જીવમાં સરળતા હોવી આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. સરળતાથી અન્ય ગુણો પ્રગટ થાય છે અને દોષોનું નિવારણ થાય છે. सोइ उज्जुयभूयस्स અર્થાત્ સરળતાથી શુદ્ધિ થાય છે. અસરળ જીવ આત્મહિત જલદી સાધી શકતો નથી. સરળ પરિણામી જીવ તત્ત્વના તાત્પર્યને તરત પામી શકે છે. વ્યાવહારિક બાહ્ય સરળતા કરતાં આંતરમનની દોષરહિત પારમાર્થિક સરળતા જીવને અંતર્મુખ થવામાં અને આત્મહિત સાધવામાં ઉપકારક બને છે. માટે પારમાર્થિક સરળતા ઉપાદેય છે. આર્જવ જ્યારે એની ઉત્તમ કોટિએ પહોંચે છે ત્યારે તે સમ્યગ્દર્શન સહિત જ હોય છે.

સરળતાથી ઉદારતા, મધ્યસ્થતા, વિશાળતા ઈત્યાદિ ગુણો પ્રાપ્ત થાય છે. સરળ જીવ પોતાના દોષોનું અવલોકન કરે છે અને તેનો સ્વીકાર કરી લે છે. તે દોષોને દૂર કરવા માટે તથા પોતાની ભૂલોનું પુનરાવર્તન ન થાય તે માટે સતત જાગ્રત રહે છે. તે બીજાનો પ્રીતિપાત્ર બને છે. અસરળ જીવ પોતાના દોષોનો સ્વીકાર કરવાને બદલે બચાવ કરે છે. બૌદ્ધિક સ્તરે પોતાના દોષો સમજાતા હોવા છતાં તેના અંતરમાં તેને માટે પ્રીતિ રહે છે. એટલે જ તે બીજાની પ્રીતિ ગુમાવે છે.

તત્ત્વની દૃષ્ટિએ જોઇએ તો આર્જવ અર્થાત્ સરળતા એ આત્માનો સ્વભાવ છે, ગુણધર્મ છે. આત્માનો એ ગુણ હોવાથી નિગોદના જીવોથી માંડીને સિદ્ધગતિના જીવોમાં એ રહેલો છે. નિગોદમાં એ આવરાયેલો છે અને કેવલી ભગવંતો તથા સિદ્ધગતિના જીવોમાં પૂર્ણપણે પ્રકાશિત છે.

પોતાના રહેલા આર્જવના ગુણને પૂર્ણપણે પ્રકાશિત કરવાનું લક્ષ્ય આત્માર્થી જીવોનું હોવું જોઇએ.

□ ડૉ. રમણલાલ ચી. શાહ

# 'મંથન'-હાજીપુર અપંગ કન્યા સેવા-સંકુલને
# આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી

*(આ પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા દરમિયાન દાતાઓને અપીલ કરીને 'મંથન' હાજીપુર અપંગ કન્યા સેવા-સંકુલને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે તે માટે આશરે રૂપિયા ઓગણીસ લાખ એકત્ર થયા.......મંત્રીઓ)*

| | |
|---|---|
| ૧૦૦૦૦૦ | મે. પી. ડી. કોઠારી એન્ડ કું., હસ્તે શ્રી પીયૂષભાઈ અને ચંદ્રાબહેન કોઠારી |
| ૧૦૦૦૦૦ | શ્રી રમાબહેન નરેન્દ્રભાઈ કાપડિયા |
| ૧૦૦૦૦૦ | શ્રી દિવાળીબેન મોહનલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦૦૦૦૦ | શ્રી કાંતિલાલ નારણદાસ તળાજા-વાળા-કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦૦૦૦૦ | સ્વ. લલિતાબહેન નવલચંદ મોદી |
| ૧૦૦૦૦૦ | શ્રી મધુરીબેન મનસુખલાલ વસા |
| ૫૭૦૦૦ | ડૉ. રજ્જૂ એન. શાહ, વર્ષા રજ્જૂ શાહ, હેતલ અને અંકિતા રજ્જૂ શાહ તથા રમાબહેન કાંતિલાલ દેસાઈ |
| ૫૧૦૦૦ | મે. કોનવેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦૦ | ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા તથા પુષ્પાબહેન બિપિનચંદ્ર કાપડિયા |
| ૨૫૦૦૦ | મે. અમીચંદ આર. શાહ |
| ૨૧૦૦૦ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| ૧૫૦૦૦ | શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન હસ્તે શ્રી પ્રતાપભાઈ |
| ૧૫૦૦૦ | શ્રી દિવાળીબેન અને કાલીદાસ સાકળચંદ દોશી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૫૦૦૦ | શ્રી સૌમિલ શૈલેષ મહેતા હસ્તે કલાવતીબહેન |
| ૧૫૦૦૦ | શ્રી વસંતલાલ કે. શાહ |
| ૧૫૦૦૦ | મે. સાનીન ડાયમંડ કોરપોરેશન |
| ૧૫૦૦૦ | ડૉ. નીતા પરીખ |
| ૧૫૦૦૦ | સ્વ. શ્રીમતી સરલા શાંતિલાલ દોશી હસ્તે : પ્રકાશ એસ. દોશી |
| ૧૨૦૦૦ | શ્રી શાંતિલાલ મંગળજીભાઈ મહેતા |
| ૧૧૧૧૧ | સ્વ. રાકેશ ખુશાલચંદ ગડાના સ્મરણાર્થે હસ્તે : ખુશાલચંદ સોજપાર ગડા |
| ૧૧૦૦૦ | ચિ. રિશીના બીજા જન્મ પ્રસંગે મલ્લિકા તથા સંજીવ સાવલા તરફથી હસ્તે : મૂલચંદભાઈ |
| ૧૧૦૦૦ | શ્રી વકીલ ઉમેદચંદ બેચરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | શ્રી ચિરાગ ચંદ્રકાંત શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : ચંદ્રકાંત શાહ |
| ૧૧૦૦૦ | શ્રી મંજુલાબહેન ચીનુભાઈ હિંમતલાલ શાહ ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | શ્રી અરોની ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | શ્રી ચંદ્રિકાબહેન મહેન્દ્રભાઈ વોરા |
| ૧૧૦૦૦ | શ્રી સુશીલા દલપતલાલ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | શ્રી વલ્લભજી ખીમજી સાવલા |
| ૧૧૦૦૦ | શ્રી અપૂર્વ એલ. સંઘવી |
| ૧૧૦૦૦ | એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦૦૦૦ | શ્રી અનંત ગીરધરલાલ શાહ |
| ૧૦૦૦૦ | શ્રી પદમ ફુલ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : નગીનભાઈ પદમશી શેઠ |
| ૧૦૦૦૦ | શ્રી પુષ્પાબહેન ભણશાળી |
| ૯૦૦૦ | ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રા. તારાબહેન ર. શાહ |
| ૯૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ૯૦૦૦ | શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ |
| ૯૦૦૦ | શ્રી નિરુબહેન અને શ્રી સુબોધભાઈ શાહ |
| ૯૦૦૦ | શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી |
| ૯૦૦૦ | શ્રી રમાબહેન જયસુખલાલ વોરા |
| ૯૦૦૦ | શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| ૯૦૦૦ | શ્રી યશોમતીબહેન શાહ |
| ૯૦૦૦ | શ્રી શર્મીબહેન પ્રવીણચંદ્ર ભણશાલી |
| ૯૦૦૦ | શ્રી રમણલાલ નગીનદાસ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૯૦૦૦ | શ્રી વનિતા જયંત શાહ |
| ૯૦૦૦ | શ્રી ઝેણીબાઈ ટ્રસ્ટ-પાલનપુર |
| ૯૦૦૦ | શ્રી હસમુખ જી. શાહ |
| ૯૦૦૦ | શ્રી રમેશ એ. મહેતા HUF |
| ૯૦૦૦ | શ્રી પંકજભાઈ વિસરીયા |
| ૬૦૦૦ | શ્રી મનસુખલાલ સી. શાહ |
| ૬૦૦૦ | શ્રી કાંતિલાલ મણિલાલ સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬૦૦૦ | શ્રી હર્ષા વી. શાહ |
| ૬૦૦૦ | શ્રી અનિલાબહેન શશિકાન્ત તથા શશિકાન્ત મણીલાલ મહેતા |
| ૬૦૦૦ | સ્વ. શ્રીમતી રમાબહેન જયંતીલાલ શાહ હસ્તે કેતન જયંતભાઈ શાહ |
| ૬૦૦૦ | શ્રી માતુશ્રી ધારીબહેન ભગવાનજી કોઠારી ડેટ્રોઇટ હસ્તે : નીતિન કોઠારી |
| ૬૦૦૦ | શ્રી હીરાબહેન મહેતા (દેવલાલી) |
| ૬૦૦૦ | શ્રી દિલીપભાઈ મહેતા (દેવલાલી) |
| ૬૦૦૦ | શ્રી નીરાબહેન મહેતા (દેવલાલી) |
| ૬૦૦૦ | શ્રી રસિલાબહેન જયસુખભાઈ પારેખ |
| ૬૦૦૦ | શ્રી મહેતા બહેનો |
| ૬૦૦૦ | શ્રી રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬૦૦૦ | શ્રી સંતોકબા જેઠાલાલ દેશાઈ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬૦૦૦ | મે. નોવા પ્લાસ્ટ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી. |
| ૬૦૦૦ | મે. કુસુમ ઇલેક્ટ્રીકલ એન્ડ એન્જીનિયરીંગ કું. |
| ૬૦૦૦ | મે. ફાઇન લાઇન સરકીટસ લી. |
| ૬૦૦૦ | મે. યુનિવર્સલ ઈન્ડસ્ટ્રીઅલ કોરપોરેશન |
| ૫૫૦૧ | શ્રી શૈલેશ શાહ |
| ૫૦૦૦ | શ્રી અપર્ણા ભૂપેન્દ્રભાઈ શાહ (કોલસાવાળા) |
| ૫૦૦૦ | એક બહેન તરફથી |
| ૫૦૦૦ | શ્રી જ્ઞાનેશ્વર મહાદેવ C/o. ડી.એલ.ગ્રુપ |
| ૫૦૦૦ | શ્રી નીની વાય. કોઠારી |
| ૫૦૦૦ | શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે: હર્ષદભાઈ ડી. શાહ |
| ૫૦૦૦ | શ્રી પ્રકાશ ડી. શાહ |
| ૫૦૦૦ | શ્રી દીપિકાબહેન પંકજભાઈ દોશી |
| ૫૦૦૦ | ડૉ. રમીલાબહેન અનંતભાઈ સંઘવી |
| ૫૦૦૦ | શ્રી મીનાક્ષી મોતીશા |
| ૫૦૦૦ | મે. જે. એમ. પી. સીક્યોરિટીઝ પ્રા. લી. |
| ૫૦૦૦ | મે. પ્રભાત ટી. એન્ડ ટેક્સટાઇલ્સ કંપની લિમીટેડ |
| ૫૦૦૦ | શ્રી ધીરજલાલ એલ. અજમેરા |
| ૫૦૦૦ | શ્રી સાકરલાલ આર. શાહ |
| ૫૦૦૦ | શ્રી નયના એ. શેઠ |
| ૫૦૦૦ | શ્રી અતુલ શેઠ |
| ૫૦૦૦ | શ્રી વિક્ટર ફર્નાન્ડીસ |
| ૫૦૦૦ | શ્રી ઇન્દુમતી અને હરકિશન ઉદાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | ડૉ. જ્યોતિબહેન જયંતભાઈ શાહ |
| ૫૦૦૦ | શ્રી પોપટલાલ ન્યાલચંદ વોરા હસ્તે: મહેશભાઈ |
| ૪૦૦૦ | સ્વ. દેવકુંવરબહેનના સ્મરણાર્થે હસ્તે: જયંતીલાલ જેસંગ રાંભીયા |
| ૩૧૧૧ | શ્રી જે. કે. શાહ |
| ૩૦૦૦ | ડૉ. ધનવંત તિલકરાય શાહ |

૩૦૦૦ શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી નટુભાઈ સી. પટેલ

૩૦૦૦ શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : પુષ્પાબહેન પરીખ

૩૦૦૦ શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી

૩૦૦૦ શ્રી ઉષાબહેન જે. મહેતા

૩૦૦૦ શ્રી પ્રવીણભાઈ કે. શાહ

૩૦૦૦ શ્રી કે. પી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી મીનાબહેન એન. ધરોડ

૩૦૦૦ શ્રી મધુસૂદન એચ. શાહ

૩૦૦૦ શ્રી નિરંજન હરગોવિંદદાસ ભણશાલી

૩૦૦૦ ડૉ. એલીસ નોશીર

૩૦૦૦ શ્રી પુણ્ય યાત્રિક ઝવેરી

૩૦૦૦ શ્રી સુશીલા ચીમનલાલ જવેરી

૩૦૦૦ શ્રી આશિષ દિલીપ કાકાબળીયા

૩૦૦૦ શ્રી રાજેન્દ્ર અમૃતલાલ

૩૦૦૦ શ્રી ચંદ્રકાંત મોહનલાલ મહેતા

૩૦૦૦ શ્રી અદિતિ પરીખના જન્મ દિવસ નિમિત્તે

૩૦૦૦ શ્રી રમેશ જે. શાહ

૩૦૦૦ શ્રી દેવાંગભાઈ મુકુંદભાઈ નગરશેઠ

૩૦૦૦ સ્વ. મફતલાલ ભીખાચંદ શાહના સ્મરણાર્થે શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન તરફથી

૩૦૦૦ શ્રી ભાઇચંદ એમ. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ ડૉ. કાંતિલાલ કે. સાવલા

૩૦૦૦ મે. નંદુ ટ્રેડર્સ

૩૦૦૦ શ્રી સી. ટી. ઘડીઆલી

૩૦૦૦ શ્રી પ્રવીણા સી. ઘડીઆલી

૩૦૦૦ શ્રી એચ. સી. તુનારા

૩૦૦૦ શ્રી કિરણભાઈ એચ. શાહ

૩૦૦૦ શ્રી કુમુદ એ. પટવા

૩૦૦૦ શ્રી ફીરોઝખાન

૩૦૦૦ શ્રી વિક્રમ શાહ

૩૦૦૦ શ્રી ચંદ્રકાંત ડાહ્યાભાઈ શાહ

૩૦૦૦ શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ

૩૦૦૦ શ્રી કિષ્ણાલાલ ટી. મોદી અને પરિવાર

૩૦૦૦ શ્રી બાબુભાઈ ચંપકલાલ તોલાટ

૩૦૦૦ શ્રી નિર્મળાબહેન બાબુભાઈ તોલાટ

૩૦૦૦ મે. એચ. ડી. ઇન્ડસ્ટ્રીઝ

૩૦૦૦ મે. જતીન એન્ટરપ્રાઇઝ

૩૦૦૦ શ્રી લક્ષ્મીચંદ નાનજી વિસરીયા

૩૦૦૦ શ્રી શોભના લક્ષ્મીચંદ વિસરીયા

૩૦૦૦ શ્રી દિવ્યેશ રાજેન્દ્ર શાહ

૩૦૦૧ શ્રી હરિલાલ તારાચંદ શાહ કોલીયાકવાલા

૩૦૦૦ શેઠ શ્રી મયાભાઈ ટી. શાહ ધર્માદા ટ્રસ્ટ

૩૦૦૦ મે. રીલાયેબલ ઝેરોક્ષ કંપની

૩૦૦૦ મે. લાલદાસ સીરેમીક્સ

૩૦૦૦ શ્રી સમક્તિ એડવરટાઇઝીંગ હસ્તે : શશીકાંતભાઈ

૩૦૦૦ મે. મહાવીર ઇલેક્ટ્રોનીક્સ હસ્તે : પ્રદીપભાઈ તલસાણિયા

૩૦૦૦ શ્રી કાન્તિ કરમશી વીકમશી

૩૦૦૦ શ્રી કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી નગીનદાસ ન્યાલચંદ દોશી

૩૦૦૦ શ્રી ભગવતીબહેન સોનાવાલા

૩૦૦૦ શ્રી કલ્પના સુરેન્દ્ર શાહ

૩૦૦૦ શ્રી પદમાબહેન ભગવાનદાસ શાહ

૩૦૦૦ શ્રી જે. કે. ફાઉન્ડેશન

૩૦૦૦ શ્રી ચંદ્રકાંત યુ. ખંડેરિયા

૩૦૦૦ શ્રી મીનાબહેન કિરણભાઈ ગાંધી

૩૦૦૦ શ્રી મંજુલા નેમચંદ છેડા

૩૦૦૦ શ્રી સોનલ દોશી તથા માલવિકા શેઠ

૩૦૦૦ શ્રી રેખાબહેન એચ. કાપડિયા

૩૦૦૦ શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ

૩૦૦૦ શ્રી પ્રમિલા પ્રમોદચંદ્ર શાહ

૩૦૦૦ શ્રીકાન્ત પ્રમોદચંદ્ર શાહ

૩૦૦૦ શ્રી બિન્દુ શ્રીકાન્ત શાહ

૩૦૦૦ શ્રી ઇન્દુબહેન વારીઆ

૩૦૦૦ શ્રી નીલમબહેન સી. શાહ

૩૦૦૦ શ્રી ભારતીબહેન ઉપેન્દ્ર શાહ

૩૦૦૦ શ્રી ઇલા આણંદલાલ સંઘવી

૩૦૦૦ શ્રી સિદ્ધાર્થ અલ્પેશ દેઢીયા

૩૦૦૦ ડૉ. હેમંત એચ. કુવાડિયા

૩૦૦૦ શ્રી હીમીર વિજય દોશી

૩૦૦૦ શ્રી કુમુદચંદ સી. છેડા

૩૦૦૦ શ્રી માનબાઇના સ્મરણાર્થે હસ્તે : ડુંગરશી વેલજી

૩૦૦૦ શ્રી ભાનુબહેન નવીન શાહ

૩૦૦૦ શ્રી ભાનુબહેન નવીન શાહ માતુશ્રી રતનબહેન જે. માલદેના સ્મરણાર્થે

૩૦૦૦ શ્રી સી. એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી જયંતીલાલ મણીલાલ (HUF) આણંદ

૩૦૦૦ શ્રી જશવંતલાલ સુંદરલાલ ફાઉન્ડેશન

૩૦૦૦ શ્રી અર્ચના કિરીટ શાહ

૩૦૦૦ શ્રી ઉષા દિલીપ શાહ

૩૦૦૦ ડૉ. ગીતા શાહની વર્ષગાંઠ નિમિત્તે પરિવાર તરફથી

૩૦૦૦ શ્રી અનીષ દિલીપ શાહ

૩૦૦૦ શ્રી જે. સી. સંઘવી એન્ડ વી. જે. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી વેન્ગાર્ડ સ્ટુડિયો

૩૦૦૦ મે. શારદા કોરપોરેશન

૩૦૦૦ મે. સી. એ. સંઘવી એન્ડ અધર્સ

૩૦૦૦ મે. અમીત ઈન્ટરનેશનલ લિમિટેડ

૩૦૦૦ શ્રી નીતિનભાઈ કુવાડિયા

૩૦૦૦ મે. ગુલાબદાસ એન્ડ કું.

૩૦૦૦ ડૉ. સ્નેહલ અને સ્મિતા સંઘવી

૩૦૦૦ મે. ત્રિશલા ઇલેક્ટ્રોનીક્સ

૩૦૦૦ સ્વ. રસિકલાલ છોટાલાલ શાહ હસ્તે સરસ્વતી બહેન

૩૦૦૦ સ્વ. બાલુભાઈ છોટાલાલ શાહ હસ્તે: હંસાબહેન

૩૦૦૦ શ્રી ભોગીલાલ સુખલાલ શાહ હસ્તે : કલાબહેન

૩૦૦૦ ડૉ. ધીરૂભાઈ વી. શાહ

૩૦૦૦ શ્રી સરોજરાની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી જયાબહેન સુરેશભાઈ કોઠારી

૩૦૦૦ શ્રી શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન

૩૦૦૦ શ્રી સુલોચનાબહેન પ્રબોધચંદ્ર કોઠારી

૩૦૦૦ શ્રી ગુણવંતીબહેન મહાસુખલાલ દેવડાવાળા

૩૦૦૦ શ્રી નર્મદાબહેન એમ. શેઠ

૩૦૦૦ શ્રી ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી

૩૦૦૦ શ્રી જવલબહેન રામચંદ્ર શાહ

૩૦૦૦ શ્રી પ્રભાવતીબહેન રમણલાલ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી લીના વી. શાહ

૩૦૦૦ શ્રી નીતા કેતન જવેરી

૩૦૦૦ શ્રી રાજેશ એફ. મહેતા

૩૦૦૦ શ્રી લલિતકુમાર ચીમનલાલ કોઠારી

૩૦૦૦ શ્રી રસિકલાલ જે. કાપડિયા

૩૦૦૦ ડૉ. સી. કે. પરીખ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી કુમુદબહેન આર. ભણશાલી

૩૦૦૦ શ્રી દર્શીની શાહ

૩૦૦૦ ડૉ. સમીર જે. શાહ

૩૦૦૦ શ્રી જસવંતીબહેન પ્રવીણચંદ્ર વોરા ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ મે. પ્રેમચંદ ડાહ્યાભાઈ એન્ડ કંપની

૩૦૦૦ શ્રી સોનલ પ્રફુલ પારેખ

૩૦૦૦ શ્રી ફાલ્ગુની સંઘવી

૩૦૦૦ શ્રી માતુશ્રી હાંસઈબહેન હાથીભાઈ ગાલા-ભચાઉ

૩૦૦૦ શ્રી વસા ચેરિટેબલ ટ્રસ્ટ

૩૦૦૦ શ્રી પ્રવીણ જમનાદાસ શાહ

૩૦૦૦ શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ

ટ્રસ્ટ હસ્તે : રમેશ દફતરી
૩૦૦૦ શ્રી રમેશ પી.દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : અમરીશ આર. દફતરી
૩૦૦૦ શ્રી એન. એફ. શાહ
૩૦૦૦ શ્રી વનલીલા નટવરલાલ મહેતા
૩૦૦૦ શ્રી ખુશાલભાઈ સંઘવી
૩૦૦૦ શ્રી શકુંતલા એ. દલાલ
૩૦૦૦ શ્રી ઊર્મિ આર. શેઠ
૩૦૦૦ શ્રી સી. જે. તલસાણીયા
૩૦૦૦ શ્રી નંદિતા અતુલ શેઠ
૩૦૦૦ શ્રી પી. પી. દફતરી
૩૦૦૦ શ્રી મંજુલાબહેન મણીલાલ વોરા
૩૦૦૦ શ્રી મણીલાલ લક્ષ્મીચંદ વોરા
૩૦૦૦ મે. નોવેક્ષ પોલી ફિલ્મ્સ પ્રા. લી.
૩૦૦૦ શ્રી વીજપાર સામત નીસર
૩૦૦૦ શ્રી મણીબહેન વીજપાર નીસર
૩૦૦૦ શ્રી પ્રવિણચંદ્ર પી. ગાંધી
૩૦૦૦ શ્રી મીનાબહેન એમ. શાહ
૩૦૦૦ શ્રી વિનોદ જે. મહેતા
૩૦૦૦ શ્રી વર્ષાબહેન દલાલ
૩૦૦૦ શ્રી પ્રમિલાબહેન આર. દલાલ
૩૦૦૦ ડૉ. મોના નિર્મલ તેજવાની. ન્યૂજર્સી હસ્તે : નૌતમ બી. ભોગાણી
૩૦૦૦ શ્રી મંજુલાબહેન ર. શાહ
૩૦૦૦ શ્રી રમણલાલ સી. શાહ
૩૦૦૦ શ્રી રાજેન્દ્ર અમરતલાલ HUF
૩૦૦૦ શ્રી ચુનીલાલ એચ. ગડા
૩૦૦૦ શ્રી સુરેખાબહેન મહેન્દ્રભાઈ શાહ (કોલસાવાળા)
૩૦૦૦ શ્રી અમરતલાલ પોપટલાલ મણીયાર
૩૦૦૦ શ્રી કનુભાઈ રસીકલાલ શાહ (કોલસાવાળા)
૩૦૦૦ શ્રી રમેશભાઈ પી. શાહ
૩૦૦૦ શ્રી ગુણવંતભાઈ શાહ
૩૦૦૦ શ્રી રેખાબહેન ધનેશભાઈ શાહ (કોલસાવાળા)
૩૦૦૦ શ્રી ચુનીલાલ એચ. ગડા
૩૦૦૦ શ્રીમતી ફુલકુંવરબેન જેચંદ વસા ફેમીલી ચેરિટેબલ ટ્રસ્ટ
૩૦૦૦ મે. શાંતિલાલ એન્ડ બ્રધર્સ (મેન્યુ. ડીપા) હસ્તે : ભાઈલાલ તારાચંદ શેઠ
૩૦૦૦ શ્રી મણીલાલ તલકચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૩૦૦૦ શ્રી લલિતાબહેન કાન્તિલાલ શાહ
૩૦૦૦ શ્રી કમલેશ ભૂપતરાય શાહ
૩૦૦૦ શ્રી પ્રકાશ એસ. દોશી
૨૫૦૦ શ્રી વિજયાબહેન અને દુર્લભજીભાઈ પરીખ હસ્તે : રમેશ પરીખ
૨૫૦૧ શ્રી સ્વાતિ શેઠ
૨૫૦૦ શ્રી વસંતબહેન રસિકલાલ શાહ
૨૫૦૦ શ્રી તનસુખભાઈ કામદાર
૨૫૦૦ શ્રી રમા દેસાઈ અને રાકેશ દેસાઈ
૨૫૦૦ શ્રી સુમનભાઈ છબીલદાસ શાહ હસ્તે : ઇન્દુબહેન
૨૫૦૦ શ્રી જયંતીલાલ એસ. શાહ HUF
૨૦૦૦ શ્રી એક બહેન તરફથી
૨૦૦૦ શ્રી સંજના આર. શેઠ
૨૦૦૦ શ્રી હસીત એ. દાની
૧૫૦૦ શ્રી પુષ્પાબહેન ભણશાલી
૧૫૦૧ શ્રી પ્રસનભાઈ ટોલીયા
૧૫૦૦ શ્રી ભારતીબેન દિલીપ શાહ
૧૧૧૧ શ્રી ભવર વાલચંદ મહેતા
૧૧૦૦ શ્રી નંદુભાઈ વોરા
૧૦૦૦ શ્રી તન્ના શાહ
૧૦૦૦ શ્રી એક ભાઈ તરફથી
૧૦૦૦ શ્રી રમણીકલાલ સલોત
૧૦૦૦ શ્રી સંયુક્તાબહેન પ્રવીણભાઈ મહેતા
૧૦૦૦ શ્રી બેબી આંચલ
૧૦૦૧ શ્રી નરસિંગપુરા ચંદ્રકાંત બસંતલાલ
૧૦૦૦ શ્રી વિનોદચંદ્ર હરિલાલ મહેતા
૧૦૦૧ શ્રી પંકજ મફતલાલ દોશી
૧૦૦૦ શ્રી લલિતભાઈ ધ્રુવ
૧૦૦૦ શ્રી એક ભાઈ તરફથી
૧૦૦૧ શ્રી આર. એ. સંઘવી
૧૦૦૦ શ્રી એક બહેન તરફથી
૧૦૦૦ શ્રી નીનાદ યતીન શાહ
૧૦૦૧ શ્રી હેનલ અને નેહલ જગદીપ ભૂપેન્દ્ર જવેરી
૧૦૦૨ શ્રી વર્ષા બિપિન શ્રોફ
૧૦૦૦ શ્રી આશાબહેન પ્રકાશભાઈ મહેતા
૧૦૦૦ શ્રી તરંગિની દફતરી
૧૦૦૦ મે. એકમે ટ્રેડ કું. પ્રા. લી.
૧૦૦૦ મે. મરીન કારગો સર્વિસીસ
૧૦૦૦ શ્રી મુકુંદરાય ચુનીલાલ વોરા
૮૨૦૯ ૧૦૦૦થી ઓછી રકમનો સરવાળો

## પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની પ્રવૃત્તિઓ માટે નોંધાયેલી રકમની યાદી

૧૦૦૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા કોરપસ ફંડમાં.
૨૫૦૦૦ મે. પી. ડી. કોઠારી એન્ડ કું. હસ્તે : શ્રી પીયૂષભાઈ અને ચંદ્રાબહેન કોઠારી
૨૦૦૦૦ શ્રી રમાબહેન એન. કાપડિયા
૧૧૦૦૦ મે. એસ. એમ. શાહ એન્ડ કંું.
૮૦૦૦ શ્રી પ્રવીણ કે. શાહ
૫૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી પુષ્પાબહેન ભણશાલી
૩૧૦૦ શ્રી દિલીપ સોમચંદ શાહ HUF
૩૦૦૦ શ્રી શાંતિલાલ મંગળજીભાઈ મહેતા
૨૫૦૦ શ્રી પ્રભાવતી રમણલાલ ટ્રસ્ટ
૨૦૦૦ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રા. તારાબહેન ર. શાહ
૨૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૨૦૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૨૦૦૦ શ્રી નીરુબહેન અને સુબોધભાઈ શાહ
૨૦૦૦ ડૉ. ધનવંત તિલકરાય શાહ
૨૦૦૦ શ્રી વર્ષાબહેન રજ્જૂભાઈ શાહ
૨૦૦૦ શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૨૦૦૦ શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ
૨૦૦૦ શ્રી રમાબહેન જયસુખલાલ વોરા
૨૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
૨૦૦૦ શ્રી યશોમતીબહેન એસ. શાહ
૨૦૦૦ શ્રી ઉષાબહેન જે. મહેતા
૨૦૦૦ શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી
૨૦૦૦ મે. લાલદાસ સીરેમીક્સ
૨૦૦૦ શ્રી પ્રકાશ ડી. શાહ
૨૦૦૦ શ્રી માનબાઇના સ્મરણાર્થે હસ્તે : ડુંગરશી વેલજી
૨૦૦૦ શ્રી પંકજભાઈ વિસરીયા
૨૦૦૦ શ્રી સી. જે. તલસાણીયા
૨૦૦૦ મે. કુસુમ ઇલેકટ્રીકલ્સ એન્ડ એંજીનિયરીંગ હસ્તે : ગુલાબચંદ કરમચંદ શાહ
૨૦૦૦ શ્રી અમરતલાલ પોપટલાલ મણીયાર
૨૦૦૦ શ્રી વિનોદ જે. મહેતા
૧૫૦૦ શ્રી કાંતિલાલ મણીલાલ સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
૧૫૦૦ શ્રી ગુણવંતી ચીનુભાઈ ચોકસી
૧૦૦૦ શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : પુષ્પાબહેન પરીખ
૧૦૦૦ મે. ત્રિશલા ઇલેકટ્રોનીક્સ
૧૦૦૦ શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ
૧૦૦૦ શ્રી મધુસુદન હીરાલાલ શાહ
૧૦૦૦ શ્રી નગીનદાસ ન્યાલચંદ દોશી
૧૦૦૦ શ્રી મીનાબહેન કિરણભાઈ ગાંધી
૧૦૦૦ એક બહેન તરફથી
૧૦૦૦ એક બહેન તરફથી
૩૧૧૨ ૧૦૦૦થી ઓછી રકમનો સરવાળો

# યોગદૃષ્ટિમાં મિથ્યાત્વમોહનીય

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

ભારતીય ત્રણે દર્શન જૈન, બૌદ્ધ અને હિન્દુ દર્શનમાં યોગવિષયક ચર્ચા થઈ છે. યોગ શબ્દ યુજ્ જોડવું, એક કરવું, પામવું, મેળવવું એ અર્થનો દ્યોતક છે. જૈનદર્શન પ્રમાણે મોક્ષ સાથે જે જોડી આપે તે યોગ. મહર્ષિ પંતજલિ યોગની વ્યાખ્યા કરતાં કહે છે કે યોગઃ ચિત્તવૃત્તિનિરોધઃ. તેમની આ વ્યાખ્યા એકાંગી છે, કારણ કે ચિત્ત સિવાય વચન અને કાયાના પણ વ્યાપારો હોય છે. તેથી મનસા, વચસા, કાયેન એમ ત્રિવિધ રીતે વિચારણા કરાઈ છે. યોગને તેથી જૈનદર્શનમાં મન, વચન અને કાયાની સર્વ પ્રવૃત્તિઓ સાથે સાંકળવામાં આવે છે. જૈનોના યોગગ્રંથો પૈકી મુખ્ય ગ્રંથો હરિભદ્રસૂરિનો યોગદૃષ્ટિ સમુચ્ચય, ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજીની દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા, શ્રી હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર, શ્રી શુભચંદ્રગણિનો જ્ઞાનાર્ણવ મુખ્ય ગ્રંથો ગણાવી શકાય.

યોગનો વિષય અગમ્ય નથી તેમ સમકિત જેવો આત્મગુણ પ્રાપ્ત કરવો તે બાળકનો ખેલ નથી. આનંદઘનજીના પદોમાં યોગજ્ઞાન ભરેલું છે. સદ્ગુણ પ્રાપ્ત કરી ચેતનની ઉત્ક્રાન્તિ માટે અનેક ગુણો અગત્યના છે. અનાદિકર્મસંતાનસંવેષ્ટિત આત્મા નિગોદમાંથી ઉપર ચઢતાં અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં થઈ એકેન્દ્રિય, દ્વિઈન્દ્રિય, ત્રિઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞિ પંચેન્દ્રિય, સંજ્ઞિપંચેન્દ્રિય થઈ ૧૪મા અયોગી ગુણસ્થાને જઈ કેવળજ્ઞાન સંપાદન કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થતો વિચરે છે. આ ૧૪ સીડીના પગથિયાં ધડધડાટ ચઢી શકાતાં નથી. તે માટે અનંતપુદ્ગલ-પરાવર્તો વ્યતીત થતા હોય છે. આ ૧૪ ગુણસ્થાનકોની સમકક્ષ યોગદૃષ્ટિની ૮ દૃષ્ટિઓને કંઈક અંશે સરખાવી શકાય. આ આઠ દૃષ્ટિના નામો આ પ્રમાણે છે : મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા. વિકાસક્રમમાં આત્માના ત્રણ સ્થળો તે બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા છે. બહિરાત્મામાં વર્તતા જીવો શરીરને આત્મા સમજે છે, આત્મામાં આત્મબુદ્ધિરૂપી વિકાસ પામનારને અંતરાત્મા કહી શકીએ. અંતરાત્મામાં વર્તતા જીવો વિકાસક્રમના સોપાનો ચઢતાં સાધ્ય સ્થાન પરમાત્મદશા પામે છે, જેમાં નિર્લેપ, નિષ્કલ, શુદ્ધ, નિષ્પન્ન, નિવૃત્ત, નિર્વિકલ્પ દશા જીવની હોય છે. યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં યોગનું વર્ણન કરતાં ગાથા ૧૧મીમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કહે છે કે : અયોગને યોગોમાં ઉત્કૃષ્ટ યોગ કહેવાય છે અને તે મોક્ષની સાથે જોડી આપે છે. સર્વસંન્યાસ તેનું સ્વરૂપ છે, યોગદૃષ્ટિસમુચ્ચય ગાથા ૧૭મીમાં સત્શ્રદ્ધાસંગી બોધને દૃષ્ટિ કહી છે. વિચારપૂર્વક શ્રદ્ધા રાખી નિર્ણય કરવો અને સત્ય સ્વરૂપનું જ્ઞાન કરવું તે દૃષ્ટિ કહેવાય. જેમ જેમ દૃષ્ટિ ઉચ્ચ થતી જાય તેમ તેમ ઉન્નતિક્રમમાં સમ્યક્ પ્રકારના બોધની પ્રાપ્તિ થાય છે. કર્મો કાંઈક ઉદયમાં આવી ખરી ગયાં હોય, કાંઈક દબાઈ ગયાં હોય, કાંઈક ક્ષય પામ્યાં હોય તેમ તેમ સાધ્ય દર્શન સ્પષ્ટ થતું જાય છે, જીવ આગળ વધતો જાય છે. આ માટે જ્ઞાની, સમર્થ, ચારિત્રવાન, સુસાધુ પાસેથી જે બોધ થાય તેને દૃષ્ટિ કહી શકીએ. ઉન્નતિક્રમ માટે આ અત્યંત આવશ્યક છે.

આઠ દૃષ્ટિમાં પહેલી મિત્રા અને તે પછીની ત્રણ દૃષ્ટિઓ તારા, બલા અને દીપ્રા મિથ્યાદૃષ્ટિ જીવને પણ સંભવે છે. આ જીવો ઉન્નતિક્રમમાં બહુ પછાત હોય છે. તેમાં કેટલાંક અનંતસંસારી અને કેટલાંક દુર્ભવી અને અભવી પણ હોય છે. આવાં જીવોમાં મહાવિશુદ્ધ ચાર દૃષ્ટિવંત જીવો કેમ હોય તે પ્રશ્ન થાય છે. ચારે આ દૃષ્ટિમાં રહેલાં જીવોનો ઉન્નતિક્રમ ઘણો વધી ગયેલો હોય છે. તે સમજવા ઓઘદૃષ્ટિનું સ્વરૂપ સમજીએ. ઓઘદૃષ્ટિ એટલે જનસમૂહની સામાન્ય દૃષ્ટિ, ગતાનુગતિક, વડીલોના ધર્મને અનુસરવું, બહુજનસંમત પૂજ્ય ધર્મના અનુયાયી થવું, પોતાની અક્કલનો ઉપયોગ ન કરવો તેનું નામ ઓઘદૃષ્ટિ. બાળજીવો કે અવિવેકી જીવની દૃષ્ટિથી થતું સાધ્યદર્શન તે ઓઘદૃષ્ટિનું દર્શન. તેવા જીવોને સાધ્યનું દર્શન થતું નથી, કરતાં નથી, તે માટે વિચારતા પણ નથી અને તેવું કરવાની સન્મુખ પણ જતા નથી, કોઈ વિચારે તો તેનું દર્શન કર્મવિચિત્રતાને લીધે આવરણવાળું હોવાથી અતિસ્વલ્પ કે અસ્પષ્ટ દર્શન હોય છે. આવી ઓઘદૃષ્ટિથી જુદી પાડવા આઠ દૃષ્ટિઓને યોગદૃષ્ટિ કહેવાય છે. અનાદિકાળથી ભમતો જીવ તે દૃષ્ટિ ત્યજી દે ત્યારે ઉન્નતિક્રમમાં આગળ વધે છે. અનંત સંસારચક્રમાં ભ્રમણ કરતાં જ્યારે જીવ સાધ્યસમીપ આવે છે; ભવસ્થિતિ પરિપક્વ થાય છે ત્યારે તે પ્રથમ દૃષ્ટિ પ્રાપ્ત કરે છે. જૈન પરિભાષામાં કહીએ તો છેલ્લાં પુદ્ગલપરાવર્તમાં આ સ્થિતિ પ્રાપ્ત થાય છે. ઓઘદૃષ્ટિની અપેક્ષાએ આ જીવ ઉન્નતિક્રમમાં ઘણો આગળ વધેલો હોય છે. સત્શ્રદ્ધાસંગી બોધરૂપી દૃષ્ટિ માટે સત્સંગનો યોગ આ ચારે દૃષ્ટિમાં હોઈ શકે છે. મિથ્યાદૃષ્ટિમાં એટલે મિથ્યાત્વ નષ્ટ ન થયું હોવા છતાં પણ તેવા જીવોને યોગદૃષ્ટિવાળા કહેવાય છે. તેથી આ ચારે દૃષ્ટિવાળા જીવોનો સમાવેશ યોગદૃષ્ટિમાં કર્યો છે. આઠ દૃષ્ટિમાંથી છેલ્લી ચાર દૃષ્ટિવાળા જીવોને મોક્ષપ્રાપ્તિ માટેનું પ્રયાણ અટકતું નથી, આગળને આગળ વધે જ જાય છે, ત્યારે પ્રથમની ચારમાં પતન શક્ય છે. જેવી રીતે ઉપશમ શ્રેણિમાં જીવ દશમાથી જ્યારે ૧૧મે જાય છે ત્યારે પડે છે અને તે ત્રીજે, ચોથે, બીજે, પહેલે મિથ્યાત્વ સુધી પહોંચી જાય છે. જ્યારે ક્ષાયિક શ્રેણિમાં ૧૦મે થી ૧૧મે ન જતાં સીધો ૧૨મે થઈ સડસડાટ ૧૩, ૧૪ સુધી પહોંચી સાધ્ય સિદ્ધ કરી સિદ્ધિપદને પામે છે.

આપણે દેરાસર જઈએ, ચૈત્યવંદન, પૂજા, ગુરુ-દેવવંદન, વ્રત, તપ, જપ, સ્વાધ્યાય, સામાયિક, પ્રતિક્રમણ, આયંબિલ, ઉપવાસાદિ અનુષ્ઠાનો કરીએ છીએ અને એમ માનીએ કે અમે ૪થે, ૫મે, ૬ઠ્ઠે ગુણસ્થાનકે કે કાન્તા દૃષ્ટિએ પહોંચી ગયા છીએ. પરંતુ આવાં જીવોનાં અનુષ્ઠાનાદિ જો ફક્ત દ્રવ્યક્રિયા હોય અને ભાવક્રિયાની બાદબાકી હોય તો ભાવભિનંદી કે પુદ્ગલાભિનંદી હોઈ સાંસારિક કે સ્વર્ગીય મનોકામના ધરાવતાં હોવાથી મિથ્યાત્વમાં રાચતા હોઈ ભટકવાનું, ઘૂમવાનું સંસારમાં ચાલુ જ રહેશે; કારણ દૂધમાં મેળવણ નાંખી તે હલાવ્યા જ કર્યું તેથી દહીં ન થયું તેમ અહીં ભાવક્રિયાની બાદબાકી હોવાથી પતન અને ભવફેરા ચાલુ જ રહે છે. તેથી આપણે પણ આપણી સ્થિતિનો ક્યાસ કાઢી નિદ્રા ત્યજી જાગૃત થવું રહ્યું. તેથી તો ભગવાન મહાવીરે ચાર જ્ઞાનના ધણી અને અનેકાનેક લબ્ધિના સ્વામીને વારંવાર ટોક્યા છે કે 'ગોયમ મા પમાયએ.'

થોડાં વર્ષો પૂર્વે હું સાધુસમુદાયનાં દર્શન વંદનાદિ માટે ગયો હતો ત્યારે પિતાશ્રીના કામકાજ અંગે જેમને વારંવાર મળવાનું થતું તે કલાપ્રભસાગર સૂરીશ્વરને મળ્યો અને એક પ્રશ્ન પૂછવાની વાત કરી. તેઓ તે વખતે મને ગુરુવર્ય ગુણસાગરજી પાસે લઇ ગયા. મેં તેમને કહ્યું

કે નિશાળે જતો બાળક એકડામાંથી બગડો અહીં આગળ પ્રગતિ સાધે છે તેમ આપણે મનુષ્યજન્મ પામી એકડામાંથી બગડો કરી શું આત્મકલ્યાણ ન કરી શકીએ? તેઓએ કહ્યું કે તમો અને હું હજી એકડો પણ ઘૂંટી શક્યા નથી ! કેવી નિર્દોષતા તથા નિખાલસતા ! ત્યારબાદ તેઓ થોડા સમયને અંતરે કાળ કરી ગયા. તેઓનો ભાવાર્થ આમ હતો કે બગડો કે પાંચડાની વાત જવા દો હજી આપણે એકડો પણ ઘૂંટી શક્યા નથી. એટલે કે તેમનો આશય હવે સમજાય છે કે આપણે હજી ઓઘદષ્ટિમાંથી બહાર નીકળી શક્યા નથી કેમકે આપણે ક્રિયાકલાપોમાં ભાવનું મેળવણ નાંખી શક્યા જ નથી ને ! ફુલણજીની જેમ ફુલાયા કરીએ છીએ !

પ્રથમ મિથ્યાદષ્ટિમાં યોગનું પ્રથમ અંગ યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, મૈથુનવિરમણ અને અપરિગ્રહતા. સુપ્રસિદ્ધ પાંચ યમ અત્રે પ્રાપ્ત થાય છે. જીવ આ દૃષ્ટિમાં અદ્વેષથી આગળ જાય છે. મુક્તિ તરફનો દ્વેષ મંદ થઈ તત્ત્વજિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. મોક્ષ તરફનું પ્રયાણ અહીં શરૂ થાય છે. બીજું અહીં યોગાવંચક, ક્રિયાવંચક અને ફળાવંચક ત્રણે અવંચકભાવ આ દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. જેથી શુભ સંજોગો મળી રહે છે. આવો જીવ પણ ઉત્તમ સંજોગો હોવા છતાં પણ પ્રથમ ગુણસ્થાનકે જ છે. ઘણાખરા જીવોને અહીં ઊભા રહેવાનું જ શક્ય નથી તો પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ કે ચતુર્થ કે પંચમ ગુણસ્થાનકની વાત જ ક્યાં રહી? તેથી ભૂલભરેલી ભ્રમણામાં રહી દાંભિક અવસ્થા ધારણ કરવા કરતાં મૂળ સ્થિતિને સમજી ચેતનાત્માને ઉન્નત કરવા વિચાર કરવો હિતાવહ છે. તે માટે સતત સમ્યક્ત્વ પામવાનું રટણ ચાલુ કરી દેવું. પૂજા, વ્રત, તપ, સ્વાધ્યાય, તીર્થયાત્રા, સામાયિકાદિ અનુષ્ઠાનો શા માટે, તો સમ્યક્ત્વ મેળવવા માટે જ તો. કીટભ્રમરન્યાયે સમ્યક્ત્વની પ્રાપ્તિનું ધ્યેય હાંસલ થશે જ. ઉન્નતિમાં વધારો, ભવસ્થિતિ બહુ અલ્પ, સંસારનો છેડો નજીક આવે ત્યારે આ યોગદષ્ટિમાં અવાય છે.

બીજી તારાદષ્ટિમાં યોગનું બીજું અંગ નિયમ પ્રાપ્ત થાય છે. તે આ છે : શૌચસંતોષતપ: સ્વાધ્યાયેશ્વર-પ્રાણિધાનાનિ નિયમા:. અહીં જિજ્ઞાસા ગુણની પ્રાપ્તિ થાય છે. એટલે કે તત્ત્વજ્ઞાન મેળવવાની લાલસા, અભિલાષા થાય છે. શુભ કાર્યો કરવામાં જે અનુદ્વેગ, અખેદ હતો તે હવે વધુ સ્પષ્ટ બને છે. પ્રત્યેક આગલી દૃષ્ટિમાં આત્મોગુણો વધુ વધુ વિકસિત થતાં જતાં મિથ્યાત્વ ધીમે ધીમે જે ગાઢ હતું તે હવે મંદ, મંદતર, મંદતમ થતું જાય છે. અભવી અને દુર્ભવ્યો મોંઢામાં આંગળા નાંખી દઇએ એટલો ધર્મ, તપ વગેરે કરે, સાડા નવ પૂર્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે પણ ગાઢ મિથ્યાત્વ, મોક્ષ પ્રત્યે દ્વેષ, તથા એહિક-પારલૌકિક હેતુ માટેની તેઓની સાધનાદિ વ્યર્થ જતી રહે છે. બીજી દૃષ્ટિમાં વર્તતા જીવોને સંસાર પ્રત્યે સવિશેષ ખેદ થાય છે. તેઓનો ઉન્નતિક્રમ એટલો વધી જાય છે કે પોતાનામાં ન હોય તેવા ગુણો હોવાનો દેખાવ કદી પણ કરતા નથી.

ત્રીજી બલાદષ્ટિમાં સાધ્યદર્શન કંઈક વિશેષ સુદૃઢ થાય છે. અહીં જીવ ગ્રંથીભેદની સમીપ આવી જાય છે. જે વિચારો ભ્રમણકાળ દરમ્યાન ન આવ્યા હોય, જેવું આત્મિક બળ પ્રગટેલું ન અનુભવ્યું હોય તેવા ભાવો સ્પષ્ટ રીતે માલમ પડે છે. તૃષ્ણા જે અનેકાનેક દુ:ખ તથા પ્રપંચોનું કારણ તથા ઉદ્‌ગમ છે તે અહીં વિલીન થતી રહે છે. અદ્વેષ અને જિજ્ઞાસા ઉપરાંત હવે તેને શુશ્રૂષા (શ્રવણ કરવાની મહેચ્છા) તત્ત્વશ્રવણેચ્છા અતિ સુંદર ઉત્પન્ન થતી રહે છે. શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ પરિપૂર્ણ સામગ્રીવાળા યુવાન સાથે તેની સરખામણી કરી છે. અહીં બોધ છાણાના અગ્નિ કરતાં વિશેષ માત્રામાં કાષ્ઠાગ્નિ જેવો હોય છે. મિથ્યાજ્ઞાન હોવા છતાં પણ તે જીવ સમ્યગ્ બોધની સમીપ થતો રહે છે. અહીં ક્ષેપદોષ બીજામાં લલચાઈ જવું તે નષ્ટ થાય છે. સ્થિરતા પ્રાપ્ત થતાં શુભ કાર્ય કરવામાં જે ત્વરા-ઉતાવળ હતી તે વિલીન થતાં શાંતિ સૌમ્યતા દૃગ્ગોચર થાય છે. અહીં તત્ત્વશ્રવણેચ્છા કૂવામાંથી નીકળતી પાણીની શેરની જેવી હોય છે. તત્ત્વશ્રવણનો લાભ જો ન મેળવી શકે તો શુશ્રૂષા ગુણથી જ તેનાં અનેક કર્મોનો ક્ષય થાય છે. આરંભેલાં શુભકાર્યો સારી રીતે પૂર્ણતા પામે છે અને તેમાં વિઘ્નો નડતાં નથી. અંતરાય થતો જ નથી અને જો કદાચ થાય તો તેનું નિવારણ કરવાનું કૌશલ્ય મળી રહે છે, વિઘ્નો લાભમાં પરિવર્તિત થઈ જાય છે, ઇચ્છાપ્રતિબંધ થતો નથી. સાવદ્યત્યાગથી તથા ઇચ્છાપ્રતિબંધના અભાવથી ઉન્નતિક્રમ સારી પ્રગતિમાં ચાલે છે.

ચોથી દીપ્રાદષ્ટિમાં યોગના ચતુર્થ અંગ પ્રાણાયામનો લાભ થાય છે. બોધ અત્ર વિશિષ્ટ પ્રકારનો થાય છે, પ્રશાંતવાહિતાનો લાભ થતા સ્મૃતિ સારી રહે છે. ઉન્નતિ એટલી બધી થાય છે કે પ્રથમ ગુણસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય છે. જીવ વિશિષ્ટ ઉન્નતિની સમીપ પહોંચેલો હોવાથી ઉત્થાનદોષના ક્ષયની નજીક પહોંચી જાય છે. અહીં શ્રવણ ગુણ પ્રાપ્ત થતાં શુશ્રૂષા શ્રવણમાં રૂપાંતરિત થઈ જાય છે. બોધ વધુ સ્પષ્ટ વ્યક્ત થતાં ધર્મવૃક્ષના બીજના અંકુરો ફળરૂપે સહજ ઊગવા માંડે છે. ધર્મ પર એટલી બધી રુચિ થાય છે કે વ્યાવહારિક કાર્યો માટે અણગમો થાય છે, અરુચિ થાય છે. ધર્મ માટે પ્રાણ છોડવાની તૈયારી હોય છે. મિથ્યાત્વ હજી ક્ષીણ થયું ન હોવાથી સમ્યગ્જ્ઞાન ગ્રંથીભેદપૂર્વકનું હોતું નથી; સૂક્ષ્મ બોધ નથી હોતો. ગુરુભક્તિના યોગથી સામર્થ્યથી તીર્થંકરદર્શન ઇષ્ટ લાગે છે, તેની સમાપત્તિ થતાં સાધ્યપ્રાપ્તિનું કારણ બને છે. અહીં અવેદ્ય સંવેદ્ય પદ હોવાથી સૂક્ષ્મ બોધ નથી હોતો, જે વેદ્ય સંવેદ પદની પ્રાપ્તિ પછી થતો હોય છે; જે આત્મવીર્યની સ્ફુરણા થકી સંપન્ન થાય છે.

ધર્મના વિષયમાં દેવ, ગુરુ, ધર્મ, કર્મ, મોક્ષ, ફળ વગેરે માટે અનેકાનેક તર્ક, કુતર્કાદિ થતાં રહે છે. ચોથી દૃષ્ટિમાં એવેદ્યસંવેદ્ય પદ પર વિજય કરવો. પ્રથમની ચાર દૃષ્ટિમાં સવેદ્ય સંવેદ્યપદનું લક્ષણ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથમાં બહુ વિસ્તારપૂર્વક ચર્ચ્યું છે. કુતર્કગ્રહથી ચેતન તત્ત્વયુક્ત જીવને બોધરોગ, શમમાં અપાય, શ્રદ્ધાભંગ, મિથ્યાભિમાનાદિ ભાવશત્રુઓ અસ્તિત્વ ધરાવે છે. તેનો ત્યાગ કરવો ઉચિત છે કેમકે ભાવશત્રુઓ ઉન્નતિને રોકનાર છે. વેદ્યસંવેદ્યપદમાં સર્વજ્ઞની શમપ્રધાન ચિત્તભક્તિ કરાતાં અતીન્દ્રિય વિષયનું સૂક્ષ્મ જ્ઞાન થાય છે.

અત્યાર સુધી ચર્ચેલી ચાર દૃષ્ટિમાં ઓછાવત્તા અંશે અભિનિવેશ રહે છે, કાં તો પોતાની માન્યતા સત્ય માની ચાલે છે, કાં તો શિષ્ટ પુરુષની યોગ્ય પરીક્ષા કર્યા વગર ગમે તેને અનુસરાય છે, કાં તો સૂક્ષ્મ બોધ વગર એકલા તર્કથી અનવસ્થા ઉત્પન્ન કરાય છે. આવા અવેદ્યસંવેદ્યપદમાં રહેલા જીવની ભવસ્થિતિ પરિપક્વ થાય ત્યારે સૂક્ષ્મ બોધથી વેદ્યસંવેદ્યપદ પામે છે.

અનાદિ મિથ્યાત્વની ગાંઠને છેદવાંરૂપ અપૂર્વકરણ અને ત્યાર પછી અનિવૃત્તિકરણ દ્વારા સમ્યક્ત્વની પ્રાપ્તિથી સંસારની મર્યાદા બંધાઈ જાય છે, જે પ્રથમ ચાર દૃષ્ટિમાં રહેલા જીવને પ્રાપ્ત થવાની ભજના છે. આયુષ્ય સિવાયના સાતે કર્મોની સ્થિતિ એક કોડાકોડ સાગરોપમથી કંઇક ન્યૂન થતાં યથાપ્રવૃત્તિકરણ સુધી પહોંચાય. જે સ્થિતિ અભવી તથા દુર્ભવી અનેકવાર પ્રાપ્ત કરે છે પરંતુ મિથ્યાત્વને લીધે આગળ વધી

શકતા જ નથી. જ્યારે જીવ ચરમ પુદ્‌ગલપરાવર્તમાં આવે છે ત્યારે તેને પ્રથમની ચાર દૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને ગ્રંથીભેદ કરી અનિવૃત્તિકરણ થતાં અર્ધપુદ્‌ગલપરાવર્તકાળની અંદર જરૂર મોક્ષ પામી શકે છે.

પાંચમી દૃષ્ટિ જેને સ્થિરાદૃષ્ટિ કહેવાય છે તે પ્રાપ્ત થતાં ચોક્કસ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તેનામાં ઊંચામાં ઊંચા ગુણો ન્યાયસંપન્ન વિભવ, દાક્ષિણ્ય, દયા, વડીલોને સન્માન વગેરે પ્રથમની ચાર દૃષ્ટિમાં આવી જાય છે. માર્ગાનુસારી થતાં જ નીતિના ઊંચામાં ઊંચા તત્ત્વો તેનામાં આવી જ જાય છે. ચતુર્થ દૃષ્ટિને અંતે સામર્થ્યયોગનો એક પ્રકાર જે ધર્મસંન્યાસ કહેવાય તે સિદ્ધ થયેલો હોય છે. સામાન્ય રીતે તત્ત્વથી ધર્મસંન્યાસ છઠ્ઠા ગુણસ્થાનકની શરૂઆતમાં અને આઠમા ગુણસ્થાનકના કાળમાં લબ્ધ થાય છે. આ દૃષ્ટિમાં તત્ત્વબોધ રત્નપ્રભા તુલ્ય હોય છે. જેટલો બોધ થાય તેટલો દીર્ઘકાળ ટકી રહે છે. પ્રથમની ચાર દૃષ્ટિ કરતાં અહીં બોધ બહુ સ્થિર થાય છે. જીવને સાધ્યનો સાક્ષાત્કાર થાય છે. અત્યાર સુધી તત્ત્વજ્ઞાન તથા સર્વજ્ઞની શિષ્ટતાદિમાં શંકા રહેતી હતી તે વિરામ પામે છે. જીવની પ્રવૃત્તિ ઇન્દ્રિયોમાં પશુતુલ્ય હતી, વિષયમાં આસક્તિ હતી, પુદ્‌ગલમાં લોલુપતા હતી તે ઘટી જાય છે. દૈવી પ્રકૃતિનો વિજય થાય છે. વિષયવિકારમાં ઇન્દ્રિયો ન જોડાવાથી, પ્રત્યાહાર નામનું યોગાંગ પ્રાપ્ત થાય છે. જીવ અહીં સૂક્ષ્મ બોધ પામે છે. ચતુર્થ દૃષ્ટિ સુધી અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા અને શ્રવણ થયું હતું તે અંગે સૂક્ષ્મ બોધ થાય છે. વેદ્યસંવેદ્ય પદ પ્રાપ્ત થવાથી આવું સુંદર પરિણામ આવે છે. તેને અતિચાર-દોષ બહુ અલ્પ લાગે છે. અહીં ભવવાસના ક્ષીણ થવાથી અનેક ઋદ્ધિસિદ્ધિ મળી આવે છે. તે જાણે છે કે આ સર્વ પૌદ્‌ગલિક છે, અનાત્મીય છે, સંસારવૃદ્ધિ કરાવનાર છે તેથી બાહ્ય ભાવો મૃગતૃષ્ણા અથવા ગંધર્વનગર જેવા અસ્થિર ઐંદ્રજાલિક છે તેથી આસક્તિ વગર સ્વાત્મગુણો શોધે છે. આવું વિવેકજ્ઞાન ઉપલબ્ધ થવાથી સુજ્ઞ જીવ પ્રત્યાહારમાં ચિત્તને પરોવી બાધા કરનાર બાબતોનો પરિત્યાગ કરે છે. તેની ઉન્નત દશાથી જાણે છે કે ધર્મથી જે ભોગપ્રાપ્તિ થાય છે તે સંસારવૃદ્ધિનું કારણ છે. એ પુણ્ય સુવર્ણ શૃંખલા જેવું છે. તેમાં આસક્ત બને તો તે સંસાર વધારનાર છે, કર્મક્ષેત્રને વિસ્તૃત કરે છે. તેથી ભોગની ઇચ્છા ત્યજી ધાર્મિક કાર્યમાં ફળની આશા રાખતો નથી. નિરાશંસભાવે કાર્ય કરવાથી શુભ કાર્યો મહાનિર્જરાનું કારણ બને છે. અહીં ચપળતાનો નાશ થાય છે, સ્થિરતાગુણ વિકસે છે, શરીર રોગરહિત બને છે, હૃદયની કઠોરતા દૂર થાય છે, શરીરના મળમૂત્રાદિ અલ્પ થઈ જાય છે, શરીરમાં સુગંધી પ્રસરે છે, ભવ્યતા દેખાય છે, તેની ભવ્ય પ્રસન્ન મુદ્રા આકર્ષક બને છે, સ્વર સુંદર થઈ જેથી જનપ્રિય થઈ જાય છે. અહીં ટૂંકાણમાં યોગીસુલભ ગુણો પ્રાપ્ત થયેલા હોય છે. ચોથી દૃષ્ટિ કરતાં અહીં વિકાસમાં મોટો તફાવત સ્પષ્ટ દેખાય છે. ગ્રંથીનો ભેદ થવાથી, શુભ સાધનો મળેલા હોવાથી જીવની પ્રગતિનો માર્ગ સરિયામ સીધો છે. ચેતનને વિકસિત રાખે તો છઠ્ઠી કાન્તા દૃષ્ટિ પ્રાપ્ત કરે છે.

કાન્તાદૃષ્ટિમાં જીવને યોગની સિદ્ધિઓ મળી હોય છે પરંતુ તે તેમાં આસક્ત ન થતાં પ્રગતિ કરે છે. અહીં યોગનું ધારણાઅંગ પ્રાપ્ત થાય છે. ચિત્તની સ્થિરતાને ધારણા કહેવાય છે. મન જે રખડતું હતું તે એકાગ્ર બને છે જે સાધ્ય માટે જરૂરી છે. કાયા કરતાં મનથી વધારે કર્મો એકત્રિત થાય છે. મનોનિગ્રહ જરૂરી છે. મીમાંસા ગુણ પ્રાપ્ત થવાથી તત્ત્વશ્રવણ દ્વારા શુભવિચારશ્રેણિ આવશ્યક હોય છે. અહીં બોધ તારાની પ્રભા જેવો એક સરખો પ્રકાશ આપે છે. જોકે તે સૂર્ય-ચંદ્ર જેટલો તેજસ્વી નથી. તારાના પ્રકાશ માટે શ્રી હરિભદ્રસૂરિ જણાવે છે કે આ દૃષ્ટિમાં જીવનું પ્રકૃતિથી જ નિરતિચાર ચારિત્ર હોય છે, અનુષ્ઠાન શુદ્ધ હોય છે, પ્રમાદરહિત વર્તન હોય છે. જીવનો શુભ સાથે વિનિયોગ થાય છે, આશય ઉદાર અને ગંભીર થાય છે. અત્રે જીવ સર્વવિરતિ પ્રાપ્ત કરતાં સપ્તમ ગુણસ્થાનક સુધી પહોંચેલો હોય છે. અહીં યમ-નિયમ સર્વાંશે હોય છે જ્યારે પ્રથમ-દ્વિતીય દૃષ્ટિમાં તે ઓઘ હતા. પંચમ દૃષ્ટિમાં તે જ્ઞાનપૂર્વક અને અતિવિશુદ્ધ હતો. તેથી સ્થૂલ પૌદ્‌ગલિક બાબતોનો તે વિચાર સરખો કરતો નથી; આધ્યાત્મિક બાબતોને જ સ્થાન આપે છે. બાહ્યાચાર અને ક્રિયા શુદ્ધ થતાં સર્વને પ્રિય બને છે. ધર્મમાં જ એકાગ્ર થવાથી તેના તરફ સૌ આકર્ષાય છે, કારણ કે તે ધર્મની અથવા ધર્મ સંબંધી વાતમાં મશગુલ રહે છે. ભોગનો ત્યાગ સર્વથા ન થયેલો હોય ત્યારે તે ચતુર્થ કે પંચમ ગુણસ્થાનકે શ્રદ્ધાવસ્થામાં પણ હોઈ શકે છે. સમ્યગ્દર્શન પામેલા તીર્થંકરો પણ પૂર્વના ત્રીજા ભવે સમકિતી હોવા છતાં પણ લગ્ન તથા પુત્ર-પુત્રાદિ સંતતિ ધરાવે છે; રાજ્યાદિ ભોગો ભોગાવલિકર્મવશાત્ ભોગવે પરંતુ તે નિરાસક્તભાવે ભોગવતા હોય છે. તેથી અહીં પણ સાધ્યની નિર્મળતા હોવાથી ભોગસેવનમાં ગૃદ્ધિભાવ કે લોલુપતા નથી રહેતી; જેથી સંસારવૃદ્ધિને અવકાશ નથી. પુણ્યકર્મના ઉદયે તેનાં ફળ ભોગવે પણ તે આસક્તિ વગર, તેના ઝેર વગર અને તેથી પ્રગતિ ચાલુ જ રહે છે. મિથ્યાત્વમોહનીય કર્મ જે અત્યંત મંદતમ થયું છે તે વગર આમ શક્ય નથી. અહીં ભોગ ભોગવવાની શુદ્ધ દૃષ્ટિને લીધે પ્રાકૃત મનુષ્યો નવાં કર્મ બાંધે ત્યારે આ જીવ કર્મની નિર્જરા કરે છે! શ્રુતધર્મ પર રાગને લીધે ભોગ, માયા, મમતા પર વિજયની શરૂઆત હોવાથી આસંગ દશામાં રહી શકે છે. અહીં ક્લિષ્ટ કર્માપત્તિ થતી નથી, અગાઉની નષ્ટ થઈ જાય છે. કર્મની આવક ઓછી અને નાશ વધારે હોવાથી સંસારસમુદ્રમાં તરીને ઉપર આવી જાય છે.

સાતમી પ્રભાદૃષ્ટિમાં બોધ સૂર્યની પ્રભા જેવો હોય છે. અહીં જે બોધ થાય છે તે સ્થિર હોવાથી ધ્યાનનું નિમિત્ત બને છે. પાંચ યમની સુંદર પ્રતિષ્ઠા થયેલી હોવાથી વૈરવૃત્તિનો અભાવ, સૌહાર્દભાવ રાખે છે. સંકલ્પ વિકલ્પનો ત્યાગ તથા પ્રશમસુખનો સ્વામી બને છે. ધ્યાન નામનું સાતમું યોગનું અંગ તે પ્રાપ્ત કરે છે. મીમાંસાધર્મ અત્રે પ્રતિપત્તિ એટલે આદરરૂપ ધારણ કરે છે. યોગમાં વૃદ્ધિ ઉપરાંત સર્વવ્યાધિનો ત્યાગ, બાહ્ય અને આભ્યંતર વ્યાધિ કે ઉપાધિને અવકાશ જ રહેતો નથી. ચિત્તની અપૂર્વ સ્થિરતા એટલે શમસુખ જેનું વર્ણન કરવું અશક્ય છે, જે અનુભવગમ્ય હોવાથી સ્વાનુભવનો વિષય રહે છે, અપરિમિત આનંદ આપે છે અને તે ધર્મધ્યાન કે શુકલ ધ્યાનના પ્રકારનું ગણી શકાય. તેને અસંગ અનુષ્ઠાન સુલભ બને છે. જે સાતમી દૃષ્ટિમાં સુલભ બને છે. અસંગ અનુષ્ઠાન સાંખ્યની પ્રશાંતવાહિતા, બૌદ્ધનો વિસભાગપરિક્ષય, શૈવનો શિવવર્ત્મ અને યોગીઓના ધ્રુવાધ્વા (ધ્રુવમાર્ગ)ને મળતું આવે છે. આત્મોન્નતિમાં તે બહુ વિકાસ દર્શાવે છે. સાધ્ય અત્યંત નજદીક દેખાતું હોવાથી પહોંચી જવાની તમન્ના એટલી હોય છે કે તે સુખની કલ્પના આગળ દેવલોકનાં કે અનુત્તરવિમાનનાં સુખ કિંમત વગરના તુચ્છ જણાય છે. આ દૃષ્ટિ ઊંચી ઉન્નત દશા પ્રાપ્ત કરેલ સંસારવિરક્ત સર્વવિરતિભાવ ધારણ કરેલા અપ્રમત્તને જ શક્ય છે. અહીં જરા સમજી લઇએ કે જીવ અનંતપુદ્‌ગલપરાવર્તન કરતો જ્યારે છેલ્લા પુદ્‌ગલ

પરાવર્તનમાં એટલે કે ચરમાવર્તમાં આવે, ત્યારે જીવની ઓઘદૃષ્ટિ મટીને યોગદૃષ્ટિ પ્રાપ્ત થતાં પાંચ પ્રકારનાં અનુષ્ઠાનોમાં તદ્દહેતુ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે.

આઠમી પરાદૃષ્ટિમાં સમાધિ નામનું યોગનું આઠમું અંગ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે આઠ દૃષ્ટિઓ સાથે યોગના આઠ અંગોનું સહચારિત્વ પ્રસ્થાપિત કરી શકાય છે. જૈન દૃષ્ટિએ સમાધિ વિષે વિચારીએ. શ્રીમદ્ યશોવિજયજી મહારાજા શાસ્ત્રવાર્તાસમુચ્ચયની વૃત્તિમાં કહે છે કે એક દ્રવ્યમાં એકાગ્રતા કરવી તેનું નામ સમાધિ છે. ધ્યાનમાં વિક્ષેપ કરનાર કારણોનો અભિભવ થાય છે. અહીં તેનો સર્વથા અભિભવ થાય છે. તે ત્યાં સુધી કે પછી પૂર્વ માર્ગમાં પાછી ગતિ થતી નથી. જે વિક્ષેપોનો ક્ષયોપશમ થયો હોય છે, શાંત થયા હોય છે, કંઇક અંદર ગુપ્ત રહ્યા હોય તેનો સર્વથા અભિભવ થાય છે. આ દૃષ્ટિમાં ચંદ્રની ચંદ્રિકા જેવો સૂક્ષ્મ બોધ થાય છે; સતત ચાલુ રહે છે, સૂર્યની પ્રભા પેઠે આંખને આંજી નાંખે તેવો નથી હોતો. પ્રવૃત્તિ ગુણ પ્રાપ્ત થતાં આત્મગુણમાં સંપૂર્ણપણે પરિવર્તન થાય છે. તેથી જીવ જે કંઈ ક્રિયા કરે છે તેમાં દૂષણ લાગતું નથી. ક્રિયામાં એટલો રસ આવે છે કે જે વર્ણાતીત હોઈ, બાહ્ય ક્રિયા ઉપયોગ શૂન્ય બની અંતરંગ પ્રવૃત્તિ ચાલતી હોવાથી બાહ્યાચારની વિચારણા નિરર્થક બની જાય છે. જેવી રીતે ઉપશમશ્રેણિ ક્ષપકશ્રેણિ વગેરે પર આરોહણ કરાય છે તેમ જીવ અત્રે એક પ્રકારની ગુણશ્રેણિ પર આરૂઢ થઈ અનેકાનેક આત્મીય ગુણો સંપાદન કરે છે. જીવ જે જે ક્રિયા કરે છે તેમાં માનસિક દૂષણ લાગતાં નથી. ઉપશમશ્રેણિ, ક્ષપકશ્રેણિ વગેરે પર જેમ આરોહણ કરાય છે તેમ અત્રે પણ એક પ્રકારની આત્મિક ગુણોની ઉત્તરોત્તર વિકસિત શ્રેણિ પર આરોહણ કરાતું જાય છે. આ દૃષ્ટિમાં જીવના વચનોનો વિલાસ, શરીરની ગંધ, તેની બધી જ વર્તણૂંક ચંદનની સુવાસની જેમ સર્વત્ર સુગંધ વિસ્તારનાર થાય છે. ક્ષમાદિક તેના ગુણો વર્ણાતીત હોય છે, તેનામાં નિરીહભાવ હોવાથી સર્વ સ્પૃહા તથા આકાંક્ષાઓને તિલાંજલિ આપેલી હોય છે. ઉપર વર્ણવેલા ખેદાદિ આઠ દૂષણો પૈકી સંસાર પરની આસક્તિનો છેલ્લો દોષ તેનો પણ અંત આવે છે. તેના વર્તનમાં સમિતિ, ગુપ્તિ, સંયમાદિ મૂળ-ઉત્તર ગુણો એવાં પ્રગટ થયાં હોય છે તથા આત્મીય ગુપ્તિમાં એવો અપ્રમત્ત અને તન્મય રહે છે કે તેથી તેની ઉત્ક્રાન્તિ ત્વરિત થઈ જાય છે.

તેની ક્રિયાથી ભવોપગ્રાહી તથા સાંપરાયિક કર્મોનો ક્ષય એવો થતો રહે છે કે તેને ફરી સંસાર-ભ્રમણમાંથી મુક્તિ મળી જાય છે. પ્રાપ્ત થયેલો ધર્મસંન્યાસ પરાકાષ્ઠાએ પહોંચે છે, સર્વ દોષો ક્ષીણ થઈ જાય છે, અનેકાનેક લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. વળી આ સ્થિતિએ પહોંચ્યા પછી કર્મરાજા મોહનીય કર્મ ઉપર ચારે તરફથી મોટો ઘેરો ઘાલવામાં આવે છે જેના પરિણામ સ્વરૂપે મોહનીયકર્મ ચારેબાજુથી ક્ષીણપ્રાય: થઈ નષ્ટ થઈ જાય છે. ઘનઘાતી કર્મોના નાશ પૂર્વે અનેક કર્મોનો ચૂરો કરી સયોગી ગુણસ્થાનક પ્રાપ્ત કરવા તૈયાર થતાં, જ્ઞાનાવરણાદિ કર્મો નષ્ટ થતાં, મનોયોગ પણ ક્ષીણ થતાં, અયોગી બની તે જીવ આત્માનંદમાં મસ્ત રહી સ્વાભાવિક આનંદની પરાકાષ્ઠા અનુભવે છે. આ ઉત્કૃષ્ટ દશામાં આયુષ્ય પહોંચે ત્યાં સુધી રહી પૃથ્વીતળને પાવન કરતો મનોયોગાદિ તથા સર્વ કર્મોના ઉપર વિજય મેળવી શૈલેશી અવસ્થા મેળવી બાકીનાં ચાર અઘાતી કર્મો-વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય પણ ક્ષીણપ્રાય: થતાં અયોગી અવસ્થા પ્રાપ્ત કરી નિવૃત્તિસ્થાનક સાધ્યસ્થાન મેળવી સદા માટે આત્માનંદમાં નિરંજન, નિરાકાર, નિર્લેપ, નિ:શલ્ય બની પાંચમી પરમોચ્ચ ગતિમાં સદાને માટે વિચરે છે.

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે ઓઘદૃષ્ટિ ત્યજી યોગદૃષ્ટિમાં જીવ આવે તે પહેલાં તેણે અનંતપુદ્ગલપરાવર્તો કરી નાંખી જ્યારે તે અંતિમ પુદ્ગલપરાવર્તમાં આવી પહોંચે ત્યારે ક્રોડાક્રોડથી ન્યૂન એમ સાતે કર્મો ક્ષીણ થતાં અપુનર્બંધક બની શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ, ગ્રંથીભેદ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સમકિતી થઈ અર્ધપુદ્ગલપરાવર્તમાં મોક્ષપુરીનો મહેમાન સદાને માટે બની જાય છે.

આઠ દૃષ્ટિમાં બહિરાત્મભાવ, અંતરાત્મા અને પરમાત્મા સમાવિષ્ટ થાય છે. શરીર હું છું તે બહિરાત્મા, આત્મા હું છું તે અંતરાત્મા, પરમ ચૈતન્ય હું છું તે અથવા કર્મો ક્ષીણ થયેલાં છે તે પરમાત્મા.

વિષય-કષાયોનો આવેશ, તત્ત્વની અશ્રદ્ધા, ગુણદ્વેષ (પોતાનામાં તો ગુણ ન હોય, પરંતુ ગુણીનો પણ દ્વેષ), આત્મતત્ત્વનું અજ્ઞાન આ બધા બહિરાત્માના લક્ષણો છે. તત્ત્વશ્રદ્ધા, આત્મજ્ઞાન, મહાવ્રતોનું ધારણ, નિરતિચાર તેનું પાલન, અપ્રમાદ, આત્મજાગૃતિ, મોહનો જય (પરમાત્માને તેનો ક્ષય હોય) આ બધા અંતરાત્માના લક્ષણો છે. દૃષ્ટિના વિચારમાં મોહ કેન્દ્રસ્થાને છે. મોહનો ઉદય બહિરાત્મા ૧-૩ ગુણસ્થાનક, મોહનો જય અંતરાત્મા ૪ થી ૧૨ ગુણસ્થાનક, મોહનો ક્ષય, પરમાત્મા ૧૩-૧૪ ગુણસ્થાનક+મુક્તિ.

મિત્રાદિ ચાર દૃષ્ટિમાં ક્રમશ: બહિરાત્મભાવ ઓછો થતો જાય છે. સંપૂર્ણ બહિરાત્મભાવનો નાશ તો પાંચમી દૃષ્ટિમાં (૪થું ગુણસ્થાનક) જ થાય. ૪થે મિથ્યાત્વ જાય; ૫મે અવિરતિ જાય, છઠ્ઠે સંપૂર્ણપણે અવિરતિ જાય, ૭મે પ્રમાદ જાય, ૧૨મે કષાય+મોહ જાય (અંતરાત્મદશા), ૧૩મે અજ્ઞાન જાય, ૧૪મે યોગ જાય (પરમાત્મ દશા). સાધનાનો પ્રારંભ ઓઘદૃષ્ટિ વિલીન થતાં ૪થા ગુણસ્થાનકથી થાય એટલે કે પાંચમી દૃષ્ટિથી થાય. કાન્તાદૃષ્ટિ થતાં ચર્મચક્ષુ ઉઘડી ધ્યેય તરફની ગતિ ત્વરિત થતી રહે. ઓઘદૃષ્ટિ એટલે દોષોનું પ્રાચુર્ય, દોષોનો અનુબંધ એટલે સંસાર. સંસારમાં અંધ અને આસક્ત થયેલા આપણી એ દોષ જોવાની દૃષ્ટિ નષ્ટ થઈ છે. ગુણોનો અનુબંધ એટલે મોક્ષ. જેમ જેમ એક પછી એક દૃષ્ટિ વિકસિત થતી જાય તેમ તેમ ગુણોના પ્રાચુર્ય દ્વારા મોક્ષ નજદીક ચાલ્યો આવે.

ઓઘ અને પ્રથમ દૃષ્ટિમાં મોહવૃક્ષના મૂળીયાં વિષય-કષાય પર ટકેલાં છે માટે તેના પરનો વૈરાગ્ય પ્રથમ જોઇએ. તીવ્ર મોહ અને અજ્ઞાનના કારણે જ નિગોદના જીવો ત્યાં પડેલા છે. ત્યાં હિંસાદિમાંનું દેખાતું કોઈ પાપ નથી. મોહનું મૂળ મિથ્યાત્વ છે, તેનો જય સમ્યક્ત્વથી થાય છે. વિષયકષાય એ સંસારનું મૂળ છે. તેથી કહ્યું છે કે : કષાયમુક્તિ: કિલ મુક્તિરેવ. ઓઘદૃષ્ટિમાંથી યોગદૃષ્ટિમાં જવા માટે ઉત્તરોત્તર આત્મગુણોની વૃદ્ધિ માટે સુપુરુષાર્થ કરી પરાદૃષ્ટિએ પહોંચી મોક્ષલક્ષ્મીને વરી લાવવાની છે. સુજ્ઞ જનોનો પુરુષાર્થ આ દિશામાં થાય તેવી અભિલાષા.

## સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો પ્રસ્તુત આ અંક ઓગસ્ટ, ૨૦૦૧ અને સપ્ટેમ્બર, ૨૦૦૧નો અંક સંયુક્ત અંક (૮ અને ૯) છે તેની નોંધ લેવા વાચકોને વિનંતી.

☐ તંત્રી

આટલું વિચારણીય તત્ત્વ નોંધીએ કે સમ્યક્ત્વ અને જ્ઞાન જીવની સાથે ભવાંતરમાં સાથે આવે છે નહીં. ચારિત્ર મોહનીયની સાત પ્રકૃતિઓ જાય કે તેનો ક્ષયોપશમ થાય ત્યારે જ આત્માનું સાચું સ્વરૂપ દેખાય; તથા તેમાં પણ પરમકૃપાળુની કૃપા હોવી જોઇએ. મિથ્યાત્વ ગુણસ્થાનક સાચા અર્થમાં અપુનર્બંધક (મૈત્રી દૃષ્ટિ)માં ઘટે. ગુણનું સ્થાનક તે ગુણસ્થાનક. ઓઘથી મિથ્યાત્વગુણસ્થાનક એકેન્દ્રિયને પણ છે તેમ આપણને પણ હોય તો શો ફરક પડ્યો ? ગ્રંથિની નજીક લાવનાર ચાર દૃષ્ટિઓ તે મિત્રા, તારા, બલા, દીપ્રા. સમ્યગ્દર્શનની પૂર્વ ભૂમિકારૂપે આ ચાર દૃષ્ટિઓ છે.

જેમ જેમ દૃષ્ટિમાં વિકાસ થતો જાય તેમ તેમ સમ્યગ્દર્શનની નજીક જતા જવાય. જીવનને બદલાવી દે એ જ સાચું જ્ઞાન પ્રવર્તક જ્ઞાન. મિત્રાદૃષ્ટિનું પ્રથમ લક્ષણ આમ છે. 'જિનેષુ કુશલં ચિત્તમ્'. અત્યાર સુધી જે પ્રેમનો પ્રવાહ કંચન અને કામિની પ્રત્યે હતો તે હવે ભગવાન તરફ વહેવા માંડે છે. પ્રથમ લક્ષણ જે ઉપર બતાવ્યું તે મન; 'તન્નમસ્કાર એવં ચ-વચન; પ્રણામાદિ ચ સંશુદ્ધમ્ કાયા, યોગબીજમનુત્તમમ્' આ મિત્રા દૃષ્ટિના લક્ષણો છે. યશોવિજયજી મહારાજાએ ગુજરાતીમાં આઠ દૃષ્ટિ વિષયક સજ્ઝાય રચી છે.

મોહની જેટલી પ્રબળતા વધુ તેટલી બીજી બધી જ અશુભ પ્રકૃતિઓ જોરદાર. ઓછી હોય તે વધુ અશુભ બને, વધુ ઘટ્ટ બને. અરિહંતાદિની આશાતનાથી મોહનીય કર્મ બંધાય. મોહનીયનું પાપ હિંસાથી પણ વધુ છે. આજ્ઞાભંગનું પાપ સૌથી મોટું. મોહનું કામ આજ્ઞાભંગ કરાવવાનું છે. મિથ્યાત્વ વિના આજ્ઞાભંગ થઈ ન શકે. સૃષ્ટિ બદલાતી નથી. દૃષ્ટિ બદલાય છે. દૃષ્ટિ પૂર્ણ બને, સમ્યગ્ બને ત્યારે જગત સમ્યગ્ દેખાય. દૃષ્ટિ એટલે શ્રદ્ધાયુક્ત જ્ઞાન. પહેલી દૃષ્ટિથી સંસારના વિષયો વિષ્ઠા જેવા લાગે. આ પ્રથમ દૃષ્ટિનો ગુણ છે.

પ્રથમ દૃષ્ટિનો જ્ઞાનપ્રકાશ તણખલાના અગ્નિ જેવો છે જે સળગીને તરત જ શાંત થઈ જાય, ઓલવાઈ જાય. અહીં જે આત્મિક આનંદની ઝલક ક્યારેક આવે તે વધુ પડતી નથી, વીજળી વેગે ચાલી જાય પણ ફરી તે મેળવવા અદમ્ય લાલસા મૂકતી જાય છે. મોક્ષ તરફનું પ્રયાણ વાસ્તવિક ઢબે અહીંથી શરૂ થાય છે. બીજી દૃષ્ટિમાં બોધ ગોમયના અગ્નિના કણ જેવો હોય છે. છાણના કણની જેમ ગરમીમાં વધતો જાય છે, થોડો વખત ટકે તેવો બોધ અત્રે હોય છે. ત્રીજી બલાદૃષ્ટિમાં ગ્રંથીભેદની નજીક જીવ આવી ગયો હોય છે. અહીં બોધ કાષ્ઠ અગ્નિના કણ જેવો છે જે છાણાં કરતાં વિશેષ હોય છે. મિથ્યાજ્ઞાન હોવા છતાં પણ જીવ સમ્યગ્ બોધની નજીક આવી જાય છે. ચોથી દીપ્રા દૃષ્ટિમાં બોધ દીપ પ્રભા જેવો હોય છે. પ્રથમ ત્રણમાં તૃણ, ગોમય, કાષ્ઠાગ્નિ કરતાં વિશેષ બોધ થાય છે. ઉન્નતિ એટલી વિશેષ થાય છે કે પ્રથમ ગુણસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય છે. પાંચમી સ્થિરા દૃષ્ટિમાં તત્ત્વબોધ રત્નપ્રભા તુલ્ય દીર્ઘકાળ ટકે તેવો હોય છે. રત્નમાં જેમ એબ હોય છે તેમ એકાંતે શુદ્ધિ હોતી નથી. સાધ્યનો સાક્ષાત્કાર થવાથી તત્ત્વજ્ઞાન કે સર્વજ્ઞાદિમાં શંકાદિ થતી નથી. બોધ સમ્યક્ અને સૂક્ષ્મ હોય છે. છઠ્ઠી કાન્તાદૃષ્ટિમાં યોગની સિદ્ધિ મળી હોવા છતાં જીવ તેમાં આસક્ત થતો નથી. આ દૃષ્ટિમાં બોધ તારાની પ્રભા જેવો એક સરખો હોવાથી બોધનો પ્રકાશ સ્થિર હોય છે. તૃણ, ગોમયની જેમ ઝબક ઝબક થતો નથી. એક સરખો સ્થિર પ્રકાશ ચાલુ રહે છે. સાતમી પ્રભાદૃષ્ટિમાં બોધ સૂર્યની પ્રભા જેવો એક સરખો લાંબા સમય સુધી સ્થિર પણ એકસરખો રહે છે. બોધ મહાલાભનું કારણ થાય છે. આઠમી પરાદૃષ્ટિમાં ચંદ્રની ચંદ્રિકા જેવો સૂક્ષ્મ સતત ચાલુ રહે છે. સૂર્યની કાંતિ જેમ આંખને તે આંજી નાખતો નથી.

❖❖❖

# રસપ્રદ વ્યુત્પત્તિઓ

☐ ડૉ. મહેરવાન ભમગરા

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલો 'વર્ધમાન મહાવીર સેવા કેન્દ્ર'ના પ્રેરણાદાયી સ્થાપક સ્વ. પૂ. શ્રી કન્હૈયાલાલજી મહારાજ વિષેનો તંત્રી-લેખ મનનીય રહ્યો છે. એમના જેટલું લાંબું ભલે ન જીવાય, વિશાળ અને સરળ જીવાય તો જીવ્યું સાર્થક !

ભાષા-વિજ્ઞાનની દૃષ્ટિએ, શબ્દોની વ્યુત્પત્તિમાં એમની મૌલિક-જેને તમે Popular Etymology કહી છે, તે વિષે-રસપ્રદ વાતો જાણવા મળી. એ કવિજીવ હતા એટલે જ 'સુધા'ની સુ = સારી, અને ધા = ધારણા, કે ગુરુની ગુ = ગુણો અને રુ = રુચિ ધરાવનાર, એવી કાલ્પનિક વ્યુત્પત્તિઓ એમને સૂઝી હશે. મારે પણ, સદ્નસીબે, એવી વ્યુત્પત્તિઓ અવારનવાર દિમાગના ફલકમાં ચમકારો કરી જાય છે. દા. ત. ગુરુ તે, જે આપણો 'ગુ' = ગૂઢ, અને 'રુ' = ચહેરો કે મોહરો બતાવે ! ઝેનમાં ક્વાન યાને રહસ્ય-વાક્ય ગુરુ એના શિષ્યને આપે, તેમાં 'તારો અસલી ચહેરો શોધી લાવ', એવું પણ એક જાણીતું ક્વાન (યાને આધ્યાત્મિક ઉખાણું) અપાય છે. બધા ચહેરા, મહોરા, નકાબ પડી જાય, પછી જે રહે તે આપણી અસલિયત !

'મિચ્છામિ દુક્કડમ્ ! જઠરદેવ !' નામના મારા લેખમાં 'ભૂખ' શબ્દ વિષે કલ્પના કરી હતી કે 'ભૂ' યાને પૃથ્વિમાંથી મળે તે જ ખાવું; અને 'ખ' યાને આકાશ અથવા અવકાશનો ખ્યાલ રાખી, ઉણોદરી વ્રત્ત જળવાય તે રીતે મિતાહાર લેવો. શબ્દકોષ આવું ન કહે તેથી શું ? વળી એમાંથી જ સ્વૈરવિહાર અને સ્વચ્છંદમાં રાચતાં, 'સુખ'ની વ્યુત્પત્તિ કરેલી: 'સુ' = સારું, અને 'ખ' = આકાશ. જે અંદર તથા બહારનું પોતાનું અવકાશ સાચવે તે સુખી; અને જે એ અવકાશને દુષિત કરે તે દુ:ખી! તે જ પ્રમાણે (અહીં 'તેજ' પર Pun તો થઈ જ ગયું !) 'પ્રકાશ' શબ્દના મૂળમાં 'પ્રકટ થયેલી આશ' એવો અર્થ કલ્પી શકાય. વળી 'સહાય' તો તેની જ સાચી ગણવાની. જે સાથે આવે ! 'સહ' + 'આય' ! આ બધા આપણી કાલ્પનિક ઉપજનાં ફાલ ભલે ગણીયે, વાસ્તવમાં પણ ઘણાં શબ્દો અત્યંત અર્થપૂર્ણ હોવા છતાં, એને આપણે રોજિંદા વપરાશમાં નીચી કક્ષાએ ઉતારી દીધા છે, તે પણ વિચારવા જેવું છે. થોડાં દૃષ્ટાંત તપાસીએ.

'ઉદ્યોગ', 'ઉદ્યમ', 'વ્યાપાર'ની વ્યુત્પત્તિ ?

'ઉદ્યોગ' શબ્દ આવ્યો છે યોગમાંથી ! આપણો ઉદય, યાને વિકાસ થાય એવો યોગ તે જ સાચો ઉદ્યોગ. કામ-ધંધાવાળા વેપારીએ તો એ ખાસ જ સાધવો રહ્યો; પરંતુ અન્યો માટે પણ ઉદ્યોગ જરૂરી ખરો જ ! વિદ્યાર્થી માટે પણ, અને ધંધા-રોજગાર વિહોણા વૃદ્ધ માટે પણ, ઉદ્યોગી

હોવું આવશ્યક છે. ધંધાની ધાંધલ-ધમાલમાં પણ, અને એ સિવાય પણ, ઉદ્યોગ જીવનનું એક આવશ્યક અંગ છે; 'યોગદાન' વિનાનું જીવન ન જીવ્યું ભલું !

'ઉદ્યમ' શબ્દમાં પણ યોગની મહેક આવે છે. 'ઉદ્+યમ', યાને આપણો ઉદય થાય એવો યમ ! અષ્ટાંગ યોગના પાંચે યમ પાળીએ તો જ સાચા અર્થમાં આપણે ઉદ્યમી ! વેપારમાં ગેરરીતિ અપનાવી, ધંધાદારી ઉથલ-પાથલ કરતા રહીએ, પૈસા રળતા રહીએ, એ વ્યસ્તતા કાંઈ ઉદ્યમ ન કહેવાય. યોગના પાંચે યમનું યથા-શક્તિ પાલન કરાય, તો જ ધંધા-રોજગારને ઉદ્યમ દ્વારા કરાયેલા ઉદ્યોગની ઉપમા આપી શકાય. એક યમ છે 'સત્ય'. આજનો વેપારી અસત્ય વિના તો ધંધો જ ન કરી શકે, એવો માહોલ સરકાર અને સમાજે બનાવી દીધો છે. બીજો 'અહિંસા'નો યમ; ત્રીજો 'અકામ'નો યમ; અને ચોથો 'અચોરી'નો યમ ! આ બધાના અર્થ વેપારી ભાષામાં લાગુ પાડવાના રહે. માત્ર માંસ વેચવાવાળો કસાઈ જ નહિ, સિગરેટ કે ગુટકા વેચવાવાળો પણ હિંસક પદાર્થનું વેચાણ કરે છે એવું એના ખ્યાલમાં આવવું જોઇએ. ચોરી વિષે વિચારતાં, આઈ.એસ.જોહરની ફિલ્મ 'હમ સબ ચોર હૈ'નું શીર્ષક યથાર્થ લાગે. નોકરિયાત વર્ગ કામની ચોરી કરતી હોય ! શેઠ-સાહેબો, ઉદ્યોગ-પતિ કહેવાતા-જો કે કોઈને પણ 'યોગ-પતિ' તો આપણે કહેતા નથી, તો 'ઉદ્યોગ-પતિ' પણ કેમ કહેવાય, એ પ્રશ્ન કરી શકાય ! વેપારીઓ, ઓક્ટ્રોય, સેલ્સ ટેક્ષ, કસ્ટમ્સ ડ્યૂટી, ઈન્કમ-ટેક્ષ વગેરેમાં ચોરી આચરતા હોય છે.

પાંચમો યમ 'અપરિગ્રહ' પાળનાર તો ભાગ્યે જ જોવા મળે. આજે તો દરેકને કરોડપતિ થવાથી ઓછું કાંઈ ખપતું નથી. લક્ષ્મીનું સુલક્ષણ (?) આટલું ઊંચું હોય, ત્યાં યમ, નિયમ કે સંયમ તરફ દુર્લક્ષ સેવાય એમાં નવાઈ નથી.

'વેપાર' શબ્દ પણ ઊંચી કક્ષાના 'વ્યાપાર' શબ્દમાંથી બન્યો છે. વેપારી ફક્ત દુકાનદાર નથી; માલ આપી પૈસા ગલ્લામાં નાખનાર સામાન્ય માનવી માત્ર નથી, એવો ભાવ વ્યાપાર શબ્દમાં અભિપ્રેત છે. જેના જીવનમાં સાત્ત્વિક વ્યાપ, ફેલાવ, વિસ્તાર કે વિકાસ છે, તે સાચો વ્યાપારી. માત્ર વેપલો કરવાથી વ્યાપારી બનાતું નથી.

આપણી ભાષાઓના સામાન્ય શબ્દો પણ કેટલા ગર્ભિત, અર્થ-સભર હોય છે તે અહીં સમજાય છે. 'વ્યાજ' શબ્દ પણ 'વિ+આજન', જેવા બે સંસ્કૃત શબ્દોમાંથી બન્યો છે, અને એનો મૂળ અર્થ 'નવું જન્માવવું' એવો થતો ! ગાય વ્યાયી એટલે વાછરડાને જન્મ આપ્યો એવું આપણે બોલતા હોઇએ છીએ, તે જ 'વ્યાવાની વાત' 'વ્યાજ' શબ્દમાં સમાઈ છે. પૈસો પૈસાને સ્વયંમાંથી જન્મ આપે, તે વ્યાજ ! પણ એ આર્થિક પેદાયશ ફક્ત અર્થોપાર્જન, યાને ફક્ત ધન-દોલત કમાવા સુધી જ મર્યાદિત રાખવાનો ખ્યાલ ત્યારે ન હતો ! પરંતુ પોતાના સર્વાંગી વિકાસ સાધવા તરફ અંગુલિ-નિર્દેશન હતું ! આજે તો યોગની વાત જ વિસરાઈ ગઈ છે; ઉદ્યોગ ફક્ત સંપત્તિ પાછળની આંધળી દોડ, કે ધમપછાડા, કે ઉધામા સ્વરૂપે જ જોવા મળે છે. 'બીઝનેસમેન' તરીકે ગમે તેટલા 'બીઝી' યાને વ્યસ્ત રહેતા હોઇએ, અને 'ઈન્ડસ્ટ્રીઆલિસ્ટ' તરીકે ગમે એટલા 'ઇન્ડસ્ટ્રીઅસ', યાને મહેનતુ દેખાતા હોઇએ, ઉદ્યોગપતિ હોવાની વાત જ જૂદી છે, કારણ એ આધ્યાત્મિક કક્ષાની વાત છે.

વળી જીવનના ચારે આશ્રમોમાં, ચારે પુરુષાર્થો-ધર્મ-અર્થ, કામ અને મોક્ષ-સધાતા રહે તો જ આપણે સાચા અર્થમાં બળવાન કે સમર્થ બનીએ એ પણ નોંધનીય છે. આપણું સામર્થ્ય 'સામ' યાને મીઠી વાતોમાં છે, તે પણ ન ભૂલાય ! સમતા ખોરવાય નહિ, કે ખોવાય નહિ, તેવું વર્તન આપણને સમર્થનું બિરૂદ અર્પે.

પ્રાકૃતિક ચિકિત્સાની પ્રેક્ટીસમાં ઘણી વેળા ખાનપાન અંગે દર્દીઓ સાથે વાતચીત કરતાં મજાકીયા વિચારો સ્વાભાવિક જ આવે. ઘણા ઘરોની ખાનાખરાબી, એ ઘરોનાં ખાનપાન-ખરાબીને કારણે થતી હોય છે એમ લાગે ! નિસર્ગોપચારોમાં-એના ઉપચારોમાં યોગ્ય ચારો બહુ મહત્ત્વનો મનાય છે. 'યોગ્ય ચારો એ જ આપણો પ્રથમ ચારો હોવો જોઇએ !' એવું કોઈ કહે તો સમજાય નહિ; સિવાય કે કોઈ સમજાવે કે 'યોગ્ય ચારો' એટલે 'યોગ્ય ખોરાક' યા 'સાત્ત્વિક ખાનપાન' અને 'પ્રથમ ચારો' એટલે 'પ્રથમ ઉપાય !' હિપોક્રેટીસની વાત યાદ આવે: 'ક્રોનીક તકલીફોનો પ્રમુખ ઉપચાર લાંબા ગાળાનો આહાર-સુધાર !' આયુર્વેદના ઋષિઓનાં 'લંઘનમ્ પરમ ઔષધમ્' પછીનાં સૂત્રો યાદ આવે, જે કહે છે કે 'દર્દી પથ્ય ન પાળે તો એને ઓષધ કેમ કારગત થાય ? અને પથ્ય પાળે તો એને ઓસડિયાંની જરૂર શી રહે ?' સાચે જ, આપણા આરોગ્યનો આધાર આપણે શું આરોગીએ છીએ, તેના પર છે. (જોયું ! પાછું Pun બની ગયું !) એક વેળા એક વૈદ્યરાજને મળ્યા, જે 'સ્વ-ચુરણ' નામની ફાકી વેચતા. અમે એમને ભૂલમાં પૂછ્યું : 'આ ચૂરણના પરચુરણમાં કેટલા ચૂકવવાના ?' એ નારાજ થયા તે કાજે અમારે માફી માંગવી પડેલી.

કેરીની ઋતુ બેસી ગઈ છે. દિવાને આમ કે તો હમ ભી હૈં, દોસ્ત! શક્તિ ચીકી કે આંબલા પ્રચારક ડૉ. ધનજીભાઈ કો હમ કહતે હૈં: 'આમ લા ! ભાઈ ! આમ લા !' ઔર વહ મિત્ર હમેં આંવલા કે મુરબ્બે કી નવાઝીશ કરતે રહતે હૈં! હમારે નસીબ હી ફૂટે હૈં! શિકાયત કરેં તો ભી કીસ કો ?

એક મહિલા મરીઝને અપની નાકામયાબ મહોબ્બત કી કહાની સૂનાતે હુવે કહા થા 'રાઝ તો આશીકાના હૈ!' હમ કુછ ઊંચા સૂનતે હૈં, સો ગલત સૂના કે 'રાઝ તો આ, શીખાના હૈ !' વહ હમ સે ખફા હો ગઈ ! કસુર ન ઉસકા થા, ન હમારા ! ઈન્સાન હૈં, સો ગલતફહેમી કભી હો જાતી હૈ. એક આલ્કોહોલિક મરીઝ કો હમ ગુસ્સે સે સમઝા રહે થે કે શરાબ તો વહ આબ હૈ જો સર પર ચઢ જાતા હૈ, ઔર આપ કો પાગલ પાગલ બના દેતા હૈ, ફીર ભી ક્યોં પીતે હો ? રાત ઉસકી બેહોશી મેં ગઈ થી, પર હમારે સફાખાને પર તો વહ બિલકુલ હોશ મેં થા!' ઉસને 'જ્યોમેટ્રી' વાલા જવાબ દે દીયા: E.& O. E. ! !

અમે પણ પાઠકને 'ભૂલચૂક લેવી દેવી' કહીને વિદાય લઇએ છીએ.

❖❖❖

## નેત્રયજ્ઞ

સ્વ. જ્યોત્સનાબહેન ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે સંઘના ઉપક્રમે અને ચિખોદરાની આંખની હૉસ્પિટલના સહયોગથી નેત્રયજ્ઞનું આયોજન રવિવાર, તા. ૫મી ઓગસ્ટ, ૨૦૦૧ના રોજ ઠાસરા મુકામે કરવામાં આવ્યું હતું, જે પ્રસંગે સંઘના હોદ્દેદારો અને સમિતિના કેટલાક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

☐ મંત્રીઓ

# 'હિંદ સ્વરાજ'-સાંપ્રત સંદર્ભમાં

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

આમ તો મને પૂ. બાપુનું બધું જ સાહિત્ય વાંચવું ગમે છે, પણ એમનાં ત્રણ પુસ્તકો માટે મને વિશેષ આકર્ષણ છે. (૧) દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, (૨) સત્યના પ્રયોગો અથવા આત્મકથા, અને (૩) હિંદ સ્વરાજ. આજથી લગભગ ૯૨ સાલ પૂર્વે લખાયેલ (ઇ.સ.૧૯૦૮) અને તા. ૨૨-૧૧-૧૯૦૯ એટલે કે ૯૧ સાલ પૂર્વે પ્રગટ થયેલ 'હિંદ સ્વરાજ' પુસ્તકનું સાંપ્રત સંદર્ભમાં શું મૂલ્ય છે તે અંગે કૈંક લખવા માગું છું.

દક્ષિણ આફ્રિકામાંથી હિંદ આવીને પૂ. બાપુએ હિંદ સ્વરાજ માટે જે જે નાની મોટી સત્યાગ્રહની ચળવળો ચલાવી તેનાં બીજ 'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહનો ઇતિહાસ'માં પડેલાં છે અને આત્મકથામાં સત્યના કરેલા પ્રયોગોનું યથાર્થ દર્શન છે, જ્યારે 'હિંદ સ્વરાજ'માં 'આધુનિક સુધારાની સખત ઝાટકણી' કાઢી છે અને 'ઉદ્દેશ માત્ર દેશની સેવા કરવાનો ને સત્ય શોધવાનો ને તે પ્રમાણે વર્તવાનો છે.' ૧૯૦૯માં લખાયેલી પ્રસ્તાવના પૂ. બાપૂ આ પુસ્તક સંબંધે લખે છે : 'જ્યારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે.'

લગભગ ૧૪૫ પૃષ્ઠોનું આ પુસ્તક વીસ પ્રકરણોમાં વિભાજિત થયું છે અને 'વાચક' અને 'અધિપતિ' વચ્ચેની પ્રશ્નોત્તરી રૂપે એની છણાવટ ને લખાવટ છે. પૂ. બાપુના એક મિત્રે આ પુસ્તક અંગે અભિપ્રાય આપતાં લખેલું: 'આ મૂરખ માણસની કૃતિ છે.'

'હિંદ સ્વરાજ'માં એક પ્રકારણ વકીલોના ધંધા વિરુદ્ધનું છે-પોતે બેરીસ્ટર હોવા છતાં તેઓ લખે છે: 'તેઓનો ધંધો તેઓને અનીતિ શીખવનારો છે...વકીલે હિંદુસ્તાનને ગુલામી અપાવી છે...વકીલનો સ્વાર્થ કજિયો વધારવામાં રહેલો છે. મારી જાણની વાત છે કે વકીલો પોતે જ્યારે કજિયા થાય ત્યારે રાજી થાય છે...અંગ્રેજોએ અદાલતોની મારફતે આપણી ઉપર દાબ બેસાડ્યો છે. તે અદાલતો, આપણે વકીલ ન થઇએ તો ચાલી જ ન શકે. જડ્જ, વકીલ, સિપાઈ અંગ્રેજો જ હોત તો અંગ્રેજો માત્ર અંગ્રેજો ઉપર જ રાજ કરત...અંગ્રેજી સત્તાની એક મુખ્ય ચાવી તેઓની અદાલત છે ને અદાલતની ચાવી વકીલો છે. જો વકીલો વકીલાત છોડી દે ને તે ધંધો વેશ્યાના જેવો નીચ ગણાય તો અંગ્રેજી રાજ્ય એક દિવસમાં પડી ભાંગે વગેરે વગેરે.

વ્યવસાય-વિષયક આર્થિક-વ્યવહારમાં એક ગુજરાતી કહેવતમાં વૈદ્ય-વકીલ-અને વેશ્યાને એક સાથે ગણાવ્યાં છે. 'હિંદ-સ્વરાજ'ના દાક્તરો વિષેના એક પ્રકરણમાં પૂ. ગાંધીજી લખે છે: 'ઇસ્પિતાલો એ પાપની જડ છે. એનાથી માણસો શરીરનું જતન ઓછું કરે છે અને અનીતિ વધારે કરે છે...દાક્તરો આપણને ધર્મભ્રષ્ટ કરે છે. તેઓની ઘણીખરી દવામાં ચરબી અથવા દારૂ હોય છે. આ બન્નેમાંથી એકપણ વસ્તુ હિન્દુ-મુસલમાનને ખપે તેવી નથી. પશ્ચિમના સુધારકો પોતે મારાં કરતાં વધારે સખત શબ્દોમાં લખી ગયા છે. તેઓએ વકીલ-દાક્તરોને બહુ વખોડ્યા છે. તેમાંના એક લેખકે એક ઝેરી ઝાડ બનાવ્યું છે. તેની ડાળ વકીલ-દાક્તર વગેરે નકામા ધંધાદારીઓની કરી છે અને તે ઝાડના થડની ઉપર નીતિધર્મરૂપી કુહાડી ઉગામી છે. અનીતિને તે બધા ધંધાનું મૂળ રૂપ આપ્યું છે.'

વકીલ-દાક્તરો પછી હિંદુસ્તાનની અવદશા કરવામાં રેલવેઓએ ભજવેલા ભાગની વાત કરતાં કહે છે: 'હિંદુસ્તાનને રેલવેએ, વકીલોએ દાક્તરોએ કંગાલ બનાવ્યું છે. તે દશા એવી છે કે જો આપણે વેળાસર નહિ જાગીએ તો ચોમેરથી ઘેરાઈ જઇશું. તમને ઊગી આવશે કે રેલવે ન હોય તો અંગ્રેજોનો કાબૂ હિંદુસ્તાન ઉપર છે તેટલો તો ન જ રહે...રેલવેથી મરકી ફેલાઈ છે...રેલવેથી દુકાળ વધ્યા છે...રેલવેથી દુષ્ટતા વધે છે...ખરાબ માણસો પોતાનો ખરાબો ઝપાટાથી ફેલાવી શકે છે. હિંદુસ્તાનમાં જે પવિત્ર સ્થાન હતાં તે અ-પવિત્ર થયાં છે. તમને અંગ્રેજે શીખવ્યું છે કે તમે એક પ્રજા ન હતા (રેલવેએ ફાયદો કર્યો છે)...આ વાત તદ્દન પાયા વગરની છે. જ્યારે અંગ્રેજો હિંદુસ્તાનમાં ન હતા ત્યારે આપણે એક-પ્રજા હતા...આપણા વિચારો એક હતા, આપણી રહેણી-કરણી એક હતી. ત્યારે તો તેઓએ એક-રાજ્ય સ્થાપ્યું. ભેદ તો પછી તેમણે જ પાડ્યા. જે દીર્ઘદર્શી પુરુષોએ સેતુબંધ, રામેશ્વર, જગન્નાથ અને હરદ્વારની જાત્રા કરાવી તેઓનો શો વિચાર હતો એમ તમો માનો છો?...તેઓએ વિચાર્યું કે હિન્દુસ્તાન કુદરતે એક-મુલક બનાવ્યો છે, તે એક-પ્રજાનો હોવો જોઇએ.' વગરે વગેરે.

'હિંદુસ્તાનની દશા' (પ્રકરણ-૧૦)માં હિંદુ-મુસલમાનનો પ્રશ્ન ચર્ચતાં તેઓ કહે છે: 'દુનિયાના કોઈપણ ભાગમાં એક-પ્રજાનો અર્થ એક-ધર્મ એમ થયો નથી, હિંદુસ્તાનમાં હતો નહિ...આપણે ગુલામ બની ગયા છીએ તેથી જ આપણા કજિયા ત્રીજે ઠેકાણે લઈ જઈએ છીએ...આપણને હિંદુ-મુસલમાન કાચા હૈયાના હોઇશું તો તેમાં અંગ્રેજનો વાંક કાઢવાનો નહિ રહે. કાચો ઘડો એક કાંકરેથી નહિ તો બીજેથી ફૂટશે. તેને બચાવવાનો રસ્તો ઘડાને કાંકરાથી દૂર રાખવો એ નથી પણ તેને પાકો કરવો કે જેથી કાંકરાનો ભય જ ન રહે...બન્ને કોમ વચ્ચે અવિશ્વાસ છે, તેથી મુસલમાન લોર્ડ મોર્લેની પાસેથી અમુક હક માગે છે. જે માણસ બીજાની ઉપર વિશ્વાસ બેસાડી શક્યો છે તેણે આજ લગી કશું ખોયું નથી...હું એમ કહેવા નથી માગતો કે હિન્દુ-મુસલમાન કોઈ દહાડો લડશે જ નહિ. બે ભાઈ ભેગા રહે ત્યારે તકરાર થાય છે...પણ આપણે તેવી તકરાર પણ મોટી વકીલાત ડહોળીને અંગ્રેજોની અદાલતમાં નહિ લઈ જઇએ.'

સાંચાકામ-યંત્રોનો વિરોધ કરતાં તેઓ કહે છે: 'નૈતિક હીનતા યંત્રમાં નહિ, પણ તેનો દુરુપયોગ કરનાર માણસમાં રહેલી છે. મારો વાંધો યંત્રો સામે નહિ, પણ યંત્રોની ઘેલછા સામે છે, આજે તો જેને શ્રમનો બચાવ કરનારાં યંત્રો કહેવામાં આવે છે તેની લોકોને ઘેલછા લાગી છે....સમય અને શ્રમનો બચાવ હું પણ ઇચ્છું છું. પરંતુ તે અમુક વર્ગનો નહિ, આખી મનુષ્ય જાતિનો થવો જોઇએ. આજે તો થોડા માણસોને કરોડોની કાંધ ઉપર ચડી બેસવામાં યંત્રો મદદગાર થઈ રહ્યા છે. યંત્રોના ઉપયોગની પાછળ પ્રેરક કારણ શ્રમના બચાવનું નથી, પણ ધનના લોભનું છે. અત્યારની આ ચાલુ 'અર્થ-વ્યવસ્થા' સામે મારી તમામ શક્તિ ખર્ચીને હું યુદ્ધ ચલાવી રહ્યો છું.'...આપણે જે કાંઈ કરીએ તેમાં પ્રધાન વિચાર માનવહિતનો હોવો જોઇએ...એટલા માટે હું યંત્રોનો વિવેક કરું. મારે તો એ જોઇએ છે કે મજૂરોની સ્થિતિમાં સુધારો થાય, ધન પાછળ આજની ગાંડી દોટ અટકવી જોઇએ...લોભને સ્થાને પ્રેમને સ્થાપો, એટલે સૌ રૂડાં વાનાં થશે.'

કુધારાનાં ફલ-સ્વરૂપ શહેરો સંબંધે પૂ. બાપુ લખે છે : 'તેઓએ (આપણા દીર્ઘદષ્ટિવંતા પૂર્વજોએ) વિચાર્યું કે મોટાં શહેરો સ્થાપવાં તે

પંચ અને લવાદમાં એમને શ્રદ્ધા હતી જે આજની લોકઅદાલતો કામગીરી બજાવી રહી છે. આજના સંદર્ભમાં, જેવી છે તેવી પણ આપણી 'જ્યુડિસિયરી' કૈંક, અંશે સ્વતંત્ર ને નિષ્પક્ષપાતપણે વર્તી રહી છે એવું તો લાગે છે. આજે દેશ સમક્ષના પડકારો પણ જેવા તેવા નથી. અનેક કૌભાંડોની ભરમારે ભલભલાને ભ્રમિત કર્યા છે. સ્થિર, વિવેકપૂર્ણ, નિર્ભીક ન્યાયતંત્રની ક્યારેય જરૂર નહોતી તેટલી આજે છે. સામાજિક ન્યાય અને તંદુરસ્ત લોકશાહીની રખેવાળી કરવાની જવાબદારી આજે એને શિરે છે.

હિંદની અવદશા કરવામાં રેલવેએ મોટો ભાગ ભજવ્યો છે એમ ગાંધીજી માને છે. એનાથી ચેપી રોગો ને મરકી ફેલાઈ છે, દુકાળ વધ્યા છે, દુષ્ટતા ફેલાઈ છે, પવિત્ર સ્થાનો અપવિત્ર થયાં છે, ધૂતારા વધ્યા છે વગેરે વગેરે.

જે લોકો એમ માને છે કે રેલવેના આગમનથી હિંદુસ્તાનમાં એક-પ્રજાનો જુસ્સો વધ્યો છે તે લોકોએ સમજવું જોઈએ કે જ્યારે અંગ્રેજો હિંદુસ્તાનમાં ન હતા ત્યારે આપણે એક-પ્રજા હતા. બે અંગ્રેજ એક નથી તેટલા એક આપણે હિન્દી હતા.

એ વાત સાચી છે કે આપણને એક-પ્રજા બનાવવા માટે નહીં પણ હિંદુસ્તાનનો વહીવટ સુગમતાથી ચલાવવા માટે અંગ્રેજોએ રેલવેનો કમરતોડ બોજ હિંદીઓને માથે નાખ્યો. પણ આજે તો આપણે સ્વતંત્ર થયા છીએ એટલે જો પ્રજાહિત ને દેશકલ્યાણની શુભ ભાવનાથી એનો વહીવટ પ્રામાણિકપણે ને પૂર્ણ ક્ષમતાથી ચાલે તો એક પ્રજાની ભાવનાત્મક એકતા કેળવવામાં તે સમર્થ સાધન બની રહે.

'સંચો એ આધુનિક સુધારાની મુખ્ય નિશાની છે ને તે મહાપાપ છે એમ હું તો ચોખ્ખું જોઈ શકું છું.' સંચાકામ-મિલો વગેરે નીતિનો નાશ કરે છે. અનીતિથી થયેલા પૈસાદાર હિંદુસ્તાન કરતાં ગરીબ નીતિવાન હિંદુસ્તાન ગાંધીજીને વધુ પસંદ છે. પૈસો અને વિષય માણસને રાંક બનાવે છે. યંત્રો-સાંચા નહોતા ત્યારે હિંદ ભૂખે મરતો નહોતો. ગાંધીજી ઘેર ઘેર 'જૂના, પ્રૌઢ, પવિત્ર રેંટિયા સ્થાપવાની હિમાયત કરે છે. વિશેષમાં કહે છે : 'સંચો એ તો રાફડો છે, તેમાં એક સર્પ ન હોય પણ સેંકડો, એકની પાછળ બીજા, એમ લાગેલું જ છે...સંચાનો ગુણ તો મને એકે યાદ નથી આવતો. અવગુણથી તો ચોપડી ચીતરી શકું છું.' એ વાત સાચી છે કે નૈતિકહીનતા યંત્રમાં નહિ પણ તેનો દુરુપયોગ કરનાર માણસમાં રહેલી છે. યંત્રોના વિનિયોગમાં વિવેક ને માનવતા ભળે તો, સંભવ છે કે, વ્યક્તિગત દૃષ્ટિએ ઉચ્ચમાં ઉચ્ચ કોટિએ પહોંચેલો ગાંધીજીનો યંત્રો માટેનો આક્રોશ ને પુણ્યપ્રકોપ કૈંક હળવો થતાં સહ્ય બને ! 'હિંદ સ્વરાજ' લખાયા પછી તેરેક સાલ બાદ ૧૯૨૧માં 'હિંદ સ્વરાજ'ના હિંદી અનુવાદની પ્રસ્તાવનામાં તેઓ લખે છે : 'મિલોના સંબંધમાં મારા વિચારોમાં આટલું પરિવર્તન થયેલું છે કે હિંદુસ્તાનની ચાલુ હાલતમાં માન્ચેસ્ટરના કાપડ કરતાં હિન્દની મિલોને ઉત્તેજન આપીને પણ આપણું કાપડ આપણા જ દેશમાં પેદા કરી લેવું જોઇએ.' આમ છતાં તેમની દૃઢ માન્યતા ખરી જ કે 'Right Economics and Life's Social Values are indivisible'. સાચીનીતિ તો એ કે અર્થનીતિને સાચી દિશામાં દોરે ને ગતિ દે. માનવીની જરૂરિયાતો (Necessities), સુખ-સગવડો (Comforts) અને એશઆરામ (Luxuries)...આ ત્રિવિધ વિકલ્પોમાંથી ગાંધીજીને પાછલી બે કરતાં પ્રથમમાં વધુ ને સાચો રસ હતો.

પાકિસ્તાન ને બાંગ્લાદેશ થયાં છતાંયે હિંદુસ્તાનમાં હિંદુ-મુસ્લિમના પ્રશ્નો પતી ગયા છે એમ માની શકાય નહીં. અસ્પૃશ્યતાનિવારણ અને હિન્દુ-મુસ્લિમ ઐક્ય કાજે ગાંધીજી જિંદગીભર ઝઝૂમ્યા. તેઓ માનતા હતા કે ઘણાખરા હિંદુ-મુસ્લિમના બાપદાદા એક હતા. આ દેશને મુલક બનાવીને જે કોઈ વસ્યા તે એકદેશી, એકમુલકી-મુલકીભાઈ ગણાય. આપણે ગુલામ બની ગયા છીએ તેથી જ આપણા કજિયા ત્રીજે ઠેકાણે લઇ જઇએ છીએ.

આ ઐતિહાસિક પુસ્તક લખ્યા બાદ ગાંધીજી ચાર દાયકા જીવ્યા ને 'હિંદ સ્વરાજ'માં દર્શાવેલા વિચારોને વ્યક્તિગત જીવનમાં ઉતારવાને સમગ્ર પ્રજાને તદનુસાર તૈયાર કરવા અતંદ્ર જાગ્રતિ દાખવી અહર્નિશકર્મમાં રચ્યાપચ્યા રહ્યા. ભગવાન બુદ્ધ ને ભગવાન મહાવીરના જેટલું જ લગભગ આયુષ્ય ભોગવી, એ મહાન વિભૂતિઓની જેમ સમગ્ર દેશમાં વિચારનો પ્રચાર કર્યો. બુદ્ધની કરુણા, મહાવીરની અહિંસા અને ઇશુખ્રિસ્તનો પ્રેમ-એ ગાંધીનાં દિવ્ય અસ્ત્રો હતાં. તેઓ લખે છે. 'આ પુસ્તકમાં આલેખેલા કાર્યક્રમના એક જ અંશનો અત્યારે અમલ થઈ રહ્યો છે ને તે અહિંસાનો. જો એનો ભાવનાપૂર્વક અમલ થતો હોય તો હિંદુસ્તાન એક જ દિવસમાં જ સ્વરાજ મેળવીને બેસી જાય.' તા. ૨-૨-૧૯૩૮ની અંગ્રેજી આવૃત્તિની 'પ્રસ્તાવના'માં શ્રી મહાદેવભાઈ દેસાઈ લખે છે. 'પણ એમાં આલેખેલા સ્વરાજને માટે હિંદુસ્તાન તૈયાર હોય કે ન હોય, પણ હિંદીઓ આ બીજરૂપ ગ્રંથનો અભ્યાસ કરે એ ઉત્તમ છે. કુમારી રેથબોને 'હિંદ સ્વરાજ'ને 'પ્રચંડ પ્રભાવવાળું પુસ્તક' ગણ્યું છે. પૂ. બાપુએ તો ૧૯૨૧ના જાન્યુઆરીના 'યંગ ઇન્ડિયા'માં લખ્યું છે. 'મારા અભિપ્રાય પ્રમાણે આ ચોપડી એવી છે જે બાળકનાં હાથમાં પણ મૂકી શકાય. તે દ્વેષધર્મની જગાએ પ્રેમધર્મ શીખવે છે. હિંસાને સ્થાને આપભોગને મૂકે છે, પશુબળની સામે ટક્કર ઝીલવા આત્મબળને ખડું કરે છે. એની અનેક આવૃત્તિઓ થઈ છે, અને જેમને એ વાંચવાની દરકાર હોય તેમને હું ખસૂસ વાંચવાની ભલામણ કરું છું.'

## સંઘનાં પ્રકાશનો

સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :

| | | | કિંમત રૂા. |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૨) | પાસપોર્ટની પાંખે -ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૩) | ગુર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| (૪) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૫) | ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| (૬) | જૈન ધર્મનાં સ્વાધ્યાય -સુમન | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયાનો લેખ સંગ્રહ | ૧૦૦-૦૦ |

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ • પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
● વર્ષ : (૫૦) + ૧૨ ● અંક : ૧૧ ● નવેમ્બર, ૨૦૦૧ ●

Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2001

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## બડે બાબા

જૈન તીર્થોમાં 'બડે બાબા'ના નામથી પ્રચલિત કોઈ તીર્થ હોય તો તે મધ્યપ્રદેશમાં આવેલું કુંડલપુર-કુંડલગિરિ તીર્થ છે. આ દિગંબર તીર્થ બુંદેલખંડના 'તીર્થરાજ' તરીકે સ્થાન ધરાવે છે. તીર્થસ્થળમાં નીચે તળેટીમાં ગામ તે કુંડલપુર કહેવાય છે અને પાસે આવેલો પહાડ તે કુંડલગિરિ તરીકે ઓળખાય છે. (બિહારમાં ભગવાન મહાવીર સ્વામીની જન્મભૂમિ કુંડલપુરથી આ તીર્થ ભિન્ન છે. નામસામ્યને કારણે ગેરસમજ ન થવી જોઇએ.)

જૈન તીર્થોમાં આ એક તીર્થની એવી લાક્ષણિકતા છે કે ડુંગર ઉપરના મુખ્ય મંદિરમાં વિશાળકાય પ્રતિમા તે ઋષભદેવ ભગવાનની છે અને લોકો સૈકાઓથી આજ દિવસ સુધી આ પ્રતિમાને ભગવાન મહાવીર સ્વામી તરીકે પૂજતા અને ભજતા આવ્યા છે. વસ્તુત: લોકો તો એમને 'બડે બાબા' તરીકે જ પૂજે છે, પછી ભલે એ ઋષભદેવ ભગવાન હોય કે મહાવીર સ્વામી હોય, પ્રથમ તીર્થંકર હોય કે ચરમ તીર્થંકર હોય. લોકોની બડે બાબા માટેની શ્રદ્ધા અનન્ય છે.

જૈનો અને અજૈનો-સર્વ કોમના લોકો આ તીર્થની યાત્રાએ આવે છે, ભક્તિભાવપૂર્વક પૂજા કરે છે અને માનતા પણ માને છે. બડે બાબાનો ચમત્કાર ઘણો મોટો છે. વસ્તુત: સામાન્ય લોકોએ જ ભગવાનનું નામ 'બડે બાબા' પાડી દીધું છે. છેલ્લા ત્રણ સૈકાથી આ જ નામ પ્રચલિત છે. ઋષભદેવ ભગવાન હોય કે મહાવીર સ્વામી, તીર્થંકર સ્વરૂપ તો એકસરખું જ છે. એટલે જ લોકમાન્યતામાં ફેરફાર કરવાના કોઈ પ્રયાસની આવશ્યકતા જણાઈ નથી.

બડે બાબાનાં દર્શન કરવાની ભાવના તો મારા મનમાં ઘણા વખતથી હતી. જબલપુર અને દમોહ જવાનું તો ત્રણેક વખત થયું, પણ કુંડલપુર જવાયું નહોતું. એટલે જ મારા મિત્રો શ્રી જગદીશભાઈ ખોખાણી, શ્રી રમેશભાઈ શાહ અને શ્રી બિપિનભાઈ ગોડા સાથે જ્યારે બીજી ઓક્ટોબર-૨૦૦૧ના રોજ જબલપુર આચાર્ય શ્રી વિદ્યાસાગરજીનાં દર્શન-વંદન માટે જવાનું નિશ્ચિત થયું ત્યારે જ અમે સંકલ્પ કર્યો હતો કે એક-બે દિવસ ત્યાં વધુ રોકાઇને વચ્ચે એક દિવસ કુંડલગિરિ જઈને બડે બાબાનાં દર્શન કરી આવવાં. પરંતુ અમે જબલપુર પહોંચ્યા ત્યારે પરિસ્થિતિ જુદી હતી. ત્યારે ત્યાં ભારે વરસાદ પડી ગયો હતો અને હજુ પણ ચાલુ હતો. અમારા યજમાન, જબલપુરના દિગંબર સમાજના એક આગેવાન કાર્યકર્તા શ્રી નરેશદાદાએ કહ્યું કે 'કુંડલપુર જવા અને ત્યાં રાત રોકાવા માટે તમારી બધી વ્યવસ્થા થઈ ગઈ છે. પરંતુ વરસાદ ઘણો પડ્યો છે. મધ્યપ્રદેશના રસ્તા આમ પણ ખરાબ છે. તેમાં વરસાદથી વધુ ખાડા પડી ગયા છે અને કાદવવાળા થઈ ગયા છે એટલે જવા આવવામાં તમને સમય વધુ લાગશે અને થાક પણ વધુ લાગશે. એટલે મારા અભિપ્રાય પ્રમાણે તમારા માટે કુંડલપુર જવાનું યોગ્ય નથી. જવું હોય તો પાસે દોહરીબંધ તીર્થનાં દર્શન કરી આવો.'

રસ્તો ખરાબ હોવાથી ન છૂટકે અમે બધાંએ આ દરખાસ્ત સ્વીકારી લીધી. પરંતુ બીજે દિવસે મને વિચાર આવ્યો કે મુંબઈથી સંકલ્પ કરીને નીકળ્યા છીએ, વળી આટલે દૂર જબલપુર સુધી આવવાનું હવે પાછું જલદી થાય કે નહિ. એટલે જો શક્ય હોય તો કુંડલગિરિની યાત્રા કરી આવીએ. આવી બાબતમાં હંમેશાં સાથ આપવાવાળા મારા મિત્ર રમેશભાઈને મેં પૂછ્યું તો એમણે એ માટે સહર્ષ તત્પરતા બતાવી. જગદીશભાઈ અને બિપિનભાઈને આવો ખરબચડો પ્રવાસ શરીરની પ્રતિકૂળતાને લીધે માફક આવે તેમ નહોતો. અમે નરેશદાદા આગળ પ્રસ્તાવ મૂક્યો કે કુંડલપુર રાત ન રોકાઇએ અને ધારો કે સવારે જઈને સાંજે પાછા આવી જવું હોય તો શક્યતા કેવી છે ? એમણે કહ્યું કે 'જરૂર જઈઆવી શકાય.' અને કહ્યું કે 'સડકમાં ખાડા ઘણા છે. થાક લાગશે, પણ તમને આંચકા ઓછા લાગે એવી સારી ગાડીની વ્યવસ્થા કરી આપીશ. પણ તમારે સવારે વહેલું નીકળી જવું જોઇએ. જબલપુરથી દમોહ થઈને જવાય છે. આશરે ૧૫૦ કિલોમીટર છે. પણ રસ્તો ખરાબ હોવાથી સાડા ચાર-પાંચ કલાક પહોંચતાં લાગે છે. પાછા ફરતાં રસ્તામાં અંધારું થઈ જાય તો વળી વધુ સમય લાગે.'

રમેશભાઈ અને મારો કુંડલપુર જવાનો મક્કમ નિર્ધાર જોઈને નરેશદાદાએ અમારા માટે સરસ ગાડીની વ્યવસ્થા કરી આપી.

બીજે દિવસે સવારે સાડા સાત વાગે અમે બંને કુંડલપુર જવા માટે નીકળ્યા. ગાડી નવી, મોટી અને સારી હતી. ડ્રાઇવર પણ હોંશિયાર અને આ રસ્તાનો અનુભવી હતો. વરસાદ પડતો હતો, પણ શરમાતો શરમાતો.

જબલપુર શહેરના રસ્તા જ એટલા બધા ખાડાવાળા હતા કે શહેરની બહાર નીકળી દમોહની સડક પકડતાં અડધો કલાક થઈ ગયો. દમોહનો રસ્તો તો એથી પણ વધુ ખરાબ હતો. પચીસ કિલોમીટરનું અંતર કાપતાં તો એક કલાક જેટલો સમય થઈ ગયો. જો ઠેઠ સુધી આવો જ રસ્તો હોય તો કુંડલપુર ક્યારે પહોંચાશે ? ક્યારે પાછા આવીશું ? દર્શન માટે પૂરતો સમય રહેશે કે નહિ ? વગેરે તર્ક અમારા મનમાં ઊઠ્યા. એક મિનિટ માટે ભગવાનના મુખનું દર્શન કરવા જો મળશે તો પણ ઉઠાવેલો આ શ્રમ સાર્થક છે એવો અમારો દૃઢ સંકલ્પ ન હોત તો

સડકની વાસ્તવિકતાએ અમને જબલપુર પાછા મોકલી દીધા હોત.

જબલપુરથી આશરે પચાસેક કિલોમીટર સિગ્રામપુર ગામ સુધીનો રસ્તો ધીરજની કસોટી કરે એવો હતો. પણ પછી સાધારણ સારો રસ્તો આવ્યો. ગાડીની ઝડપ વધારી શકાઈ. આ સાધારણ રસ્તો જો પહેલેથી મળ્યો હોત તો અમે એની કદર નહિ પણ નિંદા કરી હોત, પરંતુ આરંભના રસ્તાને પોતે શરમાવી શકે એટલો એ સારો હતો એથી એની અમે કદર કરી. એણે અમારા ઉત્સાહમાં ઉમેરો કર્યો. જો કે વચ્ચે વચ્ચે એ પણ મોઢું બગાડતો. પણ એમ કરતાં અમે દમોહ સુધી પહોંચી ગયા.

હવે દમોહથી કુંડલપુરની ૩૮ કિલોમિટરની સડક એક ગાડી જાય એટલી નાની સાંકડી હતી. પણ તેની હાલત ઘણી સારી હતી. વળી વરસાદ રહી ગયો હતો અને તડકો નીકળ્યો હતો. બંને બાજુ આંબાનાં ઘટાદાર વૃક્ષો આવતાં હતાં. આસપાસનું પ્રાકૃતિક દૃશ્ય રમણીય હતું અને વાતાવરણમાં શીતળતા હતી. એણે અમારા થાકને ઉતારી નાખ્યો.

લગભગ સાડા બાર વાગે અમે કુંડલપુર પહોંચી ગયા. સામે પહાડ ઉપર મંદિરો અને નીચે તળેટીમાં પણ મંદિરો જોઈને કોઈ ભવ્ય તીર્થસ્થળે આવ્યા હોઈએ એવો અનુભવ આ સ્થળે પ્રવેશતાં જ થયો. કુંડલપુર અને કુંડલગિરિનું આગવું નૈસર્ગિક દૃશ્ય જ વિલક્ષણ અને ચિત્તપટ પર અંકિત થઈ જાય એવું છે. કુંડલગિરિ પહાડ લગભગ ગોળાકાર જેવો છે. નીચે તળેટીમાં વિશાળ તળાવ છે. પહાડનો આકાર કુંડલ જેવો વર્તુળાકાર હોવાથી પ્રાચીન સમયમાં જ એનું નામ કુંડલગિરિ પડી ગયું હશે એમ મનાય છે.

અમે મંદિરના સંકુલમાં પ્રવેશ્યા. નીચે તળેટીમાં જ મંદિરો, ધર્મશાળા, કાર્યાલય સહિત આ વિશાળ સંકુલ છે. ગાડી પાર્ક કરીને અમે પહાડ ઉપર ચડવાનો વિચાર કરતા હતા, પણ કાર્યાલયમાં તપાસ કરતાં જાણવા મળ્યું કે પહાડ ઉપર ગાડીમાં જવા માટે કાચો રસ્તો બનાવ્યો છે અને ઠેઠ બડે બાબાના મંદિર સુધી જવાય છે. એટલે શ્રમ અને સમય બંને બચાવવા અમે ગાડીમાં જ ઉપર પહોંચી ગયા.

કુંડલગિરિના આ તીર્થક્ષેત્રમાં પહાડ ઉપર અને તળેટીમાં મળીને ત્રેસઠ મંદિરો છે. એમાં મુખ્ય મંદિર તે આ બડે બાબાનું છે. એનું ગર્ભગૃહ નાનું અને નીચાણમાં છે. મંદિરમાં પ્રવેશી, પગથિયાં ઊતરી અમે ગર્ભગૃહમાં દાખલ થયા. આપણી નજર ભરી દે એવા બડે બાબાનાં દર્શન કરી અમે ધન્યતા અનુભવી. અમારું સ્વપ્ન ફળીભૂત થયું. બડે બાબાની મૂર્તિ ફોટામાં જોઇએ અને પ્રત્યક્ષ જોઇએ એ બેમાં ઘણો ફરક છે. પ્રત્યક્ષ દર્શનથી જ વિશિષ્ટ અનુભૂતિ થાય છે. આ મૂર્તિની વિશાળતા, સમપ્રમાણતા, સુરેખતા, ભવ્યતા, ચહેરા પરની શાન્ત પ્રસન્નતા ઇત્યાદિ ચિત્તાકર્ષક તત્ત્વોથી અત્યંત પ્રભાવિત થઈ જવાયું. અમારી નજર ત્યાંથી જલદી ખસતી નહોતી.

'બડે બાબા' એવું નામ આ પ્રતિમાની વિશાળતાને કારણે જ પડી ગયું છે. આ પદ્માસનસ્થ પ્રતિમા આશરે સાડા બાર ફૂટ જેટલી ઊંચી છે અને નીચે ત્રણ ફૂટનું સિંહાસન છે. આ પ્રતિમાજીની વિશિષ્ટતા એ છે કે બહારથી લાવીને તે અહીં પધરાવેલી નથી, પરંતુ પહાડના પથ્થરમાંથી ત્યાં જ કંડારેલી છે. પહાડના સાધારણ રતાશવાળા કાળા ભૂખરા રંગના નક્કર પાષાણમાંથી તે કંડારવામાં આવી છે. પ્રતિમાજી આગળ પાછળ સંપૂર્ણ કંડારેલી નથી. પીઠનો ભાગ, મસ્તક અને કમર સહિત પથ્થરની દિવાલ સાથે તે એકરૂપ છે. કલાકૃતિ તરીકે પણ તે એક ઉત્તમ નમૂનારૂપ છે. પથ્થરની દિવાલમાં જ પરિકરની રચના કરવામાં આવી છે. એમાં મસ્તક ઉપર છત્ર છે અને બંને બાજુ દેવદેવી છે. આ પ્રતિમાજીના બંને કાન લાંબા અને ખભાને અડેલા છે. (શિલ્પની દૃષ્ટિએ એ જરૂરી પણ છે.) બંને કાનની પાસે વાળની લટ છે, જે જોઈ શકાય છે. ભારતમાં પહાડમાંથી કંડારેલી પદ્માસનસ્થ જૈન પ્રતિમાઓમાં આ સૌથી મોટી છે.

જટા અથવા વાળની લટ તથા નીચે ગૌમુખ અને ચક્રેશ્વરી દેવીની આકૃતિ ઉપરથી આ ઋષભદેવ ભગવાનની પ્રતિમા છે એ સુનિશ્ચિત છે.

આ પ્રતિમાની બંને બાજુ ખડ્ગાસનમાં પાર્શ્વનાથ ભગવાનની, સર્પની ફણા સાથે સાડા અગિયાર ફૂટ ઊંચી એક એક દિગંબર પ્રતિમા છે.

જે રીતે અહીં પર્વતના પથ્થરમાંથી પ્રતિમા કંડારેલી છે તે જોતાં ભૂતકાળમાં આ કોઈ ગુફામંદિર હશે એવો સંભવ છે.

ગર્ભગૃહની દિવાલોમાં ભિન્ન ભિન્ન નાની નાની પ્રતિમાઓ જે કંડારેલી છે, તે એની નીચેના લાંછન પરથી ઓળખી શકાય છે.

આ પ્રતિમા ઋષભદેવ ભગવાનની છે એ નિર્વિવાદ છે. પરંતુ મહાવીર સ્વામીની પ્રતિમાજી તરીકે પણ એ પૂજાતી આવી છે. જૂના વખતથી સામાન્ય માણસો મહાવીર સ્વામી તરીકે જ એને પૂજતા આવ્યા છે. અહીં નગરનું નામ કુંડલપુર છે અને મહાવીર સ્વામીનું જન્મસ્થાન કુંડલપુર હતું એટલે નામ સામ્યને કારણે કદાચ એમ બન્યું હશે ? મૂળ નાયકની બંને બાજુ પાર્શ્વનાથ ભગવાન છે, એટલે વચ્ચે મહાવીર સ્વામી જ હોવા જોઇએ એવો ખ્યાલ પણ હશે. એ જે હોય તે, પણ એટલું નિશ્ચિત છે કે છેલ્લાં ત્રણેક સૈકાથી લોકોમાં એ મહાવીર સ્વામી તરીકે પૂજાતા આવ્યા છે.

અમે મંદિરમાં બેસી ભાવપૂર્વક ચૈત્યવંદન કર્યું. ત્યાર પછી ફરી એક વાર મૂળ નાયક અને અન્ય પ્રતિમાઓનું ઝીણવટપૂર્વક અવલોકન કર્યું.

દર્શન-ચૈત્યવંદન કરી અમે બહાર નીકળ્યા. આ મંદિરમાં બહારના ભાગમાં સંસ્કૃતમાં એક શિલાલેખ છે. તે મુજબ વિ. સં. ૧૭૫૭માં, એટલે આજથી બરાબર ત્રણસો વર્ષ પૂર્વે, મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો. મળતી માહિતી પ્રમાણે એ દિવસોમાં મંદિર નષ્ટપ્રાય: થઈ ગયું હતું, ભગ્નાવશેષ મંદિરની અંદર પ્રતિમાજી અખંડિત રહ્યાં હતાં. દર્શનપૂજા બંધ થઈ ગયાં હતાં. જૈનોની વસતિ રહી નહોતી. એ દિવસોમાં દિગંબર આચાર્ય ૧૦૮ શ્રી સુરેન્દ્રકીર્તિ પોતાના શિષ્યો સાથે આ વિસ્તારમાં વિચરતા હતા. તે વખતે આચાર્યશ્રીએ એવો અભિગ્રહ ધારણ કરેલો હતો કે ક્યાંક જિનપ્રતિમાનાં દર્શન કરીને પછી આહાર લેવો. પણ આ વિસ્તારમાં એમને જિનપ્રતિમાનાં દર્શન કરવા મળ્યાં નહિ, એટલે ઉપવાસ ઉપર ઉપવાસ થતા જતા હતા. એમ વિચરતાં વિચરતાં તેઓ હિન્ડોરિયા ગામે પધાર્યા ત્યારે, ગ્રામલોકોએ કહ્યું કે થોડે દૂર પહાડ ઉપર ખંડિયેરમાં જિનપ્રતિમા છે. તેઓ પહાડ ઉપર પહોંચ્યા. ત્યાં આસપાસના પથરાઓ ખસેડ્યા અને ભગ્નાવશેષ મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ્યા ત્યારે આદિનાથ ભગવાનની ભવ્ય વિશાળ પ્રતિમા એમણે નિહાળી. તેઓ ગદ્ગદ્ થઈ ગયા. તેમનો અભિગ્રહ પૂરો થયો. એમણે તે ક્ષણે જ આ પ્રતિમાની ફરીથી પ્રાણપ્રતિષ્ઠા કરાવવાનો દૃઢ સંકલ્પ કર્યો. એ માટે શ્રેષ્ઠીઓને અને રાજાને વાત કરી. ડુંગર પર હોવાથી કાર્ય ઘણું જ વિકટ હતું અને ખર્ચાળ હતું. પરંતુ એમના શિષ્ય મુનિ સુચન્દ્રકીર્તિ અને બ્રહ્મચારી નેમિસાગરજીએ આ કાર્યની જવાબદારી ઉપાડી લીધી અને વખત જતાં કાર્ય પૂર્ણ કર્યું.

મંદિરનો જીર્ણોદ્ધાર થયો તેમાં એક મહત્ત્વની ઘટના બની. આ પ્રદેશના મહારાજા છત્રસાલનો હીરાની ખાણ માટે પ્રખ્યાત એવો પન્નાનો પ્રદેશ દુશ્મન રાજવીએ પડાવી લીધો હતો. એથી છત્રસાલ બહુ ખિન્ન અને ઉદાસીન રહેતા હતા. એવામાં આ બડે બાબાની મૂર્તિ ચમત્કારી

છે એવી વાત એમના કાને આવી. તેમણે અહીં આવી ઋષભદેવ ભગવાનનાં દર્શન કર્યાં. તેઓ પ્રતિમાથી પ્રભાવિત થઈ ગયા. એમણે તે જ વખતે માનતા માની કે જો પોતાનો પન્નાનો પ્રદેશ પાછો જીતવા મળે તો પોતે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવશે. પછી તો જાણે ચમત્કાર જ થયો હોય તેમ બહુ થોડા સમયમાં જ છત્રસાલ રાજાએ પન્નાનો પોતાનો પ્રદેશ પાછો જીતી લીધો. આથી એમની શ્રદ્ધા એકદમ વધી ગઈ. પોતાની માનતા પૂરી કરવા માટે એમણે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. પ્રતિષ્ઠા પ્રસંગે મહારાજા છત્રસાલ પોતે કુંડલપુર પધાર્યા હતા. એમણે મંદિર માટે પિત્તળનો બે મણ વજનનો ઘંટ કરાવી આપ્યો. વળી છત્ર, ચામર તથા અન્ય ઉપકરણો સોના-ચાંદીનાં કરાવીને ભેટ આપ્યાં. તદુપરાંત એમણે ડુંગર પર ચડવા માટે પથ્થરનાં પગથિયાં બંધાવી આપ્યાં અને નીચે જે સુંદર તળાવ છે, તેમાં બારે માસ નિર્મળ નીર રહે એ માટે એને ફરતી પથ્થરની પાકી મોટી, કલાત્મક પાળી બંધાવી આપી અને એનું 'વર્ધમાન સાગર' નામ રાખવામાં આવ્યું. આથી મંદિરની રમણીયતા અત્યંત વધી ગઈ. અત્યારે જે સ્વરૂપે આ તીર્થ દેખાય છે તેનો યશ ત્રણસો વર્ષ પહેલાં થઈ ગયેલા છત્રસાલ રાજાને જાય છે. મંદિરના શિલાલેખમાં આ ઘટનાનો નિર્દેશ છે. ત્યારથી દર વર્ષે મહા મહિનામાં અને દિવાળીમાં અહીં મેળો ભરાય છે અને ઉત્સવ થાય છે. જે મંદિરમાં અને એના ભગવાનમાં રાજાને શ્રદ્ધા હોય તેમાં આમપ્રજાને પણ હોય એ સ્વાભાવિક છે. એટલે જ બડે બાબા સૌના દેવ છે. બધી કોમના લોકો અહીં દર્શન કરવા આવે છે અને શ્રદ્ધાપૂર્વક માનતા માને છે.

બડે બાબાની પ્રતિમા કેટલી પ્રાચીન છે એ વિશે કોઈ પ્રમાણભૂત નિશ્ચિત મત નથી. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે આ મંદિર ઇસવીસનની આઠમીથી નવમી શતાબ્દી જેટલું એટલે કે લગભગ બારસો વર્ષ પ્રાચીન છે. શિલ્પશૈલીની દૃષ્ટિએ કેટલાક વિદ્વાનો એને દસમીથી બારમી શતાબ્દી વચ્ચેના કાળનું માને છે. બીજી બાજુ પાંચમી શતાબ્દીમાં થઈ ગયેલા પૂજ્યપાદ સ્વામીએ 'નિર્વાણભક્તિ' નામની સંસ્કૃતમાં જે કૃતિની રચના કરી છે તેમાં 'કુંડલ' નામના સ્થળનો તેમણે નિર્દેશ કર્યો છે. એ સ્થળ જો આ જ હોય અને પૂજ્યપાદ સ્વામીનો કાળ પાંચમી શતાબ્દીનો હોય તો આ મંદિર પંદરસો વર્ષ જેટલું પ્રાચીન છે એમ મનાય. ગમે તેમ, પણ આ મંદિર બારસોથી પંદરસો વર્ષ પ્રાચીન છે. વચમાં ઘણાં કાળ સુધી તે ભગ્ન હાલતમાં દટાયેલું, અપૂજ રહ્યું હશે, પણ ઋષભદેવ ભગવાનનાં પ્રતિમાજી અખંડિત રહ્યાં છે. મુસલમાનોના આક્રમણ વખતે આ વિસ્તારમાં ઘણાં હિંદુ અને જૈન મંદિર ખંડિત કરવામાં આવ્યાં. પણ સદ્‌ભાગ્યે આ મંદિર બચી ગયું છે.

કુંડલગિરિનું આ તીર્થ અતિશય ક્ષેત્ર તરીકે મનાતું હતું. પરંતુ ત્યાર પછી થયેલાં સંશોધન મુજબ ભગવાન મહાવીર સ્વામીના અંતિમ કાળના એક મુનિવર શ્રીધર કેવળી આ પ્રદેશમાં વિચર્યા હતા અને આ સ્થળે નિર્વાણ પામ્યા હતા એટલે કે સિદ્ધગતિને વર્યા હતા. એટલે આ તીર્થ સિદ્ધક્ષેત્ર તરીકે પણ સુપ્રસિદ્ધ છે. અહીં બડે બાબાના મંદિરના પ્રાંગણમાં શ્રીધર કેવળીની ચરણપાદુકાની સ્થાપના થયેલી છે.

બડે બાબાના મંદિર માટે એક દંતકથા એવી છે કે પાસેના પટેરા ગામમાં એક વેપારી રહેતો હતો. તે રોજ પોતાનો માલસામાન ખભે ઊંચકી પહાડ ઓળંગી બીજી બાજુ આવેલા ગામોમાં વેચવા જતો. એ પહાડ ઉપર જમીનમાં એક પથ્થર કંઇક એવો થોડો બહાર નીકળેલો હતો કે જતાં આવતાં માણસને ઠોકર વાગે. આ વેપારીને પણ કેટલીક વાર એવી રીતે ઠોકર લાગેલી. આથી એણે એક દિવસ નિર્ણય કર્યો કે એ પથ્થર ખોદાવી નાખવો. એણે પોતે પ્રયત્નો કર્યા પણ પથ્થર નીકળ્યો નહિ. એટલે એ ગ્રામવાસીઓને બોલાવી લાવ્યો. તેઓ બધાએ ખોદકામ કર્યું પણ છેવટે થાકી ગયા, પણ પથ્થર નીકળ્યો નહિ કે જરા પણ હાલ્યો નહિ. એવામાં એક રાત્રે તે વેપારીને સ્વપ્નમાં એક દેવે દર્શન આપ્યાં અને કહ્યું કે એ પથ્થર નથી પણ જિનેશ્વર ભગવાનની મૂર્તિ છે. બહાર નીકળેલો પથ્થર એ એમનું છત્ર છે. તું પ્રતિમાને લાવીને તારા ગામમાં પ્રતિષ્ઠા કરાવ. તું તારું ગાડું લઇને ડુંગર પર જજે. મૂર્તિ સ્વયમેવ એમાં બિરાજમાન થઈ જશે. પછી તું એને વાજતે ગાજતે તારા ગામે લઈ આવજે. પણ યાદ રાખજે ગામમાં આવે ત્યાં સુધી પાછું વાળીને તું જોતો નહિ. જોયું તો મૂર્તિ ત્યાં જ સ્થિર થઈ જશે.' વેપારી એ પ્રમાણે ગાડું લઇને ગયો. મૂર્તિ જમીનમાંથી નીકળીને પોતાની મેળે ગાડામાં બિરાજમાન થઈ ગઈ. વેપારી મૂર્તિ લઈને આવતો હતો તે વખતે દેવ-દેવાંગનાનાં નૃત્ય-સંગીતનો એટલો મધુર અવાજ આવવા લાગ્યો કે વેપારીથી રહેવાયું નહિ. એણે પાછું વળીને જોયું. એટલી વારમાં દેવો-દેવાંગનાઓ અદૃશ્ય થઈ ગયાં. ગાડું ત્યાં જ ઊભું રહી ગયું અને મૂર્તિ ત્યાં જ સ્થિર થઈ ગઈ. બડે બાબાની મૂર્તિ જ્યાં હતી ત્યાં જ રહી ગઈ.

આ મંદિર અને મૂર્તિ માટે બીજી એક દંતકથા એવી છે કે ધર્મઝનૂની, મૂર્તિભંજક મોગલ બાદશાહ ઔરંગઝેબ મધ્ય ભારતમાં ગયો અને ઠેર ઠેર હિંદુ અને જૈન મૂર્તિઓ ભગ્ન કરાવતો કરાવતો એક દિવસ આ વિસ્તારમાં આવ્યો. ત્યાં બડે બાબાના પ્રશસ્તિ સાંભળીને એ તોડાવવાનો એણે સંકલ્પ કર્યો. બડે બાબાની મૂર્તિ તોડવા માટે એણે સૈનિકોને હુકમ કર્યો. સૈનિકોએ મૂર્તિ તોડવા માટે એક જગ્યાએ જોરથી હથોડો માર્યો. મૂર્તિમાંથી એક નાની કરચ ઊડી અને ઔરંગઝેબના પગ આગળ પડી. ઔરંગઝેબ એથી ડઘાઈ ગયો. એ વખતે મૂર્તિના પગના નખમાંથી દૂધની ધારા વહેવા લાગી. એ જોઈ ઔરંગઝેબ આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે મૂર્તિની પાસે જવા માટે પગ ઉપાડ્યા કે તરત અસંખ્ય મધમાખીઓ ઊડી અને ઔરંગઝેબને તથા એના સૈનિકોને ડંખ દેવા લાગી. બધા ચીસાચીસ કરતા દોડવા લાગ્યા. સૈનિકો સહિત ઔરંગઝેબ ભાગી ગયો. એને થયું કે આ મૂર્તિનું ખંડન કરવાનું જોખમ વહોરવા જેવું નથી. એટલે મૂર્તિ અખંડિત રહી ગઈ.

બડે બાબાનો ચમત્કારિક મહિમા છે. અનેક લોકોને એવા અનુભવો થયા છે.

મંદિરમાં દર્શન કરી અમે આસપાસ ફર્યા. પહાડ ઉપરથી નીચે વિહંગાવલોકન કરવાથી સમગ્ર તીર્થક્ષેત્રનો વધુ સરસ ખ્યાલ આવે છે. પર્વત કુંડલાકાર છે અને નીચે જલાશય છે એથી એની રમણીયતાનો વાસ્તવિક અનુભવ થાય છે. પહાડ ઉપર આવીએ ત્યારે જ સમજાય છે કે ઉપરથી નિહાળ્યા વગર તીર્થદર્શન અધૂરું રહે છે.

કુંડલપુરમાં પહાડ ઉપર બડે બાબાના મુખ્ય મંદિર સહિત છૂટાં છવાયાં નાનાં મોટાં કુલ ત્રેસઠ મંદિરો છે. તથા ગુપ્તકાલીન અંબિકા મઠ, રુક્મિણી મઠ વગેરે છે. જટાદાર વૃક્ષો અને વનરાજિવાળો આ હરિયાળો પહાડ શ્વેત રંગનાં મંદિરોને લીધે અનોખું સૌન્દર્ય ધારણ કરે છે. વળી તળેટીમાં આવેલા કેટલાંક મંદિરોનું વર્ધમાનસાગરમાં જે સુરેખ પ્રતિબિંબ પડે છે તે એક એવી અનોખી લાક્ષણિકતા ધારણ કરે છે કે જાણકાર માણસો એ દૃશ્ય જોતાં જ કહી આપે કે, આ કુંડલગિરિનું દૃશ્ય છે. એવી જ રીતે 'બડે બાબા'ની પ્રતિમા પણ અદ્વિતીય અવિસ્મરણીય છે. એ જોતાં જ મન કહી આપે કે આ કુંડલગિરિના 'બડે બાબા' છે.

છેલ્લાં કેટલાક વર્ષથી કુંડલપુર-કુંડલગિરિ તીર્થ વધુ પ્રકાશમાં આવ્યું છે. વીસમી સદીના મહાન દિગંબર આચાર્ય, ચારિત્ર ચક્રવર્તી શ્રી

શાન્તિસાગરજી મહારાજની પરંપરા થયેલા આચાર્ય શ્રી જ્ઞાનસાગરજીના પટ્ટશિષ્ય વર્તમાન આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મહારાજે ઇ. સ. ૧૯૭૬માં આ કુંડલગિરિમાં પ્રથમ ચાતુર્માસ કર્યું અને ત્યાર પછી પણ એમણે કેટલાંક ચાતુર્માસ આ તીર્થ ભૂમિમાં કર્યા. ત્યારથી આ તીર્થક્ષેત્ર વધુ વિકાસ પામ્યું છે. અહીં વિવિધ પ્રકારનાં નિર્માણ કાર્યો થયાં છે અને 'બડે બાબા'નું નૂતન ભવ્ય જિનાલય બાંધવાની યોજના પણ ચાલુ થઈ ગઈ છે.

આચાર્ય શ્રી વિદ્યાસાગરજીના એક શિષ્ય મુનિશ્રી ઉત્તમસાગરજી મહારાજે બડે બાબાના ચાલીસા, અષ્ટપ્રહારી પૂજા, પંચકલ્યાણક પૂજા આરતી, જયમાલા વગેરેની રચના કરી છે.

આ તીર્થના બધાં જ મંદિરોનાં દર્શન કરવા જેટલો સમય અમારી પાસે નહોતો. અલબત્ત, તળેટીનાં આવેલાં બધાં જ મંદિરોમાં અમે દર્શન કર્યાં. કેટલાંક મંદિરો નાનાં નાનાં છે. પહાડ ઉપર જતાં આવતાં વચ્ચે આવેલાં કેટલાક મંદિરો બપોરનો સમય હોવાથી બંધ હતાં. એક બડે બાબાનાં દર્શન કર્યા એટલે બધું જ આવી ગયું.

તીર્થસંકુલની બહાર એક જૈન ભોજનાલયમાં ભોજન કરી અમે જબલપુર પાછા જવા નીકળ્યા. તડકો નીકળ્યો હતો, પણ વાતાવરણમાં ઠંડક હતી. સડક સાધારણ સારી હોવાને લીધે અડધો રસ્તો તો સારી રીતે કપાઈ ગયો. પછીથી ખાડાવાળો રસ્તો ચાલુ થયો. વાહનની ગતિ મંદ પડી. પણ હવે ઘરે જ પહોંચવાનું હતું એટલે મોડું વહેલું થવાની ચિંતા નહોતી.

અમે વેળાસર જબલપુર પહોંચી ગયા. જે તીર્થયાત્રા માટે સંજોગો નહિવત્ હતા તે તીર્થયાત્રા આનંદોલ્લાસ સાથે સંપન્ન થઈ એમાં જાણે બડે બાબાના હુકમે કામ કર્યું હોય એવી કૃતજ્ઞતાની લાગણી અમે અનુભવી.

બડે બાબાનાં દર્શન એ અમારા માટે જીવનનું એક સંભારણું બની ગયું.

☐ રમણલાલ ચી. શાહ

# ભિખારી : એક ભવિષ્ય-દર્શક આયનો

**☐ આચાર્ય વિજયપૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ**

ભવિષ્યદર્શક કોઈ ગોળો, કાચ, આયનો કે દર્પણ હોય, તો આપણે એને કેટલો બધો આવકાર આપીએ ? એ જો ઘરઆંગણે આપોઆપ આવી ગયેલ હોય, તો તો આપણે એને વધાવી લીધા વિના રહીએ જ નહિ, પણ જો બજારમાં ય એ મળતો હોય, તો પૈસા ખર્ચીને પણ એને લઈ આવવામાં આપણે આળસ કરીએ ખરા ? નહિ જ ને ? તો પછી ઘરઆંગણે આવેલા ભિખારીને આપણે જાકારો કઈ રીતે આપી શકીએ?

આ પ્રશ્નની સામે આશ્ચર્યથી ભરપૂર એવો એક પ્રતિપ્રશ્ન જાગ્યા વિના નહિ જ રહે કે, ભવિષ્યદર્શક ગોળાની આ વાતને અને ભિખારીના આગમનને વળી શો સંબંધ છે ? જેથી આવી સરખામણીભર્યો સાચો સવાલ કરવો કઈ રીતે વાજબી ગણાય ?

ભવિષ્યદર્શક ગોળો અને આંગણે આવેલા ભિખારી વચ્ચે એક દૃષ્ટિએ સાચી સમાનતા રહેલી જ છે. એ સમાનતાનું પ્રત્યક્ષ દર્શન કરાવતાં એક સુભાષિત કહે છે કે, આંગણે ઉપસ્થિત ભિખારી ભિક્ષા લેવા નહિ, બોધ દેવા આવે છે. ભિક્ષા માંગવાને બહાને એ એવો બોધ આપતો હોય છે કે 'ભાઈઓ ! તમે સદા આપતા રહો, પૂર્વ ભવમાં અમે ન આપ્યું, એનું પાપ અત્યારે કઈ રીતે ફૂટી નીકળ્યું છે, એ તો તમે અમારો દેદાર જોઈને જ કલ્પી શકો છો. તમારે આવું ભાવિ સરજાવા ન દેવું હોય તો હવે દાનવીર બની જાવ !'

આટલી વાત પરથી હવે ભિખારી અને ભવિષ્યદર્શક ગોળા વચ્ચેની સમાનતાની થોડીક ઝાંખી તો થવા પામી જ હશે ? એ ઝાંખીને હવે જરા વધુ સ્પષ્ટ સ્વરૂપમાં નિહાળીએ. ભાવિદર્શક ગોળામાં જેમ આપણે આપણું ભવિષ્ય જોઈ શકીએ છીએ, એમ ભિખારી ય આપણા ભાવિનો દર્શક બની શકે એમ જ છે. જો આપણે છતી લક્ષ્મીએ કૃપણ જ રહીએ અને કરોડપતિ ગરીબનું જીવન જીવીએ, તો આપણી આજ પછીની આવતીકાલ કેવી હશે ? એ સામે ઉપસ્થિત ભિખારીના દેદાર ઉપરથી આપણે સારી રીતે કલ્પી શકીએ એમ છીએ.

ગત ભવોમાં આવી કૃપણતા અપનાવ્યાના પરિણામસ્વરૂપે વિપાક તરીકે તો ભિખારીને આ ભવમાં ચપ્પણિયું પકડવાનો અવસર આવ્યો, તો આપણે પણ જો આ ભવમાં આવી કૃપણતાની ચૂંગાલમાંથી છૂટીને દાતા ન બની શકીએ, તો આવા વિપાકમાંથી આપણે ય કઈ રીતે છટકી શકવાના ? એથી કૃપણ-અદાતા તરીકેનું આપણું જીવન આપણી આવતીકાલનું દર્શન ભિખારીનું જીવન ભવિષ્યદર્શક ગોળો બનીને સારી રીતે કરાવી શકે છે.

ભિખારી કદાચ આપણી પાસેથી બટકુ રોટલો લઈ જતો હશે, પણ આના બદલામાં કેટલો કિંમતી બોધ એ આપણને આપી જાય છે ! પોતાના જીવનની કંગાળતા છતી કરવા દ્વારા એ એવો બોધ આપે છે કે, ગયા ભવમાં અમે કૃપણ જ રહ્યા, તો આવી કંગાળતા આજે પામ્યા. માટે આવી કંગાળતા જો તમને પસંદ ન હોય, તો હવે દિલના દરિયાવ બનીને આંગણે આવેલાને હેતથી હૂંફ આપતા રહેજો !

આ બોધ આપણે જો ગ્રહણ કરી લઈએ, તો આપણી આવતીકાલ ભિખારી કરતાં સાવ જ વિપરીત હોવાની, એ ય આપણે ભિખારીના માધ્યમે કલ્પી શકીએ એમ છીએ. જો આ સુભાષિતનો સંદેશ આપણને ગમી જાય, તો તો આજ પછીની આવતીકાલ થોડા વર્ષો બાદ કદાચ એવી ઊગે કે, ભિખારીને શોધવા માટે ધોળે દહાડે સૂરજનો પ્રકાશ લઈને આપણને નીકળવું પડે અને તો યે કદાચ ભિખારીની શોધ નિષ્ફળ જ રહે, કેમ કે શ્રીમંતોની આલમ જો ભિખારીને ભવિષ્યદર્શક ગોળાની જેમ અંતરથી અપનાવવા ને આવકારવા માંડે, તો ધીમે ધીમે ભિખારીની માંગણવૃત્તિ જ ખતમ થઈ જાય, સંતોષથી એનું જીવન છલકાઈ ઊઠે અને દિલથી કદાચ એ ભિખારી જેવો જણાય, પણ દિલથી તો એ અમીરનો ય અમીર બની ગયો હોય !

આવી અમીરાત જ્યાં વ્યાપક બનવા માંડે, ત્યાં પછી ભિખારીને શોધવા નીકળવું પડે, એ આશ્ચર્ય ન ગણાય. ભિખારી તરીકેની આવતી-કાલને આપણા જીવનમાં ક્યારેય ઉગવા ન દેવી હોય અને ભિખારી તરીકેની સામી વ્યક્તિની તારાજ-આજને કાયમ માટે દેશવટો અપાવીને ત્યાં નવો આજનો સૂર્ય ઉગાડવો હોય, તો સુભાષિતના આ સંદેશને વહેલી અને પહેલી તકે સૌ કોઈએ જીવનમાં જીવી જાણવા સંકલ્પ-બદ્ધ બનવું જ રહ્યું.

**સંયુક્ત અંક**

'પ્રબુદ્ધ જીવન'નો આ અંક ઑક્ટોબર, ૨૦૦૧ અને નવેમ્બર, ૨૦૦૧નો અંક સંયુક્ત અંક (૧૦ અને ૧૧) છે તેની નોંધ લેવા વાચકોને વિનંતી.

☐ તંત્રી

# સાહિત્યમાં નીતિવાદ

☐ પ્રૉ. જશવંત શેખડીવાળા

'સાહિત્ય'નો અર્થ 'લલિત સાહિત્ય' કરી, અહીં સાહિત્યમાં નીતિવાદ વિશે ચર્ચા-વિચારણા કરવાનો મારો ઉપક્રમ છે. લલિત સાહિત્યમાં મુખ્યત: કવિતા, નાટક, નવલકથા અને ટૂંકીવાર્તાનાં સ્વરૂપોનો સમાવેશ થાય છે.

લેખક યા કવિ તેની અનુભૂતિ અને કલ્પનામાંથી સાહિત્યકૃતિનું સર્જન કરે છે. તેમાં તેનાં અનુભવ, દર્શન, શ્રવણ, વાચન, સંસ્કાર, શિક્ષણ, વિચાર, આદર્શ-ભાવનાનો યોગ થાય છે. અતિ સંવેદનશીલ યા અતિ બૌદ્ધિક, રુઢિચુસ્ત કે પ્રગતિશીલ, શ્રદ્ધાળુ કે શંકાશીલ, આદર્શવાદી કે યથાર્થવાદી સ્વભાવના સર્જકની વિશિષ્ટ જીવનદષ્ટિ તેની કૃતિમાં, પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે, આછા યા ઘેરા રૂપમાં, અવશ્ય આકારિત થાય છે. તે રીતે, નીતિ-સદાચારવાદી લેખકના નૈતિક મનોવલણનું પ્રતિબિંબ તેની કૃતિમાં પડે, એ સ્વાભાવિક છે.

ગુજરાતીમાં, ભારતની અન્ય ભાષાઓમાં તેમજ યુરોપીય ભાષા-સાહિત્યમાં, લેખકની અમુક નૈતિક માન્યતાઓ યા શ્રદ્ધાનું પ્રતિબિંબ ઝીલતી, નીતિવાદી સાહિત્યકૃતિઓ લખાઈ છે. તેવી કૃતિઓનો પુરસ્કાર કરનાર પ્લેટો, મેથ્યુ આર્નોલ્ડ, આનંદશંકર ધ્રુવ વગેરે જેવા અનેક સુપ્રતિષ્ઠ વિવેચકો પણ નીકળ્યા છે; તેમ છતાં ગુજરાતમાં, દેશમાં કે વિદેશોમાં ક્યાંય સાહિત્યક્ષેત્રે કોઈ નીતિવાદી આંદોલન જાગ્યું નથી કે નીતિવાદી સાહિત્યનો કોઈ યુગવિશેષ પ્રવર્ત્યો નથી. પરંતુ નીતિવાદી કહેવાય તેવી સાહિત્યકૃતિઓ તો સર્વત્ર પ્રસંગોપાત્ત મળતી રહી છે.

સાહિત્યમાં નીતિવાદ વિશે ચર્ચા કરતાં પહેલાં 'નીતિવાદ' શું, તે સમજી લેવું આવશ્યક છે. નીતિવાદ શબ્દ 'નીતિ' અને 'વાદ' શબ્દોના યોગથી સર્જાયો છે. નીતિ સંસ્કૃત તત્સમ શબ્દ છે. તે 'લઈ જવું' 'દોરવું' એવા અર્થના દ્યોતક ની્ ધાતુ પરથી વ્યુત્પન્ન થયો છે. તેથી, તેનો વ્યુત્પત્તિમૂલક અર્થ થાય: જે દોરી જાય તે, જે આગળ લઈ જાય તે. અર્થાત્ જીવનને જે સન્માર્ગે દોરી જાય, જીવનનો જે ઉત્કર્ષ કરે તે 'નીતિ'. નીતિનો આવો સિદ્ધાંત તે 'નીતિવાદ'.

પરંતુ નીતિ સંજ્ઞાનો આ એક જ અર્થ નથી. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, શબ્દાર્થકોશોમાં 'નીતિ'ના બીજા પણ અનેક અર્થ અપાયા છે, જેવા કે-સદાચાર, ચાલચલગત, ધર્મ પ્રમાણેનું આચરણ, આચરણના ધાર્મિક નિયમ, આચારપદ્ધતિ, વ્યવહારની નીતિ, માર્ગદર્શક નિયમ, સદ્-અસદ્ વિષયક નિયમ, સારા જીવન માટે જરૂરી વિધિ-નિષેધોનું નિરૂપણ કરતા નિયમ, ચારિત્ર્ય-વર્તણૂક-કાર્ય વગેરેને અનુલક્ષી સદ્-અસદ્ અને ખરા-ખોટાનો કરાતો વિવેક વગેરે. આ બધા અર્થોને અનુલક્ષી, 'નીતિ' સંજ્ઞાનો આવો સર્વસામાન્ય અર્થ કરી શકાય: 'વ્યક્તિ અને સમાજના ઉત્કર્ષ માટેના વિધિ-નિષેધમૂલક સામાજિક, વ્યાવહારિક, આચારિક, ધાર્મિક, રાજનૈતિક નિયમો.' આવા નીતિ-નિયમોનું શાસ્ત્ર, તે નીતિશાસ્ત્ર. અંગ્રેજીમાં તેને Ethics યા Moral Philosophy કહે છે.

નીતિવાદી વિવેચકો-લેખકોને મતે આવા નીતિ-નિયમોનું આલેખન સાહિત્યકૃતિમાં નિરૂપિત માનવજીવનની કથામાં અને મનુષ્યોનાં ચરિત્રોમાં થવું જોઇએ. નીતિનું નિરૂપણ કરતી કૃતિ પ્રશંસનીય અને પુરસ્કારપાત્ર; અનીતિનું ચિત્રણ કરતી કૃતિ નિંદનીય અને તિરસ્કારપાત્ર. પરંતુ અહીં એક બાબત બહુ મૂંઝવે તેવી છે: કોના કયા નીતિનિયમોનું યા નૈતિકતા વિશેના ખ્યાલોનું કૃતિમાં નિરૂપણ કરવું જોઇએ ? નીતિનિયમો તો ઘણા, ભિન્નભિન્ન અને અનેક તો પરસ્પર વિરોધી પણ છે ! એક બાજુ, માનવતાવાદી-માનવીય સનાતન નૈતિક નિયમો (સત્ય, પ્રેમ, કરુણા, પરોપકારિતા, ઉદારતા, સ્વાર્પણશીલતા, સહિષ્ણુતા, સમાનતા, બંધુતા, સ્વતંત્રતામાંની માન્યતા અને તેને અનુલક્ષી ઘડાયેલ નિયમો) છે; બીજી બાજુ, સ્થળ-કાળ-જાતિ-કોમ વિશેષને અનુલક્ષી ઘડાયેલ સામાજિક-ધાર્મિક-સાંપ્રદાયિક-કોમી (દા. ત. મૃત પતિ પાછળ ચિતા પર ચડી સ્ત્રીએ 'સતી' થવું, મસ્તકપૂજા, સ્ત્રી માત્રથી દૂરતા, તન-મન-ધન ઉપરાંત પત્નીને ગુરુને સમર્પિત કરી દેવાની અનન્ય ગુરુભક્તિ, મન-વચન-કર્મથી આત્યંતિક અહિંસા પાલન, નિરામિષાહાર, પશુઓનાં બલિદાન દ્વારા પ્રભુપૂજા, ધર્મને નામે અન્યધર્મીની કરાતી કતલ યા વહોરાતી શહીદી, સ્ત્રીનાં લાજ-મર્યાદા-ગૌરવ જાળવવાની ધાર્મિક ફરજને નિમિત્તે તેને ઘરરૂપી પિંજરમાં કે બુરખામાં પૂરી રાખવાની વૃત્તિ-પ્રવૃત્તિ વગેરે) નૈતિક નિયમો છે. લેખકે તેની કૃતિમાં કયા નૈતિક નિયમોનું નિરૂપણ કરવાનું છે ? કયા નૈતિક નિયમોના અનુસરણથી વ્યક્તિ અને સમાજનો ઉત્કર્ષ સાધી શકાશે ?

આ બાબત પરત્વે બીજા પણ અનેક પ્રશ્નો જાગે છે: ક્યાં નીતિનિયમ ઇષ્ટ અને ઉત્કર્ષસાધક તેમજ ક્યાં અનિષ્ટ અને હાનિકર, તે શી રીતે નક્કી કરવું ? તેનો માપદંડ કયો ? જ્યાં અનેક માપદંડ હોય, અને તે બધા જ તેમના સમર્થકો દ્વારા ઉત્તમ અને અનુસરવાજોગ ગણાતા હોય, ત્યાં કયાની પસંદગી શી રીતે કરવી ? સ્થળ-કાળ-પરિસ્થિતિ-ધર્મ-સંપ્રદાય-જાતિ-કોમ અનુસાર ઘણા નીતિનિયમો ભિન્ન હોય છે, તે બદલાતા પણ રહે છે, પરિવર્તન પામેલ સંજોગોમાં તેમાંના અનેક હાનિકર પણ બન્યા હોય છે. (દા. ત. મૃત પતિ પાછળ સ્ત્રીનું 'સતી' થવું, મસ્તક પૂજા, ગુરુચરણે સ્ત્રી સહિત તન-મન-ધન સઘળું સમર્પિત કરી દેવાની ગુરુભક્તિ, આજીવન બ્રહ્મચર્યવ્રતપાલન વગેરે), તોપણ તેમનું અનુસરણ કરવું ? કોઈ કાળે નૈતિકતાનો ઉચ્ચ આદર્શ લેખાતા પણ અત્યારે કેવળ નુકસાનકારક બની ગયેલા નીતિ-નિયમોનો પુરસ્કાર કે પ્રતિષ્ઠા જરૂરી ખરી ? ધાર્મિક-સામાજિક નીતિમત્તા અને માનવતાવાદી માનવીય નીતિમત્તા શું એક છે ? તેમની વચ્ચે વિરોધ હોય ત્યાં કોની પસંદગી કરવી ? લેખકોએ કેવું લક્ષ્ય રાખી, સાહિત્યકૃતિમાં કેવી નીતિમત્તાનું કથા-પાત્રમાં નિરૂપણ કરવું, તે શું નીતિશાસ્ત્રીઓએ નક્કી કરવાનું ?...આવા અનેક વિકટ પ્રશ્ન, નીતિ અને સાહિત્યવિષયક વિચારણા દરમિયાન, ઊભા થાય છે.

ગુજરાતમાં, દેશમાં અને દુનિયામાં આ બાબત પરત્વે દીર્ઘકાળથી પ્રસંગોપાત્ત ચર્ચાઓ થતી રહી છે. પશ્ચિમમાં આવી ચર્ચા લગભગ અઢી હજાર વર્ષથી, છેક પ્લેટો (ઇ.સ.પૂ. ૪૨૮-ઇ.પૂ.૩૪૭)ના સમયથી, ચાલતી આવી છે. પાશ્ચાત્ય વિવેચન પરંપરામાં પ્રથમ વિવેચક લેખાતો પ્લેટો દાર્શનિક હોવાની સાથે નીતિવાદી (Moralist) પણ હતો. તેણે નીતિશાસ્ત્ર વિશે કોઈ સ્વતંત્ર પુસ્તક લખ્યું નથી; પરંતુ તેની ઘણી કૃતિઓમાં-'આઈઓન' (Ion), 'ક્રેતિલસ' (Cratylus), 'ગોર્જિયાસ' (Gorjias), 'ફિદ્રસ' (Phaedrus), 'સિમ્પોઝિયમ' (Symposium), 'રિપબ્લિક' (Republic) વગેરેમાં-તેના નીતિવિષયક વિચારો વારંવાર રજૂ થયા છે. તેમાં 'રિપબ્લિક' પુસ્તકમાં રજૂ થયેલ, સાહિત્યસર્જક-સર્જન-સાહિત્યકૃતિ વિષયક, તેના વિચારો ઘણા ચર્ચાસ્પદ બન્યા છે.

તેના મતે સાહિત્યમાં સત્ય અને શિવ તત્ત્વની પ્રતિષ્ઠા મુખ્ય છે, સૌન્દર્યની પ્રતિષ્ઠા ગૌણ છે. તે પરમ સત્ય એવા 'પ્રત્યય જગત' (World of Ideas)ના સ્વસ્થ બુદ્ધિજન્ય સાચા નિરૂપણને બદલે તેના દૂરના પ્રતિબિંબ એવા ભૌતિક જગતનું, ઈંદ્રિયો દ્વારા આકલન કરી, પોતાની કવિતામાં લાગણીજન્ય અ-સત્ય નિરૂપણ કરતા કવિઓને પોતાના આદર્શ રાજ્યમાંથી હદપાર કરવાની ઇચ્છા પ્રગટ કરે છે-જો કે તેનો વિરોધ કવિઓના કૃતિગત અ-સત્ય નિરૂપણ કરતાં તેના અનૈતિક નિરૂપણ પ્રતિ સવિશેષ છે. હોમર જેવો કવિ તેના 'ઇલિયડ' અને 'ઓડિસી' જેવાં મહાકાવ્યોમાં દેવ-દેવીઓને ક્રૂર, લોભી, ઇર્ષ્યાળુ, વેરવાંછુ, ઝઘડાખોર, કામી આલેખી ભાવકોમાં દેવતાઓ અને ધર્મ તરફ આશંકા, અશ્રદ્ધા અને અણગમો પ્રેરે છે; ભોગ-વિલાસયુક્ત ઉત્સવોનું મોહક નિરૂપણ કરી તેમનામાં ભોગ-વિલાસ માટેની અનિષ્ટ લાલસા જગાવે છે. ટ્રેજેડી નાટકોના લેખકો તેમની કૃતિઓમાં કલહ, હત્યા, વેરભાવના, કૂડકપટ, રોકકળ વગેરેનું નિરૂપણ કરે છે, જેનું દર્શન કરી લોકો (વીર, ધીર, સાહસિક થવાને બદલે) ભીરુ, રોતલ, કાયર બને છે. કોમેડીનાટકો વિદ્રૂપતા, અભદ્રતા, અશિષ્ટ ટીખળથી યુક્ત હોય છે; લોકોમાં તે નિકૃષ્ટ ભાવો, કુરુચિ, અનુશાસનહીનતા પ્રેરે છે. લાગણીના ઉદ્રેકમાંથી સર્જાયેલ કાવ્યો ભાવકની હીન લાગણીઓને ઉત્તેજે છે; તેમની બુદ્ધિને શિથિલ અને ઝાંખી કરી દે છે; તેથી, જીવનના પરમ ચરમ લક્ષ્ય એવા સત્ય અને શિવ તત્ત્વનું સમ્યક્ જ્ઞાન તેમને થઈ શકતું નથી. અર્થાત્ કાવ્ય અને નાટકની પોતાની કૃતિઓ દ્વારા કવિઓ-લેખકો લોકોને લાગણીવેડા, રોતલતા, ભીરુતા, સ્ત્રૈણતા, વિલાસિતા, ઉચ્છૃંખલતા, અભદ્રતા, સંયમશિથિલતા, અનુશાસનહીનતા વગેરેમાં ગ્રસ્ત કરી સમાજને ઘણી હાનિ પહોંચાડે છે. તેથી, તેમને રાજ્યમાંથી હદપાર કરવા જોઇએ. પ્લેટોમાં રહેલ નીતિશાસ્ત્રી સાહિત્ય, સર્જકો, નીતિ વિશે આવા વિચાર પ્રગટ કરે છે. તે આનંદને નહિ પણ ઉપદેશને સાહિત્યમાં પ્રાથમિકતા આપે છે. સાહિત્યનું મૂલ્યાંકન યા અવમૂલ્યાંકન તે ઉપયોગિતાને ધોરણે કરે છે.

પ્લેટો પછીનો બીજો પ્રસિદ્ધ નીતિવાદી વિવેચક મેથ્યુ આર્નોલ્ડ (ઇ.સ.૧૮૨૨-૧૮૮૯) પણ 'જીવન માટે કલા'નો પુરસ્કર્તા અને પ્રચારક છે. તેના મતાનુસાર-સાહિત્ય 'જીવનની સમીક્ષા' છે. કાવ્યનું લક્ષ્ય માનવજીવનની પૂર્ણતાનો બોધ કરાવવાનું, માનવઆત્માનો વિકાસ કરવાનું, સમાજનો ઉત્કર્ષ સાધવાનું છે. કાવ્યમાં મહાન કાર્યોનું, સમુચિત શૈલીમાં, સુસ્પષ્ટ નિરૂપણ થવું જોઇએ. લોકકલ્યાણ અને સંસ્કૃતિવિકાસમાં સાહિત્યકૃતિનું કેવું-કેટલું યોગદાન છે, તેને અનુલક્ષી તેનું નિરીક્ષણ, પરીક્ષણ અને મૂલ્યાંકન થવું જોઇએ. કૃતિમાં નૈતિકતાનું નિરૂપણ હોવું જોઇએ. નીતિવિરોધી સાહિત્ય એટલે જીવનવિરોધી સાહિત્ય; તેનો પુરસ્કાર ન થાય વગેરે...પરંતુ મેથ્યુ આર્નોલ્ડ એવી સ્પષ્ટતા કરે છે કે 'નીતિ' એટલે ધર્મનો ઉપદેશ નહિ, પણ ઉચ્ચ-ઉદાત્ત-શુભંકર-વ્યાપક વિચારો. અલબત્ત, ઉચ્ચ-ઉદાત્ત વિચારો અંગેનો તેનો ખ્યાલ ખ્રિસ્તી ધર્મ-દર્શનથી ઘણો પ્રભાવિત, અને તેથી સંકુચિત છે. ઉદાત્ત વિચારો વિનાનું સાહિત્ય નીતિવિરોધી હોય-જીવનવિરોધી હોય-સાહિત્ય તરીકે હીન કોટિનું હોય, એવી તેની સમજ છે, જે ઉચિત નથી.

'નીતિ' એટલે વ્યાપક માનવીય નીતિમત્તા (સત્ય, પ્રેમ, કરુણા, પરોપકારિતા, સહિષ્ણુતા, સમાનતા, બંધુતા, સ્વતંત્રતા વગેરે ગુણોનું અનુસરણ કરવા પ્રેરે તેવા નીતિનિયમો)-એવો જો તેનો અર્થ હોય અને સાહિત્યમાં તેવી નીતિમત્તાના યોગ માટે આગ્રહ રખાય, તો તેમાં ભાગ્યે જ કોઇનો કશો વાંધો કે વિરોધ હોઈ શકે. પરંતુ તે પણ સત્ય (વાસ્તવિકતા)ને ભોગે તો ન જ થાય. પરંતુ 'નીતિ' વિશેનો બહુમાન્ય ખ્યાલ અને વ્યાવહારિક અનુભવ ઘણુંખરું, પ્રત્યક્ષ કે પ્રચ્છન્ન સ્વરૂપમાં, કોઇક ધર્મ-સંપ્રદાય-સંસ્થા-વર્ગ-જાતિ પ્રેરિત, સ્વાર્થગર્ભ, સંકુચિતતા-અનુદારતા-રૂઢિગ્રસ્તતાના રૂપમાં થાય છે. ('સતી' થવું, મસ્તક બલિ પૂજા, અંધ ગુરુભક્તિ, મન-વચન-કર્મની આત્યંતિક અહિંસા, નિરામિષાહાર, પ્રભુભક્તિ માટે પશુબલિ, ધર્મને નામે વિધર્મીની કતલ યા શહીદી વગેરે આવા સામાજિક-ધાર્મિક નીતિનિયમનાં ઉદાહરણ છે.) ઉપરાંત, પ્રત્યક્ષ જીવન અને જગતમાં સર્વત્ર સર્વદા માનવીય નીતિમત્તા પ્રવર્તતી હોય, યા તેના પાલન માટે આગ્રહ રખાતો હોય, તેવું ભાગ્યે જ જોવા મળે છે. તેથી ઘણા સર્જકો-વિવેચકો-ભાવકો સાહિત્યમાંની તેની સીધી ઉપસ્થિતિ અંગે સાશંક રહે છે, અણગમો સેવે છે; અને તેના આધિપત્યનો ઉગ્ર વિરોધ કરે છે.

આવા સર્જકો-વિવેચકોના એક પ્રતિનિધિરૂપ સુરેશ જોશી જેવા આધુનિક વિદ્વાન તે વિશે, તેમના એક લેખ-'સાહિત્ય અને સુરુચિ' (અરણ્યરુદન)માં, કહે છે કે: સાહિત્ય રુચિ માટે હોય, તે ઠીક છે; પરંતુ તે 'સુરુચિ' માટે હોવું જોઇએ-એવો આગ્રહ અકળાવનારો લાગે છે. 'સુરુચિ નીતિનો જ પર્યાય હોય એવો વહેમ જાય છે.' 'રુચિનો રસાસ્વાદ સાથે સંબંધ છે, નીતિનો સામાજિક વ્યવહાર સાથે. બન્નેનાં લક્ષ્ય જુદાં છે. સાહિત્યમાં રુચિની હીનતા હોઈ શકે, પરંતુ તે 'રસનો અપકર્ષ' કરનાર તત્ત્વની હોય છે; તે 'અનિવાર્યતયા નૈતિક અધમતા કે હીનતા જ નથી હોતી.' 'રસનો અપકર્ષ કરનાર તત્ત્વ કેટલીવાર સર્જકનો નૈતિક આગ્રહ કે ભાવકનો નૈતિક અભિગ્રહ પણ હોઈ શકે.' સાહિત્યકૃતિમાં આવી નીતિ યા નૈતિકતાનું થતું સભાન, સાયાસ અને સ્પષ્ટ સંયોજન તેને નીરસ બનાવી દે. ક. મા. મુનશીએ, આવાં કારણસર, નીતિને સાહિત્યકૃતિના સંદર્ભમાં 'વિષકન્યા' કહી હતી.

ગુજરાતીમાં મધ્યકાળ દરમિયાન આવું નીતિવાદી સાહિત્ય ઠીક ઠીક પ્રમાણમાં સર્જાયું હતું. તત્કાલીન બહુસંખ્ય ધર્મકેન્દ્રી કાવ્યકૃતિઓ નીતિવાદી કહેવાય તેવી છે. પરંતુ તેમાં માનવતાવાદી નૈતિકતાનો બોધ અલ્પ અને ધાર્મિક-સામાજિક નીતિ-સદાચારનો બોધ સવિશેષ પ્રમાણમાં તેમ પ્રગટ રૂપમાં અને વિસ્તારપૂર્વક રજૂ થયો છે. જૈન સૂરિઓ દ્વારા રચાયેલ ઘણાંખરાં રાસા અને ફાગુકાવ્યો તેનાં ઉદાહરણ છે. નીતિ-બોધના ભારણે તેમાં કાવ્યત્વને અનેકવાર હાનિ પહોંચાડી છે. જૈનેતર કવિઓમાં માંડણે પ્રબોધનબત્રીસી'માં અને અખાએ વિશેષત: તેના છપ્પામાં, વ્યક્તિગત તેમજ સામાજિક ઉત્કર્ષ માટે, નીતિ-બોધનું નિરૂપણ કર્યું છે. નાકર, વિષ્ણુદાસ, પ્રેમાનંદ, શામળ વગેરેની કૃતિઓમાં પણ, કવિના પોતાના સંપ્રદાયના સંસ્કારોથી રંગાયેલ, નીતિ-બોધનું સંયોજન પ્રસંગોપાત્ત જોઈ શકાય છે.

અર્વાચીનકાળમાં, સુધારા યુગમાં, નીતિવાદી દલપતરામ પાસેથી નીતિ-બોધયુક્ત અનેક કાવ્યો અને 'મિથ્યાભિમાન' નાટક મળ્યાં છે. ડાહ્યાભાઈ ધોળશાજી જેવાનાં, રંગભૂમિ પર ભજવવા માટે લખાયેલાં અને ભજવાયેલાં, નાટકોમાં પણ નીતિનિયમોનું નિરૂપણ કથાવસ્તુ અને પાત્રોમાં થયેલું જોઈ શકાય છે. પંડિત યુગમાં ગોવર્ધનરામ ત્રિપાઠીએ અર્થ-કામ-ધર્મ-મોક્ષની પ્રાપ્તિમાં માર્ગદર્શક બની રહે તેવો નીતિ-બોધ, અનુરૂપ ચરિત્રચિત્રણ અને કથાવસ્તુ દ્વારા, 'સરસ્વતીચંદ્ર'માં નિરૂપ્યો છે. રમણભાઈ નીલકંઠે 'રાઇનો પર્વત' નાટકમાં તેમને ઇષ્ટ એવી નૈતિકતાનો આદર્શ રજૂ કર્યો છે. ન્હાનાલાલે 'જયાજયંત' અને 'ઈંદુકુમાર' જેવાં નાટકોમાં અમુક ઉચ્ચ આદર્શો અને ભાવનાઓની સાથે (સ્વામીનારાયણી સાંપ્રદાયિક) નીતિ-સદાચારનું પણ આલેખન કર્યું છે.

ગાંધીયુગમાં ર. વ. દેસાઈ અને સોપાને તેમની કેટલીક નવલકથાઓમાં (ભારેલો અગ્નિ, દિવ્યચક્ષુ, ગ્રામલક્ષ્મી; જાગતા રે'જો-માં) જાહેરજીવનમાં પડેલ વિભૂતિઓ માટે આવશ્યક નીતિમત્તા પર ભાર મૂકતું નિરૂપણ કર્યું છે. વર્તમાનકાળમાં દર્શક જેવા નીતિપરાયણ લેખકે નૈતિકતાનાં ઉચ્ચ આદર્શો-ભાવનાઓને મૂર્ત કરતાં મનુષ્યોનાં ચરિત્ર નિરૂપતી-ઝેર તો પીધાં છે જાણી જાણી, સોક્રેટીસ જેવી-નવલકથાઓ લખી છે. ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ જેવા લેખકોની-સોરઠ તારાં વહેતાં પાણી; મળેલા જીવ, માનવીની ભવાઈ જેવી- નવલકથાઓમાં નિરૂપિત પ્રધાન પાત્રો પણ તેમની અમુક ઉચ્ચ નીતિમત્તાને, ગમે તેવી વિકટ-વિષમ પરિસ્થિતિમાં પણ, અંત સુધી વળગી રહેતાં દર્શાવાયાં છે. ગાંધીવાદી નીતિમત્તાનું ઓછુંવત્તું નિરૂપણ ગાંધીયુગીના અનેક કાવ્યો-વાર્તાઓ-નવલકથાઓ-નાટકોમાં જોવા મળે છે.

સાહિત્યકૃતિઓમાં, આમ, નીતિમત્તાનું અને નૈતિક સમસ્યાઓનું, એક યા બીજા રૂપમાં, હંમેશાં આલેખન થતું રહ્યું છે. વિશ્વસાહિત્યની ઉત્તમ કલાકૃતિઓમાં માનવતાવાદી-માનવીય નૈતિક સમસ્યાઓનું સૂક્ષ્મ, સંકુલ, ઉત્કટ, માર્મિક, વાસ્તવિક, કલાત્મક નિરૂપણ થયેલું જોઈ શકાય છે. કૃતિગત વસ્તુ-પાત્ર-પરિસ્થિતિ-વાતાવરણ-સૂક્ષ્મ સ્ફુટ કાર્ય વગેરેની જીવંત માર્મિક નિર્મિતિમાં આવી નૈતિક સમસ્યાઓના કલાત્મક નિરૂપણનો બહુ મોટો ફાળો હોય છે. પરંતુ કથાવસ્તુ અને પાત્રના જીવંત વેધક હૃદયંગમ ચિત્રણ માટે અનિવાર્ય હોય તેવું-તેટલું જ નૈતિકતાનું નિરૂપણ, સહજ-સ્વાભાવિક લાગે તે રીતે, કૃતિમાં થઈ શકે. કૃતિમાં નીતિમત્તા અને નૈતિક સમસ્યાઓનું નિરૂપણ વસ્તુગત સૂચક-સૂક્ષ્મ-સ્ફુટ ઘટનાઓમાં અને પાત્રોમાં-તેમનાં મનોમંથન, સ્વપ્ન, ભ્રમ-વિભ્રમ, તંદ્રા, ઉદ્‌ગારો, સ્વગતોક્તિઓ, સંવાદો, કાર્યોમાં થવું જોઇએ. લેખકે પોતે તેવું નિરૂપણ સ્વકીય વર્ણનો-ટીકા ટિપ્પણો-વિચારકણિકાઓ-અસંબદ્ધ ચર્ચાઓ દ્વારા ન કરવું જોઇએ. કૃતિનાં કથા-પાત્ર-કાર્ય પર લેખક દ્વારા નીતિમત્તા લદાવી ન જોઇએ. કલાકૃતિમાં નીતિમત્તાનું અને નૈતિક પ્રશ્નોનું નિરૂપણ સાધન તરીકે આવે, સાધ્ય તરીકે નહીં. કૃતિમાં તેમની ઉપસ્થિતિ, ફૂલમાંની સુવાસની જેમ, અનુભવાય ખરી પણ દેખાય નહીં. રૂઢિજન્ય ધાર્મિક-સામાજિક હાનિકારક નીતિનું નિરૂપણ તેના હ્રાસ યા નાશ માટે જ સાહિત્ય કૃતિમાં થાય તે ઇષ્ટ; કૃતિમાં તેવી નીતિનાં પુરસ્કાર યા પ્રતિષ્ઠા ન થાય. પ્રશસ્ય લેખાતી પણ વ્યવહારમાં વિનાશક અ-નીતિ બની ગયેલ કાલગ્રસ્ત નીતિનો જો લેખક તેની કૃતિમાં પુરસ્કાર કરવા જાય, તો કૃતિ અચૂક વણસી જાય. માનવતાવાદી નીતિનું કલાત્મક નિરૂપણ કરતી કૃતિ સ્થળ-કાળની સીમા ઓળંગી સર્વત્ર આવકાર પામે, લોકપ્રિય અને ચિરંજીવ બને. સીમિત અને સંકુચિત ધાર્મિક-સામાજિક નીતિમત્તાનું નિરૂપણ કરતી કૃતિનો પ્રચાર-પ્રસાર સીમિત સ્થળ-કાળમાં થાય અને તે અલ્પાયુષી બને. ❖❖❖

# રૌદ્રમાંથી રમ્ય તરફ...

**□ ડૉ. ગીતાબહેન પરીખ**

કચ્છના ભૂકંપ અંગે મનમાં અનેક જાતનાં ચિત્રો ઉપસતાં હતાં. છાપાંઓમાં ફોટાઓ આવતા તે છતાં સાચી પરિસ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ નહોતો આવતો. તે દરમ્યાન ગુજરાતની 'સેનીટેશન'માં કામ કરતી 'નાસા ફાઉન્ડેશન'ની ટુકડી ભચાઉ જવાની હતી, તેની સાથે મારે પણ ભચાઉ જવાનું થયું; અને નરી-ઉઘાડી આંખે અને ઉઘાડા મને ભચાઉની તારાજીની સ્થિતિ જોઈ, ત્યારે મનમાં અનેક વિચારો એકપછી એક આવતા ગયા કે આ ભીષણ તારાજીમાંથી લોકો કેવી રીતે બેઠા થશે ? તેમનાં ઘરો ક્યારે બાંધશે ? નવેસરથી એક ઘર બાંધવું સહેલું હોય છે, પરંતુ ભંગારમાં પડેલા ઘરમાંથી સારી વસ્તુઓ વીણીને તેમાંથી નવું ઘર કરવું તે ઘણી શક્તિ, સમજ તથા સમય માગી લે છે. છતાં જે થયું એની સંવેદના સાથે નીચેની વાતો જણાવું છું:-

કચ્છમાં ભૂકંપનો 'ભ' અને ભચાઉનો 'ભ' એવા નજીક છે કે ભૂકંપે ભચાઉને પૂરી ભીંસમાં લીધું. કેટલાક સમય પહેલા હું ભચાઉ ગઈ હતી ત્યારે ગયા જાન્યુઆરીમાં થયેલાં ભૂકંપની સંહારશક્તિનું વિનાશકારી દૃશ્ય બરોબર નજરે જોયું હતું. એનો પંજો ભલભલાં મકાનો પર એવો ફરેલો કે એક પણ ઘર રહેવાલાયક બચ્યું નહોતું. કેટલાંક અડધાં તૂટેલાં મકાનોની તીરાડોમાં એની કરુણ લિપિ વંચાતી હતી. એનો ભાંગી પડેલો કાટમાળ એવો હતો કે એને ખસેડવો મુશ્કેલ થાય, અને એ પછી જ ત્યાં નવું ઘર બાંધી શકાય ને ? રસ્તાની બાજુ પર નાનાં-મોટાં તંબુઓ નાંખેલા, એવામાં 'ઉન્નતિ' 'કચ્છી જૈન સમાજ' 'ગ્રામશીલ્પ' વગેરે સંસ્થાઓ રાહતકાર્ય કરી રહેલી-બધે વિનાશના વિષાદની ઘેરી છાયા પથરાઈ ગયેલી. એવી સ્થિતિમાં પણ એક મોટા તંબુમાં કામ-ચલાઉ રસોડું, બીજામાં દવાખાનું તથા હોસ્પિટલ પણ કર્યાં હતાં. એવા એક રસોડે અમને જમવાનું પણ કહેવામાં આવ્યું. પણ એ લોકો જ માંડ-માંડ પામતા હોય ત્યાં અમારે શું ભાગ પડાવવો ? અમે 'ના' જ કહી; બાકી અતિથિ-સત્કારના ભારતીય સંસ્કાર આ પરિસ્થિતિમાં પણ જોવા મળતાં ખૂબ આશ્ચર્ય અને આનંદ થયા.

અહીં આઘાતમાંથી માંડ ઊભી થયેલી બહેનોની વાતો કેવી દુ:ખદ છે ! એક બહેન કહે :

'મારું તો તે દહાડે આખું ઘર પડી ગયું. અરે, આ શું થયું એ સમજું-ના સમજું ત્યાં તો મારી ચાર જ વર્ષની દીકરી પર ઘરનો કાટમાળ પડ્યો, અને એ ત્યાં જ મારી આંખ સામે જ ચગદાઈ ગઈ.' એની આંખના આંસુએ વધુ બોલવા ન દીધી.

બીજાં એક બહેન કહે કે 'આ ફળિયામાં ત્રણચાર ઘર હતાં. ભૂકંપે એ બધાને ભોંયભેગાં કર્યા, અમે અમારો જીવ માંડ માંડ બચાવીને જે હાથ આવ્યું તે લઇને ભાગ્યાં. સીધાં મારે પિયર ગયાં, પણ અરે, પણ ત્યાં પણ બધું એવું જ હતું. એટલે અમે પાછા અહીં જ આવ્યા. પછી બધાંએ મળીને કાટમાળ ખસેડીને આ નાનકડી ઓરડી ઉભી કરી છે. આ બધું અમે જાતે જ હાથ હલાવીને કર્યું છે. એમાં સરકારની કે બીજી કોઈ મદદ મળી નથી.'

આ બહેનના અવાજમાં દુ:ખ સાથે પણ ખુમારી જોતાં મારા મનમાં આશા જાગી. ત્યાંની કામચલાઉ હોસ્પિટલ નજીક એક નર્સબહેન મળ્યા. એની ફરિયાદ હતી કે 'અહીં તો ઘણી મદદ આવે છે, પણ આપણા સરકારી ઑફિસરો એને મન ફાવે તેમ લઈ જાય છે. શું કરવું ? 'વાડ જ ચીભડાં ગળે ત્યાં ફરિયાદ પણ કોને કરવી ?'

વળી બીજા એક ભાઈની કરુણ આપવીતી કેવી છે ! એ કહે, 'આ અમારા આંગણામાં જ ત્રણ માણસો મરી ગયા. અરે, બે-ત્રણ દિવસ સુધી એમની લાશ ત્યાં ને ત્યાં જ પડી રહી, પણ કોઈ ખસેડવા માટે

પણ આવ્યું નહીં. અંતે એને અમે અહીંયા જ બાળી દીધી.'

એ દૃશ્ય યાદ કરતાં એમની આંખે ઝળકમાં આવી જતાં હતા.

આવી કારમી ઘટનાઓની વાતો કરતાં હતા. એ દરમ્યાન એક સામાન્ય પણ મહત્ત્વની સમસ્યા ઊભી થઈ. અમારામાંના એક બહેનને કુદરતી હાજતે જવાની જરૂર પડી. બધે જોયું, પણ ક્યાંય એ માટે સરખી વ્યવસ્થા નહોતી. માત્ર એક મોટું ખોખું જેમ તેમ ઊભું હતું. એની એક બાજુનો પડદો તો ઊડ્યાં કરતો હતો. એ બહેને આ પડદો પકડી રાખીને જેમ તેમ બધું પતાવ્યું, ત્યારે ખબર પડી કે અહીં એક પણ જાજરૂ કે બાથરૂમ નહોતાં. લોકો ખુલ્લામાં જ 'જઈ આવતાં' ને બહેનો બને ત્યાં સુધી અંધારામાં જ જતી હતી. આવો નજીવો પણ આરોગ્ય ને સ્વચ્છતાની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનો પ્રશ્ન પણ ઉકેલવાનો બાકી જ હતો. લોકો કહે છે કે 'ભાંગ્યું તોય ભરુચ', એને બદલે આપણે કહીએ 'ભાંગ્યું તોય ભચાઉ'.

આવી ભાંગી તૂટી જીવન-વ્યવસ્થામાં એક રાત પણ રહેવું મુશ્કેલ હતું. એમાં પણ વરસાદ કે વાવાઝોડામાં આ રહેઠાણો કેટલી ટક્કર ઝીલી શકે ?

આ જોયાં પછી દોઢ-બે મહિને જુન-૨૦૦૧માં અમારે પાછું ભચાઉ જવાનું થયું. હવે અહીં નાની નાની હાટડીઓ થઈ છે. રહેઠાણો થોડાં થોડાં સુધર્યા છે, અને એક મોટું પતરાનું સંકુલ-બાથરુમ-જાજરુ તરીકે બંધાવ્યું છે. 'નાસા ફાઉન્ડેશન' નામની સંસ્થા વતી સૂર્યકાન્ત પરીખ અને એમના સાથીઓએ આ શૌચ-સ્નાન સુવિધા સંકુલ' તૈયાર કરાવ્યું છે. એ મુખ્ય બસ-સ્ટેશન પાસે જ છે. માત્ર દોઢ મહિનામાં તૈયાર થયેલા આ સંકુલમાં બહેનો માટે ૯ જાજરુ ને એક બાથરૂમ કર્યા છે. બીજી બાજુ આ જ રીતે ભાઈઓ માટે બાંધેલાં છે. આમ...બધું થઈને ૨૦ જાજરુ, બાથરૂમ છે. એનો ઉપયોગ બધાં માટે મફત છે. પાણીની છૂટ પણ સારી છે. પરિણામે આ બધું ઘણું સ્વચ્છ છે. અને એની સાફસૂફી દિવસમાં ત્રણવાર કરનારા માટે બે ઓરડીઓ પણ કરી છે. એમાં અત્યારે બે યુગલો બાળક સાથે રહે છે. એમને 'Care takers' કહેવાય છે. એમને રહેવા ઉપરાંત રસોઈની સાધનસામગ્રી પણ આપવામાં આવી છે. એ લોકો ત્યાં રહીને બધું સાચવે છે. જન-આરોગ્ય માટે આવી ગોઠવણી જરૂરી નથી ? આમ ભાંગેલા ભચાઉ માટે આપણી અવગણાયેલી છતાં એવા જ મહત્ત્વની સગવડ ઊભી થઈ છે-'શૌચ સ્નાન સંકુલ' દ્વારા ત્યારે અમે એ સંકુલના ઉદ્‌ઘાટન નિમિત્તે ભચાઉ ગયાં હતાં.

ત્યાં ૬૦-૬૫ લોકો એકઠા થયેલાં. એમાં બહેનો અને બાળકો પણ હતાં. ઉદ્‌ઘાટનની કોઈ ખાસ વિધિ રાખી નહોતી, પરંતુ ત્યાંના ડેપ્યૂટી કલેક્ટર એ માટે આવવાના હતા. એ પહેલાં બધાં ધીમે અવાજે વાતો કરતાં હતાં ત્યારે મેં ફાલ્ગુનીને કહ્યું કે 'આ બાળકોને ગીતો ગવડાવીએ તો કેવું ?' અને ફાલ્ગુનીએ શરુ કર્યું.

'નાનાં અમથાં આજ અમે, પણ કાલે મોટાં થાશું,
અમે ગીત ગગનનાં ગાશું, અમે ગીત ગુલાબી ગાશું.'

અને અમારા આશ્ચર્ય વચ્ચે એ બાળકોએ એ સુંદર રીતે ઝીલ્યું. પછી બીજું ગીત શરુ કરતાં પહેલાં મેં કહ્યું, 'અમે તો ગાયું, પણ તમારું કૈક ગાઓને' અને બાળકો તો તૈયાર ! નાનકડો ઈકબાલ ઊભો થયો. એણે એ (મુસ્લિમો)ના રિવાજ પ્રમાણે માથે કપડું બાંધ્યું. સાથે એની નાની બહેન રુખસાના પણ ઊભી થઈ. રુખસાના કાદવમાં ઊગેલા કમળ જેવી સ્વચ્છ ને સુંદર હતી. બેઉએ એમની નમાજ પઢતી વખતની પ્રાર્થના શરૂ કરી. બીજો કિશોર કબીર પણ એમાં જોડાયો. એનો કંઠ ઘણો મીઠો ને ઘડાયેલો હતો. આ બધાં નામો બતાવે છે કે ત્યાંની વસ્તીમાં મુસ્લિમો પણ હતા. ત્યાં એ બેઉ કોમની મિશ્ર વસતી હતી. બધાં હળી મળીને આ મંડપમાં ગોઠવાયા હતા. ત્યાં આવી પહોંચ્યા-ભચાઉના ડેપ્યૂટી કલેક્ટર મિ. ઝાલા એ ઉપરાંત ઉન્નતિ સંસ્થાના પ્રમુખ બિનોય ચૌધરી અને 'ગ્રામશિલ્પી'ના કુલીનભાઈ પણ આવ્યા હતા. એ બધાંનો આ કામમાં નાસા ફાઉન્ડેશનને સક્રિય સાથ તથા આર્થિક ટેકો પણ મળેલો.

શરૂઆતમાં મિ. ઝાલાએ દીવી પ્રગટાવેલી. મને તથા ફાલ્ગુનીને પણ એક એક વાટ સળગાવવાનું કહેવામાં આવ્યું, પછી અમે બધાંએ નાનકડી પ્રાર્થના 'ૐ તત્સત્' કરી, અને આવેલાં મહાનુભાવોએ ટૂંકામાં સારી વાત કરી. આ નાની ઉદ્‌ઘાટન વિધિ પૂરી થતાં 'નાસા' તરફથી બધાંને ઠંડા પીણાં આપવામાં આવ્યા. બાળકોને તો આ છેલ્લી 'વિધિ' સૌથી વધુ ગમી. (ગમે જ ને ?) આમ કોઈ મધુર આનંદ સાથે એ સમારંભ પૂરો થયો.

આવા પ્રસન્ન વાતાવરણમાં બાળકોએ ગાયેલું 'ગીત ગુલાબી' રણકતું હતું. આવું ગીત અને એ ગાનારાં ગુલાબી બાળકોના ચહેરા પર કંઈક નવું પામ્યાનો ઉત્સાહ છવાયેલો હતો. આ ઉત્સાહ જ સર્જાયેલી રૌદ્રતાને નવજીવનની રમ્યતા તરફ લઈ જશે !

❖❖❖

## 'મંથન'-હાજીપુર અપંગ કન્યા સેવા સંકુલ માટે વધુ આવેલ રકમની યાદી

| | |
|---|---|
| ૧૦૦૦૦૦ | શ્રી પાટણ નિવાસી, હાલ-મુંબઈ સ્વ. આસીતભાઈ તથા સ્વ. રમીલાબહેન રમેશભાઈ ઝવેરીના સ્મરણાર્થે સ્વ. લીલાવતીબહેન હીરાલાલ ઝવેરી પરિવાર તરફથી |
| ૧૫૦૦૦ | શ્રી આશિતા અને કાંતિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦૦૦૦ | શ્રી જયંતીલાલ એસ. શાહ |
| ૯૦૦૦ | શ્રી કમળાબેન શશિકાંત પંત્રાવાળા |
| ૯૦૦૦ | શ્રી ગુણવંતીબહેન ગુલાબચંદ ઝવેરી |
| ૫૦૦૦ | શ્રી પુષ્પાબહેન વી. ધલ્લા |
| ૫૦૦૦ | શ્રી બેબી અવંતિકા શાહના જન્મ નિમિત્તે તેમના દાદીમા શિલ્પા શાહ તરફથી |
| ૩૦૦૦ | શ્રી મનહરલાલ જગમોહનદાસ શેઠ |
| ૩૦૦૦ | શ્રી અમરતલાલ ચુનીલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી ચંપાબહેન અમરતલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી રમેશભાઈ પી. મહેતા (ઉદવાડા) |
| ૩૦૦૦ | શ્રી ઝલક રાકેશ શેઠ |
| ૩૦૦૦ | શ્રી અલ્કેશ ભદ્રકુમાર મેમોરિયલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | મે. અજન્ટા પેપર સેન્ટર |
| ૩૦૦૦ | શ્રી નગીનદાસ ઉત્તમચંદ શાહ હસ્તે ડૉ. અમુલ શાહ |
| ૩૦૦૦ | મે. વી. એ. પરીખ એન્ડ કં. |
| ૩૦૦૦ | શ્રી મોદી ફાઉન્ડેશન ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી સંદિપ કે. મહેતા |
| ૩૦૦૦ | મે. એમ. માર્ટ (મદુરાઈ) |
| ૩૦૦૦ | મે. પરકીન બ્રધર્સ હસ્તે-પ્રાણલાલ ડુંગરશીભાઈ શાહ |
| ૧૦૦૦ | મે. ગીવ એન્ડ ટેઈક (ઇન્ડિયા) |

❖❖❖

# કેટલુંક ચિંતન

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

## (૧) અભણ દાદીની અનુભવવાણી

મારા દાદી-ગંગામા-સાવ અભણ હતાં પણ અજ્ઞાની નહોતાં. ખાસ્સાં ૯૬ વર્ષ જીવ્યાં. મારા પિતાજી ૮૮ સાલ જીવ્યા પણ માતા કે પુત્રે એલોપથીની એક પાઈની પણ દવા ખાધી નથી. ડોશીમાનું ઘરગથ્થુ વૈદુ જ આજીવન અકસીર નીવડયું. મારા મોટાભાઇએ પણ ૮૦ સાલ સુધી આયુર્વેદનું શરણું શોધેલું. એ લોકોની જીવન જીવવાની એવી શૈલી હતી કે ખતરો એમનાથી દૂર રહે ! આહાર, વિહાર, નિહારના ચુસ્ત પાલનથી બધું સમુસૂતરુ ઊતરે.

અભણ દાદી પાસેથી અનુભવના અર્ક જેવી લોકવાણી કે લોક કહેવતો સાંભળી છે તેવી ચાર ભાઇઓની પત્નીઓ, પુત્રવધૂઓ કે પૌત્રવધૂઓ પાસેથી મને ક્યારેય સાંભળવા મળી નથી. પુત્રવધૂઓ અને પૌત્રવધૂઓ તો બધી જ ગ્રેજ્યુએટ, ડબલ ગ્રેજ્યુએટ...પણ કહેવતોના વિનિયોગની બાબતમાં કોઇપણ દાદીને આંબી શકે નહીં. મારાં દાદી જ શા માટે, મને લાગે છે કે સાત-આઠ દાયકા પૂર્વેનાં દાદા-દાદીઓ જેટલી કહેવતોનો યોગ્ય ઉપયોગ કરી શકતાં તેટલો શિક્ષિત દાદા-દાદીઓ કરી શકતાં નથી. ત્યારે અભણોની ભાષામાં પણ કહેવતોના યોગ્ય વિનિયોગથી અભિવ્યક્તિમાં જે સચોટતા આવતી હતી તે શિક્ષિતોમાં આજે જોવા મળતી નથી. ઘણી બધી કહેવતો તો પરંપરાથી ચાલી આવતી પણ એને એના યોગ્ય સંદર્ભમાં પ્રયોજી એમને જીવંત રાખવી ને પોતાનો વ્યવહાર નિભાવવો એનું મહત્ત્વ ઓછું આંકવા જેવું નથી.

અમારી પડોશમાં એક કાશી ડોશી રહે. બિચારાં આંધળાં. દીકરાની વહુ આંધળી સાસુને સારી પેઠે સાચવે...એટલે ગંગામા વહુને કહે : 'વહુ બેટા ! ઠારશો તો ઠરશો.'

ગંગામાના હાથે ભૂત પણ ધરાય. ચા-નાસ્તાથી પતાવવા જેવાઓને પણ પ્રેમથી જમાડે...પછી કહે: 'ઘરનો રોટલો બહાર.' મતલબ કે આપણે ઘરે કોઇને જમાડીશું તો આપણને પણ બહાર જમવા મળશે. ખેતીના કામ માટે બારે માસનો ઉધડિયો રાખવાનો હોય ત્યારે પિતાજી એકદમ રાખી લે પણ ગંગામાની સંમતિ ન મળે. એ તો એને ચાર-પાંચ દિવસ આગ્રહ કરી કરીને જમાડે...જો બરાબર ઝાપટે તો ગંગામાની પરીક્ષામાં પાસ. પછી કહે: 'ખાય તે ધાય.' જે પેટ ભરીને ખાય તે મન મૂકીને કામ કરે. આવી એમની સમજણ. અમો ચારે ભાઇઓ અમારું 'લેશન' કરીએ. દાદીમા બોલે: 'ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે.' અમારી પડોશમાં ભાઇઓ ભાઇઓ વચ્ચે ઝઘડો થાય એટલે ગંગામા કહે: 'એમ કંઈ બુધે માર્યા પાણી જુદાં ન પડે.' કોઈ ઓરમાનમાતા એના શોક્યના સંતાનને સંતાપે એટલે દાદી કહે: 'ઓરમાન ને વેરવાન બંનેય સરખાં' અથવા 'આંગળીથી નખ વેગળા તે વેગળા.' બે શોક્યોના દ્વેષ માટે કહે: 'એક વળગણીએ બે શોક્યોના સાડલા પણ લડે.' શિયાળાની કડાકા લેતી ઠંડીમાં કપાસની કરાંઠીનું તાપણું કરી તાપતા લોકોને કહે: 'ચાલો હવે, તાપ્યું ને આપ્યું કેટલા દિ' નભે?' વ્યવહારમાં કોઈ ઊભો થઈ જઈ લુગડાં ખંખેરી નાખે તો કહે: 'નાગો ન્હાય શું ને નીચોવે શું ?' ગરીબ-ગુરબાં કોઇપણ પ્રકારે કમાણી કરી ઉફાંદ કરે ને ધોતિયામાં સમાય નહીં ત્યારે કહે :-

'બાપ ચઢતો બાવળિયે ને મા વીણતી ડોડી
એના દીકરા ઘોડે ચઢ્યા એ વાત કંઈ થોડી ?'

ગુંદર વીણવા કે બળતણ માટે બાપ બાવળિયે કાંટા ખાતો હતો ને મા વનવગડાની વાડે ડોડીનાં પાન-ફૂલ ને ફળ, વીણી ખાતી હતી એના દીકરા ઘોડે ચઢ્યા-ફુલેકે ફર્યા એ ઓછા ગજબની વાત ગણાય !

પરદેશમાં આજે ચરોતરના છ ગામના પાટીદારોની કન્યાઓ વેસ્ટ ઇન્ડિઝ કે મેક્સીકો-વાસીઓને પરણે છે પણ તળ ચરોતરની કન્યા દેશમાં વાકળ કે ઉત્તર ગુજરાતમાં પરણે તો 'જાયતે વર્ણસંકર !' વર્ષો પૂર્વે, ગામ કે મોસાળના ઠામઠેકાણા વિનાના વરકન્યા પરણતા તો ગંગામા કહેતા: 'મા મૂળો ને બાપ ગાજર.' 'ગરજ સરી એટલે વૈદ્ય વેરી' કે 'નાણાં વિનાનો નાથિયો, નાણે નાથાલાલ.' કહેવતો તો સર્વત્ર પ્રચલિત હતી. ખોટાં લાડમાં મા-બાપ દીકરાને ફટવે એટલે કહે: 'સોનાની કટારી પેટમાં ન ખોસાય.' કોઈપણ જાતની જવાબદારી વિનાના, ન-ફીકરા ફક્કડ ગિરિધારી માટે કહે: 'એને તો આગળ ઉલાળ નથી કે પાછળ ધરાર નથી.' સને ૨૦૦૦ના 'પ્રવાસી'ના દીપોત્સવી અંકમાં પ્રગટ થયેલી મારી એક કવિતા લઇને મારી એક ગ્રેજ્યુએટ પૌત્રવધૂ મારી પાસે આવીને કહે: 'દાદાજી ! તમારી આ કવિતા મને સમજાતી નથી. કવિતાની શરૂઆત આ પ્રમાણેની હતી:

'ગોળા ભેગી અમે ગોફણ ગુમાવી ને
ઘેલાં થયાં રે આખા ગામમાં.'
'આગળ ઉલાળ નહીં, પાછળ ધરાર નહીં
તારને, સાંધ્યા અમે તારમાં.'

આમાં એને 'ગોફણ', 'ઉલાળ' ને 'ધરાર' શબ્દો સમજાતા નહોતા. 'મારાં ગંગા દાદીને એ શબ્દો ને કહેવતો સહજ હતાં !' મારા એક વડવાએ ત્રીસેક રૂપિયા વ્યાજે લીધા હશે. સમય જતાં ત્રણસો રૂપિયા વ્યાજના ભર્યા. દાદી કહે: 'વ્યાજને તો ઘોડાંય ન પહોંચે.' ફળિયામાં કોઈ નાહકનો ઝઘડો કરે તો કહે: 'કૂતરી તો સારાને ય ભસે ને નરસાને ય ભસે !' અથવા 'ભૂગળ વિનાની ભવાઈ' થાય છે.

અમારા ઘરમાં વલોણાને દિવસે બાજરી-મગ, તુવેર, જુવાર કે ઘઉંના 'ટોઠા' કરે. બાજરી-જુવાર કે ઘઉંના 'ટોઠા'માં ઘી-ગોળ હોય એટલે ભાવે, પણ મગ, તુવેર ભાવે નહીં...એટલે ગંગામા મગ સંબંધે બે કહેવાતો સંભળાવે. 'મગ ચલાવે પગ' કે 'મગ કરે ઢગ'...મતલબ કે મગ ખાનાર વધુ ચાલી શકે ને એનાથી ઝાડો ઝાઝો થાય. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી' અથવા 'સો દહાડા સાસુના તો એક દા'ડો વહુનો' કહેવતો તો સર્વત્ર પ્રચલિત. ગામમાં અભણની વસ્તી ઝાઝી. પટલાણીઓ દૂધ ભરે...કેટલા લોટા દૂધ દીધું તેના લીટા ભીંતે કરે એને માટે કહે 'સામી ભીંતે હિસાબ.' હિસાબમાં ભલીવાર ન હોય તો કહે: 'રાતે લુગડે રાંડ પાશેર લઈ ગઈ ખાંડ.' કોઈ છોકરા-છોકરીથી ધાર્યું કામ થાય નહીં ત્યારે કહે: 'હસતો હાળી ને રડતી રાંડ, એનાં કામમાં શો ભલીવાર ?' કે 'હીરો ઘોઘે જઈ આવ્યો.' મારા મોટાં ભાભી સાથે મોટાભાઈ વધુ પડતો ઉદાર વ્યવહાર રાખે એટલે ગંગામા કહે: 'વહુને તો એક આંખે હસાવીએ ને બીજી આંખે રડાવીએ-નહીંતર ધણીને પઈ જાય.' પઈ જાય એટલે પી જાય, ગાંઠે નહીં. આ ઉપરાંત, 'કૂકડીને બોલ્યે વહાણું વાય નહીં', 'દીયર ઉપર દીકરી જણી નથી', 'અજાણ્યા ને આંધળા બરાબર', 'અક્કરમીનો પડિયો કાણો', 'ભલાનું ભલું થાય', 'આપ ભલા તો જગ ભલા',

'આવી મળવા, બેસાડી દળવા', 'આંધળે બહેરું કૂટાય', 'ઉધારની માને કૂતરા પરણે', 'ખેતી એટલે ફજેતી', 'ખોટો તોય ગાંઠનો રૂપિયો', 'ગામને મોઢે ગરણું બંધાય નહીં', 'મા તે મા, બીજા બધા વગડાના વા', 'ઘરના ભૂવા ને ઘરના ઝંઘડિયા', 'ચેતતા નર સદા સુખી', 'છાશમાં માખણ જાય ને વહુ ફુવડ કહેવાય', 'જર, જમીન ને જોરુ, કજિયાના છોરૂ', 'જુવાનીનું રળ્યું, રાતનું દળ્યું, 'ઠોઠ નિશાળિયાને વતરણાં ઝાઝાં', 'દીવા પાછળ અંધારું', 'દુ:ખનું ઓસડ દા'ડા', 'ધરમ કરતાં ધાડ થઈ', ધૂળનો ય ખપ પડે, 'ન બોલ્યામાં નવ ગુણ', 'નાનો તો પણ રાઇનો દાણો', 'પંચ ત્યાં પરમેશ્વર', 'પીળું એટલું સોનું નહીં', 'પૂછતા નર પંડિત', 'સોબત તેવી અસર', 'સોનાં કરતાં ઘડામણ મોંઘું', 'સાસરે સમાય નહીં, પિયરમાં માય નહીં', 'સૂકા ભેગું લીલુંય બળે', 'ધીરજનાં ફળ મીઠાં', 'સમ ખાય તે સદાય જુઠો', 'વાડ વિના વેલો ચઢે નહીં', 'લાડી-પાડી નિવડે વખાણ', 'રાત થોડી ને વેશ ઝાઝા', 'મા પૂછે આવતો, બાયડી પૂછે લાવતો', 'લાલો લાભ વિના લોટે નહીં', 'મુખમેં રામ, બગલમેં છુરી', 'મન ગંગા તો કથરોટમાં ગંગા', 'માગ્યા વિના મા પણ ના પીરસે', 'બાપ તેવા બેટા, વડ તેવા ટેટા', 'બોલે તેનાં બોર વેચાય', 'પેટ કરાવે વેઠ', 'ન બોલ્યામાં નવ ગુણ', 'નેળનાં ગાડાં નેળમાં ન રહે'-આવી આવી અનેક કહેવતો, જુદે જુદે પ્રસંગે, જુદા જુદા સંદર્ભમાં, દાદીમા પાસેથી હું માંડ બારેક સાલનો હતો ત્યારે સાંભળવા મળતી. વળી, અમુક પ્રકારની સ્ત્રીઓ માટેના એમના ખાસ શબ્દો હતા. દા. ત. : ફુવડ, નકટી, નેફા વિનાની, દાધારંગી, છપ્પરપગી, ભલીવાર કે વેતા વિનાની વગેરે વગેરે. આજે ૮૫મે વર્ષે, સ્મૃતિને તેજ કરીને એ બધી કહેવતો યાદ કરું છું ને અંગૂઠા છાપ મારાં ગંગા દાદીને મનોમન વંદન કરું છું. સાચું કહું તો મારા ભાષા-ગુરુ બે: એક ગંગા દાદી ને બીજા મોતી ફોઈ. મારી ભાષામાં જે કંઈ તળપદુ તત્ત્વ છે તેનું શ્રેય દાદી અને ફોઈ ખાતે જમા અને સંસ્કૃત પ્રચુર તત્સમ શબ્દોવાળી પ્રશિષ્ટ ભાષાનું શ્રેય, ગુજરાતી-સંસ્કૃતના મારા ગુરુઓને આભારી છે. એમની ભાષા, એમના અનુભવ-વિશ્વની જાણે કે આરસી ન હોય ! અને એમાં પરંપરાનું પ્રતિબિંબ પણ ક્યાં ઓછું છે ?

## (૨) જેવી ભાવના તેવી સિદ્ધિ

'યાદશી ભાવના તાદશી સિદ્ધિ'-એ સંસ્કૃત-સૂત્રનું આ ગુજરાતી ભાષાન્તર : 'જેવી ભાવના તેવી સિદ્ધિ'-આમ તો સુંવાળા મીઠા શીરાની જેમ લીલયા ગળે ઉતરી જાય એવું લાગે છે પણ ઇષ્ટ ભાવના-સેવનથી માંડીને તે સિદ્ધિને શિખરે પહોંચવા સુધીનો વચગાળાનો સાધનાક્રમ અતિ દુષ્કર છે. ગર્ભજોગી શુકદેવ કે સાંખ્યમતના પ્રણેતા કપિલ મુનિ જેઓ જન્મની સાથે જ જનેતાને ઉપદેશ આપવા લાગે છે, માંડ આઠ વર્ષની વયે વેદાભ્યાસ પૂર્ણ કરનાર આદિ શંકરાચાર્ય કે માંડ અગિયારની વયે જ્ઞાનેશ્વરી ગીતા લખનાર સંત જ્ઞાનદેવની ભાવનાસિદ્ધિની વાતો નિરાળી છે, કેમ જે આવા અપવાદરૂપ કિસ્સાઓમાં એમના પૂર્વજન્મ કર્મના સંસ્કારોના સંક્રમણનું રહસ્ય ગહન રીતે કાર્યરતે હોય છે; પણ સામાન્ય બુદ્ધિ-આંકવાળા સંસારીઓની ભાવનાસિદ્ધિમાં તો પૂર્વજન્મ કર્મ-સંસ્કાર સંક્રમણ ઉપરાંત અવિરત પુરુષાર્થની પણ અનિવાર્યતા હોય છે.

અમીબાથી માંડી આદમ સુધીનો માનવજાતિનો ઉત્ક્રાન્તિક્રમ કેવો તો, રોમહર્ષણ છે અને એમાંય તે એ આદમના ચિત્તમાં, 'તન્મેમન: શિવ સંકલ્પમસ્તુ' એ ભાવનાનો આવિર્ભાવ થવો એ તો, માનવસંસ્કૃતિના ઉત્ક્રાન્તિના ઇતિહાસનું ચરમ ને પરમ શિખર છે. એક રીતે જોવા જઇએ તો માનવચિત્તમાં આ પ્રકારની ભાવનાનો આવિર્ભાવ થવો તે સાવ સ્વાભાવિક પણ છે કેમ જે પ્રત્યેક જીવાત્મા શિવનો જ અંશ છે. બીજી રીતે જોઇએ તો ભાવનાના નાના મોટા અનેક અર્થો થતા હોય છે. દા.ત.: કલ્પના, ધારણા, આસ્થા, અભિલાષા, કામના, લાગણી, પટ, પુટ, અનુશીલન, ધ્યાન, ચિંતન વગેરે...આ બધા શબ્દો ભાવનાના પર્યાયવાચક ન ગણાય, પણ જીવનદષ્ટિના ઘડતરમાં ભાવનાનું શું સ્થાન છે તેના સૂચક તો તે શબ્દો છે જ.

પ્રત્યેક જીવાત્મા આ સંસારમાં જન્મે છે તે પરમાત્માના અમુક સંદેશ કે સંકેતને ચરિતાર્થ કરવા માટે, ધમણની જેમ શ્વસીને શમી જવા માટે નહીં. જાગ્રત જીવો પોતાનું જીવન-કર્તવ્ય સમયસર સમજી જતા હોય છે જ્યારે પ્રમાદી જીવોને ઢંઢોળવાની જરૂર પડે છે.

જન્મ-મૃત્યુના ઘટનાચક્રમાં, ચોર્યાસી લાખ યોનિની વાત કાલ્પનિક હોય કે વાસ્તવિક-એ બહુ મહત્ત્વની વાત નથી પણ વીજળીને ક્ષણિક ચમકારે, આ સીમિત માનવજીવનમાં ઇષ્ટ ભાવનાસિદ્ધિના મૌક્તિક પરોવી જીવનમાળા રચવાની વાત અતિ અગત્યની છે. ભાવનાના કેટલાક પર્યાયમાં આસ્થા-અભિલાષાનો પણ સમાસ કર્યો છે; તો એ, આસ્થા-અભિલાષા શેમાં હોઈ શકે તત્સંબંધે 'પંચતંત્ર'માં એક શ્લોક છે. દા. ત.-'મંત્રમાં, તીર્થમાં, બ્રાહ્મણમાં, દેવમાં, જ્યોતિષીમાં, વૈદ્યમાં અને ગુરુમાં જેની જેવી ભાવના હોય છે તેને તેવી સિદ્ધિ થાય છે. 'ૐ નમો: શિવાય' કે 'શ્રી કૃષ્ણ શરણમ્ મમ' કે જૈનોનો નવકાર મંત્ર કે બૌદ્ધોની બુદ્ધ-સંઘ કે ધર્મને શરણે જવાની વાત...આ સર્વમાં સાધકને સંપૂર્ણ શ્રદ્ધા-આસ્થા હોય તો તે નિષ્ફળ જતી નથી. 'રામ' મંત્ર નિરંતર રટતા રટતાં 'મરા મરા' થઈ ગયું...દેહ પર રાફડો જામી ગયો ને લૂંટને રવાડે ચઢેલ વાલ્મીકિ પરમ મનીષિ બની ગયા ! એ જ ભાવનાને બળે કેવટે રામચરણ પણ પખાળ્યા ને શબરીએ રામદર્શન કર્યું...અરે! શલ્યાની પણ અહલ્યા બની ગઈ ! જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરો થઈ ગયા. તીર્થનો અર્થ થાય છે આરો કે ઓવારો...નદીને પાર કરવાનું સ્થાન-એ નદી તે સંસારરૂપી નદી. જે કોઈ સંસારરૂપી સાગરને પાર કરાવે તે તીર્થ કે તીર્થંકર. જન્મે બ્રાહ્મણ નહીં પણ શીલ અને જ્ઞાનને પ્રતાપે જે સતત વિકાસ પામી બ્રહ્મને પામે છે તેવા બ્રાહ્મણમાં સેવેલી ભાવના ફળતી હોય છે એ જ રીતે દેવ કહેતાં જે પ્રકાશનું દાન કરે છે...તિમિરમાં પણ પ્રકાશે છે તે દેવ. જ્યોતિષશાસ્ત્ર સાચું હોય કે ખોટું પણ શ્રદ્ધાવાનને તે ફળતું હશે. બાકી ગુરુભાવના ભક્તિ પ્રતાપે ભીલકુમાર એકલવ્ય પરોક્ષપણે દ્રોણાચાર્ય ગુરુ દ્વારા ધનુર્વિદ્યા વિશારદ બન્યો અને એમ.એ. થયેલો પૂર્વાવસ્થાનો નરેન્દ્ર એક અભણ ગુરુ રામકૃષ્ણ પરમહંસને પ્રતાપે સ્વામી વિવેકાનંદ બન્યા. મતલબ કે ભાવના, શ્રદ્ધા, આસ્થા જ બળવાન છે ને તે ફળ્યા વિના રહેતી નથી. શરત એટલી કે એ ભાવના શુદ્ધ ને ઉન્નત હોવી જોઇએ ને એને સિદ્ધ કરવાનો સંકલ્પ દઢ હોવો જોઇએ. 'આત્માનું-સગુણ સ્વરૂપનું વર્ણન સત્યકામ, સત્યસંકલ્પ જ છે.'

## (૩) આત્મ-પ્રતારણા

પર્તારણાનો સીધોસાદો અર્થ થાય છે છેતરપિંડી, પણ એનો વ્યાપ પરબ્રહ્મ જેટલો સર્વવ્યાપી અને અનંત છે. માણસની પોતાની જાત સાથેની બે-વફાઈ સાથે જ આત્મ-પ્રતારણાના શ્રીગણેશાય નમ: થાય છે. વ્યક્તિ વ્યક્તિના સંબંધો સહજ રહેતા નથી ને તેમાં લોભનું તત્ત્વ પ્રવેશ પામે છે એટલે માણસ અંતરાત્માનો ટોટો પીસીને પણ આત્મ-પ્રતારણા કરે છે. સાધારણ રીતે એમ કહી શકાય કે જે પ્રજા વાણિજ્ય-પ્રધાન હોય છે તેમાં આત્મ-પ્રતારણા-છેતરપિંડીની માત્રા ઝાઝી હોય

છે. કેમ જે તેની ગીધદૃષ્ટિ વધુમાં વધુ નફા ઉપર મંડાયેલી હોય છે; ને નફાના લોભને કોઈ થોભ હોતો નથી. અને લોભી માણસ કયું પાપ કે કુકર્મ કરતો નથી? પ્રાચીનકાળમાં 'કિરાત' નામની એક જાતિ હતી જેનો મુખ્ય વ્યવસાય જ ચૌર્યકર્મનો હતો. કેવળ ચોરીનો ધંધો કરનાર આ જાતિવાચક શબ્દ-કિરાત જાતિવાચક શબ્દ-સમય જતાં, 'છેતરપિંડી કરનાર વણિક'નો અર્થવાચક બની ગયો એવું કહ્લણકૃત 'રાજતરંગિણી' ઉપરથી જણાય છે. 'પંચતંત્ર'માં પણ આ જ મતલબનો એક શ્લોક છે જેમાં કહ્યું છે કે ઓછાંવત્તાં માપ ભરીને પરિચિતજનોને નિત્ય છેતરવાં તથા માલની ખોટી કિંમત કહેવી એ કિરાતોનો અથવા લુચ્ચા વેપારીઓનો નિજધર્મ છે. કિરાતોનો તો આ નિજધર્મ હતો, નિત્યધર્મ હતો પણ પહેલાંના સમયમાં ય તે કેટલાક શઠ વેપારીઓ બે પાંચશેરીઓ રાખતા. બંને ય કહેવાય પાંચશેરી પણ ગ્રાહકને માલ આપવાની પાંચશેરી સાડા ચાર શેરની હોય અને ગ્રાહક પાસેથી માલ ખરીદવાની પાંચ શેરી સાડા પાંચા શેરની હોય. આજે પણ, કોઇપણ શહેરના કોઈપણ બજારમાં જાવ તો જૂના જમાનાની છેતરપિંડી નવા જમાનામાં પણ સફાઈપૂર્વક ચાલતી જ હોય છે; પણ આજકાલ તો આત્મપ્રતારણાની આ વૃત્તિ કેવળ વેપારવિશ્વ પૂરતી જ સીમિત રહી નથી. વાણિજ્ય-વિશ્વ કરતાં પણ રાજકારણમાં એનાં મૂળ ઘણાં ઊંડાં ગયાં છે. આયારામ-ગયારામની નીતિએ, શું ધારાસભા-વિધાનસભા કે શું લોકસભા કે શું રાજસભા-સર્વને દૂષિત કરેલ છે. કન્યાવિક્રય અને વરવિક્રયની જેમ એમના ય લાખ્ખોને લેખે સોદા થતા હોય છે. આમ મૂળ સેવાનું પવિત્ર-ક્ષેત્ર મેવા ને મલાઇની બેફામ લૂંટાલૂંટનું જ નારકી-ક્ષેત્ર બની ગયું છે!

આત્મ-પ્રતારણા કરીને રામાયણકાળના મારીચે માયાવી સુવર્ણમૃગનું રૂપ ધારણ કર્યું ને સતી સીતાની સ્ત્રી-સહજ કુતૂહલવૃત્તિનો ગેરલાભ ઉઠાવ્યો તો એ જ રીતે રાવણે પણ આત્મપ્રતારણા કરીને સતી સીતાનું અપહરણ કર્યું. આ પ્રકારની મારીચી-વૃત્તિ ને રાવણની ગ્રંથિ નાના કે મોટા લોભી માનવ-માનસમાં ગર્ભિત હોય છે જ. કુરુરાજ ધૃતરાષ્ટ્રની 'મામકાવૃત્તિ' અને ધર્મવીર યુધિષ્ઠિરની નરો વા કુંજરોનીતિ પણ આત્મપ્રતારણાના જ સૂક્ષ્મ સ્વાર્થ-મૂલક આવિર્ભાવો છે, આવિષ્કારો છે.

આમ તો આપણે 'તત્ત્વમસિ'ના તત્ત્વજ્ઞાન સુધી પહોંચી ગયેલી પ્રસિદ્ધ પ્રાચીન પ્રજા છીએ પણ એના અસલી અર્થ પ્રમાણેના 'અમૃતપુત્રો' આપણે છીએ? આપણે અમૃતના પુત્રો છીએ કે અનૃતના?-અંતર્મુખ બનીને એનું આત્મનિરીક્ષણ કરવાની આજે ખાસ જરૂર છે. ગાંધીજી કહેતા : 'સત્ય મારે માટે સ્વભાવગત છે.' મને લાગે છે કે આજના યુગના માનવીને માટે અસત્ય જ સ્વભાવગત છે! શું પ્રતારણા કે શું આત્મપ્રતારણા-કોઈને પણ ક્યારેય તારી કે ઉદ્ધારી શકે નહીં. કૃતક પ્રામાણિકતાનો નકાબ પણ ક્યાં સુધી ટકવાનો ? નભવાનો? સત્યનું મુખ કરોડો ટન સુવર્ણથી પણ ઢાંક્યું ઢંકાવાનું રહેવાનું નથી. આખરે તો, સત્યમેવ જયતે, નાનૃતમ્-એ સનાતન સૂત્રનો સત્ય સૂત્રનો જ જયજયકાર થવાનો.

મેં શરૂમાં જ કહ્યું કે વ્યક્તિની પોતાની જાત સાથેની બે-વફાઈ સાથે જ આત્મપ્રતારણાના શ્રીગણેશ મંડાયા. આજે આપણા દેશ સમક્ષ જો મોટામાં મોટો પડકાર હોય તો તે ખૂદ-વફાઇનો છે. આત્મપ્રતારણામુક્ત કોઈ વ્યક્તિ નિજને વફાદાર છે? અંતર્મૂખ બનીને ખૂબ જ તટસ્થભાવે જો એ નિજનું ક્રૂર પૃથક્કરણ કરશે તો એને સમજાશે કે એના વ્યક્તિત્વમાં કેટલો બધો વિસંવાદ છે! એના અંતરાત્માનું ખૂન કરીને એ ધર્મ અને કર્તવ્ય વિરુદ્ધનો વ્યવહાર આચરી રહ્યો છે. એ કામચોર બન્યો છે. એની દૃષ્ટિ નિજી સ્વાર્થ-સાધના પૂરતી જ સીમિત થઈ ગઈ છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં એ હ્રસ્વ બનતો જાય છે, આત્મકેન્દ્રી બનતો જાય છે. સમાજ કે રાષ્ટ્ર પરત્વેની ભૂમાદૃષ્ટિને એ સતત ભૂલતો જાય છે. સમાજ કે રાષ્ટ્રનું જે થવાનું હોય તે થાય-એની એને ખાસ પડી નથી. બે-વફાઈ આચરીને પણ એ એની ગીધવૃત્તિને સંતોષી રહ્યો છે ને આત્મરતિમાં જ ગરકાવ થઈ ગયો છે! એની આ વ્યક્તિગત અધોગતિ પણ એ પિછાની શકતો નથી એ એનું ને દેશનું દુર્ભાગ્ય છે. પરતંત્ર ભારતમાં જેટલી ખૂદવફાઈ હતી એટલી સ્વતંત્ર ભારતમાં જોવા મળતી નથી, બલ્કે ખૂદ-વફાઇની તુલનાએ આત્મ-પ્રતારણાની માત્રા દિન પ્રતિદિન વધતી જાય છે એ પણ કેવડી મોટી વિધિની વક્રતા છે! યાદ રહે કે 'પ્રતારણા તારી શકે ન કોઇને.'

❖❖❖

# સંપૂર્ણ શારીરિક તપાસ શા માટે જરૂરી ?

□ ડૉ. જયશેખર ઝવેરી

શહેરમાં રહેતા સામાન્ય નાગરિકનું આરોગ્ય સાધારણ રીતે સંતોષકારક રહેતું નથી. મોટાં શહેરોમાં અતિ મહત્ત્વની વ્યક્તિઓ તેમના દિવસો અને અડધી રાતો તેમના વેપારધંધા અને સામાજિક દરજ્જાને સ્પર્શતા મહત્ત્વના નિર્ણયો લેવામાં પસાર કરે છે. પરંતુ તેમના પોતાના આરોગ્ય માટે તેઓ ભાગ્યે જ વિચારતા હોય છે. અગત્યનાં કામો અંગે વધુ પડતી દોડાદોડી, નિયત સમયમાં કામો પૂરાં કરવાની વૃત્તિ, સ્પર્ધાઓ, કુટુમ્બની આમદાની ને તેના ખર્ચની બાબતો, કર્મચારીઓ અને કામદારના પ્રશ્નો, શહેરનો વાહન-વ્યવહાર, ઘોંઘાટ, હવાનું પ્રદૂષણ, આહારની અનિયમિત ટેવો, ધૂમ્રપાન, શરાબની મિજબાની, મોડી રાત સુધીના ઉજાગરા, શારીરિક કસરતનો અભાવ-આ બધીયે વસ્તુઓ ધીમા ઝેરની ગરજ સારે છે. તેમના આરોગ્ય અને ખાસ કરીને તેમના હૃદય ઉપર તે વધુ પડતી તાણ લાવે છે. શરૂઆતમાં આની માઠી અસર દેખાતી નથી. પરંતુ ધીમે ધીમે રોગનાં લક્ષણો છતાં થવા માંડે છે. તેઓ તબીબી સહાય લેવાનું શરૂ કરે તે સમય સુધીમાં મુખ્ય રોગોએ તો ઘર ઘાલી દીધું હોય છે. જો તેઓએ તબીબી તપાસ (ચેક-અપ) કરાવી લીધી હોત તો તેઓ આ પરિસ્થિતિ ટાળી શક્યા હોત. આપણી વસ્તુઓની કાળજી રાખવી એ આવશ્યક છે. અને આ બધામાં આરોગ્ય સૌથી કિંમતી વસ્તુ છે.

આપણા કુદરતી આરોગ્ય પર અવળી અસર કરતાં કારણોને લઇને શરીરમાં રોગ પરિણમે છે. રોગને મટાડવો તેના કરતાં તેને અટકાવવો એ ઉત્તમ માર્ગ છે એમ સૌ કબૂલ કરે છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે શરીરની સંપૂર્ણ તપાસ (ચેક-અપ) રોગને અટકાવવા માટેનું પ્રથમ પગલું છે એ સત્ય થોડીક વ્યક્તિઓ સમજે છે. દુનિયાભરના શરીરની તપાસ (ચેક-અપ)ના નિષ્ણાતોએ શરીરની સંપૂર્ણ તપાસની પદ્ધતિ વડે હજારોની જિંદગીઓ ઉગારી લીધી છે. અને એટલા માટે જ આરોગ્યમય લાંબું આયુષ્ય ભોગવવાનાં ઉત્તમ સાધનોમાં વખતોવખત શરીર તપાસ (ચેક-અપ)ના સાધનને સ્વીકારવામાં આવ્યું છે.

આ પદ્ધતિ દ્વારા કરવામાં આવેલા શરીર તપાસ (ચેક-અપ)માં એક એવા અંદાજમાં ૧૩ થી ૧૫ ટકા જેટલી ગંભીર સ્થિતિના કેસો તેમાંથી મળી આવ્યા છે. જો આ વ્યક્તિઓએ સમયસર ચેતીને શરીર તપાસ કરાવી હોત તો તેનું પરિણામ સંતોષકારક આવ્યું હોત. એવાં દર્દો પણ એમાં શોધી કાઢવામાં આવે છે અને જો સમયસર એ દર્દોની સારવાર લેવામાં આવે તો તેનું ઘણું સારું પરિણામ આવે છે. શારીરિક તપાસ (ચેક-અપ) મારફતે કેટલાક રોગો ઊગતા પારખી શકાય છે. ઉદાહરણ તરીકે મધુપ્રમેહ (ડાયાબીટીસ), લોહીનું ઊંચું દબાણ (હાઈ બ્લડપ્રેસર) આ રોગો તેના શરૂઆતના તબક્કામાં હોય તો પણ શોધી શકાય છે. બીજા રોગો જેવા કે નાની નસોનું સંકોચાઈ જવું, લીવર અને મૂત્રાશયના રોગો, હૃદય વિસ્તૃત થઈ જવું, ફેફસાંની બીમારી અને કેન્સર જેવાં દર્દો શરૂઆતના તબક્કામાં આ શારીરિક તપાસ (ચેક-અપ)થી શોધી શકાય છે.

આ ચેક-અપ માટે કોઇએ મોટી હોસ્પિટલ અથવા તબીબી કેન્દ્રમાં જવાની જરૂર નથી. આવી તાલીમ પામેલા ડૉક્ટર દરદીની વિગતવાર નોંધ લે છે અને શરીરની કાળજીપૂર્વકની તપાસ કરે એટલું જ પૂરતું છે. દરદીની પાસેથી આગળનો ઇતિહાસ અને વિગતો મેળવવાનું તેનું કાર્ય ડિટેક્ટીવ તરફથી લેવામાં આવતી ઊલટતપાસ જેવું લાગે છે. ડૉક્ટર દરદી કહે તે કાળજીપૂર્વક સાંભળે છે, પ્રશ્નો પૂછે છે, ટેપ કરે છે, લાગણી અનુભવે છે, ફરીથી પ્રશ્નો પૂછે છે અને તેના સ્ટેથોસ્કોપ વડે છાતીમાંના વિવિધ અવાજો સાંભળે છે, ડૉક્ટર વધુ પ્રશ્નો પૂછે છે પણ કદી ઉતાવળ કરતા નથી. દરદીની બેઠેલી અને સૂતેલી એમ બંને અવસ્થામાં ડૉક્ટર લોહીનું દબાણ (બ્લડ-પ્રેસર) લે છે અને દરદીના શરીરની વિવિધ પદ્ધતિઓમાં ધબકારાની લાગણી અનુભવે છે. દરદીની તપાસમાં ડૉક્ટર પ્રયોગશાળાનો ઉપયોગ કરે છે, દરદીનો ઇલેકટ્રો-કાર્ડિયોગ્રામ લે છે અને એક્સ-રે પણ લે છે. કોઇક વેળા એવું બને છે કે રોગની કેટલીક કડીઓ એવી સુપ્ત અવસ્થામાં હોય છે કે આવાં આધુનિક સાધનો અને પદ્ધતિઓ દ્વારા જ ડૉક્ટર સાચા નિદાન પર આવી શકે છે. છેવટે આ તપાસનું પરિણામ ડૉક્ટર તરફથી મળે જ છે. સાચા આરોગ્યનું ક્યાં તો પ્રમાણ-પત્ર મળે છે અથવા કોઈ છૂપો દુશ્મન શરીરમાં રોગના કયા તબક્કે છે તે પણ ડૉક્ટર તેમના દરદીને આવેલા અહેવાલમાં જણાવે છે.

દરદીની માનસિક હાલત, સ્વભાવ, કામ કરવાની સ્થિતિ, આહારની ટેવો, નિદ્રા, ચાલેતા મુજબની પ્રવૃત્તિઓ, શોખના વિષયો વગેરેના અવલોકન વગરનું કોઇપણ શારીરિક તપાસ (ચેક-અપ) સંપૂર્ણ નથી. ઉપરાંત દરદી દરરોજ વ્યાયામ કરે છે કે કેમ અને આરામ માણવા મળે માટે તેનો પૂરતો સમય મળે છે કે કેમ એ બાબતો પણ, શરીરની સમગ્ર તપાસ દરમ્યાન ધ્યાનમાં લેવાની જરૂર હોય છે. સમગ્ર દુનિયાના ડૉક્ટરો અને હૃદયરોગના નિષ્ણાંતો (કાર્ડિયોલોજીસ્ટ) ભારે આવેશ, તાણ, તંગદિલી, ચિંતા, રોષ અને અચાનક અને કસમયના હૃદયરોગના હુમલાઓ સહિતના બીજા વિવિધ રોગોને કારણભૂત માને છે. માનસિક હાલતનું પૃથક્કરણ કરતાં કાર્યદક્ષ ડૉક્ટરની સમયસરની સલાહ ઘણી વેળા આવી મહાઆફત નિવારવામાં સહાયરૂપ થઈ પડે છે.

કોકટેલ પાર્ટીઓ અથવા રાત્રીના ભોજન સમારંભોમાં હું ઘણી વ્યક્તિઓને મળ્યો છું, જેઓ મને કહે છે કે 'ડૉક્ટર, મારી તંદુરસ્તી અત્યારે ઉચ્ચ કોટીની છે. હું ૧૬ કલાક કામ કરું છું, ધૂમ્રપાન કરું છું, હું શરાબ લઉં છું, સ્વાદિષ્ટ ખોરાકની હું લિજ્જત માણું છું, મને મારા આરોગ્ય અંગે કોઈ ફરિયાદ કરવાની મારે રહેતી નથી. મારું વજન થોડું વધુ પડતું છે. પરંતુ તબીબી ચેક-અપ માટે મારે દોડી જવાની મને જરૂર લાગતી નથી.' આવા પ્રસંગોએ હું સામાન્ય રીતે મૌન જાળવું છું. જો કે કેટલીકવાર મને તેમને કહેવાનું તો મન થઈ જાય છે 'કે ભાઈ, વધુ પડતી વાત ના કર. શારીરિક તપાસ (ચેક-અપ) કરાવી લો અને તમારા શરીરમાં જે કંઈ છે તે જાણીને તમને નવાઈ ઉપજશે.'

સારું આરોગ્ય રોગની ગેરહાજરી કરતાં પણ કંઈક વધુ છે. દર વરસે કરવામાં આવતી શારીરિક તપાસ (ચેક-અપ)થી પ્રત્યેક શારીરિક તકલીફ સમયસર શોધી જ શકાશે એવો દાવો ડૉક્ટરો તરીકે અમે કરી શકીએ નહિ. એક વરસ કરતાં ઓછા સમયમાં પણ કેટલાક રોગો અસાધ્ય સ્થિતિમાં પરિણમે છે. તેની યોગ્ય કાળજી નહિ લઇને આરોગ્ય ગુમાવવામાં બહુ ડહાપણ નથી અને વિગતવાર શારીરિક તપાસ (ચેક-અપ)માં ખોટો વિલંબ કરવો પોતાના ઘરમાં ચોરને સંતાડવા જેવું છે. કેટલીવાર ચેક-અપ કરાવવાની જરૂર છે એ અંગે કોઈ ચોક્કસ નિયમ નથી. શારીરિક તપાસના સમયે પ્રત્યેક વ્યક્તિના આરોગ્યની સ્થિતિ પર તે અવલંબે છે.

કેટલાક લોકો તેની શારીરિક તબીબી તપાસ મુલતવી રાખે છે અથવા ટાળે છે. તેમને એવો ડર રહે છે કે કોઈ અજાણ્યો રોગ માલૂમ પડી આવશે તો તેમના ઉપર કડક તબીબી અંકુશો આવી જશે. ઉપરાંત તેને કદાચ 'બિનજરૂરી ચિંતા'માં પણ પડી જવું પડે. આવા લોકોને હું કહું છું કે રોગનું વહેલી તકે નિદાન કરાવવું અને તેને નિવારવા માટે કંઈક કરવું હમેશાં યોગ્ય અને સલાહભર્યું છે. આ અંગે વિલંબ કરવો તે માનવીના શરીરને પારાવાર નુકસાન કરે છે. વળી બીજી કેટલીક વ્યક્તિઓ એમ કહે છે કે 'અરે એમાં શું થઈ ગયું? કોઈક દિવસે તો દરેકને મરવાનું તો છે જ. તો શા માટે જિંદગીની મોજ પૂરેપૂરી માણી નહિ લઇએ?'

પરંતુ જ્યારે આવી વ્યક્તિઓ ગંભીર બીમારીમાં સપડાય છે અને તેમની તબિયતમાં ભારે ઉથલો આવે છે ત્યારે પાછળથી તેઓ તેમના આવાં વિધાનો માટે પશ્ચાત્તાપ કરતા હોય છે. જ્યારે એનાથી ઊલટું ઉંમરની પરવા કર્યા વગર એક વ્યક્તિ સંપૂર્ણ તબીબી ચેક-અપ બાદ આરોગ્ય અંગે તકેદારી અને જરૂરી કાળજી રાખતો થઈ જાય છે અને શ્રદ્ધા, આશા અને મહત્ત્વાકાંક્ષા સાથે જીવનના પડકારો ઝીલવા સમર્થ બને છે.

ભારત જેવા ખૂબ જ ઝડપથી વિકાસ પામતા રાષ્ટ્રના લોકો માટે સંપૂર્ણ શારીરિક તપાસ (ચેક-અપ)ની ઉપયોગિતા વિષે જરાયે શંકા નથી.

❖❖❖

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે, શ્રીમતી શૈલજાબહેન ચેતનભાઈ શાહના આર્થિક સહયોગથી સ્વ. ધીરજબહેન દીપચંદ શાહના સ્મરણાર્થે એક નેત્રયજ્ઞનું આયોજન ચિખોદરાની આંખની હોસ્પિટલ અને ડૉ. રમણીકલાલ દોશી (મુ. દોશીકાકા) દ્વારા રવિવાર, તા. ૨૮મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ સેવાલિયા (જિ. પંચમહાલ) મુકામે થયું હતું, જે પ્રસંગે સંઘના કેટલાક હોદ્દેદારો તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

☐ મંત્રીઓ

# સ્વરૂપધર્મ-સર્વવિરતિ

☐ સ્વ. શ્રી પનાલાલ જગજીવનદાસ ગાંધી

ધર્મ જીવની માંગમાંથી ઉત્પન્ન થાય છે. માટે જ જીવની માંગ સમજાય તો ધર્મ સમજાય. હવે પ્રશ્ન એ છે કે જીવની માંગ શું છે ? પ્રત્યેક જીવ જે માંગે છે અર્થાત્ જે ઇચ્છે છે તે સુખ જ ઇચ્છે છે. વળી તે સુખ કાયમ રહે અને આવ્યા પછી ટળી ન જાય, તેવું જ સુખ ઇચ્છે છે. એટલું જ નહિ પણ જે સુખ ઇચ્છે છે, તે સુખ નિતાંત સુખ જ હોય અને એમાં લેશમાત્ર પણ દુ:ખનો છાંટો ન હોય, એવું નિર્ભેળ સંપૂર્ણ સુખ જ ઇચ્છે છે. ઉપરાંત જીવ જે સુખ ઇચ્છે છે તે આગવું Exclusive અને પરાકાષ્ઠાનું Extreme સુખ છે, જે સુખથી અન્ય કોઈ પાસે અધિક સુખ ન હોય. આમ જીવ જે સુખ ઇચ્છે છે તે સાચું, શુદ્ધ, શાશ્વત, સંપૂર્ણ, સર્વોચ્ચ, સ્વાધીન સુખ ઇચ્છે છે. શું આપણા સહુની ઇચ્છા આવાં જ સુખની નથી ? સર્વ જીવ આવું જ સુખ ઇચ્છે છે, તે જ જીવના સ્વરૂપની ઓળખ છે. અર્થાત જીવના જીવ હોવાનું અને એ જીવ પરમાત્મ સ્વરૂપ છે એટલે કે જીવમાં અંતર્ગત ગર્ભિત પ્રચ્છન્ન પરમાત્મત્વ હોવાનું લક્ષણ છે.

આપણે ત્યાં કહેવત છે કે...'કૂવામાં હોય તે હવાડામાં આવે;' 'પિંડે સો બ્રહ્માંડે;' 'બીજમાં હોય તે ફળમાં આવે;' 'વડ હોય તેવા ટેટા અને બાપ હોય તેવા બેટા,' 'ભાંગ્યું ભાંગ્યું તો ય ભરુચ,' 'ખંડિયેર તો ય મહેલનું.' ખંડિયેર મહેલની ઓળખ આપે; બેટામાં બાપની ઝાંખી થાય, બીજ ફળના નામે ઓળખાય.

ઉપર જણાવ્યા મુજબ સહુ જીવ સુખ ઇચ્છે છે. શા માટે સુખ ઇચ્છે છે ? જીવ સુખ ઇચ્છે છે, કારણ કે જીવ એના શુદ્ધ સ્વરૂપમાં આનંદ સ્વરૂપી છે. વળી જે ઇચ્છે છે તે કાયમ ટકે એવું શાશ્વત-અવિનાશી ઇચ્છે છે, કારણ કે જીવ એના શુદ્ધ સ્વરૂપમાં સત્ સ્વરૂપી છે-અક્ષર અજરામર અવિનાશી છે. ઉપરાંત જીવ જે ઇચ્છે છે તે નિર્મળ, નિર્ભેળ, શુદ્ધ, પૂર્ણ ઇચ્છે છે, કારણ કે જીવ એના શુદ્ધ સ્વરૂપમાં પૂર્ણ છે. એટલું જ નહિ જીવ જે ઈચ્છે છે તે સર્વાધિક, સર્વોચ્ચ-સર્વોત્તમ ઇચ્છે છે. કારણ કે જીવ એના શુદ્ધ સ્વરૂપમાં સમગ્ર સૃષ્ટિમાં-બ્રહ્માંડમાં સર્વશ્રેષ્ઠ-સર્વોચ્ચ છે. જીવ એના મૂળ શુદ્ધ સ્વરૂપે સત્+ચિદ્+આનંદ=સચ્ચિદાનંદ છે.

આવું જે જીવનું શુદ્ધ સ્વરૂપ છે, તેવું જ તે એના પોતાના રોજબરોજના જીવન વ્યવહારમાં માંગી રહ્યો છે. બજારમાં માટલા જેવી વસ્તુ લેવા જાય તો તે પણ તે ભાંગ્યું તૂટ્યું કે ખોખરું નથી અને આખે આખું સુંદર સંપૂર્ણ છે, ટકાઉ છે તેની ખાત્રી કરીને ખરીદે છે, કેમકે જીવ સ્વયં એના મૂળ શુદ્ધ સ્વરૂપથી સચ્ચિદાનંદ સ્વરૂપી-સત્યમ્-શિવમ્-સુંદરમ્ હોવાના કારણે બધે એ પોતાના ખોવાયેલા મૂળ શુદ્ધ સ્વરૂપને ખોળે છે. જેમ પાણી પોતાની મૂળ સપાટી Level ને શોધે છે. જીવ બધે જ આગવું, અખંડ-અભંગ, અવિનાશી અને આંખોને ગમે એવું માંગે છે, પછી કિંમત આકરી આપવી પડતી હોય તો તેની ય તૈયારી રાખે છે. આજ સંદર્ભમાં જ્ઞાનીએ કહ્યું છે કે...

'ખોજ (શોધ) નિત્યની હોય, ઉત્પત્તિ નશ્વરની હોય.'

જીવ અજ્ઞાનતાને કારણે જાણતો નથી, છતાંય અજાણતામાં-અજ્ઞાનતામાં ય જે ઇચ્છે છે તે તો તેના સ્વયંના મૂળ રૂપને-સ્વરૂપને અનુસરીને જ ઇચ્છે છે. માત્ર એ જાણતો નથી કે પોતે જે ઇચ્છે છે તે ક્યાંથી, શેમાંથી અને કેવી રીતે મળે. ખોવાયું છે ઉત્તરમાં, ને શોધે છે દક્ષિણમાં. ડોશીમાની સોય ખોવાઈ ગઈ છે અંધારામાં અને શોધે છે અજવાળામાં, પરંતુ જ્યાં સોય ખોવાઈ ગઈ છે ત્યાં અજવાળું લઈ જઈ સોય શોધવાનું તે અજ્ઞાન અબૂઝ ડોશીમાને સૂઝતું નથી. અબૂઝ આત્માને-જીવને અંધકાર-અજ્ઞાન હટાવી, પ્રકાશ-જ્ઞાન મેળવી, સ્વ આત્મક્ષેત્રે સુખ શોધવાની-મેળવવાની-વેદવાની સૂઝ પડતી નથી. અનાદિની-અનંતકાળની આત્માની આ અવળી ચાલ હોવાથી કથાના પાત્રને ડોશીમા કહેલ છે.

જ્ઞાન, આનંદ, અવિનાશિતા, પૂર્ણતા, વીતરાગતા, સ્થિરતા એ આત્માનું સ્વરૂપ છે, તેથી જીવ માત્રને જાણતાં અજાણતાં એની જ માંગ રહે છે. માનવની માંગ એ જ માનવનું મૂળ મૌલિક સ્વરૂપ છે, પણ એ જ્યાંથી મળે, જેમાંથી મળે, જે રીતે મળે, ત્યાંથી, તેમાંથી, તે રીતે મેળવવા માનવ પ્રયત્નશીલ નથી, એ જ એનો ખોટો અભિગમ છે. માંગ સાચી છે. પણ ચાલ અવળી-ખોટી છે. ચાલ સાચી થાય તો દિશા અને દશા બદલાય અને માંગની પૂર્તિ થાય એટલે કે ઇચ્છિત સુખ-આનંદ મળે. ઇચ્છિત માંગની પૂર્તિ અવળી ચાલના કારણે થતી નથી, તેથી જીવ દુ:ખી છે. જીવ સ્વયં મૂળ શુદ્ધ સ્વરૂપમાં આનંદ સ્વરૂપી હોવાથી કોઈ પણ જીવને લેશમાત્ર દુ:ખ ગમતું નથી.

ઉપરોક્ત વિચારણાના આધારે એવો સિદ્ધાંત સ્થાપિત થઈ શકે, 'ધર્મ તે છે, કે જે જીવને એના ઇચ્છિત સુખની પ્રાપ્તિના માર્ગે લઈ જાય કે જે સુખ જીવ ઇચ્છે છે તેવું શાશ્વત હોય, નિર્મળ-નિર્ભેળ-શુદ્ધ હોય, અક્ષય-અખંડ-અભંગ સંપૂર્ણ હોય. આગવું-સર્વશ્રેષ્ઠ-સર્વોચ્ચ હોય, અને સ્વાધીન હોય. એવું સુખ મોક્ષસુખ જ છે, તેથી ધર્મ તે છે જે મોક્ષ મેળવી આપે.'

આ કારણથી જ જ્ઞાની, ધ્યાની, પૂર્વ મહર્ષિઓએ ફરમાન કરી સાધનાનો માર્ગ એવો બતાડ્યો છે, કે એમાં સાધક એના પોતાના સાધ્યનું જેવું સાધનાએ કરી પ્રગટ કરાયેલ સિદ્ધ સ્વરૂપ છે, તેવું પોતાની સાધક અવસ્થામાં ઉતારે અને સ્વરૂપનું આસ્વાદન કરે.

સાધનાનો સિદ્ધાંત એવો છે કે સાધક, સાધ્ય, સાધન અને સાધનાથી યુક્ત હોય અને સાધ્ય-ધ્યેય-લક્ષ્ય-Goalનું જે સ્વરૂપ હોય, તે સાધનામાં ઉતારે તો સાધ્યથી અભેદ થઈ લક્ષ્યની પ્રાપ્તિ કરી શકે, એટલે કે સાધ્ય સ્વરૂપ પ્રગટ કરી શકે-સિદ્ધ સ્વરૂપે પ્રગટ થઈ શકે.

સિદ્ધ-સ્વરૂપી સિદ્ધપુરુષો-શુદ્ધાત્માઓ-સિદ્ધાત્માઓ-પરમાત્માઓ, નિષ્પાપ, નિષ્કર્મા, નિરારંભી, નિરૂપાધિક, નિરાવલંબી, નિરપેક્ષ અર્થાત્ સ્વસ્થિત સ્વાધીન હોય છે. તેથી જ કેટલાક સાધુભગવંતો, સંતપુરુષો, ઓલિયાઓનું જીવન જો તપાસીશું તો જણાશે કે તેઓ આરંભ સમારંભ એટલે કે સાંસારિક પ્રવૃત્તિઓ અને અર્થોપાર્જનથી અલિપ્ત રહી, કોઈની કશીય અપેક્ષા રાખ્યા વિનાનું, કંચન કામિનીના ત્યાગપૂર્વકનું ભિક્ષુક જીવન વહન કરે છે. એટલે કે તેઓ નિરારંભી, નિષ્પરિગ્રહી, નિષ્પાપ, નિર્લેપ રહે છે, જેથી કરીને તેઓ સ્વાધીન, સ્વાવલંબી, નિરપેક્ષ, નિર્ભય, નિર્દોષ જીવન જીવી શકે છે.

મુનિઓને અઢારે વરણમાંથી એકે ય વરણની-એકે ય વસવાયાની આવશ્યકતા પડતી નથી. પગમાં પગરખાં પહેરતા નથી તેથી મોચીની

આવશ્યકતા રહેતી નથી. દિગંબર રહે છે અથવા કપડાં સિલાઈ વિનાના અલ્પ જ પહેરે છે, જે પણ ભિક્ષાવૃત્તિથી મેળવી ગ્રહણ કરે છે, માટે દરજી-મેરઈની જરૂરત રહેતી નથી. મુંડ મસ્તક રહે છે અને વાળ-કેશ ઊગે છે તો જાતે જ કેશલોચન કરવાનું રાખતા હોવાથી નાઈ-હજામનો ખપ પડતો નથી. કેટલાક સાધુ-સંતો અલગારી બાવા ફકીર દાઢી જટા રાખે છે એટલે વાળ કપાવવાની જરૂરત ઊભી થતી નથી. કરપાત્રી હોય છે કે ક્યાં તો તુંબડી કે નારિયેળ આદિના કોચલાના કાષ્ઠપાત્ર, તે પણ અલ્પ પ્રમાણમાં ભિક્ષાવૃત્તિથી ગ્રહણ કરી ઉપયોગમાં લેતાં હોય છે, જેથી કરીને કુંભાર કે કંસારા જેવાં વસવાયાની પણ અપેક્ષા રહેતી નથી. પાદચારી હોવાથી વાહન વાપરતા નથી, તેથી વાહનચાલક કે ટિકિટ ખરીદવાની પળોજણ રહેતી નથી. પાલખીનો ઉપયોગ કરતા નથી તેથી પાલખી ઊંચકનારા ભોઈ લોકોનોય ખપ પડતો નથી. ઉદ્યાનવાસી, વનવાસી, ગુફાવાસી, ચૈત્યવાસી રહે છે કે પછી ગૃહસ્થોએ પોતાના માટે નિર્માણ કરેલ સાધના, ઉપાસનાના ધર્મસ્થાનકોમાં, ઉપાશ્રયોમાં અથવા તો ગૃહસ્થના અલાયદા અવાવરુ મહેમાનો આદિના ઉતારા માટેના ઉપગૃહાદિમાં, માલિક ગૃહસ્થની મંજૂરી મેળવીને રહે છે, તેથી તેમને મકાન-ખોરડા બંધાવવાની જરૂરત ઊભી થતી નથી એટલે કડિયા સુથાર વરણાની પણ અપેક્ષા રહેતી નથી. આમ પરિવારની પળોજણ વિનાનું, અઢારે વરણાની આવશ્યકતા રહિત જીવન હોવાથી, એમને સંસારના કોઈ વ્યવહારનો વેપાર નથી, માટે કશી ઉપાધિ નથી, એટલે કે તેઓનું જીવન નિરપેક્ષ, નિરુપાધિક, નિરારંભી, નિરાલંબી, નિષ્પરિગ્રહી, નિષ્પાપ, નિર્દોષ હોય છે. ભિક્ષુક બની રહી ભિક્ષાવૃત્તિથી નિરાભિમાની જીવન જીવે છે માટે જ 'દિયા ઉસકા ભી ભલા, નહિ દીયા ઉસકા ભી ભલા; કહી, 'મળે તો સંયમ વૃદ્ધિ અને નહિ મળે તો તપોવૃદ્ધિ'ની મનોવૃત્તિથી ત્યાગી વૈરાગી ખાખી બંગાલી જીવન જીવતાં હોઈ અને સહુનું કલ્યાણ ઇચ્છતા સર્વમિત્ર બની ધર્મભાવના કલ્યાણમસ્તુના આશીર્વચન ઉચ્ચારી શકે છે.

આવું નિરારંભી, નિરુપાધિક, નિર્દોષ, નિર્મોહી, વૈરાગી સ્વાધીન સાધુ જીવન એઓને નિષ્કર્મા, નિરંજન, નિરાકાર સ્વરૂપની શીઘ્ર પ્રાપ્તિ કરાવી આપે છે કેમકે તેઓનું સાધક જીવન સિદ્ધ-સ્વરૂપની ઝલક રૂપ છે.

વળી તેઓ એકાંત, મૌન અને અસંગ રહે છે. ક્યાં તો વનમાં, ગુફામાં, ગિરનાર હિમાલયાદિ પર્તવશૃંખલાની કોતરોમાં, કંદરામાં રહે છે કે પછી ઉપાશ્રયાદિ ધર્મસ્થાનક કે મઠમાં સંસારીઓથી અલગ એકાંતમાં રહી સાધના કરે છે.

તેઓ જરૂર વગર બોલતા જ નથી અને મૌન પાળે છે. બોલવું પડે એમ હોય, તો તોલી તોલીને-જોખી જોખીને સત્ય, પ્રિય, હિતકારી અલ્પ બોલ બોલે છે. ભાષા સંયમી અને મધુરી હોય છે. એકાંતમાં અસંગ રહેનાર હોવાથી લોકોનો સંગ નથી. અગર તો વસતિ વચ્ચે-લોકોની વચ્ચે રહેતા હોઈ અને લોકોનો સંગ કરવો પડે તો તે લોકહિત અંગે જ કરે છે. પરંતુ તેઓ એકની એક વસતિમાં એકના એક લોકો વચ્ચે ન રહેતાં સ્થળે સ્થળે ફરતાં રહે છે-વિહાર કરતાં રહે છે-વિચરતા રહે છે. લોક સંબંધથી, લોકહેરીથી દૂર રહે છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની દૃષ્ટિએ અપ્રતિબદ્ધ પ્રવર્તન કરે છે.

આ એકાંત, અસંગ અને મૌન એ શુદ્ધાત્મા-સિદ્ધાત્મા-પરમાત્માનું જ સ્વરૂપ છે, જે શુદ્ધ આત્યંતિક સ્વરૂપ છે. પોતે, પોતામાં જ રત-પોતામાં જ મસ્ત-પોતામાં જ રમમાણ અદેહી, અકર્મા, નિરંજન, નિરાકાર હોવાથી અશબ્દ એટલે કે મૌન છે. વ્યવહારનું માધ્યમ મન, વચન, કાય યોગ નથી તેમજ અવસ્થા અવિનાશીતા અને સ્વરૂપ સ્થિરત્વને પામેલા હોવાથી એકાંત અસંગ છે.

આમ સાધક સાધુપુરુષો, સંતો, ઋષિઓ પરમાત્મસ્વરૂપ-સિદ્ધ સ્વરૂપને અનુરૂપ પોતાના સાધક જીવનની રહેણીકરણી, આચાર વિચાર વિહારને ગોઠવે છે, તેથી જ તે સાધુ ભગવંતોને 'ણમો લોએ સવ્વ સાહૂણં' પદથી નમસ્કાર મહામંત્રમાં સ્થાન આપી, પ્રાત:સ્મરણીય અને પ્રાત:વંદનીય બનાવી સર્વને આદરણીય તેમ અનુકરણીય લેખાવેલ છે.

આમ પરમાત્મસ્વરૂપ લક્ષી સાધક જીવન એટલે કે સ્વરૂપ ગુણોનું જીવનમાં અવતરણ અને આચરણ. એ જ જીવન ધર્મ-સ્વરૂપ ધર્મ છે, જે સહુ સાધકને-સહુ ધર્મીને સ્વીકાર્ય ધર્મ છે, તેથી સર્વનો ધર્મ હોઈ સર્વધર્મ-વિશ્વધર્મ છે.

આવું સાધનામય-ધર્મમય જીવન જીવનાર આજેય પૃથ્વી પટ પર સાંપડે છે. મુખ્યતાએ આવા સાધક આર્યાવર્તમાં છે અને એમાંય વિશેષ પ્રધાનતાએ તો જૈનમુનિ ભગવંતોનું જીવન આવું છે, જે ષડકાયરક્ષક, પંચ મહાવ્રતથી પ્રતિબદ્ધ, પંચાચારની પાલના સહિતનું, રત્નત્રયીની આરાધનામય, સમિતિથી સીમિત અને ગુપ્તિથી ગુપ્ત એવું જૈન સાધુ જીવન છે.

જૈન સાધુનું જીવન આવું, સાધ્યને અનુરૂપ એવું સાધક જીવન હોવાથી, તે શીઘ્ર સાધકને સાધ્યથી તદ્રૂપ બનાવે છે.

જૈન સાધુનું જીવન આવું ઊંચું સાધક જીવન છે, કારણ કે તે શાસનપતિ મહાવીર પ્રભુનો સાધુ છે. એ સાધક શાસનપતિ, ચોવીશમા તીર્થપતિ મહાવીર પ્રભુના સમવસરણ પ્રતીકસમ નાણ માંડી, નાણ સમક્ષ પ્રભુ સન્મુખ થઈ, સર્વસંગ પરિત્યાગ કરી, પ્રવજ્યા ગ્રહણ કરી પ્રતિજ્ઞાબદ્ધ દીક્ષિત બને છે.

શાસન વિધવિધ પ્રકારના છે. પ્રજાજનને, નગરજનને નગર કાનુનનું પાલન કરનાર સારો નાગરિક બનાવનાર શાસન એ રાજશાસન-પ્રજાતંત્ર-પ્રજાશાસન છે. સંત, મહંત, સાધુ, સંન્યાસીઓ દ્વારા નીતિનિયમો સમજાવી, ધર્મમાર્ગે ધર્મથી શાસિત કરનારું જે શાસન છે, તે ધર્મશાસન છે. એ ધર્મશાસનમાં મોક્ષના લક્ષ્યે, પરમપદ-સિદ્ધપદનું ધ્યેય બંધાવી, સ્વરૂપશાસન અર્થાત્ આત્માના અનુશાસન પ્રતિ દોરી જનારું વિધિ-નિષેધ, નિશ્ચય-વ્યવહાર, ઉત્સર્ગ-અપવાદ, દ્રવ્ય-ભાવ. જ્ઞાન-ક્રિયા ઇત્યાદિની સ્યાદ્વાદ શૈલીએ સૂક્ષ્મ વિચારણા કરનારું, જે સુંદર શાસન છે, તે જૈન શાસન છે, કે જેમાં ઊંચા સાધક જીવનને જીવવાની, પુરુષ અને સ્ત્રી ઉભયને માટેની જગતની અજોડ એવી ચતુર્વિધ સંઘની વ્યવસ્થા છે. એટલે સુધી કે ગૃહવાસમાં રહીને પણ ગૃહસ્થધર્મી એવા ગૃહસ્થી સાધકને માટેના પણ સુંદર પરિણામલક્ષી સાધક જીવનની વ્યવસ્થા અને વિચારણા છે. આ જૈનશાસનથી શાસિત સાધક આત્મા જ આગળ વધી, પોતે પોતાથી જ અનુશાસિત એટલે કે સ્વ રૂપને, સ્વ ભાવને સમજી, સ્વરૂપસ્થ બનાવનારું સ્વરૂપશાસન છે. એમાં પ્રવેશ પામે છે અને ભવસાગરથી પાર ઊતરે છે. રાજશાસન, સમાજશાસન, ધર્મશાસન આદિ લોકશાસન-લૌકિકશાસન છે. જૈન શાસન લોકશાસનથી નિરાળું લોકોત્તર શાસન છે અને સ્વરૂપશાસન, એ લોકોત્તમ શાસન છે, કે જે લોકાગ્ર શિખરે સાદિ અનંત પરમાત્મપદે પરમ સ્થિરાવસ્થામાં, પરમાનંદાવસ્થામાં સ્થિત કરે છે.

જૈન શાસનનું આટલું અદકેરું મહાત્મ્ય બતાવવાનું કારણ એ શાસનનો

મોક્ષમાર્ગ છે. સાધ્યના સ્વરૂપને અનુરૂપ એ સાધના કેવી છે તે હવે વિચારીએ.

વસ્તુ-તત્ત્વના બે ભેદ પડે છે. સામાન્ય અને વિશેષ અથવા દ્રવ્ય અને ભાવ. ભાવ કે જે ઉપયોગ છે તેની વિશુદ્ધ દશા કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ-કેવળજ્ઞાનના ભાવ ત્રણ પ્રકારે છે.

(૧) વીતરાગ જ્ઞાન એટલે કે વીતરાગતા પૂર્વકનું જ્ઞાન કે જે પ્રશાંત વેદન છે.

(૨) નિર્વિકલ્પક જ્ઞાન એટલે કે અખંડ અક્રમિક જ્ઞાન કે જે અખંડ વેદન છે.

(૩) સર્વજ્ઞ જ્ઞાન એટલે કે સર્વનું જ્ઞાન કે જે અનંતરસ વેદનરૂપ છે.

સર્વ પદાર્થો અખંડપણે વીતરાગતાપૂર્વક જણાય તેનું નામ કેવળજ્ઞાન.

પદાર્થ જણાય-જાણે વીતરાગતાપૂર્વક એટલે કે કોઈ પણ હેતુ-પ્રયોજન વિના. પદાર્થ જણાય-તે અખંડ એટલે અક્રમથી જણાય. તે જ નિર્વિકલ્પક જ્ઞાન. પદાર્થ જણાય તે સર્વ પદાર્થ જણાય. એકેય જ્ઞેય બાકાત ન રહેતાં સર્વ જણાય એ સર્વજ્ઞાન.

ક્રમિક અને અક્રમિક જ્ઞાન એ બે જ્ઞાન ભેગાં નહિ રહી શકે. આ ત્રણ ભાવમાંથી સાધનામાં જો કોઈ ભાવ ઉતારી શકાતો હોય તો તે વીતરાગતા છે, કારણકે વીતરાગતાની વિકૃતિ મતિજ્ઞાનમાં થઈ છે.

સાધનાની પ્રક્રિયામાં જે ચૌદ ગુણસ્થાનક આરોહણ પ્રક્રિયા છે તેમાં બારમા ગુણસ્થાનકે વીતરાગતા આવ્યા છતાં મતિજ્ઞાન તો ઊભું જ રહે છે, તેથી જ બારમા ગુણસ્થાનકે પણ સર્વજ્ઞ નિર્વિકલ્પતા નથી પરંતુ અવિકારી નિર્વિકલ્પતા હોય છે કારણકે છદ્મસ્થતા છે. અર્થાત્ સર્વજ્ઞતા નથી. આમ કેવળજ્ઞાન જે લક્ષ્ય છે તે કેવળજ્ઞાનના ત્રણ ભાવ વીતરાગતા, નિર્વિકલ્પતા, અને સર્વજ્ઞતામાંથી, 'વીતરાગતા' જો મતિજ્ઞાનમાં ઉતારીએ તો સાધ્યથી અભેદ થઈ વીતરાગ થઈ, લક્ષ અર્થાત્ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકાય. અખંડ, સર્વજ્ઞ, પરિપૂર્ણ સ્વાધીન-નિરપેક્ષ બની શકાય.

વિકલ્પ પણ ત્રણ પ્રકારના છે. (૧) વિકાર વિકલ્પ (૨) આવરણ વિકલ્પ અને (૩) વેદન વિકલ્પ. 'विकल्पो नहि वस्तु नेह नानास्ति किंचन' વિકલ્પ એ વસ્તુ નથી. ચૈતન્ય છે પણ ક્ષણિક છે. બહારના બાહ્ય દશ્યો જે નાના (વિધવિધ) પ્રકારના છે તે અનિત્ય-વિનાશી છે. વિકાર વિકલ્પ દૂર થતાં મતિજ્ઞાન જે વિકારીજ્ઞાન હતું તે અવિકારીજ્ઞાન બને છે. અર્થાત્ વીતરાગ જ્ઞાન બને છે, પ્રશાંત બને છે. આવરણ વિકલ્પ દૂર થતાં નિરાવરણ થવાય છે-નિર્વિકલ્પ બનાય છે. જેથી જ્ઞાન નિર્વિકલ્પ, અવિનાશી, અક્રમિક, અખંડ બને છે. અંતે વેદનવિકલ્પ દૂર થતાં કર્મકૃત ક્રમિક સુખ-દુ:ખ વેદન અભાવરૂપ એકાંતે અનંત રસરૂપ આનંદવેદનમાં નિમગ્ન થવાય છે-આત્માનુભૂતિ-સ્વરૂપાનંદાનુભવ થાય છે.

વિકાર વિકલ્પ હઠતાં વીતરાગતાની-પ્રશાંતતાની પ્રાપ્તિ થાય છે. છતાં સાધનાના આ તબક્કે મતિજ્ઞાન હોવાથી છદ્મસ્થતા છે અને અંતરાયનો નાશ થયો નથી હોતો એટલે જ્ઞાનની નિર્વિકલ્પકતા, અખંડિતતા, અવિનાશીતા, અક્રિયતા, અક્રમિકતા, પૂર્ણતા, સર્વનું જ્ઞાન છે તેવી સર્વજ્ઞતાની પ્રાપ્તિ નથી હોતી અને એકાંતે અખંડ અનંત રસરૂપ વેદન નથી હોતું. પરંતુ વીતરાગતાને કારણે અને વીતરાગતાના પરિણામે આવરણ વિકલ્પ, વેદન વિકલ્પ હઠી જતાં જ જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ અને અંતરાયકર્મનો નાશ થતાં જ નિરાવરણ, નિર્વિકલ્પ બનેલ જે જ્ઞાન હોય છે તે કેવળજ્ઞાન હોય છે. પૂર્ણજ્ઞાન સર્વજ્ઞતા હોય છે. એ અખંડ, અવિનાશી, અક્રમિક જ્ઞાન હોય છે. વેદનવિકલ્પ હઠતાં જ્ઞાન એકાંતે અનંત રસયુક્ત વેદનરૂપ બને છે. કર્મકૃત ક્રમિક સુખદુ:ખ વેદનનો આત્યંતિક અભાવ થાય છે.

આમ કેવળજ્ઞાન જે લક્ષ્ય છે તેના ત્રણ ભાવોમાંથી માત્ર વીતરાગતા જ સાધનામાં ઉતારી શકાય છે અને એ વીતરાગતા સાધકે પોતાના મતિજ્ઞાનમાં ઉતારવાની છે-લાવવાની છે. મતિજ્ઞાન વીતરાગ થયેથી કેવળજ્ઞાન જે લક્ષ્ય છે તે સહજ પ્રાપ્ય બને છે, અર્થાત્ સહજ, સ્વાભાવિક આપોઆપ જ કેવળજ્ઞાનનું પ્રગટીકરણ થાય છે.

કેવળજ્ઞાનનું સ્વરૂપ જે વીતરાગતા છે તે વીતરાગતા સાધકે પોતાની સાધના દ્વારા લાવવાની છે અર્થાત્ સાધકે સાધના દ્વારા નિર્મોહી-વીતરાગ બનવાનું છે. જેથી લક્ષ્ય જે કેવળજ્ઞાન છે તેનું પ્રાગટ્ય થાય અને સાધનાતીત થવાય. એટલે જ જ્ઞાનવિમલ સૂરીશ્વરજીએ વાંછ્યું છે કે...

વીતરાગ ભાવ ન આવહી, જિહાં લગી મુજને દેવ;

તિહાં લગે તુમ પદ કમલની, સેવના રહેજો એ ટેવ... મનમાં આવજો રે નાથ !

ભગવંતની સ્તવના કરતાં કેવળજ્ઞાન નહિ માંગ્યું પરંતુ વીતરાગતા માંગી.

ધ્યાન અને સમાધિ અવસ્થાને આપણે ભલે નિર્વિકલ્પ અવસ્થા કહેતાં હોઈએ પરંતુ વાસ્તવિક તે નિર્વિકલ્પ અવસ્થા નથી. કારણ કે ત્યાં ધ્યેય સન્મુખ છે અને ધ્યેયથી અભેદ થવાનો વિકલ્પ ઊભેલો છે. ધ્યાન-સમાધિમાં મનોયોગ, વચનયોગ અને કાયયોગની સ્થગિતતા-સ્થિરતા છે-વિચારોની સ્થગિતતા છે, તો પણ મતિજ્ઞાનની હાજરી-અસ્તિત્વ છે અને ઊંડે ઊંડે ધ્યેયસ્વરૂપની પ્રાપ્તિના વિકલ્પ-સંકલ્પ-ઉપયોગનું અસ્તિત્વ છે. આપણે એ દશાને નિર્વિકલ્પકદશા તરીકે ઓળખાવીએ છીએ તે ઔપચારિક છે કેમકે ધ્યાન ચાલુ છે-સમાધિ લાગી ગઈ છે તે સાધનાવસ્થા -સાધકાવસ્થાની સૂચક છે. ઉપયોગ ચાલુ છે. ઉપયોગવંતતા નથી, સહજતા નથી. કેવળજ્ઞાનનું સ્વરૂપ તો સાધનાતીત, ધ્યાનાતીત, ઉપયોગવંત, સહજ સ્વરૂપ છે. એ અવસ્થામાં કોઈ ક્રિયા, કોઈ સંકલ્પ કે કોઈ વિકલ્પ યા ઉપયોગ મૂકવાપણું નથી. ક્રિયા છે ત્યાં કર્મ છે અને કર્તા છે. કેવળજ્ઞાની ભગવંતની સ્વરૂપાવસ્થા તો અક્રિય અવસ્થા-સહજાવસ્થા છે. સાકરમાં સહજ જ મીઠાશ છે. મિઠાઈમાં તો સાકર દ્વારા મીઠાશ છે. સર્વ અન્ય વિકલ્પોને હઠાવીને એકમાત્ર આત્મસ્વરૂપ-કેવળજ્ઞાન સ્વરૂપની પ્રાપ્તિના વિકલ્પ સાથે એકાગ્ર-એકાકાર થવાનો આત્મિક આનંદ ધ્યાન-સમાધિમાં છે પરંતુ તે સ્વરૂપાનંદ, કેવળજ્ઞાનાનંદ, સહજાનંદિતા, સહજાવસ્થા નથી. પરંતુ ધ્યાન-સમાધિથી સહજાવસ્થા કેવળજ્ઞાનની પ્રાપ્તિ અવશ્ય થઈ શકે છે.

प्रच्छन्नम् परमं ज्योतिरात्मनाज्ञानभस्मणा ।

क्षणादविर्भवत्युग्र ध्यान वात प्रचारत: ॥

(મહામહોપાધ્યાજી-પરમાત્મજ્યોતિ પંચવિંશતિ.)

અજ્ઞાનરૂપી ભસ્મથી આત્માની પરમજ્યોતિ જે ઢંકાયેલી છે તે માત્ર એક ક્ષણમાં જ ઉગ્ર ધ્યાનરૂપ પવનના પ્રચારથી (વાવાઝોડાથી) પ્રગટ થાય છે.

આત્માનું સ્વરૂપ પરમસ્થિર છે. સર્વ આત્મપ્રદેશોની પરમસ્થિરતા એ આત્માનું સ્વરૂપ છે. એ સ્વરૂપને પણ સાધકે સાધનામાં ઉતારવાનું હોય છે. એટલે જ મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, કાઉસગ્ગ (કાર્યોત્સર્ગ), ધ્યાન, સમાધિની સાધના સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ મુમુક્ષુ સાધકને બતાડી છે. યોગકંપનથી આત્મપ્રદેશ કંપન થાય છે. આત્મપ્રદેશને

અકંપિત-સ્થિર બનાવવા માટે યોગસ્થૈર્યની સાધના બતાડી તે સાધના એટલે સુધીની પરાકાષ્ઠાની બતાડી કે જેવું સિદ્ધ ભગવંતોનું સિદ્ધસ્વરૂપ સિદ્ધશિલા ઉપર છે તેવું પરમસ્થૈર્ય-શૈલેશીકરણ દ્વારા ચૌદમા ગુણસ્થાનકે સિદ્ધ કરવાનું હોય છે. એ સહજ જ થઈ જતી પ્રક્રિયા છે. પરંતુ જે દશા સાધ્યની છે તે સાધકાવસ્થામાં ઉતારવાની હોય છે તે તેનું તાત્પર્ય છે. શુક્લધ્યાનના પ્રથમ બે પાયાથી ઉપયોગસ્થૈર્ય આવે છે, તો પછીના છેવટના બે પાયાથી યોગસ્થૈર્ય આવે છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ સ્વાધીન, નિરાલંબ, નિરપેક્ષ છે જે સ્વરૂપને સિદ્ધ કરવા સાધુધર્મ બતાડ્યો કે જે સાધુધર્મનું સાધુ જીવન જેવું નિર્દોષ નિરાલંબ, સ્વાધીન જીવન પ્રાયઃ કોઈ અન્ય ધર્મ વ્યવસ્થામાં જોવા જાણવામાં આવતું નથી.

આત્માનું સ્વરૂપ અક્રિય અકર્મ-નિષ્કર્મા છે તેથી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો ધર્મ બતાડ્યો. આત્મા પોતે પોતામાં જ સ્થિત-સ્થિર હોય છે. સ્વ સ્થિત, સ્વમાં સ્થિર હોય છે-સ્વસ્થ હોય છે. આત્મા સમ છે. માટે જ આત્માને પર પદાર્થોથી છૂટવા અને સ્વમાંથી સ્વનું સુખ મેળવવા ત્યાગ ધર્મ આપ્યો અને મમતા ત્યજી સમ થવાં સમતા ધર્મ-સમભાવ ધર્મ આપ્યો કે શાતા-અશાતા, સુખ-દુઃખ, લાભ-ગેરલાભ, જય-પરાજય, બધી પરિસ્થિતિમાં સમ રહેવાં-સમતા ધારણ કરવા રૂપ સ્થિતપ્રજ્ઞ થવા રૂપ ધર્મ પ્રરૂપ્યો.

આત્માનું સ્વરૂપ અણાહારી છે. આત્માને એના પરમ વિશુદ્ધ એવાં પરમાત્મસ્વરૂપમાં આહાર લેવાપણું હોતું નથી. માટે સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ સાધ્યના એ સ્વરૂપને સાધનામાં ઉતારવા અણાહારી થવા જણાવ્યું. તે માટે તપધર્મ પ્રરૂપ્યો. ઉણોદરી રહેવાથી લઈ અનશન સુધીની તપ આરાધના બતાડી. આહાર સંજ્ઞા ઓછી કરતાં કરતાં આહારસંજ્ઞાના સર્વથા નાશનો ધર્મ બતાડ્યો. વાસ્તવિક તો આત્માનું પરમાત્મ સ્વરૂપ અદેહી-અશરીરી છે. હવે અદેહી-અશરીરી બનવાની સાધના કરી શકાતી હોતી નથી એટલે દેહ અને અન્નનો જે સંબંધ છે કે દેહ વધે છે અને ટકે છે તે અન્નથી જ તે સંબંધને અનુલક્ષીને તપધર્મ બતાડ્યો. જેથી દેહભાવ જાય. અદેહી થવા માટે દેહભાવ અને દેહભાન છોડી દેહની આળપંપાળથી અળગા થવાની, વિદેહી થઈ અદેહી થવાની સાધના બતાડી. આમ લક્ષ અદેહી થવાનું, પણ સાધના અણાહારી થવાની-વિદેહી થવાની હોય છે.

આત્માનું પરમાત્મ સ્વરૂપ એવું છે કે એ પોતે કોઈને હણતો નથી કે પોતે કોઈથી હણાતો નથી, પોતે ડરતો નથી કે કોઈને ડારતો (ભય પમાડતો) નથી, પોતે બંધાતો નથીકે કોઈને બાંધતો નથી. એવું એનું નિર્ભય, નિર્ગ્રંથ, નિર્બંધ, અનાહત સ્વરૂપ છે. તે સ્વરૂપને સાધનામાં ઉતારવા અભયદાનધર્મ, અહિંસા ધર્મ બતાડ્યો.

આત્મા આનંદ સ્વરૂપ છે તો સાધનાધર્મ થયો કે સર્વ સંયોગ-પ્રસંગ-પરિસ્થિતિમાં ચિત્ત-પ્રસન્ન રાખવું-સ્વસ્થ રહેવું-અખેદ રહેવું. પાંચ અસ્તિકાયો-આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાયના પરમભાવરૂપ ગુણ અનુક્રમે અવગાહનાદાયિત્વ, ગતિપ્રદાનતા, સ્થિતિપ્રદાનતા, ગ્રહણગુણ અને પ્રકાશકતા જે છે તે ગુણ પોતપોતાના આગવા વિશિષ્ટ ગુણો છે કે જે ગુણથી તે દ્રવ્યો-અસ્તિકાયોની ઓળખ થાય છે, પરંતુ તે ગુણનું કાર્ય અન્ય દ્રવ્યો પ્રતિ છે, જેમકે ફળ અને છાયા આપવાનો ગુણ વૃક્ષનો પણ તે વૃક્ષની છાયા અને ફળનો ઉપયોગ અન્યને માટે. પાણી નદીનું પણ તે પાણીનો ઉપયોગ અન્ય પશુ, પંખી, માનવીઓ માટે. એટલે સુધી કે નદી પોતે સુકાઈ ગઈ હોય તો તે નદીના તળમાં ગયેલ પાણી પણ નદીને ખોદી-કૂવા-વાવ ગાળી મેળવવામાં આવે છે તે પ્રક્રિયામાં નદી પોતાના અંતઃસ્તલને ચીરીને-આઘાત સહન કરીને પણ પાણી આપે છે. આ સમગ્ર સચરાચર જાણે અજાણે પણ બીજાના ઉપયોગ માટે જીવે છે અને મનુષ્યનું જીવન પણ આ બધાના રૂડા પ્રતાપે જ ટકે છે. માનવીનો પ્રત્યેક શ્વાસોશ્વાસ, તેનું હલનચલન ઇત્યાદિ તેના જીવનની પળેપળ કોઇને કોઈ જીવ, પશુ, પંખી, વનસૃષ્ટિ-વનસ્પતિ યા તો પંચમહાભૂત આદિએ આપેલા આત્મભોગ વડે જ શક્ય બને છે. એથી જ સૂત્રો આપ્યા કે । परस्पर: उपग्रहो जीवानाम । અને जीवो जीवस्य जीवनम् । મત્સ્ય ગલાગલ ન્યાય. Survival of fittest એમાંથી જ Reverence for life જીવત્વ સ્વીકાર-જીવનાદર ઇરિયાવહિ સૂત્ર આવ્યાં. પરાકાષ્ટા-પરોપકાર ધર્મ જે સર્વધર્મને સ્વીકૃત ધર્મ છે તે પણ આ ઉપર જણાવ્યા મુજબના સાધ્યના-લક્ષ્યના સ્વરૂપની દેણ છે કે ગુણ પોતાનો પણ તે ગુણનું કાર્ય અન્યપ્રતિ ! એક કવિએ ગાયું છે...

તરુવર - સરવર - સંતજન, ચોથા વરસે મેહ ;
પર ઉપકારને કારણે, ચારે ધરીયો દેહ.

આત્માના ગુણ પાંચ છે : દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય. એ આત્માનાં પાંચ ગુણોનું શુદ્ધ સ્વરૂપ છે કેવળદર્શન, કેવળજ્ઞાન, અનંત સુખ-પરમ સ્થિરતા, પૂર્ણકામ (તૃપ્તતા-સંતૃપ્તતા-નીરિહિતા) અને પૂર્ણતા-અનંતના આ સ્વરૂપગુણો જે સાધ્યના છે તેની પ્રાપ્તિને માટે સાધ્યના ગુણોને અનુલક્ષીને જે સાધનાધર્મ સાધકને આપ્યો છે તે પંચાચાર પાલના રૂપ ધર્મ છે-જે છે દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. આત્માના જે છ લક્ષણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ કહ્યાં છે તે સર્વ જીવને જીવ હોવાના ચિહ્ન-લક્ષણ રૂપ છે. તે લક્ષણ અનાદિથી મલિન થયેલ છે એ સુધારવા અને સ્વરૂપગુણરૂપે પ્રગટીકરણ કરવા માટે પંચાચાર પાલનારૂપ ધર્મ પ્રભુએ પ્રવર્તાવ્યો છે. એ પંચાચારની પાલનાથી ભાવગુણની સ્પર્શના થાય તો નવપદમાં સ્થાન મળે. પંચાચારપાલના દ્રવ્યથી થાય તો પણ તે દુર્ગતિથી બચાવી સદ્‌ગતિને આપનાર છે. બાકી ભાવ સ્પર્શના થાય તો મોક્ષને-કેવળજ્ઞાનને આપનાર છે.

પ્રભુને પ્રાર્થીએ છીએ કે આપણાને સહુ કોઈને આવો ઊંચો સિદ્ધિદાયી સર્વસંગ પરિત્યાગરૂપ સર્વવિરતિ-સ્વરૂપધર્મ મળે, જે વડે સ્વરૂપની સ્પર્શના કરી સ્વરૂપસ્થ થઈ સ્વરૂપાનંદી બનવા સૌભાગ્યશાળી થઈએ.

(સંકલન : સૂર્યવદન ઠાકોરદાર ઝવેરી)

## 'મંથન'ને માટે નિધિ-અર્પણનો કાર્યક્રમ

ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ દ્વારા અપંગ બાળાઓ માટેની સંસ્થા 'મંથન', હાજીપુર (તા. કલોલ)ને માટે એકત્ર થયેલ રકમ રૂપિયા એકવીસ લાખનો નિધિ અર્પણ કરવાનો કાર્યક્રમ રવિવાર, તા, ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૦૨ના રોજ સવારે 'મંથન'માં યોજવામાં આવ્યો છે. સંઘના જે સભ્યો, દાતાઓ વગેરે આ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા હોય તેઓએ રૂા. ૩૦૦ ભરીને કાર્યાલયમાં પોતાનું નામ તા. ૨૫મી નવેમ્બર,૨૦૦૧ સુધીમાં નોંધાવવું. વધુ માહિતી કાર્યાલયમાંથી મળશે.

☐ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્કસ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
વર્ષ : (૫૦) + ૧૨ ● અંક : ૧૨ ● ડિસેમ્બર, ૨૦૦૧ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2001
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## अपुच्छिओ न भासेज्जा, भासमाणस्स अंतरा ।

–ભગવાન મહાવીર

## (વગર પૂછ્યે ન બોલવું, બોલતા હોય ત્યારે વચ્ચે ન બોલવું)

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીએ ગુરુ-શિષ્યના સંબંધોમાં શિષ્યે કેવી રીતે બેસવું, ઊઠવું, ગોચરી વહોરવી, બોલવું, ચાલવું ઇત્યાદિ વિશે નાની નાની પણ અત્યંત મહત્ત્વની શિખામણો આપી છે, જે તેઓને સંયમજીવનમાં, વિનયવ્યવહારમાં અને અધ્યાત્મસાધનામાં અત્યંત ઉપયોગી છે. આવી શિખામણોમાં જીવનનું સૂક્ષ્મ દૃષ્ટિથી કેટલું તલસ્પર્શી અવલોકન થયું છે અને સંયમના માર્ગમાં કેવાં કેવાં ભયસ્થાનો છે તથા અધ્યાત્મમાર્ગના આરોહણમાં કેવી કેવી સાવધાની રાખવી જોઇએ તે વિશેના સચોટ માર્ગદર્શનની આપણને પ્રતીતિ થાય છે.

મુનિએ ક્યારે ક્યારે કેવી રીતે બોલવું કે ન બોલવું એ વિશેની ભલામણોમાંથી વગર પૂછ્યે ન બોલવા વિશેની ભલામણ કેટલી બધી ઉપયોગી છે તે અનુભવથી સમજાય એવું છે. દસવૈકાલિકસૂત્રના આઠમા અધ્યયનમાં કહ્યું છે :

अपुच्छिओ न भासिज्जा, भासमाणस्स अंतरा ।
पिट्ठिमंसं न खाइज्जा, मायामोसं वि वज्जए ॥

(મુનિએ વગર પૂછ્યે બોલવું નહિ, ગુરુ ભગવંત બોલતા હોય ત્યારે વચમાં ન બોલવું, નિંદા કરવી નહિ અને માયામૃષાનો ત્યાગ કરવો)

ગુરુ મહારાજ જ્યારે કોઈની સાથે વાત કરતા હોય ત્યારે શિષ્યે વચ્ચે ન બોલવું જોઈએ. ગુરુ મહારાજ પૂછે અથવા બોલવાનું કહે તો જ બોલવું જોઈએ. સરળ સુસંવાદી જીવનવ્યવહાર અને સંયમજીવન માટે એ બહુ જરૂરી છે.

શિષ્ય જો વગર પૂછ્યે બોલે તો કોઈકની વાત છતી થઈ જવાનું જોખમ છે, જે બોલવા જેવી ન હોય કે જાહેરમાં મૂકવા જેવી ન હોય. વચ્ચે બોલવાથી વાતનો તંતુ તૂટી જાય છે, વિષયાંતર થવાનો સંભવ રહે છે અને અન્ય વ્યક્તિ ઉપર ખોટી છાપ પડવાનો સંભવ રહે છે. કોઈ વાતની સ્પષ્ટતાની જરૂર હોય કે કંઈ માહિતી જોઈતી હોય તો ગુરુ મહારાજ પોતે જ શિષ્યને પૂછી લે છે એટલે શિષ્યે વગર પૂછ્યે બોલવાની આવશ્યકતા નથી. વળી એક વખત શિષ્યને વગર પૂછ્યે બોલવાની ટેવ પડી જાય તો શિષ્યમાં અવિનય આવવા લાગે છે. પોતે ગુરુભગવંત કરતાં હોંશિયાર અને વધુ જાણકાર છે એવું અભિમાન આવી જવાનો પણ સંભવ રહે છે. જીવનને ક્રોધ, માન ઇત્યાદિ કષાયોથી રહિત બનાવવાનું હોય છે. પરંતુ તેને બદલે તેવા કષાયોને પોષણ મળવાનો સંભવ રહે છે. વળી બીજા શિષ્યોની ચાડીચૂગલી કરવાની વૃત્તિ પણ થઈ આવે છે અને ક્યારેક અસત્યનો, માયાચારનો આશ્રય પણ લેવાઈ જાય છે. આ બધામાંથી બચવું હોય તો વાણી ઉપરનો સંયમ અત્યંત જરૂરી છે. એ માટે જુદી જુદી જાતની તકેદારી રાખવાની જરૂર છે. એમાંની એક તે વગર પૂછ્યે ન બોલવા વિશેની છે. માણસ જ્યારે કંઇક વિશેષ જાણતો હોય છે અથવા પોતાને કોઇક વાતની વહેલી ખબર પડી જાય છે ત્યારે એના પેટમાં વાત રહેતી નથી અને વગર પૂછ્યે પણ એ વાત ઉચ્ચારાઈ જાય છે અને એ દ્વારા જશ ખાટી જવાની વૃત્તિ સંતોષાય છે.

ભગવાને ગુરુ-શિષ્યના સંબંધને લક્ષમાં રાખીને જે ભલામણ કરી છે તે ગૃહસ્થોના અંગત અને જાહેર જીવનમાં પણ એટલી જ ઉપયોગી છે. આપણી કેટલીયે સામાજિક સંસ્થાઓની સમિતિઓમાં પોતાના વક્તવ્યને રજૂ કરવા અંગે ઠીક ઠીક ગેરશિસ્ત પ્રવર્તતી હોય છે. ગમે ત્યારે ગમે તે વ્યક્તિ સભાસંચાલનમાં વચ્ચે બોલીને દખલગીરી કરે છે. સભાધ્યક્ષના આદેશો ન માનવામાં જ મોટાઈ મનાય છે. ઘણી સભાઓમાં જેમ નમૂનારૂપ શિસ્ત જોવા મળે છે તેમ ગેરશિસ્ત પણ જોવા મળે છે. અંગત તેમ જ જાહેર જીવનમાં શિસ્ત વગર કોઇપણ પ્રજા બહુ પ્રગતિ ન કરી શકે. શિસ્તના પાઠ બોલવા-બેસવાની આવી નાની નાની વાતોથી શરૂ થઈ શકે.

અહીં મુનિ મહારાજને ભલામણ કરવામાં આવી છે કે એમના ગુરુભગવંત કોઈની સાથે વાત કરતા હોય ત્યારે એમાં વચ્ચે ન બોલવું જોઇએ. વચ્ચે બોલવાથી કોઈકને ક્ષોભ થાય, કોઈક સાથે દ્વેષ, વેરભાવ ઈત્યાદિ થાય, પરિસ્થિતિ ખોટો વળાંક લઈ લે, ધાર્યું કામ પૂર્ણ ન થાય ઈત્યાદિ પ્રકારનો સંભવ રહે છે. એટલે જ કોઇની વાતમાં વચ્ચે બોલવું એ બૂરી આદત સમાજમાં ગણાય છે. ક્યારેક પોતાનું ડહાપણ બતાવવા માટે પણ માણસને વચ્ચે બોલવાનું મન થાય છે. પોતે બહુ ડાહ્યા છે, સમજદાર છે, જાણકાર છે એવા ભાવથી અભિમાનપૂર્વક વચન ઉચ્ચારાય છે. પરંતુ જીવન-વ્યવહારમાં, જેટલું જાણતા હોઇએ એટલું બધું જ બીજાને કહેવા યોગ્ય નથી હોતું, થેરગાથામાં કહ્યું છે :

सव्वं सुणाति सोतेन, सव्वं पस्सति चक्खुना ।
न च दिट्ठं सुतं धीरो सव्वं उज्झितमरहति ॥

(માણસ કાનથી બધું સાંભળે છે, આંખથી બધું જુએ છે, પરંતુ જે કંઈ જોયું કે સાંભળ્યું હોય તે બધું બધાને કહેવા યોગ્ય છે એવું ધીર પુરુષને લાગતું નથી.)

પોતાના વિચારો દ્વારા પોતાની પ્રતિક્રિયા તરત વ્યક્ત કર્યા પછી કેટલાક પસ્તાય છે. પોતાનાથી ઉતાવળ અને અધીરાઈ થઈ ગઈ છે, કાચું કપાઈ ગયું છે એમ પછી લાગે છે. પછી એનાં માઠાં પરિણામો ભોગવવાનો વખત પણ આવે છે. એટલે જ 'ન બોલ્યામાં નવ ગુણ' જેવી કહેવત પ્રચલિત થઈ છે. વળી આપણે ત્યાં એક રૂઢ પ્રયોગ છે :

વગર બોલાવ્યે બોલે
એ તણખલાની તોલે.

જૂના વખતનો એક ટુચકો છે. એક રાજાના મંત્રીની ચારે પત્નીઓ બહુ રૂપાળી, પણ કોઈક કારણસર બોબડી થઈ ગઈ હતી. એટલે મંત્રી પત્નીઓને ક્યારેય રાજદરબારમાં લઈ જતો નહિ. આથી રાજાને જિજ્ઞાસા થતી. એક વખત રાજાએ મંત્રીને કહ્યું, 'મારે એક દિવસ તમારે ઘરે જમવા આવવું છે.'

મંત્રીથી ના પડાય એમ નહોતું. રાજા અને મંત્રી જમવા બેઠા. ચારે પત્નીઓએ સરસ રસોઈ બનાવી અને સુસજ્જ થઇને પીરસવા લાગી. પરંતુ મંત્રીએ પત્નીઓને શિખામણ આપી રાખી હતી કે પીરસીને આઘા ઊભા રહેવું અને પૂછ્યા વગર કોઇએ બોલવું નહિ. વળી રાજા તમને કંઈ પૂછે તો પહેલાં તો તમારાવતી તરત હું જવાબ આપી દઇશ. તમારે મૌન રાખવું. તમે બોલતાં શરમાવ છો એમ હું કહીશ.' ચારે પત્નીઓએ એ શિખામણ સ્વીકારી લીધી. રાજા પત્નીઓને કંઈ પણ પૂછે કે તરત મંત્રી જવાબ આપી દેતા. રાજાને થયું કે હવે કંઇક યુક્તિ કરવી જોઇશે. એણે જમતાં જમતાં રસોઇનાં વખાણ કર્યાં અને કહ્યું : 'આજે વડાં બહુ જ સરસ થયાં છે. આવાં વડાં તો જિંદગીમાં મેં ક્યારેય ખાધાં નથી.'

રાજાને મોઢે વડાંની પ્રશંસા સાંભળી વડાં બનાવનાર પત્નીથી રહેવાયું નહિ. એ તરત બોલી, 'એ વયાં તો મેં કયાં છે.' (એ વડાં તો મેં કર્યાં છે.) ત્યાં બીજી પત્નીએ તરત એને ઠપકો આપતાં કહ્યું, 'ના કઈ તી ને ચેમ બોઈ ?' (ના કહી હતી તો કેમ બોલી ?). ત્યાં ત્રીજી બોલી ઊઠી, 'એ તો બોઈ તો બોઈ પણ તું ચેમ બોઈ ?' (એ તો બોલી તો બોલી, પણ તું કેમ બોલી ?). ત્યાં ચોથી બોલી, 'એ બોઈ, પણ હું તો બોઇય નથી અને ચાઇય નથી.' (એ બોલી પણ હું તો બોલી પણ નથી અને ચાલી પણ નથી.)

આમ ચારે બોબડી પત્નીઓ ન પૂછવા છતાં બોલી અને મંત્રી ઝંખવાણો થઈ ગયો.

આ તો દૃષ્ટાન્તરૂપે ટુચકો છે, પણ કહેવાનું તાત્પર્ય એ છે કે પોતાની પ્રશંસા વખતે માણસથી રહેવાતું નથી, ન બોલવાનું હોય તોપણ બોલાઈ જાય છે. મૌનનો પણ ભંગ થઈ જાય છે.

જ્યારે કોઈ શિક્ષણવર્ગમાં, ચર્ચાસભામાં પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે એ પ્રશ્ન બધાને માટે હોય છે, પરંતુ તેનો જવાબ તો જેને આપવાનો હોય તે જ આપે છે. કેટલીક વાર શિક્ષક કહે છે, 'સવાલ સબસે, જવાબ એકસે.' શિક્ષક વર્ગમાં પ્રશ્ન પૂછે અને બધા જ વિદ્યાર્થીઓ એક સાથે બોલે તો ગેરશિસ્ત અને ઘોંઘાટ સર્જાય.

સવાલ-જવાબની પદ્ધતિ શાળાઓમાં સારી રીતે શીખવી શકાય છે. જ્યાં આ પ્રમાણે તાલીમ અપાય છે ત્યાં સુંદર શિસ્ત પ્રવર્તે છે. લશ્કરી તાલીમમાં અને પ્રત્યેક દેશના લશ્કરી જીવનમાં બોલવા અંગે, સવાલ-જવાબ અંગે સારી શિસ્ત પ્રવર્તતી હોય છે. કોઈ વચ્ચે બોલે એવું લશ્કરી જીવનમાં જોવા નહિ મળે.

કેટલીકવાર વિદ્યાર્થીઓમાં દેખાડો કરવાની વૃત્તિને લીધે કે શિક્ષકને પજવવા માટે પ્રશ્નો પૂછવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટેની એક શિબિરમાં બહારના એક વ્યાખ્યાતા રાતના આઠથી નવ વ્યાખ્યાન આપતા અને છેલ્લે કહેતા કે વ્યાખ્યાનના વિષય અંગે કોઇને કંઈ પ્રશ્ન પૂછવો હોય તો પૂછો. થાકેલા અને ઊંઘમાં આવેલા વિદ્યાર્થીઓ કંઈ પૂછતા નહિ. કદાચ કોઈ વિદ્યાર્થી પૂછે તો બીજા પછીથી ખાનગીમાં એને ઠપકો આપીને કહેતા કે 'તારે પૂછવું હોય તો એકલો જઇને પૂછી આવજે. અમારો સમય શું કામ બગાડે છે. અમારે વેળાસર ઊંઘવું હોય કે નહિ ?' બીજા દિવસોએ પણ વ્યાખ્યાતા ત્રણચાર વાર કહે છતાં કોઇનો ય પ્રશ્ન ન આવતાં તેઓ વિદાય લેતા. છેલ્લા દિવસે વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓના આચાર્ય આવીને બેઠા.

વ્યાખ્યાનને અંતે વ્યાખ્યાતાએ રાબેતા મુજબ કહ્યું કે : 'કોઇને કંઈ પૂછવું હોય તો પૂછો.' તરત એક સાથે આઠ હાથ ઊંચા થયા. એક પછી એક પ્રશ્નો, કેટલાક તો ઢંગધડા વગરના થવા લાગ્યા. વ્યાખ્યાતાએ ધીરજપૂર્વક જવાબો આપ્યા. પણ પ્રશ્નો તો આવતા જ ગયા. પ્રશ્ન પૂછનાર પ્રશ્ન પૂછ્યા પછી ધ્યાનથી સાંભળવા વ્યાખ્યાતાની સામે જોવાને બદલે પોતાના આચાર્યની સામે જુવે. વ્યાખ્યાતા શો જવાબ આપે છે એ સાંભળવામાં એને રસ નહિ, પણ પોતે કેવો સરસ પ્રશ્ન કર્યો છે એનો પ્રતિભાવ આચાર્યના ચહેરા પર કેવો છે તે જ જાણવા ઉત્સુક. બે કલાક સુધી વિદ્યાર્થીઓના પ્રશ્નો આવતા જ રહ્યા અને છેવટે આચાર્યને આજ્ઞા કરવી પડી કે હવે પ્રશ્નો બંધ થાય. પ્રશ્નોત્તરીની બાબતમાં આવું પણ થાય છે.

બીજાઓ સાથેની વાતચીતમાં માણસે બોલતાં પહેલાં પોતાની યોગ્યતાનો, પોતાની પરિસ્થિતિનો, પોતાના અધિકારનો વિચાર કરવો જોઇએ. માણસે મન:પૂત વાણી ઉચ્ચારવી જોઇએ. કહેવાયું છે કે :

વચન રતન, મુખ કોટ હૈ, હોઠ કપાટ બનાય;
સમજ સમજ હરફ કાઢિયે, મત પરવશ પડ જાય.

વાણી ઉપરના સંયમમાં માણસની ધીરજની કસોટી થાય છે. બોલવું છે, બોલવા જેવું છે અને છતાં નથી બોલવું, ન બોલવામાં જ ઔચિત્ય છે એમ સમજીને મનને સંયમમાં રાખવું ઘણું અઘરું છે. મનને સંયમમાં રાખવાથી સામાજિક અને નૈતિક દૃષ્ટિએ લાભ થાય કે ન થાય, પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તો અવશ્ય લાભ થાય જ છે.

આપણને પ્રશ્ન થાય કે કોઈ ન પૂછે તો ન બોલવું એ સાચું, પણ કોઈ સહજ ભાવે કે જાણી જોઇને પૂછે તો શું કરવું ?

કોઈ ન પૂછે અને ન બોલવું એમાં તો ઉત્તમ ડહાપણ છે, પરંતુ હેતુપૂર્વક પૂછવામાં આવે ત્યારે પણ માણસે ઉત્તર આપવો કે નહિ તેનો પુખ્ત વિચાર કરવો જોઇએ. પૂછનારનો ઈરાદો કેવો છે તે પણ પારખતાં આવડવું જોઈએ. કેટલાક માણસ નફ્ફટ થઈને સીધો સવાલ અચાનક કરે છે. ત્યારે માણસની કસોટી થાય છે. અસત્ય બોલવું નથી અને વિષમ પરિસ્થિતિમાંથી બચવું છે. તો તેની કલા માણસને આવડવી જોઈએ. ક્યારેક તો એટલો વિચાર કરવાનો પણ સમય રહેતો નથી. પરંતુ વ્યક્તિએ પોતાનું જીવન એવી રીતે ઘડવું જોઇએ કે સહસા પણ અયોગ્ય ન જ બોલાઈ જાય. હિત, મિત, પથ્ય અને સત્ય વાણી માટેનો આગ્રહ

જીવનમાં વણાઈ જાય તો અયોગ્ય, અપરિપક્વ વાણી ઉચ્ચારવાનો સમય આવતો નથી. સહસા પણ એવું બોલાતું નથી.

વગર પૂછ્યે બોલવું ન જોઇએ એ તો સાચું અને ગુરુ મહારાજ પૂછે તો વિનયપૂર્વક ઉત્તર આપવો જોઇએ એ પણ સાચું, પરંતુ કેટલીક સામાજિક બાબતોમાં, રાજકારણમાં કે એવા અન્ય વિષયમાં તો પૂછવામાં આવે છતાં મૌન રાખવામાં ડહાપણ છે. પોતાના ઉત્તરથી જો ક્લેશકંકાસ થવાનો હોય, વાદવિવાદ કે કષાયો થવાના હોય, હિંસા થવાની હોય તો તેવે વખતે પૂછવા છતાં ન બોલવું જોઇએ.

એક સુભાષિતમાં કહ્યું છે :

ना पृष्ठः कस्याचिद् ब्रूयान्नाऽप्यन्यायेन पृच्छतः ।
ज्ञानवानपि मेघावी जडवत् समुपाविशेत् ॥

[કોઈના પૂછ્યા વગર કશું કહેવું નહિ. વળી અન્યાયથી જો પૂછવામાં આવે તો પણ જ્ઞાનવાન, મેધાવી વ્યક્તિ જડવત્ ચૂપ બેસી રહે.]

કેટલાક માણસોની પ્રકૃતિ જ એવી હોય છે કે તેઓ કારણ હોય કે ન હોય, બોલ્યા વગર રહી શકતા નથી. જે બહુ બોલબોલ કરે છે તેઓ જ ભાંગરો વાટતા હોય છે. જે માણસ વારંવાર મૌનનો અભ્યાસ કરે છે તેને પછી વગર કારણે બોલવાની બહુ ઇચ્છા થતી નથી. એટલા માટે સાધકે તો વાણીના સંયમનો, મૌનનો અભ્યાસ સતત રાખતા રહેવું જોઇએ. ઉત્તરાધ્યયનસૂત્રમાં ભગવાનને પૂછવામાં આવે છે :

वइगुत्तयाए णं भंते, जीवे किं जणयइ ?

(હે ભગવાન ! વચનગુપ્તિથી જીવ શું પ્રાપ્ત કરે છે ?)

ભગવાને કહ્યું કે :

वइगुत्तयाए णं निव्विकारं जणयइ । निव्विकारे णं जीवे वइगुत्ते अज्झप्पजोगसाहणजुत्ते यावि भवइ ।

(વચનગુપ્તિથી જીવ નિર્વિકારતા પ્રાપ્ત કરે છે. નિર્વિકાર થવાથી તે અધ્યાત્મયોગની સાધનાથી યુક્ત થાય છે.)

એટલે અધ્યાત્મસાધના માટે વચનગુપ્તિની અત્યંત આવશ્યકતા છે. જેમ જેમ વાણી પરનો સંયમ આવતો જાય તેમતેમ યોગ્ય સમયે યોગ્ય વચન જ ઉચ્ચારાય, નિરર્થક વાણીવિલાસ થાય નહિ. વાણીના સંયમથી અંતર્મુખ થવાય અને ચિત્ત વિકારરહિત, વિશુદ્ધ બનવા લાગે.

શું પૂછ્યા વગર ક્યારેય બોલાય નહિ ? ના, એવું નથી. વ્યવહારમાં ક્યારેક ન પૂછવામાં આવ્યું તો પણ બોલવું એ કર્તવ્યરૂપ બને છે. હેમચંદ્રાચાર્યે કહ્યું છે કે જ્યાં ધર્મની હાનિ થતી હોય ત્યાં વગર પૂછ્યે પણ બોલવું જોઇએ. એ દોષરૂપ નથી, બલ્કે કર્તવ્યરૂપ છે. પરંતુ આવા પ્રસંગે માણસે પ્રેમથી, સૌમ્યતાથી વિવેકબુદ્ધિપૂર્વક વચન ઉચ્ચારવું જોઇએ.

પ્રશ્નો પૂછવાની બાબતમાં ગુરુ ગૌતમસ્વામીની તોલે કોઈ ન આવે. ગૌતમસ્વામી એટલે પ્રાશ્નિકનો આદર્શ. ભગવાન મહાવીર સ્વામીને એમણે પૂછેલા પ્રશ્નોમાંથી છત્રીસ હજાર પ્રશ્નો અને ભગવાને એનાં આપેલા ઉત્તરો ભગવતીસૂત્રમાં સચવાયા છે. ગૌતમસ્વામી કેટલા વિનયપૂર્વક પ્રશ્નો પૂછે છે અને ભગવાન પણ 'હે ગોયમા' એમ કહીને કેટલા વાત્સલ્યપૂર્વક જવાબ આપે છે ! પોતે જાણતા નહોતા માટે ગૌતમસ્વામીએ પ્રશ્નો પૂછ્યા હતા એવું નથી, પોતે તો જાણતા જ હતા, પણ પોતાના પ્રશ્નોથી ત્યાં બેઠેલા બીજા જીવોની શંકાનું સમાધાન થાય એ આશય હતો. એમના પ્રશ્નોમાં પણ બીજા જીવો માટેનો કરુણાભાવ હતો.

જેઓ ઊંચી કોટિના સાધક છે તેઓને તો અકારણ વચન ઉચ્ચારવું જ ગમતું નથી. અકારણ વચન ઉચ્ચારવું એટલે વિશ્વના વ્યવહારમાં હસ્તક્ષેપ કરવો. રાગદ્વેષ વગર હસ્તક્ષેપ થાય નહિ. જ્યાં હસ્તક્ષેપ છે ત્યાં સૂક્ષ્મ હિંસા છે. આત્મા સ્વભાવમાંથી નીકળી વિભાવદશામાં આવે ત્યારે જ હસ્તક્ષેપ થાય છે. એટલે અકારણ બોલવું એ આત્માની વૈભાવિક દશાનું સૂચક છે. જેઓ સાધનાની ઊચ્ચ કક્ષાએ પહોંચ્યા છે તેઓ તો જગતને એ જેવું છે તેવા સ્વરૂપે જ નિહાળે છે. એમાં તેઓ પ્રમાદી કે કર્તવ્યચ્યુત બન્યા છે એમ નહિ કહી શકાય. તેઓની આત્મરમણતા એટલી ઉચ્ચ કોટિની હોય છે કે જગતને તેઓ જુએ છે અને છતાં નથી જોતા. તેઓની એ દશા તો જેઓ સમજે છે તે સમજે છે.

□ રમણલાલ ચી. શાહ

# મહારાષ્ટ્રનું સંત-સાહિત્ય અને અભંગરચના

□ ડૉ. ધર્મેન્દ્ર માસ્તર

મરાઠી સાહિત્યમાં તેરમી સદીથી સોળમી સદી સુધીનો સમય ભક્તિ અને કાવ્ય એમ બંને દૃષ્ટિએ અનન્ય ગણાય છે. એ ચારસો વર્ષ સમયના અરસામાં વહેલી ભક્તિની રસમય ધારામાં શ્રદ્ધાળુ જનોએ અસીમ આનંદ પ્રાપ્ત કર્યો. એ જ સમયે અદ્ભુત સુયોગરૂપે ઇ. સ. ૧૩૦૦ થી ઇ. સ. ૧૭૦૦ સુધીના કાળમાં ઉત્તર ભારતમાં સગુણ-નિર્ગુણ ભક્તિભાવની કાવ્યરૂપે એવી જ પાવન ધારા વહી હતી. એ 'ભક્તિકાલ'ના નામે જાણીતો થયો. ગુજરાતમાં ય એવી જ ભક્તિગંગા ત્યારે જનમનને પુલકિત કરતી હતી. મહારાષ્ટ્રમાં તેરમી ચૌદમી સદીમાં સંત જ્ઞાનેશ્વર, નામદેવ, ગોરા કુંભાર, નરહરિ સોનાર, સાવંતા માળી ને ચોખામેળા આદિ અને પછીની સોળમી-સત્તરમી સદીમાં સંત તુકારામ, એકનાથ, નિળોબારાય આદિ ભક્તકવિઓ ઇશ્વર-ભક્તિમાં મગ્ન હતા તો ગુજરાતમાં નરસિંહ મહેતા આદિ ને ભારતભરમાં સંત કબીર, ગોસ્વામી તુલસીદાસ, ગુરુનાનક, મહાકવિ સૂરદાસ ને મીરાંબાઈ આદિ ભક્તકવિઓ પોતાની કાવ્યસાધના દ્વારા ભગવાન રામ અને શ્રીકૃષ્ણના ગુણગાનમાં તલ્લીન હતા. એ ભાવસભર સરિતામાં સામાન્ય લોકો આનંદમગ્ન થઈ ભાન ભૂલતા હતા. સાહિત્યની દૃષ્ટિએ પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ ભારતમાં વહેલી ભક્તિની ગંગા-યમુના ને નર્મદા-ચંદ્રભાગા નદીના અમૃતસમા જળમાં સમગ્ર ભારત સ્નાન કરતું હતું. આમ એ સમયયુગ સાહિત્યનો સુવર્ણકાળ હતો.

આ રીતે તેરમી સદીમાં મરાઠી સાહિત્યમાં સંતોના જામેલા અનુપમ મેળામાં ભગવાન વિઠ્ઠલની ભક્તિમાં તલ્લીન બનેલા ભક્તો એકત્ર થયેલા હતા. એના કેન્દ્રસ્થાને હતા સંતશ્રેષ્ઠ જ્ઞાનેશ્વર અને તેની આસપાસ રહેલ તત્કાલીન ભક્ત કવિઓમાં મુખ્યત્વે તો હતા સંત જ્ઞાનેશ્વરના મોટા ને નાનાભાઈ સંત નિવૃત્તિનાથ ને સંત સોપાનદેવ તેમજ તેમની નાની બહેન સંત મુક્તાબાઈ. એ ઉજ્જવળ ભક્ત ગગન-મંડળના બીજા જાજ્વલ્યમાન ભક્તકવિ તારકો હતા સંત નામદેવ, ચાંગદેવ, વિસોબા ખેચર, ગોરા કુંભાર, નરહરિ સોનાર, સાવંતામાળી, ચોખામેળા, જગમિત્ર નાગા અને જોગા પરમાનંદ અને ભક્તકવયિત્રી હતી સંત જનાબાઈ, કાન્હોપાત્રા, ચોખામેળાની પત્ની અને બહેન સોયરાબાઇ ને નિર્મળાબહેન. એના ઉત્તરકાળમાં સત્તરમી સદીમાં થયા

હતા સંત તુકારામ, નિળોબા, એકનાથ ને બહિણાબાઈ. આ સઘળા સંતભક્તો ભગવાન પાંડુરંગ વિઠોબાના જયઘોષ કરતા તેમની પાવન ભક્તિમાં તલ્લીન હતા અને એમની સાથે એમની ભક્તિધારાનું આકંઠ પાન કરીને 'જય જય રામકૃષ્ણ હરિ'નો પાવનમંત્ર ઉચ્ચારી તત્કાલીન લોકો પણ વિઠ્ઠલભક્તિની જ્યોતિમાં નાચીકૂદી અભંગ ગાઈ રહ્યાં હતાં. આજે પણ સૈકડો વર્ષ પછી ય મહારાષ્ટ્રના હજારો ગ્રામજનો પાંડુરંગ ભક્તિમાં મૃદંગ-કરતાલના ધ્વનિ સાથે આહ્લાદિત થઈ રહ્યાં છે.

આ સંતમેળામાં એક તરફ સ્ત્રીઓ છે તો બીજી તરફ સંત પુરુષોમાં કોઈ કણબી છે, તો કોઈ સોનાર, માળી, નાઈક ને કુંભાર છે. વ્યવસાયે ભિન્ન હોવા છતાં વિઠ્ઠલ-ભક્તિના એક તાંતણે તેઓ સમાન રીતે બધા બંધાયેલા હતા. ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે અવલોકે છે તેમ 'એ સંતસમુદાયમાં કેટલીક સ્ત્રીઓ હોવાની સાથે કેટલાક દરજી, માળી, કણબી, ચૂડગર, સોનાર, પશ્ચાત્તાપથી શુદ્ધ થયેલી વેશ્યાઓ, દાસી, મરાઠા ને અત્યંત ક્ષુદ્ર જાતિના મહાર હતા તો કેટલાક બ્રાહ્મણ પણ હતા. એ આધ્યાત્મિક ઉત્કર્ષનો પ્રભાવ માત્ર એક જ જાતિના લોકો પર પડેલો હોવાની વાત નહોતી, પણ નાનાથી માંડી મોટા સુધી સમગ્ર સમાજના લોકો એ આધ્યાત્મિક આંદોલનમાં ઝબકોળાઈને ઘેલા બન્યા હતા. એને પરિણામે ઉચ્ચ-નીચ, જ્ઞાની-અજ્ઞાની ને સ્ત્રી-પુરુષ આદિ સઘળા લોકો એ ધર્મના આનંદમાં ઝૂમતાં હતાં. આ જાતની ધર્મજાગૃતિ ભાગ્યે જ અન્ય દેશના ઇતિહાસમાં જોવા મળશે.'

સામાન્ય રીતે સંત શબ્દનો અર્થ 'ઈશ્વરભક્ત' કરવામાં આવે છે, પણ આ અર્વાચીન અર્થ છે. પ્રસિદ્ધ મરાઠી વિદ્વાન પ્રો. ન. ફાટકના શબ્દોમાં 'સંતનો અર્થ છે સત્પુરુષ. લોકોને પોતાના આચરણથી શુદ્ધિ ને પવિત્રતાનો પાઠ શીખવનાર જો કોઈ હોય તો તે સંત ને સાધુપુરુષ છે. આ છે સંત શબ્દની પ્રાચીન વ્યાખ્યા ને સમજ.' જ્ઞાનેશ્વર આદિ સંત સમુદાયના ભક્ત કવિઓને આ વ્યાખ્યા લાગુ પાડીને તપાસીએ તો તેમણે પોતાના જીવનકાળમાં સ્થળે સ્થળે ફરીને સમાજને સદાચાર ને પવિત્ર જીવનનો બોધ પોતાના જીવન દ્વારા આચરીને આપ્યો હતો. એમના જીવનનું અવિચ્છેદ્ય લક્ષણ હતું પવિત્રતા. તદુપરાંત ત્યાગ, ભક્તિ, દયા, ક્ષમા, સદાચારનું સાક્ષાત્ સ્વરૂપ હતું એ સંતોનું જીવન. એટલે એમના એવા જીવનના પ્રભાવને પરિણામે તત્કાલીન સમાજ ભક્તિમય થાય તેમાં શી નવાઈ ?

એ સઘળા બ્રાહ્મણ, અબ્રાહ્મણ, ને કહેવાતા અસ્પૃશ્ય જાતિના સંતો જૂઠા જાતિકુલ અભિમાનથી આઘેલો દૂર હતા. ઇશ્વરીય આનંદ ને પરસ્પર ભ્રાતૃભાવ સિવાયનો કોઈ નાતો એમને મંજૂર નહોતો. સઘળા ઘરસંસાર ને પોતપોતાના ધંધામાં રચ્યાપચ્યા રહીને ય હરિભક્તિ પરત્વે ન્યોછાવર થયા હતા અને જાણે એમણે પોતાના ઘર સંસારી જીવનને બ્રહ્મરૂપમાં વિલીન કરી દીધું હતું. ઉત્કટ સાચી લગની, અકૃત્રિમ ચિત્તવૃત્તિ, અટલ પ્રભુશ્રધ્ધા આદિ માનસ લક્ષણોથી એમણે પારમાર્થિક સુખ પ્રાપ્ત કરેલું હતું, જેની સમક્ષ ઐહિક સુખ ને આનંદ તણખલારૂપ હતા.

મરાઠી સાહિત્ય-ઇતિહાસના વિદ્વાન-વિવેચક પ્રો. ડૉ. અ. ના. દેશપાંડેના શબ્દોમાં એ સંતસમુદાયના જીવનકાર્યની વિશિષ્ટતાઓ તારવીએ તો કહી શકાય કે તેઓ મહદંશે શૂદ્ર, અતિશૂદ્ર એવી પતિત હીન જાતિના ને તેથી દુ:ખોથી ઘણા ત્રસ્ત હતા અને છૂતાછૂતના ભેદભાવ ને ભ્રષ્ટતાના ભાવથી ઘણાં દુ:ખી હતા. એમના વિચાર મુજબ યજ્ઞયાગાદિ કંઈ ઈશ્વરપ્રાપ્તિના માર્ગો નથી, પણ પાંડુરંગ ભગવાનને તો ભક્તિ જ ઘણી પ્રિય હોવાથી ભક્તો તેમના લાડીલા હોય છે. વર્ણ, ધર્મ ને ઉચ્ચનીચના ભેદભાવ કંઈ ઈશ્વરે સર્જેલા નથી. ઈશ્વરને એવો જાતિકુલનો વિચાર હોતો જ નથી. 'હરિ કો ભજે સો હરિ કા હોઈ' એ સૂત્રમાં જ એ સંતોને ભરપૂર વિશ્વાસ હતો. સમાજમાં આર્થિક, રાજકીય, સામાજિક આદિ કોઈ દરજ્જો ન મેળવનાર માટે એ સંતોએ ભક્તિનો દરવાજો ઉઘાડી આપીને સામાન્ય દીન, દલિત, ઉપેક્ષિત લોકો માટે સંતોષ ને શાંતિનો માર્ગ ચીંધ્યો છે. જીવનમાં દુ:ખ અનિવાર્ય હોવાથી તેને અપનાવવાનો બોધ સંતોએ આપ્યો છે. વળી યજ્ઞ-યાગાદિ કાર્યો વિષમતા ઉત્પન્ન કરતા હોવાનું જણાવી તેમણે સર્વ સમાનતાનો ભાવ પ્રબોધ્યો છે. તેમની કાવ્યાદિ રચનાઓમાં તેમણે ભગવાન વિઠ્ઠલની ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો છે ને આદિ શંકરાચાર્યના અદ્વૈતવાદનો અહીં તહીં ઉલ્લેખ કર્યો હોવા છતાં મૂળભૂત રીતે તેમણે દ્વૈતવાદનું આલેખન કર્યું છે. તેઓ દ્વૈતવાદી જ હતા. મોટાભાગના સંતો તે શાસ્ત્રના અધ્યયનજ્ઞાનથી વંચિત જ રહ્યા છે, છતાં પણ એવા લોકોને તેઓ ઈશ્વરપ્રાપ્તિ ને તેમના સાક્ષાત્કાર માટે અપાત્ર માનતા નહોતા. એ માટે તેમણે ભક્તિ યોગનો માર્ગ દાખવી ઈશ્વર-મિલનનો સુલભ માર્ગ દાખવ્યો છે. ભક્તિની સાથે સાથે કર્મયોગમાં શ્રદ્ધા દાખવી તેમણે જીવનમાં નીતિગત મૂલ્યોને મહત્ત્વનાં માન્યાં છે, છતાં તેમને મન ભક્તિ મુખ્ય ને નીતિ ગૌણ છે. એ સંતોની દૃષ્ટિએ પ્રભુ નામસ્મરણ જ પ્રભુમિલન માટેનો સીધો સરળમાર્ગ છે. ભગવાન વિઠોબાને મેળવવા માટે ભક્તિ દ્વારા સીધો સંવાદ જ એક ઉત્તમ સાધન છે. એમાં વચ્ચે પૂજારી કે કોઈ મધ્યસ્થીની જરૂર નથી હોતી. સંતો નિસ્પૃહ ને અહંકાર રહિત હોવા છતાં આત્મસન્માન અને તેજસ્વીતા ધારણ કરતા હતા. ગમે તેવા મોટા ચમરબંદી કે રાજાઓ સમક્ષ દીન બની મસ્તક નમાવવું તેમને પસંદ નહોતું, પણ એનાથી ઊલટી રીતે રાજા-મહારાજાઓ સંતોની કૃપાની ઈચ્છા રાખતા હતા. રાજા-મહારાજા ક્યારેક દ્રવ્યાદિ વિના માંગ્યે સંતોને મોકલતા તો સંતો તે બ્રાહ્મણોને વહેંચી દેતા.

આવા સંતોનું સાહિત્ય ભક્તિજ્ઞાનથી ઓતપ્રોત હતું ને તેનું પઠન કરવાથી હૃદયમાં સાત્ત્વિક વૃત્તિ ઉદ્‌ભવતી. એમણે કાવ્યભજનો દ્વારા જગત પર સ્નેહવર્ષા કરી છે. એમના મહિમાથી સમાજમાં ભિન્નતા ભાવ નષ્ટ થયો. માનવ અને માનવ વચ્ચે ભાઈચારો વધ્યો અને માનવહૃદય સ્નેહભાવથી સભર બન્યું. લોકો હરિનામ સ્મરણ કરવા પ્રેરાયા ને વિઠોબાનાં દર્શન માટે પંઢરપુરની યાત્રા કરવા લાગ્યા. અરે, એ માત્ર ધર્મયાત્રા નહોતી, પણ સદાચરણનો જીવંત પાઠ હતો. સંતો તો સાત્ત્વિક ભાવોની જીવંત પ્રતિમા હતાં. ક્રોધ એમની પાસે જતાં ડરતો ને લોભ, મત્સર ને દ્વેષ એમનાથી આઘેલો દૂર રહેતા. તેઓ પરસ્પર એકમેકને તેમજ લોકોને નમસ્કાર કરતાં સઘળામાં ભગવાન વિઠોબાના દર્શન કરતા હતા, વર્ણસંકટ ભાવ ન કરતા, જાતિભેદને અવગણીને તેઓ લોકોમાં વ્યવસાય આદિની ભિન્નતા હોવા છતાં લોકોને કહેતા-'આપણે સઘળાં એક જ ઈશ્વરનાં સંતાન છીએ.' સંત જ્ઞાનેશ્વરે તો પોતાના એક અભંગમાં આ ભાવ ગાયો છે-

દેવ ભાવાચા ભુકેલા, યાતિ કુળ નાહીં ત્યાલા,
આહે ભક્તિચા બોધલા, અવતાર ઘેતો ત્યાંસાઠી.

ભાવાર્થ :- ભગવાન છે ભાવનો ભૂખ્યો, જાતિકુલની એને ન

ચિંતા,

ભક્તોને બાંધે બંધનમાં, એમને કાજ અવતાર લેતા.

આ જ છે ભક્ત સંતોનો મુખ્ય સિદ્ધાંત. સંત જ્ઞાનેશ્વરે જે ભક્તિમંદિરની આધાર શિલા નાંખી ને સંત તુકારામે જેનું શિખર નિર્મિત કર્યું એ મંદિરમાં કે એના ભક્તિમાર્ગમાં ઉચ્ચ-નીચના કોઈ ભેદભાવ નથી હોતા. કોઈ જન્મજાતિથી નીચ હોય તો ભક્તિરૂપી પારસમણિના સ્પર્શથી એ ઉચ્ચ બની જાય છે. એ સંતોના અણીશુદ્ધ આચરણને પ્રતાપે એમના કથન-બોધનો પ્રભાવ લોકો પર ઘણો પડતો હતો. સમગ્ર મહારાષ્ટ્રમાં આ સંતો ઘૂમીને ભાગવત ધર્મનો ઉપદેશ પ્રસારતા ને ગાતા-'નાચૂ કીર્તનાચે રંગી; જ્ઞાનદીપ લાવું જગી.' તાત્પર્ય કે નાચીએ કીર્તન રંગસંગે, જગાવીએ જ્ઞાનદીપક જગે.' એમની સાથે લોકો પણ કીર્તન રંગે રંગાતાં. સંત જ્ઞાનેશ્વરે જે ભક્તિ-જ્ઞાન જ્યોત જગાવી હતી તેને લઇને સંતો મહારાષ્ટ્રમાં સર્વત્ર ઘૂમતા, એવા તેજસ્વી સંત સમુદાયના શ્રદ્ધાસભર હરિ-જયઘોષથી તત્કાલીન ભક્તિકાળનું મહારાષ્ટ્ર ગુંજી ઊઠ્યું હતું.

એ સંતોએ પોતાના અભંગ નામક વિશિષ્ટ કાવ્યપ્રકારથી એક અનુપમ ધર્મપંથનું નિર્માણ કર્યું. એ અભંગ રચનાના બે હેતુ હતા. પહેલો હેતુ હતો 'સ્વાન્ત: સુખાય'નો ને બીજો હેતુ હતો 'માર્ગદર્શનાય'નો. પહેલો હેતુ એ ખુદ તેમને પોતાને માટે હતો તો બીજો લોકસમાજના આનંદદર્શનનો હતો. એ પહેલો તેમના માનસિક આનંદ કાજે હતો તો બીજો સમાજસેવાનો હતો. બીજા હેતુ દ્વારા તેઓ લોકોના હાથ પકડી મોક્ષપંથ બતાવતા ને ખુદ મોક્ષપ્રાપ્તિના અધિકારી બન્યા પછી પોતાને પ્રાપ્ત થયેલ બ્રહ્માનંદ રસ સઘળા લોકોને પ્રસાદરૂપે વહેંચતા ને સમાજના લોકોને પોતાની સાથે લઇને ચાલવા ઇચ્છતા. તેઓ પોતાના આધ્યાત્મિક અનુભવોનું ધન ઇતર લોકોને વિતરિત કરતા, એવા તેઓ પરમાર્થી હતા.

એ રાજમાર્ગ છે ભક્તિનો. એ ભક્તિ કંઈ લૌકિક કર્મકાંડ વિધિ નહિ, પણ ધ્યાનપ્રધાન છે. એ તો સ્નાનસંધ્યા, દેવપૂજા, શાસ્ત્રોનું પઠન-પાઠન, યજ્ઞયાગ ને તીર્થયાત્રાથી ભિન્ન છે. એને ઈશ્વરપ્રણીત કહેવામાં ઔચિત્ય છે. એને સહારે આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી મોક્ષ પ્રાપ્તિ થવા અંગે સંતોને અટલ વિશ્વાસ છે. ઈશ્વરપ્રણિધાનના સાધનસમ નામસ્મરણ તથા પ્રભુ નામસંકીર્તન. એની દીક્ષા સદ્‌ગુરુ પાસે લેવાતી. એ સંતોની ભક્તિ સગુણભક્તિમાર્ગનું અવલંબન કરતી, પણ તે આત્મજ્ઞાન પાસે જઇને અટકતી નહોતી. એ તો સગુણ ઉપાસનાથી શરૂ થઈ નિર્ગુણ ઉપાસનામાં પરિણત થતી. એ અંગેનો સંકેત સંત ગોરાકુંભાર ને સંત નામદેવના અભંગ કરે છે. સંત નામદેવે એક અભંગમાં ગાયું છે:

પાષાણાચા દેવ બોલત ભક્તા તેં,
સાંગતે એકતે દોઘે મૂર્ખ.

આવો છે એ સંતોનો ભક્તિ પંથ તથા ભક્તિનો અર્થ છે-ઇશધ્યાન તથા ઇશનામસ્મરણ. પ્રભુ નામસ્મરણનો મહિમા દર્શાવતા સંત તુકારામે તો કહ્યું છે-'મુખી નામ, હાતી મોક્ષ'. અર્થાત્ મુખમાં હરિનામની સાથે જ જાણે આપી ગયો હાથમાં મોક્ષ. આમ છતાં, એ પ્રભુ નામસ્મરણને બીજરૂપ માનીને તદર્થ પ્રયત્ન ને સદાચરણ તદનુસાર કરવું પણ અતિ મહત્ત્વનું છે. સંત જ્ઞાનેશ્વરે આ માર્ગને 'પંથરાજ' કહી ત્યાં જ્ઞાન, ધ્યાન, કર્મ તથા ભક્તિના ચારે માર્ગનું મિલન થતું ગણાવ્યું છે. યોગીઓએ એ માર્ગનું અનુસરણ કર્યું છે. એ 'પંથરાજ'માં જ્ઞાનયોગ, કર્મયોગ, નવધા ભક્તિ, વિવેક, વૈરાગ્ય અને સત્સંગ આદિ અનેક ઉપાય છે, તો પણ મુખ્યત્વે તો એમાં છે નામસ્મરણ. એ સિવાયના ઇતર સર્વે ઉપાયોને ઉપાંગ ગણે છે એ સંતો.

મહારાષ્ટ્રના પ્રખ્યાત વિદ્વાન-વિવેચક શ્રી લ. રા. પાંગારકર એ સંતોના સુવર્ણકાળ વિશે દર્શાવે છે તેમ 'નિવૃત્તિનાથનો વૈરાગ્યભાવ, જ્ઞાનેશ્વરનો જ્ઞાનભક્તિયોગ, સોપાનદેવનો એકાંતમાર્ગ, મુક્તાબાઈનો કદીક પ્રેમસભર તો કદીક ધૃષ્ટ-વ્યવહાર, નામદેવનો સગુણપ્રેમ, જનાબાઈની સદ્‌ભક્તિ, ચાંગદેવનું યોગસામર્થ્ય, ગોરાકુંભારની અધિકારયોગ્યતા, ચોખામેળાનો પ્રેમસભર ભાવ-છતાં સઘળા સંતોમાં રહેલ મધુર મોહક ગુણ પરસ્પરનો પ્રેમભાવ-આત્મીયતાની વૃદ્ધિના કારણરૂપ હતો. એ કાળમાં અહોરાત ભક્તિ તથા પ્રેમની મહાનદી પ્રવાહિત થઈ રહી હતી.'

વિઠ્ઠલભક્તિની આ ધારા તેરમી સદીમાં ઉદ્‌ભવ પામી નિરંતર સત્તરમી સદી પર્યંત વહેતી રહીને લોકમાનસને પાવન કરતી રહી હતી. આજે ય દક્ષિણ ભારતના કાશી સમા પંઢરપુરમાં ભક્તિભાવની એ જ ધારા પાવન થઈ લાખો શ્રદ્ધાળુ ભક્તજનો નાચતાં કૂદતાં પ્રભુકીર્તન સ્તવન ચંદ્રભાગા નદીના કિનારે ગાઈ રહેલા દૃષ્ટિગોચર થાય છે. તદુપરાંત મહારાષ્ટ્રના પ્રત્યેક ગામ ને મંદિરમાં ય 'જય જય રામકૃષ્ણ હરિ'ની એ ધૂન આજેય તાલમૃદંગના નાદ સાથે લોકમુખે ગવાતી ને ગુંજતી સંભળાય છે, ત્યારે જાણે મોક્ષ એમની સેવામાં ઊતરવા લાગે છે ને ત્યાં ચંદ્રભાગાનો તટ વૈકુંઠ બની જાય છે. એ અનુપમ દૃશ્ય અવર્ણનીય છે.

એ ભક્તિની અભિવ્યક્તિ અભંગ નામક વિશિષ્ટ પદરચનાથી થયેલી છે. એનો શબ્દાર્થ તો સ્પષ્ટ છે કે જેનો ભંગ ન થયો હોય તેવું અખંડ-અભંગ. પણ પ્રાચીન મરાઠી ભક્તિ કવિતાના સંદર્ભમાં એનો અર્થ થાય છે 'મરાઠીની એક આગવી છંદરચના'. મહારાષ્ટ્રના ભક્તિકાળના સંત જ્ઞાનેશ્વર, નામદેવ અને તુકારામ આદિ અનેક સંતોએ પોતાની ભક્તિની અભિવ્યક્તિ માટે અભંગ છંદનો પ્રચુરમાત્રામાં પ્રયોગ કર્યો છે. મરાઠી સાહિત્યના પ્રાચીનકાળમાં આરંભટાણે કવિઓએ સંસ્કૃતના શાર્દૂલવિક્રીડિત, મંદાક્રાન્તા, શિખરિણી અને અનુષ્ટુપ આદિ છંદોનો સુપેરે ઉપયોગ કર્યો છે, પણ કાળાન્તરે મરાઠી કાવ્યજગતે પોતાના નિજી છંદોનો વિકાસ જે કર્યો તેમાં અભંગ ને ઓવી એ બે મુખ્યત્વે ગણાય છે. તદુપરાંત આરંભથી માંડી આજ પર્યંત બીજા સાકી, દિંડી, કરાવ ને પોવાડા આદિ છંદો પણ વિકસિત થયેલા જોવા મળે છે.

ઇ. સ. ૧૨૯૦ એટલે કે શક સં. ૧૨૧૨માં અહમદનગર જિલ્લાના નેવાસા ગામના મ્હાલસાદેવીના મંદિરમાં રચાયેલ સંત જ્ઞાનેશ્વરની અનુપમ કાવ્યરચના જ્ઞાનેશ્વરી સમગ્રતયા ઓવી છંદમાં રચાયેલી છે. સંત જ્ઞાનેશ્વરની વંશપરંપરા જોઇએ તો તેના મૂળ પુરુષરૂપે હરિહર પંતનાં ત્રણ સંતાનો પૈકી રામચંદ્ર પંતનાં ત્રણ સંતાનો જે હતાં તે પૈકી ગોવિંદ પંતના સંતાન વિઠ્ઠલ પંતના થયેલ ચાર ભક્ત સંતાનોમાં નિવૃત્તિનાથ (જન્મ-૧૧૯૫ માઘ વદ-૧, સમાધિ શક ૧૨૧૬, જેઠવદ-૧૨, સમાધિ સ્થાન-ત્ર્યંબકેશ્વર), જ્ઞાનદેવ (જન્મ-શક ૧૧૯૬ શ્રાવણ વદ-૮, સમાધિ-શક-૧૨૧૮ કાર્તક વદ-૧૩, સ્થાન-આળંદી), સોપાનદેવ (જન્મ-શક ૧૧૯૬ કાર્તક સુદ-૧૫, સમાધિ-શક ૧૨૧૮, માગસર વદ-૧૩, સ્થાન-સાસવડ) અને મુક્તાબાઈ (જન્મ-શક ૧૨૦૧ આસો સુદ-૧, સમાધિ-શક ૧૨૧૨ વૈશાખ વદ-૧૨, સ્થાન-તાપી) હતાં. સંત જ્ઞાનેશ્વરની ગુરુ પરંપરામાં મૂળ ગુરુ-પુરુષ આદિનાથના શિષ્ય જાલંધરનાથ હતા. તેના શિષ્ય મત્સ્યેન્દ્રનાથ, તેના શિષ્ય ગેબીનાથ, તેના શિષ્ય નિવૃત્તિનાથ અને નિવૃત્તિનાથના શિષ્યરૂપે હતા જ્ઞાનદેવ, સોપાનદેવ ને મુક્તાબાઈ. એ પૈકી મુક્તાબાઈના

શિષ્ય હતા ચાંગદેવ ને જ્ઞાનેશ્વરના શિષ્ય વિસોબા ખેચર, ને વિસોબા ખેચરના શિષ્યરૂપ નામદેવના શિષ્ય હતા ચોખામેળા. ચોખામેળાના શિષ્યોમાં એમની પત્ની સોયરાબાઈ, એમનો સાળો બંકા ને એમની જ બહેન નિર્મળાબહેન.

અભંગ લખનાર સંતો મહદંશે નિરક્ષર હતા એટલે તેમના અભંગોના લિપિકાર એમના અંતરંગ વર્તુળના અનુયાયી યા શિષ્ય હતા. સંત જ્ઞાનેશ્વરના લિપિકાર સંત સચ્ચિદાનંદ બાબા, સંત નિવૃત્તિનાથના લિપિકાર સંત સોપાનદેવ, સંત મુક્તાબાઈના લિપિકાર સંત જ્ઞાનદેવ, સંત વિસોબા ખેચરના લિપિકાર સંત જોગા પરમાનંદ, સંત સાવતા માળીના લિપિકાર કાશિબા ગુરવ, સંત કર્મદેવના લિપિકાર સુદેવ સંત, સંત ચોખામેળાના લિપિકાર અનંત ભટ્ટ, સંત મહાદેવના લિપિકાર રુક્મિણીરમણ તથા સંત જગબાઈના લિપિકાર રુક્મિણીરમણ હતા.

મહારાષ્ટ્રના ભક્તવૃંદમાં 'ઓવી' ને 'અભંગ' એમ બંને ગેય છંદો લોકપ્રિય છે. ભજન કીર્તનમાં એનો પ્રયોગ થયેલો છે. એક વિદ્વાનના મંતવ્ય મુજબ સંસ્કૃતના અનુષ્ટુપ છંદનું વિકસિતરૂપ અભંગ છે. ચાર ચરણોવાળા અનુષ્ટુપ છંદના દરેક ચરણમાં આઠવર્ણ હોય છે, પણ અભંગના ચાર ચરણોમાં અનુક્રમે ૬, ૬, ૬ અને ૪ વર્ણો હોય છે. ઓવી ને અભંગમાં રહેલા સામ્યને લીધે બંને પરસ્પરની સમાન રીતે ગાઈ શકાય છે. સંત જ્ઞાનેશ્વર કૃત જ્ઞાનેશ્વરીની પહેલી ઓવી-

ૐ નમોજી આદ્ય, વેદ પ્રતિપાદ્ય, જય જય સ્વ સંવેદ્યા, આત્મરૂપા.'

આને અભંગ સ્વરૂપે-

ૐ નમો જી આદ્યા વેદ પ્રતિપાદ્યા, જય જય સ્વ સંવેદ્યા આત્મરૂપા.

એમ વાંચી યા ગાઈ શકાય છે. અહીં ઓવી સાડા ત્રણ ચરણોની છે, ને એમાં ત્રણ વાર અંત્યાનુપ્રાસનો પ્રયોગ થયેલો છે. પણ અભંગમાં બીજા ને ત્રીજા ચરણના અંતમાં અંત્યનુપ્રાસ આવતો હોય છે. જ્ઞાનેશ્વરના અરસામાં અભંગ છંદનો વ્યાપક રીતે પ્રયોગ થતો હતો ને ત્યારપછી તો તુકારામ, રામદાસ ને નિળોબારાય આદિ સંતો દ્વારા સત્તરમી સદી પર્યંત એનો પ્રયોગ મરાઠી ભક્તિકાવ્ય જગતમાં થતો રહ્યો છે. તુકારામના સમયમાં તો તે છંદ અત્યંત લોકપ્રિય બનવા પામ્યો ને વર્ણવૃત્તની વિકસિત પૂર્ણતા પણ પામ્યો.

મરાઠી અભંગ ભક્તિના અવિભાજ્ય ભાગરૂપે ભક્તાદિ સામાન્યજનોના મુખે કીર્તનની ધૂન તરીકે ગવાતો હોય છે. એની બીજી વિશિષ્ટતા છે એના નાનકડા સ્વરૂપમાં રહેલી ઘણા અર્થની અભિવ્યક્તિની ક્ષમતા. હિંદી કવિ બિહારીના દોહાની જેમ અર્થની દૃષ્ટિએ અભંગ 'ગાગરમાં સાગર' સમાવી શકે છે.

અભંગના બે પ્રકાર છે. (૧) દીર્ઘચરણ અભંગ ને (૨) લઘુચરણ અભંગ. એની વિશિષ્ટ લાક્ષણિકતા એ છે કે તે લોકોક્તિ યા કહેવતના રૂપે પણ રજૂ કરી શકાય છે. એ દૃષ્ટિએ એ સુગમતાથી સ્મૃતિગમ્ય થઈ શકે છે. એની સરળતા ને અસરકારકતાને કારણે તો સંત જનાબાઈ ને ચોખામેળા જેવાના અભંગો આમજનતાના કંઠે વસેલા જોઈ શકાય છે. સંત કબીર ને સૂરદાસના દોહા તથા તુલસીદાસની ચોપાઈની જેમ અભંગો ભક્તજનોને રીઝવી શકે છે. શ્રદ્ધાળુ ભક્તોને માટે તો એ વેદવાણી સમાન છે. મહારાષ્ટ્રના જાણીતા વિદ્વાન શ્રી રા. શ્રી. જોગની દૃષ્ટિએ અભંગ એટલે થોડા ભાવનું હોવું ને થોડામાં ઘણા વધારે કાવ્યાર્થનો સમાવેશ કરવો તથા ભાવપ્રધાનતા. દોહાની જેમ આવાં ત્રણ લક્ષણો અભંગમાં હોય છે.

બંધારણ દૃષ્ટિએ અભંગમાં રહેલાં ચાર ચરણો પૈકી પહેલાં ત્રણ વર્ણોના ને ચોથું ચરણ ચાર વર્ણનું હોય છે. અભંગના આ અતિ વ્યાપક ને લોકપ્રિય રૂપ ઉપરાંત પહેલાં બે ચરણોમાં આઠ આઠ વર્ણ ને છેલ્લાં બે ચરણોમાં ૬-૬ વર્ણો તથા ૮-૬, ૬-૮ એવાં ચરણોવાળા અભંગો પણ રચાયેલાં છે.

પહેલા પ્રકારના દૃષ્ટાંત તરીકે સંત ચોખામેળાનો એક ભંગ જોઇએ:

દેવા નાહીં રૂપ દેવા નાહીં નામ, દેવ હા નિષ્કામ સર્વા ઠાઈ,-૧

ડોળિયાચા ડોળા દૃષ્ટીય ભાસલા, દેવ પ્રકાશલા આદિ અંતી,-૨

નવલ વાટલે નવલ વાટલે, દેવ કોંદાટલે માર્ગે પુઢેં-૩

ચોખા મ્હણે માઝા સંદેહ ફિટલા, દેવ પ્રગટલા દેહામાજીં-૪

આ પદમાં કુલ ચાર અભંગ છે, પણ એની સંખ્યા અર્થની આવશ્યકતા મુજબ ૫, ૬, ૭, ૮ યા ૯ સુધી પણ થઈ શકે છે. બીજા ને ત્રીજા ચરણના અંતે અંત્યાનુપ્રાસ રહેલ છે.

કાવ્યરૂપે ભાવાર્થ એ કે-

ઈશ્વરનું નહિ રૂપ નહીં કોઈ એનું નામ, ઈશ્વર જ સર્વત્ર વ્યાપક એ જ પૂરણ નિષ્કામ-૧

આંખની આંખ છે, એ જ ભાસતું દૃષ્ટિમાં, ઈશ્વર જ પ્રકાશિત રહેતો આદિ અંતમાં-૨

કેટલું છે અદ્‌ભુત, અદ્‌ભુત છે કેટલું, ઈશ્વર છે રમી રહ્યો અહીં તહીં સ્થળ જેટલે-૩

કહે ચોખા મનનો સંશય છૂટી ગયો બધો, ઈશ્વરને પ્રગટ દેહરૂપે મેં નિહાળ્યો-૪

બીજા પ્રકારના અભંગના દૃષ્ટાંત તરીકે એ જ સંતનો અભંગ જોઇએ-

ધન્ય ધન્ય નામદેવા, કેલા ઉપકાર જીવા-૧

માઝા નિરસિતા ભેવો, દાખવિલા પંઢરીરાવો-૨

મંત્ર સાંગિતલા સોપા, નિવારિલે ભવતાયા-૩

માઝી કૃપેથી માઉલી, ચોખા મ્હણે પાન્હા ઘાલી-૪

કાવ્યરૂપે ભાવાર્થ એ કે-

ધન્ય ધન્ય ગુરુ નામદેવજી, ઉપકૃત થયો આ જીવ આજ જી-૧

દૂર કર્યો મારો ભય, મારો દાખવ્યો પંઢરીના રાજા-૨

મુજને સરળ મંત્ર શીખવ્યો, ભવનો સારો તાપ હટાવ્યો-૩

કૃપામથી મારી તું ગાવડી, દૂધ પીવાડે ચોખાને માવડી-૪

આ અભંગપદમાં આઠ આઠ વર્ણોના દ્વિચરણી ચાર અભંગ રહેલા છે. આઠ વર્ણોની ગોઠવણ થયા છતાં અહીં બીજા અભંગના બીજા ચરણમાં 'પંઢરીરાવો' શબ્દને લીધે નવ વર્ણ થવા પામ્યા છે, સંત કાવ્યોમાં વર્ણ સંખ્યા ઓછી યા વધારે થતી હોવાની સ્થિતિ અનેક અભંગ રચનામાં જોવા મળે છે, પણ અભંગ ગેય છંદ હોવાથી એના લય અને ગાયનમાં કોઈ ફરક પડવા પામતો નથી.

સંત જ્ઞાનેશ્વરના આધ્યાત્મિક ગુરુ ગણાતા સંત નિવૃત્તિનાથને અભંગના આદ્ય પ્રવર્તક માનવામાં આવે છે. સંત તુકારામ અને એમના શિષ્ય નિળોબારાયના સમય પર્યંત અભંગ રચનાનો આવો ક્રમ ચાલ્યો આવે છે. એ પછી પણ અદ્યાપિ પર્યંત અભંગ એ ભક્તિમાર્ગનું અભિન્ન અંગ ગણાય છે.

જો કે સંત જ્ઞાનેશ્વર તથા એમના સંત ભાઈબહેન અલ્પ યા સુપેરે શિક્ષિત હતા, પણ એ સિવાયના મોટા ભાગના અભંગ રચનાર સંતો અશિક્ષિત હતા, છતાં તેઓ સંત કબીરની જેમ અસાધારણ કવિત્વ શક્તિ તથા પ્રતિભા ધરાવતા હતા, એટલે તેમના અભંગો કવિત્વશક્તિના નમૂનારૂપ આજેય આપણને આનંદ આપી રહ્યા છે.

# કેટલુંક ચિંતન

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

## નિસર્ગ

આપણા સદ્‌ગત મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીના પ્રખ્યાત ખંડ-. 'વિશ્વશાંતિ'માંની બે પંક્તિઓ આ પ્રમાણે છે:

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, વૃક્ષો, વનોની છે વનસ્પતિ.'

મતલબ કે નિસર્ગ કહેતાં કુદરત અને માનવીનો નાતો વિસંવાદી નહીં પણ સંવાદી હોવો જોઇએ, માતા અને બાળકના ઉભયપદી સ્નેહ જેવો પ્રગાઢ વાત્સલ્યસભર ને પ્રકૃતિના ઋત-તત્ત્વ જેવો સંવાદી. પ્રકૃતિ-માતાનું સ્તન્ય-પાન કરીને તો માનવી સંસ્કારી બન્યો છે ને સંસ્કૃતિનો વિકાસ પણ સાધ્યો છે. પ્રકૃતિનું રમણીય-ભવ્ય લાવણ્ય અને નિસર્ગનું જૈવિક વૈવિધ્ય, આનંદ અને આશ્ચર્યથી અભિભૂત કરે એટલું બધું વિપુલ ને રોમાંચક છે. પ્રકૃતિ કેવળ ઉદ્દીપક વિભાવ તરીકેની જ કામગીરી બજાવતી નથી, પણ માનવજાતિના ચિંતન-વૈભવને પણ એણે જનેતાના જતનથી પોષ્યો છે. એટલે જ તો કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ભારતીય સંસ્કૃતિને તપોવનની સંસ્કૃતિ કહી છે. તપોવનની આ સંસ્કૃતિએ ભારતને લગભગ ત્રણ હજાર વર્ષ સુધી જીવંત રાખ્યો છે. વિશ્વના કોઇપણ પ્રદેશ કે દેશમાં નિસર્ગ અને માનવીનો આવો વિરલ, અદ્‌ભુત સંવાદ ક્યાંય જોવા નહીં મળે. આપણાં ઉપનિષદો, આપણાં રામાયણ-મહાભારત જેવાં મહાકાવ્યો અને 'અભિજ્ઞાન શાકુંતલ અને ઉત્તર રામચરિત' જેવાં આપણાં સંસ્કૃત નાટકોમાં, નિસર્ગ અને માનવીની નખ-માંસ જેવા અભેદની પાકી પ્રતીતિ થશે. મહાભારતનું 'વનપર્વ' અને રામાયણનો 'અરણ્યકાંડ' આનાં જીવંત દૃષ્ટાંત છે. વળી, નિસર્ગના ત્રિ-વિધ અર્થો-સ્વભાવ, સૃષ્ટિ અને કુદરતમાં પણ કારણ-કાર્યભાવ અને અન્યોન્યની અપેક્ષાનો આશય ગર્ભિત છે. દૃશ્ય જગત કે કુદરત સત્ય છે અને કુદરતી મૌલિક શક્તિ-પ્રતિભાને સ્વાભાવિક રીતે નિસર્ગદત્ત કે પ્રકૃતિ-સિદ્ધ છે એ નેચરાલિઝમના રહસ્યને અનેક સર્જકોએ ચરિતાર્થ કરેલ છે. જે નિસર્ગના અન્તરમાં હોય તે સર્જકના જંતરમાં પણ ઝીલાય જ ...એટલે જ આંગ્લ કવિએ ગાયું : Sermons in stones & Book in running Brooks ...પત્થરોમાંથી સ્તોત્રો ને વહેતા નિર્ઝરમાંથી કિતાબો પ્રગટશે. 'કુદરત અને મનુષ્ય' શીર્ષકવાળા એક અતિ સુંદર કાવ્યમાં 'કલાપી'એ આ જ સનાતન ભાવને રમણીય રીતે ઘૂંટીને ગાયો છે. નિસર્ગોપચાર-નેચરોપથીમાં, કુદરતને સર્વથા સાનુકૂળ બનીને તથા જળ-વાયુ-માટી વગેરેનાં કુદરતી સાધનો વડે ઉપચાર કરવા-કરાવવામાં પણ નિસર્ગ, સગી જનેતા જેવો ભાગ ભજવે છે. 'આરોગ્યની ચાવી' નામના પૂજ્ય ગાંધીજીના નિસર્ગોપચાર સૂચવતા લોકભોગ્ય પુસ્તકમાં પણ પ્રકૃતિની મહત્તા વરતાય છે. Back to Nature-નિસર્ગને ખોળે-પાછા ફરવાની વાત આજે કોઇપણ કાળ કરતાં વધુ પ્રસ્તુત છે; કારણ કે ઉદ્યોગીકરણ અને આધુનિકકરણને પ્રતાપે કે પાપે દુનિયામાં પ્રતિવર્ષ લગભગ ૧૫૦ કરોડ ટન કાર્બન ડાયોક્સાઇડ આ નિસર્ગ-સુંદરીના મુખ-કમલ પર ઠલવાય છે ને એને કારણે એની રમણીય-ભવ્ય સુષમા-આભા દિન-પ્રતિદિન કદરૂપી બનતી જાય છે-ને પર્યાવરણના આ વૈશ્વિક પડકારને કારણે ગૌરવપૂર્વક જીવન જીવવાનો માનવનો મૂળભૂત અધિકાર પણ જોખમાય છે. વાનપ્રસ્થીઓના વસવાટ માટે આજે વનો રહ્યા નથી. પ્રદૂષણે દુનિયાનો દાટ વાળી દીધો છે. પુરાણોનાં નરક હવે આપણને ડરાવી શકે તેમ નથી ! કેમ જે સ્વર્ગ સમા નિસર્ગને નર્ક બનાવવાનો કીમિયો આપણને હાથ લાગી ગયો છે. શરીરે કેરોસીન છાંટીને આપણે અગ્નિથી ભડભડતા નગરમાં દોટ મૂકી રહ્યા છીએ ! જેમ કોઈ ભવ્ય ઑરકેસ્ટ્રામાં એક સાધારણ વાદકનું પણ મહત્ત્વ છે, તેમજ નિસર્ગની લીલામાં એકાદ નાનકડા પતંગિયાનું પણ મહત્ત્વ છે, કેમ જે પતંગિયાને પ્રતાપે પરાગનયનની પ્રક્રિયા શક્ય બને છે. એના અભાવે કામણગારાં કમનીય કાનન પણ કરમાઈ જાય. નિસર્ગની નૈસર્ગિકતા સાથે ચેડાં કરનારને એક આંગ્લ કવિની કવિતાઈ ચેતવણી છે; તમે જો ધરતી પરના એકાદ તૃણને પણ તોડશો તો ગગનમાં લાખો યોજન દૂર ટકમતો તારક હલી જશે. નિસર્ગ સાથેનો આપણો નાડીનો સંબંધ રહ્યો નથી. બ્યુટીને સ્થાને યુટીલીટી આવી છે ને યુટીલીટીને રૂપિયા-ડોલર કે પાઉન્ડ સાથે સંબંધ હોય છે. વણિકવૃત્તિને ગૌણ બનાવી નિસર્ગવાદી બની આપણે ઋતતત્ત્વની લીલાને પ્રમાણીયે.

## આત્મશ્રેય

ધારો કે દુનિયાની વસતિ પાંચસો કરોડની છે. આ પાંચસો કરોડ માણસો એકાદ સૈકામાં આ દુનિયાને અલવિદા કહીને પ્રભુને પ્યારા થઈ જાય છે ને એટલા જ કે એથીય અધિક આ પૃથ્વી પર નવજન્મ ધારણ કરે છે; મતલબ કે જીવન ને મરણનું સનાતન ચક્ર તો સતત ચાલ્યા જ કરે છે...પણ આ પાંચ અબજમાંથી આત્મશ્રેય કે આત્મ-કલ્યાણનો વિચાર કરનાર શ્રેયાર્થી કેટલા ? જીવ, જગત ને જગન્નાથનો વિચાર કરી બ્રહ્મ, માયા, આત્મા, અનાત્મા, શ્રેય ને પ્રેયનો સૂક્ષ્મ ભેદ સમજનાર આત્માર્થી કેટલા ?

પૂ. મહાત્મા ગાંધીએ, સત્યવીર સોક્રેટીસને આ જગતનો પ્રથમ સત્યાગ્રહી ગણાવ્યો છે. આપણે પેલા નાનકડા ને નિર્ભીક બાળક નચિકેતાને, ખુદ યમ પાસેથી, આત્માના શ્રેય-પ્રેયની જાણકારી મેળવનાર અને મૃત્યુના અમૃત તત્ત્વને પિછાણનાર પ્રથમ ભારતીય બાલઋષિ ગણાવી શકીએ. એ મૃત્યુથી પણ ડરતો નથી. मा भैः । કશાથી નહીં ડરનાર જ સત્ય તત્ત્વને પામી શકે. કઠોપનિષદ્ પ્રમાણે:

શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમ્ એત:
તૌ સંપરીત્ય વિવિનક્તિ ધીર: ।
શ્રેયો હિ ધીરોડ ભિ પ્રેયસો વૃણીતે
પ્રેયો મન્દો યોગક્ષેમાદ્ વૃણીતે ।।

મતલબ કે શ્રેય કહેતાં આત્માનું કલ્યાણ અને પ્રેય કહેતાં લૌકિક સુખ-આ બે પરિસ્થિતિઓ પ્રત્યેક મનુષ્ય સમક્ષ ઉપસ્થિત થતાં, ચતુર વ્યક્તિ, મેધાવી વ્યક્તિ, આ બંનેની યથાયોગ્ય પરીક્ષા કરવામાં, વિમલ વિવેકનો યથોચિત વિનિયોગ કરી આત્માના શ્રેયની પસંદગીને પ્રથમ સ્થાન આપે છે જ્યારે ધીમાન પુરુષની તુલનાએ, જડ વ્યક્તિ પ્રેય એટલે કે દુનિયાદારીના ભૌતિક-લૌકિક સુખને પસંદ કરે છે. પશુની તુલનાએ મનુષ્યનું એક વ્યાવર્તક લક્ષણ એની આગવી કારણ-કાર્યબુદ્ધિ છે. એને પ્રતાપે એ આદિમાં મોહક લાગતા પણ અંતે દુ:ખદ થઈ પડતા પ્રેયને ત્યજીને આદિમાં દુ:ખદ લાગતા પણ અંતે સુખદ ને કલ્યાણકારી લાગતા શ્રેયને પસંદ કરે છે. મનુષ્યની સૂક્ષ્મ ને વિમલ વિવેકબુદ્ધિ આ પસંદગીની પાછળ હોય છે. ખુદ ભગવાને ગીતામાં પોતાના ભક્તોને બે વચન આપ્યાં છે...કલ્યાણ કરનારની કદાપિ દુર્ગતિ થતી નથી ને યોગક્ષેમ વહામ્યહમ્..પણ યોગક્ષેમ એટલે જીવન જરૂરિયાતો... Necersities of Life... પ્રેય શબ્દમાં ગર્ભિત કે અભિપ્રેત છે તેવી

લક્ઝરી ઓફ લાઇફ નહીં જ.

આત્મશ્રેયની આ વિવેકબુદ્ધિનું પ્રત્યક્ષ ને ઉત્કટ ઉદાહરણ આપણને મહર્ષિ યાજ્ઞવલ્ક્યના પ્રસન્ન દામ્પત્યજીવનમાંથી મળે છે. ઋષિને બે પત્નીઓ હતી. મૈત્રેયી ને કાત્યાયની. ઋષિએ સંન્યાસ લેવાનો સંકલ્પ કર્યો એટલે બંને ભાર્યાઓને બોલાવીને પોતાની સંપત્તિના ભાગ પાડવાનું કહ્યું. ભૌતિક સંપત્તિ પર દૃષ્ટિપાત કરી મૈત્રેયીએ પતિને માર્મિક પ્રશ્ન પૂછ્યો:

'ભગવન ! આ આપણી સંપત્તિ તો ઠીક પણ સકલ વસુન્ધરાનું સઘળું ધન મને મળે તો પણ હું અમર થાઉં ખરી ? ઋષિએ કહ્યું: 'હરગીઝ નહીં. જેવું ધનિકોનું જીવન તેવું તારું જીવન.' આ સાંભળી નિર્વેદપૂર્વક મૈત્રેયીએ કહ્યું: 'ભગવન્' તો જે લૌકિક સંપત્તિથી મને અમૃતત્ત્વની પ્રાપ્તિ ન થાય તેવા ધનને લઇને હું શું કરું ? ભલે આ ધન કાત્યાયની લેતી. મને તો અમૃતત્ત્વનું–આત્માના શ્રેયનું–કલ્યાણનું જ્ઞાન આપો ! લગભગ ત્રણ હજાર વર્ષો પૂર્વેની આત્માના કલ્યાણ કાજેની આવી જીવતી જાગતી પ્રદીપ્ત અભીપ્સા હતી-અને તે ય નારી હૃદયની! એકવીસમી સદીનો માનવી તો આત્મા કહેતાં Soulને બદલે આત્મ-Self સમજે છે ને શ્રેય પ્રેયની વાત દુર્યોધનની જેમ સમજવા છતાંય અંત:કરણનો ટોટો પીસી નાખીને આત્મશ્રેયને બદલે જીવાત્માને પ્રિય એવી ગાડી, લાડી ને વાડીની આરતી ઉતારે છે !

આત્માના કલ્યાણને કાજે સમગ્ર પૃથ્વીનો પણ ત્યાગ કરવાની વાત એ ક્યારે સમજવાનો ? એ માટે તો બ્રહ્મવાદિની મૈત્રેયી-દૃષ્ટિ જોઇએ.

## ઈશાવાસ્યમ્

ઇશાવાસ્યમ્ ઇદમ્ સર્વમ્
યત્ કિં ચ જગત્યાં જગત્ ।
તેન ત્યકતેન ભુંજીથા:
મા ગૃધ: કસ્યસ્વિદ્ ધનમ્ ।।

મતલબ કે આ જગતમાં જે કંઈ જીવન છે તે સર્વનો કર્તા કેવળ ઇશ્વર જ છે...એટલા માટે, ઇશ્વરના નામે ત્યાગ કરીને તું યથા-પ્રાપ્ત ભોગ ભોગવ. કોઇના પણ ધનની વાસના ન રાખ. લગભગ ત્રણ હજાર વર્ષો પૂર્વે સ્ફૂરેલી ઇશાવાસ્ય ઉપનિષદની આ આર્ષવાણી સર્વકાલીન ને સાર્વજનીન છે. આત્માના નગાધિરાજ સમા ઉપનિષદો વેદોના સારસર્વસ્વ સમાન છે. નિત્યનૂતન એની દિવ્ય વાણીને સર્વભક્ષી કાલ પણ સ્પર્શી શક્યો નથી.

આજથી આશરે ૭૫ સાલ પૂર્વે હું જ્યારે મારા વતનની પ્રાથમિક કુમારશાળામાં ભણતો હતો ત્યારે અમારે એક કાવ્ય ભણવાનું હતું-જેમાંની એક સારરૂપ પંક્તિ એની વર્ણસગાઇને કારણે મારી સ્મૃતિમાં જડાઈ ગયેલી. એ પંક્તિ હતી: 'આસપાસ ચોપાસ, વિશ્વપતિનો વાસ,' આમાં ઇશની-વિશ્વપતિની-સર્વવ્યાપકતાનો ભાવ ગર્ભિત હતો...એ પછી મોટપણે કવિવર ન્હાનાલાલની પંક્તિ-'મારાં નયણાંની આળસ રે' નામના કાવ્યમાં વાંચવા મળી: 'નથી અણુ પણ ખાલી રે સૃજનમાં સભર ભર્યા' અને ત્યારે અણુથીય ન્હાના ને વિરાટથીય મોટા એવા દૂરના દૂર ને નજીકના નજીક એવા બ્રહ્મનો ખ્યાલ આવ્યો.

કલ્પના કરો કે, દીર્ઘકાલીન કઠોર તપશ્ચર્યાને અંતે, ઉપનિષદના ઋષિએ, બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ કર્યા બાદ જ્યારે 'ઈવાવસ્યમ્ ઇદમ્ સર્વમ્' એવી વાણી-આર્ષવાણી-અવનિ અને અખિલ બ્રહ્માંડને માપી લઇને ઉચ્ચારી હશે ત્યારે કેવા ને કેવડા મોટા સત્યની ઉપલબ્ધિનો એને દિવ્યાનંદ થયો હશે ! એ એકેશ્વરવાદની સાથે એમાં કરુણા, સમાનતા અને અહિંસાનું યુગપદ દર્શન થાય છે, જગતમાં જે કંઈ જીવન છે, સર્વનો કર્તા કેવળ ઈશ્વર જ છે'-એમ કહીને 'કાન્ત'ની આ પંક્તિઓ સાર્થક કરી છે:

સૌનો સમાન કર્તા, સૌએ સમાન તેથી
ના ઉચ્ચ નીચ કોઈ, સંતાન સૌ તમારાં.'

કવિ 'કાન્ત'ની પંક્તિમાં માતા છે તેને બદલે મેં 'કર્તા' મૂક્યો છે. અલબત્ત ભિન્નભિન્ન ધર્મોમાં ઇશ્વરને માતા, પિતા, રાજા, કઠોર ન્યાયાધીશ વગેરે સ્વરૂપે નિરૂપ્યો છે. તે કર્તુમ, અકર્તુમ, અન્યથા કર્તુમ્ સર્વશક્તિમાન છે. આગળ ઉપર આ મંત્રમાં ઋષિ કહે છે: 'એટલા માટે, ઇશ્વરના નામે ત્યાગ કરીને તું યથાપ્રાપ્ત ભોગ ભોગવ.'-તેન ત્યકતેન ભુંજિથા: આ મંત્રવાણી તો સાંપ્રત સમયના સંદર્ભમાં વિશેષ યથાર્થ છે. આજે તો એક બાજુ ધનના ઢગલા, બીજી બાજુ ગરીબાઇની ઊંડી ગર્તા. ઢગલો ખાડાને ભોગે સર્જાય છે. ભોગ ભોગવવાનો નિષેધ નથી પણ ઓછામાં ઓછી જરૂરિયાત અને ઉચ્છૃંખલ વિલાસની વચ્ચેના વિવેકની વાત છે. એક બાજુ જરૂરિયાત (નેસેસીટી)નો અભાવ ને બીજી બાજુ વિલાસ (લક્ઝરી)નો અતિરેક-આવી આર્થિક અસમાનતા તો વર્ગ-વિગ્રહ ને આતંકવાદને જન્મ આપે; આથી જ દરેક ધર્મમાં દાન, ધર્માદા, જકાત ને ખેરાતનો મહિમા છે. જેમની પાસે નથી તે જેમની પાસે છે તેમની છૂપી કે વ્યક્ત ઇર્ષ્યા કરવાના જ. આ તો મનુષ્ય સ્વભાવની મર્યાદા છે. ગગનચુંબી ઇમારતો ચણનાર પ્રત્યે, શ્રી ઉમાશંકરભાઇની કવિતાનું એક પાત્ર આક્રોશપૂર્વક પુણ્યપ્રકોપ ઠાલવે છે:

'રચો, રચો અંબરચુંબી મંદિરો; પણ
એક દિવસ ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે, ને
ખંડેરની ભસ્મકણી ન લાધશે.'

એટલા માટે જ ઋષિ કહે છે :
'મા ગૃધ: કસ્યસ્વિદ ધનમ્' ।

કોઇના પણ ધનની વાસના ન રાખ....ગીધવૃત્તિનો ત્યાગ કર.

'ઇશોપનિષદ'ના ઋષિની આ આર્ષવાણી આપણને ધનના માલિક નહીં પણ 'ટ્રસ્ટી' બનવાનો સંદેશ અને આદેશ આપે છે. ઋષિના આ મહામંત્રને પૂજ્ય બાપુએ એમના જીવનમાં મૂર્તિમંત કરેલો અને સંભવ છે કે એમની ટ્રસ્ટીશિપની વિભાવનાનો આ મૂળસ્રોત હોય. સાચા સમાજવાદ અને વિશ્વશાંતિનો આ મુદ્રાલેખ છે.

## ડૉ. જમશેદ પીઠાવાળાનું સન્માન

હાડકાંના નિષ્ણાત ડૉક્ટર શ્રી જમશેદ પીઠાવાળા આપણા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે છેલ્લાં વીસ વર્ષથી અવિરતપણે દર રવિવારે દર્દીઓને મફત સારવાર આપી રહ્યા છે. આટલા વર્ષોમાં અનેક દર્દીઓને એમની સારવારથી લાભ થયો છે.

એમની આ માનદ્ સેવાનાં વીસ વર્ષ પૂરાં થાય છે એ પ્રસંગે સંઘ તરફથી એમનું અને એમના સ્ટાફનું સન્માન કરવાનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૩મી જાન્યુઆરી ૨૦૦૨ના રોજ સવારે ૧૦.૩૦ વાગે સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યો છે.

આ જાહેર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સર્વને નિમંત્રણ છે.

☐ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ • પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.